ભુવનભાનુ

એન્સાઈકલોપીડિયા

ભાગ–૭૯

જાહેર પ્રવચનો, પત્ર પ્રેરણા,
યતિ હિતશિક્ષા–વાચના

પ્રકીર્ણ પ્રસાદ–૪

લેખક : પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

પ્રકીર્ણ પ્રસાદ-૪

જાહેર પ્રવચનો, પત્ર પ્રેરણા, યતિકિત શિક્ષાવાચના

ભાગ-૭૯



:: લેખક ::
ન્યાય વિશારદ,
લાખો ભવ્યાત્માઓના હૃદયમંદિર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

:: પ્રકાશક ::
કુમારપાળભાઈ વિ. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ **શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ **શ્રી ભાનુવિજયજી મહારાજના** મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૭૯)

પ્રકીર્ણ પ્રસાદ-૪

જાહેર પ્રવચનો, પત્ર પ્રેરણા, યતિકિત શિક્ષાવાચના

:: શુભાશિષ ::

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

:: પ્રેરક-માર્ગદર્શક ::

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

:: સહાયક ::

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

પ્રથમ આવૃત્તિ : ૨૫૦ **કિંમત :** ૧૫૦/-

વિમોચન :

:: પ્રાપ્તિસ્થાન ::

દિવ્યદર્શન ટ્રસ્ટ	**દિવ્યદર્શન ટ્રસ્ટ**	**શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા**
૩૯, કલિકુંડ સોસાયટી,	૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો,	૩૬, જ્ઞાનમંદિર સોસાયટી,
ધોળકા. ફોન:૦૨૭૧૪-૨૨૫૪૮૨	સેટેલાઈટ, અમદાવાદ	નવકાર જૈન દેરાસર સામે,
	ડૉ. સંજયભાઈ-સુરત	વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭
	૯૮૨૫૧ ૨૧૪૫૫	મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ)

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ

૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ) ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક

જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)

૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૧૪.

મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪ ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (૪૨) ૨૬૫૬ ૨૭૯૫

E-mail : jayjinendra90@yahoo.com

: પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણઅર્થે **શ્રી ભુવનભાનુ-સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના શિષ્યરત્ન **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા** માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે. ભાગ-૫૭ થી ભાગ-૬૩ તથા ભાગ-૭૬ થી ભાગ-૮૦માં પૂ. ગુરુદેવશ્રીની કલમે લખાયેલ સાહિત્યનો સમાવેશ અત્રે કરવામાં આવેલ છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપત્તિનો સદુપયોગ કરવા બદલ ભાગ્યશાળીઓનો તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

કુમારપાળભાઈ વિ. શાહ

સુકૃત અનુમોદન

પૂજ્ય મુનિરાજ

શ્રી ધર્મરત્ન વિજય મ.સા.

પૂજ્ય ગણિવર્ય

શ્રી પ્રેમસુંદર વિજય મ.સા.

પૂજ્ય મુનિરાજ

શ્રી માનજિત વિજય મ.સા.ની

ગણિ- પંન્યાસ પદવી નિમિત્તે

શ્રી કુંથુનાથ જૈન સંઘ

પ્રિતમનગરનો અખાડો - પાલડી

અમદાવાદ

આ પુસ્તક પ્રકાશનમાં

જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કર્યો છે.

સાદર સમર્પણ

સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી
મહારાજાના હૃદયસ્થ

પૂ. મુનિરાજ શ્રી રક્ષિતવિજયજી મ.સા.



સંસારી નામ - ત્રિકમભાઈ
પિતા - ડાહ્યાભાઈ
માતા - સમરથબેન
ગામ - અમદાવાદ
જન્મ - કા.સુ. ૪, વિ.સં. ૧૯૬૦
દીક્ષા - વૈ.વ. ૬, વિ.સં. ૧૯૮૩
દીક્ષા સ્થળ - ખંભાત
વડી દીક્ષા - જેઠ સુ. ૧૩, વિ.સં. ૧૯૮૩
કાળધર્મ - ૧૯૯૦, ફા.સુ. ૬
ગુરુ - પૂ. આ. જંબુસૂરીશ્વરજી મ.સા.
શિષ્ય-૧ - પૂ. આ. વર્ધમાનસૂરિ મ.સા.
(દીક્ષા - કા.વ. ૬, વિ.સં. ૧૯૮૪)

પ્રસ્તાવના...

॥ શ્રી સીમંધર સ્વામીને નમઃ ॥

નમો નમઃ ગુરુ પ્રેમસૂરયે...

૧. 'પ્રકીર્ણ પ્રસાદ'

સંવત ૨૦૪૨ના ઈર્લાબ્રીજ (અંધેરી) ના ચાતુર્માસ દરમ્યાન સર્વજ્ઞ વાણીના મર્મજ્ઞ વિવેચક સ્યાદ્વાદ સિદ્ધાન્ત પ્રરૂપક વર્ધમાન તપોનિધિ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજશ્રીએ **'શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં'** નામા અધ્યયન **'નમિરાજર્ષિ'** ચરિત્રના આધારે તેમજ પ્રાસંગિક **સરસ્વતી** કથા, **અચ્ચુંકારી ભટ્ટારિકા, હાંડારાણાની** કથા તથા જુદા જુદા વિષય ઉપર થયેલ **રવિવારીય જાહેર પ્રવચન** આદિ રોચક, વૈરાગ્યપોષક દૃષ્ટાન્તો સાથેના આપેલા સાત્ત્વિક અને તાત્ત્વિક વ્યાખ્યાનોના છૂટા છૂટા મુદ્દાની નોંધ પ્રારંભમાં આપેલ છે. જેનું અવતરણ મુનિરાજ શ્રી **હર્ષબોધિ વિજય મ.સા.**એ કરેલું છે. પ્રસ્તુતમાં જે લખાણ લખાયેલું છે તે મહાત્માના વ્યાખ્યાનની નોટમાંથી લેવાયેલું છે. પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની નજરમાંથી પસાર નથી થયું. તેમાં લખાણ ત્રૂટક-ત્રૂટક હોવા છતાં વૈરાગ્યપ્રદ છે.

૨. 'પત્ર-પ્રેરણા'

પૂ. મુનિ શ્રી ભાનુવિજય મ.સાહેબે શ્રમણોને, મુમુક્ષુઓને, શ્રાવકોને યોગ્યતા અનુસાર તેમને ધર્મમાં પ્રવેશ કરવાની સરળ રીતો, કોણ તમારા કલ્યાણ મિત્ર, માનવ જીવનના મૂલ્ય શેમાં, ધર્મ સાધના કઈ રીતે થાય, રોગોમાં મનનું સ્થિરીકરણ કરવાના ઉપાયો, વિયોગમાં સમાધિ મન્ત્ર પ્રદાન, જિનશાસનની સર્વોચ્ચ સાધનામાં પ્રવેશ, સંસારની વિચિત્રતાનું તાદૃશ્ય દર્શન, આંતરિક શક્તિનો પ્રભાવ, આત્મહિત કરવાની જડીબુટ્ટીઓ પત્ર દ્વારા લખતાં હતાં. વૈરાગ્યસભર, તર્કસભર થોડા પત્રો અત્રે **'પત્ર-પ્રેરણા'**માં લીધા છે.

૩. 'યતિહિતશિક્ષા'

વિ.સં. ૨૦૩૮ માં પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ પાલનપુર ચાર્તુમાસ દરમ્યાન વાચના આપેલ. તે વાચનાનું અવતરણ મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ.સા.એ કરેલ ને ત્યારે ઝેરોક્ષ રૂપે તે બહાર પાડેલ. તે પ્રસ્તુતમાં **'યતિ હિત શિક્ષા'**માં લેવામાં આવ્યું છે.

અમૃત ગંગાનું ઉદ્‌ગમ સ્થાન

'જૈન શાસન જયવંતુ છે' એ તો સૌ જાણે છે, પરંતુ એને જયવંતુ રાખનાર, એ માટે પોતાના સમયનો અમૂલ્ય ભોગ દેનાર, જાતની મહત્તાને શૂન્યરૂપ આપીને પ્રભુશાસનની મહત્તાને ઉજાગર કરનાર, માન-અપમાનના કડવા ઘૂંટડાને પી-પચાવીને અમૃતતુલ્ય સંઘહિત માટે મરજીવા બનનારા, દુર્જનોની ગાળોના કીચડીયા વરસાદમાં પોતાની જાતને કમલદલવત્ નિર્લેપ રાખનારા મહાપુરુષોને બહુ જ થોડા લોકો પિછાણી શકે છે. એવા મહાપુરુષોમાંના એક એટલે પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા. કે જેઓ અભૂતપૂર્વ તપશ્ચર્યાના તેજથી શાસનને દીપાવી રહ્યા છે. માન મર્તબો, વાહવાહ અને પ્રતિષ્ઠાના ક્ષેત્રથી તેઓ હંમેશ માટે જોજનો દૂર રહ્યા.

એમની અભયકુમાર જેવી ચકોર બુદ્ધિએ શોધી કાઢ્યું કે ખરેખરા શાસનના ઉત્કર્ષ અને સંઘહિત માટે આજે શેની તાતી જરૂરિયાત છે ? ગુરુકૃપા અને સંપૂર્ણ શાસ્ત્ર વફાદારીના બળે એમને એ જરૂરીયાતની પૂર્ત્તિ માટે એક જબરજસ્ત આંદોલન-શિબિર ઉપાડ્યું. એના મીઠા પરિણામે આજે પણ શ્રી સંઘમાં સ્વ-પર સમુદાયમાં સેંકડો યુવાનોની દીક્ષા અને હજારો યુવાનોની ધર્મશિક્ષા ઊડીને આંખે વળગે છે.

તન પવિત્ર, અને મન પણ પવિત્ર, તેથી જ વાણી પણ પવિત્ર છે. વાણીમાં ક્યારેય કોઈને દમ્ભની દુર્ગન્ધ આવતી નથી એ પવિત્ર તન-મનની તંદુરસ્ત નિશાની છે. તેથી જ તેઓ સદાને માટે શ્રી સંઘના હિત અને ઉત્કર્ષના પડખે રહી શક્યા છે.

'વિષયો ખતરનાક છે. વૈરાગ્ય એ જ મુક્તિ છે' એવો અભયમન્ત્ર આપનારા ગુરુદેવના ચરણે કોટિ કોટિ વન્દન.

- મુનિરાજશ્રી હર્ષબોધિવિજયજી મ.

:: અનુક્રમણિકા ::

ક્રમ	વિષય	પે.નં.
૧.	પ્રવચન-૧	૧
૨.	પ્રવચન-૨	૪
૩.	પ્રવચન-૩	૮
૪.	પ્રવચન-૪	૧૨
૫.	પ્રવચન-૫	૧૭
૬.	પ્રવચન-૬	૨૬
૭.	પ્રવચન-૭	૩૦
૮.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧	૩૫
૯.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૨	૪૧
૧૦.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૩	૪૬
૧૧.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૪	૫૨
૧૨.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૫	૫૬
૧૩.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૬	૬૧
૧૪.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૭	૬૬
૧૫.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૮	૭૨
૧૬.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૯	૭૭
૧૭.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૦	૮૧
૧૮.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૧	૮૫
૧૯.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૨	૯૦
૨૦.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૩	૯૩
૨૧.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૪	૯૬
૨૨.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૫	૧૦૦
૨૩.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૬	૧૦૩
૨૪.	ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૭	૧૦૬
૨૫.	જાહેર પ્રવચન-૧ મોક્ષનું ત્રાટક અને અવંતી સુકુમાર	૧૦૯
૨૬.	જાહેર પ્રવચન-૨ આત્માના સૌંદર્ય અને સતી દમયંતી	૧૧૮
૨૭.	જાહેર પ્રવચન-૩ નેમિનાથ ભગવાનના ૯ ભવનું વર્ણન	૧૨૭
૨૮.	જાહેર પ્રવચન-૪ નેમિનાથ ભગવાનના ૯ ભવનું વર્ણન	૧૩૧
૨૯.	જાહેર પ્રવચન-૫ નેમિનાથ ભગવાનના ૯ ભવનું વર્ણન	૧૩૮
૩૦.	જાહેર પ્રવચન-૬ વિષય વાસના સખી કે સખો ?	૧૪૫
૩૧.	જાહેર પ્રવચન-૭ બહોત ગઈ થોડી રહી	૧૫૨
•	**પત્ર પ્રેરણા**	૧૫૭
•	**યતિહિતશિક્ષા વાચના**	૨૫૪

વ્યાખ્યાન દાતા :- જિનશાસનની દેશનાપદ્ધતિના વિશિષ્ટ જ્ઞાતા પ.પૂ.આ.શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

"कषाया देहकारायां चत्वारि यामिका इव
यावज्जाग्रति पार्श्वस्थः तावन् मोक्षः कुतोः नृणाम्" ॥

સંસાર વૃક્ષ છે. કષાયો તેના મૂળિયાં છે તેના હિસાબે જીવને સંસારમાં ભ્રમણ ચાલુ છે. નિગોદમાં પડી રહેવાનું થાય છે કિન્તુ ત્યાં પણ જનમ-મરણ જનમ-મરણ ચાલુ છે.

ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ એ બધા કષાયો છે. એ શું કામ કરે છે ? તે જીવને કાયાના કેદખાનામાં રાખ્યા કરે અને ફેરવ્યા કરે છે. જેમકે કેદીને નાસિકની જેલમાંથી યરોડાની જેલમાં, ત્યાંથી વળી નગરની જેલમાં એમ સંસાર જીવને જુદી જુદી કાયામાં ફેરવે છે. **જ્યાંસુધી કષાયો છે, ત્યાં સુધી જીવને શરીરની કેદ નક્કી** છે. એ શાથી ? કષાયોથી. ક્રોધ લોભ વગેરે વારંવાર કરવા જોઈએ છે. કેમ ક્રોધ ? બીજાનું ખોટું સહન ન થવા ઉપર." આપણે ખોટું સહન ન કરી શકીએ. અલ્યા ! **પોતાની જાતનું ખોટું કેટલું સહન થાય છે ?** બીજાના ખોટા સામે ચડભડવા જોઈએ છે, પોતાના ખોટા સામે ચડભડવાનું નહિ. ત્યારે જ્ઞાનીઓ કહે છે કષાયો એવી જાદુઈ ચીજ છે કે અહીં કષાયોની કરો ખુશખુશાલી, પણ ભવાન્તરમાં ફળ મળે ત્યારે પોકો મૂકજો, અને જાદુ આ, કે ત્યાં પૂર્વ જનમના ક્રોધની ભૂલ યાદ જ નહિ આવે. તેથી જીવ અહીં, ક્રોધ બંધ નહિ કરે.

અગ્નિશર્માએ ગુસ્સો કર્યો તો તેનાં ફળ ભવાંતરમાં ઉત્તરોત્તર વધતા ચાલ્યા. ૧ લી નરકમાંથી બહાર આવ્યો વળી પાછો ગુસ્સો ચલાવ્યો તો બીજી નરક. વળી પાછો ગુસ્સો વધ્યો તો ત્રીજીમાં. ક્રમશઃ સાતમી નરકની વિઝિટ કરી આવ્યો અને તે પછી પણ અનંત સંસાર ભટકશે. કેમ એમ ? ભવે ભવે કષાયને માર્યા વિના મર્યો. **જગતની વિચિત્રતા છે કે-"તું મરજે પણ તારા કષાયો નહિ મરે."**

કષાયોને જમીનદોસ્ત કરવા માટે માત્ર મનુષ્ય ભવ એક જ છે. ક્રોધ કષાય રોકવા આ વિચારવું. કોઈએ તારું બગાડ્યું તો તેમાં તારા કર્મો જ કામ કરે છે. તે પણ બહારનું બગાડે છે, અંદરનું તો આપણે આપણી જાતે જ કષાય કરીને બગાડીએ છીએ. માટે વિચારવું 'કર્મ ભલે બહારનું બગાડે મારે ક્રોધ કરીને અંદરનું બગાડવું નથી.' એમ લોભ કષાય રોકવા વિચારવું.

અહીં તું ઈંટ ચૂનાના મકાન ઉપર રાગમાં પાગલ થાય છે, પણ ત્યાં

દેવલોકમાં તો ચારે બાજુ રત્નોની જ દીવાલો ! સીલીંગ પણ રત્નોની ! તો ત્યાં આ જીવ પાગલ થયા વિના રહે ખરો ? કોઈએ આપણી દીવાલ બગાડી તો એમ ન થાય કે હું આખી દીવાલ બગાડી નાખું ? વિચાર કરો કે આણે મારું શું બગાડ્યું ? ત્યાં વિચારવાનું કે આણે તો બહારનું બગાડ્યું, મારા અંદરનું હું શું કામ બગાડું ? **કર્મ ફોર્સ નથી કરતા કે આવા શબ્દો બોલ કે હરામખોર-લુચ્ચા નાલાયક. આપણો પુરુષાર્થ જ ગુસ્સો કરાવે છે.** ક્રોધનો વિચાર કે ઉદ્‌ગાર કાઢવો કે નહિ એ આપણા હાથની વાત છે. મહાપુરુષો કેવા થયા ? **અરે ખંધક !** તારી ચામડી ઉતારે છે, ત્યારે એ વિચાર્યું હશે કે 'મારા અશુભ કર્મના ઉદય વિના આ પીડા આવે નહિ, પણ પીડા પછી કર્મ ઊભા નહિ રહે. વિચારવું જોઈએ કે **પીડા આવી તો પત્યું હવે અશુભ કર્મ ઊભા નહિ રહે !** કર્મ જાણે કહે છે, **હે ગજસુકુમાલ** તમે સગડી વેઠી, તો પછી અમે રવાના." ત્યારે ગજસુકુમારે એ વિચાર્યું કે કર્મે મારા શરીરનું બગાડ્યું પણ હવે ગુસ્સો કરું તો મારા આત્માનું બગડશે.

"બધુ મળશે પણ ફરી ફરી મનુષ્ય ભવ નથી મળવાનો." અને એમાં "કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે" **ઘરમાં ચોરો આવે ને પીસ્તોલ દેખાડે 'શેઠ ! બાજુએ રહી જાવ માલ લેવા દો પછી અમે રવાના', તેમ પીડા આવે ત્યારે કર્મો કહે છે કે, 'અમારું નામ શું ? અશુભ કર્મો. બસ તો આ પીડા વેઠી લો પછી અમે રવાના.** કોઈ મારા પર પ્રતિકૂળ વર્તે તો તે મારા અશુભ કર્મના લીધે છે પણ તેમાં અશુભ કર્મોનો કચરો સાફ થાય છે.

પીડા વખતે **"હાય શું કરું મારે અશુભનો ઉદય" એમ નહિ વિચારવું. એમાં દીનતા આવે એથી કર્મ બંધાય.** પણ એમાં એમ વિચારવું કે 'હાશ ! રોગ આવ્યો મારે અશુભ કર્મનો નિકાલ !" **દુઃખમાં પાપ કચરો સાફ એટલે દિવાળી. સુખમાં પુણ્ય મૂડી સાફ તે હોળી.** તાવ આવે તો આયુર્વેદ શાસ્ત્ર-ધર્મશાસ્ત્ર બતાવે છે કે ત્રણ દિવસ ભુખ્યા રહો. નવો તાવ આવે ને ઔષધ લો તો તે ઝેર છે. જનાવરોમાં આ હોય છે. વ્યાધિ જેવું લાગે તો ખાવાનું બંધ કરી દે છે. આ માણસ જાત જ એક એવી છે કે **"રોતીને પીયરિયા મળ્યા"** ખાવા જોઈએ છે. બસ પછી તો ડોકટરો જ કહે કે જો થોડું થોડું પ્રવાહી લેતા રહેજો અશક્તિ ન આવે. અરે નવો તાવ આવે ને ઝુકાવો અઠ્ઠમ. **મિંયા મસાલાના જોર ઉપર કૂદે,** તાવ મિંયો છે ત્રણ દિવસ કાંઈ ન દો તો મિંયા તરત રવાના થાય.

વર્ધમાન તપની ૧૯ મી ઓળી વિસનગરમાં વિ.સં. ૨૦૦૨ માં અને છેલ્લા બે ત્રણ દહાડા બાકી ને તાવ આવ્યો. બીજા માંદા હતા અને તે માટે વૈદ આવ્યો. પૂછ્યું કેમ આજે ઉપવાસ કરું ? વૈદે-સરસ. બીજે દિવસે પૂછ્યું આજે પણ ઉપવાસ કરી નાખું ? વૈદે-બહુ સરસ. ત્રીજે દિવસે પણ એજ રીતે કર્યું. જ્યારે શાસ્ત્ર કહે

કે નવો તાવ આવે તો ત્રણ ઉપવાસ કરો. આ ડોકટરનાં પનારે ન પડશો. એ તો ખાવાનું ચાલુ રાખવા કહેશે. ઉપવાસ ૩ કરો તાવ સાફ.

પારણા પછી ચાર દિવસમાં ૨૦ મી ઓળી શરૂ કરી. શરીર તાંબા જેવું થઈ ગયું. કષાયમાં આપણે આપણું બગાડીએ છીએ. કોઈ સારું જોઈ ગુણાનુરાગને ને સુકૃતાનુમોદના કરવાને બદલે ઈર્ષા દ્વેષ કરવા જાય તો પોતાનો જ આત્મા મલિન થાય. ગુણાનુરાગનો લાભ ગુમાવે.

કાશી નરેશ પરદુઃખભંજક દિલાવર-ઉદાર હતો. બધા ગુણગાન કરે 'ભાઈ ! કાશી નરેશની શું ઉદારતા છે. કોઈપણ આવે, 'લઈજા લઈજા.' કોઈ આવી કહે કે, સાહેબ ધંધામાં આટલા ખોયા, કાશી-નરેશ એમ ન કહે કે, 'કોણે ઊંચે બાંધ્યો તો તે ધંધા કરવા ગયો તો ? આવું નહિ, **"પડતાને પાટું ન મરાય"** એ ન્યાયે કાશી નરેશ કહે કે, ચિંતા ન કર, લઈ જા જ્યાં સુધી બીજો ધંધો ન જામે ત્યાં સુધી ખાવાનું થઈ જશે. આ વાત **કૌશલ દેશના રાજા**ની સભામાં પહોંચી. સભામાં કાશી નરેશના વખાણ ચાલ્યા ભાઈ ! શું કાશી નરેશની ઉદારતા, અને કોશલ નરેશ મનમાં બળે છે કે શું એ ઉદાર ? અને તો શું હું ઝાઝું કાઢું છું ? હવે એ કેટલાનું મોઢું બાંધે ? કેટલાને આંગળી બતાવી ચૂપ કરે ? એ જોવે છે કે બીજું તો કાંઈ થાય તેમ નથી. આ રાજગાદી ઉપર બેઠો છે એટલે લઈ જાવો, લઈ જાવો કરે ને લોકો એના વખાણ કરે છે. હું એને જંગલમાં રખડતો કરી દઉં પછી શાના ઉપર દાનવીર બનશે ?

"મફતમાં મળતા ગુણાનુરાગ અને સુકૃતની અનુમોદના ન કરે, એ ખરેખર અભાગીયા છે." એને એ વિચારવાનું હતું કે આવા દાનવીરોથી જ પૃથ્વી શોભે છે, પણ નહિ કે મારા જેવા પથરાથી. પથરાથી તો પૃથ્વી ભારે મરે છે. પૃથ્વી પર આવા રત્નો છે તો કહેવાય છે કે **"બહુરત્ના વસુંધરા"** આવો ગુણાનુરાગ લાવવાનો હતો પણ અભાગીયાના નસીબમાં ગુણાનુરાગ સુકૃતની અનુમોદના હોય નહિ.

ગુણાનુરાગ, સુકૃતની અનુમોદના આ બે માનવને ભવ્ય વરદાન છે. એ વરદાન કરોડો પુણ્યની કમાણી આપે. ગુણાનુરાગ-સુકૃતની અનુમોદના એવા પ્રખર પુણ્યને ઊભું કરી આપે છે કે એની ધારણા બહારના સુખ પ્રાપ્ત થાય છે. એટલે જ બધી ઈંદ્રિયોની ગુલામી તોડનારાની અનુમોદના કરવાની. જેથી ઈંદ્રિયોના દુરાચાર અટકાવાય.

કાનના દુરાચાર, આંખના દુરાચાર, જીભના દુરાચાર. આ બધું કરવાથી શું મળે ? તો કહે કે **ઈંદ્રિયોના દુરાચારના ગુનાની સજામાં કર્મસત્તા ભવોની જેલ આપે છે.** ભયંકર દુર્ગતિની લાંબી યાત્રાઓ મળે. માટે **બળદેવ મુનિ** ચારિત્ર લઈ પોતાના રૂપમાં લુબ્ધ એક બાઈને જોઈ જંગલમાં રહેતા હતા કે મારા નિમિત્તે ગામ

નગરની સ્ત્રીઓ પાપ ન બાંધે. જંગલમાં હરણીઓ ભગત થઈ ગયો. કોઈ મુસાફર આવે કે મહારાજનું કપડું પકડીને ખેંચી જાય. એમાં એકવાર રથનું લાકડું લેવા એક રથકાર આવેલો. મહારાજ વહોરે, રથકાર વહોરાવે, હરણીયો અનુમોદના કરે છે કે ધન્ય છે આ મુનિને, ધન્ય છે આ દાતારને. તેમાં ઉપર અડધું કાપેલું ઝાડનું ડાળખું પડ્યું અને ત્રણેના મોત, ગતિ એક સરખી. **ત્રણે પાંચમાં દેવલોકમાં,** પણ આ શું ? જૈન ધર્મમાં ન્યાય છે કે નહિ ? તો જૈન ધર્મ ન્યાય, અન્યાય સ્થાપતો નથી તે તો માત્ર બતાવે છે કે કર્મસત્તા આ ન્યાય, અન્યાય અર્થાત્ ઈનામ-સજા આપે છે. સારાની અનુમોદના અઢળક પુણ્ય દે. એક નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે. માટે **નિર્યુક્તિ શાસ્ત્ર**માં પાંચ પદની પાંચ ગાથા મૂકી. તેમાં લખ્યું કે **'અરિહંત નમુક્કારો સવ્વ પાપપ્પણાસણો'** એ જ રીતે પાંચે પદમાં. એટલે 'આ પાંચને કરેલો નમસ્કાર' નહિ પણ 'આ પાંચ નમસ્કાર' સર્વ પાપનો નાશ કરનાર છે. અર્થ બરાબર શીખો. **નમો અરિહંતાણ એટલે અરિહંતને નમસ્કાર હો, એમ અર્થ નહિ પણ હું અરિહંતને નમસ્કાર કરું છું. વાયદાનો વ્યાપાર અહીં નથી.** એ તો નમુત્થુણં માં છે 'ત્થુ' અવ્યય છે. 'ત્થુ' એટલે અસ્તુ = હો. અહીં નમો અવ્યય છે. નમામિ અર્થ છે, જ્ઞાનીઓએ ઉપકાર કર્યો ૩ ને બદલે ૨ અક્ષર આપ્યા. નમો એટલે નમું છું. વાયદાનો વેપાર નમુત્થુણંમાં. ત્યાં સામર્થ્ય યોગનો નમસ્કાર હાલ નથી થવાનો તેથી નમસ્કાર હો થયું છે. માટે દાવો ન રખાય કે હું ઉચ્ચકોટીનો નમસ્કાર કરું છું. તેથી તારું મોઢું જો, ઉચ્ચકોટીના નમસ્કાર કરવાવાળા જુદા. એ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે. એ અત્યારે થાય તેમ નથી માટે 'નમસ્કાર હો' એમ થયું છે.

સુકૃતની અનુમોદનાનો પાવર હોય છે. તેથી તો **શાલિભદ્રે** પૂર્વ ભવમાં રોઈને મેળવેલી ખીર દાનમાં આપી પછી ભારોભાર અનુમોદના કરી તો શાલિભદ્ર બન્યા.. ઈર્ષ્યા વગેરે ન કર્યું. એક હિસાબ છે **"વ્યવહારનું બગડવા ઉપર મારે મારા આત્માનું નથી બગાડવું."** આ કષાય રોકવાની પહેલી ચાવી છે." પાંચે ઈન્દ્રિયોનાં વિષયોમાં આસક્ત થવું એટલે કષાયોને રહેવાની મંજૂરી આપવી" કેમ કે વિષયો એ કષાયોનું સ્થાન છે. **"કષાયોને જીતવા ચારિત્ર જીવન એ રણ મેદાન છે."**

"દિવ્ય-દર્શન" - "પ્રવચન-૨" **ઈર્લા. અષાઢ સુદ-૧૦**

પરમ ઉપકારી ત્રિલોકનાથ જિનેશ્વરદેવો જન્મ-મરણનાં મૂળ કષાયોને બતાવે છે. સંસારનું નિમિત્ત કષાયો છે. એ કષાયો સંસારી જીવને કાયાની કેદમાં સપડાયેલો રાખવા માટે પહેરેગીરનું કામ કરે છે. **"જ્યાં સુધી કષાયો પાસે છે, ત્યાં સુધી**

જીવની મજાલ નથી કે એ કાયાની કેદમાંથી છૂટી શકે.

હજુ દુનિયાના કેદીને છૂટવાનો પ્રસંગ આવે છે કે, 'રાજકુંવરનો જન્મ થયો છે તો કેદીઓને છૂટા કરી દો.' એ બની શકે છે. પણ કાયાની જેલમાંથી છૂટવાનો કોઈ ઈલાજ નથી. એ માટે તો ચાર પહેરેગીર (કષાયો) ને રવાના કરે જ છૂટકો છે. કષાયોથી ત્રાસેલા મહાત્માઓ ચિંતા કરે કે કેમ કરીને કષાયોને જમીનદોસ્ત કરું.

સર્વ પાપનો બાપ લોભ છે. તો પહેલા લોભ ન મૂકતા ક્રોધ કેમ મૂક્યો ? તો કહે કે ક્રોધ એટલે અસહિષ્ણુતા. સહન થતું નથી. ક્રોધમાં ભાન ભૂલે તો મોટા મહર્ષિઓ પણ સપડાઈ જાય છે. આવા ક્રોધને દબાવવો શી રીતે ? તો આ ક્રોધને દબાવી દેવા માટેના મુદ્દા છે. એ એવા સોલીડ છે કે ક્રોધને ભાગે જ છૂટકો, દબાયે જ છૂટકો છે.

(૧) એક જ વિચાર રાખે કે ક્રોધ શેના ઉપર કરું છું ? જે બગડ્યું તે બહારનું બગડ્યું છે. હવે એ બહારનું બગડ્યા ઉપર મારે મારા અંદરનું નથી બગાડવું.

એક નગરમાં **છીપી શ્રાવિકા** રહે... ભગવાનની વાણી સાધુઓ દ્વારા સાંભળેલી હતી. તે સાંભળી નક્કી કરેલું કે મારે બહારનું બગડે તો ગુસ્સો કરીને અંદરનું નથી બગાડવું. જીવન એવું જીવે કે પાડોશીને મુગ્ધ બનાવી દે. ખ્યાતિ એવી વધી ગઈ કે નગરનાં રાજાને કાને આ વાત ગઈ. રાજા કહે દીવાન ! ચલો ને જરા બાઈનું પારખું કરીએ... એમ કહીને નીકળ્યા રાજા ઘોડા ઉપર ચડીને... દીવાને દૂરથી ઘર બતાવી દીધું એટલે ઘોડો પૂરપાટ દોડાવ્યો અને આ બાજુ છીપીએ કપડાં રંગવા માટે રંગના કુંડા તૈયાર કરીને આંગણે મુકેલા. અને રાજાએ ઘોડો ત્યાં જ ઠોકર ખવરાવ્યો અને કુંડું ઢોળાઈ ગયું. તો છીપી આવી દોડતી અને ઘોડાના પગ પંપાળતી બોલે કે બચ્ચા તને વાગ્યું નથી ને ? પોતાનો સુંવાળો હાથ ઘોડાનાં પગે ફેરવે છે. હાય વોય નથી કરતી. રાજા પોતે ઘોડા ઉપરથી નીચે ઉતરીને નજરો નજર ક્ષમા દેખી... ઘર જોયું ગરીબ ઘર છે. થીંગડા મારેલા કપડાં પહેરેલા છે, અને રાજા પૂછે રે બાઈ ! તારા કુંડા ઘોડાએ ઢોળ્યા, તને કાંઈ લાગતું નથી ? ૧૦ રૂપિયાના કુંડા ઢોળાઈ ગયા છતાં તું ઘોડાને પંપાળે છે. ધન્ય છે બાઈ તને ! તું ક્ષમા રાખે છે. અરે મહારાજા ! આ અબોલ પ્રાણી છે એને બિચારાને શી ખબર પડે ? તેને વાગ્યું હોય તો તેની માવજત થાય. મારો ભલે બહારનો રંગ ઢોળાઈ ગયો, પણ હું અંદરના રંગને (ક્ષમાને) કેમ ઢોળી કાઢું ? **બહારનું નુકસાન તો ભરપાઈ થઈ શકશે પણ અંદરનું નુકસાન ભરપાઈ નહિ થાય.**

કેમ આમ થયું ? કહો કે વ્યસન એવું લાગ્યું હતું કે તે જાય નહિ. દારૂનું-અફીણનું વ્યસન લાગી ગયું પછી છોડવું મુશ્કેલ છે એ તો ઉગતાને જ દાબવું

જોઈએ. તેમ ક્રોધનું વ્યસન લાગ્યું તો પછી દબાવી નહિ શકો, માટે ઊગતા ક્રોધને દબાવો. ન દાબ્યો તો પછી કાબૂમાં નહિ રહે, કારણ કે અનંતા કાળના ગુસ્સાના સંસ્કાર છે. માખીના વાધ ફરતા હોય છે ને ? એની ઝાપટમાંથી છોડાવી ન શકો. ગુસ્સો ક્યાં નથી કર્યો ? વિકલેન્દ્રિયમાં ગયા તો ત્યાં કર્યો, બિલાડી ઉંદરને દેખે ને ઝાપટ મારે. પણ તેણે તારું શું બગાડ્યું ? કાંઈ નહિ, પણ મારો વિરોધી છે ને ? બસ કરું ખલાસ. આજ ભાવના ઉત્તમ મનુષ્ય અવતારમાં ઉત્તમ ગુરુ મળ્યા શાસન મળ્યું અને આ ગુસ્સાને આગળ ચલાવીશ તો પછી અહીં નથી સુધરતો એ બીજી કઈ ગતિમાં જઈને સુધરવાનો છે ? આ જૈનપણું એક જ એવી હોસ્પિટલ છે કે જેમાં રોગને એટલે કે ગુસ્સાને દબાવી શકાય. પેલો રાજા દીવાનને કહે છે કે આ બાઈને ઈનામ આપો. પણ બાઈ ના પાડે છે. કેમ ? બાઈ કહે છે કે ધર્મ મારી સંભાળ કરશે. પહેલા પણ કોઈકવાર આવું બન્યું હશે. આ બાજુ નુકસાન પણ બીજે દિવસે ઘરાક પાંચ વધારે આવી જાય એટલે સરવાળે સરખું. મારા લલાટમાં લખેલું જવાનું નથી. **લલાટમાં લખેલું રહેવાનું, લલાટમાં લખેલું મળવાનું અને લલાટમાં લખેલું ભોગવવાનું છે.** જો આ ભરોસો મને ન હોય તો ભગવાન અને ધર્મ હું શું પામી કહેવાય ? એક બાઈ સમતાથી આ જવાબ દે છે.

ચંપકલાલ ભણશાલી કલકત્તાના હતા. પાટણમાં આ. પૂ. રામચંદ્ર સૂ.મ. ચોમાસું હતા. પજુષણ કરવા આવ્યા. સારણગાંઠનું ઓપરેશન તાજુ મહિના પહેલા કરાવેલ. ડોકટરે ના પાડી હતી દાદરા ચડવા ઉતરવાના નહિ. પણ આ તો ધર્મની લગનીવાળા હતા. એટલે ત્યાં પજુષણ કરવા આવ્યા. રોજ ૫૦ સાધુને ખમાસમણા દે છે. બધા કહે પણ તમારું ઓપરેશન દુઃખશે. ઉમળકામાં ધ્યાન રહ્યું નહિ અને સંવત્સરી પ્રતિક્રમણમાં દુઃખાવો ઉપડ્યો. પ્રતિક્રમણ પૂરું થયું પછી તો ૬ ડોકટરો ભેગા થયા કોઈને ગમ ન પડી કે આ તો ઓપરેશનનો દુઃખાવો છે. આ બાજુ અંદરના ટાંકા તૂટી ગયા અને આંતરડા બહાર નીકળી ગયા હશે. ચોથની સાંજે ડોકટરો કહે કે આ તો વાયુ છે. ઉપવાસની અશક્તિ છે. પછી ચંપકભાઈના મનમાં હાયવોય નથી ચોથની સાંજે દુઃખાવો અને સાતમે કાળ કરી ગયા. પણ વચ્ચે છેલ્લે મિત્ર સુરચંદભાઈ પૂછે કે, ચંપકભાઈ ! જયેશ ને એની બાને કાંઈ કહેવું છે ? જવાબમાં મારે કોઈને કાંઈ કહેવું નથી. એ જોઈ લીધું કે હવે મારે જવાનો ટાઈમ છે હવે દિલમાં મોહ માયા ક્યાં ઘાલું ? અને એ વાત સીધી છે કેમ કે હૈયામાં જો ભાર્યા હોય, છોકરાં-છૈયા હોય તો તે સદ્‌ગતિ ન અપાવે, એ તો **દિલમાં અરિહંત સિદ્ધ વગેરે હોય તો સદ્‌ગતિ મળે.** શબને લઈ ગયા અમદાવાદ. ઘરમાં રોકકળ ચાલી છે. ઘરવાળા એમના જેવા હતા. એટલે રડતાં છોકરાંઓને કહે છે કે આપણે જૈન છીએ આપણાથી ન રડાય. બીજે દિવસે સ્મશાન યાત્રામાં

ઘણા લોકો આવેલ. ત્યાં જાહેર કર્યું કે અમારે બેસણું રાખવાનું નથી. પણ પૂજા છે તો બધા આવજો, અમદાવાદી છક્કડ ખાઈ ગયા.

પેલી છીપી રાજાને કહે છે કે રાજા જૈન ધર્મ પામી છું એના હિસાબે કહું છું કે બહારનું બગડવા ઉપર ગુસ્સો કરવા જાઉં તો એના ચીકણા દારુણ કર્મ બાંધીને એના કડવા વિપાક હું શા માટે ભોગવું ? ઘોડા ઉપર કરુણા આણી.

ક્રોધને રોકવાનો બીજો ઉપાય આ છે કે ક્રોધ થવાના સ્થાને કર્મનો દોષ વિચારો અને સામા જીવ પ્રત્યે કરુણા લાવો. છીપીએ એ કર્યું. ઘોડો તો બીચારો અબોલ પ્રાણી છે, એ બીચારો એક તો કર્મનો માર ખાઈ રહ્યો છે, એમાં હું ક્યાં વધારો કરું ?

અરણિકાપુત્ર આચાર્ય મોટા સમુદાયવાળા છે પણ પગ અટકી ગયા અને સ્થિરવાસ કરવો પડ્યો. ત્યાં શિષ્યો જવા તૈયાર નહોતા છતાં મારા નિમિત્તે આ સાધુઓનું સંયમ ન સીદાય એ ગણતરીથી સાધુને વિહાર કરાવ્યો. સાધ્વી છે ગામની રાણી-રાજાએ દીક્ષા દેતી વખતે શરત કરેલી કે તમારે આ નગરમાં જ રહેવાનું. રાણી કહે એમ તો એમ સહી એ રીતે તો પાપમાંથી બચીશ એમ વિચારી દીક્ષા લીધી છે. સંયમ ન સીદાય તેની જાગૃતિ સંપૂર્ણ છે. આ સાધ્વી આચાર્યને ગોચરી લાવી આપે છે. એમાં અનેક દિવસ થયા. હવે રોજ ગોચરી ફીટોફીટ જોઈએ તેટલી તેવી જ આવવા માંડી, આચાર્ય વિચારે છે કે હશે હવે ટેવાઈ ગયા ને એટલે બરાબર આવતી હશે. અને એક દિવસ વરસાદમાં ગોચરી લાવ્યા, અને આચાર્યે પૂછ્યું 'કેમ વરસાદમાં ગોચરી લવાય ?' તો સાધ્વી કહે કે ગોચરી અચિત્ત પાણીમાં લાવી છું. આચાર્ય વિચારે છે કે આમને એની ખબર ક્યાંથી પડી કે અચિત્ત પાણીની ધાર છે ? કારણ કે આચાર્ય મહાન શાસ્ત્રવેત્તા છે. તેથી પૂછ્યું, કે કયા જ્ઞાનથી ખબર પડી, પ્રતિપાતિ કે અપ્રતિપાતિ ? પ્રતિપાતિ એટલે આવેલું જાય. મનઃ પર્યવજ્ઞાન સુધીનું જ્ઞાન એટલે આવેલ જાય. તેમાં વિપુલ મનઃપર્યવજ્ઞાન હોય એ કેવળજ્ઞાન સુધી રહે જ.

સાધ્વી કહે છે કે અપ્રતિપાતિ જ્ઞાન. અને આચાર્ય ઊભા થઈ ગયા, મેં આ શું કર્યું ? કેવળીની લાવેલી ગોચરી વાપરી ? કેવલજ્ઞાની પાસે ગોચરી લાવવાની વેઠ કરાવી ? કારણ કે અપ્રતિપાતિ જ્ઞાન એટલે આવેલું જાય નહિ તેવું. આચાર્ય મ. પશ્ચાત્તાપ કરે છે, પછી સાધ્વીને પૂછે કે મારા કેટલા ભવ ? સાધ્વી કહે, તમારે ભવ નથી ગંગા ઉતરો એટલે કેવલજ્ઞાન, તો તો હમણાં જ જાઉં કારણ કે ટાઈમ નથી કીધો કે આજે સોમવાર છે અને બુધવારે કેવળજ્ઞાન થશે. માત્ર ગંગા ઉતરો ને કેવળજ્ઞાન છે, એમ જ કહ્યું છે. આચાર્ય મહારાજ ગંગા ઉતરવા ગયા. હોડકામાં લોકો બેસતા હતા. આચાર્ય મ. કહે કે મારે સામે કિનારે જાવું છે.

નાવિક કહે તમે પણ બેસી જાવ. આચાર્ય બેઠા અને વૈરી દેવતાએ આવીને પાણીનું મોજું ઉછાળ્યું. તેનાથી નાવડું ડોલવા લાગ્યું. લોકોના મન ફેરવી નાખ્યા. લોકો બોલે છે આ માથા મુંડિયો છે, એટલે આમ થાય છે. લોકો કહે ઉતરો. લોકોએ પોટલાની જેમ ઉંચા કર્યા ને ઊછાળ્યા. ત્યાં દેવે વચ્ચે ભાલો ધર્યો. આચાર્ય વિચારે છે કે આ મારું શરીર કેવું પાપી ! બિચારા જીવોને કિલામણા કરશે, બીજો વિચાર એ કર્યો કે આ શરીરે બિચારા જીવોને પાપ કરવાના નિમિત્ત આપ્યા. ત્રીજો વિચાર એ છે કે આ શરીર ભાલામાં વિંધાશે અને લોહીના ટીપાં પડશે નીચે અને અપકાયના અસંખ્ય જીવોને મારવામાં આ શરીર અને આ લોહી ગોઝારા નિમિત્ત બન્યા. આ કરુણા આચાર્યે વિચારી છે. બીજો વિચાર એ છે કે ધન્ય છે એ સિદ્ધના જીવોને, જેમને કાયા જ નથી એટલે કોઈને પાપમાં નિમિત્ત બનવાનું નહિ. આ મનુષ્ય જનમમાં આવીને કાયાનું કાસળ કાઢવાનું છે. **"આ જગતમાં કાયા જેવો બીજો મોટો વળગાડ નથી." આ ભાવનામાં આચાર્ય કેવળજ્ઞાન પામે છે.**

જામનગરના ગુલાબચંદભાઈ આ કરુણા મૈત્રીની ભાવનાથી કેન્સરના પંજામાંથી છુટ્યા હતા. આ તાકાત છે કરુણાની. ગુસ્સામાં જો આયુષ્ય બંધાયું તો તિર્યંચગતિમાં ફેંકાઈ જવું પડશે, માટે જીવનભરનો ગુસ્સો કાઢી નાખવો જોઈએ.

- **"ક્ષમાધર્મ એ પહેલો ધર્મ છે તેથી તો સાધુને ક્ષમાશ્રમણ નામ આપ્યું છે."**
- **"ફોતરા જેવી ચીજો માટે અહીં ગુસ્સો કરીને મારે મારા આત્માનું પરભવમાં બગાડવું નથી."** આ વિચાર સતત મગજમાં જાગતો રાખજો...

"દિવ્ય-દર્શન" - "પ્રવચન-૩" **અષાઢ સુદ-૧૨**

અનંત ઉપકારી ભગવાન જિનેશ્વર દેવો કષાયોને સંસારનું મૂળ કહે છે. **સંસાર એ વૃક્ષ છે ને કષાય તેના મૂળ છે** એટલે કે ભવોનાં સર્જનહાર છે. કષાય અનાદિના પેધેલા છે. કષાયોને કાઢવા માટે અનુપમ જિનશાસન આપણને મળ્યું છે. જેમ કષાય અનાદિથી છે, તેમ જિનશાસન અનાદિ છે. જિનશાસન કહો કે તીર્થ કહો. દર્શન કહો કે ધર્મ કહો એક જ છે. જિનશાસન બતાવનારા તીર્થંકરો પણ અનાદિથી થતાં આવ્યાં છે. માત્ર સવાલ એટલો જ છે કે આવા શાસનનો ઉપયોગ કરો તો તેનાથી તમારા કષાય મોળા પડે. નવકારની એક કડી ગણો તો પણ કષાય દબાય છે. જેમ કે જો દવા સરખી રીતે લો તો રોગ જાય તેમ. અમે નવકાર દૃઢ નિર્ધાર સાથે ગણીએ છીએ છતાં કેમ કષાય જતા નથી, એમ થાય પણ મનમાં એવો નિર્ણય નથી કરતા કે, **"એસો પંચ નમુક્કારો-મમ કષાય વિણાસણો"** જો આ રીતેથી નવકાર ગણાય તો કષાયરૂપી રોગને ભાગે જ છૂટકો છે.

"જેનાં મનમાં નવકાર છે એને સંસાર શું કરી શકે ?" આજ નહિ તો કાલે પણ કષાય મરી પરવારવાનાં છે. જેમ બહુ ઊંડો વ્યાધિ હોય તો વૈદ કહે કે દવા ૬ મહિના કરવી પડશે તેમ શ્રદ્ધા સાથે જો નવકાર ગણો તો કષાયનો નાશ જ છે. શ્રદ્ધાની આત્મા ઉપર ગેબી અસર પડે છે. જો કષાય કરીને સામેવાળાની સામે પડ્યા તો સામા જીવ ઉપર કરુણા કરવાનો અવસર ગુમાવાય છે.

"અજ્ઞાની કષાય કરે પણ જ્ઞાની તો કરુણા કરે" નાનો બચ્ચો હઠીલો થાય તો બાપ ગુસ્સે થાય પણ તેની મા ગુસ્સે થાય નહિ. કષાય રોકવાનો ત્રીજો ઉપાય એ છે કે કષાય તો જનમ-જનમ કર્યા પણ ક્ષમા એકેય જનમમાં કરી નથી. હવે રાહ બદલવાનો છે. જેવા સાથે તેવા ન થવાય. રસ્તામાં ભંગી લડવા માટે ઊભો થાય તો સામે આપણાથી લડવા ઊભું ન રહેવાય. રસ્તા પરથી **એક પંડિત** ચાલતો હતો સામેથી ભંગી વિષ્ટાનો ટોપલો માથે ઉપાડીને આવતો હતો. પંડિતને અડકી ન જવાય એ માટે ભંગી બીજી બાજુ ચાલવા માંડ્યો તો આ બાજુ પંડિત ડાફોળિયા મારતા મારતા ચાલતા હતા. એટલે પંડિત પેલા ભંગીને અડી ગયા. પંડિત પેલા ભંગીને કહે કે અલ્યા ચંડાલ ! તું મને કેમ અડ્યો ? હવે પેલો ચંડાલ કહે પણ હું તો સીધો ચાલતો હતો ત્યાં તમે વચ્ચે ચાલતા ચાલતા મને અડ્યા. પંડિત કહે સાલા જૂઠું બોલે છે. ભંગી કહે હું તો જન્મથી ચંડાલ છું પણ તમે તો કર્મથી ચંડાલ છો. પંડિત વધારે બણબણ કરવા માંડ્યો. એટલે પેલા ભંગીએ ટોપલામાંથી વિષ્ટાનો મૂઠો ભરીને પંડિત ઉપર નાખ્યો. હવે વિચાર કરો કે ભંગી સામે ભંગી થવાય ? એની ઉપર વિષ્ટા નંખાય ? ત્યાં તો એ વિચાર કરવો પડે કે **અજ્ઞાન જીવની સામે જો હું મારી જાતને જ્ઞાની સમજતો હોઉં તો મારે ક્ષમા રાખવી જોઈએ.**

"ક્રોધ કષાય કેમ રોકાય ?"

અગ્નિશર્માને રાજકુમાર કનડતો હતો એટલે અગ્નિશર્મા ત્યાંથી ભાગ્યો. નગરની બહાર નીકળી ગયો. ફરતો ફરતો એક મહિને તપોવનમાં આવ્યો. તપોવનના કુલપતિએ તેને આશ્વાસન આપ્યું. પૂછ્યું ક્યાંથી આવ્યા ? અરે, મૂકો ને વાત ! મારું શરીર જરા કૂબડું એટલે પેલો રાજકુમાર મારી મશ્કરી કરે ! કુલપતિ કહે જુઓ મહાનુભાવ ! વાંક રાજકુમારનો નથી, વાંક તમારા કર્મનો છે. તેં પૂર્વમાં તપ નથી કર્યો અને આ જનમમાં તપ નથી કર્યો અને રાજકુમાર ઉપર ગુસ્સો કરો છો. એક બાજુ સવારના ઉઠ્યા ત્યારથી ખાઉંખાઉં અને મારાથી પ્રતિકૂળ વર્તનાર સામે ધાઉં ધાઉં જો ચાલુ છે તો બેવડે ગુણાકારે કર્મસત્તા તારી પટ્ટી ઉતારી નાખશે. **દુનિયામાં ઘણાં માણસો છે તેમની મશ્કરી નહિ ને તારી જ કેમ થાય છે ?** તું મફતિયો ગુસ્સો કરે છે. કારણ કે રાજકુમારે તારી માફી માંગી ? તે સુધરી ગયો ? ના, તો નાહક મફતિયો ગુસ્સો શા માટે કરે છે ? નગરમાં હતો ત્યાં ગુસ્સો, અહીં

૧ મહિને આવ્યો ત્યાં સુધી ગુસ્સો ચાલુ, હજુ ગુસ્સો કરીને કયાં જઈશ ? માટે આ સમજ કરવાની કે કષાય જનમ જનમ કર્યા, ક્ષમા અને ઉપશમ કયારે લાવીશ ? ખરેખરી વાત કરી તમે, એમ **અગ્નિશર્મા** કહીને કાનપટ્ટી પકડે છે. ભાઈ સાહેબ ! મને તાપસ બનાવો. **કુલપતિ** કહે થોડા ટાઈમ અહીં રહીને અમારી તાલીમ મેળવ. *તેમ કર્યું. પછી પૂછ્યું મહારાજ હવે તાપસ બનાવો.* કુલપતિ કહે હવે યોગ્ય છે. તો મને દીક્ષા આપો. પછી કુલપતિએ આશ્રમના બધા તાપસોને ભેગા કરીને તેને તાપસી દીક્ષા આપી. તાપસનો વેશ આપ્યો. પછી અગ્નિશર્મા તાપસ કહે મહારાજ ! આટલા જનમમાં દેવામાં જ કાઢ્યા છે એનું અહીં સાટું વાળવું છે. **ગુમાવવાના ભવો અનંતા કર્યા, કમાવાનો આ એક ભવ છે મહારાજ ! પ્રતિજ્ઞા આપો.** "મારે મહિને એકવાર ખાવું અને તે પણ એક ઘરે, બીજા ઘરે જવું નહિ. અને એના એ ઘરે પણ ફરીથી જવું નહિ. મળે તો એકવારમાં વાપરીને બીજા દિવસથી વળી પાછા મહિનાના ઉપવાસ ચાલુ. ન મળે તોય બીજા દિવસથી ઉપવાસ ચાલુ.

હવે કષાયને મરે જ છૂટકો છે. કષાયને ઘી-કેળાં મળે છે એટલે કૂદકા મારે છે. ધર્મ તો ખાઈને જ થાય ને ? મરીને કાંઈ થાય ? એટલે ? સવારે ખાઉં, બપોરે ખાઉં, રાત્રે ખાઉં, સાંજે ખાઉં, બસ ખાઉં ખાઉં કરવાનું-ઘી ખાઉં, સાકર ખાઉં, જે આવે તે ખાઉં, આપણે તો ભાઈ, ન મળે એટલું બંધ છે. અલ્યા એ તો બધાને બંધ છે, બજારમાં શું કરો છો ? સાહેબ મળે એટલા લઈએ છીએ. ન મળે તો છોડી દઈએ છીએ. આ લોભ ઓછો છે ? ન મળે એ તો કાકા કહીનેય છોડવું પડે છે. સામેથી સંતોષ કેટલો છે એ જોવાનું છે. યાદ રાખજો કે **"કાયાના તાગડધિન્ના ઉપર કષાયોના તાગડધિન્ના છે."** કાયાનું કાસળ કાઢવા માટે અગ્નિશર્માએ તપસ્યા ચલાવી. મહિનાના ઉપવાસ એટલે સંથારાપોરસિવાળા નહિ પણ પદ્માસન લગાવીને તપોવનનાં જે મંત્ર હશે તેનું રટણ ચાલુ. તમને આવી રીતે નમો અરિહંતાણં - નમો અરિહંતાણં કરતા આવડે ? કે પછી બે પાંચ વાર પછી **નમો રિહંતાણં** થઈ જાય. તો વચ્ચેથી 'અ' ઉડી ગયો. એમ નહિ પણ શુદ્ધ હોવું જોઈએ.

તાપસ બનીને અગ્નિશર્માએ એ કામ કર્યું. મહિનો થયો. ગામમાં જાહેર થઈ ગયું છે એટલે બધા લોકો બોલાવે છે. પધારો તપસ્વી ,પધારો, પણ આ તો મનમાં આવે ત્યાં જાય, જે મળે તે ખાઈ લે ને પારણું કરી લે. પાછો આવીને વળી બીજા દિવસથી મહિનાના ઉપવાસ ચાલુ. આવું કરતાં કરતાં કેટલો કાળ કાઢ્યો ? નાની ઉંમરમાં તપ શરૂ કર્યો છે. મહાવિદેહમાં છે. એટલે ત્યાંનું આયુષ્ય ઘણું. તો આ રીતે કરતાં કરતાં વર્ષો કાઢ્યા, ન પડ્યા માંદા કે ન મરી ગયા. આજે પણ ગામોગામ **માસખમણ** થાય છે. માલેગામમાં ૧૫૦ ઘરમાં ૧૭ માસખમણ. જલગામમાં ૧૦૦ ઘર તો ત્યાં ૧૯ માસખમણ થયા. આ અંધેરી કેટલા ઘરનું

ગામ ? અહીં માસખમણ કરાવવા હોય તો હાય વોય થાય છે. તમને ખબર નથી કે શાસ્ત્ર લખે છે કે જૈન શાસનનું માસખમણ એટલે ? શાસ્ત્ર બતાવે છે કે **ત્રણ ઉપવાસ થાય પછી તેના શરીરમાં દેવ આવીને વસે છે.** સહાય કરે છે. માટે ગભરાવાની કોઈ જરૂર નથી. માટે તો શાસ્ત્રે આગળ લખ્યું છે કે સાધુ ગોચરી લાવે ને વધી જાય તો પરઠવામાં વિરાધના થતી હોય તો ઉપવાસવાળા સાધુને તે વપરાવી દેવી, તેનો ઉપવાસ ભાંગે નહિ. પચ્ચક્ખાણમાં પારિટ્ઠાવણિયાગારેણં નામે આગાર છે, પણ વળી આગળ લખ્યું કે ત્રણ ઉપવાસથી ઉપરના સાધુને ગોચરી વપરાવવી નહિ, કારણ કે તેનું **શરીર દેવાધિષ્ઠિત છે.**

અગ્નિશર્માએ લાખ-બે લાખ નહિ પણ લાખો પૂર્વ સુધી માસખમણ કર્યા પૂર્ણ કર્યા, ગાડી રેગ્યુલર ચાલે છે. એ હિસાબ રાખ્યો હતો કે અત્યાર સુધી ભૂલો પડ્યો હતો, અનંતા જનમ ખાવામાં કાઢ્યા છે. હવે એનું પ્રાયશ્ચિત્ત કરવું છે. બાકી શા માટે રાખું ? અંદરથી લગન લાગી છે. કુલપતિએ કીધું નથી તમારે માસખમણ કરવા પડશે. પોતાની જોરદાર લગની છે કે તપથી કાયાનું કાસળ કાઢવું છે. લગન લાગે પછી પાછું વાળીને જોવાનું હોતું નથી. તમને સંસારના કામોની લગન લાગે છે ને ? ધર્મનાં કામમાં લગન નથી લાગતી.

શ્રીચંદ્ર કેવલીએ પૂર્વમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી કરી તેથી બીજા ભવે શ્રીચંદ્ર કેવલી બન્યા અને ૩૦૦ ચોવીશી સુધી અમર રહેવાના છે. આ પ્રભાવ છે તપનો. જેમ આગળ વધો તેમ તેજ વધે, ઓજસ વધે, એટલા માટે **ધર્મરુચિ** અણગાર ભારે તપસ્વી બન્યા. માસખમણના તપસ્વી પણ અભિગ્રહ પોતાની જાતે નિર્દોષ ગોચરી લાવીને વાપરવી. **દ્રૌપદી**નો જીવ બ્રાહ્મણીનો હતો અને પોતે તુંબડીનું શાક બનાવ્યું છે. મસાલા નાંખ્યા છે તેલ ગોળ વગેરે. તે પછી ચાખે છે તો શાક કડવું વખ હતું. આ વિચારે છે જો હવે શાકને બહાર નાખું તો લોકો ફૂવડ ગણે. કેમ કે લોકો બોલે પહેલા ચાખતા શું થયું ? નકામાં મસાલા બગાડ્યા. તેથી હવે કોઈ બાવો સંન્યાસી આવે તો તેમને આ કડવી દૂધીનું શાક આપી દઉં અને ત્યાં આ **ધર્મરુચિ** પહોંચ્યા. ધર્મલાભ ! આવો, બીજું કાંઈ નથી મહારાજ આ શાક છે જોઈએ તો લો. બાઈએ બહુ આગ્રહ ન કર્યો તેથી નિર્દોષ માની લીધું અને ગુરુને બતાવે છે. આચાર્ય મહાજ્ઞાની હતા. કહ્યું આ તમને ચાલે તેમ નથી. તો શું કરું ? જંગલમાં પરઠવો. પરઠવા ગયા. એક ટીપું નીચે પડ્યું તો ત્યાં તેના ગંધથી કીડી આવી અને તરફડવા માંડી મરી ગઈ. પછી આ સાધુએ વિચાર્યું જો એક ટીપામાં કીડી મરી ગઈ તો આટલા બધા શાકમાં કેટલી કીડીઓ મરે ? માટે એને મારા જ પેટમાં પરઠવું કેમકે હું એક જ મરું. આ દયા-કરુણા આણી જમીન પૂંજી બેઠા છે શાક ખાઈ ગયા. નસો ખેંચાવા લાગી અને કાળ કરી ગયા. આ બાજુ ટાઈમ થયો.

મહાત્મા પાછા પહોંચ્યા નહિ એટલે ગુરુએ સાધુઓને મોકલ્યા. ત્યાં જુએ છે પાત્રુ ખાલી છે, મડદું પડેલ છે, પાછા આવી ગુરુને કહે કે પાત્રુ ખાલી હતું. તે કાળ કરીને ક્યાં ગયા? ગુરુ કહે ચિંતા-શોક-સંતાપ કરવાની જરૂર નથી તે કાળ કરીને **અનુત્તરમાં** ગયા છે.

આજે ઉપવાસ હોય તો બધા સવારથી ઢીલા મોં કરીને બેસે છે. કોઈ પૂછે કેમ? તો કહે કે આજ મારે ઉપવાસ છે. બસ દિવેલ પીધા જેવા મોં કરીને બેસવા જોઈએ છે. હમણાં એક છાપામાં વાચ્યું કે એક કુટુંબ બે વરસથી હવા અને પાણી ઉપર જીવે છે. અરિહંત ભગવાને બતાવેલ તપસ્યા તારણહાર છે. **અનેક જનમ તપ વિના ગુમાવ્યા આ જનમ તો લેખે લગાડું !** આ તમન્ના જોઈએ.

જંબૂકુમારનો જીવ પૂર્વમાં **શિવકુમાર** છે. પૂર્વના ભાઈ મુનિને જોઈને દીક્ષા લેવાના ભાવ થયા. બાપ રજા નથી આપતા તો ખાધાપીધા વિના ઓરડામાં બેઠો છે. શ્રાવક મિત્રની સમજાવટથી **છટ્ઠને પારણે છટ્ઠ નક્કી કર્યા. પારણે આંબિલ તે પણ પોતાને માટે બનાવેલ લેવાનું નહિ. આ રીતે ૧૨ વર્ષ કર્યું.** વરસો જાય તેમ તેમ કાયા ઓગળતી જાય છે પણ બાપનો મોહ ઓગળતો નથી. છેલ્લે ૧૨ વર્ષે શિવકુમારની કાયા ઢળી પડી, અંતે પાંચમાં દેવલોકમાં ગયા. પછી આ તપનાં પ્રભાવે જંબૂકુમાર બની સુધર્માસ્વામીની પાટ શોભાવી ગયા. કાયાનું કૂટીયું તપ દ્વારા જ થાય. મહાવીર ભગવાને કાયા ઉપર કાળો કેર વર્તાવ્યો. જાણતા હતા કે આ ભવે મુક્તિ નક્કી છે છતાં ૧૨॥ વર્ષ સુધી તપમાં લાગ્યા રહ્યા. **કર્મ ઊભા હશે તો મોક્ષ થવાનો નથી. કર્મ ઊભા છે જેથી હજુ સુધી મોક્ષ થયો નથી અને ભવિષ્યમાં પણ મોક્ષ થશે નહિ.**

"તપના લાભ અપરંપાર છે" "માસખમણ મૃત્યુંજય તપ છે, જનમ જનમનાં મોત દૂર કરી દે છે."

"દિવ્ય-દર્શન" - "પ્રવચન-૪" **અષાઢ સુદ-૧૩**

અનંત ઉપકારી ભગવાનશ્રી જિનેશ્વર દેવોનો આ ઉપદેશ છે કે જ્યાં સુધી કાયાની કેદમાં પૂરાયેલા જીવની આસપાસ કષાયોરૂપી દ્વારપાલ જાગતા ખડા છે ત્યાં સુધી કેદમાંથી છુટકારો થાય જ શી રીતે? ન થાય તો વાંધો છે કાંઈ? સારું સારું ખાવાનું, સારું સારું જોવાનું, સારું સારું સાંભળવાનું મળે છે ને? એટલે ચાલે. પણ આ જનમથી નફ્ફટ થઈ ગયો છે. કારણ કે જનમનાં કેદીઓને **રાજકુમાર**નો જનમ થતાં છોડે તો આનંદ થાય છે, પણ કાયાની કેદમાં નફ્ફટ બનેલા કેદીને સારું ખાવા-પીવાનું ત્યાં ક્યાં મળશે એમ ચિંતા થાય. દુઃખ થાય કે આ શું? ક્યાં સુધી

અહીં પૂરાઈ રહેવાનું ? કોઈને ૧૫-૨૦-૨૫-૫૦ વર્ષે મોત આવે તો શું થાય ? શું થયું હતું ? એમ થાય મોટર અકસ્માત ટ્રેન અકસ્માત થયો. કેન્સર થયું. ટી.બી. થયો હતો તે મરી ગયા. **"જનમ એ જીવને માટે મોટો ગુનો છે."** નાનો નથી, જેમ ખૂન કર્યું તો તેનો ગુનો મોટો છે તો ખૂન કરનારને ફાંસીની સજા, તો જેમ ગુનો મોટો તેમ સજા પણ મોટી.. એમ જનમ લેવો એ મોટો ગુનો છે. તો જનમતાની સાથે મોતની સજા નક્કી થઈ જાય જ. માટે તો **તત્ત્વાર્થ સૂત્ર**ની મંગલકારિકામાં વાચકવર શ્રી **ઉમાસ્વાતીજી** મહારાજે લખ્યું છે **જનમ એ દુઃખનું કારણ છે,** પણ એક રીતે સારું છે જો **આ જનમની અંદર સમ્યગ્દર્શનની વિશુદ્ધિ, અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર મળી જાય તો આરાધના કરવા દ્વારા આનંદ આવી જાય.**

જનમ પામવાની વડાઈ નથી. પૈસાદાર હોય તો છોકરાનો જનમ થતાં વાજા વગડાવે-પેંડા વહેંચે...શું છે ભાઈ ? કાંઈ નહિ આ તો બાબલાનાં જનમની ખુશાલી છે. દરેક સાલગીરી આવે ને ખુશી મનાવે, પાર્ટી જમાવે. અહીં જો અવસર પામીને આનંદથી સાધના કરે તો અહીંથી મરી દેવલોકમાં, ત્યાંથી મહાવિદેહમાં જઈને ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે જઈ શકાય છે. આ રીતે જનમ-મરણનો અંત આવી જાય છે. અહીં ખુશી શેના ઉપર છે ? શાસ્ત્રકાર કહે છે કે જ્યાં સુધી કષાય જાગતા રાખશો ત્યાં સુધી મોક્ષ નથી. એટલે જ અગ્નિશર્માને કુલપતિએ બતાવ્યું તપ નથી કર્યો તેથી અપમાન તિરસ્કાર મળે છે. બહારના માણસો ક્યારેક અપમાન કરે છે, સંસાર જીવનું સતત અપમાન કરે છે. પાયખાનામાં જવું કોને ગમે ? છતાં પણ કર્મસત્તાના જોરથી જવું પડે છે. મોં બગાડાવે-પેટ બગાડાવે અને પાયખાનું બગાડાવે છે. આ કર્મના ફળ મોટા છે. માટે તપ કરવાથી અપમાન દૂર થશે. અને અગ્નિશર્મા મંડ્યો તપ કરવા. માસખમણને પારણે માસખમણ. લેશ્યા ઘણી ઊંચી છે, આયુષ્ય લાખો પૂર્વનું છે. જાવજજીવ માટેની આ ગણતરી છે. હંમેશના અપમાન બંધ કરવા આ ઉપાય છે.

તે તપ પણ સમતા સાથેનો છે. બાળપણનો મિત્ર રાજકુમાર ગુણસેન મટી **રાજા ગુણસેન** બની ગયો છે. રાજ્ય પણ લાખો પૂર્વથી ચલાવે છે. રાજા દેશાટને નીકળ્યા છે અને જે નગરની નજીક તપોવન છે તે જ નગરીમાં આવ્યા છે અને કોઈએ ખબર આપી કે અહીં તપોવનમાં એક તાપસ છે. અગ્નિશર્મા એનું નામ છે. અને લાખો પૂર્વથી તપ કરે છે. રાજાને થયું કે આવા તાપસના દર્શન કરવા જોઈએ. તપોવનમાં આવ્યા. કુલપતિ પાસે જઈને પૂછે કે મહાન તાપસ ક્યાં છે ? બીજા તાપસને કહ્યું કે આમને મહાતાપસ અગ્નિશર્મા બતાવો. જુવે છે તો હૈયામાં અહોભાવ થાય છે. પદ્માસને બેઠા છે, પોતાનો મંતર પાઠ કરતા હતા. એ

જૈનધર્મ પામેલ હોત તો **ૐ હ્રીં અર્હં નમઃ** એ જાપ કરત કારણ કે એ જાપ મૃત્યુંજય જાપ છે તેમ માસખમણ મૃત્યુંજય તપ છે. સિદ્ધિપદને આપનાર છે. આ મંત્ર જેના હોઠ ઉપર રમતો થઈ જાય તેના જનમ મરણની આપદા મટી જાય છે, આને જૈન ધર્મ નહિ મળેલો, એટલે જાપ નહિ મળેલો, પણ આર્યદેશનો તપ મળેલ હતો. તેનો પ્રભાવ છે કે જો ઉચ્ચાર પૂર્વક જાપ કરવામાં આવે તો આડા અવળા વિચારો બંધ થાય છે અને તેનાથી દુર્ધ્યાન થતા અટકી જાય છે.

બીજું કાંઈ ન આવડે તો **નમો અરિહંતાણં**ના પ્રભાવથી **સુદર્શન શેઠ** બન્યા. તેમાંથી શૂળીનું સિંહાસન થયું અને તેજ ભવમાં ચારિત્ર અને મોક્ષ થયો. એક નમો અરિહંતાણંના રટણથી આ કામ થાય છે. આ અગ્નિશર્મા જાપ કર્યે જતો હતો અને રાજા જોઈને ખુશ થઈ ગયો. હાથ જોડીને ત્યાં બેઠો છે. તાપસે તેને તેના ધર્મની આશિષ આપી. રાજા કહે, મહારાજ ! આટલો બધો તપ શેનાથી કરો છો કાંઈ જાદુ છે ? ૧ પૂર્વમાં ૭૦ હજાર ૫૬૦ અબજ વર્ષો જાય તેવા લાખો પૂર્વથી તપ ચાલે છે. અને તમને હમણાં કહીએ કે લો દીક્ષા તો હાય બાપ, ન થાય. તે માટે ઋષભદેવ ભગવાનનો દાખલો આપવો પડે છે કે ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું અને ૮૩ લાખ પૂર્વ વર્ષ વિત્યા છે, બીજું ૧ લાખ પૂર્વ વર્ષ બાકી છે અને ઘર છોડીને ચારિત્ર લીધું અને પાળ્યું. આ એટલા માટે કે તમને એમ ન થાય કે હાય બાપ ! હજુ તો ૫૦ વર્ષ જીવવાનું છે આટલું બધું કેમ પળશે ? માટે ઘરડે ઘડપણે ગોવિંદ ગાશું. એ હિસાબ કાઢી નાખો.

આ લાખો પૂર્વ તપ શી રીતે કરી શક્યા ? એ **અગ્નિશર્મા**ને લગની લાગી છે કે, "જે કર્મ મારા અપમાન કરે છે તે કર્મનો ખેંખારો કાઢવા માટે ગુરુએ તપ બતાવ્યો છે તે કરીને કર્મનું કાસળ કાઢી નાંખું." માટે તો **સીતાજી**ના દિવ્ય કર્યા પછી ચારેકોર જય જગદંબા, જય જગદંબા થયું અને લોકો જે બોલનારા હતા તે બધા બોલવા માંડ્યા, આપણે તો બોલતા હતા કે રાવણને ત્યાં રહી આવ્યા અને રામે ઘરમાં ક્યાં ઘાલ્યા ? એ તો આપણે જ ખોટા પડ્યા. બધાને આનંદનો પાર નથી. એમાંય કુટુંબને તો આનંદ માતો નથી. રામ કહે, 'આવો સોનાનો રથ તૈયાર છે પધારો ઘરે... ત્યારે સીતાએ સંભળાવ્યું કે, **"જે કર્મે અનંતાકાળમાં અનંતીવાર અપમાન કર્યા છે,** અને આ જનમમાં જુઓને ત્રણવાર અપમાન થયા. કર્મ સત્તા કહે છે કે તું તો રાજી થતી હતી કે મને દશરથનંદન જેવા પતિ મળ્યા, દાસ દાસી બંગલો મળ્યો. તો કર્મ સત્તા કહે કે, "જા તારા રામ સાથે વનમાં ભટક, આ અપમાન નથી તો શું છે ? પણ મન વાળ્યું હશે કે હું તો રામને પરણી હતી. ટુંકમાં મહેલને કે દાસ દાસીને પરણી ન હતી. **મારા રામ સલામત તો સબ સલામત...** તમને આવડે આવું ?

કોઈ રસ્તામાં મળે કે કાંણ-મોકાણ ચાલુ હોય. પણ એમ ન આવડે કે હું તો રૂપિયાને ક્યાં પરણ્યો છું હું તો અરિહંતને પરણ્યો છું. **મારા અરિહંત સલામત તો સબ સલામત.** સીતા વિચારે છે કે હું રામને પરણી છું તે મારી સાથે છે. તો કર્મસત્તા કહે, "આવ આમ આઘી આય, તને રામ જોઈએ છે ? લે ત્યારે એમ કરી રાવણ પાસે ઊંચકાવી, તો રામ-લક્ષ્મણે લડાઈ કરીને અયોધ્યામાં બેસાડી તો હવે હાશ થઈ. હવે દુઃખના દહાડા ગયા. ઠરી ઠામ બેસવાનો અવસર આવ્યો. તોય હજુ કર્મસત્તાને જંપ નથી વળતો, તો કહે હવે તારા જ પતિ પાસે હકાલપટ્ટી કરાવું. એક દાસીની જે હાલત ન થાય તેવી હાલત કરાવું. દુનિયાની નોકરડીને જે અપમાન ન થાય તે અપમાન પોતાના જ પતિના હાથે થયું. સીતા કહે, બસ ! હવે ત્રણ ત્રણવાર કર્મના અપમાન ખાધા હવે વધુ અપમાન નથી જોઈતા. **અહિંસા સંયમ અને તપ દ્વારા કાયાનું કૂટીયું કાઢી નાખીશ.**

અગ્નિશર્માને એ પાવર છે. રાજા પૂછે છે શી રીતે આ તપ કરો છો ? ભાઈ એક કલ્યાણ મિત્રનો યોગ થઈ ગયો એટલે આ તપ કરવાનો અવસર મળ્યો. કોણ હતો એ કલ્યાણ મિત્ર ? **ગુણસેન રાજકુમાર**નો યોગ થવાથી આ તપ કરી શક્યો. રાજા ચોંક્યો. આ તો મારું નામ દે છે. તે તમને એણે શી પ્રેરણા કરી ? જુઓને પ્રેરણા ઘણી જાતની હોય છે. એટલે ગમે તે કરી પણ મને તપનો લાભ થયો. રાજાને થયું આ એજ અગ્નિશર્મા કે જેને હું ગધેડા પર બેસાડી છોકરાઓ જોડે જય બોલાવી મશ્કરી કરતો હતો. એને ખબર નથી કે આ ગુણસેન છે એ સમજે છે કે આ ત્રાહિત છે. રાજાએ ઘણો હલાવ્યો પણ મગનું નામ મગ પાડવાની વાત નથી. જુઓને આ દુનિયામાં **ત્રણ જાતના માણસો હોય છે.** (૧) પહેલા ઉત્તમ હોય છે તે જાતે જ તપ કરે છે. (૨) બીજા મધ્યમ હોય તેને કોઈ પ્રેરણા કરે તો તપ કરે. (૩) ત્રીજા અધમ હોય તેને પ્રેરણા પણ અસર નથી કરતી. તમને એવું જ છે ને ? મહારાજ બોલતા ભલા, અમે સાંભળતા ભલા.

અગ્નિશર્મા કહે છે હું મધ્યમ જેવો કે એક રાજકુમારની પ્રેરણાથી તપમાં વળ્યો. ગુણસેન કહે મહારાજ એ ગુણસેન હું જ, ગુણસેન નહિ પણ પાપી અગુણસેન હું પોતે જ છું. જેની પાસે ગુણોની સેના છે એ ગુણસેન નથી તે અગુણસેન હું પોતે જ છું. છતાં અગ્નિશર્મા કહે અરે ! આમ ન બોલ, તેં તો મને તપનો વૈભવ આપ્યો છે. આ તપને વૈભવ માને છે તમે હીરા-માણેકને વૈભવ માનો કે ધર્મને, તપને ? તપ જ વૈભવ છે. કારણ કે અંત ટાઈમે આશ્વાસન હીરા-માણેક નહિ આપે પણ જીવનમાં કરેલ તપ-ધર્મ આશ્વાસન આપશે. પરલોક સુધારવા તપ કરવાનો. પણ ભાઈ ! પરલોક તો પરોક્ષ છે. હમણાં દેખાતો નથી તો અંતકાળ સુધારવા ય તપ જ કરવાનો છે. અંતકાળ તો ઘણાના જોયા પણ એ રોકકળ હાયવોયવાળા હતા.

એક વૈષ્ણવ હતો. માંદો પડ્યો છે. ડોકટર આવ્યા મોઢું ફેરવીને ડોકટર છોકરાઓને ખાનગીમાં કહે છે કે રાત કાઢે તો ભાગ્યશાળી. પેલો વૈષ્ણવ સાંભળી જાય છે અને કહે ના, ડોકટર જુઓ ! હમણા ૧૨ વાગ્યા છે. ૨ ને ૨૨ મિનિટ સુધી છું, ૨૩ મી મિનિટે જઈશ. તમને શી ખબર ? મને સવારથી સ્ફુરણા થઈ છે. છતાં ખુશખુશાલ છો ? હા, કારણ, મારે જવાની ઉતાવળ છે. કેમ ઘરમાં કાંઈ કલેશ કંકાશ ? જુઓ ડોકટર, બધાં અહીં બેઠા છે તેમને પૂછો તેઓ કેમ રડે છે ! બધાં કહે, અમારે તો આ અમારા વડીલ દેવનાં દૂત જેવા છે. અમારું બધું આડું અવળું ચલાવી લે છે. હવે એ જવાના, અમારા બેલી કોણ ? ડોકટર ખુશ થઈને પૂછે છે તો પછી તમે કેમ આટલા બધા ખુશ છો ? જુઓને ડોકટર ! મેં પાંચ વર્ષનું પ્રમુખપણું બરાબર બજાવ્યું છે એટલે મારે હવે ટ્રાન્સફર થવાનું છે. જે સાધવાનું હતું તે સાધી લીધું છે. જૈન ધર્મ પામી આરાધના કરી છે. એટલે અહીંથી સારી ગતિમાં જવાનું છે માટે આનંદ છે. તમારે અંત દિવસ કેવો આવશે ? સારો ને ? **'એક રે દિવસ એવો આવશે... કાઢો રે કાઢો એને સહુ કરે, જાણે જન્મ્યો જ નહોતો !'** હમણાં સુધી જે સન્માન આપતા હતા તે જ હવે કાઢો કાઢો કરે છે. જાણે જન્મ્યો જ નથી એવું કરી દે છે.

ઘરે સાંજે મોડા પહોંચ્યા તો ઘરવાળા કહે છે મોડા કેમ આવો છો ? તમારા વિના મને ગમતું નથી. નથી ગમતું ને આમ કહીને બેઠા ને હાર્ટ ફેઈલ થઈ ગયું. હવે જે કહેતા હતા કે ગમતું નથી એ એમ કહેશે ? કે ભાઈ ! મડદું બે દા'ડા પછી લઈ જજો ? ના, એ તો કહેશે રાત છે મડદું રહેશે તો ભારે થાશે માટે હમણાં જ લઈ જાવ. આ સંસારના આવા સંબંધ છે.

અગ્નિશર્મા કહે તું અગુણસેન નથી પણ ગુણસેન છે મને તપનો વૈભવ આપ્યો છે. 'ધર્મ કરો' એમ કહીએ તો કહે છે કે કઠીન છે. **પછી પેલો ધાન્યનો કીડો તેમાં જન્મે, તેમાં જીવે ને તેમાં જ મરે.** તપની વાત આવે ને જાણે ઘોડું ભડક્યું ! અગ્નિશર્મા મશ્કરીને ઉપકારના હવાલામાં નાખે છે. માત્ર હવાલો નાખતા આવડવો જોઈએ.

સરસ્વતી નામે શેઠની દીકરી છે. અને માસ્તરને ત્યાં ભણવા જાય છે. એક દિવસ મહેતો ઊઠ્યો ને સ્ત્રી મેતીને મારી. બધા છોકરાઓ છોડાવવા ગયા. આ સરસ્વતી ન ગઈ. **દેવદિન્ન** નામનો એક છોકરો કહે તું છોડાવવા કેમ ન આવી ? શું કામ આવું ? કેમ ? તો મેતીનો વાંક હતો એટલે માર ખાય, શું વાંક ? વાંક એજ કે **ધણીને કબજે ન રાખે તો માર ખાય.** દેવદિન્ન નામે છોકરો કહે તો તું શું પરણીને ધણીને કબજે રાખીશ ? હા, હા, કબજે રાખીશ. પેલાએ ગાંઠવાળી પરણું તો આને જ પરણીશ. એને બતાવું કે તું મને કબજે રાખે છે, કે હું તને કબજે રાખું છું. આ વિચારની મનમાં ગાંઠ વાળી છે.

●

"કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એ ઉપદેશ રે.
સર્વકાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે..."
વીર જિનેશ્વર ઈમ ઉપદિશે.

અનંત ઉપકારી, ત્રિલોકનાથ, ભગવાન જિનેશ્વર દેવોના શાસનમાં રોજને માટે ધર્મની સાધના કહેલી છે. પણ પર્વના દિવસોમાં વિશેષ રીતે આરાધના કરવી જોઈએ એમ જ્ઞાનીઓ કહે છે. કારણ કે ધર્મની રૂએ મનુષ્ય જન્મમાં આવ્યા છીએ. વિશિષ્ટ પુણ્ય વિના આર્યદેશ, આર્યકુળ અને આર્યધર્મ અને તેમાં પણ જૈન ધર્મ મળે નહિ. આપણા પૂર્વ જન્મની પુણ્યાઈનું ફળ છે. ધર્મનું ફળ ભોગવીએ અને એના કારણભૂત ધર્મને ન આરાધીએ તો તે મૂર્ખાઈનો ધંધો છે. બાપે મૂડી ભેગી કરીને મૂકી છે, હવે એ છોકરો ઉડાવે, કારણ કે બાપે કમાણી કરીને આપણા માટે જ મૂકી છે ને ? જો આમ કરે તો ખાવાના ખીચડા ખૂટી પડે. **ધર્મ જ્યારે આટલી સામગ્રી આપે છે તો મારે ધર્મ કરવો જોઈએ એ વિચાર જોઈએ.**

"મનુષ્ય જન્મ ધર્મ કરવા માટે જ છે." પણ સુખ ભોગવવા નહિ. અહીંનું સુખ કેવું ! પહેલા નંબરે તો શરીર જ ગંદકીનો ગાડવો છે. રોજ ખાતો-પીતો રહીશ તો ગાડી ચાલશે. એક દિવસ પણ ખાધા વિના ગયો તો શરીર ગળિયો બળદ બની જશે. દેવલોકમાં કોઈ ગંદવાડ જ નહિ, શરીરમાં હાડમાંસ ન મળે. અહીં તારો જ ગણાતો બંગલો, જો અંધારું હોય તો ચાલતા-ચાલતા વચ્ચે થાંભલાએ માથું અથડાય અને માથું ફૂટી જાય. ત્યારે દેવવિમાનમાં તો ચોવીશે કલાક અજવાળું જ અજવાળું ! કારણ કે દીવાલો જ રતનની છે. દુર્ગંધીનું નામ નિશાન નહિ નંદનવનની સુગંધી એટલી બધી છે કે તેને નીચે ઉતરવાનું મન થતું નથી. ૪૦૦ યોજન સુધી અહીંની દુર્ગંધ ઉપર ઉડે છે. આજે પ્રશ્ન થાય છે કે દેવતા અહીં કેમ આવતા નથી ? તો આ દુર્ગંધીનું એક કારણ છે. ખાવાની-પીવાની ચિંતા નથી. ઇચ્છા કરે ને અમીનો ઓડકાર આવે તૃપ્ત થાય. ૧૦ સાગરોપમનું આયુષ્ય હોય તો ૧ હજાર વર્ષે ભૂખ લાગે. ત્યાંના સુખો તો સાગર જેવા છે. મનુષ્ય લોકનાં સુખો ઘાસના તણખલા ઉપર રહેલ એક પાણીનાં ટીપા જેવા છે. સાગર જેવા સુખો માટે તો તણખલા જેવા સુખો ત્યાગ કરીશ-ચારિત્રનું પાલન કરીશ તો ત્યાંના સુખો પામીશ. અને તેથી 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' ઉપર વાદીવેતાલ **શાંતિસૂરિ મહારાજ** મહાન પ્રભાવક થઈ ગયા. તે તેની ટીકામાં લખે છે કે-**"આ દુનિયાનાં વિષય સુખો જોઈતા હોય તેણે પણ પાપ છોડી ધર્મ કરવો જોઈએ.** આવું ઉત્તરાધ્યયન સૂત્રમાં સાફ લખ્યું છે.

પ્ર૰-સુખ માટે ધર્મ થાય ? કે મોક્ષ માટે ધર્મ થાય ?

ઉ૰-મોક્ષ માટે જ ધર્મ કરવાનો તો શું સુખ માટે પાપ કરવાના ? **એક માણસ** એ વિચારવાળો છે કે ઓટકોટ, અનીતિ, અન્યાય, જૂઠ, ડફાણ કરી કરીને રૂપિયા ભેગા કરે, કેમ કે ધર્મ પાસે રૂપિયા ન મંગાય. **બીજો એ વિચારવાળો** છે કે મારે ભીડ પડે છે તો અન્યાય, અનીતિ નથી કરવી કારણ કે અનીતિ કરી કરીને પાપના પોટલા જમા નથી કરવા. હું ભગવાનની આરાધના કરીશ. ગણધર ભગવંતોએ લખ્યું છે કે "હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં !... ઈટ્ઠફલસિદ્ધિ" **ભગવાન તમારા પ્રભાવથી મને ઈષ્ટફળ સિદ્ધિ હો.** હું તો ચાલુ ન્યાય-નીતિ કરીશ. મારી આજીવિકા ભગવાન પૂરી કરશે. બોલો. આમાં ડાહ્યો કોને કહેવાય ? **બીજાને** જ કહેવો પડે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે તારે વિષય સુખો પણ જોઈતા હોય તો પણ પાપનો આશરો નહિ લેવો, ધર્મ જ કરવાનો. ઠેકઠેકાણે લખેલું છે કે સુખ જોઈતું હોય તો ધર્મનો આશરો લો."

'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા' મહાન ગ્રંથમાં **'સિદ્ધર્ષિ'** ગણીએ લખ્યું છે કે **'સુખ જોઈતું હોય તો ધર્મમાં આદર કર.' 'પુષ્પમાળા'**માં કલિકાલ સર્વજ્ઞ મલધારી **'હેમચંદ્રસૂરિ'** મહારાજ લખે છે કે **'ઉત્તમકોટિનાં વિષય સુખો યશ કીર્તિ જોઈતા હોય તો પણ ધર્મમાં આદર કર, પાપમાં નહિ.'** છેલ્લે **'અજિતશાંતિ'**માં લખ્યું છે કે **'જો મોક્ષને ઈચ્છે છે ? હા, પણ મોક્ષ હમણા મળે તેમ નથી તો મારી ઈચ્છા છે કે આ જગતમાં યશ કીર્તિ મળો.** તો પણ કહ્યું કે 'એ મેળવવા માટે ત્રણલોકના નાથ ઉદ્ધાર કરનાર **જિનેશ્વર દેવોના વચનના કહેલા ધર્મને આદરો...'** સારાંશ એટલો જ કે મનુષ્ય જન્મ પાપ છોડવા માટે છે. માટે રોજ ધર્મ આરાધના કરવી. પણ પર્વના દિવસોમાં વિશેષ પ્રકારે કરવી જોઈએ. એમાં પણ અષાઢ ચોમાસીએ વિશેષ આરાધના કરવી જોઈએ. જેમ ૧૮ દેશનાં માલિક રાજા **કુમારપાળે** આરાધના કરી. ધર્મનો રંગ એવો લાગ્યો કે અહીં તો ધર્મસાધના કરી પણ ભગવાન પાસે એ માંગ્યું કે જો પ્રભુ ! તારી પાસે માંગ્યું મળતું જ હોય તો **મારે જૈન ધર્મ વિનાનું ચક્રવર્તીપણું નથી જોઈતું.** ગરીબ થવું પડતું હોય તો તૈયાર છું. માત્ર શરત એટલી જ કે જૈનધર્મ મારા હૃદયમાં વાસિત બનવો જોઈએ, કારણ કે ધર્મ જ માતા-પિતા બંધુ છે અને તારણહાર છે અનાથનો નાથ છે.

શ્રેણિક રાજાને પહેલો ધર્મ પમાડનાર કોણ ? ચેલણા નહિ. ક્યારેક ચેલણા જોડે ટસલ થતી કારણ **ચેલણા** ચેડા મહારાજાની દીકરી એટલે ચુસ્ત શ્રાવિકા-સાતે દીકરી મહાસતી હતી. અવસરે ચેલણા કહે કે જૈન ધર્મ જેવો કોઈ ધર્મ નથી કારણ કે શ્રેણિક બૌદ્ધ ધર્મી હતો. શ્રેણિક કહે બેસ બેસ, જોયો તારો જૈન ધર્મ. પણ ચેલણા કહે કે ઠીક છે તમે પુરુષ જાત અને અમે અબળા એટલે દબાવી દો. પણ

ભગવાન પધારે ત્યારે જોજો. શ્રેણિક ચેલણાનું નથી માનતો પણ **અનાથી મુનિએ** તેને ધર્મ પમાડી દીધો. શ્રેણિક રયવાડીએ નીકળ્યો છે. જંગલમાં ઝાડ નીચે નવયુવાન ફૂટડો રાજકુમાર લાગે છે. ધ્યાનમાં બેઠો છે. આ વિચારે છે કે આનું રાજ કોઈએ પડાવી લીધું હશે, પાસે કાંઈ હશે નહિ એટલે આ દશામાં છે પણ આવા મારા રાજમાં હોય ? તો હું મગધ સમ્રાટ શેનો ? લાવ તેની પાસે જાઉં વિચારી મુનિ પાસે આવ્યો.

પૂછે છે તમે કોણ ? આવી ચીથરે હાલ દશામાં કેમ છો ? તમારો કોઈ નાથ નથી ? હું તમારો નાથ થાઉં, આવો ઘરે રાજકુમારી પરણાવું. રહેવા મહેલ આપું. વૈભવ સમૃદ્ધિ આપું. તમારું મુખ જોઈને આકર્ષણ થઈ જાય છે. તમારો નાથ હું થાઉં છું. ત્યારે અનાથી મુનિએ રોકડું પરખાવ્યું કે, **"રાજન્ ! તું પોતે જ અનાથ છે તો તું મારો શું નાથ થાય ?"** રાજાને આવી લપડાક મારનાર આજ સુધી કોઈ મળ્યું નહોતું. મહારાજ ! હજુ તમે મને ઓળખ્યો લાગતો નથી હું મગધ દેશનો સમ્રાટ-શ્રેણિક છું. મુનિ કહે, ભાઈ ! તને અનાથ કે નાથની ખબર નથી.

શ્રેણિક કહે, તો ખબર પાડો.

જો સાંભળ, **વત્સ દેશનાં** રાજાનો હું દીકરો. યુવાનીમાં આવ્યો પિતાએ બધી પ્રકારની તાલીમ અપાવી. રાજકુમારીઓ પરણાવી. માતા-પિતાને ઘણો વહાલો હતો અને એક દિવસ શરીરમાં દાહજ્વર થયો, અંદરથી બળું બળું થયા કરે. ચેન પડતું નહોતું, પિતાએ મોટા મોટા વૈદો તેડાવ્યા. સાચા મોતીના લેપ કર્યા. ઉપાયો ઘણાં કર્યા પણ કેમેય શાંતિ વળી નહિ. આખું કુટુંબ ચારે કોર વીંટળાયેલું છે. પત્નીઓ રડે છે રાજન્ ! બોર-બોર જેવડા આંસુઓ પાડે, પણ મારે શું કામના ? વેદના મને થતી હતી. એકેયે મને પીડામાંથી બચાવ્યો નહિ. કર્મ કહે છે, **'તારા કરેલા તું ભોગવ.'** દિવાળીના દિવસે તું માંદો પડ્યો હોય ને ઘર આખું પેંડા બરફી ઉડાવે ને તું ? પેટમાં દુઃખે છે એટલે ડોકટરે માત્ર મગનાં પાણી ઉપર રહેવા કહ્યું છે તો તારી શી દશા ?

ઓ રાજન્ ! આખા કુટુંબમાંથી કોણ બેલી ? પીડા શમતી નથી ત્યારે મેં વિચાર કર્યો. જૈનધર્મ પામેલો હું ભૂલો કેમ પડ્યો ? મારો જૈન ધર્મ ૧૨ ભાવના બતાવે છે તેમાંની બીજી અશરણ ભાવનાનાં ચિંતનમાં ચડ્યો. એ બતાવે છે કે શરણભૂત હોય તો એક માત્ર ધર્મ છે. ધર્મ વિના કોઈની તાકાત નથી કે મને યશ-કીર્તિ-શરણ આપી શકે. મારા નાના ભાઈ પદ્મવિજય હતા. કેન્સરમાં ૧૦ વર્ષ કાઢ્યા કારણ ? તેમાં ૨૪મી વર્ધમાન તપની ઓળી-૮-૧૪-૧૩-૨૪ ઉપવાસ કર્યા. પીડા વધી. ડોકટર દસ્તુરે ઓપરેશન કર્યું. અન્ન નળી બંધ થઈ, પાણી ગળે ઉતરતું ન હતું. પેટમાં નળી નાખી નળીમાંથી પ્રવાહી નાખવાનું એવી સ્થિતિમાં

મારવાડ ગયા. ત્યાં ૩૦ ઉપવાસ કર્યા. ૨૪માં ઉપવાસે અન્નનળી ખુલ્લી ગઈ પાણી ઘટક ઘટક ઉતરતું થયું. એજ ગાળામાં અમેરિકા પ્રેસીડેન્ટ ડલેસને કેન્સર. ને ડોકટર કહે હવે તો ભગવાન બચાવે અમે બધા ઉપાય કરી લીધા છે. પેલો કહે હવે ભગવાન શું બચાવે ? જાહેર કર્યું મારો કેન્સર જે મટાડે તેને લાખ ડોલર ઈનામમાં આપું. કોણ બચાવે ? મરી ગયો.

પદ્મવિજયજી મુંબઈમાં ટાટા હોસ્પિટલમાં બતાવવા ગયેલા. ડોકટર કહે માથું દુઃખે છે ? હા, કેમ પૂછવું પડ્યું ? તો અમારે તો એવા દરદી આવે છે કે તેને પકડી રાખવા પડે છે. માથા દીવાલ સાથે અફાળે છે તો તમે શાંત કેમ રહો છો ? પદ્મવિજય કહે અમારો જૈનધર્મ બતાવે છે "આ કર્મ તારા બાંધેલા છે, શાંતિથી ભોગવીશ તો કર્મ થોડી પીડા આપી રવાના થશે. અને આઘું પાછું કરીશ તો એ જશે ને ૧૨ને ઘાલશે. આને શાસ્ત્રે અકામ નિર્જરા કહી છે." આ દર્દના નિમિત્તે ભગવાનને વધુ ભજીએ છીએ. આમેય પીડાવું છું. ડોકટર કહે કે આ... બંધ કરો. તો તે કહે ને બંધ કરવું એના કરતા આપણે જ બાધા કરીએ તો લાભ થાય.

ધર્મ શાંતિ-સમાધિ આશ્વાસન આપે છે, આ આપવાની બીજાની તાકાત નથી. "જીવનમાં સારભૂત એક માત્ર ધર્મ જ છે." અનાથી મુનિ કહે છે કે મેં જોયું કે હવે ધર્મ જ બચાવનાર છે માટે વિચાર કર્યો કે **"જો આ રોગ આજની રાતે જાય તો કાલે સવારે ચારિત્ર લેવું."** અને ધર્મનો પ્રભાવ એવો પડ્યો કે આ ચિંતવનથી વેદના શમી. છેલ્લા કેટલા દિવસોથી નિદ્રા નહોતી આવતી, તો શાંતિથી ઊંઘ આવી ગઈ. સવારે ઊઠીને જોવું છું તો નખમાંય રોગ નથી, આ જાદુ થયો. કરેલો સંકલ્પ મગજમાં છે, ઊભો થયો. બા બાપુજીને કહ્યું કે જેને મને બચાવ્યો તેનાં શરણે જાવું છું. ધર્મે બચાવ્યો છે માટે તેના શરણે જાઉં છું. માટે હે રાજન ! જૈન ધર્મ વિના કોઈ મોક્ષ માટે રસ્તો નથી અને ધર્મ વિના કોઈ બેલી નથી. મોક્ષ માટે પણ ધર્મ, સુખ માટે પણ ધર્મ.

ધર્મ એ માટે કરવાનો કે કોઈના ઓશિયાળા ન થવું પડે. ભવિષ્યમાં સહારો મળી રહે. આપણે આગળ જોયું કે ડોકટરને કહે છે કે પાંચ વરસનું પ્રમુખપણું બરાબર બજાવ્યું છે. તે કહે છે કે મારે જૈન મિત્ર હતો. તેમની સાથે વ્યાખ્યાનમાં જતો. એકવાર મહારાજે કહ્યું કે તમે મનુષ્ય એટલે પાંચ વરસના પ્રમુખ છો, પ્રમુખપણું બરાબર બજાવતા આવડશે તો હસતા હસતા જશો નહિતર પછી રોતા કકળતા જશો. મેં પૂછ્યું કે મહારાજ ! પ્રમુખ શી રીતે ? અમે તો ઘરનાય પ્રમુખ નથી. તો મહારાજ કહે કે આ દૃષ્ટાંત સાંભળો. દુનિયામાં કેઈક જાતના રાજ ચાલતા હોય છે. સમુદ્રનાં બંદરે એક રાજ્ય હતું. તેમાં, પાંચ વરસનો પ્રમુખ ચુંટાય પણ કોઈ ચુંટાવા તૈયાર નહિ. એમાં શરત હતી કે જે પ્રમુખ બને તેને પાંચ

વરસ સુધી રાજય કરવાનું. પછી તેને હાથે બેડી પહેરાવી સમુદ્રમાં નાવમાં બેસાડીને દૂર નિર્જન દ્વીપમાં મૂકવાનો. આજે ચુંટણીમાં પડા પડી કેમ ? તો મફતિયું ખાવા મળે એટલે, અને અહીં તો માણસોના નામની ચિઠ્ઠીઓ નંખાય, તેમાં જેનું નામ આવે તેના બાર વાગી જાય. જો ના પાડે તો ત્યાંનું બીજું બંધારણ એવું હતું કે ના પાડનારને ત્યાં ને ત્યાં બંદૂકથી શૂટ કરી દેવો, એટલે કાકા કહીને ય રાજા બનવું પડે. પછી પાંચ વર્ષે કડી પહેરાવી લઈ જાય. ને પેલો પ્રમુખ, ખલાસીને ભાઈ સાહેબ, બાપા કરીને કહે કે મને બીજે કયાંક પણ લઈ જા, નહિ તો અહીં વચ્ચે કૂદી પડવા દે... પણ પોલીસો વગેરે હોય તે ત્યાં નિર્જન દ્વીપમાં જ ઉતારે... આ પ્રમાણે ક્રમ ચાલતો હતો.

એમાં એક પ્રમુખ એવો આવ્યો, કે પાંચ વરસ પૂરા થયા અને માણસો કડી પહેરાવવા આવ્યા તો પ્રમુખ કહે અરે ! તું મને કડી પહેરાવી ધીમે ધીમે લઈ જાય અને મારે જવાની ઉતાવળ છે માટે તો હું દોડું છું, પેલા માણસો ય પાછળ દોડે છે. કારણ કે ભાગી ન જાય એ માટે. પછી કિનારે આવી ગયો અને આજે ટ્રાન્સફરનો દિવસ એટલે કમાવવાની આશાથી ઘણા નાવિકો તૈયાર હતા. જો તમે મને ઊંચકીને બેસાડો, તેમાં વાર લાગે માટે હું જ બેસું છું. જો હાઈ જંપ... ખલાસી હોડકું હંકારે છે તો પેલો કહે તું ધીમે ધીમે હંકારે છે મારે જવાની ઉતાવળ છે. જલ્દી હલેસા માર... પણ ખલાસી-સિપાઈઓ બધા પૂછે હેં પ્રમુખ સાહેબ ! હું મારા બાપની જોડે ઘણા પ્રમુખોને મૂકી આવ્યો અને મારી જાતેય પાંચ સાતને મૂકી આવ્યો પણ બધાને અમારી જાતે માંડ માંડ હોડકામાં બેસાડવા પડતા અને અમારા પગ પકડે ને રડતા રડતા કહેતા કે મને છોડી દે. બીજે લઈ જા અને તમે જવાની આટલી બધી ઉતાવળ કરો છો ? અરે ભલાભાઈ ! એ બધા બુદ્ધુ હતા અને હું બુદ્ધિમાન છું. એમ કેમ ? કારણ કે એ લોકો વિચાર કરતા હતા કે ચાલો હવે પાંચ વરસ લહેર કરી લો પછી તો મરવાનું છે જ. એટલે ? એટલે શું, જે સહુનું તે વહુનું. જો અમે કહીએ કે હજુ આજે દીક્ષા માટે દિવસ છેલ્લો છે બેસી જાવ. તો તમે શું કહો. એજ ને, કે મરવાનું નથી. મહારાજ ! એ તો સહુનું એ વહુનું.

આ બધા પ્રમુખોએ વિચાર કરેલો. જ્યારે મેં એ વિચાર કર્યો કે હવે કયાં જવાનું છે ? નિર્જન દ્વીપમાં ને ? તો પછી ત્યાં શું કરવું એ મારા હાથમાં છે. કેબીનેટમાં ઠરાવ મૂકયો કે આપણે રાજનો વિસ્તાર કરવો છે. મંજૂર થયું કરોડોનો ખજાનો હતો. અડધો ખજાનો મોકલ્યો, લાખોનું લશ્કર હતું. અડધું લશ્કર મોકલ્યું. જંગલ તોડી ફોડીને સાફ થયું અને ત્યાં કહેલું એ મુજબ રાજમાર્ગો, મોટી હવેલીઓ, નાના મકાનો, બગીચા, સરોવર બધું થયું અને જાહેરાત કરી કે ઓછા ભાડામાં

રહેવા નવા બંગલા મળશે. વ્યાપાર ઉપર ટેક્ષ નહિ. આવો આવો... ચારે કોરથી લોકો આવીને વસ્યા. ૮૪ બંદરનો વાવટો ફરકી ગયો અને ત્યાંના બધાની ચિઠ્ઠીઓ આવે છે કે "તમે જલ્દી આવો" અહીં બેઠા બેઠા ત્યાં હવાલદાર મંત્રી-ઉપમંત્રી બધા ગોઠવ્યા છે. ત્યાંથી લોકોની ચિઠ્ઠીઓ આવે છે કે ત્યાં તો તમે પાંચ વરસના પ્રમુખ છો, અમે તમને અહીંના જીંદગીના મહારાજાધિરાજ તરીકે જાહેર કરી દીધા છે. બોલો સિપાઈઓ, ખલાસીઓ ! હવે મારે જવાની ઉતાવળ હોય કે નહિ ? પણ આ સાચું છે ? અલ્યા ! મામાનું ઘર કેટલે ? જો આ દૂર નજર નાખો, માણસોની કતાર ઊભી છે. આટલું મોટું બંદર ત્રણ વર્ષમાં ઊભું થયું. અહીં દેરાસર કેટલા વર્ષે તૈયાર થશે ? બધાએ કામે લાગવું પડે તો મંદિર ઊભું થાય.

બાહડ મંત્રીએ સિદ્ધગિરિનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને શિખર થઈ ગયાનાં સમાચાર આપવા માણસ આવ્યો તો તરત એક સોનાની જીભ ભેટ આપી અને ત્યારપછી શિખર પડી ગયાનાં સમાચાર આપનારને બે સોનાની જીભ આપી.

કોઈએ પૂછ્યું કેમ બે ? તો વિચાર્યું કે સારું થયું જીવતા જીવે સમાચાર મળ્યા તો કામ થશે...શિખર કેમ પડી ગયા ? તો તમે લાકડાના કરાવ્યા એટલે તેમાં પવન પેસી ગયો અને પડી ગયા. તો તરત નક્કી કર્યું હવે સંગેમરમરનાં બંધાવું. લક્ષ્મી છે, એને લેખે લગાડીશ. નહિ તો **મૂકીને મર્યો તો તેની ઉપર ફણીધર નાગ થઈને બેસીશ.** કોઈ લેવા આવે તો ડંખ મારીને ખલાસ કરે. પોતે ન ખાધું, ન ખાવા દીધું, ન દીધું દાનમાં. "ફણીધર નાગ કરતા પણ લક્ષ્મી વધારે ભૂંડી" તમે "મારી લક્ષ્મી" "મારી લક્ષ્મી" કરો છો પણ તેમાં વચ્ચે શબ્દ ખાઈ જાવ છો. મારી લક્ષ્મી નહિ પણ **'મારી ઘોર ખોદનારી લક્ષ્મી'** મારા પૈસા નહિ પણ, **"મારા માટે નરકના પાસપોર્ટ કાઢી આપનારા પૈસા."**

ધરણશા પોરવાડે આ વિચાર ઉપર એકલપંડે ૯૯ ક્રોડ રૂપિયા એ જમાનામાં ખર્ચીને **રાણકપુરનું નલીનીગુલ્મ વિમાન** જેવું દેરાસર બનાવ્યું. તમે શું કરશો ? અમે તો ઉપધાનની આવક દેરાસરમાં લગાડી દઈશું બસ. "પરબારૂં ને પોણા બાર" ધર્મનાં કામમાં ગળિયા બળદ જેવા. હમણાં પોતાનો ફલેટ કરાવવાનો હોય તો જાતે ઊભા રહીને કરાવે. દેરાસર, ઉપાશ્રય તો છે ને જીતુભાઈ, રાયશીભાઈ બધા કરશે. તમે શું કરશો ? અમે તો દેરાસર થશે એટલે મંજીરા વગાડવા આવશું. પણ તારે ધર્મ સાથે કાંઈ સ્નાનસૂતક છે ? દીકરા ચાર છે. તો બધાને નવા જમાનાની વહુઓ, એટલે પતિને કહે બાપુજીની સાથે આપણને નહિ ફાવે તો તરત નવા ફલેટ કરાવો ને ? કર્મસત્તા ખબર લઈ નાખશે. ધર્મે તન-મન-ધન આપ્યું અને હવે મૂર્ખાનો આગેવાન એ બધાનો ઉપયોગ ધર્મમાં કરવાને બદલે પાપમાં કરે છે. શા માટે જૈન ધર્મમાં જનમી ગયો ? તારા કરતાં વધુ લાયકાતવાળા

ઘણા હતા. ભૂલથી તને અહીં લાવી દીધો. સારી બુદ્ધિનો ઉપયોગ ધર્મ માટે ન થાય તો એ બુદ્ધિ ગોઝારી છે.

પેથડશાહનો બાપ **દેદાશાહ** હતો. બહાર ગયો છે ને ગામને નાકે પંચ બેઠેલું છે. ધર્મશાળા બંધાવવી છે. બધા ટીપ કરતા હતા. શેઠ તમારા હજાર ને ? ના, મારા પાંચશો એમ હોંશા-તોંશી ચાલતી હતી અને દેદાશાહ ત્યાં જઈ પહોંચ્યા. તાકડો જોયો, લાભ લેવાની ઉત્કંઠા જાગી. દેદાશાહ ઊભો થઈ ગયો સંઘને મારા પ્રણામ, સંઘ મને આદેશ આપે. આ ધર્મશાળા બાંધવાનો લાભ મને આપે. તેમાં જુવાનિયા બેઠેલા હતા. ઉછળ્યા, શું સંઘ માયકાંગલો છે ? અમારા સંઘને નાકકટ્ટો કરવો છે ? દેદાશાહ કહે સંઘ એક નંબરનો છે, દશ ધર્મશાળા બંધાવે એવો છે, પણ આ ધર્મશાળાનો લાભ મને આપો. તો જુવાનિયા કહે તે શું તમે સોનાની ધર્મશાળા બંધાવાના હતા ? દેદાશાહ કહે સંઘનો બોલ મારા માથે... જય બોલાવી... હવે મને સાંઢણીઓ આપો અને વિશ્વાસુ માણસો આપો. ધર્મશાળા માટે સોનાની પાટો મંગાવવી છે, લાવીને સોનું ઓગાળી તેની ઈંટો બનાવી ધર્મશાળા બંધાવું. ગામના બધા આગેવાનો કહે તમે તો બોલીને કરી આપનાર સાચા, પણ અમારે તો સોનાની ધર્મશાળા ઊભી કરીને પાછા તેને સાચવવા કેટલા પહેરેગીર જોઈશે અને આ દેખી કોઈ લૂંટારા લૂંટી જાય. પેલો કહે પણ મારે તો સંઘને આપેલ બોલ છે. પાછો ન લેવાય. **ભવાંતરમાં જીભ ન મળે.** આવું કરાય ? વાણિયો એકનો બે ન થાય. સંઘના લોકોએ આચાર્ય મહારાજને વિનંતિ કરી, કે આ વાત છે, આનો નિવેડો આપો. આચાર્ય મહારાજ કહે કેમ ભાઈ ? હા સાહેબ આપ જ કહો છો કે આપેલ બોલ પાછો ન ખેંચાય. તેમાંય આ તો સંઘને આપેલ વચન છે. આચાર્ય મહારાજને દલાલી કરવી પડી એટલે કહ્યું કે જુઓ ભાગ્યશાળી ! આપણે જો સુકૃત કરવું છે તો તે સુકૃત બીજાને આફત રૂપ તો ન થવું જોઈએ ને ? બરાબર સાહેબ, તો પછી **'સોના જેવી'** ધર્મશાળા બંધાવી આપો તેમ નક્કી કર્યું. કેસરની ગુણેગુણો મંગાવી, પાણીમાં કેસર નાખી, તેની ઈંટો પાડીને ધર્મશાળા બંધાવી આપી. આજે પણ માંડવગઢની આસપાસ દેવગઢ નામનું ગામ છે ત્યાં આનાં અવશેષો જોવા મળે છે. ઈંટોમાંથી તાંતણા કાઢીને પાણીમાં નાખતા પાણી પીળું થઈ જાય છે. આવા એ મર્દના બચ્ચા હતા. તમે મરદનાં કે ઓરતના બચ્ચાં ? છે, તો બધા જ ઓરતના બચ્ચાં પણ, મરદના એ માટે કહેવાય કે પોતાના નામ પાછળ માનું નામ નહિ, પણ બાપનું નામ આવે છે માટે મરદના બચ્ચાં.

બાહડ મંત્રીએ એ વિચાર કરીને સંઘ કાઢ્યો. સંઘ સાથે જાવું ને જીર્ણોદ્ધાર કરાવું. જીર્ણોદ્ધાર માટે નીકળ્યા છે અને ગામે ગામનાં સંઘો ભાગોળે પૈસાની થેલીઓ લઈને ઊભા છે. ભાઈ સાહેબ ! આટલી થેલી અમારી લઈ જાવ જીર્ણોદ્ધારમાં

નાખજો. મંત્રી કહે માફ રાખો. કોઈ ધન્ય ઘડીએ આ વિચાર આવ્યો માટે જીર્ણોદ્ધાર મને જ કરવા દો. સંઘો બધા સાથે છે અને મંત્રીને જાજમ પથરાવવી પડી. બધા શેઠીયા કહે, જ્યાં સુધી અમારું જીર્ણોદ્ધારમાં નહિ લો ત્યાં સુધી અહીં જ બેઠા છીએ ખાવા-પીવાનું બંધ છે. મંત્રી કહે, તમે તરી જવાના અમારે છતે લક્ષ્મીએ સંસારના ખાડામાં ડૂબી જવાનું ? ત્યાં પાછળ એક ગરીબ શ્રાવક ઊભો છે અને કપડાની ગાંઠ છોડે ને બાંધે, છોડે ને બાંધે. આ બાહડે જોયું વિચાર્યું. **જીર્ણોદ્ધાર કરવા નીકળ્યો છું, પણ પહેલાં સાધર્મિકનો ઉદ્ધાર કરું તો આદીશ્વર દાદા મારો કરેલ જીર્ણોદ્ધાર પાસ કરે.** સાચી ધર્મની લેશ્યાવાળા સીદાતા સાધર્મિકનું ધ્યાન ન રાખે ? તરત મંત્રીએ બૂમ નાખી. એ પેલા શેઠને આગળ આવવા દો. પેલો તો શરમાઈ ગયો. મંત્રી પાસે આવ્યો ને મંત્રી કાનમાં પૂછે છે કે કેમ કેટલી ભીડ ? શું મુઝવણ ? મુઝવણ નથી પણ આવો મોટો જીર્ણોદ્ધાર થાય તેમાં હું કાંઈક આપું. મારી મૂડી જ આટલી છે, પણ એમ થયું કે આટલા બધાની વચ્ચે મારા ૭ દમડા સ્વીકારશે ? એટલે ગાંઠ પાછી વાળી. પણ થયું આવો અવસર ફરી ફરી નહિ મળે. એટલે મંત્રી બોલ્યા, મુનીમજી ! લખો પહેલું નામ શેઠ ભીમાજી કુલડીયા, બીજું નામ લખો બાહડ મંત્રીનું. બાહડે તરત ખુલાસો કર્યો. જો ભાઈઓ ! આપને થશે કે આનું નામ પહેલા કેમ ? તો આ શેઠ એમની બધી મૂડી આપી દે છે. તમે ને હું અડધું ખાવાનું રાખીને લખાવીએ છીએ. આ શેના ઉપર બન્યું ? બસ, ધર્મ જ તારણહાર છે. માટે થાય તેટલી તન-મન-ધનથી ધર્મની ભક્તિ કરો તો શ્રાવિકા માતાની કુક્ષીએ રત્ન પાક્યા, નહિતર પથરા પાક્યા.

કુમારપાળ ચોમાસું આવે એટલે ગુરુ પાસે જઈને અભિગ્રહો લે છે. (૧) ચારેમાસ સંપૂર્ણ બ્રહ્મચર્ય અને જો કાયાથી આંગળી પણ અડી જાય તો એકાસણું દંડ...વાણીથી બોલાઈ જાય તો આયંબિલ કરવું. અને મનથી વિચાર આવે તો ઉપવાસ કરવો. વિચાર કરો જે કુમારપાળ સિદ્ધરાજના ભયથી ૫૫ વર્ષ ભાગતા ફર્યા છે. કારણ કે નિમિત્તિયાએ કહેલું કે તમારો વારસદાર કુમારપાળ થશે એટલે સિદ્ધરાજને એમ કે આ તો પેલો ત્રિભુવનપાલ ઠાકોરનો છોકરો તે મારો વારસદાર ? હંમેશને માટે મારા ગોઠવેલા એટલે કુમારપાળ ભટકતા હતા. સિદ્ધરાજનું મોત થયું હવે ગાદી કોને આપવી ? ત્રણ ઉમેદવાર આવ્યા, એમાં એક કુમારપાળ. અમલદારો-મંત્રીઓ બધા ત્રણમાંથી પહેલાને પૂછે છે કે તમે રાજ શી રીતે કરશો ? તો કહે તમે જેમ કહેશો તેમ. તે નાપાસ થયો. બીજાએ પણ એવું જ કાંઈ કહ્યું હશે અને ત્રીજા કુમારપાળને પૂછવામાં આવ્યું તો કુમારપાળે મ્યાનમાંથી તલવાર કાઢીને બતાવી **આ તલવારના જોર ઉપર રાજ કરીશ...** બધાએ માન્ય કર્યા.. હવે રાજા બન્યા છે. આજુબાજુનાં સીમાડાનાં રાજાઓ કહે કે આ તો ઠાકોરનો દીકરો આને અમે શાના

નમીએ ? બળવો કર્યો. એ બધાને સીધા કરવામાં અને રાજને સરખું કરતા ૧૫ વર્ષ લાગ્યા. હવે ૭૦ વર્ષની ઉંમરે કુમારપાળ ધર્મ પામ્યા. હવે રાજાશાહી સુખો ભોગવવાના આવ્યા ત્યારે પણ ધર્મ જ ધર્મ કરે છે.

ચોમાસાનું બ્રહ્મચર્ય, નિત્ય એકાસણા, લીલોતરી ત્યાગ. તમને કહીએ કે ૧૨ તિથિ છોડો તો પણ છોડાતું નથી. ધર્મની કિંમત સમજ્યા નથી, ધર્મ પ્રત્યે વફાદારી નથી એનું આ પરિણામ છે.

રાણીનું રાજ ચાલે તેમાં દુશ્મન રાજાએ બળવો કર્યો. રાણીએ મંત્રીઓને અમલદારોને બોલાવી વાત પૂછી - શું કરવું છે ? મોટો મંત્રી જૈન હતો તે કહે મહારાણી સાહેબ આપ ચિંતા ન કરો લડી લઈશું. નક્કી કર્યું. રાણી કહે હું જોવા આવું ? જરૂર પધારો. કિલ્લાએ છાવણી નાંખી છે. સવારે સૂર્યોદયથી લડાઈ શરૂ થશે એ પહેલા મંત્રી ઊઠીને ઈરિયાવહી કરે છે. પ્રતિક્રમણ કરવા તેમાં એગિંદિયા-બેઇંદિયા અને મુહપત્તિ પડિલેહણ કરે છે તે જોઈ બીજા મંત્રીઓએ રાણીને ચાડી ખાધી. મહારાણી સાહેબ ! આ તમારો મંત્રી શું કરશે...કીડી ન મરે જીવ ન મરે એ જોવે છે એ શું હાથીઓ-માણસોની સામે કાપા કાપી કરી શકશે ? પણ રાણીને વિશ્વાસ હતો. મંત્રીઓને ચૂપ કર્યા. લડાઈ થઈ, જીત્યા, રાણી મંત્રીને પૂછે છે. સવારે શું કરતા હતા ? આવી લડાઈ કેવી રીતે જીતી શક્યા ? એ તો હું ધર્મ કરતો હતો. **જ્યાં સુધી તમારું લુણ ખાઉં છું, તમારી નોકરીમાં છું ત્યાં સુધી તમારું કાર્ય મારે કરવું જ જોઈએ.** તમારા ટાઈમમાં શરીરે તમારું બજાવ્યું. બાકીના ટાઈમમાં શરીરે મારા આત્માનું બજાવ્યું. આ કાયાને જો એકલા લેભાગુની સર્વીસમાં રાખું તો આગળ મને દુર્ગતિની જેલોમાં પૂરી દે. રાણી વિચારે છે કે શું આની ધર્મ પ્રત્યે વફાદારી છે ? તેની રૂએ જ મારા રાજયની વફાદારી બજાવી યુદ્ધ ભૂમિ પર વગર ચોમાસાએ પ્રતિક્રમણ કરનાર હતા. અહીં તો યુદ્ધ ભૂમિ નથી ને માત્ર ચોમાસું છે. વિકારો વગેરેથી બચવાં પ્રતિક્રમણ વગેરે નિયમો કરવા જોઈએ. **"વ્રત નિયમ ધર્મનો રંગ લગાડનાર-વધારનાર છે."**



જીવને ઘડીયે ને ઘડીયે રાગદ્વેષ, ક્રોધ-માન-માયા કરવા જોઈએ છે. તેનાથી કર્મસત્તા જીવને દુર્ગતિમાં ધકેલી દે છે. ત્રિપૃષ્ટ વાસુદેવ, ભગવાન મહાવીર સ્વામીનો જીવ ૧૮ માં ભવમાં છે. ૧૭ મો ભવ દેવનો, ૧૬મો ભવ વિશ્વભૂતિનો હતો. રાજકુમાર હતા. સહેજ વાતમાં વૈરાગ્ય પામીને સંસાર છોડી દીધો. ચારિત્ર લીધું નિમિત્ત માત્ર કાકા રાજા હતા. વિશ્વભૂતિ બગીચામાં ફરવા ગયા હતા. કાકાનો દીકરો આવ્યો. દ્વારપાલે અંદર ન જવા દીધો. રાજાનો હુકમ છે કે એક રાજકુમાર બગીચામાં આવ્યા હોય તો બીજા રાજકુમારે ન જવું. એકબીજાને આનંદ મંગળમાં ભંગ ન પડે. તે વખતે પોતાને અંદર જવા ન મળ્યું. તેથી રાજકુમાર ઘરે આવીને માને કહે રાજય કોનું ? આપણું, તો મને દ્વારપાળે ના પાડી, કે એક રાજકુમાર પરિવાર સાથે હોય તો બીજા રાજકુમારે અંદર જવું નહિ એવો મહારાજાનો હુકમ છે. હવે રાજા મહેલે આવે છે. રાણી કહે રાજ કોનું છે ? કેમ ? આપણું જ છે. તો આપણા રાજમાં આપણો કુમાર બગીચામાં રમવા જઈ શકે નહિ ? રાજાએ જોયું કે સ્ત્રી હઠને પહોંચી ન વળાય. એટલે રાજાએ પેંતરો રચ્યો, ઢોલ પીટાવ્યું પેલો વિશ્વભૂતિ બગીચામાંથી દોડતો આવ્યો, બાપાજી શું છે ? ના, આ તો પેલો સીમાડાનો રાજા બળવો કરે છે જરા લડાઈ આપવાની છે. તો બાપાજી ! એમાં આપને જવાનું ન હોય, હું જાઉં છું. તમારે ખેલવાની ઉંમર છે. વિશ્વભૂતિ કહે, ઘણું ખેલ્યા, હવે આપે બધી કળાઓ શીખવી છે તે શું કામની ? હું જાઉં છું. વિશ્વભૂતિ લશ્કર સાથે પહોંચ્યા છે. સામેનો રાજા તો ભેટણું લઈને સામે આવે છે અને કહે છે આટલે સુધી આવ્યા છો તો અમારા રાજ્યમાં પધારો. વિશ્વભૂતિ મનમાં વિચારે છે કે આ તો બાપાજી કહેતા હતા એનાથી ઊંધું છે. લડાઈ જેવું છે જ નહિ. તરત માણસ મોકલ્યા, જાઓ સાચી વાત શું છે જાણી લાવો. માણસો કહે છે, ત્યાં તો સારું છે. અને વિશ્વભૂતિને કહેવડાવ્યું કે આ તો પેંતરો હતો. એટલે વિશ્વભૂતિ પાછો આવીને કહે બાપાજી આમ કેમ કર્યું ? આ તો તને બગીચામાંથી બહાર કાઢવાનો પેંતરો હતો. તો તમારે મને માત્ર કહેવાનું જ હતું કે બહાર આવી જા, ભાઈને જવા દે. તો હું બહાર આવી જાત. આટલો વિશ્વાસ નથી ? હું તમારો વિનય કરું ને તમે આટલી માયા રમ્યા ? આ વિશ્વભૂતિનો જીવ છે.

પહેલા ભવમાં નયસાર નામે ગામનાં સરપંચ હતા. આજે કેટલાક બોલવામાં ઊંધું મારે છે કે નયસાર નામે કઠીયારા હતા, પણ હકીકતમાં **ગામના મુખી સરપંચ હતા.** મોટા રાજાને રથ માટે ઈમારતી લાકડા જોઈતા હતા તો લેવા માટે માણસો સાથે જંગલમાં ગયા હતા. ત્યાં રસોઈયા સાથે હતા. રસોઈ થઈ પછી જમવા માટે

માણસો બોલાવે છે. ત્યારે વિચારે છે કે આ જંગલમાં રાક્ષસી ભોજન કરવાનું ? **કોઈ અતિથિ મળી જાય તો આ ભોજન લેખે લાગે.** જંગલમાં આ વિચાર છે. લાવ જરા તપાસ કરું, તપાસ કરતા કરતા કોઈ અતિથિ મળી જાય ! માણસોને તપાસ કરવાનું નથી કહેતા, કારણ ? માણસો માણસ જેવું કામ કરે.

મુનિ ડગલે ડગલે નીચે જોતા ચાલે એ ભાવ સાથે કે કોઈ બીચારો જીવ ભૂલો પડી ગયો નથી ને ? કોઈ જીવ મારા પગ નીચે આવી કચડાઈ ન જાય, તે ભાવનાથી ચાલે તેમાં ભલે ને પછી કોઈ જીવ ન હોય છતાં પણ આ ભાવનાથી ડગલે-પગલે કર્મ ખપે છે.**"જયણાથી ડગલે-પગલે કર્મ ખપે છે."** માટે તો સિદ્ધગિરિ જાવા નીકળ્યા છો હજુ પહોંચ્યા નથી. છતાં **"એકેકું ડગલું ભરે... ભવકોડના કર્મ ખપાવે તેહ"** આ એજ છે કે એક એક ડગલે-ડગલે કર્મો ખપે છે. માત્ર ગિરિરાજ ચડવાની ભાવનાનું ફળ છે !! જૈન ધર્મ એવો મહાન છે કે જો એનો ઉપયોગ બરાબર રીતે કરતા આવડે તો ભવોભવનાં કર્મનો ભુક્કો થાય છે." ઉપાશ્રયમાં મહેમાન આવ્યા છે. જોતાંની સાથે ભક્તિનો લાભ મળશે એમ કહે અને કદાચ મહેમાન ન પણ આવે તો તેને તો સાધર્મિક ભક્તિ કર્યાનો લાભ મળી જાય છે.

નયસારે માણસોને તપાસ કરવા ન કીધું. **આજે દેરાસરોમાં ભગવાન પૂજારીને સોંપાયા છે, પણ પોતાના બાબલાને તો પોતે જ નવડાવે કેમ ?** કારણ કે મારો બાબો સુવાળો છે. બીજાના હાથ ખરબચડા હોય, બાબાને વાગે. ત્યાં ગણતરી થાય છે અને ભગવાન માટે વિચાર નથી કે **"બાબલા તો અનંતા જનમોમાં અનંતીવાર નવડાવ્યા પણ મારા ભગવાનને પ્રક્ષાલ કરું તો મારા કર્મો ધોવાઈ જાય. અનંતા બાળકોને આપણે ભલે નવડાવ્યા પણ કર્મસત્તાએ આપણને નવડાવી નાખ્યા** છે." પુણ્યાઈ છે એટલે જૈન ધર્મમાં આવી ગયા પણ એ ભાવના જોઈએ કે મારા અહો ભાગ્ય ક્યાંથી ? મને ભગવાનને પ્રક્ષાલ કરવાના મળ્યા, આનંદ થાય. ચંદ્રશેખર વિજયજી નવસારીમાં ચોમાસું હતા. તે ત્યાં બહેનોને નિયમ કરાવી દીધા. ભગવાનને પ્રક્ષાલથી માંડીને પૂજા, અંગલૂછણા, ફૂલપૂજા બધું જાતે જ કરવાનું. એટલે પછી ભાઈઓ તૈયાર થયા. બહેનો કરે ને અમે શું કામ ન કરીએ ? એમ કરીને નવસારીમાં બે ગભારા છે એક ઉપર, બીજો નીચે. ભાઈઓએ નીચેનો ગભારો સંભાળ્યો. બહેનોએ ઉપરનો સંભાળ્યો. લોકોને આનંદ છે.

અરિહંતની ભક્તિ કોઈક જોમવાળી ભાવના હોય તો મળે. આ તો શેઠ સાહેબ દેરાસરમાં જઈને અક્કડ ઊભા ઊભા "દર્શનં દેવ દેવસ્ય" કરવા લાગ્યા. અલ્યા પણ જરા નીચો તો નમ. તમને ખબર નથી કે દેરાસરમાં પેસતાં જ માથું નીચું નમી જાય. **'નમો જિણાણં'** બોલાય અને ગભારા પાસે આવીને કેડથી નીચા નમવાનું છે. મહેમાન આવ્યા ને તમે જેવી તેની સરભરા કરો તેવા તેના ભાવ

વધે. તમે જો ચા પીવડાવો તો ચા જેવી ભાવના વધે, શીરો જમાડો તો તેવા ભાવ વધે. રસપૂરી જમાડો તો તેવા ભાવ વધે. એટલે **"જેવો ભોગ આપો તેવા ભાવ વધે."** માટે નયસાર જાતે જ અતિથિને શોધવાને નીકળ્યો. નજર નાખતા સાધુ જોયા. લાયકી હોવાથી બોલાવી લાવ્યા. કેમ જંગલમાં ભટકો છો? મુનિ કહે છે કે સાર્થ સાથે હતો પણ ક્યાં ગયો શી ખબર, પણ અમે રસ્તો ભૂલી ગયા છીએ. નયસાર કહે, પધારો રસોઈ તૈયાર છે. ભાણા તૈયાર છે. રસોઈયાને કહે પીરસ. પણ આને ખબર નથી કે આ જૈન સાધુ છે તેથી આ વાત થઈ. હવે મુનિ કહે કે અમે તો જૈન સાધુ છીએ. તમારા માટે બનાવેલું હોય તે લઈએ. તે પણ અમારા પાત્રમાં, તેમ કહીને મુનિએ વહોર્યું ખૂબ જ અહોભાવથી વહોરાવ્યું.

જમી કરીને મુનિને કહે, હવે ચાલો હું તમને સાર્થ ભેળા કરું. એમ કહીને ચાલે છે અને રાજમાર્ગે મુનિને ચડાવે છે. પછી નયસાર કહે, હવે હું જાઉં છું, તમે આ રસ્તો પકડીને ચાલજો. પણ મુનિ વિચારે છે, આ જીવ લાગે છે તો ભલો, લાવ તેને 'ધર્મ આપું' એમ વિચારી મુનિ કહે તેં મને જે માર્ગ બતાવ્યો તે તો દ્રવ્ય માર્ગ છે, પણ તે તો કાયમી સ્થાને પહોંચાડતો નથી. તેં મને દ્રવ્ય માર્ગ બતાવ્યો તે તારો ઉપકાર છે. એથી ભાવ માર્ગ જે છે તે અમે તને બતાવીએ. જે રસ્તે ચાલતા-ચાલતા કાયમી સ્ટેશન ન આવે તે દ્રવ્યમાર્ગ અને કાયમી સ્ટેશન એટલે **મોક્ષ નામે સ્ટેશન આવે તે કાયમી સ્ટેશન અને તે ભાવ માર્ગ છે.** ભાવ માર્ગ **અપવર્ગ** છે. એટલે જ્યાં વર્ગ નથી એટલે બ્રાહ્મણાદિ કુળો નથી અને બીજી રીતે વર્ગ એટલે જ્યાં ક્લાસ નથી. એટલે કે "અ" એટલે નથી "પ" એટલે પ વર્ગ જ્યાં નથી. કારણ સંસ્કૃતમાં 'ક' વર્ગ છે એટલે ક, ખ, ગ, ઘ, ઙ એમ 'ચ' વર્ગ એમ 'ત' વર્ગ અને એવી રીતે 'પ' વર્ગ "પ" વર્ગમાં પ, ફ, બ, ભ, મ આવે. પ = પાપ. ફ = ફીકર, બ = બાધા-પીડા, ભ = ભય અને મ = મરણ એટલે કે જ્યાં પાપ નથી કોઈ પ્રકારની પીડા નથી. જ્યાં કોઈ પણ પ્રકારનો ભય નથી. જ્યાં એક સિદ્ધ, ત્યાં અનંતા સિદ્ધ છે કારણ કે અરૂપી છે, ભય નથી અને ત્યાં મરણ નથી એટલે જ મોક્ષ એ ભાવમાર્ગ છે. આ રીતે ભાવમાર્ગ જાણી નયસાર રાજી થયો. પછી મુનિએ ત્યાં તેને નવકાર આપ્યો અને દેવ-ગુરુ-ધર્મની ઓળખ કરાવી.

પેલા **વિશ્વભૂતિને** બગીચામાંથી કાઢવાનો પેંતરો હતો. તેનાથી વૈરાગ્ય પામી સંસાર છોડી દીધો. કષાયોને જીવ સાલિયાણા ભરે છે એ. એ કોઈને હેઠો પાડવાના વિચાર ચાલુ. કોઈને કઈ રીતે સોદો કરીને લૂંટી લઉં. રસ્તામાં ઓફીસર નડે છે તો તેની આંખમાંય ધૂળ નાખી દે છે. **આ કષાયોને જ્યાં સુધી પાળી પોષી મોટા કર્યા છે ત્યાં સુધી કાયામાંથી છુટકારો થવાનો નથી.**

જામનગરના વજુ શેઠ હતા. રોજ સામાયિક પૂજા વગેરે ધર્મકરણી પતાવી બજારમાં ધોતી વેચવા જાય. એક દિવસ પોતાના છોકરા હીરાને કહે, લે ચાલ તો હીરા બજારમાં. ગયા. ૧૦-૧૨ નંગ વેચાયા ને બાપ કહે હીરા ઉઠાવ ગાંસડી. છોકરો કહે પણ બાપુ હજુ તો દોઢ ૧।। વાગ્યો છે. એ તો હવે આજની રોટલીનાં રૂપિયા થઈ ગયા. હવે ઘેર જઈને સામાયિક ન કરું ને અહીં વધારે પાપમાં બેસું ? ગયા ઘેર અને એક ઘરાક આવ્યો. ઓ વજુકાકા - વજુકાકા ! બે ધોતી જોટા આપો ને. પેલા કહે હવે કાલે બજારમાં આવજે. તો ઘરાક કહે પણ હું પૈસા લાવ્યો છું. તું ભલે ને લાવ્યો પણ મારી પાસે વધુ પૈસા રાખવા માટે જગા નથી. આ આજના કાળની વાત છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજ લખે છે કે, ભગવાન ! ચોથા આરા કરતાં પાંચમાં આરામાં તારી કૃપા મળી ગઈ. કારણ કે કોને ખબર ત્યારે તો ક્યાં ભટકતા હશું ? અહીં તો શાસ્ત્રો-શાસન-સંઘ-સાધર્મિક મળ્યા. મારે તો સુષમાંથી દુષમો સારો છે. કારણ કે આજ પુણ્ય નિધાન છે. બાકી ચોથા આરામાં શાસન વિનાનું ચક્રવર્તીપણું પણ નકામું છે. કિંમત અરિહંતની છે.

એક **ભરહેસરની સજ્ઝાય**માં ૭૨ મહાપુરુષ, મહાસતીયોનાં નામ છે. એનો નમૂનો કોઈ ઈતિહાસમાં ન મળે. એનો જોટો દુનિયામાં ન મળે. આનો મુકાબલો કરવાવાળો કોઈ ધર્મ ન મળે. એઠવાડમાં દાળ-ભાત-રોટલી જાય પણ લાડવા જાય ? કોઈ ના જવા દે. એમ તો બહેનો હોશિયાર છે. મહેમાન આવ્યા કે શીરો કરું તો વધે તો નાખી દેવો પડે. એના કરતા લાડવા જ બનાવું કે જેથી વધે તો પછી કામ લાગે, પણ હીરા-માણેકનાં હાર રોજ એઠવાડમાં કાઢે, એવો કોઈ નબીરો જન્મ્યો હોય તો એક માત્ર **શાલિભદ્ર.** ગઈ કાલની પેટીઓને આજ સવારે એઠવાડીયા કૂવામાં નાખી દે છે. લાંબુ ન બને તો અનુમોદના કરો તોય અઢળક પુણ્ય મળે તેમ છે. જેણે પૂર્વમાં રોઈને જિંદગીમાં પહેલીવાર મેળવેલી ખીર સાધુ મહારાજને દેખતા જ વહોરાવી દીધી. આ સાધુ મહારાજને વહોરાવવાના પુણ્યના જોરથી શાલિભદ્ર બન્યા. જાણે કે કર્મસત્તાએ ચોથા આરામાં એટલે મહાવિદેહમાં મૂકવાને બદલે ભરતક્ષેત્રમાં મૂકી દીધા હશે. એટલા માટે જ કે પાછળથી ૨૧ હજાર વર્ષમાં ઘણા સંઘો થશે તેમને આદર્શ આપવા માટે કે આવા આવા નબીરા જૈન શાસનમાં જન્મ્યા હતા.

શાલીભદ્ર ગોડાઉન કરતા નથી કે કાલે કદાચ પિતાજી મોકલવાનું બંધ કરશે તો ? એવું હશે તો તો ગોડાઉનમાં સોનું હશે તે કોલસા થશે. તેમજ બન્યું હતું. પૂ. હેમચંદ્ર સૂ.મ.ને કે તેમનું મૂળનામ **સોમચંદ્ર વિજય** હતું. અને એકવાર મોટા સાધુ સાથે ગોચરી ગયેલા. તેમાં કોઈના ઘરે વહોરતા હતા, મહારાજ કોદરી છે

બંટીની ઘેસ છે. આ જોઈ સોમચંદ્રે મોટા મહારાજનો કપડો ખેંચીને કહે મારો ભારે કંજુસ છે. આંગણામાં સોનાનો ઢગલો છે ને કોદરી ખાય છે. વાણીયાએ સાંભળ્યું ત્યારે વાણિયાને થયું કે વાત સાચી છે. જુના ચોપડામાં લખેલું છે કે ધન દાટેલું છે. ખોદાવ્યું પણ કોલસા નીકળ્યા કારણ મારા નસીબમાં ન હોય, પણ આ નાના મહારાજ લાગે છે તો ભાગ્યશાળી ! હેં નાના મહારાજ ! નાની ઉંમરે દીક્ષા લીધી ? હેં હેં કરતા કરતા મહારાજને ઉંચકીને કોલસાના ઢગલાં ઉપર બેસાડ્યા એટલે કોલસા સોનું થઈ ગયું. તેથી ગુરુને સમાચાર મળ્યા. તેથી યોગ્ય જાણી તેમનું નામ હેમચંદ્ર કર્યું. હેમ એટલે સોનું. કરશે તે પામશે અને વિચાર કરશે તે ગુમાવશે. તપ માટે સુંદર તક મળે તો ગુમાવવી ન જોઈએ. ચક્રવર્તીના ઘરમાં બેસીને સુંદરીએ ૬૦ હજાર વરસ સુધી આંબિલ કર્યા અને અંતરાય તોડી ચારિત્ર લઈને કેવલી બનીને મોક્ષ પામી. આપણા પૂર્વજો આવો વારસો આપી ગયા છે. તેનો ઉપયોગ કરતા આવડે તો બેડો પાર થઈ જાય.

• • •

"દિવ્ય-દર્શન" - **"પ્રવચન-૭"** અષાઢ વદ-૨

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવો કહે છે કે **સંસારનું મૂળ કષાયો છે.** એ કષાયોએ આત્માને અનંતકાળથી કાયાની કેદમાં પૂરી રાખ્યો છે. તેમાંથી છુટકારો જોઈતો હોય તો કષાયોરૂપી પહેરેગીરોને રવાના કરવા પડે. હૃદયમાં મોહનું સામ્રાજ્ય છે તેને હટાવી ભગવાનનું સામ્રાજ્ય આવી જાય તો કષાયોને કાઢવા સહેલા છે.

માટે તો શ્રાવકને માટે પહેલી **અભિષેક પૂજા** બતાવી. કેમ, ભગવાન મેલા થઈ ગયા છે માટે ચોકખા કરવા અભિષેક પૂજા કરવાની ? ના, અભિષેક એટલા માટે કરવાનો કે "આજ સુધી આપણાં હૃદય સામ્રાજ્યનાં સિંહાસન ઉપર મોહરાજા સત્તાધીશ બની બેઠો છે. તેને ઉઠાડી હવેથી ભગવાનને હૃદય સિંહાસન ઉપર ગાદીનશીન કરવાના છે. જેમ દુનિયામાં રાજા નવો સ્થપાય એટલે એને સિંહાસન પર બેસાડી બધા અમલદારો બીજા સામંત વગેરે પ્રજાજનો તેનો અભિષેક કરે છે અને જાહેર કરે છે કે આજથી તમે અમારા રાજા અને હવેથી અમારે તમારી આજ્ઞા માન્ય છે. એવી જ રીતે ભગવાનને અભિષેક કરતા જાહેર કરવાનું કે હવેથી હું મોહને પદભ્રષ્ટ કરું છું અને આપને મારા હૃદય સિંહાસને સ્થાપિત કરું છું. આજ સુધી ઘણાં અભિષેક કર્યા પણ આવો ઈકરાર સાથેનો એક પણ અભિષેક કરેલો ખરો ? તમને અભિષેક કરતા આવડતો જ નથી. હવે ભગવાનને રાજ્યાભિષેક કરવો છે તો નવે અંગે થાય ? એ તો નવ અંગે પૂજા થાય. ભણ્યા વગર "આગે

સે ચલી આતી હૈ" એ સૂત્ર મુજબ ખરેખરો લાભ ગુમાવો છો. ભગવાનને વાસક્ષેપ પૂજા કરવી છે તો નવ અંગે ન થાય. ક્ષેપ એટલે નાખવું અને વાસ એટલે સુગંધી ચૂર્ણ નાખવું. ક્યાં નાખવું ? ભગવાન ઉપર. પણ ભગવાન ઉપર તો ખરું જ સાથે એમ થાય કે ત્રણલોકના નાથ એવા ભગવાનની **પૂજા ભક્તિ કરવા માટે વાતાવરણ કેવું જોઈએ ?**

અમે અમદાવાદમાં હતા અને મુંબઈથી વાસક્ષેપનો એક ડબ્બો આવેલો. ડબ્બો બહાર કાઢતા જ મઘ મઘ સુગંધી આવે. ત્યાં એક વ્યાપારી હતા. તેમને બતાવ્યો. ડબ્બો ખોલ્યો તો અંદરથી જે સુગંધ આવે તે જોતા વ્યાપારી બોલ્યો શું આ વાસક્ષેપ છે ! વાસક્ષેપ પૂજા છે. વાતાવરણ સુગંધથી ભરી દેવા માટે. ત્રિલોકનાથ ભગવાનની ભક્તિ કરવી છે ને છીંકણી સુંઘવા જેટલી ચપટી લે તેટલી ચપટીથી ભગવાનની પૂજા કરે તેથી શું થાય ? જો દેવોને નંદનવનની સુગંધી છે તો શું મારા ભગવાનને હું તેવી સુગંધી ચૂર્ણોથી પૂજન ન કરું ? અહોભાગ્ય માનવાનું થાય કે ધન્ય એ દેવોને કે ભગવાનનાં સમવસરણમાં ઝરમર ઝરમર પુષ્પવૃષ્ટિ કરીને આખું વાતાવરણ સુગંધની પમરાટથી વાસિત બનાવી દે છે. એવો ધન્ય દિવસ મારો કયારે આવે ? એ ભાવના જોઈએ. તમને બધું મળે છે, પણ રોજ પ્રભાતે ઊઠીને ભગવાનની વાસક્ષેપ પૂજા નથી મળતી. ભાગ્યશાળી કે ભાગ્યહિન છો ? **"ભગવાનની પૂજાથી ભગવાન સાથે આપણા આત્માનાં તાર જોઈન્ટ થાય છે."** એવા ભગવાન કહે છે કે તને ભવનાફેરા કરવાનો કંટાળો નથી ને ? તો કષાયો તારાથી છૂટા પડવાના નથી. જેને ભવના ફેરાનો કંટાળો હોય તેને કષાય કરવાનો આવે તો મનમાં કંટાળો ઊભો થાય અને એમ થાય કે હું વીતરાગની પૂજા વીતરાગ બનવા માટે કરનારો અને મારે ક્યાં ગુસ્સો કરવાનો વખત આવ્યો ? વારે ને તહેવારે કષાય કરી મારા આત્માની સંપત્તિને ગુમાવવાની ? આ વિચાર હોય એ કોઈનાં ઉપર ગુસ્સો કરે ખરો ? માટે તો **નાગકેતુને** પુષ્પ પૂજા કરતા કરતા ફૂલના કરંડિયામાંથી સાપ કરડ્યો તો ફૂલ લાવનારા પર ગુસ્સો ન કર્યો. એ વિચાર્યું કે હું વીતરાગની પૂજા કરું છું. વીતરાગ બનવા માટે અને અહીં જો ગુસ્સો કરું તો મારી ફૂલપૂજા શાની થઈ કહેવાય ? મનમાં પણ વિચાર નથી કે આ ફૂલ લાવનાર નાલાયક હરામખોર જોયા વિના ફૂલો લાવ્યો અને મારે મરવાનો અવસર આવ્યો, મને પીડા ઊભી કરી. પૂજા કરતા રાગનું નાટક કરાય ? ગુસ્સો કોણ કરાવે છે ? કાયા ગુસ્સો કરાવે છે, ત્યારે એમ થવું જોઈએ આખો દિવસ કષાયમાં જાય છે, કમમાં કમ વીતરાગ સમક્ષ તો કષાય ન જ કરું. આવો રૂડો મનુષ્ય જન્મ અનંતી પુણ્ય રાશિ ભેગી થાય છે ત્યારે મળે છે.

દિલ્હીના બાદશાહનાં દરબારમાં બ્રાહ્મણ આવ્યો. કેમ આવ્યા ? મહારાજા

મારે તીર્થો કરવા છે રૂપિયા જોઈએ છે આપો. પણ મુસલમાન બાદશાહ પાસે તીર્થ કરવા રૂપિયા મંગાય ? હા, મંગાય. કારણ કે તે ન્યાયી રાજા હતો. રાજા કહે, તને રૂપિયા આપું તો ખરો, પણ અડસઠ તીર્થ કરવાથી શું મળે ? જહાંપનાહ ૬૮ તીર્થ કરવાથી જનમોજનમનાં પાપ ધોવાઈ જાય. સંસારની રખડપટ્ટી બંધ થઈ જાય. કારણ કે પાપનાં કારણે સંસારમાં રખડીએ છીએ. પાપબંધ કરવા માટે સરળ ઉપાય એ છે કે ૬૮ તીર્થ કરો. આપણે ત્યાં શ્રદ્ધાપૂર્વક નવકારનાં ૬૮ અક્ષર ગણો તોય તે ૬૮ તીર્થ છે. પેલો મુસલમાન બાદશાહ કહે તું તીર્થ કરીને તરી જઈશ અને હું રહી જઈશ. મારે તો ૬૮ તીર્થ માટે તો આ રાજની જંજાળ મૂકીને જવાય તેમ નથી. મને તું સરળ રસ્તો બતાવ કે અહીં બેઠા બેઠા હું ૬૮ તીર્થ કરી શકું. હા પણ જો હોં હું ઉપવાસ નહિ કરી શકું એ સિવાય બીજો કોઈ રસ્તો ? જુઓ આને તીરથ કરવાની ભાવના જાગે છે. ઝંખના છે. તીરથ કરીને હું પણ જનમોજનમનાં પાપ ધોઈ નાખું, તે પણ લુખી ઝંખના નથી કંઈક કરી છૂટવાની ભાવના છે. એક મુસલમાનને પણ આર્ય પ્રજાનાં સંપર્કથી આ લગની લાગી. બ્રાહ્મણ કહે, હા મહારાજ ! એક રસ્તો છે, જો તમે **સતી સ્ત્રીનાં દર્શન કરો** તો ૬૮ તીર્થ કર્યાનું પુણ્ય મળશે. પણ બાદશાહ વિચારે હવે **સતી ક્યાં શોધવી ?** કેમ પોતાની બેગમ તો હતી. તેના દર્શન કર્યા હોત તો વાંધો હતો ? પણ કહ્યું છે કે પુરુષને સ્ત્રીનો અને સ્ત્રીને પુરુષનો વિશ્વાસ નથી. કારણ કે શી ખબર મનમાં પણ બીજો રૂપાળો છે એમ ન થયું હોય ? માટે વિશ્વાસ નહોતો બેસતો.

એ તો એક **મનોરમાં** હતી કે જેને એના પતિ માટે પાકો વિશ્વાસ હતો કે પરસ્ત્રી માટે મારા પતિ સગાભાઈ જેવા છે. ત્યારે તો જ્યારે **સુદર્શન શેઠને** શૂળીએ ચડાવવા માણસો બેડી પહેરાવી લઈ જતા હતા. ત્યારે મનોરમાના કાને સમાચાર મળ્યા પણ મનોરમાને ખાત્રી હતી, માટે કીધું કે આ તો કોઈએ મારા પતિ ઉપર આરોપ ચડાવ્યો છે. મારા પતિ રાણીવાસમાં ઘૂસે નહિ. ગમે તે પ્રપંચ થયો પણ આમાં તો ધર્મની નિંદા થાય છે. મારા સુશીલ પતિના નિમિત્તે ધર્મની નિંદા ? માટે તરત નિર્ધાર કર્યો કે, **"જ્યાં સુધી પતિ ઉપરથી આળ ન ઉતરે ત્યાં સુધી અપ્પાણં વોસિરામિ"** ત્યાં જ અણસણ કરી દીધું. બોલો આવું ક્યારે કરી શકે ? કહો કે અટલ વિશ્વાસ એવો કે "દેવલોકમાંથી અપ્સરા ઉતરી પડે તો પણ મારા પતિ તેનો સ્વીકાર ન કરે" ત્યારે તો **સીતાએ** અવસર આવ્યે દિવ્ય કર્યું. ૩૦૦ હાથની લાંબી ખાઈ અગ્નિની છે તે પાર કરવાની તેમાં સીતા ગભરાઈ નહિ. પણ નીડરપણે જાહેર કરે છે કે "હે અગ્નિદેવતા ! આજ સુધી આ સીતાનાં હૃદયમાં રામ સિવાય બીજાને સ્થાન અપાયું હોય તો સીતાની રાખ કરજે. નહિતર એટલે હૃદયમાં બીજાને સ્થાન ન અપાયું હોય તો રસ્તો કાઢી આપજે." આ હતો સતીનો ખરેખરો

સતયુગ. કાયાનો સંબંધ થાય તો જ દુરાચાર છે એમ નહિ પણ મનમાં એમ થાય કે આ રૂપાળો છે તો ય તે દુરાચાર છે. પેલો બાદશાહ દીવાનને પૂછે દીવાનજી ! સતીનાં દર્શન કરાવો પણ દિવાન કહે માફ રાખો મહારાજા. ખજાનચીને પૂછ્યું- નગરશેઠને પૂછ્યું, હવાલદારોને પૂછ્યું અને પ્રજાને પણ પૂછ્યું કે સતીનાં દર્શન કરાવો. પણ બધાનો ઉત્તર એ જ કે માફ કરો મહારાજ અમે સતીનાં દર્શન કરાવવા શક્તિમાન નથી. એમ હતું કે કોઈકવાર પણ મનમાં કાંઈ આવ્યું હોય તો શી ખબર ? આ પવિત્રતાની કિંમત હતી. આર્ય દેશમાં પવિત્રતા જોવા મળતી હતી.

મદનરેખા મહાસતી ઉપર આફત આવી શી રીતે ? પૂર્વમાં રીવાજ હતો લગન થયા પછી મોટાઓને પગે પડવું. તેથી મદનરેખા પરણીને આવ્યા અને જેઠને પગે પડ્યા, પંણ મોટાભાઈને નાનાભાઈની પત્નીનું મુખ જોવા મળતું નથી. એટલો લાજનો ઘુમટો ખેંચેલો છે. આવી મર્યાદાથી વાતાવરણ પવિત્ર રહેતું હતું. પહેલાનાં વખતોમાં જુદા જુદા નગરની પ્રશંસા સાંભળવા મળતી હતી. ભાઈ ! નગરમાં લોકો આંધળા-બોબડા અને બહેરા હતા. એમ કેમ ? તો કહો કે "બીજાની નિંદા કરવા માટે તેઓની પાસે જીભ નહોતી એટલે બોબડા." "બીજાના અવર્ણવાદ સાંભળવા કાન ન હતા. એટલે તેઓ બહેરા હતા." અને "પરસ્ત્રીને જોવા માટે આંખ ન હતી એટલે તેઓ આંધળા હતા." માટે તો **ઈલાચી પુત્રને** યાદ કરવા પડે કે તેમને કેવળજ્ઞાન કોને અપાવ્યું ? ઈલાચી પુત્ર શેઠીયાના દીકરા હતા. પણ નટડીને દેખીને નક્કી કર્યું કે પરણવું તો આ નટડીને જ પરણું. ઉંમર થઈ, બાપા કહે માંગા આવે છે. દીકરા બોલ હવે કોને પસંદ કરવી છે. આ ઈલાચી પુત્ર કહે હું તો નટડીને જ પરણું. પણ આનાથી બીજી સારી શેઠીયાઓની દીકરીઓ મળે છે. ના, મારે તો આ નટડી આગળ બધી કૂબડી છે. ના માન્યું અને શેઠે બજાણિયાને કહ્યું તારી કન્યા મારા દીકરાને આપ. જો શેઠ, ! અમારી કન્યા તેને જ આપીએ કે જે અમારી વિદ્યા શીખે, અમારો ધંધો કરીને કમાઈને પછી આખી નાતને જમાડવી પડે પછી કન્યા મળે. આ જોદ્ધા જેવા રાગનું કારણ છે. અને કામરાગ ભૂંડો છે તે ન કરવાના કામ કરાવે. ઊંચાકુળનો આ નબીરો બજાણિયાની જોડે ફરે છે, અને એના દાવ શીખે છે. એમાં એકવાર ૨૦ ફૂટ ઉંચે દોરડા ઉપર હાથમાં બાંબુ લઈને નાચે છે. તેમાં કેવળજ્ઞાન થાય છે. કોનો પ્રભાવ ? નાચતા નાચતા એક હવેલીનાં આંગણામાં રૂપરૂપની અંબાર પદ્મીની સ્ત્રી લાડુ ભરેલો થાળ લઈને ઊભી છે અને કહે છે મહારાજ લાભ આપો. પણ મહારાજ લેતા નથી ઊભા છે. કેમ ઊભા છે ? તો કાંઈ અભિગ્રહ વગેરે હશે કે એ બહુ આગ્રહ કરે, રોવે તો વહોરવું પણ મહારાજ વહોરતા નથી ઊભા છે છતાં તેમની નજર ઊંચી જતી નથી. પદ્મીની સ્ત્રી મોદકનો થાળ ભરીને ઊભી છે અને કહે છે કે લો લો પણ

મહારાજ લેતા નથી. પેલો ઈલાચી વિચારે છે કે હું જોવું છું કે આ પદ્મીની જોતા મારી નટડી કૂબડી લાગે છે તો શું સાધુ મટકું મારે છે ? ના, સાધુથી સામે ન જોવાય.

આજના જમાનાએ દાટવાળી દીધો છે. સળગતી આગને બંધ કરવા પાણી આપવાને બદલે ઘાસતેલનાં ડબ્બા આપ્યા છે. કારણ કે ટી.વી., વીડિયો, સિનેમા... તમને લોકોને કાંઈ લાગતું નથી ? બસ એક જ વિચાર છે છોકરા શું કરે ? એમ કરી કરીને ઘરે ટી.વી. વગેરે વસાવો છો. આજના છોકરાઓએ 'દિ' ઉઠાડ્યો છે. પેલા **બાદશાહને** બધા ના પાડે છે. સતીના દર્શન અમે કરાવી શકીએ તેમ નથી. ત્યાં બાદશાહને થાય છે કે કમનસીબ મારું છે કે મને સતીમાના દર્શન ન મળ્યા, બ્રાહ્મણ કહે સતીમાના દર્શન કરવાથી પુણ્ય મળે છે એમ અમારા શાસ્ત્રો કહે છે કારણ કે સતીને પોતાનું સતીત્વ સાચવવા ભારે તકેદારી હોય છે. સંસાર ઉપર નફરત હોય છે. તકેદારીથી કેમ રહેવાનું ? કારણ એક જ છે કે આ સંસારનો ભરોસો નથી એમ જીવનોય ભરોસો નથી. આ ધંધો તો અનંતકાળથી કરતા આવ્યા કૂતરા થઈને કૂતરીની પાછળ દોડ્યા. આવા જગતમાં જીવવું છે તો મનમાં ગાંઠ જોઈએ કે પરસ્ત્રીને જોવા માટે મારી આંખ ઉપર સવામણ ભારે સીસું મૂક્યું છે. આંખની પાંપણ જ ઉંચી ન થાય. પરસ્ત્રી પર, માલ પર, મિલકત, પરધન ઉપર નજર ન નંખાય.

શ્રાવક નદીએ થઈને જતો હતો. વરસાદ પડવાથી મકાનની ભેખડ તૂટી પડી હતી. બહાર નીકળી ગયો તો બચી ગયો તેની હાશ થઈ છે પણ ઉંચે જોતા હાય થાય છે. મૂઠી વાળીને દોડ્યો. શું જોયું તે મૂઠીવાળી ભાગ્યો ? તાંબાનો કળશો જોયો. તેમાં ચરું ઝગમગતો જોયો કારણ કે આડો દાટેલો ભેખડ પડી એટલે તાંબાનો કળશો સીધો થઈ ગયો હતો એટલે મોઢું ઊંચું થઈ ગયું હતું. તેમાંથી ઝગમગતા રત્નો જોયા માટે ભાગ્યો. કારણ કે જો એ જોતા જોતા હૈયામાં ચોંટી જાય તો ચોરીનું પાપ કરાવે ! પર ધન ઉપર નજર નાખવી ભૂંડી છે. **પરધનનું દર્શન પણ બુદ્ધિ બગાડનાર છે તેમ પરસ્ત્રીનું દર્શન પણ બુદ્ધિ બગાડનાર છે.** રાવણે સીતાને કેમ ઉપાડી ? સીતાને તેણે તો જોઈ નથી પણ બહેન સુપર્ણખાએ ચડાવ્યો હતો. તેથી સીતાને ઉપાડવા રાવણ જોગીનું રૂપ કરીને આવ્યો હતો અને આ બાજુ રામ-લક્ષ્મણ લડવા ગયા છે. ભિક્ષા દો ભિક્ષા દો કરતા કરતા સીતાને ત્યાં આવ્યો. સીતા આટો આપવા બહાર આવે છે અને રાવણ ઉપાડીને પોતાના વિમાનમાં બેસાડીને ચાલી ગયો. આ કોણે ભુલાવ્યો ? **પરસ્ત્રીનાં દર્શને ભુલાવ્યો.**

પેલો બાદશાહ નિરાશ થયો એક પણ સતી નહિ મળે ? આ જગતમાં સતીનો દુકાળ છે ? રાગદ્વેષ, કામક્રોધ એ બધા કષાયો પહેરેગીર જેવા છે તે જ્યાં

સુધી ખખડધજ ઊભા છે ત્યાં જીવનો છુટકારો થવો શક્ય નથી. કષાયોને કાઢવા અભિષેક પૂજા છે. ભગવાન હવેથી તમને મારા હૃદયની ગાદી ઉપર બેસાડું છું એમ થાય...

પેલી સરસ્વતીને આ બાજુ દેવદિન્ન ઉંમરમાં આવી ગયા છે, ઘણાં માંગા આવે છે. મા-બાપ પૂછે છે બોલ કોની કન્યા સાથે નક્કી કરવું છે ? તો પેલો ના પાડે છે. તો શું પરણીશ નહિ ? પરણીશ ખરો પણ પેલી સરસ્વતીને. એમ તો એમ આના બાપે સામેથી સરસ્વતીનાં બાપાને પૂછ્યું તમારી કન્યા મારા દીકરાને આપો. ત્યારે સરસ્વતીને તેનાં બા-બાપુજી પૂછે છે બોલ સરસ્વતી આ માંગુ આવ્યું છે. તને પસંદ છે ને ? ત્યારે સરસ્વતી કહે. બાપુ ! આ શું બોલ્યા ? આપે આ વિષયમાં મને પૂછવાનું હોય જ નહિ. અમને ખબર પણ શી પડે ? આજના જમાનામાં જાતે જોવે છે એટલે તો ૧૨ મહિને છૂટાછેડા લેવાના દા'ડા આવે છે. કારણ કે આજના જુવાનીયા શું જોવે ? એ તો જુવે તને ઇંગ્લીશ આવડે છે ? યસ, નો કરી કરીને પરણે ને પછી ભવાડા કરે. માટે સરસ્વતી કહે બાપુ તમે જે કરો તે પસંદ છે. લગ્ન નક્કી થયા પછી લગન થઈ ગયા. હવે પેલો તેડતો નથી. મા-બાપ ઘણું કહે છે જા ને જા વહુને તેડી લાવ. ત્યારે કહે છે હજુ કયાં ઉંમર વહી ગઈ છે ? લાવશું. આજ લાવું કાલ લાવું કરતા ૧૨ મહિના નીકળી ગયા.

સરસ્વતીના બાપા કહે અમે તને કૂવામાં ઉતારી દીધી. તારી જિંદગી બગાડી કોણ જાણે જમાઈ કેમ હઠે ચડ્યો છે ?

"દિવ્ય-દર્શન" - "શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧" અષાડ વદ-૧

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ૯ મું અધ્યયન. વ્યાખ્યાન-શ્રી **નમિરાજર્ષિ ચરિત્ર.**

चइउण देवलोगाउंसे, उववण्णो माणुसंमि लोगंमि ।
उवसंत मोहणिज्जो, सरइ पोराणिअं जाइं ॥१॥

પરમ પવિત્ર મહામંગલકારી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું વાંચન શરૂ થાય છે. આ ઉત્તરાધ્યયન સૂત્ર એટલે જેમાં ૩૬ અધ્યયનો છે. **તેમાં જે પદાર્થો આવે છે તે ત્રિલોકનાથ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ છેલ્લી દેશનામાં કહેલા છે.** કેમ જાણે ભગવાનને ઉમળકો થયો હશે કે હવે મારે જાવું જ છે તો આ પંચમકાળનાં જીવોને માલ આપી દેવા દે... સામાન્યથી ભગવાન શ્રી તીર્થંકર દેવોની દેશના ૧ પહોરની હોય છે પણ ભગવાન મહાવીર સ્વામીએ આપણા ઉપર ગજબનો ઉપકાર કરવા ૧૬ પહોર દેશના આપી... દેશનામાં શું કીધું ? પુણ્ય અને પાપને કહેનાર ૧૦

અધ્યયન બતાવ્યા. ઉત્તરાધ્યયનના ૩૬, તેમાં ૧લું અધ્યયન વિનયનું છે પછી **નવમું અધ્યયન નમિરાજર્ષિનું** છે. બહુ જ અદ્‌ભુત અને તત્ત્વથી ભરેલું છે, કારણ કે તેમાં નમિરાજર્ષિને ઈન્દ્રે કરેલા પ્રશ્નો તેમજ તેનાં નમિરાજર્ષિએ આપેલ ઉત્તરો છે. સવાલ આધુનિક જમાનાને ઊઠે એવા, અને તેના જવાબ અદ્‌ભુત રસાળ અને તત્ત્વપૂર્ણ છે.

ઈન્દ્રને સવાલ કરવાનું કારણ શું ? કારણ એક જ કે નમિરાજર્ષિ પોતે પૂર્વનાં ત્રીજા ભવમાં ચક્રવર્તી હતા. તે છોડીને ચારિત્ર લીધું અને સુંદર સાધના કરી દેવલોકમાં ગયા. ત્યાંથી અહીં નમિરાજા તરીકે જનમ થાય છે સહેજ વાતમાં ચારિત્ર લેવાનાં છે. એવા મહાન આત્માનો જન્મ જંગલમાં થયો. માતા મદનરેખા મહાસતી હતી. જેઠનાં ભયથી ભાગીને જંગલમાં આવેલી. દિવસો ભરાઈ ગયા હોવાથી નમિરાજાને જંગલમાં જનમ આપ્યો. જન્મ આપી સાફસૂફી કરીને આંગળીએ વીંટી પહેરાવી કામળમાં લપેટીને ઝાડની નીચે મૂકીને પોતાની અશુદ્ધિ સાફ કરવા નદીએ ગઈ છે. ત્યાં હાથીએ ઉછાળી અને ઉપરથી એક વિદ્યાધરે ઉંચકી લઈ પોતાના વિમાનમાં બેસાડી લઈ ચાલ્યો એને થયું આ તો આયતો માલ છે. આ કહે હું તને રાણી બનાવું. આ **મદનરેખા** કહે મને નીચે પડી જવા દો... કારણ કે હું શીલની રક્ષા માટે રાજરાણી થવાનું મૂકી જેઠ રાજાનાં ભયથી નાના છોકરાને મહેલમાં મૂકી જંગલમાં આવી તો અહીં તું પાછળ પડે છે ? આ બાજુ કોઈ રાજા રયવાડીએ નીકળ્યો છે અને આ **નમિકુમારને** જોયો તરત જ ઉપાડી લીધો. એને થયું કે છે તો રાજકુમાર જેવો, દેવ જેવું કોમળ શરીર, મારે તો જરૂર છે. એમ તે નમિકુમારને લઈ ગયો. અને ઘરે આવી રાણીને કહે, લો ! તમારે ગર્ભની ૯ મહિના પીડા ભોગવ્યા વિના રાજકુમાર તૈયાર મળ્યો છે.

નગરમાં જાહેર થયું કે રાણીને ગુપ્ત ગર્ભ હતો. પુત્રનો જન્મ થયો છે. જોગાનુજોગ બન્યું એવું કે પુત્રનું આગમન થયું અને સીમાડાનાં બધા રાજાઓ ભેટણાં લઈને આવે છે અને આ રાજાની આણા માથે ધરે છે. આ પુત્રે આવીને બળવાખોર ખંડિયા રાજાઓને નમાવ્યા તેથી પુત્રનું નામ **નમિકુમાર** રાખ્યું પુત્ર તરીકે ઉછેરે છે. ઉંમરમાં આવી ગયા. મોટા થયા બાપાને વૈરાગ્ય થવાથી પુત્રનમિને રાજપાટ આપીને પોતે સંન્યાસી થયા. નમિ રાજા બન્યા છે. પોતાનો પટ્ટહસ્તિ હાથીશાળામાંથી ભાગી ગયો. અને બીજા રાજાનાં રાજમાં જવાથી ત્યાંના રાજા ચંદ્રયશે તે હાથી કબજે કરી પોતાની હાથીશાળામાં બંધાવ્યો. નમિરાજા માણસોને મોકલે છે. તો ચંદ્રયશ રાજા કહે હાથી તો મારા રાજમાં આવ્યો મારો કહેવાય. તમને હાથી નહિ મળે. નમિરાજા કહે તો અમે લડાઈ કરીને મેળવશું.

કોની સામે યુદ્ધ ? પોતાના મોટાભાઈની સામે. જો કે નમિરાજાને ખબર

નથી કે આઠ વર્ષના બાબાને મહેલમાં મૂકી મા જંગલમાં ગઈ અને ત્યાં મારો જન્મ થયો છે. મા સાધ્વી બની છે અને આ યુદ્ધનાં સમાચાર મા સાધ્વીને મળ્યા. સાધ્વીને થયું આ બંને ભાઈઓ યુદ્ધ કરીને ક્યાં જશે ? લાવ હું જાઉં ત્યાં અને બંનેને સાચી હકીકત જણાવું જેથી યુદ્ધ અટકી જાય. એટલે મહાસતી મદનરેખા સાધ્વીપણે યુદ્ધ મેદાન પર જયાં બંનેની છાવણી છે ત્યાં આવી. સાધ્વી નમિરાજાને કહે તું મારો દીકરો છે તને મેં જંગલમાં જન્મ આપ્યો હતો. હું સાફસૂફી કરવા ગઈ અને ત્યાં જે બનાવ બન્યો તે કહ્યો. નમિરાજાની ધાવમાતાને બોલાવી અને કહ્યું બોલ સાચું ! આ નમિરાજાને જંગલમાંથી લાવ્યા કે નહિ ? ધાવ માતાએ તેની આંગળી પરની વીંટી બતાવી તેની ઉપર મદનરેખાનાં પતિનું નામ હતું તે જોઈ નમિરાજાએ સાચું માન્યું અને હવે શું કરું ? સાધ્વી કહે તું કોની સામે લડાઈ કરીશ ? તે તો તારો જ મોટોભાઈ છે. જા ત્યાં અને માફી માંગ અને લડાઈ બંધ કર...

પણ નમિરાજા કહે હું શેનો જાઉં ? હાથી મારો છે તે બીનકાયદેસર લઈ ગયો છે હું મોટા ભાઈને પગે ન પડું. તો પછી સાધ્વી પોતે રાજા ચંદ્રયશનાં દરબારમાં ગયા અને ચંદ્રયશ મા સાધ્વીને જોતા જ ઓ મા ! તમે સાધ્વી બની ગયા છો ? અમને તો ચિંતા હતી કે માનું શું થયુ હશે ? વાત કરતા કરતા કહ્યું કે તું જે લડાઈ કરે છે તે કોની સામે ? તે બીજો કોઈ નહિ પણ તારો જ નાનો ભાઈ કે જેને મેં જંગલમાં જન્મ આપ્યો હતો. આ જાણીને જ ચંદ્રયશ રાજાને થાય છે કે અરેરે ! મેં આ શું કર્યું ? નાનાભાઈનો હાથી લઈને બેઠો અને વળી લડાઈ કરવા તૈયાર થયો ? ચંદ્રયશ ગયો નમિરાજાની પાસે અને બંને ભાઈ ભેટી પડ્યા. આંખમાં હર્ષનાં આંસુ છે.

હવે નમિને ચંદ્રયશ રાજા પોતાના રાજમાં લઈ ગયો અને સિંહાસન ઉપર બેસાડી જાહેર કરે છે. 'સાંભળો અમલદારો, મંત્રીઓ, સામંત રાજાઓ ! આજથી તમારો રાજા હું નહિ પણ નમિરાજા, આજથી તમારે તેની આણા માનવાની.' નમિરાજા કહે પણ મોટાભાઈ આ શું કરો છો ? ચંદ્રયશ કહે છે બરાબર છે. સંસાર આખો જોયો છે, અડધા શરીરે કપાયેલા પિતાને સમાધિ આપનાર મા હતી. કારણ કે મોટાભાઈને ક્ષમા અપાવી અને ચોરાશી લાખ યોનિને ખમાવી પાપ વોસરાવી અને પાંચમાં દેવલોક મોકલનાર કોણ ? આ પ્રતાપ **મા સાધ્વીનો** છે. જો એ ન હોત તો આ કંઈ ન બનત. પિતાને તો સમાધિ મળી. પણ મને મલશે કે નહિ. કોને ખબર ? માટે જ હવે હું ચારિત્ર લઈશ અને તું બે રાજ્યનો રાજા...

હવે નમિ ૧ રાજ્યનો રાજા મટી ૨ રાજ્યનો રાજા બન્યો છે. રાજ્ય તો ચાલે છે, પણ એમાં એકવાર શરીરમાં દાહજ્વર થયો શરીર આખું બળું બળું થાય

છે, બહારથી બળે અંદરથી બળે, ચારેકોરથી બળે છે. જે મહાન આત્મા છે તેને આવી પીડા આવી શકે ? હા, આવી શકે, માટે જ **ભગવાન મહાવીર** સ્વામીને કેવળજ્ઞાન પછી ગોશાલાએ તેને લેશ્યા મૂકી અને છ માસ સુધી ઝાડા થયા હતા. આ તો કર્મસત્તા છે. અંદરમાં કર્મોનો મોટો કોથળો છે તેમાંથી ક્યારે કયું બલાહું બહાર આવે તે ખબર ન પડે. તેમ **નમિરાજાને** પણ આવું જ થયું અને **ભગવાન પારસનાથને** પણ ભવે ભવે કર્મની પીડા આવતી હતી. કોણ આપતું હતું ? પાપી કમઠ આઠમે ભવે પીડા દેવા આવ્યો. ભગવાનનો જીવ મુનિ છે. કમઠ સિંહ થઈ આવ્યો છે. જંગલમાં મુનિ છે ત્યાં સિંહે ત્રાડ નાખી તરત મુનિ ઊભા રહી ગયા. વિચાર એક જ કર્યો કે સિંહ આવીને ખલાસ કરે અને હું નીચે પડું તો કોઈ કીડી વગેરે જીવો મરી જાય. માટે પહેલેથી જ સંથારા પોરસિ કરવા દે. અને મુનિએ ૮૪ લાખ યોનિના જીવોને ખમાવી જમીન પૂંજીને અણશન કર્યું. સિંહ આવીને જામફળની જેમ બટક, બટક ખાધું. આ ભવમાં ભગવાને તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું છે.

નમિરાજા પૂર્વ ભવે ચક્રવર્તી હતા. મુનિ બન્યા પણ સાધના અવલ્લ કોટીની કરી છે. પ્રમાદ વિનાની સાધના કરી અને તરત દેવલોકમાં ગયા છે. ત્યાંથી અહીં નમિરાજા બન્યા છે અને કર્મ ઉદયમાં આવ્યું. શરીરમાં બળતરા અપાર છે, વેદના અસહ્ય છે. ત્યારે બધી રાણીઓ ગભરાઈ ગઈ છે. રાણીઓ પોતે સુખડ ચંદન ઘસી વિલેપન કરે છે તે પણ તાજા વિલેપન ચાલુ છે. નમિરાજા તો આંખ બંધ કરીને પડ્યા છે. રાણીઓ જે વિલેપન ઘસે છે, તેને ઘસતા ઘસતાં હાથમાં પહેરેલાં બલૈયાનો એકબીજાને અથડાવાથી અવાજ થાય છે. તે સાંભળીને રાજા કહે છે કે આ કોલાહલ શાનો છે ? મારાથી સહન થતો નથી, સંસાર કેવો છે ? આ જ રાણીઓ જ્યારે પરણીને રાજમહેલે આવી અને ત્યારે હાથનાં બલૈયા અને પગનાં ઝાંઝરનો અવાજ રણકાર લાગતો અને આનંદ થતો હતો. એજ રાણીઓ આજે ચંદન ઘસે છે અને બલૈયાનો અવાજ સહન થતો નથી. રણકાર નથી લાગતો પણ કાનમાં શૂળની જેમ ભોંકાય છે. તમે બધા આ સંસારની લીલા ભોગવીને શું કરશો ? મારો ફલેટ મારો ફલેટ કરો છો પણ તેજ ફલેટ ફેર કરી દેશે. આજે ધર્મ કરવામાં આનાકાની કેમ થાય છે ? ઝેર જેવા વિષયોમાં સુખની ભ્રમણા છે માટે, આ વિષયોના સુખને તુચ્છ સમજો, તણખલા જેવા જાણો. આવી સરસ ચોમાસી આવે ને, સાધુ મહારાજનાં વ્યાખ્યાન સાંભળવા મળે છે. લાવ કંઈક ત્યાગ-તપ-કરું અને ચોમાસું સફળ કરું. એવી ભાવના જ નથી થતી.

રાણીઓ સમજી ગઈ કે કંકણનો અવાજ અત્યારે એમનાથી સહન થતો નથી એટલે તરત એક જ સૌભાગ્યનું કંકણ રાખી બાકી બધા બલૈયા ઉતારી દીધા.

એટલે અવાજ બંધ થયો. એટલે રાજા કહે કેમ હવે કોલાહલ બંધ થયો ? રાણીઓએ તો સ્વભાવિક જવાબમાં કહ્યું કે "અનેક કંકણ હતા એટલે સંઘર્ષ થતો હતો એનો કોલાહલ હતો. હવે એક જ કંકણ છે તે કોની સાથે અથડાય એટલે સંઘર્ષ નથી અને અવાજ પણ નથી."

"અનેક છે ત્યાં સંઘર્ષ છે કોલાહલ છે. એક હોય તો સંઘર્ષ પણ ક્યાંથી અને કોલાહલ પણ ક્યાંથી." નમિરાજાએ આ સૂત્ર મન ઉપર લીધું. વાત સાચી છે મારા જ્ઞાની ભગવાનો પણ એ જ કહે છે કે તું એકલો છે. **'એગોઽહં નત્થિ મે કોઈ'** આ વિચારમાં ચડી ગયા અને વિચારે છે કે હું જ અનેકમાં બેઠો છું માટે મારે સંઘર્ષ છે. આ શું લઈને બેઠો ? હું ને મારું રાજ, હું ને મારું ઘર, હું ને મારો પરિવાર, હું ને મારી પ્રજા, હું ને મારું લશ્કર. માટે આ પ્રકારની વેદના વેઠવાની ? હું ક્યાં ભૂલો પડી ગયો ? પૂર્વમાં અદ્‌ભુત કોટિનું ચારિત્ર લઈને ઉત્તમ સાધના દ્વારા વૈરાગ્યને પ્રદીપ્ત કર્યો છે. માટે આ જીવનમાં પણ તેના સંસ્કાર જ આ વિચાર કરાવે છે. બસ, **હું એકલો છું, મારું કોઈ નથી, જ્ઞાનીઓ કહે છે કે તું કર્મ બાંધવામાં એકલો છે, ભોગવવામાં એકલો છે.** તમે વ્યાપાર તો એકલા જ કરો છો ને ? ઘરવાળા કોઈ ત્યાં ભાગ કરાવવા આવતા નથી. સાચાના જૂઠા કરવામાં પણ એકલા જ છો, બધું એકલા જ કરો અને પછી કર્મ કહે છે **'જે કરે તે ભોગવે'** ઘરમાં શ્રાવિકા સાચા હોય તો કહી દે કે અમારે હીરા-માણેક બંગલા જોઈતા નથી. અમારે તો સાદાઈ ચાલશે. સાચા જૂઠા કરવા રહેવા દો. કદાચ શ્રાવિકા તથા ઘરનાં બધાં આવું કહીને છૂટી શકે છે પણ **તમે તો કર્મ કરવામાં એકલા જ છો એટલે ભોગવવામાં પણ એકલા જ છો.**

ભગવાન મહાવીર દેવનાં વખતમાં **કાલસૌકરીક કસાઈ** હતો. મરી ગયો પછી કુટુંબીઓ તેના છોકરા **સુલસને** કહે છે હવે આ બાપાનો છરો લઈ તેમનો ધંધો રોજના ૫૦૦ પાડા કાપવાનો હતો, તું પણ તે ધંધો કર. છોકરો ના પાડે છે. તો ભાઈ, બાપુનો ધંધો તો કરવો પડે ને ? તો બાપા તો કૂવામાં પડી મરી ગયા તો આપણે કૂવામાં પડીને મરી જવાનું ને ? કેમ બાપુનો ધંધો તે મારે કરવાનો ? ધંધો કરી પાપ મારે કરવાનું ? તેના ફળ દુર્ગતિમાં મારે ભોગવવાના, તેમાં તમે બધા ભાગ પડાવવાના છો ? બધા કહે, હા અમે ભાગ પડાવશું. એટલે સુલસ ઘરમાં ગયો અને કુહાડો લઈ આવીને પોતાના પગ ઉપર મૂક્યો પગમાંથી લોહી જાય છે. બધા કહે અરે સુલસ તેં આ શું કર્યું ? પણ થયું તે સાચું પણ હવે મારાથી સહન થતું નથી. તમે બધા થોડું થોડું દુઃખ લઈ લો." અને બધા કહે ભાઈ ! શું થાય ? અમે શું કરીએ ? સુલસ કહે, બસ તો પછી જો આ દુઃખમાં ભાગ નથી પડાવી શકતા, તો હું જે ધંધો કરું તેના ફળમાં દુર્ગતિ મળે તે સમયે તમે ક્યાંથી

ભાગ પડાવવાના છો ?

સુલસને **અભયકુમારે** કહ્યું હતું કે તું જો તારા બાપની જેમ હિંસા કરીશ તો તારી પણ દશા તારા બાપ જેવી થશે. બાપ માંદો હતો અને પાણી માંગે તો ઠંડું પાણી આપે તો પેલો કહેતો હાય હાય ! એક તો બળતરા થાય છે અને તેમાં આવું ગરમ ગરમ પાણી ? રૂ ની ગાદી ખૂંચે છે તો રેશમી કરી આપી તો કહે હાય હાય ! આ તો વધારે ખૂંચે છે, ચંદનના લેપ કરે તો કહે આ તો કાંટા ભોંકાય છે. બળતરા વધી જાય ત્યારે છોકરો અભયકુમારની સલાહ લેવા ગયો તો અભયકુમારે કહ્યું કે ગટરના પાણી પા, વિષ્ટાનો લેપ કર, અને કાંટાની પથારીમાં સુવાડ અને જો તેને આમાં ઠંડક થતી હોય તો સમજજે કે આ નરકમાં જવાનું છે. એટલે ત્યાંની વેદનામાનું એક સેમ્પલ છે. આનાથી તેને આનંદ થાય તો સમજવાનું કે આ નરકની એંધાણી છે. અને ઘરે આવી અભયના કહેવા મુજબ ગટરનું પાણી આપ્યું. તો હાશ થયું. હવે ક્યાંથી આવું ઠંડું પાણી લાવ્યો ? વિષ્ટાનો લેપ કરાવ્યો તો હાશ ! આ ચંદન બરાબર છે. અને કાંટાની પથારીમાં સુવાડ્યો તો કહે હાશ ! આ કેવી સરસ રેશમી અને મશરૂમની ગાદી લાવ્યો. આ જોયું માટે સુલસે ધંધો ન કર્યો.

નમિરાજા વિચારે છે કે બધામાં હું એકલો છું. હજુ તો કાલસૌકરીક નરકમાં છે અને ત્યાંની વેદના જે છે તે તો હજી પાશેરામાં પહેલી પૂણી થઈ છે. કારણ કે ૭ મી નરકનું આયુષ્ય ૩૩ સાગરોપમનું છે. એ કસાઈ એ ભૂલી ગયો હતો કે હું એકલો છું, જો એકલો છું તો બધાની આળપંપાળ મારે શા માટે કરવી જોઈએ ? મારા આત્માને કેમ ભૂલું ? આ વાત તેના મનમાં આવી નહોતી. અરિહંતાદિ મારા હૈયામાં હોય તો જ મને સદ્‌ગતિ મળે. હૈયામા પોતાની જોયેલી પાંચ પેઢી હોય તો સદ્‌ગતિ ન મળે આ વાત તે ભૂલી ગયો હતો. એકાકીપણું જો ખ્યાલમાં આવે તો હૈયામાં દેવ-ગુરુ-ધર્મ વસી જાય.

હું એકલો છું એમ સમજનારી પેલી **સરસ્વતી,** ધણીએ બોલાવી નહિ તો મા-બાપ કહે છે અમે તને કૂવામાં ઉતારી દીધી. તો **સરસ્વતી** તેનો જવાબ આપે છે કે પિતાજી ! તમે મનમાં જરાય ચિંતા ન કરો તમે તો મારા ઉપકારી છો. વ્યવહારથી તો છો જ કેમ કે ઉછેરી મોટી કરી પણ તમે મને એવો મુરતિયો શોધી આપ્યો કે જેને મને **"પરણ્યા બરાબર બ્રહ્મચર્યનું દાન કર્યું"** હું જરા સત્ત્વહિન હતી. એટલે ઘર માંડ્યું. પણ પતિએ સગવડ કરી આપી. હવે નક્કી જ છે કે મારા માથે લોકમાં કલંક ચડ્યું છે તે ઉતરી જાય એટલે ચારિત્ર લેવું. કલંક તો એ કે લોકોને બોલવાનુ મળ્યું કે હશે કાંઈ દાળમાં કાળું. એનામાં કાંઈ હશે એટલે ધણી નહિ બોલાવતો હોય. આ બાજુ પેલો **દેવદિન્ન** આગ્રહ કરી હઠથી પરદેશ ગયો છે.

સાસુ-સસરાએ પોતાને ત્યાં તેડાવી લીધી છે. સાસુ-સસરા તેને કહે છે મારો દીકરો કુલાંગાર પાક્યો તેને પોતે જાતે નક્કી કર્યું અને પરણ્યો છતાં તને રખડતી મૂકી ગયો. તો સરસ્વતી સાસુ-સસરાને એ જ કહે છે કે આવું ન બોલો તે તો ઘણા ઉપકારી છે, અનંતા ભવોમાં કોઈ એવો પતિ નહિ મળ્યા હોય કે જેણે પરણ્યા બરાબર બ્રહ્મચર્ય પાળવાની સુંદર તક આપી હોય. આ તમારા દીકરા તો બહુ જ ઉપકારી છે તમે ચિંતા ન કરો. મને હવે સંસારના સુખોના કોડ નથી રહ્યા.

નમિરાજા દાહની કારમી પીડામાં આ વિચાર લાવે છે કે હું શા માટે અનેક થાઉં? જો આ દાહ શમી જાય તો એકલા થવું. એટલે ? બસ, **'જો આ દાહ આજની રાતે જાય તો સવારે દીક્ષા લઈશ.'** હું સાજો થાઉં અને સાજો થઈશ પછી દીક્ષા લેવાનો વિચાર કરીશ જોઈશ, એવું કાંઈ નહિ, નિર્ધાર કર્યો કે, "આ દાહ જો શાંત થાય તો મારે કાલ સવારે ચારિત્ર લેવું અને આ નિર્ધારનો પ્રભાવ પડ્યો ને કેટલાય દિવસોથી નિદ્રા નહોતી આવતી તે નિદ્રા આવી જાય છે અને ઊંઘમાં સુંદર સ્વપ્ન આવે છે અને સવારમાં ઊઠીને જુવે છે, નખમાંય રોગ નથી.

પોતે નિર્ધાર કર્યો છે માટે ચારિત્ર લેવાની ભાવના કરે છે. દેવતા આવી વેશ આપે છે. તે વેશ પહેરી નીકળી જાય છે. આખું રાજ્ય ભેગું થઈ ગયું છે. રાણીઓ રોવે, સેનાપતિ રોવે, સૈનિકો રોવે, પ્રજા પણ રોવે છે, પણ નમિરાજા બધાને કહે છે શાંતિ રાખો, દાહમાં ઘોર પીડા મેં એકલાએ સહન કરી છે. તમે માત્ર વિલેપન કરી જાણો પણ અંદરની આગ જેવી વેદના કોઈએ લીધી નથી. માટે મેં સંયમનો નિર્ધાર કર્યો અને તેના હિસાબે હું બચી ગયો છું. એટલે જે ધર્મે બચાવ્યો તે ધર્મના શરણે જાવું છું. નમિરાજા પ્રત્યેક-બુદ્ધ બનીને નીકળ્યા છે. **પ્રત્યેક બુદ્ધ** એટલે જેને ગુરુએ બોધ નથી આપ્યો. જાતે જ બોધ પામી વૈરાગ્ય પામી સંયમ લે છે. દેવલોકમાં ઈન્દ્રને થાય છે લાવ, જરા આમનું પારખું કરું. તેમ કરીને ઈન્દ્ર બ્રાહ્મણ વેશે આવે છે. અને નમિરાજાને સવાલ પૂછે છે અને એક એક સવાલના જવાબ મન ડોલાવી દે તેવા છે.

"દિવ્ય-દર્શન" -"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૨" અષાડ વદ-૨

નમિરાજાએ 'કંકણ ઘણા હોવાથી સંઘર્ષ થાય છે, જેથી કોલાહલ થાય છે આ નિમિત્ત' - આ સૂત્ર મનમાં લઈને તારવણી કાઢી કે હું અનેકમાં છું. સંગમાં છું. સંગ છૂટી જાય તો હું નિઃસંગ-એકાકી બનું. આ વિચારમાં ચડ્યા છે અને નિદ્રા આવી ગઈ અને નિદ્રામાં સ્વપ્ન આવ્યું. સ્વપ્ન પણ અદ્‌ભુત છે. **"જાણે કે પોતે મેરુ પર્વત ઉપર ચડીને રતનનાં સફેદ સિંહાસન ઉપર બેઠો છે."** એક બાજુ આ

સ્વપ્ન છે. બીજી બાજુ પૂર્વ ભવનું સ્મરણ થયું. પોતે દેવલોકમાં દેવતા છે એની પૂર્વે ચારિત્ર લીધું હતું અને દેવતા થયા ત્યારે પોતે તીર્થંકર ભગવાનનું જન્મકલ્યાણક ઉજવવા મેરુ પર્વત ઉપર ગયા હતા. અને વાત સાચી છે, કારણ કે દેવતાનું આયુષ્ય મોટું એટલે કે અસંખ્ય વર્ષનું ત્યારે મહાવિદેહમાં અસંખ્ય તીર્થંકરો થાય. એટલે તે બધાને જન્માભિષેક કરવાનો લાભ પોતે મેરુ પર્વત ઉપર જઈને લીધો છે. તે વાત સાચી થઈ. એ તો આપણે ગરીબ છીએ કે આ ભરતક્ષેત્રમાં ભગવાન વિના રહ્યા છીએ તો અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થાય અને ત્યાં આટલા બધા ગાળામાં અસંખ્ય તીર્થંકરો થઈ જાય. અને નમિરાજા પોતે પૂર્વભવના સ્મરણથી સમજી ગયા કે મેરુ મેં સ્વપ્નમાં જોયો તેવો જ દેવપણે જોયેલો છે. માટે તો કહે છે ને કે **"ભાગ્યશાળીને ભૂત રળે."**

એક શેઠ હતો. તેને દેરાસર બંધાવ્યું. વાર તહેવારે પોતે અનેક સંગીત મંડળીઓ બોલાવે અને આજે બાબાની વરસગાંઠ કે પોતાની વરસગાંઠ છે એમ કોઈને કોઈ નિમિત્તથી ભગવાનની ભક્તિ રોજ કરાવે અને પાછા ગામના લોકોને બોલાવે અને પાછા પણ એમ તેમ ન જવા દે ગળ્યું મોં કરાવીને જવા દે. આનું નામ જ મનુષ્ય જીવન, નહિ તો પછી જન્મ મનુષ્યનો અને જીવન જીવે જનાવરનું. તમે બધા કેવા ? ભક્તિ કરો, કેટલી ? ૧૫ મિનિટ. પછી શું ? પછી દુનિયાદારીની સંભાળ. એટલે શું થયું ? તો કહો કે ૧૫ મિનિટનું જીવન મનુષ્યનું થયું બાકીનું પોણા ચોવીશ કલાકનું જીવન જનાવરનું થયું. આ શેઠને તો ભક્તિનું વ્યસન લાગી ગયું. છોકરાઓને કકળાટ થવા માંડ્યો એટલે બાપુજીને કહે બાપુજી ! દેરું તો બંધાવ્યું હવે કેટલા ખર્ચા કરવાના વારે તહેવારે ભક્તિ કરાવો છો ? શેઠ કહે, ભઈલા ! ભગવાન આપે છે કેટલું ? ભેગું જ કરીએ તેમાંથી થોડું ખર્ચીને પ્રભુભક્તિ કરીએ તેમાં શું ? તેની ફરિયાદ કરતા ના આવડી કે વારે વારે કમાઈને ભેગું શું કામ કરો છો ?

આ બધા ધંધા ઊંધા છે. મનુષ્ય જન્મમાં આવીને સંસારની વૃદ્ધિ કરવી હોય તો જીવન જનાવરનું જીવજો. ધર્મખાતે ફરિયાદ કરતા જેને આવડે છે, તેના જીવનમાં સંસારની વૃદ્ધિ છે. શેઠ કહે ભગવાન આપે છે. ચિંતા કરવાની શી જરૂર છે ? એટલે પછી બધું ઉડાડી મારવાનું ? અમારે માટે શું રહેશે ? અલ્યા, પણ તારું નસીબ તારી જોડે નથી ? તમે તમારું નસીબ લઈને આવ્યા છો કે નહિ ? રોજ કચકચ ચાલતી. તેમાં એક દિવસ છોકરાઓએ બાપને સંભળાવ્યું કે "આ ઘરમાં આ રીતે નહિ ચાલે." એટલે પછી આ ઘર તારું એમ ? ભલે, ત્યારે તું રહેજે આ ઘરમાં. એમ કહીને શેઠ-શેઠાણી બંને પહેર્યા કપડે નીકળી પડ્યા. થોડે દૂર જઈને વસ્યા. ઘર ભાડાનું છે, મરચા-મીઠાનો વ્યાપાર ચાલુ કર્યો છે, હવે શાંતિ છે.

મનમાં થાય છે કે આ જંજાળ હતી તો ધર્મ આરાધના થતી નહોતી, એ હવે મસ્તીથી ધર્મ આરાધના ચાલે છે. ભગવાનની પૂજા વગેરે કરીને શાંતિથી મરચાં-મીઠાનો થેલો લઈને નીકળે છે.

"ભાગ્યશાળીને ભૂત રળે." એટલે ત્યાંનો **ક્ષેત્ર દેવતા** હતો એણે જોયું કે **આ શેઠ નામદાર છે,** છોકરાઓએ આ સ્થિતિ કરી છે. તેણે છોકરાઓની દાઢીમાં હાથ નથી ઘાલ્યો માટે તેની સેવા કરવી જોઈએ. આ બાજુ શેઠનું પુણ્ય તો વધતું જાય છે. જોગાનુજોગ એક સાર્થનો આગેવાન જતો હતો. પોતાની પાસે હીરા-માણેકનો થેલો, પણ ભારે કંજુસ હતો. ઓશીકું પણ તેનું કરીને સૂઈ જાય. રખેને કોઈ લઈ ન જાય. દેવતાએ જોયું કે આની પાસે રહેલું ધન નકામું છે અને એ ધન જો આ શેઠને મળી જાય તો શેઠ તેને સારા કામે લગાડી દે. એમ કરી ક્ષેત્ર દેવતાએ બંનેના થેલા બદલી કાઢ્યા. પેલાના માથા નીચે મરચાનો થેલો ગયો અને આ શેઠના ઘરે રતનનો થેલો ગોઠવી દીધો.

શેઠ સવારે સામાયિક, પૂજા વગેરે કરીને હવે બજારમાં વેચવા જવા માટે થેલાને લેવા ગયા તો થેલો ભારે લાગ્યો એટલે ઘરવાળાને પૂછે છે કે તમે આમાં કાંઈ મૂક્યું છે ? ના, તો ખોલીને જુઓને. એટલે થેલો ખોલ્યો અને અંદર તો ઝગમગ ઝગમગતા ઝગારા મારતા હીરા-માણેકના રત્નો હતા. ભાગ્યશાળીને જાતે મહેનત કરવી ન પડે. **"ભાગ્યશાળીને ભૂત રળે...** શેઠ શ્રાવક કહે 'આ ધન પારકું છે. આપણાથી રખાય નહિ' કોઈ માંગતો આવે તો આપી દેવાનું નહિતર પછી રાજદરબારે આપી દેવાનું, ત્યાં આકાશવાણી થઈ. "જો આ ધન રાજા પાસે ગયું તો ગુનેગાર ઠરશો. માટે આનાથી વ્યાપાર કરી નિરાંતે ધર્મ આરાધના કરો." તીર્થંકરોના જન્મ વખતે દેવતાઓ કોઈ ઉછેઘા-નખોઘાનાં ઘરોમાં દાટેલું ધન હોય તે લાવીને ભગવાનનું ઘર ભરે... હવે શેઠનો ધંધો મોટો થયો. છોકરાઓને ખબર પડી કે બાપુજીને સોના-ચાંદીનો ધંધો ચાલે છે. એ તો ઝવેરી થઈ ગયા. છોકરાઓ બાપુજી બાપુજી, કરતા પગ ચાટવા આવ્યા.

નમિરાજાને સ્વપ્ન આવ્યું છે પોતે દેવપણે જે મેરુ જોયો તે જ તેવો જ લાખ યોજન ઊંચો મેરુ તેની ઉપર રતનના સિંહાસન પર પોતે બેઠેલાં દેખાય છે. આવું ક્યાંથી બને ? ભાગ્યશાળી બનો બધું જ ઓટોમેટીક બની આવશે. અને ભાગ્યશાળી બનવા માટે ધર્મ જ કરવો પડે. કંઈક જણા ઊંધું વેતરીને કર્મસત્તાની લપડાક ખાઈને લાંબા થઈ ગયા. તમને શેરબજારવાળાની રેડ પડે એટલે એક રેડમાં હોય તેટલા જાય. કાયાને લેખે લગાડો. વિચાર કરવાનો નથી. જુઓ પહેલા અમલનેરમાં ૧૫૦ ઘરમાં ૨૬ માસખમણ તેમાં ૧૫ પુરુષોને ૧૧ બહેનો તેમાં રોજની ૨૦ કપ ચા અને ૫૦ બીડી પીનાર **મણિભાઈ** ૭૦ વર્ષના હતા છતાં પાયો નાખવા

આવ્યા. નાખ્યો એક દિવસ પારણું કરી દ્વઠ્ઠી ઓળી તેમાં ૭મી ઓળી તે રીતે કરી. એટલામાં માસખમણની વાતો વ્યાખ્યાનમાં થવા માંડી. પેલો કહે તું કરે તો હું કરું. આ રીતે ચડસાચડસી ચાલી તેમાં આ મણિભાઈ પણ આવ્યા સાહેબ ઉપવાસનું પચ્ચક્ખાણ... પણ મણિભાઈ તમે કરશો ? હા, સાહેબ કાળા માથાનો માનવી છું. તેને પૌષધમાં માસખમણ કર્યું. વચ્ચે ૨૪માં ઉપવાસે તાવ આવ્યો. અને ડોકટર આવ્યા મણિભાઈ પારણું કરી દો. ના પાડી અને છોકરાઓ આવ્યા હવે ઘરે ચાલો, તો મણિભાઈ કહે મરીશ તો અહીંયાં જ મરીશ. તમને બધાને થાય છે કે કરું ન કરું ? કરું કે ન કરું ? ૧ થી ૨ ઉપવાસ નહિ કરનારે ૭ ઓળી અને માસખમણ પૌષધમાં કર્યું. તમે બધાએ પાયો નાખ્યો ? જો નથી નાખ્યો તો આ જીવનમાં પાયા વિનાની શી કિંમત ? વ્યવહારમાં પણ બોલાય છે કે પાયા વિનાનાં માનવીની કોઈ કિંમત નથી. બોલો તપ કરીને ભાગ્યશાળી બનવું છે ? ભાગ્યશાળી બનવા ધર્મની સાધના જોઈએ.

નમિરાજાએ પૂર્વે સાધના કરી હતી તો દેવલોક મળ્યો અને નમિરાજા બન્યા. એકબાજુ નિર્ધારથી દાહ શમી ગયો. સવારે ઊઠે છે તો નખમાંય રોગ નથી. હવે તો ચારિત્ર માટે નીકળવું છે. આ બાજુ સ્વપ્ન પણ એ જ કહે છે કે હવે સંસારમાંથી ઊઠી જાવ. સવારે જ મોટા દીકરાને રાજ આપીને ગાદીએ બેસાડી પોતે દેવતાનો આપેલ વેશ લઈને નીકળ્યા છે. પારખું કરવા માટે ઈન્દ્ર બ્રાહ્મણનું રૂપ લઈને આવે છે અને પૂછે છે 'હે નમિરાજર્ષિ ! પણ તમે ક્યાં નીકળ્યા છો ? જરા પાછળ નજર ફેરવીને જુઓ તો ખરા ? મહેલમાંથી હવેલીઓમાંથી, મકાનોમાંથી કરુણ આક્રંદો સંભળાય છે તમને કોઈની દયા નથી આવતી ?' કારણ નમિરાજા પોતે પરગજુ-ઉદાર આત્મા હતા. કુટુંબ તો રોવે છે, પણ પ્રજા પણ રોવે છે કે અમારા દેવના દૂત જેવા રાજા જાય છે. હવે અમારી ઉપર ઉપકાર કોણ કરશે ? આ કકળાટથી તમને હૈયે કાંઈ થતું નથી ? **નમિરાજા રાજર્ષિ બન્યા** છે વિચારપૂર્વક બન્યા છે. પોતાની દશા અનુભવી છે, કોઈએ તેમનું દર્દ ઓછું કરાવ્યું નથી. વિચારે છે કે માત્ર મેં ધર્મનું શરણું લીધું દાહ શમી જાય તો ચારિત્ર લેવું. આ નિર્ધારે દાહ શાંત અને આવું રૂડું ચારિત્ર પામ્યો. જો માત્ર આટલા નિર્ધારથી આટલું કલ્યાણ થતું હોય તો ચારિત્ર લઈ તેનું પાલન કરવાથી તો મારું કલ્યાણ થયા વિના રહે જ નહિ. આ સમજનારી પેલી સરસ્વતી સાસુ-સસરાને ઘરે મા-બાપને સુંદર જવાબ આપ્યો છે કે તમારા દીકરાએ મારી ઉપર બહુજ મહેરબાની કરી છે. આનું નામ જીવન છે. મનુષ્ય જીવન એટલે પશુની માફક ચામડા ચુંથવાનાં નહિ. તમને એમ લાગે કે મારે ચામડા ચુંથવાનું ગયું. જેને એમ હોય કે મારું ગયું તે કંગાળ છે બાકી જેને એમ હોય કે પતિદેવે મારી ઉપર મહેર કરી મને બ્રહ્મચર્યનું દાન કરે છે, તેને એમ

ન લાગે કે મારું ગયું.

વિજય વિજયાને આવું જ બનેલું. એકને શુક્લપક્ષનો નિયમ બીજાને કૃષ્ણપક્ષનો નિયમ હતો એટલે બંનેને આનંદ થયો. આજ વાત ઉપર **સરસ્વતી** મા-બાપને ખુશ કરીને સાસુ-સસરાને પણ ખુશ કરે છે. એટલામાં તો પરદેશથી ચિઠ્ઠી આવી વાંચીને સસરા તો સ્તબ્ધ થઈ ગયા-ગંભીર થઈ ગયા. સરસ્વતી પૂછે કેમ શું છે? કાંઈ નહિ. પણ છે શું? એ તો લખે છે કે 'અહીં એક જોગણનાં ફંદામાં ફસાઈ ગયો છું, જિંદગી સુધી અહીંથી બચવાની છુટવાની આશા નથી.' સરસ્વતી કહે ચિંતા ન કરો. આમાં કાંઈ નથી હું પુરુષવેશે ત્યાં વ્યાપાર કરવા જાઉં અને પતિને છોડાવીને આવું. ત્યારે સાસુ-સસરા કહે છે ના, બેન ના, છોકરો ગયો તેના પાપથી, દુરાગ્રહી હતો ના પાડવા છતાં ગયો. હવે એના કર્યા એ ભોગવે, તને મોકલીને તને ખોવી નથી. તું તો અમારે દીકરાથી ય સવાઈ છે. વળી તું જાય તો બંને ય જાય માટે છોકરો ભલે રહ્યો ત્યાં કેદમાં, મા-બાપને દીકરો ગયાની ખોટ ભુલાવે તેવી આ સરસ્વતી છે. તે કહે, છોકરો ગયો તો ભલે ગયો, હવે તને નથી ગુમાવવી. "જો માણસની લાયકી હોય તો જગત આખું દાસ બનીને આવે." પણ પોતાને જગતની સેવા બજાવતા આવડવી જોઈએ. બાપાની માલ-મિલકત જોઈએ છે, પણ સાચા દીકરાપણું બજાવતા નથી આવડતું. તેમ શિષ્ય બનીને ગુરુ પાસેથી જ્ઞાન-કળા-વિદ્યા અને આચાર્યાદિ પદવીઓ જોઈએ છે, પણ શિષ્યપણું બજાવતા નથી આવડતું. માટે શાસ્ત્રો કહે છે કે સાચા શિષ્ય બનવું હોય તો ગૌતમસ્વામીને યાદ કરો. પોતે બધું જાણે છે, પણ ભગવાનનું એક એક વચન સાંભળીને થાય કે મારે આ તો નવું જ જાણવા મળ્યું." જાણે કે પોતે કાંઈ જાણતા નથી.

પેલો બાદશાહ બ્રાહ્મણને કહે છે કે સતી મળવી શક્ય નથી. બધાએ ના પાડી ત્યારે એક **હાંડા રાણો** સભામાંથી ઊભો થઈ કહે જહાંપનાહ નિરાશ ન થાશો સતીના દર્શન હું કરાવું છું. તેને ખાત્રી હતી કે **પોતાની રાણીમાં** સતીત્વ છે. કારણ કે તેનું જીવન પોતે જોયેલું છે. હાંડા રાણા દિલ્હી આવવા નીકળ્યા તો તેમની પગની મોજડી રાણીએ રાખી લીધી છે. તેની રોજ પોતે પૂજા કરે. રાણો કહે બાદશાહને 'સતીનાં દર્શન હું કરાવું છું.' ત્યાં બાદશાહની બાજુમાં મોલવી બેઠો છે. તેને અંદર સળવળાટ થયો અને બેગમને થયું કે આ કાફરે આખી મુસ્લિમ જાતની આબરૂ લીધી. મોલવી વિચારે છે કે આ કાળમાં વળી સતીઓ ક્યાંથી મળે? તેણે પોતાની બાજુમાં બેઠેલા મિયાંને ચુંટલી ખણીને ઊભો કર્યો. પેલો મિયોં ઊભો થઈને બાદશાહને કહે સાહેબ ! આ વાત સાચી માનતા પહેલા ખામોશ ધરો. આ કાળમાં વળી સતી ક્યાંથી મળે ? બાદશાહને રાણા ઉપર ખાત્રી છે, પણ મિયોં કહે મને ૧૫ દિવસની મહેતલ આપો હું તેની સાચી સાબિતી આપું.

બાદશાહનો એક હિંદુ વજીર હતો. તે કહે જો તું સાબિતી ન આપી શકે તો કે આ સતી નથી તો શું કરવાનું ? તો મારું માથું આપી દઈશ અને સતી ન લઈ આવે તો રાણો કહે મારું માથું લઈ લેવાનું. પેલો મિયાં કહે ૧૫ દિવસ ધીરજ ધરો પણ શરત એટલી કે રાણાને અહીં કેદમાં રાખવાનો એ પ્રમાણે નક્કી થયું અને રાણાને અહીં રાજાની નજરકેદમાં રાખ્યો છે અને મોલવીએ મિયાંને તાયફો શીખવાડ્યો. સમજે કે પછી રાણાનો ફજીતો થઈ જશે. પણ સતીના સતીત્વ નિર્મળ હોય છે.

માટે **મદનરેખા**માં આપણે જોયું કે વિમાનમાં વિદ્યાધરે કહ્યું કે હું તને રાણી બનાવીશ. ત્યારે મદનરેખા સાફ સંભળાવે છે કે ગધેડા ! મને નીચે પડી જવા દે. શીલની ખાતર મારો ધણી ખોયો. શીલ માટે મેં વહાલામાં વહાલા દીકરાને મહેલમાં મૂક્યો. ત્યાંથી ભાગીને જંગલમાં આવીને ત્યાં બીજા છોકરાને જન્મ આપ્યો. હાથીએ ઉછાળીને તેં ઊંચકીને પાછી રાણી બનાવવાની વાત કરે છે મને પડી જવા દે. ત્યારે તો શીલની ખાતર **સીતાને** દિવ્ય કરવું પડ્યું. શીલની રક્ષા ખાતર પોતે રાવણની સંપત્તિ છોડી અને **મંદોદરી** આવી વિનંતિ કરવા કે તમે અમારા સ્વામીની પટ્ટરાણી બનો. અમે બધી દાસી બનીને તમારી સેવામાં રહીશું. ત્યારે સીતાએ સ્પષ્ટ સંભળાવી દીધું કે "ઉઠ ઊભી થા ! વ્યભિચારી પતિની તું દૂતી બનીને આવી છે કે મારા પતિને સ્વીકારો. તને શરમ નથી આવતી આવું દૂતીપણું બજાવવાનું ? આ હતું ભારત દેશનું શીલ, સદાચારનું સૌંદર્ય." એમાં આજના જમાનાએ આગ સળગાવી છે. માટે દુઃખની વાત છે, પણ શીલના આદર્શવાળાને કહેવું પડે છે કે "શીલની રક્ષા કરવા નવા જમાનાનાં નકામાં તોફાનો સામે બિલકુલ દૃષ્ટિ નાખશો નહિ." ટી.વી. વીડિયોના તોફાનોમાં પડશો નહીં."

"દિવ્ય-દર્શન" -"**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૩**" અષાડ વદ-૩

નમિરાજાએ પોતે જોયું કે સુંદર સ્વપ્ન જોયા પછી વાયદાનો વ્યાપાર ન હોય હાજરનો જ સોદો હોય. અને તેથી જ પોતે સાધુવેશ પહેરી જાતે જીવનભરનું ચારિત્ર સ્વીકારીને નીકળી ગયા છે. આત્માનો ઉદય એ રીતે થાય છે. જ્યારે સારા એંધાણ મળે ત્યારે તરત તેનો જવાબ આપી દેવાનો એટલે કે ચારિત્ર લેવાનું. ધરણશા પોરવાડને સ્વપ્ન આવ્યું નલીની ગુલ્મ વિમાનનું. તો તરત જ તેના જેવું જ સ્વપ્ન જોયેલ કારીગરને કહ્યું કે આવું જ દેરાસર બનાવો. શું બાપાના ખેલ છે ? એમાં શું ? એ જમાનાનાં ૯૯ ક્રોડ ખર્ચી દીધા. એ હિસાબ હતો કે, "તરત દાન ને મહાપુન્ય" આજે કેટલાયને સારા સ્વપ્ના આવે છે પણ ફળની રાહ જોતા બેસે

છે, પણ ધર્મ કરવો નથી, પુરુષાર્થ કરવો નથી. સારું નિમિત્ત મળતાં પુરુષાર્થ અજમાવે તો સારો ધર્મ આરાધી શકાય. અમલનેરમાં ૨ ઉપવાસ આપ્યા પછી બીજા બે પછી ૨ આપ્યા અને એ રીતે ૧૫૦ ઘરમાં ૨૬ માસખમણ થયા. અંધેરીમાં ૮૦૦ ઘર છે અને માસખમણ કેટલા થશે ?

નમિરાજા ઋષિ બની ગયા છે. સૌધર્મ ઈન્દ્ર બ્રાહ્મણ વેશે પારખું કરવા આવ્યો છે. મહારાજ ! તમે આ શું કર્યું ? ચારે કોર આક્રંદ-રોકકળ કરુણ કલ્પાંત ચાલે છે. આખી મિથિલાનાં ઘરેઘરમાં રોવાનું ચાલ્યું છે, કારણ રાજા નમી પરગજુ હતો. ત્યારે લોકોમાં પણ ન્યાય નીતિનું જીવન જોવા મળતું. એના ઝરણા આજે પણ જોવા મળે છે. **બસ કંડકટર** હતો સીટ ઉપરથી રૂપિયાવાળું પાકીટ મળ્યું. બસ તો ખાલી થઈ ગઈ હતી. પોતાને રાખવું હોત તો રાખી શકત, પણ ઓફીસે જમા કરાવ્યું. પોતાના ખીસામાં ન મૂક્યું, ખબર છે કે **"આ પચશે નહિ, કારણ કે હરામનું ખાધેલું ખોદી નાખે છે."** માટે તો પૂજામાં આવે છે કે વાણિયાએ રબારણને ધૂતી લીધી કઈ રીતે ? રોજ દસ શેરીથી રૂ જોખીને આપતો. આજે ૧૦ શેરી આઘી પાછી મુકાઈ ગયેલી અને વાણિયે પાંચ શેરીથી બેવાર રૂ જોખી આપ્યું. અને ભોળી રબારણ સમજી કે આજે શેઠે માલ ડબ્બલ આપ્યો તો તેના રૂપિયા ડબ્બલ આપવા જોઈએ. તેથી તેણે વાણિયાને ૧ રૂપિયાને બદલે ૨ રૂપિયા આપ્યા. વાણિયો બોલ્યા વિના લઈ લે છે. પણ ગલ્લામાં નાખતો નથી. એ સમજે છે કે આ રૂપિયો હરામનો છે. જો ગલ્લામાં નાખીશ તો ગલ્લો બગાડશે. માટે માણસને કહે લે આ રૂપિયો બજારમાંથી ઘી-સાકર-મેંદો લઈને ઘરે આપી આવ. કહેજે ઘેબર બનાવે અને ઘરે ઘેબર તો બન્યા પણ જમાઈ આવેલા એટલે સાસુએ તો જમાઈશાને જમાડ્યા.

વાણિયો નદીએ નાહી ધોઈને ઘેર આવ્યો. ભાણામાં કાળા ચક્કર પીરસાયા, કેમ ઘેબર નથી કર્યા ? કર્યા હતા. પણ જમાઈરાજ આવ્યા હતા. એ તો ઘેબર લેખે લાગી ગયા. વાણિયો શું કરે ? બાવાજીની ઘંટડી વગાડે. હવે વિચારે છે, અરે પ્રભુ ! ચોરીનું પાપ મારે માથે ચડ્યું અને માલ જમાઈ ખાઈ ગયા. કાળા ચક્કર-બાજરાનો રોટલો ખાઈને બહાર નીકળ્યો અને મહારાજને જોયા. મહારાજ ! મહારાજ ! જરા ઊભા રહો, મહારાજ કહે ઉપાશ્રયમાં આવજે. પણ અરે મહારાજ ! **બધા પોતાનું તો કરે જ છે તમે મારું જરા તો સાંભળો ?** તો મહારાજ સ્વાભાવિક બોલ્યા, તારા જેવા મૂર્ખા બીજાનું જ કરે છે, પેલો સમજ્યો કે મહારાજ કહે છે, તે વાત સાચી છે. પાપ મેં કર્યું માલ જમાઈ ખાઈ ગયા. પછી ઉપાશ્રયમાં જાય છે અને મહારાજ સમજાવે કે હરામનો માલ પચે નહિ, ખાધેલું ખોદી નાખશે.

પેલો **ઈન્દ્રરૂપી બ્રાહ્મણ નમિરાજાને** કહે છે. જરા આ મિથિલાની પ્રજા ઉપર

દયા કરો તેમને શાંતિ આપો અને પછી જાજો. ત્યારે **નમિરાજર્ષિ** તેનો જવાબ આપે છે. જો વિપ્ર ! મિથિલાનગરીમાં એક ઉદ્યાન હતું. ઘણા ઝાડો હતા તેમાં **એક ઝાડ મોટું હતું.** ત્યાં ઘણા પંખેરા રાતવાસો માટે આવતા હતા. એકવાર વાવાઝોડું આવ્યું. ઝાડો હચમચી ઊઠ્યા. પંખીઓએ ચિચિયારી કરી મૂકી. અંધારી રાતે તે શું કરી શકે ? હવે હું તને પૂછું છું કે આ પંખી રોતા હતા તે કોની ખાતર ? ઝાડ પડી ગયું તેની લાગણીથી રોતા હતા કે પછી પોતાને રાતવાસો કરવાનું સ્થાન ગયું તેથી પોતાના સ્વાર્થથી રોતા હતા ? એમ બ્રાહ્મણ, તું સમજી લે હું ઝાડના સ્થાને હતો. કર્મરૂપી વાવાઝોડાએ મને હચમચાવી મૂક્યો અને આ પ્રજા કુટુંબ તે પંખેરાનાં સ્થાને. હવે મને કર્મે વાવાઝોડું એવું આવ્યું કે દાહથી બધી ધાતુઓ અંદરથી તપતી હતી. તેમાં હું હચમચી ઊઠ્યો. અને હું સંસાર છોડી નીકળી પડ્યો હવે આ બધા રોવે છે. તે મારી લાગણીથી રોવે છે કે હાય ! હવે એમનું શું થશે ? એમ રોવે છે ? કે પછી પોતાનો બેલી નાથ જાય માટે રોવે છે ? અન્નદાતા હું જાઉં છું, માટે તેમને પોતાનો સ્વાર્થ હોવાથી તે લોકો રડે છે.

આ સંસારમાં એકલી કોરી કડકડતી માયા જ છે. તમે બધા જાણતા છતાં પણ નિરાંતથી સંસારને વળગીને બેઠા છો. તમારા જેવા મૂર્ખા બીજા કોણ ? તું મને શું કહેવા આવ્યો છે ?' તમે તમારું વાટી નાંખો અને બીજાને જોયા કરો.' આ સમજનાર હોય તે પોતાનું જીવન મનુષ્યનું જીવે પણ પશુનું ન જીવે, **ખાનપાન એ પશુનું જીવન, ત્યાગ-તપ એ મનુષ્યનું જીવન છે.** અહીં બધું પુણ્ય વટાવીને કોરાધાકોર થઈને એકેન્દ્રિય-વિકલેન્દ્રિયમાં જવું છે ? **ભગવાન મહાવીરને** પણ ત્રણવાર વિકલેન્દ્રિયમાં જવું પડ્યું. શા માટે ? **મરીચિ**નાં ભવમાં ચારિત્રથી ભ્રષ્ટ થયા માટે. પોતે સંન્યાસી બન્યા છે. ભગવો વેશ, પગમાં પાવડી, માથે છત્ર રાખે છે, પણ સમ્યક્ત્વ પાકું હતું. કારણ પૂર્વના નયસારનાં ભવની સાધના છે. લોકોને ઉપદેશ આપતા કે હું તો મારી જાતે જ સાધુપણાથી ભ્રષ્ટ થયો છું, પણ તમને કહું છું કે તમે લોકો મનુષ્યપણાને ભ્રષ્ટ ન કરતા ભગવાન પાસે ચારિત્ર લેવા મોકલે.

સમ્યક્ત્વની સાધના જોરદાર કરેલી છે, માટે આ ઉપદેશ કરી શકે છે. **નયસાર** પછી દેવ બન્યા. અને ત્યાંથી ભરતચક્રવર્તીના પુત્ર થયા. જન્મથી જ ચારે કોર કિરણો છવાઈ ગયેલા છે. તેથી એનું મરીચિ નામ પાડ્યું. દાદા-ઋષભદેવનું સમવસરણ જોતાં જ વૈરાગ્ય થયો. એક વખત ભરત મહારાજ પરિવાર સાથે ભગવાનને વાંદવા આવ્યા છે. તેમાં સાથે મરીચિ છે. બધા જીવોને સમોવસરણમાં જઈ વાણી સાંભળશે, પછી વૈરાગ્ય થશે. આને તો સમોવસરણ જોતાં જ વૈરાગ્ય થયો. ભાઈ આ ઠાઠ શાનો છે ? આ તો ભગવાન ઋષભદેવે પૂર્વમાં ધર્મ કર્યો તેનું ફળ છે. ધર્મ મૂળ છે, વૈભવ-સંપત્તિ ડાળ-પાંખડા છે અને મોક્ષ એનું ફળ છે.

પૂર્વના સમકિતની સુવાસ વિચાર કરાવે છે કે હું શું કરું ? ડાળ-પાખડાને શા માટે વળગું ? હું ધર્મને એટલે કે મૂળને જ ન વળગું ? માટે ઉપર જઈ ભગવાનને કહે, પ્રભુ ! મૂળ ધર્મ આપો, ભગવાને દીક્ષા આપી. સંયમ પાળ્યું પણ સારું. પછી પડ્યા. પણ સમકિતની આરાધનાથી વચન લબ્ધિ ઊભી થયેલી. કોઈ પૂછે કે ભગવાનના સાધુ કરતા તમારા કપડાં જુદા ? પણ તેને એવી દેશના આપે છે કે પોતે ભ્રષ્ટ બન્યા છે, પણ બીજા કેઈકને ભગવાન પાસે ચડાવી દીધા.

પણ પછી ચેલાનો લોભ લાગ્યો. કપીલ રાજકુમાર આવ્યો અને પૂછે છે કે અહીં ધર્મ નથી ? તમે ઉપદેશ આપ્યો તેથી દીક્ષા આપવી હોય તો આપો. નહિતર ઘરે જઈને બેસીશ, ત્યારે ચેલાના લોભમાં યાદ આવ્યું કે હા, તે દિવસે તાવ આવેલો ત્યારે ધારેલું કે એક ચેલો હોય તો સારું. ઠીક ત્યારે આ કપિલ એ ઠીક મળ્યો છે એમ વિચારી ચેલાના લોભમાં ઉત્સૂત્ર ભાષણ કર્યું. પેલો કહે 'ધર્મ અહીં નથી ?' મરીચિ કહે **'ધર્મ તો અહીં પણ છે'** બસ આટલા વચનમાં સંસાર વધ્યો તેમ જ્ઞાનીઓ કહે છે. **૧ કોટા કોટી સાગરોપમ સંસાર વધ્યો.** તીર્થંકરપણું અને મોક્ષ દૂર ઠેલાઈ ગયું. એ તો વધવાના હતા તેથી ભવ વધ્યા આવું ન બોલાય. કારણ કે પહેલા ભવ ઓછા હતા એમ નક્કી થાય છે કે જ્યારે તેઓ ઉત્સૂત્ર બોલ્યા ત્યારે સંસાર વધ્યો. અને જાઓ એકેન્દ્રિયમાં અને વિકલેન્દ્રિયમાં ઘણા ભવ કર્યા તેમાં પણ વિકલેન્દ્રિયમાં વધારે થયા. કારણ કે બેઈન્દ્રિયમાં માત્ર બે હજાર સાગરોપમની કાયસ્થિતિ તે તો પૂરું થઈ ગયું. પછી બાકીનો કાળ કયાં પૂરો કર્યો તો શાસ્ત્ર કહે છે કે, ત્રણ વાર વિકલેન્દ્રિયમાં ભટક્યા. પેલો કપિલ ધર્મ અહીં છે તો બેસાડી દો અને ચેલાની જરૂર તો હતી એટલે ત્યાં ઉત્સૂત્ર ભાષણથી સંસાર વધ્યો. આ જીભડીમાં હાડકું નથી, એનાં વાંધા છે. હાડકા વગરની લુલી જ્યાં ફેરવવી હોય ત્યાં ફેરવાય એટલે બોલવાનો વિવેક ન રહ્યો.

છોકરો હતો ઢોરાં ચરાવીને ઘેર આવ્યો. માને જોઈ નહિ. ભૂખ લાગી હોવાથી આમતેમ તપાસ તો કરી પણ રોટલા ન મળ્યા. ધૂંવાપૂંવા થઈ ગયો છે, અને મા આવી. માને કહે, **'ક્યાં શૂળીએ ચડવા ગઈ'તી ?'** તારો દીકરો ભૂખ્યો છે, ખબર ન પડે ? બોલતા વિચાર ન કર્યો. તો મા પણ થાકેલી હતી. કામેથી આવી હતી, એ પણ બોલી કે તે **'તારા કાંડા કપાઈ ગયા હતા ?'** ઉપર શીકેથી લેતા શું થયું ? આ બંનેને બોલતા જીભમાં હાડકું ન નડ્યું એટલે બોલવાનું બોલાઈ ગયું.

પણ હવે બીજા ભવમાં **મા થઈ શેઠની છોકરી** અને **છોકરો થયો બીજા એક શેઠનો છોકરો.** ગામ બંનેના જુદા છે. બંનેની ઉંમર થઈ ગઈ છે. વિવાહ થઈ ગયો છે. શેઠનો છોકરો ગામાંતરે નીકળ્યો છે તેમાં રસ્તામાં અંધારું થઈ ગયું છે. પોતાના

સસરાનાં ગામમાં આવ્યો છે પણ હજુ સગાઈ થઈ હોવાથી સસરાના ઘરમાં જવાય નહિ. તેથી ગામ બહારનાં દેવળમાં સૂઈ ગયો. આ બાજુ શેઠની છોકરી સાંજના ફરવા માટે ઉદ્યાને ગઈ છે ત્યાં કોઈ ડામીશે આવીને છરો બતાવ્યો. બોલ હાથ પરનાં હીરા-માણેકના બલૈયા ઉતારે છે કે નહિ ? નહિ આપું. એટલે પેલાએ પછી જીભા જોડી કર્યા વિના બે હાથ ભેગા કરીને છરો ફેરવી દીધો એટલે કાંડા કપાઈ ગયા. પછી તેને રાડારાડ કરી. પછી બાપાને વાત કરી બાપાએ રાજાને ફરિયાદ કરી, રાજાએ સિપાઈઓ દોડાવ્યા. હીરા-માણેક મોતીનાં બલૈયા લઈ જનાર દોડે છે, પાછળ સૈનિકો છે. પેલો સમજ્યો હવે હું દોડી દોડીને કેટલું દોડી શકવાનો ? માટે લાવ મંદિરમાં મૂકી આવું. સિપાઈ પાછા જશે ત્યારે લઈશ કરીને દેવળમાં જ્યાં પેલો છોકરો સૂતો છે, ત્યાં તેની કામળી નીચે દબાવ્યા, પોતે ઝાડીમાં સંતાઈ ગયો. અને સિપાઈઓ આવ્યા અને દેવળમાં જ ગયા. પેલો સૂતો છે ત્યાં આજુબાજુ જોતા તેની કામળ નીચેથી માલ મળ્યો. લાત મારીને ઉઠાડે છે. હરામખોર ! બિચારી છોકરીનાં કાંડા કાપીને બલૈયા લઈ આવ્યો ? રાજા પાસે લઈ ગયા. રાજાએ શૂળીની સજા ઠોકી દીધી.

આ પ્રમાદ શું કામ કરે છે ? બલૈયા લાવનાર બીજો, સજા ભોગવનાર બીજો. પ્રમાદ એટલે જેમ તેમ લવારો કરવો, જેમ તેમ વર્તાવ કરવો, જેમ તેમ બોલવું ચાલવું. **બંને જણાએ પૂર્વભવમાં ગાળ દીધી તેનું આ ફળ આવ્યું.** વિષયનાં-રાગના તોફાન-ખાનપાનનો હરામ ચસ્કો આ બધું શું છે ? કેઈક જાતના પ્રમાદનાં તોફાન છે. સવારે ઉદ્યાનમાં અવધિજ્ઞાની પધાર્યા છે. રાજા પ્રજા સાથે આવીને વંદન કરીને દેશના સાંભળે છે. મહારાજ કહે છે કે જુઓ ભાઈઓ ! **જીવનમાં પ્રમાદ ન કરતા.** બોલવા ચાલવામાં ખૂબ જ ધ્યાન રાખવાનું છે કે કોઈનું દિલ ન દુભાય. કોઈનાં મનમાં દુઃખ ન થાય, જેમ તેમ વર્તાવ, જ્યારે ને ત્યારે આચડ કુચડ ખાવાનું આ બધું પ્રમાદ છે. પ્રમાદ ન કરશો. હમણાં પેલાને શૂળીએ ચડાવ્યો અને આ છોકરીનાં કાંડા કપાઈ ગયા તેમનો પૂર્વ ભવનો અધિકાર કહ્યો. માત્ર બે ગાળ બોલનાર બંનેને તે જ સજા થઈ ગઈ. આ અધિકાર સાંભળી સભા ફફડી ઊઠી. રાજા પસ્તાય શેઠ પસ્તાય છે. આખી સભામાં સન્નાટો વ્યાપી ગયો. જીવન જીવતા ધ્યાન રાખો.

આજનો નાસ્તિકવાદ જમાનાવાદ શું શીખવાડે છે ? પ્રમાદમાં ડૂબવાનું શીખવે છે. દહાડે ખાઉં, રાત્રે ખાઉં, ઘરમાં ખાઉં, બહાર ખાઉં આ તે કાંઈ શ્રાવકનાં અવતાર છે ? બજારમાંથી વહેલા ઘેર આવી શું કરો ? ચોપાનીયું લાવ્યા હોય ચિત્રલેખા જેવું એને વાંચીને માણસ મટીને ગધેડા બનો છો, કારણ કે તેમાં કામરાગનાં લેખો વાંચીને ઉન્માદ ચડે. દુકાનેથી વહેલા આવી સામાયિક-ધર્મ-પરમાર્થ કરવાની

ભાવના જ નથી થતી ને ? જનમ મનુષ્યનો, જીવન પશુનું છે, ઘોડો હોય તે ચણા આખા ખાય અને અમે બુદ્ધિશાળી છીએ ને ? એટલે પછી ચણાની દાળ બનાવીએ અને બેસન બનાવીએ તેનાં ભજીયાં બનાવી ખાઈએ અને પછી કજીયા કરીએ. તમારા જીવનમાં આજ છે ને ? તીખા તમતમતા મસાલેદાર ખાઈને વાસનાને ઉત્તેજિત કરી રહ્યા છો. શાસ્ત્રો નકામું નથી કહેતા કે ખાનપાનમાં પણ સંયમતા રાખો એટલે જીવનમાં પણ સંયમતા નિયંત્રણ આવે.

પેલી **સરસ્વતીને આફત** મોટી આવી છે. છતાં મફતિયો વિચાર કરતી નથી. ધણી બોલાવતો નથી તો પોતાનાં કર્મોનો દોષ કાઢે છે. તેથી વધુ વાસનાનો દોષ કાઢે છે કે વાસનાની લાલચે બેઠી હતી, સંસાર માંડ્યો હતો. પછી કર્મસત્તા કહે તને પતિ બોલાવે તો તું શું કરીશ ? હવે નક્કી છે કલંક ઉતરે એટલે ચારિત્ર લેવું. પરદેશથી ચિઠ્ઠી આવી છે અને સરસ્વતી સાસુ-સસરાને કહે, રજા આપો. હું પુરુષ વેશે જઈશ. આશીર્વાદ આપો. પતિને લઈને આવીશ તમે ચિંતા ન કરતા. જીવન જીવીને શું કરવાનું ? પહેલાનાં ઘરડાઓ બોલતા કે "જીવન જીવો પણ જશ લઈને જજો." આ સરસ્વતીનું જીવન એવું છે. **જીવનમાં જેટલું સારું થાય તેટલું કરી લેવાનું.** સારું કરવા માટે માત્ર એક મનુષ્ય જન્મ છે. અનાર્યદેશની વ્યક્તિઓ અહીં ઘૂસી અને આર્યદેશની સમૃદ્ધિ-સંપત્તિનો દાટ વાળી દીધો છે.

સરસ્વતી પુરુષ વેશ પહેરીને **સારસ્વતકુમાર** બન્યા છે અને સાથે પુરુષ માણસો લીધા ને સ્ત્રી માણસો લીધા છે. વહાણ લઈને જે દેશમાં દેવદિન્ન ફસાયો છે ત્યાં વહાણ લંઘાર્યું અને ભાડે મકાન લીધું પછી રાજાને ભેટણું ધરવા આવી છે. ભેટણું મૂકી રાજાને નમસ્તે કર્યું. એના બોલ સાંભળીને રાજા ચમક્યો. 'આપનું શરીર પ્રજાપાલનમાં વપરાય છે. આપને પ્રજાપાલક શરીરે કુશળતા છે ને ?' એક એક બોલ વિવેકના અને મીઠાશ ભરેલાં છે. રાજા પૂછે છે ક્યાંથી આવો છો ? અમુક દેશથી વ્યાપાર અર્થે આવ્યા છીએ. તરત રાજા કહે દીવાનજી ! આ વ્યાપારીને બંગલો આપો. ધંધાર્થે સગવડ કરી આપો, પણ તમે એક કામ કરજો... ફરમાવો... તમારા બોલ મીઠા અને તાત્ત્વિક મને ગમે છે. માટે સભામાં આવતા રહેજો. તમારા દર્શનથી જાણે કે મારો દિવસ સફળ થઈ ગયો. સભામાં નજર નાખે છે. તો એક ખૂણામાં જોગણી બેઠી છે. સરસ્વતી બાહોશ છે. તેને સમજી લીધું કે પતિને જેલમાં નાખનાર આજ હશે.

પેલા **બાદશાહે રાણાને કેદમાં** રાખ્યો છે અને મોલવીએ મિયાંને પાઠ ભણાવ્યો. રાણાના દરબારમાં રાણાની ફોઈ બનીને પહોંચજે એ મુજબ કરી મિયોં પહોંચ્યો છે. રાણાનાં રાજગઢમાં આંગણે આવીને સિપાઈને કહે છે કે રાણાને બોલાવો અને કહેજો કે ફોઈ આવ્યા છે..

નમિરાજર્ષિ ઇન્દ્રને જવાબ આપે છે. ઉદ્યાનમાં મોટું વૃક્ષ છે અને વાવાઝોડું આવવાથી ઝાડ હચમચી ઊઠ્યું અથવા તો કોઈ પથિકે ઝાડ નીચે અગ્નિ જલાવી ખીચડી પકાવી. પણ આગ બુઝવવાની ભૂલી ગયો અને ઘાસ બળી ગયું અને પવનથી આગ વધી તો ઝાડને લાગી અને તેનાં આશરે રહેલા પંખીઓ રડી રહ્યા છે. હવે બોલ બ્રાહ્મણ ! આ જે રડી રહ્યા છે તેમને ઝાડના સુખદુઃખ સાથે નિસ્બત છે ? કે પછી પોતાનો આશરો જાય છે માટે રડી રહ્યા છે ? આ તો પોતાને રહેવાનું બીજું સ્થાન મળી જાય તો તેમને કોઈ ઝાડ સાથે સ્નાન સુતક નથી. તેમ મારો આત્મા કર્મનાં ઝંઝાવાતોથી હચમચી ઊઠ્યો છે અને જોતજોતામાં ઉખડી જવાનો છે. તો હું સંસાર છોડી નીકળી જાઉં છું. **તો આ લોકો જે રડે છે તે મારા માટે છે કે,** "આ બિચારાનું શું થશે ?" **કે પછી પોતાનો રક્ષણહાર-પાલનહાર આશરો જાય છે માટે રડે છે ? પોતાના સ્વાર્થથી રડે છે.** દાહજવર થયો એને મને નોટીસ આપી દીધી કે આ તો પુણ્યે બચાવ્યો છે. તો આગળ મોટું વાવાઝોડું ન આવે તેની શી ખબર ? આ તો મારા પુણ્યથી ઊભો થઈ ગયો છું. દાહમાં જો આ જીવન છોડી રવાના થાત તો કોઈ આવીને કહેત કે અમે ૧૦ જણા છીએ બધાનું અહીં કામ નથી. બે જણાને લઈ જાવ આવું કહેનાર કોઈ હતું ? હવે તું જ મને કહે કે, **'મારે આ બધાનાં રૂદન સામે જોવું કે ભવિષ્યમાં ફરીવાર કર્મોનું વાવાઝોડું આવીને મારા આત્માને હચમચાવી ઊંચકીને ફેંકી ન દે તેની સામું જોવું ?** હું એકવાર મોતના દરવાજે જઈને પાછો આવ્યો છું તો મારે ભવિષ્યનો વિચાર કરવો કે નહિ ? ઇન્દ્ર શું કહે ?

"જો માણસ બીજાનાં માટે મરી ફીટે તો પોતાના ઉદ્ધાર માટે કોઈ રસ્તો રહે નહિ." માટે તો **ધર્મબિંદુ શાસ્ત્રમાં શ્રાવકના ૨૧ ગુણોમાં એક ગુણ એ બતાવ્યો કે શ્રાવક માતા-પિતાની પૂજા કરે.** શા માટે ? પૂજા એટલે પોષણ નહિ પણ તેમને માનભેર સાચવે એ પૂજા... પોતે ખાદીના જાડા કપડાં પહેરે, મા-બાપને સરબતી મલમલ પહેરાવે. પોતે કાળી ચા પીવે પણ માતા-પિતાને દૂધની ચા પીવડાવે. બહારનો કોઈ માણસ પ્રશ્ન પૂછે તો તરત બાપુજીની પાસે મોકલે. એવું નહિ કે હું કમાઉં છું એટલે બધો વહીવટ મારે જ કરવાનો... બહુ વર્ષો પહેલા એક ગ્રેજ્યુએટ મળેલો. એ કહેતો કે સાહેબ ! અમારે ત્યાં તો રિવાજ છે કે કાંઈ પણ કમાઈ લાવું તે માતાના ચરણે મૂકી દેવાના. પછી મારે પાંચ રૂપિયા જોઈતા હોય તો કારણ બતાવી માંગી લેવાના. પૂરેપૂરો પગાર માને આપી દેવાનો. છોકરો હોશિયાર છે. આજે પણ છે. જો છોકરો માનું આટલું બધું સન્માન કરે તો

તેની પત્નીને તો કેટલું સન્માન કરવું પડે ? ત્યાં માતાની ફરિયાદ પત્ની પતિને કરી ન શકે.

ધર્મબિંદુમાં **માતાપિતાની પૂજાનાં ૧૭ પ્રકાર બતાવ્યા છે.** માતા પિતાને ઓઢવા-પાથરવાના, પહેરવાના કપડાં ભાજન વગેરે પોતે વાપરે તેના કરતા ઊંચી કવોલીટીનાં હોવા જોઈએ અને તે પોતે વાપરે નહિ. પોતાનો પાણી પીવાનો પવાલો આઘો પાછો થઈ ગયો હોય તો પણ પોતે બીજો એકસ્ટ્રા રાખ્યો હોય તેમાં વાપરે પણ માતાપિતાનાં પવાલામાં પાણી ન વાપરે. યાવત્ મૃત્યુ થઈ જાય તો તેમની બધી ચાલુ વપરાશની વસ્તુઓ તીર્થમાં આપી દે. પણ પોતે ન વાપરે. કેમ ન વાપરે ? તો શાસ્ત્રકાર કહે છે કે પોતે વાપરે તો તેમાં મા-બાપના મૃત્યુની અનુમોદના આવે. સારું થયું-ઠીક થયું આપણને મળ્યું. આ એમ થાય તો પણ તેમાં આછો આછો ખુશીનો દોષ લાગે. માતા-પિતાનું પુત્ર આદર-સન્માન કરે. માતા-પિતાને ફૂલની જેમ રાખે બોલાવે તો "જી"થી વાત કરે. હાજી આવ્યો જી. અને ત્યાં સુધી લખ્યું કે તેમની આજ્ઞા કઠણ લાગતી હોય તો પણ તેમની આજ્ઞા માનવાની. **માતા-પિતાના ઉપકારનો બદલો વળી શકતો જ નથી. માત્ર જો તેમને ધર્મ પમાડે તો તેનો બદલો વળી શકે.** કારણ કે તને કઈ પરિસ્થિતિમાં ઉછેર્યો છે તે તને ક્યાં ખબર છે ? તારી ગુંજાયશ શી હતી. ૪-૬ મહિનાનો હતો ત્યારે માથે કાગડો આવીને ચાંચ મારીને આંખનો ડોળો લઈ જાય તો તેને ઉડાડવાની તારી ક્યાં ગુંજાયશ હતી ? મા-બાપે તો તને સાંગોપાંગ સાચવ્યો છે. કટોકટીના અવસરે તારું પાલન કરી તને ઉછેર્યો, હવે આજે તું એમ કહે કે એમણે મને ઉછેરવામાં બે હજાર રૂપિયા ખરચ્યા તો હું એમને કમાવીને વીસ હજાર રૂા. આપી દઉં તો તેમના ઉપકારનો બદલો વળી ગયો ને ? ના, તો પણ કાંઈ ન થાય.

કચ્છનો એક રાણો હતો. ત્રણ વર્ષનો દુકાળ પડેલો, ખાવાનું ખૂટી ગયું, બે વર્ષ સુધી હતું તેટલું આપ્યું. પછી બધાને હાથ જોડીને કહી દીધું હવે શું કરવું ? પહેલા બે દુકાળ પસાર કર્યા હવે શી રીતે બધાને નભાવું ? એટલે પહેરે કપડે ભાગ્યો અને જામનગર આવ્યો. મેલાઘેલા કપડે બજારમાં આંટા મારે છે. કોઈ હાથ પકડે તો સારું એ વિચારે છે. ત્યાં એક શ્રાવક એમને ઓળખી ગયો એટલે "અરે ! રાણાજી તમે અહીં ક્યાંથી ? જઈને હાથ પકડ્યો. શ્રાવક બહુ સમજદાર હતો. એટલે પરિસ્થિતિ માપી લીધી જરૂર કાંઈ લીલું સુકું થઈ ગયું છે. બાજુમાં લઈ જઈને પૂછ્યું કેમ આ સ્થિતિ ? રાણાએ વાત કરી, બે વરસ સુધી દુકાળ નભાવ્યો હવે કુટુંબ-ભાયાતોને શું ખવડાવવું ? માટે ભાગી છુટ્યો છું. શ્રાવક રાણાની પીઠ થાબડે છે. જરાય ચિંતા કરશો નહીં અને રાણાને એક શરાફની દુકાને લઈ ગયા. પધારો, શેઠ પધારો ! વેપારનો સંબંધ છે. એટલે શ્રાવક બેઠા. અને કહે છે મારા

નામ ઉપર આ ભાઈને ત્રણ લાખ રૂા. આપી દો. રાણો શેઠને કાનમાં કહે છે શેઠ બે લાખનું દેવું છે. શેઠ કહે આનાથી દેવું પતી જશે, પણ પછી જ્યાં સુધી સુકાળ ન થાય ત્યાં સુધી શું કરશો માટે એક લાખ વધારે લઈ જાવ. શેઠ સમજે છે, કે અત્યારે કટોકટીનો અવસર છે. નવો પાક ન આવે ત્યાં સુધી ખાવામાં એક લાખ રૂા. જોઈશે.

આ ઉપકાર જેમ કટોકટીનો છે તેમ માતા-પિતાનો ઉપકાર પણ એવો જ છે. તું આવ્યો ત્યારે ખાખી બંગાળી બાવો હતો. સ્થિતિ એટલી બધી સારી નહીં હોય તો પણ તને પેટે પાટા બાંધીને ઉછેર્યો. હવે આ ઉપકારનો બદલો વળે? માત્ર તેમને ધર્મ પમાડો અને કમાઈને બાપાને આપો. બધામાં બાપાનું નામ આગળ કરો. લૌકિક ઉપકાર વાળવાનો તારો વારો છે. એટલે ઓચ્છવ કરાવે તો બાપુજીના નામે, સંઘ કાઢે તો સંઘવી માબાપને બનાવે. આવા ઉપકારી માતા-પિતાની સામે હાથ જોડીને ઊભા રહેવું જોઈએ. માતા-પિતાની આજ્ઞા હાથ જોડીને માનવાની. પણ માતાપિતા આજ્ઞા ધર્મ વિરુદ્ધ કરે તો ? તો શાસ્ત્રે ત્યાં ના પાડી. તેવી આજ્ઞા નહીં માનવાની. વ્રત લેવું છે અને તેઓ ના પાડે તો તે માનવાનું નહીં. જૈન હોય અને મહાદેવને નમવાનું કહે તો તેની આજ્ઞા માનવાની નહીં.

વડોદરામાં **જમનાદાસ વૈદ્ય** રહેતા, શાંતિભાઈ વૈદ્ય એમના છોકરા. જમનાદાસ એક દિવસ બહાર જતા હતા. ત્યારે એક ડોશી ત્યાં બેઠી હતી. પાછા વળતાં આંગણામાં બધા ભેગા વળ્યા હતા. પૂછ્યું કેમ બધા ભેગા થયા છે ? આ ડોશી મરી ગઈ માટે ઠાઠડી બંધાઈ રહી છે. જમનાદાસને એવી ખાતરી હતી કે ડોશીને મેં જોઈ છે મરી જાય એવી હતી નહીં. માટે અંદર ઓરડામાં ગયા અને ઠાઠડી છોડાવી આજુબાજુ પાંચ સાત સગડીઓ સળગાવીને મુકાવી. એક કલાકે ડોશીએ આંખ પટપટાવી. કેમ માજી ? માજી બેઠા થઈ ગયા તે પછી ઘણું જીવ્યા. વૈદ્ય હતા એટલે ચહેરા ઉપરથી ખબર પડી જાય.

એમના છોકરા શાંતિભાઈ, અગે ખંભાતમાં હતા એક સાધુને પદ્ (છપ્પન) ઉપવાસ હતા. મગજ ઉપર અસર થઈ ગઈ હતી. એટલે ગમે તેમ લવારા કરે. ગુરુ મહારાજે જોયું. હવે ખેંચવામાં મજા નથી એટલે પારણું કરાવ્યું. ચાલીસ ઉપવાસ સુધી વગર ટેકાએ બેસતા અને ચિંતામણી પાર્શ્વનાથનાં મંદિરે દર્શન કરવા જતા. ટેકા વિના બેસી નવકારવાળી ગણતા. મકાનમાં પણ માળા કાઉસ્સગ્ગ ચાલુ જ હોય. શરીર થાકી ગયું હોવાથી ત્યાંનો જાણીતો ડોકટર બોલાવ્યો અને તેણે ૧ વાટકો ભરીને મોસંબીનો રસ અને ૧ વાટકો મગનું પાણી આપ્યું પેટ સાફ આવી ગયું. અને મળ ન રહેવાથી શક્તિ ખલાસ થઈ ગઈ અને કેસ ફેઈલ થયો. પછી શાંતિભાઈ વૈદ્ય આવ્યા બધી હકીકત જણાવી. મહારાજ આ ડોકટરો ન્યુમોનિયામાં

જે ટ્રીટમેન્ટ કરે તે અહીં કરે તો ન ચાલે. શરીરમાં મળ થાય તેવો ખોરાક આપો અને ગરમ ગરમ તીખા તમતમતા સુંઠ પીપળામૂળના ઉકાળા આપો. મહેનત ઘણી કરી અને કેસ ફેલ ગયો.

વાત એ છે કે માતા-પિતાની આજ્ઞા બધી પાળવી, પણ શાસ્ત્ર વિરુદ્ધ આજ્ઞા નહીં પાળવી. આ શાંતિભાઈના લગ્ન હતા. અને એ લોકોને એવો રિવાજ કે વરઘોડો ચડે એટલે ફરતો ફરતો મહાલક્ષ્મીના મંદિરે પગે પડવાનું. શાંતિભાઈ ચુસ્ત સમકિતી એટલે એને ખબર કે હમણાં કહીશ તો આ નહીં માને માટે છેલ્લે ટાઈમે કહીશું. લગ્નની તૈયારી થઈ લોકો બધા આવી ગયા. જમનાદાસ કહે ચાલ ભાઈ શાંતિ ઘોડા ઉપર બેસી જા, તો ત્યાં ના પાડી. કેમ ? તો તમે મને મહાલક્ષ્મીએ લઈ જાવ ને હું ત્યાં નમું નહીં. એક અરિહંત સિવાય બીજા કોઈને નમું નહીં. મિથ્યાત્વીને હું નમું ? જમનાદાસ કહે બહાર સાજન ઊભું છે તો કહી દો કે છોકરો હઠીલો થયો છે. મહાલક્ષ્મીએ નમવાની ના પાડે છે. કુંવારો રહેવા તૈયાર છે. આ વાત બહાર કરી ધર્મનો પ્રભાવ જુઓ કે વાત સાંભળીને તરત જ શેઠીયાઓ બોલ્યા કંઈ નહીં મહાલક્ષ્મીને નહીં નમાવીએ લગ્ન કાંઈ બંધ રખાય ? અને ત્યારથી આ રિવાજ બંધ થયો અને પોતે મિથ્યાત્વથી બચ્યો.

'માતાપિતાની ધર્મ વિરુદ્ધ આજ્ઞા નહીં માનવાની', આટલું બધું ધર્મનું મહત્ત્વ ! ત્યારે શાસ્ત્રકારે દલીલ આપી ધર્મની આરાધનાનો કાળ પુરુષાર્થ અતિ અતિ દુર્લભ છે. ચારિત્ર ધર્મની આરાધના માત્ર મનુષ્ય ભવમાં થાય. વિલાયતમાં ધર્મ ક્યાંથી મળે, માત્ર આર્ય દેશમાં ધર્મ મળે. તેમાં પણ જૈનકુળમાં મનુષ્ય અવતાર મળ્યો તો ધર્મ આરાધનાનો કાળ સોનેરી કહેવાય. માટે કહેવાય છે કે જિંદગી જુદી જુદી મળે છે એમાં આ ક્રીમ મલાઈ છે. જગતમાં જેટલા જીવન મળે તેમાં આ નવનીત મલાઈ છે. જન્મ મળી ગયો છે હવે શી ચિંતા ? એટલે રાજાના છોકરાને ખાજાના ભુક્કાની કિંમત નહીં તેમ જગતના બધાનું ક્રીમ કાઢીને વિધાતાએ જૈનકુળ બનાવી આપ્યું.

માતાપિતા ધર્મ કરવાની ના પાડે તો શું પુરુષાર્થ નહીં કરવો ? ના ! આરાધના કરવી જોઈએ. અમારા મા અમને ના પાડતા હતા કે મારા મર્યા પછી દીક્ષા લેજે. ઘરમાં રહીને ધર્મ થાય એટલો કરજો. માના કહેવા હિસાબે બેસી રહ્યા હોત તો દીક્ષા ક્યારે મળત ? દીક્ષાના ૩૦ વરસ પછી મા મરી. ઘરે રહ્યા હોત તો લગ્ન કરવા પડત છોકરા થાત એને વળી છોકરા થાય તો હજુ સુધી દીક્ષા ન મળી હોત. માતા-પિતા અનુમતિ આપે તે માટે પ્રયત્ન બધા કરવા તેમના ભરણપોષણનો સવાલ હોય તો તેનો રસ્તો પણ કરી દેવો. જો હવે ના પાડે તો તે મોહથી ના પાડે છે. માટે શાસ્ત્રે દાખલો આપ્યો. **પંચસૂત્રમાં દીક્ષાં ગ્રહણ વિધિ**

લખી છે. તેમાં બતાવ્યું કે એક ગરીબ છે. મા બાપને છોકરો લઈને ચાલતો હતો. જંગલનો રસ્તો હતો થોડું ચાલ્યા અને માબાપને રોગ આવ્યો. ત્યાં જ બેઠા. છોકરો કહે છે તમે અહીં આરામ કરો હું આજુબાજુના ગામમાં જઈને દવા ને ખાનપાનની સામગ્રી લઈ આવું છું, ના ભાઈ અમે એકલા ક્યાં બેસીએ ? રોગ એવો છે કે દવા વિના જાય નહીં તો ત્યાં છોકરાએ શું કરવું ? દવા લેવા જાય તો તરછોડનારો કહેવાય ? કે તેમની પાસે બેસી રહે તે તરછોડનારો કહેવાય, જાય તો દવા અને ભાતું લઈ આવે તો સંભવ છે કે માતા-પિતા સાજા થઈ જાય. આને **'અટવી ગ્લાન ન્યાય'** કહેવાય. અહીં જો છોકરો માતાપિતાના કહેવાથી બેસી રહે તો તરછોડનારો કહેવાય. એવી રીતે માબાપના મોહના લીધે જો ઘરે બેસી રહે તો તે ખરેખર માબાપને તરછોડનારો ગણાય. ચારિત્ર લે તો બાર મહિના થાય માબાપ આવે ગમે તેમ તોય પહેલા ભલે રડતા હતા, પણ હવે તો સારી રીતે બોલાવે. શોક આવો છે. **રાગ સમય જાય તેમ તગડો થાય અને શોક સમય જાય તેમ દૂબળો પડે.** મહારાજ પાસે આવે અને મહારાજ બે અક્ષર બોધના કહે તો સાંભળે. એમ તો સમજે છે કે તેં રસ્તો સારો લીધો છે. આ અક્કલ પછીથી આવે છે. માતા-પિતાના રોવા સામે જોવે અને બેસી રહે તો તે માતાપિતાનો ત્યાગી કહેવાય અને ત્યાગ કરીને દીક્ષા લે તો તેમાં માબાપનું કલ્યાણ થાય. **નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે,** કે મારું આત્મારૂપી ઝાડ હચમચી ઊઠ્યું છે. બધાં રોવે છે તે પોતાનો આશરો ગયો માટે રોવે છે. મારી કોઈને પડી નથી. ઈન્દ્રે હાથ જોડ્યા.

"દિવ્ય-દર્શન"-"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૫" અષાડ વદ-૯

હવે બ્રાહ્મણરૂપી ઈન્દ્ર બીજો સવાલ કરે છે ચારે બાજુ મકાનો ઉપર આગ દેખાડીને કહે છે, **અરે ! મહારાજ ! પાછળ જુઓ તો ખરા આ આગ લાગી છે.** આગ બુઝાવીને જાવ તમે મોટા રાજા તમે એક ઓર્ડર છોડો આગ મટી જાય. એવો ઓર્ડર બીજાનો ન ચાલી શકે. **નમિરાજર્ષિ જવાબ આપે છે.** અરે મહાનુભાવ તું મને શું ચિંતા કરાવે છે. અમે તો નિશ્ચિત પણે જીવીએ છીએ. સુખે વસીએ છીએ. જે મારે કશું ઈષ્ટ નથી કશું અનિષ્ટ નથી. ગમતું નથી અણગમતું નથી, સારું અને ખરાબ નથી. સંસાર છોડીને નીકળ્યા એટલે પૂર્ણ વિરામ કરીને નીકળ્યા છીએ. પતી ગયું, શું કામ ચિંતા કરીએ ? અમે કશું રાખ્યું નથી મૂકી દીધું છે એટલે કોઈ ચિંતા નથી. દીકરો માંદો પડે તો માને ચિંતા થાય. શોકનો દીકરો માંદો પડે તો માને ચિંતા કાંઈ નહિ. આધિ એટલે મનની ચિંતા અને ઉપાધિ એટલે વળગાડ. વ્યાધિ એટલે બીમારી. તાવ શરીરની બીમારી છે. એ ઉતારવી સહેલી છે, પણ

શંકા કુશંકા મનની બીમારી છે એ ઉતારવી કઠીન છે. શંકા કુશંકામાં ધણીએ પત્ની પર શંકા કુશંકાથી કઈક પત્ની મરી ગઈ. આપઘાત કરી નાખ્યો. તું પેલાની સાથે ગઈ હતી, ફલાણાની સાથે ઊભી હતી. મનનું દરદ છે. મનની વ્યાધિ હોય ત્યાં સુધી માણસ સુખી થઈ ન શકે. આજના માનસશાસ્ત્રીઓ મેડીકલ લાઈનને કહે છે, કે ગમે તેટલી દવા શોધી કાઢો. હાર્ટ પણ બદલી શકો પણ સુખી નહિ કરી શકો. જ્યાં સુધી મનની વ્યાધિ નહિ કાઢી શકો તો મોટો ફેકટરીનો માલિક રોગે વ્યાપ્ત, દવા કરી સારો કર્યો પછી પેઢી પર આવી મેનેજર આદિ પર શંકાકુશંકા કરી લડ્યા ને આખડ્યા કરે. મનની વ્યાધિઓ સુખી ન કરી શકે.

નમિરાજર્ષિ- હવેલી મારી નથી. હાટડી મારી નથી. તું શું મને કહે છે. આખી દુનિયાની હું આગ ઓલવવા જઈશ ? બધું મૂક્યું એકદમ નિશ્ચિત થઈ ગયા છીએ આખી **મિથિલા નગરી સળગતી હોય તો મારું કશું સળગતું નથી.** કારણ કે એમાં મારું કશું માન્યું નથી.

એક ડોશી હતી તે મહાદેવના મંદિરમાં જઈ રોજ કહે કે મહાદેવ ! 'તું મને લઈ લે.' પેલો પૂજારી રોજ દેખે સાંભળે. એકવાર નક્કી કર્યું કે આજે ડોશીને બોલતી ભૂલાવી દઉં. એકદિ સવારે સવારે કાળો ધાબળો ઓઢીને મહાદેવના લિંગની બાજુમાં ગોઠવાઈ જઈ ડોશી બોલી એટલે પૂજારી કહે 'હું મહાદેવ તારા પર ખુશ થયો છું. તારી ઈચ્છા જાણી. તારો પાડો પહેલા મરશે પછી ઝૂંપડી બળશે. પછી કપડાં બળશે. એમ પાંચ સાત દિવસમાં બધું કામ પતી જશે.' ડોશી વિચારમાં પડી. પાડો મરશે તો કેમ ચાલશે ? પેલી ડોશી કહે મારે મરવું નથી.

નમિરાજર્ષિ આ શીખવે છે. મેં કશું રાખ્યું નથી. વહાલામાં વહાલો છોકરો પેઢી ચલાવતો હોય તો તમે એને મારો છોકરો... મારો છોકરો... કરો. એકભાઈને ચોથા નંબરનો છોકરો બાહોશ એટલો કે મિલોમાં ફરી વળે ધાર્યો માલ લઈ આવે, ઓર્ડર લઈ આવે એની વાણીમાં મધ ઝરે. શેઠને કહે શું ખ્યાતિ તમારા માલની... લોકો તમારા મિલની જ માગે છે. તમારો કોટો એટલો છે, જરા વધારે પ્રોડકશન કરો ને જોગાનુજોગ બન્યું એવું કે ટાઈફોઈડ તાવ આવ્યો. અમદાવાદમાં બધા ડોકટર ભેગા કર્યા પણ વધારે સીરીયસ થઈ ગયો. જ્યાં નાડી શાસ્ત્ર નથી ટેસ્ટ શાસ્ત્ર છે. ડોકટર પાસે ગમે તેટલી તપાસ કરે પણ વાયુ એના ટેસ્ટમાં ન આવે. મોટે ભાગે વાયુના દરદ પરખી શકે નહિ.

શ્રીપાલનગરમાં ચોમાસામાં ૭૫ ઉપવાસ એક બાઈએ કર્યા હતા, પણ મગજ પર અસર થઈ ગઈ. હોસ્પિટલમાં લઈ ગયા. ડોકટરને કાંઈ ખબર નહિ વાયુનું જોરદાર દબાણ હોય એને દબાવવા તીખા તમતમતા મસાલાથી દબે. પણ ત્યાં ગ્લુકોઝના બાટલા ચડાવ્યા. પેલી બાઈને અડધી તો મારી નાખી. ડોકટર સમજે

નહીં. મારે ગુસ્સો કરીને કાઢવી પડી. માંડ ત્યાંથી છોડાવી. લાલબાગમાં કોઠારી હોસ્પિટલમાં રખાવી એ બાઈને તમતમતા લવીંગ ને સુંઠના રાબડીનો ઉકાળો વપરાવ્યો. જીવતી રહી ગઈ.

આપણા **જીવાભાઈના વસંતભાઈ** ઉપડી ગયા આવો જ કેસ. કે આને મીઠ્ઠી પેશાબનો દર્દ અને ગ્લુકોઝ ચડાવી દીધો. કેસ ખલાસ થઈ ગયો આ હિસાબ છે. આધિ-વ્યાધિ ને ઉપાધિની ખબર નથી. મમત્વ કરીને આ મારું આ મારું કરીને પેલો અમદાવાદી છોકરો ડોકટર પાસે ગયો એટલે કાલે મરતો હોય તો આજે મરે ને ત્રણ દહાડામાં મરી ગયો. અમદાવાદમાં સોંપો પડી ગયો. બાપ પોક મૂકી રુવે. બીજા ત્રણ છોકરા છે તે એના મિલમાં કામ કરી એના જેવો માલ ન ચાલે, એ પોતાનો માન્યો હતો. મારો દીકરો ગયો. રોજ રોવે. લાખો પતિ માણસ છે આ વર્ષે ૨૫ હજાર ૫૦ હજાર એમ લાખ બે લાખ કરતો હતો. એ છોકરાને પોતાનો માની લીધો માટે રોયા જ કરજે સવારના ઊઠીને રોજ.

અમદાવાદમાં છોટાભાઈનો છોકરો-ટાઈફોઈડ લાગી ગયો. એજ વખતે એના મુનીમને ટાઈફોડ લાગી ગયો. આ છોટાભાઈ શેઠ એવા કે આદર્શ શ્રાવક, ગુમાસ્તાની ત્રણવાર ખબર લેવા જાય. લોકો કહે પણ તમારા છોકરાની સંભાળ લેતા નથી. ભલા માણસ ! છોકરા પાસે તો બધા સગાવહાલા ઊભા છે. આ ગુમાસ્તા પાસે કોણ ઊભો રહે ? છોકરો ગયો ગુમાસ્તો બચી ગયો. અને છોકરાને સ્મશાને વળાવી વ્યાખ્યાનમાં જરા મોડા પડ્યા. રોજ ટાઈમસર પહોંચી જાય. પેલા છોટાભાઈને મહારાજ સાહેબ પૂછે છે કેમ છોટાભાઈ આજે કેમ મોડું ? સાહેબ મહેમાનને વળાવવા ગયો હતો. મહારાજ સમજ્યા કે મોટા વેપારી છે. એટલે નોકરને વળાવા ન મોકલાય અને પોતે જવું પડ્યું હશે. મહારાજ મનમાં આ પ્રમાણે સમજી ગયા. સાથેનો શ્રાવક બોલ્યો. મહારાજ સાહેબ મહેમાન એટલે મોટો છોકરો પેઢી ચલાવતો હતો, એ ટાઈફોઈડમાં મરી ગયો. આ અમારા શ્રાવક ! મહારાજ હબક ખાઈ ગયા. પેઢી ચલાવતો છોકરો હતો. અને શેઠ કહે છે કે મહેમાનને વળાવી આવ્યો. **પરોણો કોઈ આવ્યો હતો, ૧ દિવસ રહે કે બે દિવસ રહે...**આ એનું તત્ત્વજ્ઞાન એનો વિવેક ! કારણ કે ભગવાનની વાણી ખૂબ સાંભળી હતી. ગમે એવો સામાન્ય સાધુ હોય તો પણ ઉપાશ્રયમાં જઈને ભગવાનની વાણી સાંભળતા. જેણે મારું કાંઈ ગમતું કે અણગમતું રાખ્યું નથી એ સુખે જીવી શકે છે.

એટલે પેલી **સરસ્વતીને** પરણ્યા પછી ૧૨ મહિના ધણીએ બોલાવી નહિ, તો માતાપિતાને એ આશ્વાસન આપે છે. વહુ સસરાને કહે છે તમે *કાંઈ ચિંતા* કરશો નહિ. તમારા દીકરા હીરા જેવા મળ્યા કે પરણ્યાની સાથે બ્રહ્મચર્ય મળ્યું. શેના ૫૨ કહી શક્યાં ? જિનવાણીના વ્યાખ્યાનના શ્રવણથી કહી શકાય...

આ સંસારમાં જે થાય છે તે કર્મ જ એને ભૂલ થાપ ખવરાવે છે. એણે બધા જ્ઞાનીઓના બોલ સાંભળેલા છે. એમાં આપણે સાંભળ્યું હતું કે હવાલા નાખતા શીખો તો દુઃખી નહિ થાઓ. હવાલા નાખતા નહિ આવડે તો દુઃખી દુઃખી થઈ જશો. વહુથી ઢોળાઈ ગયું. ભાન નથી ઘી ઢોળી નાખ્યું ? બાપના ઘરમાં આ રીતે ઘી ઢોળી નાખતી હતી ? વહુએ ગાંઠ વાળી કે સાસુનો આજે નહિ તો કાલે વારો આવવાનો. ને એ તો પછી રણચંડી એમને કહેવા નીકળ્યા તમે શું કર્યું ? બીજી એક સાસુ હતી. એ દોડતી આવી. અરે દાઝી તો નથી ને ? કાંઈ નહિ, માખી પડી ન જાય માટે એના પર કપડું ઢાંકી દે. કાંઈ મનમાં ન લાવીશ હો ! મારાથી ૧૬ વાઢીઓ ઢોળાઈ છે. ગમે તેટલું ભેગું કરીને નસીબમાં હશે એટલું મળશે. મધમાખી ઘણું ભેગું કરે છે, પણ નશીબમાં ડામ છે. વાઘરી લઈ જાય.

સરસ્વતી રાતના સાસુના પગ દબાવવા આવી. હવાલો નાખ્યો વહુનું દિલ અખંડ રહે. સાસુ સમજતી હતી કે વહુના દિલમાં જડાઈ જવાનો આ અવસર છે. આજની સાસુઓ બધી બુડથલ છે. એટલે વહુઓ ભડકેલી થાય. બે બોલ સારા આપું દિલમાં જડાઈ જઉં એવું જોઈએ. પેલી સરસ્વતીએ એ હવાલો નાખ્યો. ખોટી મેં વાસના રાખી હતી. માણસનો અવતાર મળ્યો છે એ અવતારે હું આરાધના નહિ કરું તો મારા જેવી મૂર્ખી કોઈ નહિ. હવે મોહ નીકળી ગયો. મોકો આવે તે નીકળી જાઉં. એમાં છોકરાની ચિઠ્ઠી આવી હું ફસાઈ ગયો છું. જેલમાં છું. વહુ કહે હું જઈને છોડાવી લાવું. તું તો મારા હીરા જેવી એ ક્યારે સાસુ કહે ? વહુ વહુપણામાં રહે ત્યારે. વહુ સાસુ થઈ જાય તો નહિ. દીકરો ગયો તો ગયો હીરા જેવી વહુ નથી ખોવી. વહાણ આપો માલ આપો. દાસીઓ આપી ઉપડી પહોંચી પરદેશમાં. ત્યાં જઈ રાજાના દરબારમાં જાય છે. જિનવાણી સાંભળેલી છે. કેવા સત્કાર સન્માન કરવા જોઈએ તે જાણે છે. ઉંમર કોઈ મોટી નથી. બુદ્ધિને કાંઈ ઉંમર સાથે સંબંધ નથી. રાજા જોઈને ખુશ થાય છે અને હુકમ કરે છે કે દીવાનજી વેપારીને સગવડ કરી આપો અને રાજા કહે, સારસ્વત રાજકુમાર રોજ કલાક બે કલાક સંભળાવી જશો. જેવો આપનો ઓર્ડર, આપના રાજ્યમાં છીએ.

પેલી જોગણને જોઈને કહે તમારે આ ખટપટમાં કેમ ? તમારે તો ગુફામાં ધ્યાન કરવાનું હોય. હું અસલી જોગણ નથી. બનાવટી જોગણ છું. તમે આવું ચોકખે ચોખું કહો છો બનાવટી જોગણ છું, પણ તમારે બનાવટી જોગણ બનવાનું શું કારણ બન્યું ? પણ એ વાત મોટી છે, તમને કહીને શા માટે ચિંતામાં નાખું, પણ કહો તો ખરા એનું કારણ શું ? તમારો બહુ આગ્રહ છે જાણવાનો તો વાત એમ છે, હું છું એક **શેઠીયાની દીકરી** ઉંમરમાં આવી. બાપે કહેણ મોકલાવ્યા. એક જગ્યાએ બીજી જગ્યાએ બધે નકારો આવ્યો. તમારી કન્યા અમને નથી જોઈતી.

બાપુજી ચિંતામાં રહેવા લાગ્યા. મા પણ ચિંતામાં રહેવા લાગ્યા. બાપ લાખોપતિ ખાવા પીવામાં કોઈ વાંધો નહિ. દીકરી એટલે સાપનો ભારો. સાહેબ સાપ ક્યારે સરકી જાય કહેવાય નહિ. અંદર અંદર મા-બાપ વાત કરે. હું ઓરડાની અંદર. વાત તો સંભળાય. આ કોઈ દૌર્ભાગ્ય કર્મ કે ગુણ સો ભરેલા હોય પણ કોઈને પ્રીય ન બનવા દે. સાંજે ચાર ભેગી થઈ હોય, 'પેલી આવે એટલે એના પગલાં બીજાને ગમે નહિ. એનું કારણ પૂર્વ ભવમાં આળ ચડાવ્યા હોય, કલંક ચડાવ્યા હોય, ખોટું વિચાર્યું હોય, એ જીભડી મળી છે ગમે તેમ બકી મારે. કર્મસત્તા કહે લોકો પાસેથી થૂ...થીં...કરાવું.

સીતામાં શું અવગુણ હતા ? કોઈ સીતાનો દોષ ? સો ગુણે સંપન્ન હતી. છતાં અપયશ કર્મ ચારેકોર અપયશ. **'રાવણને ઘેર રહી આવી'** પૂર્વના અપયશ નામ કર્મ બોલાવે. યશનામ કર્મ હોય તો આવો શેઠ તમે બહુ સારા હો અને દોર્ભાગ્ય નામ કર્મ હોય તો અપમાન મળે. સારા સારા ઘરવાળાએ નકારી. વહેવારમાં એવું છે એકવાર બેવાર-ત્રણવાર નકારો મળ્યો. ભાઈ, તમને શું કહું માતા-પિતાનું દિલ કચવાતું હશે. એના કરતા મારું વધારે કચવાતું. એ ભગવાન ! શું કહું, શું કરું ? ઠંડે કલેજે **સરસ્વતી** સાંભળે છે. ઠંડે કલેજે એટલે ? એમાં સપડાવવું નહિ વ્યવહારમાં કુશળતા છે. ટેકને તાલ ટેકને તાલ હાં-હા.હોં. હા... એ બીલકુલ પેલી **જોગણ** કહે મારી મા-બાપની ચિંતા શી રીતે ટળે ? પગમાં પડી ગઈ. તમે ચિંતા કરશો નહિ. મૂવા સંસાર સુખ, સંસાર સુખની આશા રાખીએ તો કોઈના ઓશિયાળા કરવા પડે, તે અંદરના વિષયનો ગુલામ ઓશિયાળા કરાવે છે એટલે વિષયોની લાલસા મૂકી દીધી છે.

સુખે જીવન જીવવા માટે કેટલો ઊંડો બોધપાઠ મળે છે.

પેલો મિયોં બાથ ભીડી છે અને પોતે રાણીની ફોઈ થઈને ગયો. પૂછે છે રાણા છે ? રાણા નથી ? રાણા દિલ્હી ગયા. એમના વહુ છે ને ? કહે તમારી ફોઈ આવી છે. ફોઈ જાણે મારી બલા કોઈ પાણાને ફોઈ નથી. આ ક્યાંથી આવી ? ઠીક કોઈ પુરુષ તો નથી. સ્ત્રી છે આવો આવો પધારો. કેટલા વર્ષો થયા ભત્રીજાને મળવા વર્ષો ગયા. હાય હાય દિલ્હી ગયા છે હું જાઉં છું. જવાદેવી જેવી હતી. પણ હું જવા દઉં તો રાણો ઘેર આવે ને વાત કરી તો... મને ઠપકો મળે અરે જવા દીધી બે દિવસ તો રાખવી હતી. હવે સતીત્વના હિસાબે જે જવાબ આપે છે અને જૈન શાસનનો જય જયકાર કરે છે.

• • •

પરમ પવિત્ર મંગલકારી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં **નમિરાજર્ષિએ** ઇન્દ્રને જવાબ તો આપી દીધો કે પોતાનું જ માન્યાની બધી પંચાત છે.

ચમનભાઈ દોડતા દોડતા જતા હતા. કોઈએ પૂછ્યું કેમ દોડો છો ? મારો રમણિયો મોટર નીચે આવી ગયો. પેલાએ ખુલાસો કર્યો. પણ એ તો તમારો રમણિયો નહીં, પેલાનો... એટલે હાશ થઈ. આ પોતાનું માન્યું હતું એની પંચાત થઈ. સાધુ જે છે તે પુત્ર પત્ની વગેરે પરિવાર છોડીને અલગ થયેલા છે. હોલો ચૂલો ધંધો ધાપો કાંઈ વ્યાપાર રાખ્યો નથી. પરિવાર હોય તેની પાછળ પોક મુકવાની હોય. એક માંદો પડ્યો અને બીજો મર્યો હોય. બાજુના પાડોશીને પોતે પૂછ્યું. તમારે ઘેર કાંણ મોકાણ કાંઈ થતી નથી ? ના, **જ્યાં જનમનાં વાજાં વાગ્યા હોય તેને ઘેર કાંણ મોકાણ થાય.** અમો તો વાંઝિયા છીએ.

કચ્છના રાણાને જામનગરના શેઠે રૂપિયા ૩ લાખ આપ્યા. વ્યવહારથી કહેવાય કે રૂપિયા મારા છે, પણ એ તો તમારા નસીબના હતા ને ! તમને મળ્યા આવું ક્યારે કહી શકે ? પોતાના નહોતા કર્યા માટે. મારું મારું કરનારા સુકૃત કરી ન શકે. પૈસા પરિવાર પર વસ્તુ છે તેના ઉપર મમતા ન હોય. પૈસા એટલે હાથનો મેલ એમ લાગે ત્યારે આપવાના આવે તો હાથ ધોઈને આપતાં વાર ન લાગે. સુકૃતમાં આપવા માટે એમ થાય કે લઈ જાવ લઈ જાવ. પૈસા ભારે પડે છે ? હા, કારણ કે એ તક સાધી રહ્યો છું. જ્ઞાનીએ બે રસ્તા બતાવ્યા કે પૈસા ભલે તારા પણ મારું મારું કર્યું તે મારનાર છે. તમે સુકૃત કર્યું તો તારનાર છે. જેને એમ લાગે છે આ બંગલો મારો છે, તેને ખરેખર એમ લાગવું જોઈએ કે આ મારો બંગલો મારી ઘોર ખોદનાર છે. આ રાગ ઓછો કરવા માટેની વિચારણા છે. જન્મી જન્મીને વારંવાર અહીં આવીશ એને બધા કાઢી મૂકશે. શાસ્ત્રમાં આવા દાખલા ટાંક્યા છે.

સમરાદિત્ય રાજકુમારને ઘરમાં અવધિજ્ઞાન થયું. રાજકુમારીઓને પિતાના આગ્રહથી પરણ્યા. રાજકુમારીની સખીઓ જોડે હતી. તે પાનનું બીડું આપવા માટે આવી છે. અને કહે છે કે કુમાર સાહેબ ! આ પાનનું બીડું મારી બે સખીઓએ તમને પ્રેમથી મોકલાવ્યું છે તે આપ સ્વીકારો. કુમાર લાગ શોધતો હતો. બેઠેલીને ઊભી કરી દેવા માટે બે પ્રશ્ન પૂછે છે. કુમારે ઠાવકે મોંઢે કહે છે કે તમારી સખીઓને પૂછો કે મારી ઉપર પ્રેમ સાચો છે ? અરે ! કુમાર ! આ શું બોલ્યા ? પ્રેમ તો એટલો બધો છે કે તમને જોયા નહોતા પણ તમારા ગુણ સાંભળ્યા ત્યારથી

અડધી અડધી થતી હતી અને હવે તો પ્રેમે માઝા મૂકી દીધો. તો હવે તમારી સખીઓને પૂછો કે કોઈના ઉપર **પ્રેમ હોય તો એની પાસે મરીને દુર્ગતિમાં જાય તેવું કામ કરાવાય કે સ્વર્ગમાં જાય તેવું કામ કરાવાય ?** તે મને મોક્ષમાં લઈ જાય એવું કામ કરાવવા આવી છે કે પછી નીચે સાતમી નરકમાં જાઉં એવા કામ કરાવવા આવી છે ? જો નરકમાં જાઉં એવાં કામ કરાવવા આવી હોય તો તે દુશ્મનની મા દુશ્મન કહેવાય કે પછી પ્રેમી કહેવાય ? સવાલ એવો કર્યો કે આવેલી સખીની બોલતી જ બંધ થઈ ગઈ, પણ રાજકુમારી સમજી ગઈ. સવાલ બહુ ગંભીર છે. સવાલને તોલી જુએ છે. અમે તો રંગ રાગ કરાવવા આવીએ છીએ.. એનાથી દેવલોક ન મળે, પણ સંસારમાં ભટકવાનું મળે. જો અમે એવું કરી આપીએ તો તેમના સાચા પ્રેમી શી રીતે ?

દુનિયાના, ધણી ધણીયાણીના, બાપ દીકરાના જે પ્રેમ છે તે કેવો છે ? એકલા પૂન્યના ઢગલાં કરાવે તેવો પ્રેમ છે કે પાપના બંધ કરાવે તેવો પ્રેમ છે ? શિરો ખવડાવી બે સામાયિક વધારે કરાવે, તપની પ્રેરણા કરે કે જેથી ખાધેલો શિરો દુર્ગતિમાં ન લઈ જાય. પેલી રાજકુમારીઓ તરત ઊભી થઈ અને પોતે જ જવાબ આપ્યો. માફ કરો. અત્યાર સુધી અંદરનાં. ચક્ષુ બંધ હતા. એટલે એવું કામ કરાવવા આવ્યા હતા કે જેથી તમે દુર્ગતિના રોલિંગમાં ચડી જાય. હવે અમારે તમારા સાચા પ્રેમી થવું છે. માટે ફરમાવો શી રીતે સાચા પ્રેમી થવાય ? કુમાર કહે તમે મને બ્રહ્મચર્ય પાળવાની સગવડ કરી આપો તો સાચા પ્રેમી થવાય. જો કે પરણીને આવ્યા એટલે હક્ક છે, છતાં પણ કહે છે કે લો તમને સગવડ, અમને જિંદગી ભરના બ્રહ્મચર્ય આપો. પોતે એમ નથી કહેતા કે તમે પણ સાથે લો. કુમારે પ્રતિજ્ઞા કરાવી તેની સાથે ઉપદેશ આપ્યો. તેમાં પોતાના અંતરના શુભ અધ્યવસાય વધતા ચાલ્યા. જીવ કયારે અને કેવી રીતે ઊંચે ચડે તે શી રીતે કહેવાય ? નીચે પડનારનું તો હજું કહી શકાય કારણ કે દાખલા મળે છે.

ઈન્દ્રભૂતિ ગૌતમ એક જ વાક્ય ઉપર બોધ પામી ગયા. હવે ઘેર જવું હરામ. સંસારમાં બેસવું હરામ છે. એવી સ્થિતિ દેખીને **સમરાદિત્ય કુમારને** અવધિજ્ઞાન થાય છે. નજીકમાં બનેલ બનાવ દેખ્યો. કુમારના પિતાને ખબર પડી કે રાજકુમારીઓને બ્રહ્મચર્ય આપ્યું. આ શું કર્યું ? અમારા મનના કોડ પૂરા ન થયા. કુમાર કહે છે કે હમણાં એ વાત રહેવા દો પહેલા વૈદ્યને બોલાવીને **બ્રાહ્મણને** ત્યાં મોકલો. **બ્રાહ્મણની પત્નીએ** ઝેર આપ્યું છે. કૂતરાને પણ ઝેર આપ્યું છે. વૈદ્ય ગયો ઉકાળા વગેરે આપીને ઊલટી કરાવી. બ્રાહ્મણ બચી ગયો. ઝેર આપનાર તો ભાગી ગઈ. ઝેર કેમ આપ્યું ? વાત એના ઉપર છે કે **માણસની મૂર્છાને લીધે મરીને એટલામાં જ જન્મે છે.** એ બ્રાહ્મણના કિસ્સામાં બની છે. હવે અનર્થ નથી થવાનો

તે સમજીને સમરાદિત્ય એનો ખુલાસો બીજાઓને સાવધાન કરવા માટે વાત કહે છે. આ બ્રાહ્મણને અવારનવાર તેની મા કહેતી કે તું ધ્યાન રાખજે, તારી ઘરવાળીના ચરિત્ર સારા નથી પણ માની વાત બ્રાહ્મણને ગળે ઉતરતી નથી. કારણ કે, પત્ની હાથ જોડીને ઊભી રહેતી હતી. સવારે પતિ કરતાં વહેલી ઊઠે. રાત્રે પતિને સુવડાવીને પછી પોતે સૂતી. આ બાજુ પેલીના ચાળા વધી ગયા. બ્રાહ્મણ વ્યવહારે જાય એટલે મનગમતાને બોલાવે. છેવટે માએ કહી દીધું મને કાંઈ વાંધો નથી, પણ તારા જીવન પર આપત્તિ ન આવે માટે કહું છું.

બ્રાહ્મણે ઘરમાં વાત કરી કે મારે પરગામ જવું પડશે અને ઘરમાંથી નીકળી ગયો. પારખું કરવું છે એટલે ગામમાં જ રહ્યો અને રાતના ઘેર પહોંચ્યો. જઈને જુએ તો અરરર થાય છે. એના ઉપર કાળઝાળ દ્વેષ થઈ ગયો એને જીવતો ન છોડું. બંને જણ સૂતા હતા. આણે જઈને એક બાજુ હાથ મૂકીને ગળું દાબીને નીકળી ગયો. પેલી રાતના જાગી. મનમાન્યાને બોલાવવા ઘણું મથે છે, પણ જીવતો હોય તો બોલે ને ? આને થયું સવારનાં સાસુ જુએ, લોકો જુએ, ધણી જુએ, લોકોને મોઢું શું બતાવવું ? મડદું ઉપાડીને લઈ જવાય તેમ નથી એટલે ઘરમાં જ એક ખૂણામાં મોટો ખાડો કરીને મોટો છરો લાવીને મડદું કાપ્યું અને દાટ્યું. ગોખલામાં દીવો કરે છે.

સવારે પેલો ઘરમાં આવ્યો, પણ લીંપણ ભીનું કેમ છે તે પૂછતો નથી. પેલી રોજ ટાઈમે ત્યાં દીવો કરે છે, તે ગોખલામાં નૈવેદ્ય મૂકે છે. **બ્રાહ્મણ** તો અજાણ્યો બનીને જોઈ રહેલ છે. પેલો માણસ મરીને ત્યાં ગરોળી થયો. એ જ જગ્યાએ આવીને બેસે છે. સંજ્ઞા છે જગા વહાલી કરી છે માટે ત્યાંનો ત્યાં ફરે છે. પેલીને દાઝ ચડી પથ્થર ઠોકીને મારી નાખી. એવા સાત અવતાર કરે છે. જુઓ આ બધું એકદમ થઈ ગયું. હવે પેલો કૂતરો થયો છે. ક્રૂરતા એટલી બધી છે કે છ વાર સુધી પોતાના પ્રેમી જીવને માર્યો હવે સાતમીવારે કૂતરો બનીને તે જ જગાએ આવીને ખોદે છે. પેલીને વહેમ પડ્યો. હવે શું થશે ? બ્રાહ્મણને બોલવું નહોતું છતાં બોલાઈ ગયું. હવે બહુ થયું ઘણા દિવસો થયા હવે શું વળશે ? એટલે કે દીવો કરવાથી મરેલા પાછા નહીં આવે. હાય ! આણે જ રાતે મારા યારને મારી નાખ્યો હશે એટલે કૂતરાને અને પતિને ઝેર આપ્યું.

નમિરાજર્ષિ ઇન્દ્રને કહે છે કે, પત્ની પુત્ર પરિવાર છોડ્યો છે. નોકરી વગેરે ધંધા નથી રાખ્યા તેને કશું પ્રિય કે અપ્રિય નથી એટલે સુખેથી જીવીએ છીએ. મિથિલા આખી સળગે એના ઉપર અમે શું કામ ચિંતા કરીએ ? **સારું અને મારું જે કરે છે, તે મમતા છે. અને મમતા છે ત્યાં સુધી અનેક પ્રકારના આર્તધ્યાન છે.** નમિરાજર્ષિને એકવાર દાહજવર થવાથી કેવો ધક્કો લાગ્યો ? એક વાક્યમાં કેવો

ધક્કો લાગ્યો ? એક કોની સાથે સંઘર્ષ કરે ? **જ્યાં અનેક છે ત્યાં સંઘર્ષો છે.** અને ત્યાં જ કોલાહલ છે. હું ને મારું રાજ, હું ને મારો પરિવાર, હું ને મારા નોકર, આ બધું હું શેની ઉપર રાખીને બેઠો છું. આ કરેલા કાળા પાપનો ઢેર લઈને હું ક્યાં જઈશ ? આ વિચાર ઉપર નમિરાજા ઊભા થઈ ગયા હતા. ઈન્દ્ર પારખું કરવા માટે આવ્યો છે. તેને બતાવ્યું. જ્યાં સુધી પરિવાર છે, દુન્યવી પ્રવૃત્તિઓ છે, ત્યાં સુધી ગમતું અને અણગમતું રહેવાનું. તમારે પણ આવું છે ને ? દીકરા માટે આ કન્યા સારી, આ કન્યા ખોટી. બુદ્ધિ મળી છે તેનો ઉપયોગ પાપાચારમાં કરો તેની કિંમત શું ? આપણી બુદ્ધિથી દુનિયાનું કેટલું વિચારીએ અને ભગવાનનું ચિંતન કેટલું વિચારીએ ? બધું વિચારાય છે, પણ એક પરમાત્માનું જીવન વિચારવાની ફુરસદ જ નથી ને ! એ વિચારવાનું **સુલસા શ્રાવિકામાં** હતું. માટે તો ઉપરથી સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ઉતર્યા તો પણ જોવાની ઈચ્છા ન થઈ. કારણ કે તેને ભગવાનનું વિચારવાનું ઘણું હતું. એવા જ બળ ઉપર **સરસ્વતી** પોતાના માબાપને, સાસુ-સસરાને જવાબ આપે છે. ત્યારે તો દશરથે રામને કહ્યું કે કે રાજ્ય ભરતને આપું છું. રામે કહ્યું એમાં શું પૂછો છો એમાં હું રાજી છું પણ મને પૂછવાનું રાખ્યું તેથી હું નારાજ છું. **મારા વિનયમાં ખામી દેખી એટલે પૂછવું પડ્યું !** વિનય તો એનું નામ.

ભગવાને કહ્યું, ગૌતમ જાવ, ખેડૂતને પ્રતિબોધ કરવા. હા જી ! આ ચાલ્યો. પછી ત્યાં પૂછવાનું નહિ કે આ બૂજશે ? **ગૌતમ મહારાજે** ત્રીશ વરસ સુધી કોઈ સવાલ કર્યો નથી. ખેડૂતને બૂજવીને લાવ્યા પણ ખેડૂત ભગવાનને દેખીને પાછો ગયો. તો ગૌતમ મહારાજે એમ ન કહ્યું કે આવા પથરાને બૂજવવા શા માટે મોકલ્યો ? મુઝવણ થતી હતી. ખુદ ભગવાને તેની ઓળખ કરાવી. એ પાછો ગયો. એ તમારાથી બૂજયો પણ મારાથી ઉબકયો એનું કારણ એ છે કે ભૂતકાળમાં ઊંધું વેતરીને આવ્યો છે. હું ત્રિપૃષ્ટ વાસુદેવ હતો ત્યારે તમે મારા સારથી હતા અને **આ ખેડૂતનો જીવ ત્યારે સિંહ હતો.** મેં તેને જંગલમાં જડબાથી ચીરીને મૂકી દીધો હતો. તે તરફડતો હતો તમે તેને આશ્વાસન આપ્યું હતું કે તું ચીરાયો તેનું તને દુઃખ નથી પણ તારું અપમાન તને લાગ્યું કે હું મોટો વનરાજ અને આ એક માણસ મગતરું મારી આ હાલત કરે ? તને આ અભિમાન વચ્ચે નડ્યું. માટે તું તરફડે છે. પણ અરે ! તું ભૂલી જજે તું તો પશુઓનો રાજા સિંહ છે. પણ આ તો નરસિંહ છે માટે તે મોટો કહેવાય. તું પશુસિંહ નાનો કહેવાય. **"મોટાના હાથે નાનાની હાર થાય તેમાં ખરેખર નાનાની જીત છે, અને મોટાના હાથે નાનાની જીત થાય ત્યારે ખરેખર નાનાની હાર છે."** વ્યવહારમાં પણ કહેવાય છે કે છોકરાને પહેલીવાર બજારમાં મોકલ્યો અને પહેલા ધંધામાં હારીને આવે તો બાપે તેની પીઠ

થાબડવી જોઈએ અને કમાઈને આવે તો મોં બગાડવું જોઈએ. દેખાતી જીત એ જીત નથી પણ હાર છે, અને સમજે છે કે આ એકવાર હાર્યો તો હવેથી ઉપયોગ વધારે રહેશે. નહિ તો અભિમાનમાં આવી મોટા સોદામાં આંધળિયા કરશે અને મરશે.

ભગવાન ગૌતમને કહે છે ગૌતમ ! તમે તેને આ આશ્વાસન આપ્યું. એટલે તેને તમારા ઉપર સદ્‌ભાવ થયો પણ મારા ઉપર અભાવ થયો તેથી ખેડૂત તમારાથી બૂજી ગયો. તમે કહ્યું કે તું દુઃખનો માર્યો તરફડતો નથી. ગમે તેમ તોય તું સિંહ છે, મરણનો ઘા આવે તોય શું ? બકરી નથી કે બેં બેં કરે. ચિંતા ન કર. મોટાની જીત એ આપણી જીત છે. છોકરા કે શિષ્યોને સારી રીતે ઉછેર્યા હોય તો આગળ જતા બાપા કે ગુરુ સાથે જીભા-જોડીમાં ન ઉતરે અને હાથ જોડીને ઊભા રહે તો જીવનમાં બંને મહાન થાય. તમારી કોલેજો-સ્કૂલોમાં આ પાઠ જ ક્યાં છે ? પાઠ છે સત્યાગ્રહનાં, બાપા કહે ભાઈ ! રહેવા દે, રહેવા દે છોકરીઓની પાછળ પડવાનું. બાપુ ! એ તો તમને ખબર ના પડે. આ શું છે ? તેના બે ચાપલૂસીના શબ્દ ઉપર પ્રેમ થઈ જાય છે, પણ તે ખરેખર પ્રેમ નથી.

ગૌતમ ! તારા આશ્વાસનથી તેને ઠંડક વળી. પણ તે ભાષા સમજ્યો હતો ? ના, એકશનથી સમજી શકે છે. ભગવાન કહે છે માટે જ તેને તારા ઉપર આદર ભાવ ઊભો રહ્યો. મારા માટે કચવાટ રહી ગયો. આ તેનું સંપેતરું તેની પૂંઠે પડી ગયું. **ખેડૂત ગયા ભવમાં વ્યંતર દેવ હતો.** અમે નાવમાં નદી પાર કરતા હતા તો ત્યાં અભાવથી આવીને નાવને હેરાન કરવા માંડ્યો, પણ કંબલ-શંબલ નામના દેવતાએ તેને માર્યો અને મરીને ખેડૂત થયો. કર્મસત્તા કહે છે,- "દેવતા તરીકે તું મરજે પણ તારા હૈયામાં રહેલા ખોટા સંપેતરા નહિ મરે." **"મહાપુરુષ ઉપર કરેલો અભાવ એ ખોટું સંપેતરું છે."** ખેડૂત થયો તો અહીં પણ સંપેતરું લાવ્યો. આપણા મોત બહુ સહેલા છે, કારણ કે "જરા એકસીડન્ટ થયો તો ઉપડી ગયા પણ આપણા હૈયામાં રહેલા ખોટા સંપેતરાનું મોત કઠીન છે."

તીવ્ર લાલસા વૈર-ગુસ્સા, આ બધા અભાવના સંપેતરા છે, **ભગવાન કહે** છે ગૌતમ ચિંતા ન કરો. આ અભાવનું સેવાડીયું હતું. એટલે હવે અભાવ જશે. તમે તેને ઊભો કર્યો તે લેખે લાગી જશે. ગૌતમ સ્વામી કેવા લબ્ધિધર હશે કે ૫૦ હજાર કેવળજ્ઞાની શિષ્યોનાં ગુરુ બની શક્યા ! પણ લબ્ધિ આવી ક્યાંથી ? કહો કે મહાવીર ભગવાનમાં જેમ દૂધમાં સાકર ભળી જાય તેમ પોતે ભળી ગયા હતા. એટલે કે તમારી ઇચ્છા તે મારી ઇચ્છા, તમારો મત તે મારો મત, તમને ગમે તે મને ગમે, તમને ન ગમે તે મને ન ગમે. ગૌતમ મહારાજ માત્ર ભગવાનના શરણે આવ્યા હતા, એટલું જ નહિ પણ સમર્પિત થઈ ગયા હતા. **નમિરાજર્ષિ** ઇન્દ્રને

કહે છે કે સાધુ બન્યા છે તેને પ્રિય-અપ્રિય કશું રાખવું નથી. પુત્ર પરિવાર ધંધો ધાપો બધું મૂકી દીધું છે.

પેલી સરસ્વતી જોગણને મળે છે, પણ તમે આ વેશમાં અને રાજસભામાં? એ તો હું જોગણનો વેશ પહેરું છું. કારણ કે કોઈ ભૂતડા મને દેખીને વળગી ન પડે, વિકાર ન થાય. પિતાને ઉમેદવાર મળતો નહોતો એટલે મેં કહ્યું કે આપ ચિંતા ન કરો હું જોગણ બનીને રહીશ અને પિતા મરી ગયા. પછી મિલકત ઘણી છે. પ્રભુ ભક્તિ -સંત પુરુષોનાં ચરિત્રો વાંચુ છું, દિવસો પૂરા કરું છું. બોલો સારસ્વતકુમાર ! વાત બરાબર ને ? પરદેશથી તમારા જેવા કોઈ આવે તો દેશના સંતોનાં ચરિત્રો સાંભળવા મળે છે. હવે સરસ્વતીને ફસાવવા માટે પ્રસ્તાવ મૂકે છે. એકદમ ઈન્કાર થાય તેમ નથી. કહે છે જમવા પધારજો. તેથી તમારા પૂર્વના દેશનાં સંતપુરુષોનાં જીવન સાંભળવા મળે. સરસ્વતી વિચારે છે હુંકારો ભણવામાં જોખમ છે.

પેલો હાંડો રાણો મુસ્લિમ ફોઈ બનીને હાંડી રાણીને ત્યાં ગયો છે. જોવું હતું તે જોઈ લીધું. હવે કહે છે લે બાઈ ત્યારે હું જાઉં છું, પણ તમારા ભત્રીજા આવશે... હા, પણ હવે એ તો દિલ્હી છે, ક્યારે આવે કાંઈ ન કહેવાય. તો કંઈક લેતા જાવ... ના... ના... ભત્રીજાને ત્યાં છે તે મારે ત્યાં જ છે ને ? તો પણ કાંઈક લેતા જાવ... આ તો તું બહુ આગ્રહ કરે છે માટે માંગુ છું કે ભત્રીજો મળ્યો નથી તો આ ભત્રીજાની મોજડી આપ. અને કટારી અને રૂમાલ આપ જેથી મને લાગે કે મારે ધર્મ-ધક્કો નથી થયો. આ તો કેમ અપાય? મારે આ તો તમારા ભત્રીજા વહાલાં છે અને મારી શીલ રક્ષા થાય માટે મેં રાખ્યું છે તે કેમ અપાય?

"દિવ્ય-દર્શન"-"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૭" અષાડ વદ-૧૧

નમિરાજર્ષિ કહે કોની મિથિલા ને કોને આગ ? પત્ની, પુત્ર, ખજાના વગેરે છોડી દીધું છે. સંસાર સંબંધી ધાંધલ-ધમાલ કાંઈ રાખી જ નથી. સંસાર છોડીને કરવાનું શું ? નવરાધૂપ ? ના અમારે પંદર કલાક સ્વાધ્યાય કરવાનો છે, ત્રણ કલાક આહાર, નિહાર, વિહાર કરવાનો છે. એટલે જે ભિક્ષુ બન્યા છે તેને પ્રિય અપ્રિય નથી. મારું કોઈ નથી. અથવા તો મારું છે તે આખા વિશ્વના જીવો મારા કુટુંબી છે. **વિશ્વના કોઈપણ જીવ મારા નિમિત્તે દુઃખ ન પામે એજ ભાવના અમારી હોય.**

હું મારા છોકરાને તારું અને દુનિયા આખી ભલે ડૂબે એવો કોઈ ભેદભાવ

નથી. મારું ગણું તો આખું વિશ્વ છે, ન ગણું તો રાજ વગેરે કોઈ જ મારું નથી એ નિર્ધાર સાથે નીકળેલા નમિરાજર્ષિ આ કહી રહ્યા છે. રાજ્ય પરિવાર વગેરે મારું કોઈ નથી. **છે માત્ર કાયાનો વળગાડ.** તે કાઢવાની ચિંતામાં છું. **અત્યાર સુધી અનેક કાયાના વળગાડ લીધા છે. હવે એ જોઈએ નહીં.** મિથિલા સળગે તેની સાથે મારે કોઈ સંબંધ નથી. આ સાંભળી ઈન્દ્ર થીજી ગયો. હજુ ગઈ કાલ સુધી મોટો માંધાતા રાજા હતો. શું તેની ચારેકોર પ્રશંસા થતી જેના પુન્ય પર દત્તક પિતાને ત્યાં ગયો. મદનરેખા મહાસતી સ્નાન કરવા ગઈ હતી. ત્યારે હાથીએ ઉછાળી વિદ્યાધર રાજાએ ઉંચકીને પોતાના વિમાનમાં બેસાડી છોકરાનું બેલી કોણ ? જેનો કોઈ બેલી ન હોય તેનો બેલી ભગવાન.

એકવાર એક બાઈ પોતાના છોકરાને કેડમાં લઈને જતી હતી, અને રોડ ક્રોસ કરતાં મોટરની ટક્કર લાગતાં મા કચડાઈ ગઈ, અને બચ્ચું બચી ગયું. માની પોતાની જાતને બચાવવાની તાકાત નથી તે બચ્ચાને શું બચાવી શકે એ તો ભગવાન જ બચાવે. માટે તો કહેવાય છે કે **'ધાર્યું તો ધણીનું થાય.'** નમિ જંગલમાં પડ્યો છે, અને મોટો રાજા આવીને લઈ જાય છે. માટે તો કહેવાય કે ભાગ્યશાળીના પગલે "નવ નિધાન". રાજા લઈ ગયો. અહીં દીકરા તરીકે જાહેર કર્યો. રાણીને ગુપ્ત ગર્ભ હતો એવી વાત ફેલાવી જન્મોત્સવ મનાવ્યો. દુશ્મન રાજાઓ ભેટણાં લઈ લઈને આવ્યા. કોની હોશિયારી ઉપર ? કહો કે નમિના પુન્યની હોશિયારી ઉપર. રાજાની હોશિયારી ઉપર નહીં. **બધા રાજાઓ નમિ પડ્યા એટલે બાળકનું નામ નમિ રાખ્યું.** નમિરાજર્ષિ કહે છે મિથિલા સાથે મારે કોઈ સંબંધ નથી એ તો હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા. હવે અંદર જાય નહિ. એવી રીતે હે બ્રાહ્મણ ! જે મુનિએ બધું છોડી દીધું છે તે માત્ર પોતાના આત્માને જુએ છે. હું કોણ ? કઈ પરિસ્થિતિમાં છું ? ક્યાં ઊભો છું ? પૂર્વના કર્મના બંધન કેટલા ? તે જુવે છે. બહારની ઝંઝાવાતો મારા આત્માનું કાંઈ બગાડી શકતું નથી.

અણગાર બનેલા મુનિને સુખનો કોઈ પાર નથી. દુનિયાના ચક્રવર્તીને જે સુખ નથી તે સુખ સાધુને છે. **સમકિતિ બહારથી સુખી અંદરથી મહાદુઃખી. જ્યારે સાધુ બહારથી દુઃખી પણ અંદરથી મહાસુખી.** સમકિતિને બાગ-બગીચા, બંગલા, મોટર પુન્યથી મળ્યા છે એટલે એમાં સુખ શાંતિ જોવા મળે, પણ અંદરથી દુઃખી છે. એટલે કે જો બહારનો કેવો ? તો કહો કે પારધી જંગલમાં જાય છે જાળ પાથરે છે, ચોખા નાખે છે, અને પંખી ઉડતા આવીને સરસ મજાના ચોખા જોઈને ચણવા માંડે. પણ એને ખબર નથી કે પેલો પારધી એક જ સાથે જાળ ખેંચે તેટલીવાર છે. જાળ ખેંચાય એટલે ઊડી ન શકે. એવી રીતે શિકારી હરણને પકડવા માટે ફળ પાથરે છે તે ફળ પણ આટાના હોય એટલે સુંદર મજાના દેખીને દૂરથી હરણીયા

મીઠાં મીઠાં સમજીને આવીને ખાવા માંડે છે. જ્યાં ખાવામાં લીન થાય અને બાજુથી બાણો ફેંકાય. જેવી રીતે ભોળા જીવોને પકડવા જાળ અને ફળો પથરાય છે તેવી રીતે **નમિરાજર્ષિ** જુએ છે કે આ રાજ પરિવાર વગેરે જમેલો એ કર્મસત્તાની જાળ છે. જંગલમાં સિંહની એક તરાપ લાગે અને હરણીયાને પકડી ચારે પગે કૂદતો ગુફામાં લઈ જાય. બધા જોયા કરે. આવી રીતે હે બ્રાહ્મણ ! જમડો બધાની વચમાં એક દિવસ લઈ જશે. કોઈને પત્તો નથી, ક્યારે કોણ ઉપડી જશે ? આ જાળને ન ઓળખે એ મૂર્ખ છે. જો ગફલતમાં રહ્યો તો પરલોક સુધારવા માટે કાયાના બંધનથી મુક્ત થવા માટે જે સાધનાનો અવસર છે તે જતો રહેશે. માટે મારો દાહ શમી ગયો, અને હું ઊભો થઈ ગયો. કારણ કે કુટુંબને વાત કરવા માટે રહું ત્યાં સુધી કર્મસત્તાનાં બાજપક્ષી જેવો યમરાજ આવી લઈ જાય તો શી ખબર પડે ?

પાટામાં સાંધો હતો તે કારીગરે એ કામ નહીં કર્યું હોય એટલે એક ગાડી ઊંધી પડી. એન્જિન સાથેના બે ડબ્બા આગળ ગયા, વચ્ચેના ફસ્ટ કલાસના ડબ્બાના ફૂરચા ઊડી ગયા. જોગાજોગ તેમાં લગ્નની જાન હતી. એક રાજકોટની ડોશી ધ્રુસકે રોતી હતી. હું તમને બધાને ધર્મના કામમાં લાગવાનું કહું ત્યારે જોઈશું, કરશું થાય છે એમ જે કરો છો તે રહેવા દો. આવું કરનારા કંઈક જણા સુકૃત વિના રવાના થઈ ગયા. રડતી ડોશી કહેતી હતી કે આ ગાડીમાં મારા પાંચે દીકરા મરી ગયા. હું અભાગણી જીવતી ક્યાં રહી. કનૈયા જેવા મારા કુંવર કચડાઈ ગયા. પણ કુદરતની કરામતને કોણ પહોંચે ? **કુદરતનો એક સપાટો ફરે ત્યારે કોની મજાલ છે કે તેમાંથી છટકી શકે ?** સુરતમાં એક બિલ્ડિંગ જબરજસ્ત મોટું બંધાતું હતું ગમે તે કારણે તૂટી પડ્યું કામ કરનારા માણસો કચડાઈ ગયા. ગુજરાતનો મુખ્યમંત્રી આવ્યો હતો પણ તેણે કાંઈ ન કર્યું. કારણ કે તેના ખિસ્સામાં ૧૦-૨૦ લાખ પડી ગયા હશે. કર્મસત્તા જ્યારે વિફરે ત્યારે કોઈ બચાવી શકે તેમ નથી.

ધર્મ ક્યારે કરશો ? **'ઘડપણે ગોવિંદ ગાશું.'** ડાહ્યા માણસો હોય તેઓ મોકો મળે ત્યારે ધર્મમાં ઝુકાવી દે, નમિરાજર્ષિ ઇન્દ્રને કહે છે કે તને ખબર નથી જેણે ઘરવાસ છોડ્યો, એટલે બધું જ છોડ્યું. મારે સુખનો પાર નથી અને ચક્રવર્તીને દુઃખનો પાર નથી. શિકારીના ઘરમાં પંખીને પાંજરામાં પૂર્યું હોય એ ક્યારે ઘરમાંથી બિલાડો છોડે, બારણું ખોલી દે તો પંખીની શી દશા થાય ? એવી દશા મારા જીવની છે, ક્યારે કર્મસત્તા ફેંદી નાખે તે કહી શકાય નહિ. એટલે તો ભરત ચક્રવર્તી પોતાની સભામાં સાધર્મિક રાખ્યા હતા. કહ્યું હતું કે રોજ સભામાં પહેલાં ધર્મની મંગલવાણી મને સંભળાવવાની અને પછી સભાનું કામ શરૂ થાય. મંગલવાણી કેવી ?

'ચક્રવર્તી તું હારી ગયેલો છે. બીજાથી જીતાયેલો છે. તારે માથે ભય વધતો

જાય છે.' માટે અમે કહીએ છીએ તું તારી જાતને હણ નહીં, ભરતજી અંદરથી દુઃખી હતા. માટે સમજીને જો સાધર્મિક ન રાખું તો ચક્રવર્તીપણું નવનિધાન, ચૌદ રત્ન મળ્યાં છે. તેમાં આંખ મીંચીને પડી જાઉં તો જમરાજ રૂપી બાજપક્ષી આવીને ઉંચકી જશે તો હું ક્યાં જઈશ. હારેલા છે એટલે કે આંતરશત્રુથી હારેલા, રાગદ્વેષના ગુલામ, ત્રિપૃષ્ઠ વાસુદેવને દ્વેષે કુદાવ્યા પેલો શય્યાપાલક મારી આજ્ઞા ન માને ? મેં કહ્યું હતું કે હું સુઈ જાવું તો સંગીત બંધ કરાવજે. તેણે સંગીત વહાલું કર્યું ? તેનાં કાનમાં ધગધગતું સીસું રેડાવ્યું. દ્વેષથી આંધળા બન્યા તો ૭મી નરકે ગયા. એટલાથી પત્યું નહિ. ત્યાંથી સિંહ થયા. વળી ચોથી નરકે ગયા. ત્યાંથી પત્યું નહિ તો લાખો કરોડો ભવ એકેન્દ્રિયમાં, વિકલેન્દ્રિયમાં ભટકવું પડ્યું. આપણા તારણહાર મહાવીર ભગવાન જેવાને પણ કર્મે છોડ્યા નહીં. પાપસામગ્રી લીલા મળી તો તેમાં કૂદ્યા. પાપ સામગ્રીને ધર્મ સામગ્રી બનાવી શકાય. આવા આજે ઘણા છે કે જેને પુણ્યથી ઘણું મળ્યું છે છતાં કારખાના ને બંગલા બંધાવીને પુણ્ય પાપાનુબંધી બનાવી રહ્યા છે, પુન્યાનુબંધી પુન્ય હોય તે પાપ સામગ્રીને ધર્મસામગ્રી બનાવે. આજે ઘણા એવા છે કે આપીને ખુશી થાય છે. એમ માને છે કે મારી પાપલક્ષ્મી લેખે લાગી રહી છે. યાચકનો ઉપકાર માને છે.

જામનગરનાં શેઠે રાણાને ૩ લાખ રૂપિયા આપી દીધા. આનંદ માને છે. પેલો રાણો ન્યાલ થઈ ગયો. અશુભ કર્મના ઉદયની વાદળી હઠી ગઈ એટલે હતો તેવો, તેનાથીએ અધિક સુખી બન્યો. આ બાજુ દાતાર શેઠને અશુભનો ઉદય થયો. થોડા મુનીમ લઈ ગયો. થોડા પાર્ટીમાં ઘલાઈ ગયા. વખાર બળી ગઈ. લક્ષ્મીને જવું હોય ત્યારે દાટેલી હોય તો તે પણ જાય છે. આજ અંધેરીમાં ઘણા વર્ષો પહેલાં અમે હતા. એક **ઓસવાળ પંજાબી** આવીને કહેતો હતો કે અમે કેવા આંધળા છીએ કે ધન હતું, ત્યારે પુણ્ય ન કર્યું. અમે ચાલીસ બ્લોકનું બિલ્ડિંગ બંધાવી લીધું. મહિને એક હજારની આવક એટલે હાશ કરીને બેઠેલા કે આપણે હવે ધર્મધ્યાન કરો નિરાંત રાખી હતી, પણ પાકિસ્તાની આવી પહેરેલ કપડે નીકળવું પડ્યું. અત્યારે ઉપર આભ અને નીચે ધરતીનો આશરો છે. લક્ષ્મીને જવાના રસ્તા ઘણા છે. એ વાત આ દાખલો બતાવી આપે છે. માટે ડહાપણનું કામ એ છે કે મોકો મળે સુકૃત કરી લેવું.

પેલા **જામનગરના** શ્રાવકના નસીબની ચક્કી ફરી ગઈ. બધું ગયું છે પણ પોતે જીવનો દૂલો છે. કોઈ ચિંતા નથી. ભીખ માંગવા જતા નથી. શ્રાવિકા કહે છે કે પેલા રાણાને તમે ત્રણ લાખ રૂ. આપ્યા છે, તો ત્યાં જઈએ. અત્યારે જવું શોભે નહીં એમ શ્રાવક કહે છે. આપનારા બનીએ તો કિંમત છે. લેનારા બનીએ તો કિંમત બે બદામની છે. શ્રાવિકા કહે હવે બધું ગયું છે, શું કરશો હવે ?

શ્રાવિકાના આગ્રહથી શ્રાવક રાણાના દરબારમાં જઈને ઊભા રહ્યા. રાણો ઊભો થયો. અહો શેઠ ! મારે ત્યાં તમારા પાવન પગલાં થયાં. ધન ઘડી ધન ભાગ્ય. કેમ કુશલ છો ને ? શેઠ કહે પવનચક્કી ફરી ગઈ છે. રાણો સમજી ગયો ગમે તે સૂકી લીલી થઈ ગઈ છે. તરત જ દીવાનજી ! શેઠને એક મકાન આપો. એક બકરી આપજો. શેઠ ! આ બકરી દૂધ આપશે તે દૂધ ઉપર જીવન ચાલશે.

જેણે કટોકટીમાં ત્રણ લાખ રૂા. આપ્યા છે તેને એક બકરી આપે છે. આ સંસારની અસારતા જુઓ. શ્રાવિકા શેઠને કહે આ ત્રણ લાખના બદલામાં એક બકરી જ ? એ વખતે શ્રાવક જવાબ આપે છે તમે શ્રાવિકા છો ? કેમ એમ પૂછો છો ? તો શ્રાવક-શ્રાવિકા સુકૃત કરે એટલે સોદો કરે ? દાનમાં લાખ આપ્યા તે આપ્યા, બદલાની આશા જ ન હોય ! અને આપણે સુકૃત કર્યું છે આશા રાખી જ નહોતી ! સુકૃત એનું નામ કે બદલામાં કાંઈ જ આશા ન રાખે.

દેવપાલને ચક્રેશ્વરી હાજર થઈ. ભગવાનની ભક્તિથી પ્રસન્ન થઈ છું. 'માગ જે જોઈએ તે.' દેવપાલ કહે મારે તો કાંઈ ન જોઈએ. માત્ર ભક્તિ જ જોઈએ. તે તો તારી પાસે છે જ. જો હોત તો સાત-સાત દિવસ મારા ભગવાનને એકલા જંગલમાં રાખત ? તેમની પૂજા કર્યા વિના રહેત ? પણ હું દેવી છું. દેવનું દર્શન ખાલી ન જાય. અમે નવરાધૂપ હોવા છતાં ભગવાનની જે ભક્તિ કરી શકતા નથી તે તું કરે છે. તારી ભક્તિથી કંઈ કંઈ થઈ જાય છે માટે કહું છું ભક્તિના બદલામાં માગ. પણ દેવપાળને કાંઈ જોઈતું જ નથી. આજે ઘણા ચક્રેશ્વરી વગેરેના ભગત છે. દોઢ-દોઢ કલાક દોઢ ટાંગે ઊભા રહીને ૐ ચક્રેશ્વરૈ નમઃ કરે છે. વર્ષો જવા છતાં ચક્રેશ્વરી મળતી નથી. આ દેવપાલને ચક્રેશ્વરી સામે આવીને માંગવા કહે છે તો સુકૃતોનો અભિલાષી દેવપાળ તેને સુણાવે છે કે સાંભળ ! તું જે કાંઈ આપવાનું કહે છે તે મારે ગધેડા તુલ્ય છે અને ભગવાનની ભક્તિ મારે મન ઐરાવણ હાથી છે, તું એ કહેવા આવી છે ? કે તારી ઐરાવણ હાથી જેવી ભક્તિ વેચી દે અને તેનાં બદલે ગધેડા તુલ્ય દુનિયાનું કાંઈક ખરીદી લે. તું ઘર ભૂલી, જે રસ્તે આવી તે રસ્તે પાછી જા, અણનમ રહ્યો. દેવી ઘણું ઝૂરે છે, પણ દેવપાલ કાંઈ માગતો નથી.

ત્યારે **ચક્રેશ્વરીને** મનમાં થાય છે કે અમારા તરણ તારણહાર પ્રભુ આદિનાથ પૃથ્વી ઉપર હાજર હતા, ત્યારે નિસ્પૃહ હતા તો તેમનાં ભક્ત નિસ્પૃહ કેમ ન હોય ? હારી થાકી પગે પડી કહે છે તમે મારું આપ્યું નહિ પણ આ જે ઉત્કૃષ્ટ ભાવથી ભક્તિ કરી છે તેનું પુણ્ય એટલું બધું થઈ ગયું છે કે **"ઉત્કૃષ્ટ ભાવથી કરેલ પુણ્ય કે પાપ તે તત્કાળ ફળે છે અને જઘન્ય ભાવથી કરેલાનું પણ ૧૦ ગણું ફળ અહીં મળે છે."** એટલે ચક્રેશ્વરી દેવપાળને કહે છે, આજથી સાતમે દિવસે આ

નગરનો રાજા થઈશ અને જે રાજા છે તેનો જમાઈ થઈશ. રાજાના કુંવરીની હોશિયારી એટલી બધી છે કે તેને યોગ્ય ઉમેદવાર કોઈ મળતો નથી. કારણ કે આ કુંવરી પૂર્વ ભવમાં કઠીયારણની છોકરી હતી. જંગલમાં ભગવાન મળ્યા હતા, પૂજા કરતી હતી. ધણીને કહે તમે પણ પૂજો. તો તે કહે જા, જા, હવે પૂજયા. તું મોટી પત્થરને પૂંજનારી... પણ આ તો પૂજતી અને તેના પ્રભાવે અહીં રાજકુમારી થઈ છે, બુદ્ધિ ઘણી છે એટલે ચક્રેશ્વરી કહે છે. રાજા તને રાજ આપશે અને જમાઈ બનાવશે. 'માણસનું ધારેલું શું થાય ?' ધર્મ પાસે લાલચુડા વેડા કરે શું થાય ? માટે પૂજામાં દેવપાલને યાદ કર્યો છે. કારણ કે આ રીતે અરિહંતની ભક્તિ કરતા રાજ્ય પામ્યો એટલે એ રાજ્યને તુચ્છ માને છે. એટલે પોતે જે પાલક શેઠના ઢોરા ચરાવતો હતો તેમને મહાઅમાત્ય બનાવી કારભાર બધો તેમને સોંપ્યો અને પોતે ભક્તિ કરતો. એને ભક્તિ કરી તેનાથી તીર્થંકર નામ કર્મ બાંધ્યું. ત્યાંથી દેવલોકમાં ગયો છે, અને હવે ત્યાંથી **મહાવિદેહમાં તીર્થંકર** થશે. દ્રવ્યગુણ-પર્યાયથી અરિહંતની ભક્તિ કરવાનો આ લાભ છે. એક વખતનો ઢોરા ચારનાર દેવપાલ અને એક વખતનો શ્રેણિક, જે હરણીનો શિકાર કરીને ૭મી નરકનું આયુષ્ય બાંધનાર પણ બંને સુખી બની ગયા.

નમિરાજા કહે છે, જે મુનિએ એક નિર્ણય કર્યો કે મારો આત્મા એકલો છે. શાશ્વત છે, તે દૃષ્ટિવાળા મુનિને સુખનો પાર નથી. મુનિ અણનમ ઊભા રહી શકે, ચક્રવર્તીને નમવું પડે, ભરત ચક્રવર્તી બહારથી સુખી હતા, પણ અંદરથી દુઃખી હતા. સમજતા હતા કે મારું શું થશે ? મુનિ બહારથી કષ્ટો ઉપાડે એટલે દુઃખી કહેવાય. જેમ **ઢંઢણ મુનિને** ભગવાને કહ્યું કે તારા કર્મ ભારે છે તો પોતે અભિગ્રહ કર્યો કે મારી લબ્ધિથી જ્યાં સુધી ગોચરી ન મળે ત્યાં સુધી વાપરવું નહિ. ગોચરી રોજ જાય છે પણ કોઈ કહે આ તો નેમનાથ ભગવાનના સાધુ કૃષ્ણ મહારાજાનાં કુંવર મહારાજ છે. એટલે આ તો બીજાના નામથી ઓળખે છે, પોતાની લબ્ધિ ન થઈ એટલે છ મહિના સુધી ન મળ્યું તો બહારથી દુઃખી કહેવાય પણ અંદરથી તો મહાસુખી હતા.

૫૦૦ સાધુ પાલક પાપીની ઘાણીમાં પીલાઈ રહ્યા હતા. એટલે દુઃખી હતા. કરવત જેવા દાંતીયામાં ઘચોઘચ થવાનું હતું એટલે દુઃખી કહેવાય પણ અંદરથી મહાસુખી હતા. કારણ કે સમજતા હતા કે આ પાલક તો સર્જન ડોકટર છે. કર્મના ગુમડાનું ઓપરેશન કરી આપે છે. ધન્ય ઘડી માને છે, નરકમાં કેટલીયે વાર છુંદાયા પણ કર્મો છુંદાયા નહોતા. આ પાલકનું ભલું થજો કે જે કર્મોનો નાશ કરવામાં સહાય કરે છે. નમિરાજર્ષિ ઇન્દ્રને કહે છે મુનિને સુખનો પાર નથી. કેમ કે પોતાના આત્માની અનંતી સમૃદ્ધિને જોનારા છે. ઇન્દ્રને હાથ જોડવા પડ્યા.

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ મહામંગલકારી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં **નમિરાજર્ષિને ઈન્દ્ર બીજો સવાલ એ કરે છે** કે આ નગરમાં કિલ્લા તૂટ-ફૂટ છે એને સરખા કરીને જાઓ તો ચોર, લૂંટારા-દુશ્મન રાજા વગેરે આવીને નગરને લૂંટી ન લે. પ્રશ્ન એવો મૂકે છે કે વિચાર કરવો પડે. પણ નમિરાજર્ષિ પોતે પોતાનાં આત્માની વિચારણામાં હોવાથી એ વિચારે છે કે હું વર્તમાનમાં કઈ સ્થિતિમાં છું ? મારું ધ્યેય શું છે ? વ્યાપારમાં વાણીયો ચડે અને પોતાની પહોંચ પ્રમાણે ચાલે, કોઈ ગમે તેટલું લલચાવે એ એને ઠેકાણે. એમ નમિરાજર્ષિ પોતાને ઠેકાણે છે. ઈન્દ્રને કહે છે ભાઈ ! તેં કહ્યું તે બરાબર પણ જરા સાંભળ. મારું શ્રદ્ધા નામે નગર છે. એ નગરને ક્ષમા નામનો કિલ્લો છે. નગર વ્યવસ્થિત છે, અને દરવાજા જોઈએ એ દરવાજા પાંચ છે. તે મજબૂત છે એટલે જે તે તેમાં ઘૂસી ન શકે અને કોઈ ભાંગી ન શકે. તમારું શ્રદ્ધાનું નગર કેવું છે ? તો સાંભળ **સમ્યક્ત્વ નગર છે.** તેનાં પાંચ લક્ષણ છે. શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય તેના **પાંચ લક્ષણ તે દરવાજા છે.** તે પણ વ્યવસ્થિત છે. નિશ્ચય કર્યો ત્યારથી ભૂતકાળ ભૂલી ગયા છે. મિથિલા નગર-રાજ એ મારું નથી પણ સમ્યગ્દર્શન-શ્રદ્ધા એ મારું નગર છે. જીવ ૧૪ રાજલોકમાં ગમે ત્યાં હોય, ચાહે અનુત્તરમાં હોય ચાહે પાતાળમાં હોય, ચાહે ભવનપતિમાં હોય, તો પણ જીવની સાથે આ હોય જ. રાત્રે ઊંઘ ન આવે તો આ વિચારવું હું ક્યાં છું ? હું સમ્યગ્દર્શન નગરમાં છું. એ જ વાત ઉપર **સુલસા શ્રાવિકાએ** તીર્થંકર નામકર્મ બાંધ્યું. ભગવાને નંદનરાજર્ષિના ભવમાં લાખ વરસ માસખમણ કરીને તીર્થંકર નામ કર્મ બાંધ્યું. આને તો માત્ર **શ્રદ્ધાથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું.**

સંસારમાં બેઠેલી હોવા છતાં અંબડ પરિવ્રાજકે ઘણા વાના કર્યા. અરે ! આકાશમાંથી સાક્ષાત્ બ્રહ્મા-વિષ્ણુ-મહેશને ઉતાર્યા પણ સમ્યક્ત્વ અને શમ-સંવેગરૂપી દરવાજા ચોક્કસ રાખ્યા હતા. એટલે આંચ ન આવી. સંસારના કથલામાં હતી તોય આટલી શ્રદ્ધા ? તો કહો કે તેને મનમાં હતું કે આવો રૂડો જન્મ મળ્યો. અનંત કલ્યાણકારી શ્રી જિનશાસન મળ્યું અને એ મળ્યા પછી મનમાં ચાહના એની જ હોય. મોટા ચક્રવર્તીને પણ ૯૬ ક્રોડ પાયદળ બીજો ઘણો બધો વૈભવ, છ ખંડનો ધણી હોય પણ ભગવાન કહે છે કે આ બધા આશ્રવો છે. આત્મામાં કર્મના દળિયા ચોટાડનારા છે.

આ દૃષ્ટિથી જ પેલી **સરસ્વતી મક્કમ** છે, પણ કર્મની આફત આવી ! સારું આવી તો હું જાગ્રત થઈ. કર્મ કહે તારી ફજેતી દુનિયામાં કરાવું. તારા ધણીથી

વિખૂટી પડાવું છું, પણ સરસ્વતીને તો એક જ છે હવે કલંક ઉતરે એટલે ચારિત્ર માર્ગે ચાલ્યા જવાનું. કારણ કે નાની હતી ત્યારે બોલી હતી કે ધણીને કબજે ન રાખે તો માર ખાય. તો દેવદિન્ને ગાંઠ વાળી હતી તે મુજબ કર્યું અને હજુ તો તું મને કબજે રાખે છે કે હું તને કબજે રાખું છું એવો ફાંકો હોવાથી પરદેશ ગયો છે. પણ જેને ત્યાગ માર્ગનું શરણું છે તેને ગુલામ બનાવી ન શકે. દેવદિન્નનાં અરમાન બધા મનમાં જ રહ્યા ને તેને જોગણની કેદમાં પુરાવું પડ્યું. સરસ્વતીને જોગણે જમવા પરિવાર સાથે આવવાનું નોતરું આપ્યું. જમવા પધારશો તો બે ઘડી તમારા દેશના સાધુ સંતોની વાતો સાંભળવા મળશે. આજ કામ રાખ્યું છે, પરણી નથી. સાધુઓની વાતો ત્યાગ વૈરાગ્યથી ભરપુર હોય તે સાંભળીને મન પાવન થાય અને આત્માનો વૈરાગ્ય વધે. અને તે માટે શાસ્ત્રકારોએ ચાર પ્રકારની વિકથા કરવાની ના પાડી. એક **ભોજન કથા,** કે ભાઈ આ સારું, આ બરાબર નહિ એવું નહીં કરવું. બીજું **સ્ત્રીકથા** નહિ કરવાની, ત્રીજી **દેશકથા** નહિ કરવાની. એમ **રાજ્યની કથા** પણ નહિ કરવાની.

જંબુકુમારે તપ કેવો કર્યો ? ૧૨ વર્ષ સુધી આયંબીલ છઠ્ઠને પારણે અને શરીરનો રંગ ઊડી ગયો, પણ આત્માનો રંગ ઊડ્યો નહિ. ઊલટું તેજ-ઓજસ વધવા માંડ્યું. વાતો કરવી તો એવી કરવી કે પૂર્વના સાધુ સંતોના ગુણો જેમાં આવે. જેમ કે- પહેલાંના શ્રાવકોને ત્યાં રિવાજ હતો, રોજ સાંજ પડે ઘરના બધાને ભેગા કરીને ઘરનો વડેરો ત્રિષષ્ઠી શલાકા પુરુષ જેવા ચરિત્રો પોતે વાંચે અને સંભળાવે. આજે પણ મધ્યપ્રદેશના ઈતરોને ત્યાં સાંજ પડે રામાયણ-મહાભારત વંચાય છે. આજે તમે બધા બૂમો પાડો છો કે છોકરા કાબૂમાં રહેતા નથી, પણ ક્યાંથી રહે ? કારણ કે તમે ઘરમાં મહાપુરુષોનાં ચરિત્રના ગુજરાતી સાહિત્યો વસાવતા નથી પણ આજના નાટકિયા સાહિત્ય વાંચો એટલે છોકરા કાબૂમાં ન રહે.

પેલી **જોગણ સારસ્વતકુમાર** બનેલી **સરસ્વતીને** કહે છે તમે પરિવાર સાથે જમવા પધારજો. ભગવાનની મહેરબાની છે કે બાપાજી બધું મૂકીને ગયા છે. સોનાની થાળીમાં જમાડીશ. હોશિયાર સરસ્વતી સમજી ગઈ કે આમાં જ ક્યાંક ગોલમાલ લાગે છે. વળી પરિવાર સાથે બોલાવે છે, એટલે જરૂર કંઈક કાળા કામ કરી ફસાવવા માગે છે. પણ સરસ્વતી બાહોશ છે એટલે મનમાં તાક મેળવીને બીજે દિવસે પરિવાર સાથે જમવા ગઈ પણ એક માણસને ત્યાં ફરવાનું ને જોગણનો માણસ આવીને શું કરી જાય છે તે ધ્યાનમાં રાખવાનું. આ હોશિયારી સરસ્વતીમાં હતી.

પેલો હાંડો રાણો દિલ્હીના બાદશાહની જેલમાં છે, મિયોં ફોઈ બનીને હાંડાના ઘરે પહોંચ્યો છે અને હાંડી રાણી પાસે હાંડાની મોજડી, રૂમાલ અને કટારી માંગે છે. ત્યારે રાણી કહે છે કે આ તે કંઈ અપાય ? સોના ચાંદીના દાગીના લઈ

જાવ. ઉસ્તાદ ફોઈ બનેલો મિયોં કહે છે કે મારે દાગીના શું કરવાના. ઘણું જોયું ખાધું પીધું વાપર્યું. હવે તો રંડાપો છે. એટલે રાણાને ત્યાં જે છે તે બધું જ મારું છે ને ? આ મિયાંની આંટીને રાણી સમજી શકી નહીં. આ તો તું આગ્રહ કરે છે માટે માગું છું. બાકી મારી તો કાંઈ ઇચ્છા નથી. ભત્રીજાનો રૂમાલ વગેરે મારી જોડે હોય તો એમ રહે કે ભત્રીજો મારી સાથે જ છે. મનને સંતોષ રહે કે મારે ધક્કો નથી પડ્યો.

માણસને ખબર નથી પડતી કે કેટલીક પ્રવૃત્તિઓ ક્યારેક ઘેલી બની જાય છે. રાણી વિચારે છે કે જો ન આપું તો રાણો આવે ને ખબર પડે તો નારાજ થાય ને કહે કે આટલું આપવામાં તને શું વાંધો હતો. એટલે રાણી કહે છે જુઓ ફોઈ! તમારા ભત્રીજા હોત તો એક મિનિટમાં આપી દેત પણ તે છે નહિ. એટલે આ એમની મોજડી વગેરે મારે તમારા ભત્રીજા બરાબર જ છે. રોજ પ્રાર્થના કરું છું કે તમારા સિવાય મોટો ઈન્દ્ર પણ ઉતરી પડે તો તેને કંગાલ ગણું છું. તેની સામે આંખ પણ ન જવા દઉં અને એનાથી મને શીલ પાળવામાં જોમ વધે છે. મનમાં બીજો કોઈ વિચાર નથી. માટે જ નોકરો પણ સ્ત્રી માણસ છે. હવે માંગો છો એટલે આપવામાં જરા દુઃખ થાય છે. અરે બાઈ જેવું તારે મન છે તેવું જ મારે મન છે.

ઉપદેશપદમાં હરિભદ્રસૂરિ મહારાજા લખે છે કે **નંદ** નામનો શેઠનો દીકરો છે. રસ્તામાં જતો હતો જરા ડાફોળિયું મારતો ચાલતો એટલે વેશ્યાને અથડાઈ ગયો. પેલીએ સંભળાવ્યું. અભિમાની સાલા મોટો શેઠિયો થઈ ગયો છે, તે બાપના પૈસા ઉપર તાગડધિન્ના કરે છે. તારી જાતમાં તો મીઠું નથી ને રસ્તે ચાલતા લોકોને ધક્કા મારે છે ? છોકરો મોઢું ઊંચું કરી શકતો નથી. કારણ કે વેશ્યાએ કહ્યું તે સાચું છે. એટલે મનમાં જરા ગાંઠવાળી પરદેશ જાઉં, કમાઈ આવું ને બજારમાં છૂટા હાથે યાચકોને દાન આપું એટલે વેશ્યાનું મોઢું બંધ થઈ જશે. માટે તો શાસ્ત્ર કહે છે કે બોલો, ચાલો, બેસો, ઊઠો બધું સાવધાની પૂર્વક કરો. માટે તો કહેવત છે કે **"બેસીએ જોઈ તો ન ઉઠાડે કોઈ"** એવી રીતે **"ચાલીએ જોઈ તો દોષ ન દે કોઈ"** આ નંદ જોયા વિના ચાલ્યો તો વેશ્યાનો ડામ ખાવો પડ્યો. ઘરે આવ્યો બાપને કહે મારે પરદેશ કમાવા માટે જવું છે. વહાણ કરી આપો, માલ આપો બધું ઉધાર. કમાઈને આવીશ એટલે માલ પાછો દઈશ. બાપ કહે પણ અહીંયાં ક્યાં સામગ્રી ઓછી છે, ને પરદેશ જવાનું જોખમ કરે છે. અહીં રહીને ન્યાય-નીતિથી ધંધો, યાત્રાઓ કર, મહર્ષિઓને વંદન કર. આ બધું કરવાનું મૂકીને પરદેશ શા માટે જાય છે ? ના પેલી વેશ્યાએ ટોણો માર્યો કે બાપના પૈસા ઉપર તાગડધિન્ના કરે છે, એટલે એ એના મનમાં શું સમજે છે ? મારામાં આવડત નથી ? હવે તો આપ કમાઈ કરીને તેનું મોઢું બંધ કરું.

તમે જ વિચાર કરો તમે આવા મોટાં શેઠ ને તમારો હું દીકરો ને આવા ટોણા ખાય ? અહીં તો દુકાન તમારી એટલે જસ બધો તમને મળે. પણ એને ખબર નથી, આમાં કુદરતના કેવા સંકેત છે ? હવે પોતાની પત્ની લક્ષ્મી કહે હું તમારા વિના અહીં રહું નહિ. મને તમારી સાથે લઈ જાવ. પણ ત્યાં તને સાચવું કે કમાણી કરવા જાઉં ? માટે અહીં બેસ. માએ પણ કહ્યું તારે જવાની જરૂર નથી, એ તો થોડા દિવસમાં પાછો આવશે. હું એમને બંધનકર્તા નહિ થાઉં. બધું સંભાળીને ચાલીશ. છેવટે સ્ત્રીનું છેલ્લું શસ્ત્ર રુદન એટલે રોવા માંડ્યું. આને પણ ખબર નથી કુદરતના શું સંકેત છે. **ઉપદેશપદના ટીકાકાર આચાર્ય મુનિચંદ્રસૂરિજી** મહારાજ કુદરતના સંકેતને જે વિસ્તારથી વર્ણવે છે તે આજના માણસો છાપા અને ચોપાનિયામાં પડ્યા છે એ છોડીને જો આ ચરિત્ર વાંચવા બેસે તો તેના સંસ્કાર પોતાનામાં પડે અને કુટુંબમાં પણ પડે. જીવન જીવવાની, વેપાર વગેરેની ટેકનિકો જાણવા મળે. ઘરમાં ઝઘડો હોય તો શું કરવું, વેપારમાં શું કરવું એ બધું ઘણું જાણવા મળે. આજકાલ વ્યાખ્યાનમાં લોકો આવું જ જાણવા આવે છે.

ગોવિંદ નામે મોટો વાદી બ્રાહ્મણ હતો. કેઈકને હરાવે બીજા હાર ખાઈ જાય. પણ જૈન મુનિ આવે તો હારવું જ પડે. કારણ કે મુનિ સ્યાદ્વાદ સિદ્ધાંતની એવી વાતો રજુ કરે કે એને હારેજ છૂટકો એટલે જરા મનમાં થઈ જાય, આટલું ભણવાનું બાકી છે. **આચાર્ય મહારાજ** જોડે જઈને વાદ વિદ્યા ભણવી છે. પણ શિષ્ય બનવું પડશે ? તો તૈયાર છું. આવ્યો આચાર્ય મહારાજ પાસે. નમસ્કાર કરીને બેઠો. મહારાજ પૂછે, કેમ આવ્યા ? મહારાજ સંસાર જોઈ લીધો. આખા સંસારમાં ત્રાસ, માયા, પ્રપંચ, કપટ, દંભ, વિશ્વાસઘાત સિવાય બીજું કાંઈ છે જ નહિ, મને ચારિત્ર આપીને મારો ઉદ્ધાર કરો. મહારાજ ઘણી રીતે ચકાસે છે. અહીં સારું સારું ખાવા મળે માટે દીક્ષા લેવી છે ? ના, મહારાજ ઘરમાં ઘણા અનાજના ઢગલાં પડ્યા છે. આપ દસ મહેમાન મોકલો તો હમણાં જમાડી દઉં. તો ઘરમાં કકળાટ છે ? કકળાટ તો કાંઈ નથી અને હોય તો શું ? સંસાર છે. મહારાજે દીક્ષા આપી. ચોવીસે કલાક સેવામાં ખડે પગે હાજર. બધો વિનય સાચવે છે. રાતના અડધી રાતે આચાર્ય મહારાજ ઊઠીને જુએ, પૂછે કેમ ઊભો થયો. સુઈ જવું નથી ? મહારાજ નિગોદમાં ઘણું ઉંઘ્યો હવે ઊંઘવાની વાત કરું તોય મૂર્ખાઈ છે. આપ જેવા ગુરુ મળ્યા છે, પછી સૂવાનું હોય ? તમને કોઈવાર અડધી રાતે આવો વિચાર આવે છે ખરો ? શ્રાવક બ્રહ્મ મુહૂર્તમાં ઊઠે અને વિચાર કરે કે **મનુષ્ય જન્મ જાગવા માટે છે,** પણ એથીયે વહેલા ઊઠે તો ઉપરના વિમાનોમાં રહેલા દેરાસરોને યાદ કરીને વંદના કરે.

ત્યારે તો **ચંદ્રાવતંસક રાજા** જાગી ગયા તો કટાસણું પાથરીને અરિહંતના

ધ્યાનમાં બેસી ગયા. પોતે બેઠા છે, તે સિવાયની બાકી બધી જગા વોસિરાવી દીધી. નિર્ધાર કર્યો કે સામે ગોખલામાં દીવો બળે ત્યાં સુધી બધા કામ વોસિરે. અને દાસી તેલ પૂરવા આવી તો ના ન પાડી. કેવા કેવા પૂર્વજો તમને મળ્યા છે તે તરફ જ મગજ બૂઠું રાખો છો અને દુનિયાના કચરાપટ્ટી જેવા ગુસ્સામાં મગજ રાખો છો. ભિખારીને માંગ્યું પેટ ભરવા ન મળતું હોય તો રસ્તા પર નાખેલા એઠવાડને લઈને ખાય. એવી રીતે શ્રાવકનો અવતાર મળ્યો. આવા પૂર્વજો મળ્યા મંદિરો મળ્યાં, ગુરુ મળ્યા, છતાં મગજમાં તે પલોટતા આવડતું નથી અને બજારમાંથી શાક લાવ્યા. ભીંડા ઘરડા આવ્યા. બહેનો હોય તો દાળદુણાઈ ગઈ. ખીચડી બળી ગઈ આવા બધા કચરાપટ્ટીના વિચારો કરે છે. રાજા અરિહંતના ધ્યાનમાં બેઠા છે. તેમ **ગોવિંદ બ્રાહ્મણ** મુનિ બનીને આચાર્યની સેવામાં હાજર છે. વિનય કરતા કરતા ઘણું ભણ્યા. આચાર્ય જેટલું ભણાવે એ બધું ભણતા ગયા અને જેમ જેમ ભણતા ગયા તેમ તેમ મિથ્યાત્વ ઓગળતું ગયું. બાપ જન્મારે વેદમાં કે પુરાણમાં જે નહીં સાંભળેલું તે અહીં સર્વજ્ઞ ભગવાનની કહેલી વાતો સાંભળવાથી આનંદ થાય છે.

ધનપાલ પંડિતને નાનાભાઈ શોભન મુનિએ તમાચ મારી ને ? કારણ કે જૈન મુનિઓને હેરાન કરે છે, એને એમ છે કે મારા નાના ભાઈને જૈન સાધુએ પરાણે દીક્ષા કેમ આપી ? ભાઈ મુનિને ખબર પડતા શાસ્ત્ર ભણી ગણીને ભાઈને ઘરે આવ્યા. **ધનપાલ** કહે શું લેશો ? અમને જે કલ્પ્ય હશે તે લઈશું. બીજું તો કાંઈ ઘરમાં છે નહિ એટલે દહીંનો વાટકો લઈને આવ્યો. દહીં કેટલા દિવસનું ? આમાં તે કાંઈ કીડા પડી ગયા છે તે કેટલા દિવસનું એમ પૂછો છો ? તું બોલને કેટલા દિવસનું ? ત્રણ દિવસનું. હાય ! હાય ! કેમ ? ઘરમાંથી અળતો મંગાવ્યો અને દહીમાં નંખાવ્યો. દહીંએ કલર પકડી લીધો કીડાઓએ કલર ન પકડ્યો. હવે લાલ દહીંમાં સફેદ રંગના કીડા સરવર સરવર થાય છે. ગણાય એટલા નથી દેખે છે કે કીડા ? તારા વેદે શું ભણાવ્યું ? જીવતા જીવડાને પેટમાં આરોગવાના ? આ તારો ધર્મ ? તારા ભણવામાં ધૂળ પડી. જે શાસ્ત્રે આવું ભણાવ્યું તે શાસ્ત્રની વિદ્યા ચૂલામાં નાખવાની. પંડિત હતો એટલે વસ્તુ સમજી ગયો. મહારાજ અત્યાર સુધી કેટલાય જીવડાને ચાવવાનો જ ધંધો કર્યો છે. તમારે બધાને નિયમ છે ને ? બે રાત લંઘી જાય તે દહીં અભક્ષ્ય બની જાય. આ ડાચું મળ્યું છે તે જીવોને કચડી નાખવા ?

પેલો નંદ તૈયાર થયો છે. પત્ની તૈયાર થઈ છે. કેટલીક પ્રવૃત્તિમાં કુદરતના સંકેતની ખબર નથી પડતી પછી **"મા મને કોઠીમાંથી કાઢ"** એના જેવું થાય. બાપ ના પાડે છે છતાં પરદેશ જાય છે. ઘણું સમજાવ્યો કે **જેવા તેવા માણસોના બોલ ઉપર ગાંઠ ન બંધાય. નહિ તો જીવવું ભારે પડી જાય.** માટે કહીએ છીએ કે કોઈપણ કામ કરો તો ભગવાનને આગળ કરીને કરો.

પેલી જોગણને ફાવટ **આવી સરસ્વતી મહેમાન** બની જમવા ગઈ છે સોનાની થાળીમાં પીરસે છે. મહર્ષિઓની વાતો ચાલે છે. જોગણ તેમાં તાલ અને ટેક પૂરાવે છે. હા... એવા મહાપુરુષો થઈ ગયા ? હા ને હે હે કરતાં સરસ્વતીને હસાવવા તાલંબાજી કરે છે, પણ સરસ્વતી સાવધાન છે.

પેલી હાંડી રાણી ફોઈ બનેલ મીયાંને મોજડી વગેરે ત્રણે વસ્તુ આપી દે છે. એટલું બધું ભારે જોખમ વહોર્યું છે કે તેનો કરુણ અંજામ એવો આવે છે કે ભગવાન વિના કોઈ બચાવી શકે તેમ નથી.

નમિરાજર્ષિ બ્રાહ્મણરૂપી ઈન્દ્રને કહી રહ્યા છે તું જે કિલ્લા સમરાવવાની વાત કરે છે, પણ મારે તો શ્રદ્ધા નામનું નગર છે તેને ક્ષમા નામનો કિલ્લો છે. અને શમસંવેગ રૂપી દરવાજા છે. તેમાં કોઈ દુશ્મન આવી શકે તેમ નથી. મારું નગર સલામત છે. તેમાં હું બેઠો છું. ત્યાં સુધી મહાનગરને આંચ આવવાની નથી. નગરને ભાંગી નાખવા કોઈ વૈરી પાક્યો નથી. માટે હું નિશ્ચિત છું.

"દિવ્ય-દર્શન" -"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૯" અષાડ વદ-૧૪

નમિરાજર્ષિ કહે છે કે, મારું શ્રદ્ધાનું નગર છે ક્ષમાનો કિલ્લો છે એટલે પુરુષાર્થ કરતાં કરતાં ક્ષાયિક ભાવનામાં ચડીશ અને શાશ્વત બનીશ. તો ક્ષમાના અભ્યાસ શરૂ કરીએ. તો મહાપુરુષોનાં દૃષ્ટાંતો નજર સામે રાખો. મહાવીર સ્વામીને યાદ કરો. છ છ મહિના સુધી ઉપસર્ગો ચાલુ છે છતાં લેશ માત્ર ઉકળાટ કર્યો નહીં. ક્ષયોપશમ ભાવની ક્ષમા એટલે શું ? એટલે કે આત્મામાં અનંત અનંતકાળથી કષાયના કર્મો પડ્યા છે. એ કષાય અવસરે ભાગ ભજવી જાય છે. હાથ અને કોણી ઊંચી કરી નાખે છે. એને દબાવવા માટે તીર્થો મહાપુરુષોનો ઉપદેશ અને મહાપુરુષોના દૃષ્ટાંત નજર સામે રાખવા જોઈએ. ભરત બાહુબલનું યુદ્ધ થયું ત્યારે ભરતના લશ્કરને શંકા થઈ ભરત લડવા તો આવ્યો છે, પણ શી રીતે જીતશે ? ત્યારે ભરતને થયું કે લશ્કરને સેમ્પલ ચખાડું એટલે એક લાંબી સાંકળ મંગાવી એક છેડો પોતે પકડ્યો અને બીજો છેડો લશ્કર પાસે પકડાવ્યો. હચાહચ થાય છે.

એકબાજુ ભરત એક અને બીજી બાજુ લાખોનું સૈન્ય છે. લાખોથી ખેંચાય શેનું ? ભરતે પાન ચાવવા માટે ખિસ્સામાં હાથ નાખ્યો અને એક હાથથી સાંકળ ખેંચી બધા કકડભૂસ થઈને પડ્યા. આ તાકાત ચક્રવર્તીની છે, પણ ચક્રવર્તિમુનિ થયા પછી ગઈ કાલનો બનેલો સાધુ જરા રોફમાં કહે કે આ રીતે ન ચલાય બરાબર ઈર્યા સમિતિ પાળતા ચલાય. ત્યારે ચક્રવર્તી મુનિ એમ ન કહે કે મને કોણ કહેનાર

છે ? એના જેવી શિખામણ આપનાર લાખો કરોડો મારા પગ ચાટતા હતા, પણ ચક્રવર્તિ મુનિએ અભિમાનને દીક્ષાની સાથે જ જમીન દોસ્ત કરી નાખ્યું હતું.

મહાપુરુષની વાણી વિચારીએ તો ખ્યાલ આવે કે આપણા આત્માનું સ્વરૂપ ઉજવલ સ્ફટિક જેવું છે. લેભાગુ ટિપાટીયાને જરાય મચક અપાય નહિ. આ નિર્ધાર કરી નમિરાજર્ષિ નીકળ્યા છે. સંયમને આદુ ખાઈને પાળવામાં આવે તો કોઈને પણ મચક ન મળે. આ ભાડૂતી કાયાની ગુલામી કરી કરીને આત્માને અનંતવાર સાતમી નરકમાં લઈ ગયો છે. તીર્થંકર ભગવાનનો ઉપદેશ હૈયામાં ઠસી જાય તો ક્રોધ માન ઉદયમાં આવવાનાં છે તે નબળાં પડી જાય એનો પાવર માર્યો જાય એનું નામ ક્ષયોપશમ થયો કહેવાય. **સિંહગુફાવાસી** મુનિએ ક્રોધ માન માયાને દબાવી દીધા, પણ સ્થૂલિભદ્રની પ્રશંસા સાંભળીને સિંહની સામે ઊભા રહી શક્યા પણ અભિમાન સામે ન ટક્યા. હું પણ વેશ્યાને ત્યાં ચોમાસું કરું. એવી માંગણી અભિમાને કરાવી. ગુરુ કહે એ કામ તારું કે મારું નથી. માસખમણ કરવું હોય તો હમણાં થઈ જાય, પણ વેશ્યાને ત્યાં કામ નહિ. ગુરુના ના કહેવા છતાં ગયા ! વેશ્યાને દેખીને જ ઢીલા પડી ગયા. વેશ્યા પૈસા માંગે છે. મારી પાસે પૈસા ક્યાંથી હોય ? આ કામ કેવો છે કે સિંહની સામે અણનમ રહેનારા વેશ્યાની સામે દીન છે, ગળિયા ઘેસ થઈ ગયા.

અભિમાન દુશ્મનને પાળવો હોય, ક્રોધ વગેરેને થાબડવા હોય તો ક્ષમા નમ્રતા જતી રહે. દેરાસર જવા નીકળ્યા ને રસ્તામાં કોઈ આડતિયો મળી ગયો. તો સોદો કરવા બેસી જાય પણ, દેરાસર જવાનું છે ? હવે પછી જઈશું. આ ક્ષયોપશમ ભાવના ધર્મને ભૂલ્યા વિના જિનવાણી ને મહાપુરુષોને યાદ કરો તો જિંદગીભર કષાયો ડૂબેલા રહે અને પછી આત્માની શક્તિ વધે અને અપૂર્વકરણ ક્ષપકશ્રેણી સુધી પહોંચી જવાય. ચારેય કષાય ચંડાલ ચોકડી છે. તે જો ફૂટફૂટ સ્વાહા થઈ જાય તો ગમે તેવા નિમિત્ત એને કશું કરી શકે નહીં. કર્મોને દબાવવા ધર્મ પુરુષાર્થ કરવાનો છે. ઉપયોગ રાખવાનો છે. એટલા માટે જ **ઉપયોગ એજ ધર્મ** મૂક્યો. ઉપયોગ એટલે સાવધાની રાખવાની. ઉપયોગ ન રાખે તો મોટા મોટા પૂર્વધરો પણ ચૂકી જાય.

આ સાવધાની **પેલી સરસ્વતીને છે.** જોગણ મીઠી મીઠી વાતો સંભળાવવા કહે છે અને તે સાંભળતા જોગણ તેમાં તાલ અને ટેક પૂરે છે. પેલી જોગણ એની જાતે જ કહે છે કે હવે ટાઈમ થઈ ગયો છે તમારો ઘણો ટાઈમ મેં લીધો પછી આવજો હોં ? હવે પલટો કેમ માર્યો ? જોયું એક માણસ આવીને ઊભો છે અને ઈશારો કર્યો કામ પતી ગયું છે, સરસ્વતી સમજી ગઈ કે પોતાનું કામ પતી ગયું એટલે હવે ઉઠાડે છે. વાત શું હતી ? વાત એ હતી કે અમે અહીં જમતા હોઈએ

ત્યારે એના મુકામમાં જઈને એક થાળી મૂકી આવવાની અને પેલો માણસ મૂકી આવ્યો પણ સરસ્વતી હોશિયાર હતી એટલે આખા પરિવારને લઈને આવી છે. પણ જોગણના માણસને ખબર ન પડે એવી રીતે પોતાનો એક માણસ ત્યાં રાખ્યો છે. એટલે જોગણનો માણસ મુકામમાંથી પાછો ફર્યો. એટલે બારણું ઉઘાડીને તપાસ કરી એક ખૂણામાં કપડામાં ઢાંકીને સોનાની થાળી મૂકી ગયેલો. સરસ્વતીનો માણસ તે થાળી જોગણના મુકામમાં મૂકી આવ્યો. સરસ્વતી જોગણને કહે છે કે હવે તમારે અમારા મુકામે જમવા આવવાનું છે. હા, હા, જરૂર આવીશું. સરસ્વતી મુકામે પહોંચી અને જોગણનો માણસ આવ્યો.

સારસ્વતભાઈ અમારી એક થાળી ઘટે છે. સરસ્વતી કહે શું બોલે છે ? એટલે શું અમે તારી થાળી ચોરીને લાવ્યા ? ના, તમે નહિ ? તમારો કોઈ માણસ લાવ્યો હોય તો ? જો અમારો માણસ એવો હોય તો હજારોનો માલ તેની સામે રાખીને જઈએ, કોઈ હાથ ન લગાડે. પછી પેલી જોગણ આવી. તમે જમી ગયા તે બહુ ઉપકાર કર્યો પણ અમારી એક થાળી મળતી નથી. શરમ નથી આવતી ? મારા માણસ પર આક્ષેપ એટલે મારા પર આક્ષેપ ? ઊભી થઈ જા અહીંથી. જોગણે કહ્યું જો ટૂંકે પતાવી દો તો સારું નહિ તો પછી મારે રાજા સાહેબ પાસે જવું પડશે. જરૂર જાવ, કારણ કે સરસ્વતી જાગ્રત છે.

નમિરાજર્ષિ જાગ્રત છે માટે ઇન્દ્રને કહે છે કે ભાઈનું ઘર ભૂલ્યો ! મેં શ્રદ્ધાનું નગર અને ક્ષમાનો કિલ્લો એ માટે કર્યો છે કે કષાયો મોખરે છે, તેમાં પણ ક્રોધ મુખ્ય છે. માટે ક્રોધની ચાવી ક્ષમા છે. જ્ઞાનીઓએ જોયું અનાદિકાળથી ચાલી આવતો આ કષાય જડ અને ચેતન ઉપર ગુસ્સો કરાવે છે. અંધારે થાંભલો ભટકાયો તો થાંભલાને મારવાથી જો મરી જતો હોય તો માર્યા વિના રહીએ તેમ નથી આ અનાદિનો દોષ છે. તેને પહેલા કાઢવાનો છે. માટે તો સાધુને ક્ષમા-શ્રમણ એવું નામ આપ્યું. એટલે કે પોતાના આત્માને ક્ષમાથી કસનારા. 'સામો ગમે તેટલો ઉપદ્રવ કરે મારે તો ક્ષમા રાખવાની, આ યાદ રાખવું જોઈએ. **જરા જરા વાતમાં ચડભડી ઉઠવાનો સ્વભાવ શાંત કરો. સમતા સમાધિ લાવો.**

સુવ્રત શેઠ પૌષધમાં બેઠા છે. માણસોએ આવીને સમાચાર આપ્યા 'વખારને આગ લાગી છે ત્યાં જાવ અને માલ કાઢી નાખો.' પણ શેઠને કલેજે ઠંડક છે, કારણ કે જો સામાયિક બે ઘડીનું હોય તો પણ સાધુ જેવો કહેવાય. તો હું તો પૌષધમાં છું એટલે મારાથી કાંઈ જ થાય નહિ. હાય બાપ નથી. ગમે તેટલા દુનિયાની વસ્તુના લારા કરો તો કર્મસત્તા એક બાજુ બેસાડી દે. કીકાને પરણાવવો છે, આજે દુકાન પર બેસાડવો છે, આમ કરવું છે તેમ કરવું છે, એવું કરનારા કેઈક સવારે ઊઠી શક્યા નહીં. કેટલાંકને તો સંડાસમાંથી બહાર કાઢવા પડે. સુવ્રત શેઠ વિચારે

છે કે 'જીવ તને પાપ કરતા અટકાવું છું. એક દિવસ મરવાનું આવશે તને ખબર નહીં પડે. મરવાનું આવશે ત્યારે વાર કે કુ-વાર જોવાતો નથી. શુક્રવારે મરે કે બુધવારે મરે, અમાસે મરે કે એકમે મરે, દીવો બુઝાવાનો હોય ત્યારે ભભૂક કરીને બુઝાઈ જાય છે. વખાર સળગવા દે તેમાં મારું કાંઈ સળગતું નથી.' નમિરાજર્ષિ કહી રહ્યા છે કે મારો ક્ષમાનો કિલ્લો બરાબર છે. ઈંટ ચુનાનો કિલ્લો મારો છે નહિ.

પેલા હાંડા રાણાને એ ખાત્રી છે કે ઘરે સો ટચના સોના જેવી સતી છે. **મનોરમા**ને એ ખાત્રી હતી મારા પતિને એક આંકડાનો રાગ હોય નહીં. રાણીવાસમાં ઘૂસી ગયા એ તો ખોટો આરોપ છે. તો શાસનદેવીને હાજર થવું પડ્યું અને શૂળીનું સિંહાસન બની ગયું. આ બધું શેના ઉપર ? શીલ ઉપર. પેલો મિયોં પ્રપંચ કરીને ફોઈ બનીને મોજડી વગેરે લઈ ગયો ને દિલ્હીમાં જઈને સભામાં રજુ કરે છે, જહાંપનાહ ! અસતીની સાબિતી લઈ આવ્યો છું. બાદશાહ કહે સતી હોય નહિ એવું બને નહિ. જુઓ મહારાજા આ રાણાની કટારી, બતાવો રાણાને તેમની છે કે નહિ ? પણ હિંદુ વજીર કહે છે આ તો ચોરીને લાવ્યો છે. તો જુઓ આ રૂમાલ એ પણ ચોરીનો છે, તો આ રાણાની મોજડી. આ કંઈ સાબિતી નથી. એ બધો ચોરીનો માલ છે. નક્કર સાબિતી બતાવ હવે એ મિયોં એવી સાબિતી બતાવે છે કે વજીરને બોલવાનો કોઈ મોકો રહેતો નથી.

પેલી **જોગણ રાજાને બોલાવી લાવે** છે. રાજા સાહેબ એક થાળી ગુમ થાય છે. રાજા પૂછે કેમ સારસ્વતભાઈ ! આ શું કહે છે ? જૂઠું બોલે છે. મને કે મારા માણસને કાંઈ જ ખબર નથી. જોગણે અત્યાર સુધી કેઈકને બનાવ્યા છે. સામેવાળા બોઘા હતા. એટલે કેઈકને કેદી કર્યા. જિંદગીનું કામ જ આ રાખેલ કે જે આવે તેને કેદમાં ઘાલવાના, અને જિંદગીના કેદી તરીકે પૂરાઈ જવું પડતું. અહીંથી નીકળેલા રૂઆબથી કે પરદેશ જઈને કમાવી લાઉં, પણ જોગણના ફંધામાં આવીને કેઈક માણસો ફસાઈ ગયા. એમાં સરસ્વતીનો પતિ દેવદિન્ન પણ છે. જોગણને આ સરસ્વતીને પણ ફસાવવી છે, પણ કહેવત છે ને કે, "ખડકની અંદર બીલ હોય અને એમાં ખિસકોલી હોય, પણ બધા બીલમાં ખિસકોલી હોય ?" ન હોય ! સાપ પણ હોય. એવી રીતે બધા પોણા શેરીયા હોય એવું નથી, પણ શેરને માથે સવાશેર પણ હોય. માણસનું ધાર્યું કાંઈ થાય નહિ, અને કરવા જાય તો ઊંધું થાય. જોગણે રાજાને બોલાવ્યા છે. રાજા કહે, હવે શું કરવું ? તે વખતે સરસ્વતી રાજાને રસ્તો બતાવે છે અને કેવો સત્યનો વિજય થાય છે તે જોઈએ.

નમિરાજર્ષિ એ વાત કહે છે કે ક્ષમાનો કિલ્લો છે. શમસંવેગરૂપી દરવાજા છે અને એ બધા અભેદ્ય છે. એટલે એને સમરાવવાના હોય નહીં. જેમ મન

ક્ષમાનો કિલ્લો સલામત હોય, મોહ પણ ખાંડ ખાય. ત્યારે આ પ્રસંગે **અચુંકારી** ભટ્ટા યાદ આવે છે. શેઠને સાત દીકરા ઉપરની આ છોકરી છે. શેઠને મન તો જાણે છોકરી એટલે મારું ફૂલડું. છોકરાઓની સાથે રમે અને કોઈ પોતાના છોકરા માટે ફરિયાદ લઈને આવે તો શેઠ એક જ હાકોટો કરીને કહી દે. કોઈએ પણ મારી દીકરીને ચુંકારો કરવો નહી. એટલે લોકોએ એનું નામ અચુંકારી રાખ્યું. ઉંમરમાં આવી ગઈ છે. શેઠાણી શેઠને કહે હવે આનું કંઈક ધારો. શેઠે બેચાર જગાએ પૂછાવ્યું પણ બધેથી નન્નો આવે છે. શેઠાણી કહે, હું તમને ના પાડતી હતી કે આને બહુ ચડાવો નહીં. હવે મોટી હેડંબા જેવી થઈ, સાચવવી કેવી રીતે ? કારણ કે છોકરી એટલે સાપનો ભારો. આને કોઈ સ્વીકારતું નથી, કારણ કે પહેલેથી ગુસ્સો પાવરફુલ છે, પછી કેવી ક્ષમાનો ભંડાર બને છે, તે વાત બહુ રસિક છે.

"દિવ્ય-દર્શન"- **"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૦"** અષાડ વદ-૦))

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પરમ મંગળકારી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં **નમિરાજર્ષિના અધ્યયનમાં** ઈન્દ્ર કહે છે કે 'આ બધું ક્ષેમકુશળ કરીને જાઓ' માનવ શરીર મળ્યું છે. તેનાથી શું કરવાનું એ એમના મોઢેથી કઢાવે છે. અનાદિના ગુસ્સાના રોફના દરવાજા બદલી નાખવા પડશે અને એ બદલાશે તો સમકિતના દરવાજા રહેશે, નહિ તો મિથ્યાત્વ આવી જશે. વાલકેશ્વરના આદેશ્વરના દહેરાસરમાં જઈએ અને મહાલક્ષ્મીના મંદિરમાં પણ જઈએ. હૈયામાં આવા બે ભેદ ન રખાય. સુલસા માટે એક મહાવીર હતા. એટલે કે હવે મારે પચીસમાં તીર્થંકર પણ ન ખપે. **સમકિત લાવવા માટે જેમ મિથ્યાત્વનો ત્યાગ જોઈએ તેમ અનંતાનુબંધી કષાયો પણ ન જોઈએ.** પૈસા અને ઘરવાળા પણ ખોટા ન લાગતા હોય તો અનંતાનુબંધી કષાય છે. ભગવાન આગળ દોઢ કલાક ભક્તિ જમાવી પણ ઘર અને પૈસા ખોટા ન લગાવ્યા તો સમકિત નથી.

ત્યારે પેલા **જામનગરના શેઠને** પૈસા ખોટા લાગતા હતા માટે કચ્છી રાણાને ત્રણ લાખ રૂા. ઘરના કાઢીને આપી દીધા. દુનિયાના વિષયો અર્થ અને કામ ખોટા છે. એવું હૈયામાં સજ્જડ ન બેસે તો સમકિતના ફાંફા છે. બે લાખનું દેવું હતું છતાં રાણાને ત્રણ લાખ રૂા. આપ્યા એ સમજીને કે એક રાણો પગભર હોય તો પ્રજાને પગભર રાખે. રાણો તૂટે પ્રજા ભાગી પડે, તેમ આચાર્ય તૂટે હજારો શિષ્યોનો કાફલો તૂટી પડે. શેઠે ઘરે આવીને શિરો બનાવડાવ્યો અને કહ્યું કે આજે સુકૃત કરી આવ્યો માટે ખુશીમાં શિરો ખાવો જોઈએ. પણ જ્યારે કપરી પરિસ્થિતિ આવી

ત્યારે પહેરે કપડે નીકળીને રાણાને પાસે આવ્યા મકાન અને બકરી મલી પછી ઘરે આવીને શેઠાણી શેઠને કહે આ શું ? તમે ત્રણ લાખ આપ્યા અને બદલામાં આટલું જ ? શ્રાવક કહે ત્રણ લાખનું દાન કર્યું હતું. લોન નહોતી આપી. દશ લાખ રૂા. આપે ખરો પણ ભરપાઈ કરવાના કહે તો તે લોન કહેવાય. રાણા તું ત્રણ લાખના બદલે બે લાખ તો આપ એવું જો કહ્યું હોત તો સુકૃત ધોઈ નાખત. હાયવોય કરવા ગયા હોત તો સુકૃત બળીને સાફ થઈ જાત. **મમ્મણ** બિચારો અબજોનો માલિક છતાં એક શિંગડું શ્રેણિક રાજા પાસે માંગ્યું. તો હાથ જોડવા પડ્યા હું મગધનો સમ્રાટ ખરો, પણ મારો આખો ખજાનો આપી દઉં તો પણ તારું એક શિંગડું પૂરું થાય નહીં. આટલું બધું મળ્યું શી રીતે ? કહો કે પૂર્વમાં મુનિને ઉછળતા ભાવથી લાડવો વહોરાવ્યો હતો, પણ પાડોશી આવ્યો અને કહ્યું કે પેલો લાડુ ખાધો ? એ તો મેં મહારાજને વહોરાવ્યો, લાડવો લેખે લાગી ગયો. પણ પેલો કહે એ તો સિંહ કેશરિયો લાડવો હતો. મહારાજને વહોરાવવા બીજા ઘણા બનાવાય. આવા તપસ્વી મહારાજના પાત્રમાં મારો લાડવો પડ્યો તો મને લાભ મળ્યો. અરે ભલા માણસ લાડવો જે ડબ્બામાં રાખ્યો હતો તે ડબ્બો લાવ. મંગાવ્યો અને તેમાં જે લાડવાના કણિયા ચોંટેલા તે જીભ પર ચટાડ્યા. અલ્યા, આવો લાડવો તો જિંદગીમાં ખાધો નહોતો, કાંઈ નહિ. મહારાજ કયાં હજી બહુ દૂર ગયા છે. હમણાં લઈ આવું એમ કરીને નીકળ્યો બહાર, ઓ બાપજી ! ઓ બાપજી ! ઊભા રહો, મહારાજ કહે ખપ નથી' પણ મારે ખપ છે. એટલે મહારાજ સમજ્યા કે દાન કરીને નિયમ કરવો જોઈએ.

એટલે નિયમ કરવા માટે બોલાવતો હશે એટલે ઊભા રહ્યા. વાણિયો છે એટલે સીધો તો લાડવો મંગાય નહિ. એટલે કહે છે મહારાજ ! ફરી પધારજો, એક નહીં દશ લાડવા વહોરાવીશ ! મહારાજ કહે, વર્તમાન જોગ. પણ બાપજી પેલા લાડવા ઉપર મને મોહ લાગી ગયો પાછો આપો. મહારાજ કહે, હવે અમારાથી ના અપાય, છતાં પેલો માગી રહ્યો છે. બહુ ખેંચતાણ કરે છે. એટલે મહારાજે નીચે બેસીને લાડવો ધૂળમાં ચોળી દીધો. તે જાણીને હાય બળાપો કરવા લાગ્યો. આ જે હાય બળાપો કર્યો એને સુકૃત ધોઈ નાખ્યું. પેલો શ્રાવક-શ્રાવિકાને કહે છે કે સુકૃતના લાભને ધોઈ નાખતા નહીં. આ રાણો નથી કરતો પણ આપણા કર્મ કરે છે. આડા હાથે પુણ્ય થઈ ગયું હશે એટલે અત્યાર સુધી સારું હતું.

અમદાવાદમાં **સોમચંદ શેઠ** શરાફ હતા. કચ્છના કે મારવાડના સવાચંદ શેઠ હતા. કોઈ ગરાસિયાના દોઢ લાખ રૂા. પોતાને ત્યાં હતા તે માંગવા આવ્યો. આ સવાચંદ શેઠને હમણાં આપી શકાય તેમ છે નહીં. એટલે સોમચંદ શેઠને હૂંડી લખી આપીને ત્યાં મોકલ્યો. મુનીમે ચોપડા જોયા કયાંય સવાચંદ શેઠનું ખાતું નથી. શેઠ

હુંડીને અજવાળામાં લઈ જઈને જુએ છે તો હુંડીમાં આંસુના ટીપાં સુકાયેલા હતાં. શેઠ સમજી ગયા. આપત્તિમાં છે. દોઢ લાખ રૂા. આપી દીધા. પછી જ્યારે સવાચંદ શેઠને સારા સારી થઈ એટલે સોમચંદ શેઠને ત્યાં આવ્યા અને વ્યાજ સાથે દોઢ લાખ રૂા. આપે છે. પણ શેઠ લેતા નથી. મુનીમ પાસે ચોપડામાં જોવડાવ્યું ક્યાંય ખાતું નથી, કારણ કે આપેલા દોઢ લાખ રૂા. શેઠે પોતાના ખાતે લખાવ્યા હતા. સવાચંદ કહે પણ ગરાસિયો મને કહી ગયો છે કે સોમચંદ શેઠના ત્યાંથી મારા રૂા. મળી ગયા છે, પણ આ કહે કે હું લઉં નહિ. આ કહે હું આપ્યા વિના ન રહું. બંને વાણિયા કસાકસીમાં ચડ્યા. બજારમાંથી પાંચ વેપારીને બોલાવ્યા અને સોમચંદ કહે છે એમનું ખાતું મારે છે નહીં હવે હું કેવી રીતે લઉં ? આ કહે પણ મને પૈસા મળ્યા છે. પંચ સમજી ગયું આ શેઠ સુકૃત કરીને હવે ઉધારવા તૈયાર નથી. પંચે કહ્યું હવે એમ કરો બંનેના નામે કંઈક સુકૃત કરો. એટલે સોમચંદ શેઠે કહ્યું દોઢ લાખ તમારા ને દોઢ લાખ મારા પાલીતાણામાં ટૂંક બંધાવી દો અને આમાંથી સવા સોમાની ટુંક ઊભી થઈ. આજે પણ અમદાવાદમાં ધના સુથારની પોળમાં સોમચંદ શેઠનું સુંદર દહેરાસર છે.

પેલા રાણાએ શ્રાવકને બકરી આપી હતી તે ચાર મહિના પછી મરી ગઈ. આવ્યા પાછા રાણા પાસે સાહેબ, બકરી તો મરી ગઈ. રાણો કહે દીવાન આવી બકરી અપાય ? જાવ એક સારી ગાય આપી દો.' રાણો નિમકહરામ હતો ? કંજૂસ હતો ? ના, દીર્ઘદૃષ્ટિવાળો હતો. શેઠ ઘેર જઈને રાણાના વખાણ કરે છે. સભામાં મંત્રીઓ ને બધા ટીકા કરે છે કે રાણો આવો કેવો જેણે કટોકટીમાં ત્રણ લાખ રૂા. આપ્યા અને રાણો આજે બકરી ને ગાય આપે છે, પણ એને ખબર નથી કે રાણો જે કરે છે તે વિચારીને કરે છે.

હંમેશ માટે સમજી રાખવું મહાન આત્માના કામ મહાન હોય, દિલ મહાન હોય. પણ જેનાં દિલ ક્ષુદ્ર હોય તે મહાન આત્માને સમજી ન શકે. માટે તો કહેવત પડીને કે "વરનારનું વરે અને ઘાંયજાનું પેટ બળે." નમિરાજર્ષિ કહે છે કે મેં શ્રદ્ધાનું નગર બનાવ્યું છે અને તોડફોડ કરનારા કોઈ છે નહીં અને ક્ષમાનો કિલ્લો છે, પણ અહીં શાસ્ત્રકારે લખ્યું છે કે અહીંયાં ક્ષમા એકલી નહીં લેવાની પણ સાથે નમ્રતા ઋજુતા, નિર્લોભતા લેવાની. એનું પ્રમાણપત્ર શું ? તો જ્યારે વાત નીકળે કે પૈસા ખોટા, પરિવાર ખોટો ખાધું-પીધું ખોટું, કેટલાક માણસ પૂછે કે સમકિત છે કે નહીં ? વીતરાગ દેવગુરુ ધર્મ પર શ્રદ્ધા છે કે નહીં ? તમને પૈસા, ઘરવાળી, બંગલો, પુત્ર, કુટુંબ કેવા લાગે છે ? સારામાં સારા લાગે તો ચોકડી મારો.

ત્યારે પેલી **સરસ્વતીને ધણી** બોલાવતો નથી. પરણતાં પહેલાં ચોકખું બોલવું હતું, પણ શરમાઈ ગઈ અને લાલચમાં પડી. આ દુનિયામાં કરોડો સ્ત્રીઓ વિષયની

લાલચમાં પડી, પણ મારે તો ધન્ય અવસર છે, કે બ્રહ્મચર્ય પાળવાનો મોકો મળ્યો. આ તો લોકોમાં જરા કલંક ચડ્યું, કે હશે કાંઈ એનામાં કાળું એટલે ધણી નહિ બોલાવતો હોય, પણ કલંક ઉતરે કે તરત ચારિત્ર લેવાનું નક્કી કર્યું છે.

આ સાંભળી મા-બાપ રાજી થયા. બીજી કન્યા હોત તો ડામ આપત કે આવા રખડતાને શોધી કાઢ્યો, જરા જોવો તો હતો ? કે મુરતિયો કેવો છે ? આવું સંસારની લાલચુડી બોલે. આજના જુવાનીયાઓને મારે કહેવું પડે છે કે આંખ ઠેકાણે ન રહે તો તમારે એમ સમજવું કે આ બધી કૂતરીઓ છે. આ રામબાણ ઈલાજ છે. અનંતીવાર કૂતરા કૂતરીના ખેલ કર્યા.

પેલી **જોગણ સરસ્વતીને** એમ જ કહેતી હતી. લાલચટક સાડી તો આપણે કાંઈ પહેરતા નથી. આ એક સીધો સાદો વેશ રાખ્યો છે. જેથી કોઈને વિકાર ન જાગે. બહેનો ખોટું ન લગાડતા. સારી શ્રાવિકાને એમ કહેવું પડે છે કે વેશ જરા સરખા પહેરો. સારી શ્રાવિકા મીરાંબાઈ જેવો વેશ પહેરે. પેલી જોગણે કહ્યું, ગમે તેવો જુવાનિયો હોય પણ તેને કશું જોવા મળે જ નહીં. એમાં સરસ્વતી એમને ત્યાં જમવા ગઈ. થાળી ખોવાણી, સરસ્વતીએ રાજાને કહ્યું, હવે એમ કરો અમને બંનેને અહીં ઊભા રાખો અને બંનેના ઘર તપાસો. જોગણ કહે હા હા જરૂર તપાસો પણ શરત એટલી કે જેના ઘરમાંથી થાળી નીકળે તેનો માલ તથા પોતે પણ જપ્તીમાં આવવાનું. પેલી જોગણ મનમાં ખુશ થાય છે. આ સારસ્વત પણ મનમાં ખુશ થાય છે. જિંદગી એ રીતે જીવેલ છે કે હમણાં જ ટ્રાન્સફર થવાનું આવે તો પણ વાંધો નથી સમકિતિનું જીવન આવું શાંતિવાળું હોય.

દેવ હતો જ્ઞાનીને પૂછ્યું, મારે મરીને ક્યાં જવાનું ? તો તારે અમુક રાજાને ત્યાં જનમવાનું. તો દેવે અવધિજ્ઞાનથી જોયું કે રાજા તો ધર્મહીન છે બસ, અમન ચમન કરો, આલોક મીઠા પરલોક કોણે દીઠા ? અહીં ન્યાયનીતિ કરે છે તે પરલોક માટે નહિ, પણ જશ મળે માટે. **પ્રદેશી** રાજા એવો જ હતો. નાસ્તિક શિરોમણી-પણ ભુખ્યાને અનાજ વગેરે આપે તે ઉદાર હતો એટલે કે જશ મળે. પરલોકની વાત તો માનવા તૈયાર નહોતો. પણ કેશી ગણધર મહારાજ પાસે ધર્મ પામ્યો. પણ સાથે એક વાત બતાવી. જીંદગીમાં એક વાત ધ્યાનમાં રાખજે હે પ્રદેશી ! **'સુંદર બનેલો તું હવે અસુંદર ન થઈશ.'** હવે ધર્મ પામ્યો એટલે સાધર્મિક ભક્તિ-સંઘ-મંદિર વગેરે કરીશ અને જો મિથ્યાત્વીને ન અપાય એમ કરીને નહિ આપે તો ધર્મની નિંદા થશે. તારી નિંદા થશે માટે હે પ્રદેશી ! **સુંદર બનેલો તું અસુંદર ન બનીશ.** સાધુ હતો ત્યાં સુધી સાધુની ભક્તિ કરી પણ હવે આચાર્ય બનીને છોડી દઈશ તો નહિ ચાલે જવાબદારી વધી ગઈ. એટલે પ્રદેશીએ પણ જુની રીત રસમ છોડી ન હતી ત્યારે તો પૂજામાં ગવાય છે કે પ્રદેશી મરીને સૂર્યાભદેવ થયા પરિવાર

સાથે ભગવાનની ભક્તિ કરવા આવ્યા અને ૩૨ નાટકબદ્ધ જિનભક્તિ કરી. તેના ગુણ આચાર્યોએ ગાયા.

પેલો હાંડો રાણો ત્યાં ઝાંખો પડી ગયો પણ વજીરે મિયાંને ખોટો કરાવ્યો તો એ મિયાં કહે સાહેબ છેલ્લી સાબિતી એ છે કે એની ડાબી સાથળમાં લાખું છે. બોલો આ સાબિતી ખોટી ? સભા વચ્ચે જાહેર થયું. પહેલા જ્ઞાનીઓએ સ્ત્રીઓને સ્નાન માટે પણ રીવાજ મૂક્યો કે કપડાં પહેર્યા વિના સ્નાન કરે નહિ, પણ આ તો મિંયો બદમાસ હતો. કારણ કે ફોઈના વેશે હતો. હવે બહેનોને બહેનો વચ્ચે નાહવામાં શરમ ન રહે એટલે આ રાણી ફસાઈ ગઈ. હવે વજીર શું બોલી શકે ? હાંડો રાણો કહે મસ્તક આપવા તૈયાર છું. કારણ કે લોકો આંગળી ચીંધે કે આ તો પેલો, અસતીનો પતિ-કુલટાના પતિ તરીકે જીવવું એના કરતાં મરી જવું સારું છે. મસ્તક ધડથી જુદું કરવા તૈયાર છે, પણ એક માંગણી મૂકે છે.

"દિવ્ય-દર્શન"-"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૧" શ્રાવણ સુદ-૧

નમિરાજર્ષિને તત્ત્વદૃષ્ટિ ખુલી ગઈ છે. "જીવને જ્યાં સુધી મોહની દૃષ્ટિ હોય ત્યાં સુધી તે તત્કાળનું જોવે છે. આગળનો વિચાર નથી. કળા વિદ્યા ભણીને પંડિતો તૈયાર ઘણા છે પણ રોટલા પૂરા નથી થતાં કારણ કે પુણ્યની મૂડી નથી. માટે જ મનુષ્ય જન્મમાં મળેલી સામગ્રીને ધર્મ સામગ્રી બનાવવા શાસ્ત્રકારો કહે છે. કારણ કે તે પુણ્યાનુબંધી પુણ્ય આપે છે. આગળ ઉપર વિશેષ સામગ્રી આપનાર છે, પણ "અક્કર્મીનો કાણો" એટલે અક્કર્મી હોવા છતાં મનુષ્ય જન્મ મળ્યો પણ તેમાં પાપ બુદ્ધિનું કાણું છે. એટલે "જે સામગ્રી એને ભવો મર્યાદિત કરી આપે તે જ સામગ્રીથી ભવોની વૃદ્ધિ કરે છે." **મેઘકુમારનો જીવ** હાથીને શી સામગ્રી મળી હતી ? ચારે પગે ઊભા રહેવાની. પોતાની રક્ષા માટે માંડલું કરવાની. છતાં પણ પગ ઊંચો કર્યો અને તે જગાએ સસલું આવી બેસી ગયું તો પોતે સમજે છે કે હું શક્તિશાળી છું. ત્રણ પગે ઊભો રહીશ. કોઈ એવી ભવિતવ્યતા જીવની લઘુકર્મીતા હશે કે ત્રણ દિવસ એ રીતે ઊભો રહ્યો.

નમિરાજર્ષિ એ જવાબ આપે છે કે તું તત્કાલનું જોઈને શી ચિંતા કરે છે ? આવું તો જીવે અનંતીવાર કર્યું અને અનંતીવાર માટીમાં ભેગો થઈ ગયો. હવે મારે શ્રદ્ધાનગર છે તેને શમસંવેગ દરવાજા મજબૂત છે. કોઈની મજાલ નથી અંદર ઘૂસી શકે. ક્ષમાનો કિલ્લો એવો છે કે એનાથી આત્માનું સારું રક્ષણ થાય. જેની પાસે આ છે તેને કાંઈ ગુમાવવાનું નથી. પણ ઈન્દ્ર કહે છે ચોર-ડાકુ શસ્ત્રો સાથે આવે તો ? તો મેં શસ્ત્રો તૈયાર રાખ્યા છે. તપરૂપી બખ્તર રાખ્યું છે. તેથી શસ્ત્રો મને

કાંઈ ન કરી શકે. તું મને લલચાવવા આવ્યો છે, પણ મારી પાસે તપનું બખ્તર હોવાથી મને કોઈ અસર નથી. તારા રોદણાં મને કાંઈ જ અસર કરતા નથી. એક ઉપવાસ પણ કરે તો તેને કેટલી લાલચ જતી કરી ? જો ઉપવાસ ન હોત તો છૂટા મોંઢે કેટલું ખાત ? **સુંદરીને** એ લાગ્યું કે બ્રાહ્મીને દીક્ષા માટે રજા મળી તો મને ભરત રજા કેમ ન આપે ? પણ મારે ભરત સામે પડવું નથી. મારા કર્મ તેને આ બુદ્ધિ કરાવે છે. મારા ભગવાને અંતરાય તોડવા માટે તપ બતાવ્યો છે. તેનાથી હું અંતરાયને તોડીશ.

ભરત દિગ્‌વિજય કરવા ગયા છે અને આને તપ શરૂ કર્યો છે. બધા ભરતની આજ્ઞા પ્રમાણે સુંદરીની સંભાળ વધુ રાખે છે. માલ-પાણી વપરાવવા લાવે છે, પણ સુંદરીએ તપરૂપી બખ્તર પહેર્યું છે. એટલે વિષયોના બાણ તેને કાંઈ કરી શકતા નથી. ભગવાનનું શાસન છે. પચ્ચક્ખાણ કર્યું એટલે ખાવાની લાલચ ગમે તેટલી આપે પણ તપસ્વીને મન કાંઈ નહિ. રોગ પણ મટાડવા માટે ઉપવાસ કરવો જોઈએ. પહેલાં સાંભળેલું કે અમેરિકામાં હોસ્પિટલ હતી. ત્યાં કોઈ પણ રોગી જાય પહેલાં તો ત્રણ ઉપવાસ કરાવે. તપનું બખ્તર પહેરનારને સંસારમાં કોઈ રાખી શકે નહિ. સુલસાના પતિને દુઃખ હતું દીકરો નથી. સુલસા ઘણું સમજાવે, પણ ધણી સમજતો નથી એટલે સુલસાએ પરમાત્માની ભક્તિ વધારી. બીજી બાજુ તપ ત્યાગ વધાર્યો. તેનાથી ઇન્દ્રનો સેનાપતિ દેવ હરિણૈગમીષી આવ્યો બોલો શું જોઈએ ? કાંઈ નહિ. તમે શું આપવાના છો ? મારા ભગવાન કહે છે કે આ તપ અને ત્યાગથી અનંતા મોક્ષના સુખ મળે તેમ છે, પણ જો તમે પૂછો છો તો મારા પતિને દીકરો જોઈએ છે. લો, આ બત્રીશ ગોળી **એક ગોળીથી એક દીકરો જન્મશે. જ્યારે જ્યારે ઇચ્છા થાય ત્યારે ત્યારે એક ગોળી લેશો.** ધર્મથી મોક્ષ મળે ? મળે જ, ઉપરાંતમાં ધર્મથી ધનના અર્થીને ધન મળે છે, કામના અર્થીને કામ મળે.

પેલી **જોગણે સરસ્વતીને ઠગવા** પ્રયત્ન કર્યો. રાજાને લાવી. પણ સરસ્વતીએ કહ્યું બંનેના ઘરની જડતી લેવડાવો. એટલે જોગણ ખુશી થઈ, કે હવે તેના ઘરમાંથી થાળી નીકળશે. આ બાજુ સરસ્વતીને પણ ઠંડક હતી એ રીતે કે હું જૈન ધર્મ પાળનારી છું. પરણ્યા બરાબર શીલનો નિયમ સચવાયો છે. મારું રક્ષણ ધર્મ કરશે. રાજાના માણસોએ તેના ઘરમાં તપાસ કરી થાળી મળી નહીં. રાજા કહે કેમ જોગણ ? સાહેબ જરા બરાબર જોવડાવો પણ તું તારી જાતે જ જોને અને પોતે તપાસ કરવા ગઈ કારણ કે તેને ભરોસો હતો કે મારો માણસ થાળી મૂકી ગયો છે. પણ તેને એ ખબર નથી કે સરસ્વતીએ પાણી પહેલાં પાળ બાંધી દીધી છે. પરલોકના પૂર આવે ત્યારે પાળ બંધાય કે મોત આવે ત્યારે ? જમડાને એમ કહેવું પડે કે **'રહો રહો જમડાજી.... શેત્રુંજીની યાત્રા કરી આવું.'**

જૈન ધર્મ પામેલા કેટલાક પૈસા વધ્યા તો ફલેટ બંધાવે પણ દહેરાસર કરાવે નહિ. એ લોકો ધર્મની સામગ્રીને પાપની સામગ્રી બનાવી રહ્યા છે. મૃત્યુ નિશ્ચિત છે. બધુ મૂકીને જવાનું તે પણ નિશ્ચિત છે. બંગલાનું એક પગથિયું બચાવવા નહિ આવે. સરસ્વતીએ કામ પાકું રાખેલું. જોગણનો માણસ થાળી મૂકી ગયો. તો આનો માણસ જોગણના ઘરમાં થાળી મૂકી આવ્યો. જોગણને ખબર નથી પોતે ઊંઘમાં રહી છે. કર્મસત્તા જીવને આવી રીતે જ ઊંઘમાં રાખે છે. નિગોદમાંથી અહીં સુધી આવતા કેટલાંય યુગો પસાર થાય પણ અહીંથી જવા માટે એક કાચી મિનિટ બસ છે. કારણ કર્મસત્તાને બધું ધૂળધાણી કરતા આવડે છે, માટે આજે કરવાનું કામ હમણાં કરવું જોઈએ. બાલ બ્રહ્મચારી નેમનાથ ભગવાન મળે ક્યાંથી ? અઠ્ઠમ ન કરવો હોય તો પણ મનોરથ કરવામાં કાંઈ બગડતું નથી. આ જીવ મૂર્ખો છે. એ કર્મના મનોરથ કરી શકે છે, પણ ધર્મના મનોરથ કરતા આવડતા નથી. કારણ કે એ સમજણ નથી કે ધર્મમાં ખર્ચવાથી જતું નથી, પણ ઈન્વેસ્ટમેન્ટ થાય છે.

કૂવામાંથી પાણી કાઢો તો ઓછું થાય ? ના, એ તો પાતાળ શેરમાંથી પાણી એટલું ને એટલું જ રહે છે. તો એવી રીતે અઠ્ઠમ કરો એટલે સુકાઈ જવું એવું નહિ, પણ પારણામાં લોહીની પૂર્તિ થઈ જાય છે. આપણા કાંતિવિજ્ય પંન્યાસ હતા. આયંબિલ કરતા તે પણ બીજા બધાની ગોચરી લાવીને. આયંબિલ ખાતામાંથી લુખો રોટલો લાવીને આયંબિલ પૂરું કરે. દાળ લે નહિ છતાં વૈયાવચ્ચમાં આગળ પડતાં. પારણું થાય ત્યારે શરીર સુકાયેલું હોય પણ પંદર દિવસમાં બટેટા જેવા ફુલી જાય. સરસ્વતીને કલેજે ઠંડક હતી. એના ઘરમાંથી થાળી નીકળી નહિ. હવે જોગણના ઘરની જડતી લેવાય છે. ત્યાં નીચેના રૂમના ખૂણામાંથી કપડાં પાછળથી થાળી નીકળી. રાજા કહે બોલ જોગણ ? શું બોલે ? મોઢું લખોટી જેવું થઈ ગયું.

સરસ્વતીને પૂર્વની સાધનાથી અને આ જનમમાં પણ બાપના ઘરે ધર્મનો બોધ મેળવેલો છે, તેનાથી તેનું પુણ્ય હાજર જવાબી થઈ ગયું છે. તેવી શ્રદ્ધા હોવાથી જોગણને કબજે કરવા આવી છે. મહારાજાને મનમાં વસવસો તો હતો કે કેટલાય સારા વેપારીઓને આ જોગણે ઠગી લીધા. રાજાએ સિપાઈઓને હુકમ કર્યો. જાવ આ સારસ્વત ભાઈના સાથે અને જોગણનું બધું જપ્ત કરી તેમને સોંપો. સરસ્વતી જુએ છે, શું ધર્મનો મહિમા ! પરદેશમાં કોણ બેલી થાય ? હું જ્યારથી આવી છું ત્યારથી રાજા માન આપે છે. રાજાનો આટલો તો આદરભાવ હતો તેમાં જોગણનો પ્રપંચ પ્રગટ થયો એટલે વધુ આદર થયો. કેટલીકવાર કેટલીક પ્રવૃત્તિમાં તત્કાળ જવાબ મળે છે. સરસ્વતી પતિને છોડાવવા આવી છે એની જગ્યાએ જોગણનો આખો રસાલો પોતાનો થાય છે. માટે શાસ્ત્રકારો કહે છે કે તું તારી જાત

ઉપર શી હોશિયારી મારી રહ્યો છે? એ તો દેવ-ગુરુ ધર્મની તાકાત છે કે તારા ચિંતવ્યા બહારનું કામ કરી આપે છે, પણ હૈયામાં દેવ-ગુરુને જો સ્થાન આપ્યું હોય તો આ બધું થાય. **સેવાના અવસરે બધું જતું કરીને સેવામાં લાગવું જોઈએ.**

એક **આચાર્ય** પોતાના વિશાળ સમુદાય સાથે જતાં જંગલમાં મુકાયા છે. રાતનો સમય છે. જંગલી પ્રાણીથી રક્ષા કરવાની છે, પણ તેમની સાથે સહસ્ર યોધી મુનિ હતા. એટલે કે એક હજાર યોદ્ધા સાથે એકલા લડી શકે. આચાર્ય મહારાજે તેમને રાતે જાગતા રહેવાનું કહ્યું. તહત્તિ કહીને સ્વીકાર કર્યો. સમુદાય નિદ્રામાં છે. આ મુનિ ચારે કોર રાઉન્ડ મારે છે. પહેલા પહોરે એક સિંહ આવ્યો એક હાકોટો કર્યો એ અવાજના રણકારથી સિંહ પાછો ગયો. બીજે પહોરે બીજો સિંહ આવ્યો પણ મુનિ સમજ્યા કે એનો એ સિંહ ફરી આવ્યો એટલે મુનિએ કહ્યું ભાન ભૂલા ફરી આવ્યો, એટલે સિંહ પાછો ગયો. આ શાબાશી કોની હતી ? દેવ-ગુરુની. પછી ત્રીજો સિંહ આવ્યો તોય મુનિ એનો એ સિંહ સમજીને સાલો નફફટ થઈ ગયો લાગે છે. એટલે ફરી હાકોટો કર્યો સિંહ પાછો ગયો.

ચોથે પહોરે ચોથો સિંહ આવ્યો મુનિએ સિંહનું જડબું પકડીને એક થપ્પડ ઠોકી દીધી ને એ ગયો. સવાર પડી. બધા ઊઠ્યા. આવશ્યક ક્રિયા કરી પોતે નિવેદન કર્યું કે એકનો એક સિંહ ચાર વાર આવ્યો. આપણા ઉપકારથી સિંહ પાછો ગયો. ગુરુ કહે ભાઈ એ તારી શ્રદ્ધાનો પ્રતાપ છે. વિહાર કરીને આગળ ચાલ્યા. રસ્તામાં ચાર સિંહના મડદા જોયા. ગુરુએ પૂછ્યું કે આ તો ચાર સિંહ છે. ચારે સિંહ મરી ગયા સાધુ બચ્યા. તેમાં પ્રતાપ અંતરમાં દેવ-ગુરુ હતા અને શ્રદ્ધા હતી. આ શ્રદ્ધા હોય તો શરીરને જોયા વિના તપ કરવો જોઈએ. ને એવું કહેનારા મળે કે 'લાંબા સાથે ટુંકો જાય તો મરે નહીં તો માંદો થાય !' પણ પેલા **નાગકેતુ** જન્મ્યા બરાબર અઠ્ઠમ કર્યો. મરું તો પણ અઠ્ઠમ ન છોડું તો ધરણેન્દ્ર આવીને તેની રક્ષા કરી. નેમનાથ ભગવાનનો ધર્મ પ્રભાવ કેવો ? અડતાલીસ ગાઉની દ્વારિકા છપ્પન કોડ જાદવથી ભરેલી સળગવાની હતી તે નેમનાથ ભગવાને ભવિષ્ય ભાખ્યું ચેતવણી આપી. હજુ સળગી નથી માટે પરભવની મૂડી ઉપર તપ કરીને કમાણી કરો. એ તપના મહિમાથી બાર વર્ષ સુધી દ્વારિકા સળગી નહિ. નમિરાજર્ષિ કહે છે તપરૂપી બખ્તર હાથમાં લઈને મંડી પડ. કર્મના કાચલા ખલાસ થઈ જશે. અસંખ્ય કર્મોને જમીન દોસ્ત કરવાને તપ એક શસ્ત્ર છે. તપનો પ્રભાવ છે. તેમાં શીલનો પ્રભાવ છે.

પેલી **હાંડી રાણી પાસેથી મિયાં દિલ્હી પહોંચ્યો છે.** અસતીના પુરાવા આપ્યા અને તેમાં હિન્દુ વજીરે નાપાસ કર્યો તો છેલ્લું પ્રમાણ એ આપ્યું કે રાણીની જાંઘમાં લાખુ છે. હાંડા રાણાએ ગળું આપવાની તૈયારી બતાવી. પણ એક વખત ઘરની મુલાકાતે જવાની માગણી કરી. સિપાઈઓ સાથે રાણો પોતાના ઘરે આવે

છે. રાણી પણ ખુશ છે. પગમાં પડે છે. ત્યાં રાણાએ લાત ઠોકી અને ઉપર થુંકીને કહે છે કે કુલટા તારું મોં જોવું તે પાપ છે. રાણીને થયું આમાં કંઈક ગરબડ લાગે છે. તરત જ લક્ષમાં એ આવ્યું કે પેલી ફોઈ બનીને જે આવેલ તેના કારસ્તાન લાગે છે. રાણો તો પાછો સિપાઈઓ સાથે નીકળી ગયો. પણ તેમાંના એક માણસને રાણીએ બોલાવીને વાત પૂછી. સિપાઈએ કહ્યું કે રાણાએ બાદશાહને સતીના દર્શન કરાવવા કહ્યું.

તેમાં એક મિયોં તમારું પારખું કરવા અહીં આવેલો અને મોજડી વગેરે વસ્તુથી અસતીની સાબિતી આપી પણ તેમાં નાપાસ થયો છેલ્લો પુરાવો એ આપ્યો કે રાણીની જાંઘમાં લાખું છે, હવે રાણાને દરબારમાં માથું આપવાનું છે. રાણી સમજી ગઈ આ મિયોં જ ફોઈ બનીને આવ્યો હશે, પણ તે ભારત દેશની સંતાન હતી. સતીત્વનો ધર્મ બચાવે, બુદ્ધિ સુઝી. ઘાટ ગોઠવ્યો રાણાની પાછળ જ દિલ્હી જવા માટે નીકળી બલ્કે રાણા કરતા પહેલા દિલ્હી પહોંચવાની ગણતરીથી સાંઢણી ઉપર નીકળી છે. દેવ-ગુરુ ધર્મ ઉપર કરેલો વિશ્વાસ આત્મામાંથી જ આવે છે. તેને શ્રદ્ધા છે કે **મારો ધર્મ મારી રખવાળી કરશે.** 'સત્યમેવ જયતે' એ હિસાબ ઉપર પોતે દિલ્હી આવે છે. ભગવાન તેરે રાજમેં અંધેર નહીં હૈ"

ચંપાપુરી તીર્થ છે, ત્યાં બાજુમાં **ભાગલપુર** ગામ છે ત્યાં **ચોખાનો વ્યાપારી** મારવાડી રહેતો... વેપારીઓમાં કહેવાય કે મારવાડી એટલે ચોખાનો રાજા... ઘરમાં છોકરો નથી... જંતરમંતર ઘણા કર્યા પણ કાંઈ મળતું નથી. ત્યાં કોઈ અઘોરી બાવો આવ્યો. મારવાડણને તેણે કહ્યું નાના બચ્ચાનું માંસ રાંધીને કોઈ સંન્યાસીને દાન આપો તો છોકરો થશે. આ અભાગણીને પાપાનુબંધીનો ઉદય એટલે અંધારામાં સાંજના કોઈનું છોકરું રમતું હશે તે લઈને મારી નાખ્યું. માંસ કાપીને વઘારીને એવા જ કોઈ અઘોરીને ખવડાવી દીધું. પાપાનુબંધીનો ઉદય એટલે મળેલી સામગ્રીથી પાપનું કામ કરવાનું મન થાય. શાસ્ત્રવાર્તામાં લખે છે કે **'પાપાનુબંધી પુણ્યનો ઉદય આવતાં પહેલાં પાપ કરવાના સૂઝે.'** આવી દશા મારવાડણને થઈ. ગર્ભ રહ્યો છોકરો જન્મ્યો. ધણીને આ વાતની ખબર નથી.

બીજે દિવસે બૂમો પડી, પણ આ તો તેમાંય શામેલ થઈ અને તેનો છોકરો ખોળાવવા લાગી. બાળક જન્મ્યું છે ખુશી થાય છે. બે વર્ષનો થયો. ગોદમાં ખીલાવે છે. ધણીને ખુશ દેખ્યા. એટલે કહે છે જાણો છો ? છોકરો કેવી રીતે થયો ? એ તો ભગવાને આપ્યો. પેલી કહે એ તો આવી રીતે મેળવ્યો છે. ત્યારે મારવાડી કહે 'જારે જા તું તારે ઘેર રહી અને છોકરો એને ઘરે. ત્યાં આ કહ્યું કે **'ભગવાન તેરે રાજમેં અંધેર હૈ અંધેર'** તેં આવીને દીકરો આપ્યો ? આવું બોલતો આખા નગરમાં ભટકે છે. મગજની કમાન છટકી ગઈ છે.'

પેલી **સરસ્વતીને** કબજો મળ્યો છે. ધણી સામેથી આવવાનો છે, પણ ઓળખી શકવાનો નથી. કારણ કે સરસ્વતી પુરુષ વેશમાં છે. નમિરાજર્ષિ કહી રહ્યા છે, મારી પાસે તપનું બખ્તર છે. એટલે કર્મ સામે સંગ્રામ જીતીશ અને સંસારમાંથી મોક્ષ થઈ જશે.

"દિવ્ય-દર્શન"-"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૨" શ્રાવણ સુદ-૨

ઈન્દ્ર હવે સવાલ કરે છે કે તમે નીકળી તો પડ્યા, પણ જાવ તે પહેલા સારા મહેલો હવેલીઓ વગેરે ઊભા કરીને જાવ, એટલી બધી શી ઉતાવળ છે ? તમે તો આ રાજના માલિક છો. તાબડતોડ હજારો માણસોને કામે લગાડી શકો તેમ છો. તમને બધાને પણ એમ થાય છે ને ? કે સારા ફલેટો-સારી દુકાનો કરીને મરું...આવું મનમાં થતું હોય તો આ નમિરાજર્ષિનો જવાબ લપડાક લગાવનારો અને સોલીડ યુક્તિયુક્ત અને બીજાનાં મગજમાં જલ્દી ઉતરી જાય તેમ છે. નમિરાજર્ષિ કહે અરે ભુદેવ ! જે માણસ પ્રવાસે નીકળ્યો છે અને માર્ગમાં જે સ્થળ ઠીક દેખાય એટલે ત્યાં બંગલો બંધાવવાનું કરે તો તે શંકાસ્પદ કામ છે. કારણ કે તેને આગળ જવું છે, કામ લાગે કે ન લાગે જોયું જશે, એમ વિચારી જે કામ કરે તે ખરેખર અસ્થિર છે, ન કરવાનાં કામ કરનાર છે. પોતાની મૂડીને માર્ગમાં ખર્ચીને ઘર બનાવે છે. પછી મૂડી બધી રસ્તામાં પૂરી કરી દે પછી જે સ્થાને છેલ્લે અટકવાનું છે, ત્યાં જઈને શું કરશે ? કહેવું પડે કે **"મિયાં મૂઆ ને લેખા પૂરા."** તું જ મને કહે કે તે વ્યક્તિ આગળ જઈને શું કરશે ? જે માણસ માર્ગમાં ઘર બનાવવાની ગડમથલમાં પડે છે, તે પોતાની સંપત્તિ ગુમાવે છે, અને રખડવાની સ્થિતિમાં રહે છે. બ્રાહ્મણરૂપી ઈન્દ્ર કહે તો શું કરવું જોઈએ ? નમિરાજર્ષિ કહે છે કે જ્યાં તેને છેલ્લો મુકામ કરવાનો છે ત્યાં જ શાશ્વત ઘર કરે તો તે બુદ્ધિમાન છે.

વેપારી ટુરમાં ગયો છે. અને વચ્ચે પુનાથી અહમદનગર...ત્યાંથી બેલગાંવ...ત્યાંથી બેંગલોર. આ બધા સ્થાને તેણે ઘરો બનાવ્યા અને મૂડી હતી એટલી ખર્ચી નાખી. હવે છેલ્લું સ્ટેશન મદ્રાસ છે, જ્યાં તેને સ્થિર થવાનું છે. હવે ત્યાં જઈને શું ? તો કહો કે ઉપર આભ નીચે ધરતી. જ્યાં છેલ્લું સ્ટેશન છે, ત્યાં મકાન બનાવવું જોઈએ. જેથી ચિરકાળ આરામથી રહી શકે. નમિરાજર્ષિ આ કહીને એ કહેવા માંગે છે કે મારું છેલ્લું સ્ટેશન મોક્ષ છે. ત્યાં મહેલ બનાવી ત્યાં જ કાયમ માટે રહી જવાય. તો ઈન્દ્ર કહે બંગલો બીજાને તો કામ લાગે ને ?

પેલો વૈષ્ણવ હતો ને ? તે તો ડોકટરોને એ જ વાત કરીને ? મારે ઉપર જવાની ઉતાવળ છે. કારણ કે જેમ મહારાજે કહ્યું હતું કે પેલો પ્રમુખ...ટ્રાન્સફર

વખતે ખુશખુશાલ હતો અને કારણ એક જ હતું કે જ્યાં જવાનું છે ત્યાં મહેલ બનાવી દીધો છે, મોટું ૮૪ વાવટાનું બંદર બનાવી દીધું છે. તેમ વૈષ્ણવ ડોકટરને કહે છે કે મેં પણ જૈન ધર્મ પામી તેમાં બતાવ્યા પ્રમાણે ઉપવાસ વગેરે ઘણું કર્યું છે. હવે નિશ્ચિત સારી જગાએ જવાનું છે. માટે મારે ચિંતા શી હોય ? કારણ કે જ્યાં જવાનું છે તે સ્થાનમાં પોતાના માટે મહેલ બનાવ્યો છે. એટલે કે સાધના કરી લીધી છે. ઘરમાં પણ મોટાઈ હતી તે સાચી હતી. કારણ કે ઘરના બધા કહેતા કે આ તો અમારી ભૂલો ખમી ખાતા હતા. એટલે મોટાઈ પણ ગમ ખાવાથી મળે છે. માટે તો કહેવત પડી, **'કમ ખાના ગમ ખાના'** કમ ખાવામાં શરીર સારું રહે અને ગમ ખાવામાં મન સારું રહે. આજના જીવો શરીરનાં દુઃખ કરતા મનથી વધુ દુઃખી થાય છે. ગમ ખાવાથી લાભ છે. વહુએ ઘી ઢોળ્યું. સાસુએ ગમ ખાધી. તેમ છોકરાએ પૈસા ખોયા તો બાપ ગમ ખાય. છોકરો કહે બાપાજી પૈસા પડી ગયા, અથવા ધંધામાં ખોયા તો બાપ કહે કાંઈ નહિ, ચિંતા ન કરીશ... તો દીકરો વિનય કરે નમસ્કાર કરે શેનો પ્રતાપ ? કહો કે ગમ ખાધો તેનો પ્રતાપ છે. નમિરાજર્ષિ કહે છે કે જ્યાં જવું છે તે માટે ત્યાં હાઈકલાસ મકાન બનાવી દેવા દે. ત્યાં કાયમી રહેવામાં મોજ છે. ત્યારે આસ્તિક સામે નાસ્તિકના એ બોલ છે કે એક દિવસ મરવાનું છે એટલે કાંઈ અત્યારથી સ્મશાનમાં જઈને સુઈ જવાય ? પણ નમિરાજર્ષિનો જવાબ એક જ છે કે જ્યાં જવાની ઈચ્છા છે ત્યાં સારામાં સારું મુકામ બનાવી દેવા દે...પછી કોઈ ચિંતા નહિ.

મનુષ્ય જન્મમાં, જૈન કુળમાં, જૈન શાસનમાં આવ્યા પછી રોજ સવારે વિચારણા શી ? એજ ને ? કે બજારમાં જઈશ સોદો કરીશ, રૂપિયા લાવીશ, કુટુંબ સાથે અમન-ચમન કરીશ, પણ નમિરાજર્ષિ કહે છે કે હું મૂર્ખો નથી કે પરિવાર કરોડોનો ખજાનો-સેના વગેરેમાં પડ્યો રહું. પણ તું કહે છે કે હવેલી વગેરે બનાવીને જાવ એટલે મારે શું ? તો **"આંખ મીચે ડૂબ ગઈ દુનિયા"** એમ જવા ટાણે મારે આકાશ સામે જોવાનું ? પણ તને ખબર છે ? કે જીવતા નવા નવા રેશમી ઝરીયાન ઝામા પહેરવાનાં હતા પણ મર્યો ત્યારે ઢાંકવા કફન માટે કપડું માંગ્યું તો નવું આવ્યું તો કહે આ તો નવું છે ક્યાંકથી જુનો ટુકડો શોધવા બેસવું પડ્યું. ત્યારે તો કહ્યું, **"ધોળું રે વસ્ત્ર એના કર્મનું તે તો શોધવા લાગ્યા."** એમ જો અહીંના લાલપીળામાં મૂંઝાયો તો, **"ચાર દિનકી ચાંદની પીછે અંધેરી રાત"** જ્યાં જવું છે, કાયમી મુકામ કરવો છે, ત્યાંનું સ્થાન નક્કી બનાવો ત્યાંથી કોઈ દિવસ હકાલપટ્ટી ન થાય. જવાનું ક્યાં છે, તેની ખબર નથી, પણ જ્યાં જવું છે, તે સ્થાનને સારું કરવાનું તમારા હાથમાં છે. પરભવની તૈયારી અહીંથી કરશો તો બુદ્ધિમાન બનશો. વૈષ્ણવ, ડોકટરને કહે છે કે મહારાજે જૈન ધર્મ આપ્યો. વ્રત-નિયમો-જિન ભક્તિ-

પ્રતિક્રમણ-રોજ છ વિગઈમાંથી એક વિગઈ ત્યાગ આ બધું કર્યું. શ્રદ્ધા એવી કે નસીબમાં લખેલું મિથ્યા થવાનું નથી. બધું આવી મળવાનું છે.

શાંતિભાઈ શ્રાવક હતા. તે કહેતા મહારાજ સાહેબ ! પ્રતિક્રમણ વ્યાખ્યાન વગેરે બધું કરું છું. ૧૨ વાગે જમું છું એટલે ઘરવાળા કહે બજારમાં ક્યારે જશો ? તો હું તેમને કહેતો શાંતિ રાખો કારણ શ્રદ્ધા હતી. એ કહેતા મહારાજ સાહેબ જેટલા દેરાસરોનાં દર્શન કર્યા છે તે બધાની રોજ સિદ્ધગિરિથી માંડીને જાત્રા કરું છું. એટલે સિદ્ધગિરિમાં મૂળનાયક આદીશ્વર બાજુમાં નવા આદીશ્વર એવી રીતે જ્યાં જ્યાં આદિનાથને જોયા હોય તેને યાદ કરું. પછી અજિતનાથને યાદ કરું એમ કરતા તો ફરી વળી સિદ્ધગિરિ જવું પડે ? તો જવાનું. મગજથી જ જવાનું છે ક્યાં વાંધો છે ? એ કહેતા મારા આ લીસ્ટમાં ૧૮ અરનાથ છે અને પારસનાથ તો ૫૬૦ છે. આ રીતે ૨૪ ભગવાનને યાદ કરવાના, એ રીતે જે જે સાધુઓને જોયા છે તેમાં પદસ્થોને નમસ્કાર કરું. આની ઉપર શ્રદ્ધા છે એટલે બધું કામ પતાવી બે વાગે બજારમાં જાઉં. અને સોદો કરીને ૪ વાગે પાછો આવું તો ઘરવાળા કહે આટલામાં પાછા આવ્યા ? તો શાંતિભાઈ કહેતાં કે તમારે સોનાની બંગડી પહેરવી છે ને ? પહેરાવીશ. "મન દુનિયામાંથી કાઢીને ભગવાનમાં ઘલાય તો અરિહંતની ઉપાસના થાય."

મામા માસીના છોકરાં-છોકરીઓના નામ લીસ્ટમાં રખાય છે. માત્ર ભગવાનના નામ જ નથી રખાતા ? નમિરાજર્ષિ એ કહે છે કે જ્યાં જવું છે તે સ્થાન મજબૂત બનાવો. એ હિસાબ પેલી સરસ્વતીને છે એટલે કલેજે ઠંડક છે, અને એ પણ વિચારે છે કે મારે આળ ઉતરે કે ચારિત્ર લેવાનું... ઘણી કેદમાં છે એટલે માનવ દયાની રૂએ આપણામાં અક્કલ છે તો કામ કરવું. નમિરાજર્ષિનો જવાબ જો મનમાં વસી જાય તો એમની જેમ પરલોક જવા માટે તૈયાર થવાય.. વૈષ્ણવ ડોકટરને એ કહેતો કે સામાયિક પ્રતિક્રમણ હજારો કર્યા અને જીવદયા તો ડગલે ને પગલે રાખી છે. સંડાસમાં જઈ આવ્યા ? પાણી અણગળ વાપર્યું ? ઈતરશાસ્ત્રો કહે છે કે એક ગ્લાસ અણગળ પાણી વાપરો તો ૭ ગામડા બાળ્યાનું પાપ લાગે છે. જીવદયાનો વિચાર વૈષ્ણવને હતો. એટલે ડોકટરને કહે છે ઉકાળેલું પાણી પીવાનું એકાસણા બેઆસણા આંબેલ અને ઉપવાસ ઘણા કર્યા છે. એટલે નિશ્ચિત છું. અહીં પચાસ વરસનું આયુષ્ય પાળીને જઈશ, એટલે ત્યાં પલ્યોપમ અને સાગરોપમનું આયુષ્ય થશે. સુંદર સાધના કરી છે માટે મારે જવાની ઉતાવળ છે. તમે ત્રણ દિવસના ઉપવાસ કરવામાં આનાકાની કરો છો. તમને ખબર નથી. આ ત્રણ દિવસના ઉપવાસથી હોજરી નબળી નહિ પડે પછી સરખી બનશે અને તેમાં નેમનાથ ભગવાનનું જીવન જાણવા મળશે. કૃષ્ણને વનમાં કેવી રીતે મુકાવાનું

થાય છે અને બાર યોજન ૪૮ ગાઉ ૯૬ માઈલની દ્વારીકાનગરી ભડકે બળે છે તે બધો અધિકાર સાંભળશો પછી એક અઠ્ઠમ નહિ, દશ અઠ્ઠમ કરવાનું મન થશે. હમણાં નહિ કરો તો પછી રહી ગયાનો પસ્તાવો થશે. માટે નેમનાથ ભગવાનની ખાતર અઠ્ઠમ મન મૂકીને ઝુકાવો.

"દિવ્ય-દર્શન"-"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૩" શ્રાવણ સુદ-૩

નયસારને મુનિએ એ કહ્યું કે તેં જે માર્ગ અમને બતાવ્યો તે તો દ્રવ્ય માર્ગ છે. એ ચાલ્યા કરવાથી કદી ખૂટે નહિ. સુરતમાં પાઘડી પટે બજાર છે. નાના છોકરાને પૂછો કે ઉપાશ્રય ક્યાં ? તો કહે કે ચાલ્યા કરો તેની મેળે આવી જશે. ભાવમાર્ગ તો એ છે કે જે અપવર્ગ છે. ચાલ્યા પછી આગળ અટકવાનું સ્ટેશન આવે છે. અંતિમ મથક મોક્ષ છે. એનો જે રસ્તો હોય તે પકડવો પડે. અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર અને અસાંયોગીક સુખ ઊભા કરીને મોક્ષમાં જવું છે. તો એ અંશે અંશે પામી મોક્ષનાં સુખની વાનગી ચાખે. થાકેલાને મોટરમાં બેસવા મળે તો તેને સુખ અનંતુ મળ્યાનું આનંદ થાય. તેમ સંસારથી થાકેલાને મોક્ષ તરફ જવાનો રસ્તો મળી જાય તો આનંદ થયા વિના રહે ખરો ?

દુનિયાનાં સુખનો વ્યસની બનેલો શેને જતું કરે ? પૈસા વધુ જોઈએ છે, એવું તો છે નહિ કે હવે પૈસા વધુ ન ખપે. ત્યારે પૂણીયા શ્રાવકને યાદ કરવો પડે. વધુ ખપતું નથી સમજે છે કે વધુ રાખું તો બધી ચિંતા કરવી પડે. સગરચક્રવર્તીનાં ૬૦ હજાર પુત્રો બળી ગયા તો ક્ષણવાર શોક થયો. ૬૦ હજારને ભાવના થઈ કે ભરત મહારાજા સુકૃત કરી ગયા પણ હવે આપણે તેને વધુ ઉજ્જવલ બનાવીએ. તેમણે સોનાના બિંબો ભરાવ્યા છે, પણ આગળના લોકો લોભિયા અને અજ્ઞાની થશે. રત્નનો એક ટુકડો લઈ જાય અને દુર્ગતિમાં જશે આ ન થાય માટે ત્યાં ચારે બાજુ ખાઈ ખોદી નાખે છે કેટલી ? પહોળી ૪ ગાઉ કરી. તે સુકૃત કરવા ગયા. ખાઈ ખોદતા નીચે ભવનમાં રેતી ખરી તો દેવતાઓ આવ્યા અને પછી ક્ષણભરમાં બાળીને ભસ્મીભૂત કરી નાખ્યા. નોકરો સગર ચક્રીને કહે સાહેબ ! નાના સાહેબો રક્ષા કરવા ગયા તો દેવે બાળી નાખ્યા. તો ચક્રી કહે ગધેડાઓ તમે કેમ બળી ન ગયા ? પણ દેવતા બ્રાહ્મણરૂપે એક છોકરો ખભે નાખીને આવ્યો કહે છે કે જમડો મારા છોકરાના પ્રાણ લઈ ગયો છે. તું મોટો રાજા છે તો પ્રાણ પાછા લાવી આપ. આને ચક્રવર્તી પાસે એવા બોલ બોલાવવા છે કે તે જ શબ્દો તેના મોંમા પાછા ઘાલવાના છે. **ચક્રી બોલે કે એક દિવસ બધાને મરી જવાનું છે.** પેલો તો પેટ ફૂટે ને માથું ફૂટે.

એટલે ચક્રવર્તીએ તેને એક ગ્લાસ આપ્યો ને કહ્યું લે આ ગ્લાસ, એવા ઘરમાંથી પાણી લઈને આવ કે જેનાં ઘરમાં કોઈ મર્યું ન હોય. લઈને ચાલ્યો. બધાને ઘરે પૂછે પણ કોઈ ઘરે પાણી નહીં મળ્યું એટલે પાછો આવ્યો. અને કહે બધા ઘરે પોક મૂકે છે, કે મારા મામા-દાદા-મા-બાપા-છોકરો મરી ગયા. તેં હેં સાહેબ ! પહેલા નાનો મરે ને પછી મોટા મરે એવું ખરું ? ચક્રી કહે હા હા એવું બની શકે છે. અંકે થયું ને કાળા ઝભામાં લશ્કર આવ્યું અને ચક્રવર્તીને આ પેંતરાની ખબર નથી કહ્યું કે સાહેબ છોકરા કલ્યાણ સાધી ગયા. તીરથની રક્ષા કરતા કરતા પ્રાણ ગયા છે. દેવતા હવે કહે છે કે હવે તમારે રોઈ ન શકાય. ૬૦ હજાર પણ સમજતા હતા કે આ સંસારમાં જનમજનમનાં બધા મુકામ ટેમ્પરવારી છે. દેવતા સગરને કહે શું શોક કરો ? સગર તત્ત્વવેત્તા હતા. અજિતનાથ ભગવાન સાથે દીક્ષા લેવા તૈયાર થયા હતા પણ ભગવાનને રોકવા પડ્યા. આજે અમારે તમને ખેંચવા પડે છે. ભગવાને કહ્યું સગર તારે હજુ વાર છે. હવે વિચારે છે કે આ ૬૦ હજારે તો મને ચીમકી આપી દીધી બાપા ! એકાએક જમડાની શીરજોરીથી ઉપડી ગયા. આ છોકરાઓ નોટિસ આપી ગયા. ત્યારે ચક્રવર્તીએ, જીવ ઉઠ ઊભો થા કરીને ચારિત્ર માટે પુરુષાર્થ કર્યો વિવેક વાપર્યો. ૬૦ હજાર ગયા. હવે હું મૂર્ખો છું કે નાશવંત સંપત્તિને લઈ બેઠો રહું ? માપ કાઢી લીધું. છ ખંડની સમૃદ્ધિને અસાર માની ચારિત્ર લીધું.

એ જ હિસાબની **પેલી સરસ્વતીએ માપ** કાઢ્યું કે કેઈકને જોગણે બનાવ્યા પણ સરસ્વતી સાવધ હતી એકવાર નહિ દશવાર ઘર ફેંદ... થાળી હોય તો નીકળે ને ? જ્યાં જે વસ્તુ નથી ત્યાં તે વસ્તુ લાખવાર શોધે તોય મળે ? કોઈ કહે કે હું મંતર આપું છું. તેનાથી સાપની દાઢમાંથી અમૃત શોધી લાવો તો કહેવું પડે કે જ્યાં ઝેર જ છે ત્યાં અમૃત ક્યાંથી મળવાનું ? ૧૦૦ નહિ હજાર સાપની દાઢ પકડે તોય અમૃત ન મળે. તેમ શાસ્ત્રકારો કહે છે કે **'સંસારમાં સુખ હોય જ નહિ.'** રાજાએ સરસ્વતીને જોગણી તથા માલ સોંપી દીધા. અને સિપાઈઓને હુકમ કર્યો જાવ આ સારસ્વતકુમારની સાથે જોગણ કાંઈ આનાકાની કરે તો હંટર લગાવજો.

સંસારમાં આ જ ચાલે છે. "વારા પછી વારો, મારા પછી તારો" આજના રોફ ચલાવનારને ખબર નથી. તારા વારા પછી મારો વારો આવશે. ત્યારે તો લંકાનો રાવણ સીતાને ઉપાડી ગયો. પણ સૈનિકો કહે છે આ સીતાને આપ મૂકી દો તો ચારેકોર આપનો વિજય ડંકો વાગે કે શું રાવણની ઉદારતા. 'જો તમારું મન નથી તો છોડી દઉં છું,' પણ રાવણ કહે એમ ન મૂકું રામ-લક્ષ્મણને હરાવું અને સભામાં લાવીને કહું કે લો, ભિખારડાઓ તમારી સીતાને, હું દયા દાનમાં આપું છું લઈ જાવ. આમ કરવા ગયા તો ૧૦ માથા જમીન પર રખડતા થઈ ગયા અને

માથામાં કાગડાઓ ચાંચ મારે છે. માનનું છોગું રાખવા ગયો પછી હારી બેઠો.

પેલો **રજપુત હાંડો રાણો** કે જે ઘરે જઈને લાત મારીને પાછો ફર્યો છે તેની રાણી પણ હોશિયાર હતી. તાગ કાઢીને તે નાચનારી બનીને નીકળી અને વેશ્યાને ત્યાં મુકામ કર્યો છે કહે છે કે જોધપુરની ગાયિકા છું. દિલ્હીના બાદશાહને મુજરો આપવા આવી છું. પેલી તો ખુશ થઈ ગઈ. કારણ તે રાજાને સમાચાર આપે તો તેને પણ ઈનામ મળે. બાદશાહને વાત કરવા વેશ્યા ગઈ. બીજા દિવસનો ટાઈમ લીધો. વેશ્યાને કહી દીધું હું નૃત્ય કરું ત્યારે તાલ બજાવનારા તૈયાર જોઈએ. વિચાર કરો મહાશીલવંતી **હાંડી રાણી** ઘરમાં પણ જેણે પફ પાઉડર કર્યા નથી તેણે આજે સજાવટ કરી છે અને ખુલ્લે માથે નાચવાની છે. રાજાનો દરબાર ભરાઈ ગયો છે. ગાયિકા આવી ગઈ છે. આ બાજુ હાંડા રાણાને સિપાઈઓ લઈને આવી ગયા છે. ખૂણે બેઠો છે. તેને કલ્પના ય નથી કે આ મારી રાણી છે, કારણ કે વેશ એવો પહેર્યો છે. શીલવંતી નારી શૃંગાર સજે નહિ. આજે આને શૃંગાર સજ્યા છે. શીલવાન સ્ત્રીઓ પતિને તો કદાચ બતાવે, પણ બહાર જાય તો અપટુડેટ બની ઠનીને ન જાય કારણ કે તે જનરલ નથી. નહિ તો જનરલ હોટેલ જેવું થાય. ભંગી ચા પીવે તે કપમાં જૈન પીવે, તે જ કપમાં મુસ્લિમ પીવે. એમ આ બની ઠનીને નીકળે તો બધા લોકો જુવે ને પાપ બાંધે. જેમ હવાડામાં ઢોર પાણી પીએ-ઘોડો પીવે, બળદ પીવે, બધા પીવે. સતીને આ ચાળા હોય નહિ. કોઈ દિવસ હાંડાએ આ જોયું નથી. આજે તો બધી તરેહનાં શૃંગાર છે. એટલે ખ્યાલમાં જ નથી. હાંડી રાણી નાચે છે. અને તિરછી નજરે રાણાને જુવે છે, બાદશાહને જુવે છે, પછી બાદશાહ કહે કમાલ કરી દીધી. આવું તો જોયું નથી, અત્યારે માંગે તો રાજ આપી દઉં. માંગવાનું કહ્યું પણ રાણી બુદ્ધિથી વિચારે છે કે જો આમ માંગું કે હાંડારાણાને અભયદાન, પણ તે મળી જાય અને કલંક રહી જાય. માંગુ એવું કે બધી અપકીર્તિ ભુસાઈ જાય. કામ બુદ્ધિથી લેવાનું હોય. પાણી પણ પીવું હોય તો બુદ્ધિથી પીવું જોઈએ. કોઈપણ કામ કરવું હોય તો બુદ્ધિથી કરવું જોઈએ.

બુદ્ધિથી વિચારો કે ૩૬૦ દિવસમાં ૩ દિવસ ખાવાના બાદ કરું. તો શું કાયા ઓગળી જવાની ? બાકીના દિવસોમાં ઘી કેળા ઘણા ખાવાના છે. મનમાં જચવું જોઈએ કે આવા નેમનાથ ભગવાન મળ્યા છે હવે ક્યારે મળશે ? માટે આરાધના કરી લઉં. કરોડોના તારણહાર છે. નવ ભવની અદ્‌ભુત વાતો છે. **'ઉજ્જિંત સેલ સિહરે'** ગાથા મંત્રાક્ષર જેવી છે. તે ગણવાથી ધાર્યું કામ થાય છે.

પેલી **સરસ્વતીને જોગણના ઘરનો** કબજો મળી ગયો છે. જોગણને પાકી રૂમમાં પૂરી દે છે. ચાવીના ઝુડા લઈ લે છે અને એના આખા ઘરની જડતી લે છે. ત્યારે ત્યાં જે જોવે છે ત્યારે સરસ્વતીને ક્ષણભર થાય છે કે શું સંસારની વિચિત્રતા

છે ? અને ધણી મળવાનો છે પણ તેને તો હાથે કર્યા હૈયા વાગ્યા એના જેવું છે. સરસ્વતીને એ બધું જોતા એમ થાય છે કે ભગવાને કહેલ આખો સંસાર અહીં જ મને જોવા મળી ગયો.

"દિવ્ય-દર્શન"-"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૪" શ્રાવણ સુદ-૮

ઈન્દ્રનો એ સવાલ છે કે મહારાજ ! નગરમાં ચોરટાઓનું ચારે કોર જોર વધી ગયું છે. કેટલાક એવા ભયંકર ચોરો છે કે જે માલિકને પૂરા કરીને માલ ઊંચકી લે છે અને તમે સમર્થ રાજા છો. એવી વ્યવસ્થા કરીને જાવ કે જેથી નગરમાં ચોરનો ત્રાસ ન રહે. નહિ તો પછી તમારા નામની પોક મુકાશે કે રાજા ગયા પણ અંધેર મૂકીને ગયા. નમિરાજર્ષિ તેનો જવાબ દે છે કે ભાઈ ! તું મને ચોર, બદમાશને કબજે કરીને જવા કહે છે, પણ તને ખબર નથી કે કેટલીકવાર જે ચોર-ગુનેગાર નથી તેને પકડીને દંડવામાં આવે છે. વાસ્તવમાં જે ચોર છે તે ખુશમીશાલ નાસતા ફરે છે, તે પકડાતા નથી...

પર્યુષણમાં **નાગકેતુનો** અધિકાર આવે છે કે તે જ્યારે શ્રાવક હતા ઈન્દ્રિયો ઉપર નિગ્રહવાળા હતા, કષાયનું ઉપશમન કરનાર હતા, સમકોટીનું જીવન જીવતા હતા. ત્યારે અચાનક ગામ ઉપર દેવતા શીલા વિકુર્વી નીચે ઉતારી રહ્યો હતો. આ દેખી થયું કે આ શું ? કોણ દેવતા ? તે હતો એ કે જેને નગરનાં રાજાએ શાહુકાર હોવા છતાં ચોર તરીકે દંડ્યો હતો. ચોરે હોશિયારી કરી હશે. ચોરીનો માલ પોતે પકડાય નહિ માટે તેના પડખામાં મૂકી દીધો હશે આને જ્યારે શૂળીએ ચડાવ્યો ત્યારે તેના પરિણામ કૂણા રહ્યા હતા. તેથી મરીને દેવતા થયો.

પ્ર૦-**આવી તીવ્ર વેદનામાં પરિણામો કૂણા રહે ?** હા, પરિણામ કૂણા રહેવામાં કારણ ઘણા છે. આ તો આર્યદેશનો હતો. તેનાં સંસ્કાર હતા માટે ખુશીથી વેદના સહન કરી અથવા તો કોઈ લાલચ હોય તો પરિણામ કૂણા રહે. ત્યારે તો **કુમાર-નંદી સોની** હાસા-પ્રહાસા નામની બે દેવીઓનાં દર્શનથી ગાંડો થયો. જે રૂપાળી કન્યા મળે તે ૫૦૦ સોના મહોર આપી ૫૦૦ સ્ત્રીઓને ભેગી કરેલી. તેમાં આ બેને દેખીને પૂછે છે કે તમે મારે કામ લાગો કે નહિ ? પેલી દેવીઓ કહે, અમારે ત્યાં આવો, ક્યાં ? પંચશીલ પહાડ ઉપર, ૧ ક્રોડનું ધન ખરચીને ત્યાં ગયો. ત્યાં જતા સમુદ્રમાં વચ્ચે પાણીનું વમળ આવે ત્યાં જો નાવડું કે માણસ જે ફસાય તે પાછા ન આવે. આવા સ્થાને જવા કોણ લઈ જાય ? પણ ખલાસી મળ્યો. ૧ ક્રોડનું ધન આપું છું. મને ત્યાં લઈ જા. ખલાસીને મન કે હું ઘરડો છું. મરીશ તો કાંઈ નહિ પણ આ ધન પાછળવાળાને કામ લાગશે એમ વિચારી ખલાસીએ તેને પહાડ

ઉપર પહોંચાડવાની હા પાડી. જ્યારે સમુદ્રમાં વમળ આવવાનું સ્થાન નજીક આવ્યું ત્યારે ખલાસીએ તેને ચેતવણી આપી જો પેલું ઝાડ દેખાય તેને વળગજો. નાવડું લઈને હું જાઉં છું, પેલો ઝાડને લટકી ગયો. એને કીધેલું કે ત્યાં ભારંડ પક્ષી આવે છે તેના પગે વળગવાનું કમર પટ્ટો બાંધીને બેસવાનું છે. એ ઉડે એટલે તારે લટકી જવાનું. એ તને પહાડ ઉપર પહોંચાડશે. આ ભાઈ સાહેબ એ પ્રમાણે લટકતા ત્યાં પહોંચ્યા. દેવીઓ મળી પણ તે કહે આ કાયાથી સુખ ન મળે. અમારી કાયા સકરટેટી જેવી છે અને તમારી ગંદકીનો ગાડવા જેવી છે. હવે પાછો શી રીતે જઉં ? અમે મૂકી દઈએ પછી નિયાણું કરો. આણે ચિતામાં બળવાની તૈયારી કરી. 'આ આગમાં હું બળી મરું અને તેનાં પ્રભાવે હું દેવ બનું.' ત્યારે શ્રાવક નાગીલ મિત્ર હતો, તેણે કહ્યું આમ કર્યા વિના ચારિત્ર લે. હાસા, પ્રહાસા કરતા સારી દેવી મળશે. ના, મારે તો હાસા-પ્રહાસા જ જોઈએ. તોય ચારીત્ર લે. ના માન્યું બળ્યો... હવે તે વખતે જીવતા બળવાની વેદના કેટલી ? ત્યાં મન બગડી જાય તો દેવલોક કાંઈ નવરો નથી પડ્યો. સાધુને પણ અંત ટાઈમે પરિણામ કઠોર હોય તો જરૂર પડે નરકે જવું પડે.

ત્યારે તો મદનરેખાએ મરતા પતિને સંકલેશમાંથી હઠાવી શુભ ભાવનામાં ચડાવ્યા. પરિણામ કોમળ થયા નરક તરફ જતાને કાંડુ પકડીને નિર્યામણા કરાવી, એટલે નીચે પડતાંને બાવડું ઝાલીને ઊંચા પ માં દેવલોકમાં મોકલ્યા. **ધર્મનો ઉપદેશ સાંભળીને અને આગળ તેનાં વિપાકો કેવા આવે છે, તે વિચાર હોય તો પણ પરિણામ કોમળ બને.** પેલા ચોરને પરિણામ કોમળ બન્યા. પરલોકનો ભય લાગે તોય પરિણામ કોમળ બને. જેમ એ જ નાગકેતુ તેના પૂર્વભવમાં સાવકી માએ ખેતરમાં ઘાસની ઝુંપડીને આગ લગાડી તો કોણે હરામીએ આગ લગાડી એમ ન થયું પણ મારે અટ્ઠમ રહી ગયો એમ થયું. જો આ પરિણામ કોમળ ન હોત તો આપણને નાગકેતુ ન મળત. ત્યારે દેવતા શીલા ઉતારે છે ત્યારે આને થયું કે આ દેવતા સંઘનો તીર્થનો નાશ કરે ? એટલે પોતે મંદિરનાં શિખર પર ચડ્યા ને આંગળી ઊંચી કરીને શીલા રોકી. તેની ધર્મ જ્યોતી એવી ફેલાઈ ગઈ કે દેવતાને હંફાવી નાખ્યો. દેવતાને એમ હતું કે રાજાએ મને સજા કરી અને લોકો છોડાવા ન આવ્યા માટે બંનેને ખલાસ કરું. હવે નાગકેતુથી ડઘાઈને શીલા સંકેલી લીધી... એને થયું કે આનું ધર્મ તેજ એટલું છે કે મારા માલિકના માલિક ઈન્દ્રને ખબર પડે તો બાર વાગી જાય. નાગકેતુને પગે પડ્યો. પહેલા રાજાને સિંહાસન ઉપરથી ઉથલાવી પાડ્યો. લોહીની ઊલટી કરાવી, પછી શિલા ઉતારતો હતો. નાગકેતુ કહે તને લાગે કે હું નિર્દોષ છું, પણ **પૂર્વનાં દેવા ઊંધા હતા** તેનું ફળ આ વખતે આવ્યું. ક્ષમા માંગી રાજાને સ્વસ્થ કર્યો, નાગકેતુ પાસેથી ધર્મ શીખ્યો. **લોભથી,**

ભયથી પણ પરિણામ કોમળ રહે છે.

ગર્ભિણી બાઈ હતી. રસ્તેથી જતી હતી બળદે શીંગડું માર્યું પેટમાં કાણું પડ્યું. ગર્ભમાં રહેલ બાળકની આંગળી બહાર નીકળી ગઈ. ડોકટરો પાસે લઈ ગયા. ડોકટરો વિચાર કરે શું કરવું ? મુંઝાઈ ગયા. ત્યાં વાણિયો આવીને કહે હું આંગળી અંદર નાખું છું. તમારે સોય દોરો લઈને ટેભા મારવા હાજર રહેવાનું. પેલાએ દીવાસળી સળગાવીને આંગળીની નજીક લઈ ગયો તરત બાળકે આંગળી અંદર ખેંચી લીધી અને ટેભા મારી દીધા.

કુમારનંદી સોનીને દેવ થવું હતું માટે બધુ સહન કર્યું. **"કર્મ સત્તાની દૃષ્ટિમાં હાય વોય એ ઉગ્ર પરિણામ."** ખુદ શ્રી પારસનાથ ભગવાન ૧લા ભવમાં **મરુભૂતિ** શ્રાવક હતા. ભાઈ કમઠ પોતાના ઘરમાં દુરાચાર કરતો હોવાથી પોતે શિખામણ આપી. ન માનતા રાજાને વાત કરી. રાજા સમજાવે તો કહે તેનો પ્રમાણ પુરાવો લાવો તો સાચું કહેવાય. ઉદ્ધત જવાબથી જોઈ લીધું કે સમજે તેમ નથી એથી રાજાએ તેને દેશ નિકાલ કર્યો, પછી મરુભૂતિને થયું કે ભાઈને મારા નિમિત્તે દુઃખ આવ્યું એટલે ક્ષમા માંગવા જાય છે. રાજાએ કહ્યું જવા દે તે લબાડ છે, તારો અંતકાળ બગડશે. ચિત્તની સમાધી બગડી જાય ને એવું જ બન્યું શિલા મારી ચિત્તની સમાધિ ગઈ.

શ્રેણિક મહારાજને કોણિક ઘણ લઈને પાંજરામાંથી કાઢવા આવતો હતો. તે દેખી એમને થયું મને મારશે. મારી સમાધિ બગડશે. એ મારે તે પહેલા ઝેર ચૂસી લીધું અને વિચારે છે, ધન્ય તે કાલી મહાકાલી રાણીઓને, મેઘકુમાર અભયકુમાર વગેરેને અને પછી મનમાં આવ્યું કે પેલો હરામખોર કોણિક ! એની માએ તેને ઉકરડે નંખાવ્યો હતો. કારણ કે તે ગર્ભમાં આવતાં ચેલણાને દોહદ થયો કે શ્રેણિકનું માંસ ખાવું છે. જો કે દોહદ અભયકુમારની બુદ્ધિથી પૂરો થયો. હજી તો જન્મતા માએ તેને ટોપલામાં નંખાવીને ઉકરડે નંખાવ્યો. રાજાએ તો દાસીને આવતા દેખીને પૂછ્યું. તેને વાત કરી એટલે રાજા શ્રેણિકે તેને પાછો મંગાવ્યો. તે દરમ્યાન એની આંગળીને કૂકડીએ કરડી ખાધી તો રસી નીકળતી હતી. શ્રેણિકે તેની આંગળી મોઢામાં મૂકી તેને સાચવ્યો. હવે થાય છે મેં ઉછેર્યો અને મને જેલમાં પૂરે ? પરિણામ બગડ્યા. કર્મ સત્તાએ એ ટાઈમના ભાવની સજા પકડાવી દીધી અને નરકમાં ઊતરી ગયા. ૮૪ હજાર વર્ષ પછી નીકળવાના.

નમિરાજર્ષિ એ કહી રહ્યા છે, કે હું રાજા હોઉ એટલે ચોર-શાહુકારને દંડવાના પાપ મને લાગે તે મારે ન જોઈએ. તો પ્રજાનું રક્ષણ કોણ કરશે ? તેના ભાગ્યાનુસારે થવાનું છે. **સમરાદિત્ય ચરિત્ર**માં આવે છે કે રાજકુમાર મુનિ બન્યા છે, રાજા શિકાર માટે નીકળ્યો છે. મુનિને જોઈને કહે આજે માથામુંડિયાના અપશુકન

થયા આજે શિકાર નહિ મળે, માટે પહેલા તેને ખતમ કરો એટલે પોતાની પાસે બે કૂતરા વાઘ જેવા હતા તેને છોડ્યા. પરંતુ તે મુનિની નજીક જઈને ઠંડગાર બની ગયા, બેસીને મુનિને પગે પડે છે, ત્યારે રાજાનો મિત્ર સાથે હતો તે કહે તમે આ શું કર્યું ? રાજાને કબૂલ કરવું પડ્યું કે તિર્યંચ કૂતરા સારા હું માનવ ભુંડો છું. મહાત્માને પામીને કૂતરાનો ક્રોધ ઉતરી ગયો અને એજ મહાત્માને પામીને મારો ક્રોધ વધ્યો. મિત્ર કહે આ મુનિને ઓળખો છો ? આ મુનિને પહેલા રાજા બનાવ્યા હતા, પણ પહેલી જ સભામાં સિપાઈઓ ચોરને પકડી લાવ્યા અને કહે મહારાજા આણે બેવડો ગુનો કર્યો. માલિકને માર્યો અને માલ લીધો. રાજા પંડિતોને પૂછે છે આનો શો દંડ હોય ? તે કહે મહારાજા ! કાળું મોં કરીને નાક-કાન છેદીને ગધેડે બેસાડીને નગરમાં ફેરવીને ગામ બહાર લઈ જઈને થાંભલે બાંધવાનો અને છૂટા પથરા લાકડીઓ મારવી. આ સાંભળી નવા રાજા ઊભા થઈ પિતાજીને કહે બાપુ ! માફ રાખો રાજા બનીને આ કામ કરવાના હોય તો રાજ ન જોઈએ. નમિરાજર્ષિ એ બતાવે છે કે હું ચોરને શું સરખા કરું ? માણસ તો ગજા પ્રમાણે ચોરને પકડી લાવે. કેટલાક તો ચોર પકડાય જ નહિ.

ત્યારે તો શ્રેણિક રાજાએ રોહિણીયાને પકડીને હવે આને કૂતરાના મોતે મારો... અભયકુમાર કહે સાહેબ દંડ ગુનેગારને હોય બિનગુનેગારને ન હોય. એટલે પુરાવો જોઈએ. તું કોણ છે એમ પૂછ્યું તો તે કહે છે. હું બાજુના ગામમાં રહું છું અને ત્યાં ફેરી કરું છું. હવે બાજુના ગામમાં તપાસ કરાવી તો તે પ્રમાણે બન્યું હવે શું થાય ? માટે તો કહેવાય છે ચોરે આગળ પાછળની ગોઠવણી રાખી હોય એટલે કે ચોરનારની આંખો ચાર હોય અને જોનારની બે આંખો. વળી તેને એવું હોય છે કે **ચોરનારને કહે ચોરજે, ધણીને કહે ધાજે.** નમિરાજર્ષિ કહે છે જો ચોરો તો સરખા થાય નહિ પણ મારે મારા આત્માનું જોવાનું છે. કર્માદાનના વેપાર-ધંધા કરવા નથી. માટે શાસ્ત્રે કહ્યું કે ધર્મ કરવા પૈસા જોઈએ તો ખરા પણ બે નંબરના ધંધા નહિ કરવા. આજે જૈન નામ ધારીઓએ ઘીમાં ગાયની ચરબી ઘાલી, માછલાં શાકાહારી બતાવ્યા, પરલોકનો વિચાર નથી. એટલે આ ધતીંગ· ચાલ્યા છે. **નમિ કહે છે કે પોતાના આત્માની રક્ષા કરો.** જવાબ સાંભળતાં ઇંદ્ર ઠંડગાર બની જાય છે.

નમિરાજર્ષિ સૂચવે છે કે માણસે જીવન એવું જીવવું કે નિર્દોષ દંડાઈ ન જાય, જો મોટા રાજા બનીને આજ કરવાનું હોય તો મનુષ્ય જનમમાં આવીને શું કમાયો ? હવે ઈન્દ્રને બોલવાનું રહ્યું નહિ. એ કહે છે પણ જે રાજાઓ તમને નમતા નથી, તમારો સામનો કરે છે તેવાને તાબેદાર બનાવો. તમે શક્તિશાળી છો આ કામ કેમ ચૂકો છો ? ઈન્દ્રનો કહેવાનો ભાવ એ છે કે આપણી પાસે શક્તિ હોય તો નબળાને કબજે કરી જવાનું. જેમ **સરસ્વતીને** થયું. ધણી પોતાને સરખી કરવા નાટક કરે છે, પણ ખબર નથી કે તારું ધાર્યું શું થાય ? "ધાર્યું તો ધણીનું થાય." પોતે ગુલામ બની ગયો છે. હવે સરસ્વતીએ જોગણનો માલ કબજે કર્યો છે, એકે એક કેદીને છોડે છે અને સહુ સહુનો માલ આપે છે બધા ઉપકાર માને છે. બધાને જીવતદાન મળ્યાનો આનંદ છે. ત્યારે શાસ્ત્રકાર લખે છે કે જીવને સંસાર ઉપરથી દૃષ્ટિ ઉઠે અને આત્માની મોક્ષ તરફ દૃષ્ટિ જાય ત્યારે સમજવું કે **"ભવચારક પલાયન કાલ ઘંટા બજી."** એટલે જેમ કે સંસારીને રાજાને કોઈ ઈષ્ટ સિદ્ધિ થાય, પુત્રનો જન્મ થાય તો ઘંટ વાગે અને જાહેર થાય કે આજે બધા કેદીઓને છૂટા કરવામાં આવે છે. હવે તે વખતે જીવને જે આનંદ હોય તેથી અધિકો આનંદ ભવચારક પલાયન કાળઘંટા બજે ત્યારે હોય અને તેને સંસાર બલા લાગે. કારણ કે કર્મસત્તા કહે છે કે ખાય પીવે ભોગવે તેને દુર્ગતિની જેલમાં પૂરી દેવાના. એ ભવ્યાત્માને ભાન થાય છે કે વિષયો હળાહળ ઝેર કરતા પણ વધુ ભયંકર છે. દુનિયાનાં મજાના લાગતા પદાર્થો વિષયો તે શલ્યરૂપ છે. જો હૈયામાં રાખીને મર્યો તો યાદ રાખજે ! અહીં ખાઉં ખાઉં કર્યું છે તો નરકમાં તે કરંવા મળશે પણ ખાવાનું નહિ મળે. ભવિ જીવને જનમ-મરણ કરવાનાં એ બલા લાગે છે. ક્યારે છૂટું તેમ થાય ભવ ઉપર નફરત થાય. સંસારને નરકાગાર-કારાગાર દેખે છે. કારણ કે સંસાર દુઃખોથી ભર્યો છે. જેલમાં જેમ બેડી તેમ સંસારમાં પાપ ખાતાની બેડી છે. ઊઠ્યા ત્યારથી છ કાયની કૂટણી ચાલુ. રાગ-દ્વેષ-ક્રોધ-કામ-લોભ, મત્સર એ બધા સંસારના લીધે છે. ભવિ જીવ સમજે કે આ બધામાંથી છૂટવા માટે ધર્મ જ આરોવારો છે. ધર્મ કરો શા માટે ? ભવમાંથી નિસ્તાર થાય માટે.

સરસ્વતી બધાને છૂટા કરે છે બધા કહે શેઠ ! અમે તમારો જનમજનમ ઉપકાર નહિ ભૂલીએ. શાસ્ત્રમાં લખ્યું છે કે જીવ જ્યારે પહેલું સમકિત પામે છે ત્યારે તેને દેવલોકમાં જે આનંદ ન હતો એ આનંદ સમકિત પામતા થાય છે. કારણ કે હવે નજીકમાં તેનો નિસ્તાર થવાનો છે. ચારિત્ર પામીને જીવને આનંદ એવો થાય છે કે એની આગળ ઈન્દ્રનાં સુખ-આનંદ તુચ્છ લાગે. ત્યારે તો પાલક

પાપીએ બાળમુનિને ઘાણીમાં પીલ્યા તો મુનિ રોતડ ન બન્યા. ગુરુ દલાલી કરે છે કે જો પાલક ! અત્યાર સુધી હું કાંઈ બોલ્યો નથી પણ હવે આ નાનો છે એને જવા દે અને જો ન જ છોડવો હોય તો મને પહેલા ઘાણીમાં નાખી દે. પછી તારે જે કરવું હોય તે કરજે. તો પાલકે બાળમુનિને પહેલા નાખ્યા. આ એ વિચારે છે મારા મુનિસુવ્રત સ્વામી ભગવાને બતાવ્યું છે કે તારા આત્માને પીલાવાનું કપાવાનું નથી. એટલે કાયા ભલે કપાઈ જાય મને વાંધો નથી. આ દૃષ્ટિ હતી તો મોક્ષે પહોંચી ગયા. જોગણની કેદમાં પૂરાયેલા બધાને છૂટા કર્યા. છેલ્લે પોતાનો ધણી રહે છે તે સરસ્વતીને ઓળખતો નથી. કારણ કે તે શેઠ બનીને પુરુષ વેશે બેઠી છે. પેલો પગમાં પડે છે. તો સરસ્વતીએ પગમાં પડવું જોઈએ ને ? ના, કારણ કે તેના મગજમાં એ કીડો છે કે ધણીને તું કબજે રાખે છે કે હું તને કબજે રાખું છું ? આ કીડાને કઢાવું તો તેમની જિંદગી સારી જાય તે ગણતરી છે. અભિમાનનાં કીડાને પૈસો મળે પણ મોહરાજા કીડો ઘાલે છે એટલે ભોગવી શકે નહિ. આજે બધા બજારમાં જાય છે. તેમને ઓછું છે માટે જાય છે ? ના, મનમાં લાગે છે કે ઓછું છે. દેવદિન્ન ઉપકાર માને છે.

પેલી હાંડી રાણી દિલ્હી ગઈ છે ને મુજરો બતાવ્યો. રાજાએ માંગવાનું કહ્યું તો માંગે છે કે બીજું તો કાંઈ નહિ, પણ તમારી દિલ્હીથી તમારા માણસો અમારો મુજરો જોવા આવે છે, પણ બોલેલા પૈસા મોકલતા નથી. બાદશાહ કહે આમાંથી કોણ છે ? મહારાજ ! પેલો મુસ્લિમ ૧૦ હજાર રૂપિયા આપવા કહ્યા છે, હજુ નથી આપ્યા. બાદશાહે મિંયાને પૂછ્યું મફતનો મુજરો જોયો ? હવે મિયાંભાઈ એટલે કડકા બાબુ રૂા. ૧૦ નાં વાંધા હોય તે ૧૦ હજાર ક્યાંથી કાઢે ? એટલી મૂડી પણ ન હોય. આજનું ખાવા મળ્યું છે, કાલે ખુદા આપશે. આવી શ્રદ્ધા તમને છે ? **નમિરાજર્ષિ** કહે છે કે તું કોને નમાવવાની વાત કરે છે ? પણ તને ખબર નથી કે **દુનિયાનાં વિજયો સરવાળે શૂન્યમાં છે.**

પ્રતિવાસુદેવો ત્રણ ખંડ ઉપર વિજય મેળવે પણ વાસુદેવ પાકે એટલે એક તમાચે બધું આંચકી લે છે. પેલો બેં બેં કરતા બકરીની જેમ મરે. બ્રહ્મદત્ત આંધળો થઈને મર્યો. સુભુમ ડૂબીને મર્યો. નમિરાજર્ષિ કહે છે કે જે સંગ્રામમાં લાખોને જીતે તે વિજયી નથી, પણ હું તેને વિજયી માનું કે જે પોતાનાં આત્મા ઉપર વિજય મેળવે. પોતાનો આત્મા ઉછૃંખલ છે. કષાયો સાથે રાખીને અનંતીવાર નરકમાં જઈ આવ્યો. તેને જીતવા નથી ને બળવાખોરોને જીતવા છે ? સુભુમને ધાતકી ખંડનાં છ ખંડ જીતવા છે. પાલખીમાં ૧૬ હજાર યક્ષદેવોએ ઉપાડ્યા છે, પણ હવે તેનું પાપ ભરાયું હોવાથી બધાને એકી સાથે એક સરખો વિચાર આવ્યો કે **'૧૫ હજાર ૯૯૯ નાં ખભે પાલખી છે હું એક નહીં ઉપાડું તો શું વાંધો ?'** પણ બધાને આ

વિચાર હોવાથી બધાએ પાલખી એકી સાથે મૂકી અને સુભુમ ગયો દરિયામાં. ત્યાં પત્યું નહિ. કર્મસત્તા કહે છે તેં લીલાલહેર કરી છે ને ? સીધો ૭મી નરકમાં ધકેલી દીધો.

"દુનિયાનાં સુખ-સગવડ-વૈભવ-વિલાસ દુર્ગતિનાં દરવાજા દેખાડે છે." માટે નમિરાજર્ષિ કહી રહ્યા છે કે પોતાના આત્માની જે કામ-ક્રોધ-માન-માયાની ઉછ્રંખલતા છે તેને તોડી નાખવાની છે. તમને નરક દેખાય છે ? ચામડાની આંખે ન દેખાય શાસ્ત્રની આંખે દેખાય. જે આત્માની ઉછ્રંખલતા ઉપર વિજય મેળવે છે તે જ ખરો વિજયી છે. એમ જ્યાં સુધી બોધપાઠ મળે નહિ ત્યાં સુધી જીવને બધું છોડવાનું મન થતું નથી. પેલી **અચુંકારી ભટ્ટા રોફમાં** છે. કોઈ સ્વીકારતું નથી પણ બાજુનાં રાજ્યના દીવાનને કહે છે કે તમે કન્યા સ્વીકારો. ઉપરમાં બે લાખનો દાયજો આપીશ. દીવાનને ખબર નહોતી કે આ રોફવાળી છે. એટલે શેઠનું કહેણ સ્વીકાર્યું. લગ્ન થયા પરણીને આવી અને તરત દીવાનને કહે રાજ દરબારથી ૬ વાગે હાજર થવાનું ફેરફાર નહિ ચાલે ! દીવાન કહે એથીયે વહેલો આવીશ પણ કોઈક દિવસ મોડું પણ થાય, પેલીને બરાબર સાચવે છે. તેમાં કોઈક વિઘ્ન સંતોષીએ રાજાને કહ્યું તમારો દીવાન તો બાયડીનો ગુલામ છે. રાજા કહે ન હોય, તો આજે છ વાગ્યા પછી જવાનું કહેજો. રાજાએ છ વાગે કહ્યું, દીવાનજી ! જરા કામ છે બેસો થોડીવાર. પછી કહે હવે જાવ કામ મોટું છે, કાલે પતાવશું. પેલાને થયું કે પહેલા છોડ્યો હોત તો ? આવ્યો ઘરે, બારણા બંધ છે. ખટખટાવ્યા પેલી કહે આ ઘરમાં આ પ્રમાણે નહિ ચાલે. દીવાન કહે આ ઘર તમારું ? તો શું તમારું ? ઘણી રસા-કસી થઈ. પેલી બારણું ખોલીને કહે જાવ આ ઘર તમારું તો રહો. હું જાઉં છું. દીવાને ના પાડી જશો નહિ. જંગલનો રસ્તો છે. પેલીને અનુભવ નથી. રોફમાં ગઈ છે, પણ જંગલમાં લુંટાઈ અને માર ખાધો. લોહીયાળ દેશમાં વેંચી લેનારો લઈ ગયો. ખવડાવ્યું અને બાંધી દીધી. શરીરમાં સોયા ઘોસી ઘોસીને લોહી નીચોવે છે. હવે તેને તેનાં સ્વભાવનું પ્રત્યક્ષ ફળ દેખાય છે. બાપે નાહક ફુલાવી એમ થાય છે. આ દુઃખ એજ જનમમાં દેખાયા. સંસારી જીવને કષાયોનું ફળ નજરે દેખાતું નથી માટે આંખ મીંચીને દોડે છે. નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે, **'જે પોતાના આત્માને જીતે તે વિજયી છે.'**

સરસ્વતી દેવદિન્નને માલ આપતી નથી, પણ કહે છે કે તમારે જવાનું નથી અહીં રાખવાના છે. પેલાને થયું, હાય બાપ ! હવે શું થશે ?

પેલી **હાંડી રાણી** મુસ્લીમને બતાવીને કહે છે. ૧૦ હજાર નથી આપતો. હવે મુસ્લિમ ગભરાયો. પેલો અસતીત્વનો આરોપ કરનારો ગભરાઈને કહે છે કે

હું આને ઓળખતો નથી અને હું એના ગામમાં કયારેય ગયો નથી. ત્યારે સતી એ અસલરૂપ પ્રગટ કરીને કહ્યું કે જુઓ રાજન્ આ મારા સતીત્વનો ભંગ કરવાનો દાવો કરે છે તે કેટલો જૂઠો છે મને ઓળખતો નથી, મળ્યો નથી, મારે ગામ આવ્યો નથી. પેલાની પોલ ખુલ્લી પડી ગઈ. પોતાના કપટની કબૂલાત કરી. કરગરીને પગે પડીને માફી માગી. સતીમાતાનો જય જયકાર થઈ ગયો.

"દિવ્ય-દર્શન"-**"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચન-૧૬"** શ્રાવણ સુદ-૧૧

નમિરાજર્ષિ ઈન્દ્રને જવાબ આપે છે કે જે યુદ્ધમાં લાખો સુભટોને વશ કરે તેના કરતાં જે પોતાનાં આત્માને વશ કરે તે જબરો વિજેતા છે. આમ કેમ કહ્યું ? એટલા માટે કે અનંતકાળથી તેં દુનિયાને જીતી પણ આત્માને જીત્યો નહિ. જો જીત્યો હોત તો સંસારમાં રખડવાનું રહેત નહિ. આત્મા ઉચ્છંખલ છે તેને મૂકીને બધા ઉપર વર્ચસ્વ જમાવવું છે ? બહારથી ઘરમાં આવ્યો તો ધમધમાટ હોય આ કચરો કેમ પડ્યો છે ? સાવરણી આમ કેમ પડી છે ?

એક જુવાનિયો લખપતિની કન્યાને પરણ્યો. કન્યા રોફબંદ વાત કરે છે એને જોયું. ઉગતો સૂરજ બેસતો રાજા બંનેને પહેલેથી વ્યવસ્થિત કરવા જોઈએ. એક વખત ચા પીને પોતાનો પાળેલો ટોમી કૂતરો હતો તેને કહે ટોમી ? કપ રકાબી લઈ જા ! હવે કૂતરો શું સમજે ? સાંભળતો નથી ? લીધી લાકડી અને કૂતરાને બે, ટેબલને એક સોટી ઠોકી દીધી. પેલી અંદરમાં બેઠેલી પત્ની જોઈ રહી ડઘાઈ ગઈ. પછી પત્નીને કહે છે. હજુ તને ખબર નથી પડતી કે કપ લઈ જાઉં ? પેલી ઘરમાંથી બહાર આવીને કપ લઈ ગઈ. હવેથી કામ બરાબર કરજે નહિ તો ખબર લઈ નાખીશ. પેલીનો રોફ બંધ થઈ ગયો. નમિરાજર્ષિ કહે નરક સુધીના દુઃખો દેખાડનાર પોતાનો ઉચ્છંખલ આત્મા છે. નરકમાં જીવને પરમાધામી વાંસ જાળમાં ઉંચકીને નાંખે છે, ચારેય બાજુ કાંટા છે નીકળાય નહિ. આ કાંટાળી વાંસજાળ આત્માએ ઊભી કરી છે તે જેમ દોડવા જાય તો વૈતરણી નદી દેખે પડે તેમાં ઠરવા. પણ તે નદીમાં પાણીના બદલે ગરમ સીસું હોય એટલે વધુ બળે છે. આ નદી કોણે સર્જી ? જ્ઞાનીઓ કહે છે આત્માએ ઊભું કર્યું. શી રીતે થયું ? પૂર્વભવમાં આત્મા ઉપર કંટ્રોલ રાખ્યો નહિ. ખાઉં ખાઉં, મિજાસ રોફ રાખ્યો પણ અંદરની વૃત્તિ ઉપર રોફ ન માર્યો. મહાવીર ભગવાને એવું કર્યું. સંગમનો ગુસ્સો જેમ ભગવાન ઉપર વધે તેમ ભગવાનનો ગુસ્સો પોતાના પર વધ્યો. હરામખોર તારી સહાય નહિ જોઈએ. ત્યારે શાસ્ત્ર કહે છે કે ગુસ્સાને ભગવાન ઉપર ગુસ્સો આવ્યો એટલે ગુસ્સો કહે છે કે જાવ, તમે મારી સહાય નથી લેતા ને ? હવે તમારા ઘરમાં નથી રહેવું.

એટલે ગુસ્સો ભગવાનના અંગમાંથી નીકળી ગયો. માટે કહ્યું કે **પોતાનાં આત્મા સાથે ઝઝુમે તો છેવટે સુખ મળે છે.**

આજે પણ વ્યવહારમાં કુટુંબમાં વડેરા એવા હોય છે કે છોકરા તોફાન કરે કે ઘરવાળા ગમે તેમ બોલે પણ તેમના પેટનું પાણી ન હાલે. ગુસ્સા કરનાર જતે દહાડે આખા કુટુંબમાં થૂ-થૂ થાય. બહાર જાય પછી ઘરના બધા છુટકારાનો દમ ખેંચે હાશ વૈશ્વાનર ગયા. પોતાનાં આત્માને કબજામાં રાખવા માટે મનમાં થાય કે ગુસ્સો તો અનંત ભવોમાં વાઘ-વરુ બનીને નબળા-પોચા પ્રાણીઓને ખાધા છે, પણ હવે આ ઊંચો જન્મ મળ્યો છે તો મારે ઊંચો સ્વભાવ ઊંચી કરણી-ઊંચા ગુણો મેળવવા જોઈએ. ઉમદા સ્વભાવ હોય તો સામાએ ૧૦ ગાળ દીધી તો તેને પ્રેમથી બોલાવે. એવું જ પેલી અચુંકારી ભટ્ટાને બન્યું. ધણીએ કાઢી નહોતી, પણ રોફમાં નીકળી હતી. લોહીયાળ દેશમાં વેચાઈ ગઈ છે. થાંભલા સાથે બાંધીને કેરી નીચોવે તેમ દાબી દાબીને લોહી કાઢે છે. સવારથી જ સાંજ સુધી આ જ કામ ચાલે છે. ચીસો ન મારે માટે મોંઢામાં ડૂચા માર્યા છે. હવે નથી સહેવાતું નથી રહેવાતું. હવે દેખાય છે કે બાપાના લાડના લાલન-પાલન ખોટા છે. આ જેમ ખોટા છે તેમ આપણી કાયાને લાડ લડાવીએ છીએ તે ખોટા છે. કાયા તારે શું જોઈએ ? ચા-કેવડો ? આપું છું ત્યારે. જ્ઞાનીઓએ તપ કેમ બતાવ્યો ? એટલા માટે કે કાયા કુટીલ છે. એ અમન-ચમન લઈને નરકના ભાતા બંધાવે છે. પુણ્યે આપ્યું છે, એટલે ઊડાવે છે, પણ જૈનધર્મની ઓળખ નથી. મહાવીર ભગવાન કેવા થયા ? બળ કેટલું હતું ? જન્મતાં મેરુ ડોલાવ્યો હતો. ઈન્દ્ર સમકિતી છતાં તેને શંકા થઈ કારણ કે હાલ સમકિત ઉપર આવરણ આવી ગયું હતું. નહિ તો સમકિતીને દેવ-ગુરુમાં શંકા ન થાય. દર્શન ઘણા કર્યા પણ ફળ મળશે કે નહિ ? આમ થાય તો સમકિત ગયું. ભગવાન પાવરવાળા છે. તેમનું દર્શન પણ પાવરવાળું છે. તેને તો **સ્વયંભવ બ્રાહ્મણને** ઊભો કર્યો. પ્રભવસ્વામીને પટ્ટધરની જરૂર હતી. તપાસ કરવા સાધુને મોકલ્યા હતા. અને કહ્યું હતું તમને તે યજ્ઞના વાડામાં જવા દેશે નહિ, પણ તમારે જઈને કહેવાનું કે **'અરે ! ખેદની વાત છે કે અહીં તત્ત્વની ગતાગમ નથી. ને આડંબર મોટો માંડ્યો છે. યજ્ઞ ખોટો છે.'** કહીને ગયા. શય્યંભવને શ્રદ્ધા હતી. સાધુ સ્નાન ન કરે પણ મહાવ્રત ધારી છે એટલે ખોટું ન બોલે. ગોરને પૂછ્યું, તત્ત્વ શું છે ? આ જ છે જુઓને ! દેવતા પુષ્પવૃષ્ટિ કરે છે. પણ શય્યંભવ કહે નહિ, સાચું બોલ ! તલવાર બતાવી એટલે પેલો કહે મારા ગુરુએ કહ્યું છે કે મરણાંત કષ્ટ આવે તો બતાવવું. અત્યારે મારે મરણાંત કષ્ટ આવ્યું છે માટે બતાવું છું. આ યજ્ઞનાં સ્તંભની નીચે **જૈનોના શાંતિનાથ ભગવાનની પ્રતિમા છે. તેમના પ્રભાવથી આ યજ્ઞ ચાલે છે.** મૂર્તિ કઢાવી પ્રશમરસ ભરી છે. **"દર્શનં દેવ દેવસ્ય"**

એટલે દર્શન તો દેવાધિદેવનું બાકી બધા ખોટા. શય્યંભવ પ્રભવસ્વામી પાસે ગયા વાત કરી તેનો અર્થ બતાવો સ્વરૂપ શું ? પ્રભવસ્વામીએ બહિરાત્મા અંતરાત્માનું સ્વરુપ બતાવ્યું. પછી મન મૂકીને પરમાત્માની ભક્તિમાં લાગી ગયા.

તેવી રીતે **કુમારપાળ મહારાજા** સંઘ લઈને સિદ્ધગિરિ પહોંચ્યા ત્યાં જઈને થયું કે જો માળા મફતમાં પહેરું તો તારણહાર દાદાનાં ભંડારમાં શું આવે ? માટે જાહેરાત કરી કે આ વરમાળા ઉપર મારો હક નથી. જેને પહેરવી હોય તે બોલી બોલે. શરૂ થઈ ૩૦ લાખ, ૩૫ લાખ થઈ. પછી શાંતિ પકડાઈ એટલે **મહુવાનો જગડ શ્રાવક** જેને અંતરાત્મભાવ ખુલી ગયો છે તેને થયું બાપના આપેલા ચાર રતનમાં ૧ સિદ્ધગિરિ, ૧ ગિરનાર, ૧ પ્રભાસપાટણ અને ૧ મારે માટે છે. તો જે મારે માટેનું છે તેનો લાભ લેવા દે. એટલે તરત જ સવાક્રોડની બીટ ઊભી કરી. ઝવેરીને બતાવતા ૧।। ક્રોડની કિંમત થઈ.

નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે કે તારો આત્મા લોભી લાલચુડો છે. તેની સાથે લડી લે... પૈસા પુણ્યે આપ્યા છે. પુણ્ય ભગવાને આપ્યું છે તો પૈસા ભગવાનના ખોળે જાય.. તે જગડ શ્રાવકે કર્યું.

પેલી **અચુંકારી ભટ્ટાને** હવે ખબર પડે છે કે "હાથે કર્યા હૈયે વાગ્યા" એટલે. ૮-૮ દિવસે સારું સારું ખવડાવે છે, અને પછી સોયો ભોંકી ભોંકીને લોહી નીચોવે છે. પણ સાલમપાક-ગુંદરપાક વગેરે ખાય છે. તે બધું રોતા-રોતા ખાય છે, કારણ કે સમજે છે કે પછી લોહી નીચોવશે.

પેલા જામનગરના શેઠને રાણો ગાય પકડાવે છે. પછી થોડા મહીને પાછા આવ્યા. સાહેબ ગાય મરી ગઈ. રાણો દીવાનને કહે શેઠને ભેંસ આપો. આપી. શેઠાણીને થાય છે કે આપણે ૨ લાખ આપ્યા તેનો બદલો આ રીતે ? પણ શેઠ કહે છે કે આપણે સુકૃતના ભંડારમાં આપ્યા છે દરબારમાં નહિ.

લાલચું-લોભી લંપટ આત્મા ઉછૃંખલ બન્યો છે, તેના ઉપર જૈનશાસન જે રીતે બતાવે તે રીતે વિજય મેળવવો જોઈએ. પેલી અચુંકારી ભટ્ટા હવે પ્રતિજ્ઞા કરે છે કે ગમે તેમ થાય તો પણ રોફ નહિ મારવો. પેલી સરસ્વતી પતિને છોડાવવા ગઈ છે તે હવે દેવદિન્નને છુટા કરવાની ના પાડે છે અને તેનો અવસરે ભ્રમ ખોલે છે.

• • •

નમિરાજર્ષિ કહે છે આત્માને માટે જીતવા જેવી વસ્તુ હોય તો તે ચાર કષાય ઈન્દ્રિયો અને મન છે. કારણ કે બીજા બધાને જીતવા સહેલા છે, પણ પોતાની ઈન્દ્રિયોને જીતવી મહા કઠીન છે. માટે જ ૯૮ દીકરા ઋષભદેવ ભગવાન પાસે આવ્યા. અને કહ્યું, આ તમારો ભરત ? આપે રાજ વહેંચી આપ્યું અને હવે તે અમારું રાજ લેવા આવે છે. પણ તેને ખબર નથી કે તે એક છે, અમે ૯૮ છીએ. ત્યારે ઋષભદેવ ભગવાને ૯૮ ને એ બતાવ્યું કે તમારી મોટી ભૂલ થાય છે. તમે ભરતને દુશ્મન દેખો છો પણ ખરેખર દુશ્મન તમારી ઈન્દ્રિયો-કષાય અને મન છે. આને જીતતા નથી માટે હજુ સુધી અનંતકાળથી રખડી રહ્યા છો. દુશ્મનને બેસાડવાની તાકાત છે, પણ રાજપાટ લાવ લશ્કર જોઈને તમારી આંખ નાચે છે તેને બેસાડવાની તાકાત તમારામાં નથી.

"જ્યાં સુધી કષાયો પગભર છે, ત્યાં સુધી સુખી નથી થઈ શકવાના."

ત્યારે દાખલો આપ્યો કે જેમ પેલો કોલસાનો વહેપારી ઉનાળામાં કોલસા પાડવા જંગલમાં ગયો, પાણી સાથે ઘણું હતું. લાકડા અડધા-પડધા બળ્યા એટલે પાણી છાંટીને કોલસા પાડે છે, પણ પાણી ખૂટી ગયું. પીવાનું પાણી ન રહ્યું. ચારેકોર તાપ તાપ છે પાણી માટે દોડ્યો. વચ્ચે મોટું વૃક્ષ આવ્યું, ત્યાં થાક ઉતારવા બેઠો. અને પવનની ઠંડી લહેરીમાં ઊંઘ આવી ગઈ, ઊંઘમાં સ્વપ્નું જોયું. તેમાં તળાવ દેખ્યું. ખોબે પીવાથી ક્યારે તરસ મટે ? એટલે જનાવરની જેમ પડ્યો અને આખું તળાવ ખાલી કર્યું, પણ તરસ ન મટી. સ્વપ્નામાં આગળ દોડ્યો. સરોવર દેખ્યું. તેમાં સાષ્ટાંગ સૂઈ ગયો, અને પાણી પીને સરોવર ખાલી કર્યું. છતાં તરસ નહીં મીટવાથી આગળ દોડ્યો. ત્યાં નદી દેખી એટલે હાશ થઈ. ત્યાં પણ નદીના વેગ કરતા પાણી પીવાનો વેગ વધી ગયો. એટલે નદી સુકાઈ ગઈ. બધે ઘૂમીને પાણીના સ્થાન માત્ર ખાલી કર્યા. હવે આગળ સ્વપ્નમાં જ દોડ્યો. ત્યાં એક ખાબોચિયું જોયું. પાણી હતું નહિ કાદવ હતો એટલે પછેડી પાથરીને મોંમાં નીચોવ્યું. હવે ઋષભદેવ ભગવાન કહે બોલો દીકરા ! હવે તરસ મટશે ને ? ના બાપુ ! કારણ કે તેને મોટા મોટા પાણીના સ્થાનો ખાલી કર્યા છતાં તરસ ન મટી તો આ ખાબોચિયામાં ક્યાંથી મટે ? ત્યારે ભગવાન કહે મહાનુભાવો ! સંસારમાં અનેક જન્મો કર્યા. રાજા-સમ્રાટ બનીને બધું ભેગું કર્યું. છતાં તૃષ્ણા ન મટી હવે અહીંના કાદવ જેવા સુખો ભોગવવાથી તૃષ્ણા મટી જશે ? ઉત્તરાધ્યયન સૂત્રકાર કહે છે કે દેવલોકના સુખ સમુદ્ર જેવા છે, મનુષ્ય લોકનાં સુખો ખાબોચિયા જેવા છે. તમારે

ભરત દુશ્મન નથી. અંદરના રાગ-દ્વેષ-લોભ-તૃષ્ણા એ બધા લફ્ફાને નહિ મિટાવો ત્યાં સુધી પૃથ્વીના રાજ મળશે છતાં તૃષ્ણા નહિ મટે.

તાવ જે નિમિત્તથી આવે તે નિમિત્તને કાઢવું નથી ને બહારથી દવા કરીને મીટાવો તો અંદરમાં તાવ ઊભો રહે છે. અઠ્ઠમ કરો તો તાવને રવાના થયે જ છૂટકો છે.

અમદાવાદના મણિલાલ વકીલ હતા. તે ૨૪ વર્ષથી ઠામ ચોવિહાર એકાસણા કરતા. એકવાર તાવ આવ્યો. સુદર્શન ચૂરણ અને ઉપર પાણી લઈને એક એકાસણું કર્યું. તાવ રવાના થઈ ગયો. મુંબઈમાં મોતિયો કઢાવવા આવેલા પણ ડોકટરને કહ્યું એકવારમાં જેટલી દવા આપવી હોય તેટલી આપજો. મારે એકાસણા નથી મુકવાના, મોતિયો કાઢ્યો પછી ૩ દિવસમાં ઘરે ગયા પછી તેમનો છોકરો સુધાકર જે ચોપાટી રહે છે. તે ડોકટર પારસીને પૈસા આપવા ગયો. તો ડોકટર કહે આ તો યોગી જેવા છે. તેમના પૈસા ન લેવાય. કેટલીય વાર ઝોબા આવ્યા. ડોકટરોની આગાહી જૂઠી પાડી ડોકટરોને હંફાવ્યા. આપણે દુનિયાને હંફાવવી છે, પણ તૃષ્ણાને હંફાવવી નથી.

૯૮ પુત્રો બુજી ગયા. તૃષ્ણાને હંફાવી. દીક્ષા લીધી.

નમિરાજર્ષિ કહી રહ્યા છે કે ખરેખર આત્માના દુશ્મન પાંચ ધુતારી ઈન્દ્રિયો છે, મન છે, તૃષ્ણા લોભ છે તેને જીતવાના મૂકીને બીજાને જીતવા જઈએ તો **"લાંબા સાથે ટુંકો જાય તો મરે નહિ તો માંદો થાય."** એના જેવું થાય.

આવા અનેક પ્રશ્નો કર્યા. નમિરાજર્ષિએ ઈન્દ્રના પ્રશ્નોના ઉત્તર ખૂબ જ તત્ત્વથી છલબલતા આપ્યા. તેથી ઈન્દ્ર તુષ્ટ થઈ ગયો. અને બ્રાહ્મણ તરીકેના રૂપનો પલટો કરી મૂળ ઈન્દ્રપણાના રૂપને ધારણ કરી સ્તુતિ કરી.

'હે ભગવંત અહીં પણ આપ ઉત્તમ બન્યા છો ! અને પછીથી પણ ઉત્તમ થવાના.' વારંવાર સ્તુતિ કરી આકાશમાં ચાલ્યો ગયો. નમિરાજર્ષિ ઈન્દ્રની આ પરીક્ષા અને સ્તુતિ ઉપર વિશેષ સાવધાન થઈ પોતાના આત્માને મહાન સંયમમાં લીન બની ગયા.

પેલા **કચ્છના રાણાએ શેઠને** બોલાવ્યા છે. કારણ કે ૧૨ મહીનાથી દેખાયા નથી. શેઠને બોલાવી કહે કેમ શેઠ ? કેમ ચાલે છે ? શેઠ કહે દેવ-ગુરુ કૃપાએ આનંદ છે. હમણાં ભેંસને પાડી જન્મી છે. એ પણ ભેંસ થશે. તરત રાણાએ ખજાનચીને બોલાવીને કહ્યું કે ૧૦ લાખ રૂપિયા લાવો. બધાના મોં ઊંચા થયા. શેઠને કહે આ લઈ જાવ. ત્યારે શેઠ કહે પણ આટલા બધા ? તમારા જ છે. પેલો દીવાન કહે સાહેબ ! પહેલા તો શેઠને બકરી-ગાય-ભેંસ પકડાવતા હતા તે કેમ ?

તો રાણો કહે દીવાન ! રાજ ચલાવો છો પણ બુદ્ધિ નથી. બકરી-ગાય-ભેંસ એ શેઠના પુન્યનું પારખું કરવા આપતો હતો. જો શેઠને પહેલા પૈસા આપ્યા હોત તો શેઠનું પુણ્ય સબળું નહિ હોવાથી ઉપડી જાત. હવે ભેંસમાંથી બીજી ભેંસ તૈયાર થાય છે, તે સૂચવે છે કે શેઠનું પુણ્ય હવે સબળું થયું માટે રૂપિયા આપવાના.

એટલે ૧૦ લાખ કાઢી આપ્યા. વળી દીવાનને કહે દીવાન ! શેઠને હવેલી આપો. સાથે સાથે બીજી બધી વાતનો બંદોબસ્ત કર્યો. ઘરે આવીને શ્રાવિકાને કહે માનતા નહિ કે આ ૩ લાખનું ફળ મળ્યું. આ ફળ ૩ લાખનું નથી. તેનું ફળ તો પુન્યાનુબંધી પુણ્ય પરભવમાં મળશે.

"કોઈની ઈર્ષાથી-કોઈને બતાવવા ધર્મ કર્યો તો તે પુણ્યાનુબંધી પુણ્યમાં કાપ મુકાઈ જાય છે." મનમાં હોય કે જે મળે છે તે દાદાની કૃપાથી મળે છે. સાથે એ પણ હોય કે આ સંપત્તિ નાશવંત છે, જવાની છે, જ્યાં સુધી પુણ્ય સલામત છે ત્યાં સુધી ધર્મ થશે. પુણ્ય ખૂટે તો ધર્મ ન થાય ? પુરુષાર્થ કરવાથી ધર્મ થાય. રાણાએ શેઠને કહ્યું કે તમે મારી કટોકટીમાં જે કામ કર્યું છે, તેમાંનું હું કાંઈ કરતો નથી. દુનિયાનો માણસ ૩ લાખની કદર કરીને ૧૦ લાખ આપે છે, તો જ્ઞાનીઓ કહે છે કે ધર્મનાં ખોળે નાખશો તો ધર્મ તેની જે કદર કરશે તે કોઈ કરી નહીં શકે.

બુદ્ધુ એવા આપણને તે કદરની ખબર નથી. જમીનમાં એક દાણો નાંખ્યો તો કેટલાય દાણા મળે છે, તો ધર્મમાં જે બીજ વાવ્યું, તેના ફળમાં તો કેટલુંયે મળશે.

પેલી **સરસ્વતી દેવદિન્નની** કદર કરે છે. જુઓ મારે તમારી પાસેથી કાંઈ લેવું નથી, પણ તમે અહીં આવેલા ને કમાયા વિના ઘરે જશો તો કદર નહિ થાય. માટે મારી સાથે ધંધો કરો. તમારો અડધો ભાગ. અહીં રહો અને વેપાર કરો. હવે દેવદિન્ન ખુશી થાય છે. પેલો રાતના પગ ચંપી કરવા જાય તો સરસ્વતી કાંઈ બોલતી નથી. તો અહીં સવાલ થાય કે ધણી પાસે પગ દબાવડાવાય ? હા, ભૂલા પડેલા ધણીને ઠેકાણે લાવવા પગ દબાવડાવાય અને જરૂર પડે ખમાસમણા દેવડાવાય.

પછી દેશ તરફ જતા વચમાં જ એકવાર દેવદિન્નને બહાર બેસાડી પોતે ઓરડીમાં જઈ વેશબદલી મૂળવેશ પહેરી લે છે અને દેવદિન્નને અંદર બોલાવે છે. અંદર જતાં જ દેવદિન્ન એક વેપારીને બદલે પોતાની પત્ની સરસ્વતીને જોતાં ચોંક્યો કે આ શું ? આ પત્ની અહીં કયાંથી ? એ આભો બની પૂછે છે, આ શું ? તમે અહીં ? ત્યારે વેપારી ક્યાં ? સરસ્વતી કહે વેપારી હું પોતે જ. તમે મને ઓળખી ન શક્યા. દેવદિન્ન કહે આ કેમ બન્યું ? સરસ્વતી કહે, મને બાળપણનું એ નાદાન વચન કે પત્નિએ તો, પતિને ગુલામ બનાવી રાખવો જોઈએ. તે

અમલી થવાનો કુદરતે પ્રસંગ બની આવ્યો. મારે તમારી ગુલામી નથી જોઈતી. ગુલામી તો દેવગુરુની ઉઠાવો અને મને દીક્ષા લેવાની રજા આપો. વિચારવાનું તો એટલું જ છે કે કોઈપણ બોલતાં-ચાલતાં પહેલા ને કોઈપણ ભાવ મનમાં ઘાલતા પહેલા **આમ કરવામાં આના આગામી કાળે ફળ કેવા આવશે.'**

આ લખાયેલ વ્યાખ્યાનોમાં વ્યાખ્યાનદાતા તથા જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઈ લખાયું હોય તો "મિચ્છા મિ દુક્કડમ્."

• • •

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૧"** અષાડ વદ-૬

મોક્ષનું ત્રાટક અને અવંતીસુકુમાર

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥

પરમ ઉપકારી સમર્થશાસ્ત્રકાર **ન્યાયાચાર્ય યશોવિજયજી** ઉપાધ્યાય મહારાજા શ્રી **જ્ઞાનસાર** અષ્ટકમાં આ શ્લોકમાં એ વાત બતાવી રહ્યા છે કે "લાંબુ ભણતા ન આવડે તો એક નિર્વાણપદથી આત્માને ભાવીત કરો તો અચૂક તમારો મોક્ષ થશે." ૧૪ પૂર્વ ભણ્યા છો કે નહિ, એનો અમે આગ્રહ નથી રાખતા પણ જ્ઞાન તમારું ભાવનાત્મક હોવું જોઈએ.

જ્ઞાન ત્રણ પ્રકારનાં છે તેમાં પહેલું **શ્રુતજ્ઞાન** છે. તેમાં શાસ્ત્રો વાંચીને-સાંભળીને જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન, કેટલું જ્ઞાન થાય ? કે કષાયો સંસારનું મૂળ છે અને આ કષાયો ઉપર સંસાર ચાલે છે આટલું સમજાય. બીજું જ્ઞાન છે **ચિંતાજ્ઞાન.** તેમાં ચિંતન-મનન- હેતુઓ દલીલો લગાડી જે જ્ઞાન છે તેને વિચારવાનું કે કષાયો સંસારનું મૂળ કેમ ? તેમાં દલીલો લગાડી વિચારવાનું કે સંસારની વૃદ્ધિ આ કષાયોથી થઈ છે. પછી ચિંતન વધારતા વધારતા પછી જ્યારે જાતે કષાય કરવાનો અવસર આવે ત્યારે વિચારવાનું, કષાય કરવાથી મને વર્તમાનમાં શું લાભ છે ? અને કષાય કરનારનાં વર્તમાનમાં શા હાલ છે ? તે વિચારવાથી કષાય ઉપર કાબૂ આવે છે. આના પછી ત્રીજું **ભાવનાજ્ઞાન.** જીવને આમાં વાંધા આવે. કારણ કે આત્માને ભાવિત કરવો. સંવેદન કરવું તે કઠીન છે પણ જો આત્મા ભાવિત થઈ જાય તો એમ લાગે કે આ કષાયો ત્યાજ્ય છે. સામા જીવ ઉપર ગુસ્સો કરવાનો આવે તો અરેરાટી ઊભી થાય. એમ કહેવું પડે કે કષાય માટે માફ રાખો તેનું નામ ભાવનાજ્ઞાન.

સિદ્ધરાજની ૧૨ ક્રોડની ખંડણી ઉઘરાણીને **સાજન મંત્રીએ** ગિરનારનો જિર્ણોદ્ધાર કરાવી દીધો. કોઈની ચઢવણીથી સિદ્ધરાજને ખબર પડતાં જ આવ્યો અને હાથી પરથી ઉતરતાની સાથે પહેલો પ્રશ્ન એ કર્યો કે, "પૈસા ક્યાં ?" સાજન કહે મહારાજ તૈયાર છે. ગાડા મંગાવો કારણ કે રોકડ રકમ છે. સોનૈયા વગેરે પરચુરણ છે. ત્યારે સિદ્ધરાજને ધરપત વળી અને કહે મેં તો આવું સાંભળ્યું કે પૈસા દબાવીને બેઠો છે. અરે મહારાજ ! તમે મને ઓળખ્યો નહિ ? છીપાનાં ઘરમાં ભાડે રહેતો હતો. વાડામાં ઢોરને બાંધવા ખીલો નાખવા નીચે ખોદતાં સોનાની કડાઈ નીકળી મેં લીધી નહિ. તેના ઉપર તો તમે મંત્રી બનાવ્યો છે. સિદ્ધરાજ પૈસાનો લોભી જરૂર હતો, પણ આર્યમાતા મીનળદેવીનો પુત્ર હોવાથી તેને મનમાં રહેતું કે હું લોભ કરું છું, પણ ખોટો છે. થોડી ઘણી પણ ભડક હતી. **એક નિર્વાણપદથી આત્મા ભાવિત થઈ જાય તો અનંતા સુખનું સ્થાન, જ્યાં કોઈ જાતની ખટપટ-જંજાળ કાંઈ જ નહિ, તેવો મોક્ષ હાથવેંતમાં છે. જેને કહેવાય મોક્ષનું ત્રાટક...**ત્રાટક એટલે આંખના મચકારા બંધ, સ્થિર દૃષ્ટિ થાય તે ત્રાટક. તેનાથી શું થાય ? તેનાથી નજર અને વિચારો આડા અવળા ભટકતા હોય તે અટકી જાય. તે રીતે મોક્ષનું ત્રાટક કરતા આવડે તો ભવનાં નાટક (ફેરા) બંધ થઈ જાય.

એ માટે **સ્થૂલભદ્રજીએ** મોક્ષનું ત્રાટક કેવું કર્યું તે જોવાનું છે. ત્રાટક કરવા વારંવાર મોક્ષનું સ્વરૂપ આત્મામાં વિચારવાનું. **સ્થૂલિભદ્રજીને** કોશા ઘરે ન જવા દે, પરાણે રાખતી. તેને એટલો રાગ હતો. કોશા પોતે સેવામાં રહેતી. જે કોશાની સેવામાં પરદેશથી રાજા-રાજકુમારો મુલાકાત લેવા આવતા અને કોશાના પગ ચાટતા હતા. અને જ્યારે એજ કોશા સ્થૂલિભદ્રજીનાં પગ ચાટતી. રાજકુમારો કોશાને ચાપલૂસી કરતા જ્યારે સ્થૂલિભદ્રને કોશા ચાપલૂસી કરતી. સ્થૂલિભદ્ર તો મહેરબાન રાજાશાહીથી કોશાને ત્યાં બેઠા રહેતા હતા.

પિતાના મૃત્યુ પછી રાજાએ બોલાવીને કહ્યું, 'તમે તમારા બાપની મંત્રી મુદ્રિકા સ્વીકારો.' તો **સ્થૂલિભદ્રજી** કહે ઊભા રહો, હું આલોચી (વિચારી) આવું એમ કહીને પાછળ વાડીમાં આલોચવા ગયા ત્યાં ત્રાટક કર્યું. જો આ મંત્રી મુદ્રિકા લઉં તો વેશ્યાનાં સુખ ફિફ્ટી ફિફ્ટી થઈ જાય. તરત જ બીજો વિચાર કે તો પછી આ સંસારમાં પડ્યો રહું તો મોક્ષના અનંતા સુખ જાય, મોક્ષનાં સુખ માત્ર મનુષ્ય જન્મમાંથી લઈ શકાય છે. વીતરાગ જેવી દશામાં રહેનાર અનુત્તરવાસી દેવોને પણ મોક્ષે જવા માટે વાયા વિરમગામ તરીકે મનુષ્ય ભવ કરવો પડે છે. સ્થૂલિભદ્રે એ કર્યું. **જો સંસારને સંભાળવા રહું તો મોક્ષના અનંતા સુખ ઉપર ચોકડી લાગી જાય.** બીજો વિચાર કર્યો કે અગર જો કોશાનાં સુખ માટે મંત્રી મુદ્રિકા નહિ જોઈએ તો મોક્ષનાં અનંતા સુખ માટે કોશા નહિ જોઈએ બસ... ત્યાં ને ત્યાં લોચ કરી

નાખ્યો...સાધુવેશ પહેરી બહાર આવીને ધર્મલાભ ! રાજા કહે પણ આ શું ? આલોચવા ગયા હતા ને ? તો જુઓને 'આ- લોચી' આવ્યો. તમારો ઉપકાર માનું કે તમે મને મોક્ષનું ત્રાટક લગાડી આપ્યું.

હવે નિર્ધાર છે મોક્ષ લઈને જ જંપીશ. સંયમ પાળે છે, કોશાને ત્યાં ચોમાસું આવ્યા, કોશાએ ચિત્રામણ શાળામાં જ ઉતાર્યા કે જેથી કદાચ પીગળી જાય, પણ **સ્થૂલિભદ્રે** કોશાને કહી દીધું, તારે જ્યાં ઉતારવો હોય ત્યાં ઉતાર પણ સાડાત્રણ હાથની અંદર ચારે બાજુથી નહિ આવવાનું. કોશા સ્થૂલિભદ્રને પલાળવા નાટક ચેનચાળા બધા કરે છે, પણ સ્થૂલિભદ્રજીને મોક્ષનું ત્રાટક છે એટલે નજર ધ્યાનસ્થ છે એટલે પોણી આંખ બંધ છે. વિચાર એક જ ચાલે છે કે મોક્ષ કેવી રીતે મેળવું ? મોક્ષને પામેલા અરિહંતો શી રીતે મોક્ષ પામ્યા ? ભગવાન પોતાને તે ભવમાં મુક્તિ નક્કી જવાનું પોતે જાણે છે છતાં તપ આચરણ નથી મુકતા. ભગવાન મહાવીરે બે વાર તો છ માસી કરી, તે પણ ભારે અભિગ્રહવાળી. તપ એવો તપે કે જાણે કાયાને તોડી નાંખું કારણ તપનો મહિમા અનંતગુણો છે. પૂર્વના કાળમાં રાજકુમારીઓના સ્વયંવર રચાતા હતા તેમાં કેવો રાધાવેધ સાધવાનો ? કીકી સ્થિર કરે જ છૂટકો છે નહિતર કન્યા મળે નહિ, તેમ મોક્ષનું ત્રાટક કરવા માત્ર આત્માને જોવાનો કે મારો આત્મા અરૂપી છે, શુદ્ધ છે એ રીતે. જો તમને ત્રાટક લાગી જાય તો અમારે કહેવું ન પડે કે દાન કરો, તપ કરો.

સ્થૂલિભદ્રજીએ એ ત્રાટક લગાડ્યું હતું કે કોશાને રૂદન કરવું પડે. પણ સ્થૂલિભદ્રજીને એક આંકડાની અસર થતી નથી છેલ્લે કોશાએ કબૂલ કર્યું, તમે જીત્યા હું હારી. હવે તમે જે કહો તે કરવાનું. તો સ્થૂલિભદ્રે સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રત આપ્યા અને એને પાળ્યા. માત્ર જે રાજાનું લુણ ખાય તેના મોકલેલા કોઈ રાજાઓની છૂટ બાકી બ્રહ્મચર્યનું પાલન, સાચી શ્રાવિકા બની ગઈ. સ્થૂલિભદ્રજી ૮૪ ચોવીશી અમર બની ગયા. કોઈને બ્રહ્મચર્યમાંથી છટકવાનું મન થાય તો સ્થૂલિભદ્રજીને પ્રાર્થના કરવાથી, તેમના નામની નવકારવાળી ગણવાથી વાસના શમી જાય છે. સ્થૂલિભદ્રજી એક એક દિવસમાં સાત સાત વાચના લઈને ૧૪ પૂર્વો ભણ્યા. મોક્ષનું ત્રાટક હતું. તેમને શાસ્ત્રોમાં મોક્ષ માન્યો.

એવું જ **અવંતીસુકુમારે** મોક્ષનું ત્રાટક કર્યું. અવંતી દેશના છે, યુવાન છે. માના લાડીલા છે. ૩૨ ક્રોડ સોનૈયાની સંપત્તિ છે. અપ્સરા જેવી ૩૨ સ્ત્રીઓ છે. ૭ મે મજલે રહેવાનું છે. મા સ્ત્રીઓને કહે, બધું હું નીચેનું સંભાળી લઈશ. તમે મારા કનૈયાને સાચવો. ગામ બહાર **આર્ય સુહસ્તીસૂરિ મહારાજ** આવ્યા છે. ૧૦ પૂર્વધર છે અને પોતાના પરિવાર સાથે પધાર્યા છે. બે સાધુ ઉતારા માટેના મકાનની તપાસ કરવા ગામમાં આવ્યા છે. અહીં ભદ્રા માતાનાં ઘરે આવે છે. અને કહે છે

ગુરુ મહારાજ ઉજ્જૈનીનગર બહાર છે. આર્યસુહસ્તીસૂરિ મહારાજ તેમનું નામ છે. તેમના અમે શિષ્યો છીએ અને ઉતરવાનું સ્થાન શોધીએ છીએ. **ભદ્રામાતા** કહે, આચાર્ય મહારાજને મારી વંદના કહેજો, અને અહીં ઉતરવા માટે ખુશીથી પધારો મારું ઘર પાવન થઈ જાય. મુનિઓ મારી વસ્તીમાં રહીને સાધના સ્વાધ્યાયાદિ કરે તેનો લાભ મને મળે. પોતાને ઘરે મહારાજ પધારે તેનો આનંદ આનંદ થાય છે.

સિદ્ધરાજનાં મંત્રી **શાંતનું મહેતા** હતા. પાટણની બહાર મોટો બંગલો બંધાવ્યો. મહારાજ સાહેબ બહાર સ્થંડિલ ગયેલા હતા. તે પાછા વળ્યા ત્યારે કહે છે મહારાજ ! ઘણો શ્રમ લો છો જરા અહીં વિસામો લો. મહારાજે વિસામો કર્યો. ઉપર ચઢાવે છે દરેક માળ બતાવે છે. પછી શાંતનું મહેતા કહે, સાહેબ આ બંગલો હમણાં બંધાવ્યો. આ આરસ ઈરાનનો, આ અહીંની, આ તંહીની કરે છે અને કહે, સાહેબ બંગલો કેમ ? મહારાજ સાહેબ ગંભીર બની ગયા. જોયું કે આણે દારૂ પીધો લાગે છે. આચાર્યના મુખ પર વધુ ગંભીરતા આવી. સાથે રહેલ બાળસાધુ શાંતનું મહેતાને કહે, "તમારું ઘર એટલે અઢાર પાપસ્થાનકનું કતલખાનું અને આ બંગલો રહેશે ત્યાં સુધી આજે તમે, પછી તમારા છોકરાં, પછી તેના છોકરાં બધા આ બંગલામાં અનેકાનેક આરંભ સમારંભો કરશે. એવા આ તમારા બંગલા પર આચાર્ય મહારાજની સહી જોઈએ છે ? આચાર્ય મહારાજ કતલખાનામાં ખુશી ન હોય." શાંતનું મહેતાએ કાનપટ્ટી પકડી. સાધુ કહે, "આ બંગલો જો પોષધશાળા તરીકે હોય તો આચાર્ય મહારાજની ખુશી મળે. બીજી જ મિનિટે ચાલો સાહેબ **"આજથી આ બંગલો પૌષધશાળા"** મહેતાએ જવાબ આપતા વાર ન લગાડી. કારણ એક જ બાળ સાધુએ તેની આંખ ખોલી નાખી. વાત એ છે કે સાધુને વસ્તી કેવી જોઈએ ? જે સ્થાનમાં સાધુઓ રહે ત્યાં સુધી સ્વાધ્યાયાદિ અનેકવિધ આરાધના કરે અને સંઘને કરાવે. હવે પેલા શાંતનું મહેતા આચાર્ય મહારાજને કહે સાહેબ, "આ પૌષધશાળા કેવી ? આચાર્ય મહારાજ કહે, **'પૌષધશાળા એક નંબરની.'** અમારે જિનાલય ઉપાશ્રયના ગુણગાન ગવાય પણ તમારા બંગલાના ગુણગાન ન ગવાય.

ભદ્રામાતા ત્યાં ખુશીનો પોટલો થઈ જાય છે. આવેલા બંને સાધુને કહે અહીં ખુશીથી પધારો. સાધુ આચાર્ય મહારાજ પાસે જઈ આચાર્ય મહારાજને વાત કરે છે. **આર્યસુહસ્તિ મહારાજા** પોતાના વિશાળ પરિવાર સાથે મુકામ માટે આવ્યા. અને ભદ્રામાતાને ત્યાં ઉતારો કર્યો. ત્યાં રાત્રે સાધુઓ સૂત્ર સ્વાધ્યાય કરે છે તે વખતે **સાતમા માળે અવંતિસુકુમાલની** આગળ બત્રીસ પત્નીઓ ગીતો ગાય છે. કોઈ વાજિંત્ર વગાડે છે કોઈ નૃત્ય કરે છે ત્યારે સાધુઓ નીચે સ્વાધ્યાય કરે છે ભૂગોળનો. જેમાં ઉપર શું છે ? નીચે શું છે ? તિચ્છાલોકમાં શું છે ? તેનું વર્ણન ચાલે છે. તેમાં નલિનીગુલ્મ વિમાનનું વર્ણન ચાલે છે. નલિનીગુલ્મ વિમાનમાં ૮૪

ભોંયરા, અનેક જાતના મંડપો, ૧૪૪૪ થાંભલા છે.

આ સાંભળતા સાંભળતા **અવંતિસુકુમાર** ગીત નૃત્ય ભૂલી ગયા એક ચિત્ત બની નીચેનો સ્વાધ્યાય સાંભળે છે અને તે સાંભળી એકદમ ચિંતામાં પડી જાય છે કે આ સાધુઓ જેનું વર્ણન કરે છે તે સુખ મેં જાતે અનુભવ્યા છે ચિંતન આગળ વધ્યું. મતિજ્ઞાનાવરણના પડદા તૂટી ગયા. પૂર્વ ભવનું ચિત્ર પ્રકાશમાં આવ્યું. "અહો ! હું નલિનીગુલ્મ વિમાનમાંથી આવ્યો છું. આમાં ક્યાં બેસી રહ્યો." મનને વસવસો થયો. એટલે ત્યાં ધુપ સુગંધીવાળું, ઉપરમાં રત્નો મોતી લટકે છે, વાજિંત્રોનો તો કોઈ પાર ન હતો. હવે અહીં રહેવાય શી રીતે ? કારણ કે અહીં રહું તો ત્યાં જવાય શી રીતે ? ગીત નાટક, બત્રીશ સ્ત્રીઓને પડતી મૂકીને નીચે જ્યાં આચાર્ય મહારાજ છે ત્યાં આવ્યો. **આચાર્ય મહારાજને** કહે તમે **નલિનીગુલ્મમાંથી** આવ્યા છો ? ના ભાઈ, તમે બોલો છો તે સુખ મેં જાતે અનુભવ્યા છે અને જોયું પણ છે. કારણ કે હું ત્યાંથી આવેલો છું તો હવે મારે ત્યાં જાવું છે. તો કેવી રીતે જવાય ? આચાર્ય મહારાજ કહે, હમણાં તો જવાય નહીં પણ ત્યાં જવાનો રસ્તો આ શાસ્ત્રોમાં લખેલો છે. કુંવર પૂછે એ સુખ મળે ? **આર્યસુહસ્તિ મહારાજ** કહે સંયમ લઈને પાળીને ત્યાં જવાય. પણ સંયમથી દેવલોકના સુખ મળે તે શું મોટી વાત છે. આજ સંયમથી મોક્ષના અનંતા સુખ મળી શકે તેમ છે.

અવંતિસુકુમાર વિચારે છે કે હજુ સંયમ લઉં, પાળું, આયુષ્ય પૂરું થાય ત્યારે નલિની ગુલ્મ દેખું. આચાર્ય કહે પણ નલિનીગુલ્મમાં ગયા પછી પણ ત્યાંથી સીધો મોક્ષે જઈ શકવાનો નથી. એ તો વચ્ચે માનવભવ કરવો જ પડે. તો મારે મોક્ષ તો જોઈએ જ છે. **આચાર્ય કહે** તો દીક્ષા લે, હવે **મોક્ષનું ત્રાટક** લગાડ્યું, નિરધાર કર્યો કે મોક્ષ જોઈએ જ છે. આચાર્યને કહે તો મને દીક્ષા આપો. પણ તું નાનો છે. સંયમ એટલે મીણના દાંતથી લોઢાના ચણા ચાવવા જેવું છે. બાવીસ પરિષહ જીતવા ઉપસર્ગ-ગાળ-અપમાન-તિરસ્કાર-ભૂખ-તરસ વગેરે વેઠવું પડે. તું તો સુકોમળ કાયાનો દેખાય છે તારાથી તે પળાશે ? સંયમ તો મેરુનો ભાર ઉચકવાનો છે, પણ અવંતિસુકુમારે મોક્ષનું ત્રાટક કર્યું છે એટલે **આચાર્ય મહારાજને** જવાબ આપે છે. મહારાજ સાહેબ ! ક્ષત્રિય બચ્ચો રણમેદાનમાં ચઢે ત્યારે ભાલા તલવારના ઘાને ગણતો નથી, લડાઈ લડીને જીતીને જ રહે છે. મેં મનમાં નિરધાર કર્યો છે, કે હવે **આ ગટરકલાસ સુખો મૂકી દેવા અને સંયમ સાધના કરી મોક્ષમાં પહોંચી જવું.** મહારાજ ! આ બધાં સુખ સાચા અને સારા કરીને જાણ્યા હતા, પણ નલિનીગુલ્મનાં સુખો યાદ આવતા લુખ્ખા બાકસ લાગે છે. એ ઉદ્યાન આગળ આ ઉકરડો લાગે છે. કષ્ટ ભલે ગમે તેટલા હોય બધા વેઠી લેવા તૈયાર છું આ સુખો કોઈપણ હિસાબે જોઈએ નહીં. મહારાજ કહે કે તમારે આ સુકૃત કરવાનું છે તો પછી

કુટુંબની અનુમતી મેળવો. તો તમારો જવાબ એજ ને કે સાહેબ મારે ઘેર પૂછવું પડશે.

અવંતિ સુકુમારને ત્રાટક લાગ્યું છે માટે કહે છે હું જ આ ઘરની સંપત્તિનો માલિક છું. મારે કોઈને પૂછવાનું નથી. હું દીક્ષા માગું છું તમે આપો. કોઈને કલ્પનાય નથી કે ઉપરથી ઉતરીને નીચે આચાર્ય મહારાજ પાસે ગયા છે. કેવી મોક્ષ પ્રત્યેની ચોંટ છે ? ઉપર આવીને માને કહે મારે ચારિત્ર લેવું છે રજા આપો ! ભાઈ ! તું નાનો છે, વાર છે. મારે તો ક્ષણ જાય છે લાખ લાખની પછીનું શું થશે તેની ખબર નથી. અત્યારે જાગૃત થયો છું તો ચારિત્ર લેવા દો...મા ! હવે સમજી લો, કે આકાશમાં ઉડતા પંખીને કોઈ પકડીને પાંજરામાં પૂરી દે તો પંખીને ફફડાટ કેટલો થાય ? બસ, **મા** મારી પરિસ્થિતિ હમણાં એવી છે, મને રજા આપી દો. હું જ્યાંથી આવ્યો ત્યાં એટલે કે નલીનીગુલ્મમાં જવું છે. માતાને કોઈ જ મંજૂર નથી. માતા કહે છે કે તને ક્યાં ધુતારાએ ભોળવ્યો ? તું તો મારા આંખની કીકી છે. કાળજાની કોર છે અરે તારી આ ૩૨ સ્ત્રીઓ સામે તો જો ! તેમની તને દયા નથી આવતી ? પણ **જેને મોક્ષનું ત્રાટક લાગે તેને કાંઈ જ નહિ.** વહાલસોયી માતાને એક જ છે, ગુણગણનો ભંડાર છે, વિનય વિવેકમાં પૂરો છે. માટે માબાપને આટલો સ્નેહ થાય છે. ૩૨ સ્ત્રીઓને કહેલું છે પહેલા માની સેવા પછી મારી સેવા. મારી મા તે જ તમારી મા છે જો આમાં ફેરફાર થશે તો સમજી રાખો હું તમારો નથી તમે મારી નથી. બોલો ! આવા પુત્રને મા જવા દે ?

ભદ્રામાતા દીકરાને કહે છે કે દીકરા ત્યાં ભૂખ સહન ન થાય. પાણી વિના ચલાવવું પડે, અરસ નીરસ ગોચરી શી રીતે ફાવશે ? ત્યાં જાડા કપડાં અને તે પણ મેલા ઘેલા શી રીતે ફાવશે ? તને કોણ રજા આપે ? અમારી સંમતિ નથી, ત્યારે અવંતીસુકુમારે ઘણી દલીલો કરી, કે મારા કરતા પણ મોટા મોટા સાધુ બન્યા હતા. ચક્રવર્તી બળદેવોએ ચારિત્ર લીધા છે અને પાળ્યા છે તમે આમ કેમ બોલો છો ? ત્યારે માતા કહે, કાંઈ નહિ સો વાતની એક વાત તને કોઈ રજા આપવાનું નથી. હવે કુંવર વિચારે છે કે મારું કોઈ સાંભળતું નથી એમજ જો ગુરુ પાસે જાઉં તો અનુમતિ વિના ના પાડે છે. અને મારે આ સ્થિતિમાં રહેવું નથી શું કરવું ? આ પાંચમા આરાની વાત છે. ૩૨ ક્રોડ સોનૈયાનો માલિક છે. માતાનો એકનો એક લાડીલો છે. શરીર ખાસુ સુકોમળ છે. એક નાનકડી ચુંટલી ખણે તો લોહી ફૂટી આવે. કેટલું પરાક્રમ કરી શકે છે ? તે કહે છે તમે મારા સામું જુઓ જૈન ધર્મ પામ્યા પછી કંગાળીયત ન કરો. ધન અને કાયાના લોભમાં દબાતા નહિ.

આપણા દાનસૂરિ મહારાજના ગુરુ **વીરવિજય** મહારાજ હતા. તેમની પાસે **તારાચંદ** અને **પદમચંદ** નામે બે ગૃહસ્થો અભ્યાસ માટે રહેતા હતા. દીક્ષાની

માંગણી કરતા હતા. ગુરુ કહે હજુ વાર છે. ભણો, પણ એક દિવસ પરોઢીયે બે સાધુ વીરવિજય મ.સા. પાસે આવ્યા. મહારાજ સાહેબ અમારો ઓઘો નથી મળતો. વીરવિજય મહારાજ ભગવાનનાં માણસ હતા એટલે કહ્યું કે જાવ પહેલા પદમો અને તારાની તપાસ કરો એ લઈને બેઠા ના હોય. જોયું તો બંને જણા ચોરપટ્ટો પહેરીને ઓઘા લઈને બેઠા છે. મહારાજ સાહેબે તેમને દીક્ષા આપવાનું મંજૂર કરી લીધું.

અવંતીસુકુમાર વિચારે છે કે માતા રજા આપવાના નથી. ગુરુ દીક્ષા આપશે કે નહીં કોને ખબર ! એ ગયો અંદર ઓરડામાં અને ત્યાં જઈને કર્યું શું ? મા વિચારે છે કે આ તો અંદર ગયો છે, એટલે વાંધો નહીં. અવંતીસુકુમાર ઓરડામાં જઈને માથાના વાળ ખેંચી નાખ્યા. સાધુનો વેશ સજી લીધો અને ઓરડો ખોલીને ધર્મલાભ ! આ જોઈને મા, ચોંકી ઊઠ્યા ! કે આણે શું કર્યું ? ૩૨ સ્ત્રીઓ કહે છે કે તમે આ શું કર્યું ? વ્રત તો કરવતની ધાર પર ચાલવા જેવા છે, મન છે પવન સરખું આ રીતે છલાંગ મારીને નીકળી તો જાવ છો પણ કાલે અમે યાદ આવશું તો શું કરશો ? ૨૨ પરીષહ સહવા કઠીન છે અમારું માની જાવ, પણ કુંવરને નિરધાર છે. જરાય ફરક પડતો નથી. તેણે કહ્યું તમારે વળાવવા આવવું હોય તો આવો નહીં તો હું ઉતરી જાવું છું. માતા અને ૩૨ સ્ત્રીઓ વિચારે છે કે આપણે અહીં બેઠા રહીશું અને આ ગુરુ જોડે જાય તો ગુરુને એમ થશે કે આ ખાનદાન નથી લાગતા. આ છોકરો ઝૂરી મરે છે અને માબાપ રજા આપતા નથી, માટે તો કહેવત છે કે, 'છોકરાને જમડો લઈ જશે તો પાલવશે પણ યતી લઈ જશે તો નહીં પાલવે.'

તમારા મનમાં એમ લાગે છે કે આપણા દીકરાને સાધુ મહારાજ લઈ જાય તો સારું. સાધુ મહારાજ પાસેથી શું લેવાનું ? વાસક્ષેપ લેવાનો. (પહેલા એક ગોરજી હતા. બે બાજુ બે કુંડી લઈ બેસતા લોકો આવે એટલે કહેતા આ કુંડીમાં રૂપિયા નાખો અને બીજી કુંડીમાંથી પોતે વાસક્ષેપ લઈને 'નિથ્થારગ પારગા હોહ' કરતા.) ૩૨ કન્યાઓની સાસુએ કહ્યું હવે એ જાય છે. હવે તો આપણા હાથની વાત નથી. ઓઘો લીધો અને કપડા લીધાં તે છોડાવાય નહીં. આપણે ખાનદાન છીએ.

અવંતી સુકુમારને મૂકવા નીચે આવ્યા અને **આચાર્ય મહારાજને કહ્યું,** મહારાજ સાહેબ ! હું તમને હાથ જોડીને કહું છું કે એને તમે સારી રીતે સાચવજો, મારા કલેજાની કોર છે. તપ કરે તો તેને વારજો. ભુખ્યાની સંભાળ કરજો એણે તો જન્મથી દુઃખને જોયું નથી જાણ્યું નથી. આમ ઈન્દ્રના સુખ ભોગવ્યા છે આ પ્રમાણે આચાર્યને કહ્યું અને હવે દીકરાને કહે છે, કે ભાઈલા ! વ્રત લીધું છે તો

લઈ જાણજે ! હું તો તને કહું છું કે માતા તરીકેનો મારો નંબર છેલ્લો રાખજે. એટલે કે, તારા જીવને માતા કેટલામી ? તો આ છેલ્લી. વ્રતને પાળવામાં પાછી પાની કરીશ મા ! માતાના બોલ ઘંટના રણકારની જેમ તેના મનમાં રમે છે. એકવાર ના પાડનારી મા હવે કેવા આશીર્વાદ આપે છે. તેના મનમાં પાવર આવી જાય છે. મા અને વહુઓ છેલ્લી વંદના કરીને ઉપર આવી જાય છે. આને તો મોક્ષનું ત્રાટક છે. એટલે મોક્ષ સિવાય કાંઈ દેખાતું નથી અને મોક્ષ લેવો છે એટલે આ જન્મના કષ્ટનો કોઈ હિસાબ નથી. વિચારે છે હજુ તો ઊગતી જુવાની છે. જીવવાનું ઘણું બાકી છે તો શું મોક્ષનો મારે આટલો બધો વિલંબ થશે ? આપણે તો તરતનો સોદો જોઈએ. ઉપરથી પડો અને ટપ મુઓ.

એટલે આચાર્ય મહારાજને કહે, હે ગુરુજી, આપને હાથ જોડી કહું છું કે લાંબા કાળ સુધી ચારિત્ર પાળી શકું તેમ નથી. ટુંકો રસ્તો બતાવો. ગમે તેવો અઘરો હશે તો પણ પાર પાડીશ. આચાર્ય મહારાજ મહાજ્ઞાની છે. આગમના વિશિષ્ટ જ્ઞાનથી જોવે છે. પરિણામ શું ? ઘરે એક સામાયિક કે એક એકાસણાનું કષ્ટ સહન નહીં કર્યું હોય અને કહે છે કે ટુંકો રસ્તો બતાવો. આચાર્ય કહે છે કે ટુંકો રસ્તો અનશનનો છે. પાદપોગમન નામનું અનશન કરો. કાયાને છોડી દેવાની, એટલે કે ગમે તે થાય, પણ આમથી તેમ ફરવાનું નહીં, વા વંટોળ આવે, કાયાને ઊંચકીને ખીણમાં પડે તેમ હોય તો પણ કાયાને બચાવવા મહેનત કરવાની નહિ. અનંતાએ સિદ્ધગિરિ ઉપર પાદપોગમન અનશન કર્યા છે. ગુરુએ ટુંકો રસ્તો બતાવી દીધો.

અવંતી સુકુમાર કહે તો રજા આપો. કંથેરીનાં વનમાં સ્મશાનમાં અનશન કરવા જાય છે. જતાં પહેલા સાધુને મિચ્છામિ દુક્કડં આપી દીધા. ૮૪ લાખ યોનિને ખમાવી અને ગુરુના આશીર્વાદ લીધા અને એકલા ચાલી નીકળ્યા છે. કાયા સુકોમળ છે. રસ્તામાં કાંટા પગમાં ભોંકાય છે. લોહીની શેરો ફૂટે છે. જે થાય તે ખરું પણ મોક્ષનું ત્રાટક માંડ્યું છે. એટલે કષ્ટ કાંઈ વિસાતમાં નથી. સ્મશાનમાં આવી જમીન પૂંજી ચાર શરણ સ્વીકાર્યા. અરિહંત ભગવાનની સ્તુતિ કરી. ૮૪ લાખ યોનિ ખમાવી અને વિચારે છે કે આ વેળાએ મારો દેહ પડે તો દેહ પણ ત્યાગ, આહાર પણ વોસિરે કર્યો. સૂઈ ગયા છે અને અરિહંતના ધ્યાનમાં હશે તે વખતે લોહીનાં ટપકાની સુગંધથી પૂર્વભવની **વૈરણ શિયાળણી** પોતાના બાળ બચ્ચા સાથે આવે છે લોહી સુંઘે છે મીઠી સુગંધ છે. મોઢું અડાડે છે પણ મુનિ હાલતા નથી ધીમે ધીમે બટકાં ભરે છે, કારણ કે લાત ન મારે. પણ મુનિને તો હાલવાનું છે જ નહિ, **ત્રણ પહોરની** લગાતાર પીડા સહન કરે છે. ભૂખી શિયાળણી પોતાના બચ્ચા સાથે માણસ જામફળ ખાય તે રીતે બટકા ભરતી બટક બટક ખાય છે.

મારા ભાઈ **સાધુ પદ્મવિજયજી** હતા. તેમને ખંભાતમાં ડોકટરે ઈંજેકશન આપ્યું તે નસને વીંધી ને આરપાર ઉતરી ગયું. ૨-૩ કલાક સહન કર્યું પણ પછી ડોકટરને ખબર આપી ડોકટર આવ્યા. પહેલા તરત જણાવ્યું હોત તો બીજું ઈંજેકશન આપી આને ઠેકાણે પાડી દેવાત કાંઈક રસ્તો થાત. સોજો ચડી ગયો હતો. ત્યારે તેમને આ સજઝાય/સંભળાવતાં તો તેમને સાતા વળતી.

'તિણ અવસર એક આવી જંબૂકી રે' ....પૂર્વના વેરથી શિયાળણી દોડતી દોડતી આવી છે. એક પહોરમાં એક પગ, બીજા પહોરમાં બીજો પગ અને ત્રીજા પહોરમાં સાથળનો ભાગ ચૂંથે છે. ત્યારે **અવંતીસુકુમારે** શી રીતે સમતા રાખી હશે ? આપણને ગાડીમાં દરવાજામાં સહેજ આંગળી આવી જાય તો શું થાય ? તો કહો કે અવંતિસુકુમારે એ વિચાર્યું કે "આ કાયા માટીનું ભાંડ છે, એક દિવસ ફૂટવાનું છે. એ ખાલી ફૂટી જાય તો કર્મના ભાર માથે રાખી ફૂટે. ત્યારે અત્યારે ફૂટે છે તો મારા કર્મોને તોડીને ફૂટશે માટે **"તૂટ કાયા તૂટ તું તૂટે તેમ મારા કર્મ તૂટે"** ત્રણ ત્રણ પહોર સુધી કારમી વેદના ભોગવવા છતાં દિલમાં હાયકારો નથી માત્ર એટલું જ છે કે જીવો તમે તમારું પેટ ભરી લો. ત્રણ પહોર પછી પેટ ફાડ્યું અને ત્યાં જ પ્રાણ નીકળી ગયા જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા પહોંચી ગયા.

ત્રાટક મોક્ષનું હતું પણ પાંચમાં આરાના હોવાથી સંઘયણ બળ નહોતું. માટે નલિનીગુલ્મ વિમાનમાં ગયા. કર્મસત્તા કહે છે કે ૧ ભવ દેવલોકનો કરો તમારી કરેલી જાંગડ રહેશે પછી મહાવિદેહમાં મનુષ્ય બની મોક્ષમાં જશો. આ બાજુ સવારે મા અને વહુરો આવ્યા છે. જ્યાં આચાર્ય મહારાજ છે ત્યાં અને વંદન કરી પૂછે છે. અમારા મહારાજ ક્યાં ? તમારા મહારાજ તો વનમાં ગયા અને ત્યાં તેમણે તેમનું કામ સાધી લીધું અનશન કર્યું. શિયાળણીએ આવીને ફાડી ખાધા, સ્વર્ગમાં પહોંચી ગયા. આચાર્યે પૂર્વના જ્ઞાનના બળે જાણી લીધું હતું. જેમ કેવળજ્ઞાની પૂર્વભવો કહી શકે તેમ ૧૪ પૂર્વધરો સંખ્યાતા ભવો કહી શકે છે.

આ સાંભળીને સંસારી જીવો છે, કેમ રહેવાય ? જ્યાં અવંતીસુકુમાર હતા ત્યાં આવી ગયા અને જોવે છે તો હાડપિંજર છે. **ક્ષીપ્રા નદીના** તટે અગ્નિ સંસ્કાર કરે છે. અને મા વૈરાગ્યમાં ચડે છે. મોત આવવાનું તો નક્કી છે તો એમને એમજ આંખ મીંચીને પાપોમાં પડ્યા રહીએ તો સાધવાનું રહી જાય. "મનુષ્ય જન્મ એટલે શિવસુંદરી સાથે પાણિગ્રહણ કરવાનો ભવ." મા વહુઓને કહે, વહુરો ! ચિંતા ન કરો દીકરાને પૂર્વના કર્મો નડ્યા પણ તેમાં તેનું કાંઈ બગડ્યું નથી. હવે આપણે માલ-મિલકત હવેલી શું કરવી છે ? **૩૨ સ્ત્રીઓમાંથી** એકને ગર્ભ હતો. તેને મૂકીને માએ અને **૩૧ વધુઓએ** દીક્ષા લીધી. પેલી ગર્ભવાળી સ્ત્રીને છોકરો થયો અને તેનું નામ **મહાકાળ** હતું. એટલે જ્યાં પોતાના પિતાનો અગ્નિદાહ થયો હતો,

ત્યાં મહાકાળ નામે **અવંતી પાર્શ્વનાથનું** મંદિર બંધાવ્યું.

પછી વખત જતાં બ્રાહ્મણોએ પચાવી પાડ્યું. એના ઉપર શિવલીંગ બાંધી દીધું. તે સમયે **સિદ્ધસેન દિવાકરજી** મહારાજ થયા તે ત્યાં લીંગ તરફ પગ કરી મંદિરમાં સૂઈ ગયા. પૂજારી કહે ઊઠો આ બાજુ પગ ન થાય તો પણ ઊઠ્યા નહિ. રાજાને કાને વાત ગઈ રાજા ફટકા મરાવે છે પણ અહીં સિદ્ધસેનને ફટકા મારે છે, પણ ત્યાં અંતઃપુરમાં બધાને ફટકા વાગવા માંડ્યા. કારણ સિદ્ધસેન મંત્રના જાણકાર હતા. અરિહંતનાં નામોનું બીજું નમુત્થુણં હતું તેનું નામ **શક્રસ્તવ** છે. ભગવાનના ૩૧૦ વિશેષણો છે. આ ગણનારને ૧૧ જાતના લાભ બતાવ્યા છે. અંતઃપુરમાં રાણીઓ ચીસો પાડે છે. ફટકા વાગે છે, ત્યારે રાજાએ ફટકા બંધ કરાવ્યા પોતે સિદ્ધસેન પાસે આવ્યો નમી પડ્યો. મહારાજ આ શું ? ત્યારે સિદ્ધસેન દિવાકરજીએ **અવંતીસુકુમારજી** ચરિત્ર બતાવ્યું. મહાકાળે મંદિર બાંધ્યું હતું. બધો અધિકાર બતાવી **કલ્યાણમંદિર**ની ત્યાં ને ત્યાં રચના કરીને એક એક ગાથા બોલે છે. તેમાં ૧૩ મી ગાથા **"કોપસ્ત્વયા યદિ વિભો ! પ્રથમં નિરસ્તો"** એ બોલતાં બોલતાં શિવલીંગ ફાટ્યું અને ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા નીકળી... જે વર્તમાનમાં પણ છે. ત્યારે રાજા-પ્રજા આશ્ચર્ય પામ્યા. અને બ્રાહ્મણોનાં તો મોઢાં જ કાળા મેશ પડી ગયા. રોજ સવારે ભાવના કરો કે-

"મારું હૃદય નિર્વાણ પદથી ભાવિત બને" અને **"મોક્ષ તરફ જવા માટે ઊંચી સાધના કરો."**

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૨"** અષાડ વદ-૧૩

આત્માના સૌંદર્ય અને સતી દમયંતી

आत्मज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥

પરમ ઉપકારી મહાન શાસ્ત્રકાર કલિકાલસર્વજ્ઞ **આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ મહારાજ** આ શ્લોકમાં મજેની વાત બતાવે છે કે- **સંસારમાં જીવને દુઃખ શાથી ?** પોતાના આત્માનું સૌંદર્ય શેમાં છે તેની જીવને ખબર નથી. બહારની જડપુદ્ગલતામાં સુંદરતા માને છે. ત્યાગવૃત્તિ નિરપેક્ષતા તે આત્માનું બહુ સરસ સૌંદર્ય છે. **દેવપાલને** દેવી પૂછે છે. શું જોઈએ ? કાંઈ જોઈતું નથી. માત્ર ભક્તિ જોઈએ. ત્યારે ચક્રેશ્વરી દેવીને કહેવું પડ્યું ખરેખરો ભડવીર છે. રાજા **રાવણ અષ્ટાપદ** ઉપર ભક્તિ કરે છે. નીકળ્યો છે દિગ્વિજય કરવા પણ અષ્ટાપદ ઉપર રાણી મંદોદરી નૃત્ય કરે છે. અને રાવણ વીણા બજાવી તેમાં તાલ પૂરે છે. ઉપરથી ધરણેન્દ્ર પણ ભક્તિ કરવા

આવે છે પણ આ બંનેની ભક્તિ જોતાં ઠરી ગયો. બહાર ઊભો રહી ગયો. મારી ઇન્દ્રાણીઓ ભગવાન આગળ જે એકતાન બનીને ભક્તિ નથી કરતી તે આ બંને એકતાન બનીને ભક્તિ કરે છે. જો હું અંદર જાઉં તો તેમની ભક્તિમાં ખલેલ પહોંચે. પછી જ્યારે રાવણ બહાર નીકળે છે, ત્યારે કહે છે તારી આ ભક્તિ જોઈને હું ખુશ થયો છું, કારણ અમે દેવતા નવરાધૂપ હોવા છતાં એકતાન બની નથી શકતા. માટે કહું છું બોલો ભક્તિના બદલામાં શું જોઈએ ? કાંઈ નહીં. પણ કંઈક માંગો. રાવણ કહે, મોક્ષ જોઈએ. બાપા તારા પગે લાગું. હું મારો મોક્ષ નથી કરી શકતો તો પછી તમારો મોક્ષ ક્યાંથી કરી શકું. જો રાવણને માંગવું હોત તો માંગી શકત કે દિગ્વિજય કરવા નીકળ્યો છું. લડાઈ કરવાની નકામી મહેનત શું કામ કરું ? આ બધા રાજાઓને નમાવી દો. એ બનવાની શક્યતા છે, પણ આત્માનું સૌંદર્ય એ સમજે છે કે **આત્માનું સૌંદર્ય ત્યાગમાં છે.** પોતાને જોઈએ છે તો ખરું પણ ભક્તિના બદલામાં નહિ, જગતના પદાર્થો સાથે ભક્તિની કિંમત કરાય નહિ. **આત્માનું સૌંદર્ય નિરપેક્ષતામાં નિઃસ્પૃહતામાં છે.** કર્મસત્તાનો, મોહનો, દોષોનો ગુલામ મારો આત્મા નથી. મારા આત્મામાં અનેરા ગુણો છે. તેનાથી જગતની પરવા કરવાની નથી.

નળદમયંતી વગડામાં મુકાઈ ગયા. છતાં નળને તો નહિ પણ દમયંતિને પણ મનમાં નથી કે આવા મોટા રાજાની હું રાણી ને એક કપડાં પર રહેવાનું ? થોડું ઘણું સાથે હતું, પણ રસ્તામાં લૂંટાઈ ગયા. દમયંતિ નળને કહે છે હમણાં થોડો કાળ નિર્ગમ કરવા માટે મારા બાપુજીને ઘેર પધારો. નળ કહે હમણાં શોભે નહીં. દમયંતી વિચારે છે કે મારા જ કરેલા પૂર્વના કર્મનું ફળ છે, એના અનુસારે જે બનતું હોય તે બનવા દો. **ઉમદા દિલ કેવું હોય ?** નળ જુગાર ખેલવા માટે હઠે ચઢ્યો હતો, એક રાજના ટુકડા ખાતર, દમયંતી કહેતી કે જુગાર બંધ કરો. તો નળ કહેતો કે તું જોને, હમણાં જ બધું પાછું મેળવી લઉં છું, અરે ! રોઈને રોકવા ગઈ કે તમે ઊંચા કુળના, તમારી ચારે કોર નામના છે અને તમે લેભાગુ સાથે જુગાર ખેલો છો ? છતાં નળ રમ્યો તે બધું હાર્યો. નળનો નાનો ભાઈ જુગારમાં જીત્યો ને હુકમ કાઢે છે. કોઈએ પણ નળ-દમયંતીને આશરો આપવો નહીં. આપ્યો છે તો અવળી ઘાણીએ પીલી નાખીશ. ઈર્ષ્યા હતી.

નળ દમયંતી એકલા અટૂલા નીકળ્યા. એ તો રડવાનું બંધ કરી શકાય તેમ નથી એટલે નાનાભાઈએ હુકમ નથી કાઢ્યો કે રડવાનું નહીં, મંત્રીઓ પ્રજા રડે છે. મંત્રીઓએ એક રથ આપ્યો તે અને પહેરેલા દાગીના પણ રસ્તામાં લૂંટારાઓએ લૂંટી લીધા. હવે નળ પૂછે શું કરશું ? ત્યારે દમયંતી ટોણો મારતી નથી કે અમારું કહેવું માન્યું નહીં અને આ હોળી કરી. દમયંતીમાં આત્માનું સૌંદર્ય છે. એનું ચરિત્ર

લઈને વાંચી જઈએ તોય આપણને ઘણું મળે તેમ છે. નળ કહે છે, મેં તમને દુઃખમાં નાખી એમ હવાલો કરે છે. ના, તમે કાંઈ નથી કર્યું, બધું મારા કર્મે કર્યું છે.

વાત સાચી છે. કારણ આની પહેલાંના ભવમાં પોતે **રાણી વીરમતી** હતી અને નળ **મમ્મણ રાજા** હતો. બંનેને શિકારનો શોખ, જંગલમાં ગયા હતા. ત્યાં એક સાર્થ આવે છે. તેમાં મુનિ જોયા. સાર્થને આગળ જવા દીધો. મુનિને ઊભા રાખ્યા. રાણીને હવસ હતી. એટલે મુનિ સામે મોહના ટાયલા કરે છે. મને જુઓ તો ખરા નીચી મુંડીએ કેમ ઊભા છો ? બાર ઘડી સુધી મુનિની કદર્થના કરી. મુનિ હતા એટલે મોહની સામે થાંભલા જેવા. થાંભલો કંપે તો આ કંપે, થાકે કોણ ? પુદ્ગલના સૌંદર્ય લેવા જાય તે થાકે અને આત્માના સૌંદર્ય લેવા જાય તે ન થાકે. મુનિ પાસે બ્રહ્મચર્યનું સૌંદર્ય હતું. મોટી ઇન્દ્રાણી આવે તો તેને જોવાની ફુરસદ નથી.

રાણી થાકી માફી માંગે છે. પસ્તાવો કરે છે, રાજા કહે છે તને ભાન છે. કાંઈ ધંધો છે આ શું કરતી હતી ? રાજા પણ અડધા તેમાં સામેલ હતા. હવે પાપથી ભારે થયા તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. મહારાજ ક્યાંથી પધાર્યા ? મહારાજને કોઈ લાલચ નથી તેની કોઈ પરવા નથી. મહારાજ કહે, હું અષ્ટાપદની યાત્રાએ જવા નીકળ્યો છું, થોડું ચાલવાનો. આગળ જઈને વિદ્યાથી અષ્ટાપદ ચડવાનો. રાજા કહે, નગરમાં પધારો, પાપનું પ્રાયશ્ચિત્ત કરવું છે. મુનિએ જોયું, હવે કોમળ ભાવ છે એટલે ગામમાં જઈને થોડું ઘણું પીરસું તો કંઈક સારું થશે. વેપારી સમજે કે, **'ઘરાકની ગાળ ઘીની નાળ'**ની જેમ પી જવાની. મુનિ નગરમાં સત્કાર સન્માન સાથે પધાર્યા અને ઉપદેશ આપે છે. દેવગુરુ ધર્મની ઓળખ કરાવે છે. ઇષ્ટમાત્ર દેવ, એક અરિહંત, ત્યાગી માત્ર ગુરુ અને ધર્મમાત્ર દયા પ્રધાન. મુનિએ અષ્ટાપદનું પણ એવું વર્ણન કર્યું. રાણીને થયું મને ક્યારે અષ્ટાપદ જોવા મળે. સરળ પ્રકૃતિની છે એટલે શાસન દેવતા હાજર થયા. શું જોઈએ ? અષ્ટાપદ પર્વત ઉપર જવું છે. શાસનદેવે અષ્ટાપદની યાત્રા કરાવી ઉપરના સોનાના દહેરાસરો તેમાં રત્નના ચોવીશ ભગવાનના બિંબો છે, દેખીને ઠંડગાર થઈ ગઈ. આવા ભગવાનના દર્શન મળ્યાં ને ખાલી હાથે જવાય ? સંભારણું લીધું. ચોવીશ ભગવાન તમે દર્શન આપ્યા તમારા ઉપકારની અવધિ નથી. ફૂલ નહિ તો ફૂલની પાંખડી. તમારી ખાતર વીશ વીશ આયંબિલ કરીશ. સંકલ્પ કર્યો, શાસનદેવે પાછી મૂકી દીધી.

આરાધના શરૂ કરી, પૂરી થઈ. ઉજમણું કરવું છે. અષ્ટાપદના ભગવાનના નિમિત્તે આવી તપશ્ચર્યા મળી હવે ઉજમણું શેનું કરવું ? ભરત ચક્રવર્તી તો કરી ગયા તેમાંનો એક અંશ પણ કરી શકું તેમ નથી. દરેક ભગવાનને તિલક ચડાવું. કિંમતી રત્નોના **૨૪ તિલક** બનાવ્યા. આ સૌંદર્ય વીરમતીમાં હતું. એમ મુનિને

બ્રહ્મચર્યથી પાડવાના નાટક કરનારી આજે દેવગુરુની ભક્તાણી થઈ છે. વિચાર કરે છે તિલક કોની સાથે મોકલું ? યાદ કરતાં શાસન દેવતા હાજર. શું કામ ? અષ્ટાપદ પર તિલક ચડાવવા જવું છે. શાસનદેવે તેને ત્યાં પહોંચાડી. ચોવીશ ભગવાનને તિલક લગાડ્યાં. જગતના તિલક સમા તીર્થંકરને તિલક ચડાવું તો મને પણ ક્યારેક તિલકસમા થવાનું મળે. કર્મસત્તાએ એવું જ રાખ્યું છે. **જે વ્યક્તિ ભગવાનને નમે તેને આખું જગત નમે.** તેની પૂજા આખું જગત કરે. માટે તો કહેવાય છે કે **જગદીશની પૂજા કરનારા જગતના પૂજ્ય બને છે.** પૂર્વના ચરિત્રો વાંચતાં મળે છે, કે જગદીશ કેમ બન્યા ? કહો કે તેમને ભગવાનને પૂજયા માટે. એવા અદ્‌ભૂત પુન્ય અને શુભ અનુબંધો ઉપાર્જ્યા કે જે ભવાંતરમાં જવાબ આપે છે.

વીરમતીને પણ એવું જ છે. તો પછી **દમયંતી**ના ભવમાં આપદા કેમ આવી ? તો કહો કે મુનિને બાર ઘડી હેરાન કર્યા તો **'બાર ઘડીના બાર વર્ષ કર્મસત્તાએ બતાવ્યાં'** એ અહીં નડતર રૂપે આવ્યું છે. **નળરાજા** જુગાર રમતાં હાર્યો. જંગલમાં મુકાયા. જો કે હમણાં પૂર્વભવની ખબર નથી. આગળ જ્ઞાની મળશે ત્યારે ખબર પડશે, પણ શાસ્ત્રના આધારે પોતે અભ્યાસ માંડ્યો કે મારા કર્મ સાબૂત હોત તો પતિને નાનો ભાઈ શું હરાવે ? જે થયું તે કર્મના વાંકે તેમાં પતિને દોષ ન દેવાય. મગજમાં આ કોતરી રાખો રોજ રોજ વાત-વાતમાં કોઈની ઉપર ગુસ્સો થાય ત્યારે વિચારવું કે **આ જે ખરાબ બને છે, તે મારા કર્મનો વાંક છે તેમાં કોઈને દોષ ન દેવો.** પાંચસો મુનિ ઘાણીમાં પિલાઈ ગયા. **ખંધકમુનિ**ની ચામડી ઉતરી. **ગજસુકુમાર**ને માથે સગડી મૂકાય છે, છતાં કોઈને દોષ આપતા નથી, પણ વિચારે છે કે **આ દુઃખ આપનાર એ તો ભાઈ થકી પણ ભલેરો છે. ખંધક મુનિ**ને મારાઓએ આવીને કહ્યું, મહારાજાનો હુકમ છે કે તમારી ચામડી ઉતારવાની છે. તો મનમાં આનંદની ભાવના વધતાં એટલી બધી વધી તો વિચારે છે કે **આ તો સખીજન ભાઈથી પણ ભલો છે,** કારણ કે મારા કર્મ હલકા કરવા માટે આ કામ કરે છે, બસ હવે મોક્ષ તો આ રહ્યો. માટે હે પ્રાણી (જીવ) ! તું કાયરતા કરીશ નહીં. બધા કચરા સાફ થવાના છે. ટેક રાખજે કે, હવે ભવના ફેરા ન થાય. તે સમજતા હતા કે વાંક કર્મનો છે એટલે ગુનો કોઈ કરે અને દંડો બીજાને મરાય ?

આ વિવેક **દમયંતી**માં છે જ્ઞાન છે, તેના ઉપર જીતી ગઈ. જોયું કે કર્મ રુઠ્યા છે તો પતિને આશ્વાસન આપે છે કે તમે મારી ચિંતા ન કરો. તો **નળ** કહે છે તમે જંગલમાં રખડો એના કરતાં તમે તમારા પિતાના ઘેર પહોંચી જાવ. **દમયંતી** કહે, મને તમારી સાથે રહેતાં જંગલ પણ રાજમહેલ લાગે છે અને તમારા વિના મહેલ મળે તો પણ જંગલ છે. આગળ જતાં નળ કહે છે કે આ કુંદનપુરનો રસ્તો છે. પણ **દમયંતી** કહે જવું જ નથી. આગળ ચાલ્યા નળને થયું આ સુકોમળ

કાયાવાળી દમયંતી ક્યાં રખડશે ! રાતે ઘણો વિચાર કર્યો કે હું કહીશ તો પિતાને ઘેર નહિ જાય પણ હું મૂકીને ચાલ્યો જઈશ તો જશે. પેલો ઉઠ્યો શરીર પરનાં કપડાં તો લૂંટાઈ ગયા હતા, પણ દમયંતી બાઈ માણસ એટલે એક સાડલો રાખ્યો હતો તેમાં પણ અડધું નળે ઓઢ્યું હતું અને અડધું દમયંતીએ ઓઢ્યું હતું. દમયંતીએ જે ઓઢ્યું હતું તેના પાલવના છેડા ઉપર લોહીથી લખ્યું કે જમણી બાજુ આપણું નગર, ડાબી બાજુ વિદર્ભ કોશલ કુંડનપુર છે. પોતે જાય છે પણ થોડે જઈ પાછો આવે છે મનમાનતું નથી. પછી આવું બે ચારવાર કરે છે, પણ કાળજું કઠણ કરીને રડતો રડતો જાય છે. હવે તો બંનેને માથે આફત વધી. આટલી બધી આફત ? ત્યારે તો આવે છે કે પૂર્વના પુરુષોને કેવા ઉપસર્ગ, પરીસહો આવ્યા. તેને સજ્ઝાયમાં એ મહાપુરુષોને યાદ કર્યા.

એક વખતના ચક્રવર્તી જબરજસ્ત વૈભવવાળા **સનતકુમારને** કર્મે એક કાચી સેકન્ડમાં કાયામાં ૧૬ રોગ ઊભા કરી દીધા અને રામ-સીતા-પાંડવો-દ્રૌપદી-નળ-દમયંતીએ વનવાસ ભોગવ્યો. છતાં જોવાનું એ છે કે આ પરિસ્થિતિમાં જીવોએ પોતાના **આત્માના સૌંદર્ય** કેવા કેળવ્યા ? નળ દમયંતીએ ભૂલ તો કરી પૂર્વ ભવમાં, પણ પાછા વળ્યા હતા. તે જ મુનિ પાસે શ્રાવકવ્રત લીધા. યાત્રા કરી તપ કર્યા બધુ એક જ ભવમાં કર્યું. અને તમને વિચાર થાય છે માસખમણ કરું કે નહિ ? પણ સમજી રાખો કે રેંગડાપેંગડા વિચાર કરવાથી મોક્ષ નહિ મળે.

દ્રાવિડ-વારિખિલ્લ બંને ભાઈઓ લડ્યા એક રાજના ટુકડા ખાતર. એક-એકનું લશ્કર ૧૦ ક્રોડનું હતું. તેમાંથી બંનેનાં લશ્કરની અડધી સંખ્યા એટલે પાંચ-પાંચ ક્રોડની લાશો પડી. કુલ ૧૦ ક્રોડની લાશ પડી ત્યારે એક તાપસે આવીને વાર્યા કે તમે ઋષભદેવ ભગવાનના વારસદાર અને રાજના ટુકડા ખાતર આ ધમાલ ? શરમ નથી આવતી ? જે તમારા ભગવાન એક કીડી સરખા કે એકેન્દ્રિયને મારવાની ના પાડે છે તેના વારસદાર તમે અને પંચેન્દ્રિયની લાશો પાડતા વિચાર નથી આવતો ? બંનેને ઠંડા પાડ્યા સંધિ કરી તો શું થયું ? વિચારે છે કે ૧૦ ક્રોડની લાશ પાડી છે એ પાપ એમ જ થોડું ધોવાય ? નક્કી કર્યું **"કમ્મે શૂરા તો ધમ્મે શૂરા"** એટલે તપ-સંયમમાં જંગે બહાદુરી કરવાની. લશ્કરને કહી દીધું હવે ધર્મલાભ ! પણ લશ્કર એમનું જ હતું. નેતાગીરીનું હતું. એટલે ? અમારો નેતા આટલી તાકાતવાળો, વૈભવવાળો ચારિત્ર લે છે ત્યારે અમારે શું ઠીકરા ચાટવા છે ? તરત જ ૧૦ ક્રોડે લોચ કર્યો માત્ર પોતાનાં નેતા ખાતર. હવે લાંબુ ચારિત્ર પળે તેમ નથી. "ઉપરથી પડ્યા ને ટપ મુઆ"નો સોદો કરવો છે. માટે સિદ્ધગિરિએ અણશન કર્યું. અણશન કરીને કાર્તિક પૂનમે મોક્ષે પધારી ગયા.

દમયંતી સવારે ઊઠીને જુવે છે ક્યાં ગયા ? ચારેકોર નજર નાખે છે. દેખાતા

નથી અને ત્યાં જ પાલવના છેડા ઉપર નજર પડી, વાંચ્યું પોક મૂકી. કર્મ તેં આ શું કર્યું ? મને દુઃખમાં પતિની છાયા એ કલ્પવૃક્ષની છાયા હતી. એ મૂકીને ગયા. પ્રાણની રક્ષા ઠીક પણ શીલની રક્ષા કેવી રીતે કરવી ? માટે નિર્ધાર કરે છે કે પતિ ન મળે ત્યાં સુધી પથારીમાં સૂવું નહીં. રંગીન કપડાં તથા દર દાગીના પહેરવાં નહિ. વધારામાં છ વિગઈ વાપરવી નહીં. શા માટે બંધ ? ખાવા ન ભાવે માટે ? ના, પતિનાં વિયોગમાં આ બધી ચીજો વિકાર જગાડનારી છે એટલે શીલની રક્ષા માટે બંધ. એ ખબર નથી ક્યારે પતિ મળશે ? આ સૌંદર્ય હતું એટલે, ન હોત તો રોઈને માથું પટકીને મરત. કર્મે આપેલી આપદા સમાધિપૂર્વક પસાર કરવાની... ને આપદા દરમ્યાન શીલ ન લુંટાય તે માટે વાડ બાંધી દીધી. વિકારના સાધનો બંધ. એકલી છું હવે બેસવું નકામું છે. ચાલતી પકડી અને પહેલો જ રાક્ષસનો ભેટો થયો. ખાંઉ ખાંઉ કરતો આવ્યો પણ નવકાર ગણીને હુંકારો ભણ્યો રાક્ષસ ઠંડો પડ્યો. તરત જ કહ્યું, જો દૂર રહેજે નજીક ન આવીશ. મને લાગે છે તારે શ્રાપ નથી જોઈતો, માટે આમ કરીને કહ્યું શું ? તો કહો કે નજીક આવીશ તો શ્રાપ મળશે.

"શંખણીનો શ્રાપ ફળે નહિ અને સતીનો શ્રાપ ફેલ થાય નહિ." રાક્ષસ સેવા માંગે છે. સેવા તો કાંઈ નહિ પણ તું આ ધંધો બંધ કર. દારૂ-માંસ બંધ કર. આગળ ચાલતાં ભોરીંગ સાપ, ચોર આવ્યા પણ એક જ હિસાબ છે. ગળથૂંથીમાંથી નવકાર મેળવ્યો છે. શ્રદ્ધા છે મારો નવકાર ત્રણ ભુવનને નમાવે એવો છે. ચોરો સામે ત્રણ નવકાર ભણીને જે ત્રણ હુંકારા કર્યા ચોરો થીજી ગયા. સાપને પણ ઊભો રાખી દીધો. ગૃહસ્થપણામાં નવકાર ગણો છો ને ? પણ શ્રદ્ધા સાથેનો ? બોર્ડ વંચાય તેવો ? દમયંતીએ એ નવકાર ગણ્યો છે, એક નવકાર સવારે ગણવાનો પણ તે એન્ડ ટાઈમ સમજીને... નાભિમાંથી બોલાય. નમો અરિહંતાણં બોલતા એમ સામે અનંતા અરિહંતો દેખાય. નમો સિદ્ધાંણમાં મોટી સિદ્ધ શીલા ઉપર અરૂપી સિદ્ધો અનંતા દેખાય. નમો આયરિયાણંમાં પાટ ઉપર અનંતા આચાર્ય દેખાય. નમો ઉવજ્ઝાયાણંમાં બાજોઠ ઉપર બેઠેલા અનંતા ઉપાધ્યાય પાઠ આપતા દેખાય. અને નમો લોએ સવ્વસાહૂણંમાં અનંતા સાધુ કાઉસ્સગ્ગ કરતાં દેખાય. આવો નવકાર તારણહાર બને છે.

દમયંતી આગળ જાય છે એક સાર્થવાહ મળે છે. બાઈ લાગે છે તો ઉત્તમ ઘરની... એટલે પૂછ્યું કેમ એકલી ? ધણી જંગલમાં મૂકી ભાગી ગયા. તું ચિંતા ન કર. હું તારા ભાઈ જેવો છું. સથવારો આપ્યો પણ રંગ જોવે છે. એકવાર સાર્થવાહની દૃષ્ટિમાં વિકાર દેખ્યો. એ તો બહેનો પારખી શકે. રાહ શું જોવાની ? અડધી રાતે ઊઠીને ચાલી નીકળી. સવારે સાર્થવાહ તપાસ કરે છે, પણ મળી

નહીં. હવે આ ચાલતી ચાલતી એક પર્વતની તલેટીએ આવી. ત્યાં તાપસનો આશ્રમ છે. તાપસો તપ તપે છે. પર્વતમાં ગુફા છે. ત્યાં રહેવામાં વાંધો નથી. કારણ કે તાપસો વિષયી નથી અને સ્થાન બંને જુદા છે. ગુફામાં રહી છે. ચોકખી માટી લાવીને શાંતિનાથ ભગવાનની મૂર્તિ બનાવી પ્રાર્થના કરે છે. મારે તમારું શરણું છે. ફૂલો લાવીને પૂજા કરે છે, શાંતિનાથનો જાપ કરે છે. તેમના ચરિત્ર સંભાળે છે. કારણ કે તેમનાં શાસનમાં છે. તત્ત્વોને-મહાપુરુષોને યાદ કરે છે. ૧૨ ભાવના ચિંતવે છે. આજ કામ રાખ્યું છે.

આપણી સાધનામાં પ્રાણ-ઉત્સાહ કેમ નહિ ? કારણ સાધના કરતા નથી આવડતી, અહોભાવ નથી. કોનું શાસન ? કેવું શાસન ? કેવો ધર્મ ? એવો અહોભાવ જોઈએ. દમયંતી આ કરે છે. આનાથી સમ્યગ્દર્શન નિર્મળ થયું, પાવરફુલ થયું. એકબાજુ શીલ છે, બીજી બાજુ સમકિત છે. આત્માનું સૌંદર્ય વધ્યું છે. આ કમાવાનું મૂકીને નાદાન જીવને પોક મૂકતા આવડે છે. કોઈવાર માંદગી આવે તો કેટલાને કહી સંભળાવો ? દમયંતી પાસે એ છે કે કેવું શાસન મળ્યું ? કેવી ભક્તિ છે ? એનો પ્રભાવ કેવો પડ્યો ? એકવાર મુશળધાર વરસાદ પડે છે. વાદળા કાળા છે. તાપસો ચીસો પાડે છે હવે ક્યાં જઈશું ? આ સાંભળી દમયંતી બહાર આવીને બોલી હે પ્રભુ ! મારું શીલ સમકિત સલામત હોય તો આ લોકોને બચાવવાની તાકાત આપો. દંડુકી લઈને આશ્રમની ચારે બાજુ કોર્નર કરી રેખા દોરી વરસાદનું એકટીપું ત્યાં પડતું નથી. પૂરનો વળાંક બદલાઈ ગયો. આશ્રમ સલામત જોઈને અને દમયંતીનું આ કામ જોઈને તાપસો મોઢામાં આંગળા ઘાલી ગયા. ઓ દેવી ! તું કોણ ? તારી આ તાકાત ? ભાઈઓ ! આ તાકાત શ્રી જિનેશ્વર દેવોની છે.

"અરિહંત ઉપર ગાંડાતુર બનવું છે. એ શીલ અને સમકિત બે ચીજ આપે છે." એટલે તો શાસ્ત્રે **વજસ્વામી**નાં ગુણ ગાયા. શીલ સમકિતનું તુંબડું રાખીને મોટા મોહસાગરને તરી ગયા. બાપ રૂક્મિણી કન્યા સાથે ૧ ક્રોડનું ધન આપવા કહે છે, પણ રૂક્મિણીને પરણવાનું નહીં પણ તેને પણ સાધ્વી બનાવી. શીલ-સમકિત ઉપર ૫૦૦ તાપસો જૈન ધર્મ પામ્યા. જૈન ધર્મની ઓળખ કરાવી. પછી તે ત્યાં શું ખાતી હશે ? તો કહો કે ફળાદિ મળે તો ખાઈ લે, નળ છૂટો પડ્યો ત્યારથી ઉપવાસને પારણે ઉપવાસ શરૂ કરી દીધા છે એ સમજીને કે આમેય કુદરતે સંયોગ કરી આપ્યા છે. મસ્તીથી સાત વરસ કાઢ્યા. સાર્થવાહ આવીને જુએ છે તો તાજુબ થઈ ગયો અને ત્યાં તાપસપુર ગામ વસાવે છે, અને દમયંતિના ઉપદેશથી શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર બનાવે છે. પતિ ક્યારે મળે તેની ઝંખનામાં છે ત્યાં કોઈએ સમાચાર આપ્યા મેં નળને જોયો તો તેની પાછળ દમયંતી ચાલે છે, પણ અધવચ્ચે પેલો માણસ અવળા રસ્તે ચાલી નીકળ્યો દમયંતી એકલી

પડી. પાછો જવાનો રસ્તો પણ ભૂલી ગઈ. ત્યાંથી ચાલતા ચાલતા માસીના નગરમાં આવી.

રાજા **ઋતુપર્ણ માસા** છે. દાસીઓ લઈ આવી. માસીએ જોયું ઘણા વર્ષોથી મળી છે, ઓળખતી નથી. હવે અહીં રહે તેમ કહે છે, પણ આ કહે હું મફતિયું ખાઉં નહિ. તો શું "આવી મળવા ને બેસાડું દળવા" ? તો તારે શું કરવું છે ? મારે દાન શાળામાં સેવા જોઈએ. રાજા હતો એટલે દાનશાળા ખોલી આપી. આને મનમાં આશા હતી કે કદાચ પતિ ફરતા ફરતા અહીં દાન માટે આવી જાય તો સંયોગ થઈ જાય. માસી ભાણજી એકબીજાને ઓળખતા નથી, પછી દમયંતીના **પિતા ભીમરાજા**ને ખબર પડી કે નળ-દમયંતી જંગલમાં છે, તે ચિંતામાં હતો ત્યાં કોઈએ સમાચાર આપ્યા મેં દમયંતીને ઋતુપર્ણ રાજાને ત્યાં દાનશાળામાં જોઈ છે. તેને માણસો મોકલ્યા ત્યારે વાત જાણીને માસી પણ શરમાઈ ગઈ. મેં તારી પાસે નોકરી કરાવી ? પણ માસી ! તેમાં તમારો વાંક નહોતો તમે તો મને સારું સ્થાન આપ્યું હતું. પછી દમયંતી પિતાને ત્યાં જાય છે.

આ બાજુ નળ દમયંતીને મૂકીને નીકળી ગયો છે અને રસ્તામાં અચરીજ જોયું. આગમાં બળતો સાપ માનવીની ભાષામાં બોલે છે કે "નળ ! તું મને બહાર કાઢ અવસરે હું તને કામ આવીશ". પછી નળે તેને બહાર કાઢ્યો પણ સાપે ડંશ માર્યો. શરીરનું રૂપ બદલાઈ ગયું એટલે નળ કહે અલ્યા આમ ઉપકાર ઉપર અપકાર ? સાપ કહે અપકાર નથી કર્યો ઉપકાર કર્યો છે. તું રખડતો છે એટલે કોઈ દુશ્મન તને ઊંચકી ન જાય માટે તારું રૂપ બદલવા આ પેંતરો મેં કર્યો છે, હું તારો પિતા છું, નળનો પિતા નિષધ રાજા ચારિત્ર લઈને દેવ બન્યા હતા. છોકરો યોગ્ય ઉંમરમાં આવતા રાજગાદી સોંપીને ચારિત્ર લીધેલું. નળે અત્યારે અજ્ઞાનતા કરી છે જુગાર રમી હાર્યો છે. હવે એની રક્ષા કરવા માટે કહે છે કે લે આ કરંડીયો અને એક દડો.

જ્યારે મૂળરૂપમાં આવવું હોય ત્યારે કરંડીયામાંથી કપડાં પહેરી લે જે અને દડામાંથી દાગીના પહેરજે. તું મૂળરૂપમાં આવીશ. મારે કેટલી આપદા ? ૧૨ વર્ષની. નળને ચિંતા નથી. સમજે છે કે પૂર્વનું આપણું કરેલું આવ્યું છે તો હિસાબ ચુકવતા ચાલો. બાપ દેવ કહે છે કે અવસરે હાજર થઈશ. આ બાજુ **નળ દધિપર્ણ રાજાની નોકરીમાં** રહે છે. મને હાથીને વશ કરતા આવડે છે, અને સૂર્યના તેજથી રસોઈ પકાવતા આવડે છે. રસોઈયા તરીકે રહે છે. એકવાર રાજાનો પટ્ટહસ્તિ તોફાને ચડ્યો તો આ નળે પોતાનો ખેસ કાઢીને ડૂચો વાળીને દડો બનાવી હાથીની સામે ફેંકે છે. હાથી ગોળ ફરે છે અને થાકીને લોથપોથ થઈ ગયો એટલે તે હાથી ઉપર ચડી બેઠો અને માથામાં એક મુક્કો માર્યો અને પોતાને સ્થાને લાવીને બેસાડી

દીધો. રાજા પૂછે છે આ વિદ્યા તો નળરાજા જાણતો તે તને ક્યાંથી આવડે ? તો હું નળરાજાનો રસોઈયો હતો. નળરાજા જુગાર રમતા હારી ગયા એટલે પોતે જંગલમાં ચાલી નીકળ્યા.

હવે હું શા માટે લે ભાગુ નાનાભાઈની સેવામાં રહું ? એટલે હું ત્યાંથી ભાગ્યો છું. સૂર્યના તેજથી ભોજન બનાવી બતાવ્યું. અહીંથી તેનો દૂત ભીમરાજાને ત્યાં ગયેલો તેણે આ વાત કરી તે સાંભળીને દમયંતી કહે તેને અહીં બોલાવો અને સ્વયંવરનું નામ પાડો. તે મુજબ કર્યું. હવે ૮૦૦ ગાઉ દૂર દધિપર્ણ રાજાને છેલ્લે સમાચાર મોકલ્યા, એ સમજીને કે જો નળ હશે તો આવી પહોંચશે. રાજા રસોઈયા નળને પૂછે કે આપણે પહોંચવું છે, તો તે કહે હું પહોંચાડું છું. કહીને સારો ઘોડો ઉપાડ્યો. બેઠા ને પવન વેગે ઘોડાને દોડાવે છે. રસ્તામાં રાજા કહે મારું કપડું પડ્યું જરા ઘોડો રોક ....તો મહારાજ માફ કરો... ૧૦૦ ગાઉ દૂર ગયું. શું કહે છે ? હા, ઘોડો ઉડે છે. લઈ આવ્યા દમયંતીને ત્યાં. ત્યારે દમયંતી કહે પિતાજી આમના હાથે મને તિલક કરાવો તેમની આંગળીના સ્પર્શથી હું ઓળખીશ-તિલક કરાવ્યું તો દમયંતીને ઝણઝણાટી થઈ. તરત બોલી, 'ઠગોડાં ! કુરૂપ રૂપ કરીને હવે ક્યાં જશો ?' ત્યારે નળે કરંડીયામાંથી કપડાં કાઢીને પહેર્યા અને મૂળરૂપ પ્રગટ કર્યું. દાગીના પહેર્યા પછી નળે કુબેર નાનાભાઈને કહેવડાવ્યું.

હવે આવી જા જુગાર રમવા... શરત રાખી જે હારે તેનું રાજ જાય. નક્કી કરીને જુગાર રમ્યા એક જ દાવમાં કુબેરને હરાવ્યો પણ આત્મામાં સૌંદર્ય છે એટલે મનમાં ગાંઠ ન રાખી કે તેમને હરાવીને જંગલમાં મૂકવો. તેને યુવરાજ કરીને સ્થાપ્યો. મહાપુરુષો કેવું જીવન જીવી જીતી ગયા તેના આ સંભારણા છે. એ જીવનમાં ન ઉતરે તો "તળાવે જઈને તરસ્યા આવ્યા" એના જેવું થશે. વિચાર કરો ૧૨ વર્ષ જંગલમાં રખડતાં રહ્યા હવે સારા સારી થઈ છે તો ભોગવવા ને બદલે સંસાર ત્યાગ કર્યો આ જિગર આપણી છે ? બંને સંયમ પાળે છે. સંયમથી વૈમાનિક વિમાનમાં જવાય પણ થોડા ઢીલા પડ્યા તો પિતા દેવે સાવધાન કર્યા અને કહ્યું તું ત્રણ ખંડનો ધણી સામાન્યથી, ત્રણ ખંડનો ધણી વાસુદેવ હોય. આ સાંભળીને ઢીલાશ ઓછી કરી. પણ પાછી ફરી થોડી ઢીલાશ આવી તેને કારણે કાળ કરીને ધનનો દેવ કુબેર થયો.

દમયંતી દેવી થઈ. દેવીનું આયુષ્ય ઓછું હોય એટલે તે મરીને કૃષ્ણના પિતા વસુદેવ હતા જે કૃષ્ણને ૧૬ હજાર રાણીઓ પણ વસુદેવને ૭૨ હજાર રાણીઓ હતી. કારણ કે પૂર્વમાં નંદીષેણ મુનિ હતા. ત્યારે સાધુ વૈયાવચ્ચ ખૂબ કરી હતી. તેમાં આ દમયંતી કનકવતી નામે છે. અણશન કરીને મોક્ષે જાય છે. *આ દમયંતી કે જેના જીવનમાં સૌંદર્ય ભર્યા હતા. સહિષ્ણુતા-ધૈર્ય-ઉદાસીન ભાવ*

એટલા બધા હતા કે કોઈ દિવસ જાતને ટોણો માર્યો નથી. આત્મામાં શીલ-સદાચાર બ્રહ્મચર્ય વગેરે સૌંદર્ય લાવવા પ્રયત્ન કરો અને જીવનને ગુણોથી મઘમઘતું બનાવો. અંતકાળ એવો આવશે કે દમયંતીને જેવો આવ્યો. જીવનમાં આ ગોખી રાખો કે **"આપત્તિમાં કર્મના વાંકે બીજાને ગાળ ન દેવી"** આવું સુંદર જીવન બનાવો.

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૩"** શ્રાવણ સુદ-૪

શ્રી નેમિનાથ ભગવાનના ૯ ભવનું વર્ણન

उज्जिंत सेल सिहरे दिक्खा णाणं निसिहिया जस्स ।
तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ॥

મહાન અક્રમ તપની શ્રી નેમનાથ ભગવાનની આરાધના આજથી શરૂ થાય છે. આમાં નેમનાથ ભગવાનના ૯ ભવ સંક્ષેપથી જોવાનાં છે. ભગવાને તે તે ભવમાં કેવા પરાક્રમ કર્યા ! ભગવાન પહેલા ભવમાં **ધનકુમાર** નામે રાજકુમાર હતા ત્યારે માતાને સ્વપ્ન આવ્યું કે કોઈ માણસ તેમને કહી રહ્યો છે કે તારા આંગણામાં હું આંબો વાવું છું પણ તું અભિમાન ન કરીશ. આ આંબા ૯ ઠેકાણે વાવવાનો છું. જાગીને રાજાને વાત કરી. જ્યોતિષીને બોલાવી પૂછ્યું. તેણે કહ્યું મહારાજા ! સ્વપ્નું તો ઘણું ઉમદા છે. પણ નવ જગ્યાએ વાવીશ એ જે કહ્યું તેનો અર્થ મને ખબર નથી. ધનકુમારનો જન્મ થયો પછી અનુક્રમે મોટા થયા. રૂપ સૌંદર્ય અલૌકિક છે. ત્યાં એક ચિત્રકારને થયું કે આ કુમારનું ચિત્ર દોરીને બધાને બતાવું તેથી બધા ખુશ થાય અને સાથે સાથે પરદેશમાં પણ લઈને ફરું. જેથી બહુ રૂપાળા હોય ને અભિમાન હોય તો ઓગળી જાય. એમ કરી ફરતો ફરતો કુસુમપુર નગરમાં આવ્યો. તે નગરનાં રાજા સિંહકુમાર છે. વિમળા રાણી છે તેમની પુત્રી **ધનવતી** છે. આવીને ચિત્ર બતાવતાં કહ્યું હું અચલપુરથી આવું છું. 'આ ચિત્ર ઈન્દ્રનું છે ?' આ તો આ લોકના માનવીનું છે. તો કોનું છે ? અમારા રાજાના દીકરા ધનકુમારનું ચિત્ર છે. આ રાજાને ચિંતા હતી, કન્યા માટે યોગ્ય વર મળે તો સારું.

આ ચિત્ર ધનવતીને બતાવે છે. તે જોઈ ધનવતી કુમાર ઉપર પત્ર લખી આપે છે. તેમને ચિત્રકારને ત્યાં કહેવા મોકલ્યો. આ કન્યા સ્વીકારવી છે ? તો દૂત દૂત જઈને પહેલા રાજાને સંદેશો કહે છે. રાજા પૂછે કન્યા કેવી ? તો કહે બંનેને સામ સામે ઊભા રાખીએ તો એક બીજાના રૂપને ટપી જાય તેમ છે. રાજાએ મંજૂરી આપી. પેલો પત્ર ધનકુમાર વાંચે છે. પત્રમાં લખ્યું હતું. 'શિશિર ઋતુમાં

શોભતી પદ્મીની સૂર્યનાં કિરણોને ચાહે છે.' તેનો જવાબ કુમાર લખી આપે છે. દૂત ત્યાં જઈને વાત કરે છે. રાજા તૈયારી કરાવે છે. ધનવતી પત્ર વાંચે છે કે 'સૂર્યનો સ્વભાવ છે કે પૃથ્વી પર ઉદય પામે એટલે કમલીની વિકસ્વર થાય તેને પ્રાર્થના કરવી નથી પડતી તે તો પ્રકાશ વેરે છે. જેને ખપ હોય તે લઈ લે છે.' એટલે એનો અર્થ એ છે કે હું સ્પર્શ કરું તે મારો સ્વભાવ છે. રાજીમતિ પહેલા ભવમાં ધનવતી. ૩ જા ભવમાં રત્નવતી, પાંચમા ભવમાં પ્રીતિમતિ, સાતમાં ભવમાં યશોમતિ, નવમાં ભવમાં રાજીમતિ. નેમનાથ ભગવાન પહેલા ભવમાં ધનકુમાર, ત્રીજા ભવમાં ચિત્રગતિ વિદ્યાધર, પાંચમાં ભવમાં અપરાજીત, સાતમાં ભવમાં શંખરાજા. નવમાં ભવમાં નેમિકુમાર. વચ્ચેના ૨-૪-૬-૮ ભવ દેવનાં છે. કન્યા લઈને દૂતો આવ્યા લગ્ન કરી કન્યા સોંપી. ગામમાં એકવાર ચાર જ્ઞાનના ધણી મુનિ વસુંધર આવ્યા ત્યારે જઈને વંદનાદિ કરીને પૂછે. પ્રભુ ! કુમાર ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતાને સ્વપ્ન આવ્યું. તેમાં નવ ઠેકાણે આંબા વાવીશ એમ માણસે જે કહ્યું તેનું શું ? મુનિએ તેનો વિચાર બેઠા બેઠા જ્ઞાનમાં જોઈને કહી દીધું. રાજન્ ! આ ધનકુમાર આગળ જતાં ૨૨ માં નેમિનાથ ભગવાન થશે એટલે તે અહીં આંબો વાવી ગયા છે. તેવું નવ ઠેકાણે વાવેતર થશે એટલે **નવમાં ભવમાં નેમિનાથ બનશે.** નવ વાવેતરનું ફળ મોક્ષ લઈ લેશે.

રાજા ખુશ થયા મારે ત્યાં તીર્થંકરનો જીવ ! ધનકુમારની લાયકી-ગુણો ઉપર પિતાને આદર ભાવ હતો. પોતે કળા વગેરેમાં હોશિયાર છતાં માતાપિતા આગળ હાથ જોડીને વાત કરે. રાજા કાળ કરી ગયા. પછી ધનકુમાર રાજા ધનવતી રાણી થાય છે. વળી પોતે બહાર ફરવા નીકળ્યા છે. ત્યારે રસ્તામાં એક બાજુ મુનિચંદ્ર નામના મુનિ મૂર્છિત થઈને પડ્યા છે. પવન નાખે છે. મુનિ ભાનમાં આવે છે ત્યારે પૂછ્યું શું થયું ? મુનિ કહે સંસારના ભ્રમણથી થાકી ગયો છું. ખેદ છે હમણાં તો સાથે સાર્થ હતો, પણ રસ્તો ભૂલી ગયો અને રખડતાં રખડતાં શરીરની શક્તિ ઓછી થવાથી આવું બન્યું. પણ તું સમજજે અત્યારે ભલે તું રાજા હોય, પછી છેવટે થાકવાનું છે. નગરમાં લઈ આવ્યો. વૈયાવચ્ચ કરે છે. સારું થયા પછી મુનિ ઉપદેશ આપે છે. જુઓ આ સંસારમાં અનંતા જીવો પરિભ્રમણ કરે છે તેમ આપણે પણ ચાલુ છે. ઊંચા મનુષ્ય જન્મમાં આવ્યા છો, જેથી સંસારનો રઝળપાટ બંધ થઈ શકે છે. સંસારથી તારનાર દેવગુરુ-ધર્મની ઓળખ આપી. સમ્રાટ બનો તે જન્મની લહાણી નથી, લહાણી એ છે કે દેવ-ગુરુ-ધર્મ ઉપર અટલ શ્રદ્ધા.

મહાવ્રત ન બને તો અણુવ્રતોને જે આરાધે તે પંડિત મરણ પામે છે. તેથી જવા ટાણે તેને રોવું ન પડે. માટે કહ્યું કે, **"जब आये तुम जगत में..."** "જન્મ્યા ત્યારે તમે રોતા હતા અને જગત હસતું હતું, પણ હવે એવી કરણી કરી જાવ કે

તમે હસો અને જગત રુવે." ધનકુમાર-ધનવતી કહે મહાવ્રતની તાકાત નથી એટલે ૧૨ અણુવ્રતો તથા સમકિત લીધું અને હવે આરાધના કરીને મહાવ્રતની તાકાત મેળવે છે. **શ્રાવકના લાખો ભવ કરો પણ છેલ્લે જ્યાં સુધી ચારિત્ર ન લો, ત્યાં સુધી મોક્ષ નથી.** મુનિની દેશના કાતિલ છે અને સંસારના જાલિમ દુઃખોનું વર્ણન કરે છે. વનરાજ સિંહની ગર્જનાથી હાથીઓ પણ ગગડી ઉઠે છે, તો તીર્થંકરની દેશના સિંહનાદ જેવી છે. તેનાથી હૈયાના મદોન્મત્ત રાગ-દ્વેષ ભાગી જાય છે. ત્યારે ઉપમિતિમાં લખ્યું કે એક વિકથા આચાર્યનાં શરીરમાં પેસી તો આચાર્ય ચારિત્રથી ચૂક્યા અને નિગોદમાં ગયા. તેમ રહનેમી રાજીમતીને લલચાવે છે કે ચારિત્ર ચારિત્ર શું કરો ? ચાલો ઘેર જઈ સુખ ભોગવીએ. વૃદ્ધપણે દીક્ષા લઈશું. પૂર્વે કેટલાય ઘરે ગયા અને પાછા દીક્ષામાં આવી તરી ગયા. ત્યારે રાજીમતી ઉત્તરમાં કહે છે કે, વ્રત ભાંગીને જે ગયા તે નરકે ગયા. અને મોટા પૂર્વધરો પણ નિગોદમાં ગયા. જૈન ધર્મમાં એકાંત નથી, પણ બ્રહ્મચર્યની બાબતમાં એકાંત છે. પછી ધનકુમાર-ધનવતી જ્યારે વસુંધર મુનિ આવે છે ત્યારે ચારિત્ર લે છે, અને સુંદર ચારિત્ર પાળી દેવલોકમાં જાય છે. ત્યાંથી **ત્રીજા ભવે ચિત્રગતિ.** ધનવતી તેની રાણી **રત્નવતી** થાય છે. રત્નવતીનો બાપ અનંગસિંહ છે.

નિમિત્તિયાને પૂછે છે કે મારી કન્યા હીરા જેવી છે તેને યોગ્ય પતિ ક્યારે મળશે ? ત્યારે તેણે કહ્યું, તમારી સામે કોઈ લડવા આવશે અને તમારા હાથમાંથી તલવાર ખૂંચવી લેશે તેના ઉપર પુષ્પવૃષ્ટિ થશે તે તમારી કન્યાનો પતિ સમજવો. રાજાને થયું મારા હાથમાંથી તલવાર ખૂંચવે ? પણ કાંઈ નહિ તેવો પરાક્રમી મારી કન્યાને મળે છે ને ? હવે સુગ્રીવ નામે રાજા તેને યશસ્વી અને ભદ્રા બે રાણી છે. યશસ્વીને સુમિત્ર નામે પુત્ર થાય છે. ભદ્રાને પદ્મ નામે પુત્ર છે, પણ ભદ્રાને ઈર્ષા આવી કે સુમિત્ર મોટો છે તેને રાજ મળશે. મારો દીકરો રહી જશે એટલે તેણે સુમિત્રને ઝેર આપ્યું. તે નિશ્ચેત થઈ ગયો છે. તપાસમાં આ કામ ભદ્રાનું છે તેની જાહેરાત થઈ એટલે ભદ્રા ભાગી ગઈ. સુમિત્ર મરણ પથારીએ છે. રાજા ભારે કલ્પાંત કરે છે તે સમયે ચિત્રગતિ બહાર ફરવા ગયો હોય છે અને આ જોવે છે. તે જોઈ નીચે ઉતરી હકીકત જાણી પછી પાણી મંત્રીને છાંટ્યું સુમિત્ર ઊભો થયો. સુમિત્રને ચિત્રગતિ સાથે મિત્રાચારી થઈ.

બીજી બાજુ કમલ નામે પુત્ર છે તે ચિત્રગતિની બેન ઉપાડી લાવે છે. હવે ચિત્રગતિને અનંગસિંહ સાથે લડાઈ કરવાનો અવસર આવે છે. સુમિત્ર સહાયક છે. ચિત્રગતિ વિદ્યાના બળે ચારેકોર અંધારું કરી દે છે. અને રાજાના હાથમાંથી તલવાર ખેંચી લે છે. આ બાજુ સુમિત્ર વૈરાગ્યથી ચારિત્ર લે છે. પેલો વેરથી બાણ મારે છે. મુનિ કાળ કરીને ૫ માં દેવલોકમાં ગયા. તે નંદિશ્વર દ્વીપ ઉપર આવ્યો

છે. આ બાજુ ચિત્રગતિ અને અનંગસિંહ ત્યાં આવે છે. દેવે જોયું. આ મને જીવતદાન આપનાર છે. તે અવસરે તેને પુષ્પવૃષ્ટિ કરી. નિમિત્તિયાની વાત સાચી પડી હવે શું ? નક્કી કરો અઠ્ઠમ કરવો જ છે અને માસખમણ કરવું છે. આટલું બધું ? એમ ન કરતા. એક છોકરો હતો રૂ લાવીને ઓરડો ભર્યો. ડોશી કહે આટલું બધું કોણ કાંતશે કોણ પીંજશે ? તો છોકરો કહે મા શિયાળામાં ઘઉંની કોઠીઓ ભરું ત્યારે કહેજે કે આટલું કોણ રાંધશે ? કોણ ખાશે ? તો દીકરા બધું એકી સાથે થોડું રાંધવું છે. તો મા આ રૂ એકી સાથે થોડું પીંજવાનું છે ? થોડું થોડું કરવાનું તેમ માસખમણ પણ એકી સાથે નથી કરવાનું ઠબુક ઠબુક કરીને આગળ વધવાનું છે. આ અખતરો કરવા જેવો છે. સંસારમાં પાપના અખતરા ઘણા કર્યા.

હવે ધર્મમાં અખતરો કરવો જોઈએ. શાસ્ત્ર બતાવે છે, ત્રણ ઉપવાસ ઉપર થાય એટલે તેનું શરીર દેવાધિષ્ઠિત થાય છે. ચિત્રગતિને અનંગસિંહે રત્નવતી પરણાવી. પછી મહાત્મા મળ્યા ધર્મ પામ્યા. ચારિત્ર લઈને અણશન કર્યું અને ચોથા દેવલોકમાં ગયા. **૫ માં ભવમાં** અપરાજિત રાજકુમાર થયા. મંત્રીપુત્ર વિમળબોધ સાથે દોસ્તી થાય છે, ઘોડેસવારે બને ફરવા નીકળ્યા. ઘોડા અવળી શિક્ષાના હતા. એટલે લગામ ખેંચે તો ઘોડા ઊભા રહેવાના બદલે દોડી દૂર ગયા. ઘોડા મરી ગયા. બંને પાછા ફરે છે તેમાં પ્રીતિમતિ અને રત્નમાળા બંને કન્યાને આફતમાંથી છોડાવે છે. પ્રીતિમતિનો લગ્ન સ્વયંવર મંડાયો છે. અપરાજિત ત્યાં જાય છે. બાવાનું રૂપ કરે છે. બધા રાજાઓ પૂછે બાવાજી ! કન્યા જોઈએ છે ? હા, પ્રીતિમતિની સમસ્યાનો જવાબ આપવા ઊભો થયો. જવાબ મારી લાકડાની પૂતળી આપશે. જવાબ પૂતળીના મોંઢે અપાવ્યો. અને પ્રીતિમતિ તેને પરણી ત્યારે બધા કહે આવા બાવાને પરણવું હતું તો અમને કેમ બોલાવ્યા ? બધા તલવાર કાઢીને ઊભા થયા. ત્યાં અપરાજિત પૂર્વની સાધનાનું અથાગ પુણ્ય લઈને આવેલા હોઈ એ સિંહનાદ જેવી ગર્જના 'કરે છે, બધાના મોતિયા મરી ગયા. વિવાહ મહોત્સવમાં બધા વિરોધી સામેલ થયા. અપરાજિત પ્રીતિમતિને પરણી રાજપાટ ભોગવે છે. અવસરે ચારિત્ર લે છે. અને ૧૧ માં દેવલોકમાં ગયા.

પછી **સાતમાં ભવમાં શંખકુમાર** થાય છે. શ્રીષેણ રાજા છે. શ્રીમતિ માતા રાણી છે. સુંદર સ્વપ્ન પૂર્વક જન્મ થાય છે. બધી કળા શીખે છે. રાજા પાસે ફરિયાદ આવી કે પલ્લિપતિ લુંટારો લોકોને દુઃખ આપે છે. ત્યારે શંખકુમાર પિતાનો આદેશ લઈને ગયો. પેલાને પકડી લીધો, માલ કઢાવ્યો. બધાને આપી દીધો. પાછા વળતા એક બાઈ રોતી દેખી, કારણ પૂછ્યું, તેણે કહ્યું અમુક નગરમાં જીતારી રાજા રહે છે. તેને યશોમતિ કન્યા છે જે તે શંખનાં ગુણ સાંભળીને માતાને કહ્યું મારે એજ પતિ જોઈએ. પણ તેને વિદ્યાધર ઉપાડી ગયો હવે હું તેની ધાવમાતા છું.

મારે રાજાને શો જવાબ આપવો ? શંખ કહે છે કે હું તપાસ કરું છું. પર્વતોની ગુફામાં ફરે છે. તેમાં એક ગુફામાં કન્યા કકળતી હતી. પેલો કહે છે તું માની જા નહિ તો અગ્નિના કુંડમાં નાખું છું. પેલી કહે બળી મરું હા, પણ આંગળી મને અડાડીશ નહીં. ત્યાં શંખ પહોંચ્યો અને વિદ્યાધરને લાત મારી ને ઉછળીને પડી ગયો.

પછી ઊભો થઈને શંખને હીરા-માણેક ભેટ ધરે છે. ભૂલના પ્રાયશ્ચિત્ત પછી કન્યા તેનાં બાપને પહોંચાડી. વિમલબોધ મંત્રીએ રાજાને શંખની ઓળખ આપી. પછી કન્યા પરણાવી પછી અવસરે ચારિત્ર લે છે. મનોરથ ઊંચા છે. વીશસ્થાનકની આરાધના કરે છે. માત્ર ઉપવાસથી નહીં, તીર્થંકરનામ કર્મ રસ્તામાં નથી પડ્યું. સાથે તપ-ત્યાગ-ધ્યાન-વૈયાવચ્ચ કરે છે. શ્રેણિક-સુલસા વગેરેએ આવી રીતે આરાધના કરી તો તીર્થંકર નામ કર્મ બાંધ્યું. શ્રેણિકે ઉપવાસ બહુ નહિ કર્યા હોય પણ અરિહંતની ત્રિકાળ-પૂજા-તે પણ સાથિયા માટે તાજા ઘડેલા જવલા જોઈતા હતા. તેમાં તો મેતારજ મુનિ ગોચરી આવ્યા ને સોની વહોરાવવા અંદર ગયો. ક્રૌંચ પક્ષી જવલા ચણી ગયું. મુનિ બહાર નીકળ્યા પછી જવલા દેખાયા નહિ. મુનિ સિવાય બીજા કોઈ આવ્યા નથી. તેથી મુનિએજ લીધા હશે એમ માની મુનિને તડકે રાખ્યા. વાધર વીંટી મુનિ કાળ કરી ગયા. અને જવલા પક્ષીએ લાકડાની ભારી નીચે પટકાતાં વિષ્ટામાં કાઢ્યા. તેથી સોની ત્યાં જ રાજાનાં ભયથી ચારિત્ર લે છે. પછી રાજાને ખબર પડી. તો કહ્યું હવે ઓઘાને મૂક્યો છે તો ઘાણીમાં ઘાલીશ, પાળ્યું.

ભગવાનના સુખશાતાના સમાચાર મળે તો સામાને લક્ષ્મીથી નવરાવી દે. ચેલણા માટે રત્નકંબલ ન લીધી પણ ભગવાનના સુખશાતાના સમાચાર મળતાં જ બીજું કાંઈ દેખાતું નથી તો ગળામાંથી હીરાનો હાર કાઢીને આપી દે. અરિહંતના નામ પર તન-મન-ધન-વરસાવી દે. જગતમાં અરિહંત જેવું તત્ત્વ ન હોત તો જગત રઝળી પડત. અરિહંતની ભક્તિ અનાદિ કાળથી ચાલી આવતી વિષયવાસનાની લગન મીટાવી દે છે. આ રીતે **અરિહંતની ભક્તિ કરવાથી તીર્થંકર નામકર્મ બાંધી દીધું.** અરિહંતે જે જગત ઉપર દયા વરસાવી છે તે બીજા કોઈએ વરસાવી નથી.

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૪" (ચાલુ)** શ્રાવણ સુદ-૫

આજનો દિવસ મહાન મંગલકારી છે. **૨૨ માં ભગવાન શ્રી નેમનાથનું આજે જન્મ કલ્યાણક છે.** આવતી કાલે દીક્ષા કલ્યાણક છે. આ નિમિત્ત પામીને ભાગ્યશાળીઓ ગામે ગામ અઠ્ઠમની આરાધના કરી રહ્યા છે. ખાવું ખોટું કર્યું. ત્રણ દહાડા ખાવાને બાયકોટ "જેને ખાવાનું વહાલું છે, તેને ભગવાન વહાલા નથી

થતા.'' બધાને પૂછો કે કેમ સવારના દેરાસર જલદી જલદી જાવ છો ? તો કહે કે નવકારશી ખુલ્લી કરવા. ભગવાનને વહાલા બનવા પાંડવો ગીરનાર જાય છે. માસખમણ પૂરા થયા છે. આવતી કાલે ભગવાનના દર્શન કરીને વાપરશું નિર્ણય કર્યો. રસ્તામાં દેવોએ સમાચાર આપ્યા, કે ભગવાન નિર્વાણ પામ્યા. તો આમેય ખાવાનું ખોટું કર્યું છે, તો હવે શા માટે ખાવું ? બધાએ અણશન કર્યું. પાંડવોનો ઈતિહાસ ધમાધમી ભર્યો છે. એકબાજુ કૌરવો દુશ્મન છે. બીજી બાજુ જરાસંધ-કંસ અવળા પાક્યા છે, પણ અવસર આવ્યે ચારિત્ર અને અનશન તે બધાનાં ઝરણાં જોવાનાં છે.

નેમનાથ ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં **શંખરાજા**, અને પછી ચારિત્ર, ત્યાં તીર્થંકર નામ કર્મ બાંધ્યું. મહાન રાજા છે. છતાં વૈભવ છોડી રાગ કાઢી સાધના કરી ત્યાંથી અનુત્તરમાં ગયા ત્યાંથી અહીં સમુદ્રવિજય રાજાના ઘરે શિવાદેવી માતાની કુક્ષીમાં અવતર્યા ત્યારે ઈન્દ્રનું સિંહાસન કંપતા તેણે ઢીંચણે રહી શક્રસ્તવ ભણ્યું. અનુક્રમે જન્મ થાય છે. ઈન્દ્રાણીઓએ મોટો ઉત્સવ કર્યો. ઈન્દ્રોએ મેરુ પર્વત ઉપર ભગવાનને લઈ જઈને જન્માભિષેક કર્યો. સમુદ્રવિજય કોણ ? તો પૂર્વે યદુરાજા થયા તેનાથી યાદવકૂળ થયું તેમાં અંધકવૃષ્ટિ રાજા તેના ૧૦ દીકરા તેમાં સમુદ્રવિજય મુખ્ય હતા. અને ભોજવૃષ્ટિના ૧૦ દીકરા તેમાં મોટા ઉગ્રસેન રાજા. તેમાં ૧૦ મા છેલ્લાપુત્ર વસુદેવ તેના દીકરા કૃષ્ણ–બળરામ થયા. તે સમયે **ઉગ્રસેનને ત્યાં કંસનો જન્મ થયો.** પૂર્વે તાપસ હતો પારણાનું નોતરું આપેલું પણ ચૂકી ગયા. જેમ અગ્નિશર્માને બન્યું તેમ આણે નિયાણું કર્યું અને ઉગ્રસેનને ત્યાં જન્મ્યો. માતાનાં પેટમાં આવ્યો ત્યારે માતાને દોહદ થયો કે પિતાનું માંસ ખાવું છે. જન્મ થતાં ઉગ્રસેન રાજાએ તેને કાંસાની પેટીમાં પૂરી જમનામાં વહેતો મૂકી દીધો. તે પેટી સમુદ્રવિજયનાં રાજમાં ગઈ. વાણિયાએ તે પેટી લઈ તેને તેમાંથી બહાર કાઢ્યો અને કાંસાની પેટીમાંથી મળ્યો માટે તેનું નામ કંસ રાખ્યું. તોફાનમાં મારતે મિયોં છે, એટલે વાણિયાએ તેને સમુદ્રવિજયને સોંપ્યો. કંસને વસુદેવ સાથે મિત્રતા થઈ તેનાં પહેલા જરાસંધ પ્રતિવાસુદેવ હતા. તે લડાઈ કરી કરીને બધું ભેગું કરે ત્યારે વાસુદેવને એક લડાઈમાં બધું મળી જાય. વસુદેવ કૃષ્ણના પિતા છે.

જરાસંધે સમુદ્રવિજય તથા બીજે બધે કહેણ મોકલે છે કે જે સિંહરાજાને કેદ કરી આવે તેને મથુરાનું રાજ અને કન્યા આપીશ. સમુદ્રવિજયે કંસ અને વસુદેવને મોકલ્યા પણ વસુદેવને કાનમાં કહ્યું. ''જો જીતીશ તો પણ જશ કંસને આપજે.'' કારણ કે જીવયશા માટે નિમિત્તિયાએ કહેલું છે કે તે બંનેનો પ્રાણ આગળ લેવાશે તેમાં નિમિત્ત બનશે. વસુદેવ જીત્યા, એટલે કન્યા તેને પરણવા લાવ્યા. ત્યારે તેમણે કંસને ભળાવી કે ભાઈ ! કંસે મહેનત કરી છે અને કંસ લોભમાં પરણ્યો,

પછી અનેક પ્રસંગો બને છે પછી તે વસુદેવને આગ્રહ કરીને દેવકી તેને પરણાવે છે. કંસને રાજ મળ્યું છે. એટલે ઉગ્રસેન રાજાને એટલે કે જે રાજીમતિના પિતા છે. તેમને કેદમાં પૂર્યા તેમના ભાઈ **અતિમુક્તકને** ખોટું લાગ્યું. વૈરાગ્યથી ચારિત્ર લે છે.

આ બાજુ કંસ દેવકી સાથે વસુદેવને પરણાવી દેવકીના દેશમાં તો ઉત્સવ કરે છે, અને અહીં લાવીને પણ કરે છે. ત્યાં અતિમુક્તક મુનિ આવ્યા અને જીવયશાને ત્યાં ગોચરી આવે છે. ત્યારે તે મુનિને નાચવા કહે છે. ટાયલા કરે છે, મુનિ ઊભા રહી ગયા. પછી મુનિએ કહ્યું, યાદ રાખજે ! જેનો ઉત્સવ માંડ્યો છે તે દેવકીનો સાતમો દીકરો તારા પતિનો અને તારા પિતાનો નાશ કરશે. જીવયશાએ કંસને વાત કરી. કંસ કહે ચિંતા ન કર હું બધું કરીશ. અને વસુદેવને મિત્રાચારીમાં કહ્યું દોસ્ત ! તારે ૭૨ હજાર રાણીઓ થવાની તેને છોકરા થશે. મને દેવકીના ૭ દીકરા આપજે મંજૂર કર્યું. દાનત ખોટી છે, પછી ખબર પડે છે પણ દેવકીને ગર્ભ રહે એટલે સિપાઈઓ રોન ભરે. ક્યારે દેવકીના પુત્રને ઉપાડી જાઉં ? પણ જેનો પુણ્ય પાંધરા છે તેને મોટો ચમરબંધી શું કરી શકે ? પુણ્ય પરવારી ગયા પછી નાનો માણસ પણ મોટાના બેહાલ કરી દે છે. **બ્રહ્મદત્ત** ચક્રવર્તીને પુણ્ય પરવારી ગયું હોવાથી એક બ્રાહ્મણ નારાજ થતા નિશાનબાજ છોકરાને બોલાવીને જ્યારે પેલાની સવારી નીકળી ત્યારે પેલા છોકરા પાસે જાળીયામાંથી કાંકરી મરાવી એક આંખ ગઈ તે ચોળે છે, ત્યાં બીજી કાંકરીએ બીજી આંખ ગઈ. **"કર્મસત્તા વિફરે ત્યારે મોટા કરોડપતિને રોડપતિ બનાવી દે"** સિપાઈઓને હુકમ કર્યો. જાવ દુનિયાના બધા બ્રાહ્મણોની આંખો ફોડી લાવો. દીવાનો ડાહ્યા હતા. એટલે ગુંદાના ઠળિયા લાવીને થાળમાં આપે છે લો, મહારાજા, આ એક થાળ એ રીતે ઘણા થાળ આપે છે. પેલો હાથમાં લઈને ચોળે છે અને બોલે છે. સાલા બ્રાહ્મણાઓ ! મારી આંખ જોઈતી હતી ? અંદરના પરિણામ કલેશમય છે, ત્યારે શાસ્ત્ર કહે છે કે આંખો નથી છતાં આંખ માનીને ચોળે છે, તો તેને આંખો ચોળ્યાનું પાપ લાગે. બ્રહ્મદત્ત રૌદ્ર ધ્યાનમાં મર્યો. **અંધારામાં દોરડાને સાપ માની લાકડી ઠોકી તેથી તેને સાપ માર્યાનું પાપ લાગે.** કંસે નક્કી કર્યું દેવકીના ૭ બાળકો ઉઠાવવા. બધા ગર્ભમાં આવનાર દેવલોકનાં જીવ હતા પુણ્ય પહોંચતા હતા.

સુભુમ અને બ્રહ્મદત્તનો પુણ્ય પરવાર્યા હતા. એટલે એકને દરિયામાં ડૂબીને મરવાનું આવ્યું અને બીજાને આંધળા થઈને મરવું પડ્યું. દેવકીને જે પ્રસવ થાય તેને હરિણૈગમિષિદેવ તે ગર્ભને ઉપાડી **ભદ્દિલપુરમાં સુલસા શ્રાવિકાને** ત્યાં મૂકે અને અહીં મરેલા મૂકે. હવે મડદું હાથમાં આપે છે, પણ બાળક છે, એટલે ઊંઘમાં હશે. એમ સમજીને જ્યારે તે શીલા ઉપર બાળકને પટકે છે, ત્યારે તેને જીવતા

બાળકને માર્યાનું પાપ લાગ્યું.

બીજા વિશ્વયુદ્ધની સંધિ થવાની હતી. ત્યારે કેઈક લોકોએ કલ્પનાનાં પાપો બાંધ્યા કારણ કે રોજના સરેરાશ દશ હજાર માણસો કપાતા. ૬ મહિના લંબાઈ જાય તો ? એવી ભાવના હોવાથી ૧૮ લાખ મનુષ્યોની હત્યાનું પાપ કલ્પનાથી બાંધ્યું. કારણ કે યુદ્ધ ચાલે તો ભાવ વધે અને માલ હોવાથી ૨૮ ગણા ભાવ મલે ! પાંડવોનું જીવન અવાંતરમાં લેવાનું છે તે જોવાથી માણસને સાવધાની મળી જાય છે. **સીતાના જીવે મુનિને આળ ચડાવી** હતી. મુનિ જંગલમાં કાઉસ્સગ્ગમાં હતા. લોકો દર્શનાર્થે જતા હતા. તો આ બ્રાહ્મણી બધાને કહે દિવસે મહાત્મા અને રાતના શું ધંધા કરે છે તે ખબર છે ? આ આળ મૂકીને પાછી ફરે છે અને વિસ્ફોટક દાહ અને શરીરે કોઢ રોગ થયો. કેટલાય ભવો સુધી સહન કર્યું. દેવકીના છ દીકરાને પેલો સમજે છે કે હું ઠેકાણે પાડું છું. વસુદેવ તથા દેવકીને ખબર નથી કે બાળકનું શું થાય છે, પણ જ્યારે સાતમું બાળક જન્મ્યું એટલે કે કૃષ્ણ જન્મ્યા. વાસુદેવ તેને ઉપાડીને ટોપલામાં લઈને બાજુના ગામમાં નંદ ગોવાળને ત્યાં મૂકી આવ્યો. તેને ત્યાં છોકરી હતી તે અહીં લાવ્યો અને સિપાઈઓએ જોયું આ તો છોકરી છે એટલે તેનું નાકનું ટેરવું કાપી લીધું. કૃષ્ણ નંદને ત્યાં ઉછરે છે, પણ કંસને વસુદેવને ત્યાં આવવાનું થયું. ત્યારે પેલી છોકરી ત્યાં દેખી.

પછી નિમિત્તિયાને પૂછ્યું કે સાતમાં ગર્ભનું શું ? જવાબ મળ્યો કોઈને ત્યાં ઉછરે છે. ક્યાં છે તેની ખબર નથી પણ તમારા મહા તોફાની ચાર જનાવરો છે તેને જે મારે અને તમને જે મારે તે સાતમો ગર્ભ સમજવો, તારો દુશ્મન સમજવો. તેના જાનવરો તોફાને ચડ્યા પછી કૃષ્ણ-બળરામે માર્યા અને બે મલ્લને હરાવ્યા. કાળી નાગને વશ કરી. હવે સત્યભામાનો સ્વયંવર છે. બાણની પણછ ચડાવવાની અને વાળવાનું છે. વાસુદેવનું બળ કેટલું ? તો કહો કે કોટીમણ ભારની શીલાને જમીનથી ૪ આંગળ ઊંચી કરી દે. તે કૃષ્ણ હવે ધનુષ્યને ઉપાડીને વાળે છે, પણછ ચડાવી દીધી જય જય થયો. કંસને ખાત્રી થઈ કે આજ દુશ્મન લાગે છે. તે હુકમ કરે તે પહેલા કૃષ્ણ કંસના માથા ઉપર ફલાંગ મારીને ચડી ગયો અને મુક્કા મારીને ખલાસ કર્યો. પેલી જીવયશા આ જોઈને બાપને ત્યાં ગઈ. બાપાને વાત કરી. બાપ કહે હું બધું કરીશ. તેણે સમુદ્રવિજયને સમાચાર મોકલ્યા. પેલા ગોવાળીયા કૃષ્ણ બળરામને અહીં મોકલો. પેલા બેએ કહ્યું, કાકા તેને કહેવડાવો જરૂર હોય તો અહીં આવે. એ તો લશ્કર લઈને આવ્યો. ત્યાં યુદ્ધ થયું.

જરાસંધે જરા વિદ્યા ફેલાવી લાખોનું સૈન્ય મૂર્છિત થયું. નેમિકુમાર-કૃષ્ણ-બલરામ જાગતા છે. કૃષ્ણ બલરામને પૂછે હવે શું કરવું ? નેમિનાથ ગંભીર હતા. એમણે કહ્યું કે શું વિચાર કરો ? મારા પગ ધોઈને ન્હવણ છાંટો બધાં ઊભા થવા

માંડે અને શક્ય પણ હતું છતાં બતાવ્યું કે **અઠ્ઠમ કરો. પાતાળમાંથી શ્રી પાર્શ્વનાથની પ્રતિમા** મેળવો તેનું સ્નાત્ર જળ બધા ઉપર છાંટો... કૃષ્ણે અઠ્ઠમ કર્યો પદ્માવતી દેવી આવી. કેમ કામ પડ્યું ? શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા જોઈએ છે. બધા મૂર્છિત છે. પ્રતિમા લીધી અને વિધિપૂર્વક સ્નાત્ર કર્યું પછી તેનું ન્હવણ જળ છાંટ્યું. બધા બેઠા થઈ ગયા. પ્રભાવ કોનો ? સાક્ષાત્ પારસનાથનો કે પ્રતિમાનો ? કવિઓએ પ્રતિમા આગળ ગુણગાયા છે. તેનાથી ન ધારેલું કામ થાય છે. પદ્માવતી પાછી લઈ જવા પ્રતિમા ઉઠાવે છે. ના પાડી. કારણ કે ભગવાન અનંત પ્રભાવશાળી છે. પ્રતિમા પણ તેવી જ પ્રભાવશાળી છે. કહી દીધું તમે ઘણા વર્ષો પૂજ્યા હવે અહીં પૂજીને કરોડાના કલ્યાણ થવા દો. નેમનાથ પછી ૧૦૦૦ વર્ષે પારસનાથ થયા પછી ૨૫૦ વર્ષે મહાવીર થયા અને હજુ ૫ માં આરામાં ૨૧ હજાર પૂજાવાની છે. આ કલ્યાણકારી છે. પદ્માવતી રીઝી ગયા. ભગવાન ખરેખર કલ્યાણ કરતા આવ્યા છે. **૩૦૦ વર્ષે પૂર્વે યશોવિજયજી ઉપાધ્યાય** મહારાજ થયા તેમને ઘણા ગ્રંથો રચ્યા પણ ઠેર-ઠેર શંખેશ્વર દાદાને યાદ કર્યા છે. તેમનું નામ સ્મરણ ક્ષયોપશમ કરી આપે છે.

કૃષ્ણ વાસુદેવે જરાસંધ પાસેથી રાજ લીધું. તેમાં આ રીતે નેમનાથ સહાયક થયા. કૃષ્ણ જરાસંધને કહે જીવતા રહેવું છે ? તો પગમાં પડી જા. નહિ તો હમણાં સુદર્શન ચક્ર છોડું છું. હવે એનું ય પુણ્ય પરવારે છે, એટલે કૃષ્ણે ચક્ર મોકલ્યું. તો જરાસંધનું ગળું કાપી પાછું આવી ગયું. બધા રાજાઓ પગમાં પડ્યા. અને નવા વાસુદેવની સ્થાપના થઈ. દ્વારિકામાં આવીને રાજ્યોત્સવ કર્યો. જુની દ્વારિકા દેવતાએ ખલાસ કરી દીધી હતી. એટલે કૃષ્ણે અઠ્ઠમ કરીને ઈન્દ્રને હાજર કર્યો અને કહ્યું, નવી દ્વારિકા આપો. ત્યારે ઈન્દ્રે કુબેરને હુકમ કર્યો ૪૮ યોજનની દ્વારિકા બનાવો. જેમાં બાગ-બગીચા સોનાની હવેલીઓ બનાવો. રાજ ભોગવે છે. ત્યાં શાંબ અને પ્રદ્યુમ્ન પુત્રે દ્વૈપાયન ઋષિની મશ્કરી કરી દારૂ પીને ઉન્માર્ગે ચડ્યા. ઋષિએ શ્રાપ આપ્યો હરામખોરો ! આ ઉધમાત ? દ્વારિકામાં કોઈ રોકનાર નથી ? મારા તપના પ્રભાવે આખી દ્વારિકાને ન બાળું તો મારું નામ દ્વૈપાયન નહિ. છોકરાઓ ગયા ઘરે. બાપા કૃષ્ણ વગેરે આવીને ક્ષમા માંગી. દેવ કહે બિલકુલ બોલવાનું નહિ. તમને બેને કાંઈ નહિ બાકી દ્વારિકા સળગાવીશ. એ ચડ્યો હવે તપમાં. એ કાળનો પ્રભાવ હતો.

કોઈ મોટી ઈષ્ટ સિદ્ધિ કરવી હોય તો તપમાં ચડવું. આજે પ્રભુ ઉપર શ્રદ્ધા નથી માટે વારે ને વારે હોસ્પિટલમાં જવું પડે છે. માટે શાસ્ત્રમાં સમકિતની વચન શુદ્ધિની ભાવના મૂકી તેમાં લખ્યું. **"જિન ભકતે જે નવિ થયું તે બીજાથી નવિ થાય"** જિન ભક્તિથી આ જગતમાં જે ન બને તે બીજાથી બનવાનું નથી. શ્રદ્ધાથી

ઉપસર્ગને હરનાર પાર્શ્વનાથનું **ઉવસગ્ગહરં સ્તોત્ર** ભણે તેનાથી ગણપતિ જેવા ભગવાનના પાર્શ્વયક્ષ હોય છે તે સેવામાં હાજર થાય. દ્વૈપાયને કહ્યું. શ્રાપ પાછો નહિ ફરે દેવતા થવા તપ કર્યો અને દેવ થયો. એ **પહેલા કૃષ્ણ બલરામ નેમનાથને** પૂછવા આવ્યા પ્રભુ ! દ્વારિકા બળશે ? હા બળશે પણ બચવા માટે એક રસ્તો છે કે, "જ્યાં સુધી દ્વારિકાનાં લોકો જિનભક્તિ, તપસ્યા, બ્રહ્મચર્યમાં રહેશે ત્યાં સુધી દ્વૈપાયનના બાપનું ય નહિ ચાલે. ભગવાન નેમનાથની વાણી સાંભળી બધા તપમાં જોડાયા. પેલો દેવ જન્મતા નીચે ઊતરીને ચીનગારી મૂકવા કરે છે, પણ કોઈ ઠેકાણેથી નીચે ઉતરવા પ્રવેશ નથી મળતો કારણ કે બધા ધર્મમાં લાગી ગયા છે. એમના તેજથી ઉતરી શકતો નથી.

લોકોને ૧૧ વર્ષ પછી થયું કે હવે તો દેવતા ભૂલી ગયો હશે એટલે હવે કરો પારણા, શેના ? દૂધ રાબડીના નહિ પણ મદિરા પાનના, બ્રહ્મચર્ય ખીંટીએ મૂક્યું. મુજરા થવા માંડ્યા, નાચગાન વધ્યા. ધર્મનું તેજ ઓસરી ગયું. ૧૨ વર્ષથી દાઝેલા દેવે ચારેકોર અગ્નિ મૂકી. દ્વારિકા ભડકે બળે છે. બધા બચવા ભાગે તો વંટોળિયું આવે ને તેમાંથી પાછો લાવીને અગ્નિમાં નાંખે છે. કેટલાકે ચારિત્રની ભાવના કરી તો બચી ગયા અને ભગવાન પાસે ચારિત્ર લીધું. કૃષ્ણ બળરામ દેવકી, રોહીણી, માતા-પિતા વસુદેવને કાંધે ઉપાડી લઈ જાય છે, પણ દેવે આકાશવાણી કરી, બીજા કોઈ બચશે નહિ. એટલે બંને માતા અને પિતા નીચે ઉતરી ગયા. કૃષ્ણ બલરામ એકલા નીકળી ગયા છે. દ્વારિકા મહિનાઓ સુધી બળી-માણસ જનાવર બધુ સાફ થયું. ગુસ્સો આંધળો છે, કાંઈ જોતો નથી, કૃષ્ણ બળરામ ચાલી નીકળ્યા છે. ચાલતા ચાલતા કૃષ્ણને તરસ લાગી. બલરામને કહે ભાઈ હવે આગળ ચલાય તેમ નથી. તો બલરામ કહે, તું અહીં સૂઈ જા હું પાણી લાવું છું. પણ ગ્લાસ ક્યાં છે ? પડિયામાં લાવીશ. બલરામને પ્રેમ છે. મા ભલે જુદી જુદી છે, પણ બાપ એક છે. પેલો પાણી માંગી રહ્યો છે. બલરામ કહે છે કે, ભાઈ ! તને થશે કે સોનાના ગ્લાસમાં પાણી પીનારો પાણી માંગતા પહેલા દૂધ હાજર થતું હતું, પણ આજે તાંબિયા ગ્લાસમાંય કોઈ પાણી આપતું નથી. થોડી ધીરજ રાખ. આમ કહીને બલરામ પાણી લેવા જાય છે.

બલરામ ક્ષેત્રદેવતાને કાકલૂદી ભરી વિનંતી કરે છે, આકાશ સામે મોં ઊંચું કરીને કહે છે. **'બાંધવની રક્ષા કરો, વનદેવી તુમે રખવાલ રે, તુમ શરણેય એ છે બાલ રે, જાળવજો સંભાળ રે... વનદેવી.'** મારા ભાઈને જાળવજો. તેણે ગમે તેટલી વિનંતિ કરી પણ કૃષ્ણનાં કર્મ રૂઠેલા છે. તે જાણે કે કહી રહ્યા છે કે તું તારી વિનંતિનાં બોલ તારા મોઢામાં લેતો જા. તારું ધાર્યું બિલકુલ નહિ થાય. મારું ધાર્યું ટીપટોપ થશે. જંગલમાં કોઈ જનાવર નથી છતાં કૃષ્ણનું મોત થવા સંભવ છે ?

પણ ૧૨ વર્ષ પહેલાં કૃષ્ણે નેમનાથ ભગવાનને પૂછેલું કે દ્વારિકાનો નાશ કોનાથી અને મારો નાશ કોનાથી. ત્યારે ભગવાને જવાબ આપેલો છે કે- દ્વારિકાનો નાશ દારૂથી, દ્વૈપાયન દેવથી અને અગ્નિથી થશે. જ્યારે તારો નાશ તારા ભાઈ જરાકુમારથી થશે. ભગવાને આમ કહ્યું, એટલે દારૂ કઢાવીને જંગલમાં નંખાવ્યો, પણ દ્વૈપાયનથી કીધેલું છે તો છોકરાઓ તોફાન કરીને આવ્યા. એટલે દ્વૈપાયનદેવથી અગ્નિથી દ્વારિકાનો નાશ થયો. બધાને કૃષ્ણ ઉપર પ્રેમ છે, પુણ્ય છે. એટલે બધા ભગવાન જેવા માને છે, પણ જરાકુમાર ભગવાનની વાત સાંભળી ન શક્યો. ત્યાંથી ઊઠ્યો અને વનમાં આવવા પૂછવા નથી રહ્યો. કારણ કે પૂછું તો ભાઈ જવા ન દે. માટે વિના કીધે જંગલમાં ભાગી ગયો. ભાઈ રાજા છે ત્યાં સુધી વનમાં રહેવું એમ કરીને રહ્યો છે. શિકારો કરે છે. ફળ-ફળાદિ ખાય છે, અને દ્વારિકાથી વટેમાર્ગુઓ આવે છે, તો દ્વારિકાનાં સમાચાર સાંભળી ને આનંદિત થાય છે.

આ બાજુ કૃષ્ણ ૧૨ વર્ષે જોગાનુજોગ આ જ વનમાં આવ્યા. કૃષ્ણ સૂતા છે. જરાકુમારને ખબર નથી. દૂરથી પગ ઉપર પગ ચડાવીને સૂતેલા કૃષ્ણનાં પગમાં હરણીયાનું ચિત્ર જોયું. તેથી નિશાન લગાડીને બાણ છોડ્યું. તે પગને વીંધીને લલાટમાં વાગ્યું. કૃષ્ણથી રાડ પડી ગઈ ને બોલ્યા, મને બાણ મારનાર કોણ ? ખબર નથી ? કૃષ્ણ વાસુદેવ છું ? સાંભળીને પેલો ચોંક્યો અને થયું હાય હાય ! મેં આ શું કર્યું. જેને મારવામાં હું નિમિત્ત ન બનું તે માટે જંગલમાં રહેલો છું. કૃષ્ણ પૂછે બોલો કોણ છો ? નામ શું છે ? જરાકુમાર કહે છે, મારી મા જરારાણી અને પિતા વસુદેવ, કૃષ્ણનો મોટો ભાઈ છું. ભગવાનની વાણી સાંભળીને જંગલમાં રહ્યો છું. પણ તું અહીં કયાંથી ? મારા લમણે આ પાપ લખાયું ? તારી ક્ષમા માંગવાથી શું બને ? કરપીણ હત્યા મેં કરી છે.

કૃષ્ણ બાણે વીંધાયો છે પીડા અપાર છે તે સ્થિતિમાં કૃષ્ણ જરાકુમારને આશ્વાસન આપે છે કે હે ભાઈ ! અહીં આવ તું ચિંતા ન કર. **ભગવાને ભાખ્યું તે મિથ્યા થાય નહિ,** તેં કાંઈ ધારીને કર્યું નથી. ઊલટો તું તો વનમાં રહ્યો છે. હવે શોક ન કર. સાંભળો ! ભગવાનનું વચન આપણને એ સૂચવે છે કે પાંચમા આરાના અને છઠ્ઠા આરાનો કાળ પડતો છે ભયંકર છે. ભગવાનના વચનને ટંકશાળી સમજતા હોઈએ તો આપણે સાવધાન બનવું જોઈએ. કૃષ્ણનું લમણું વીંધાયું છે. પીડાનો પાર નથી. અને કહે છે જિનવચન મિથ્યા ન થાય. હવે તું મારા કપાળમાંથી બાણ ખેંચી કાઢ અને આ કૌસ્તુભ મણિ લઈ જા. કૃષ્ણની છાતીમાં હાર છે તેમાં કૌસ્તુભ મણિ છે તે આપે છે અને કહે છે પાંડવો પાસે જજે. તેં મારી ખાતર અત્યાર સુધી જે વેઠ્યું તેનો બદલો તને મળશે, આ મણિ દેખાડીશ એટલે તે બધું સમજી જશે. અને અહીં બનેલ વાત જણાવજે. કૃષ્ણે તેને

દ્વારિકા કઈ રીતે બળી તેની વાત કરી. બલરામ પાણી લેવા ગયો છે તે હમણાં આવશે અને તને મારશે. તને ભાઈ તો સમજશે પણ તેને મારી ઉપર રાગ હોવાથી તારા હાલ બેહાલ કરશે. અને તું પણ પાછલા પગલે જા એટલે તે તારી પાછળ આવી શકે નહિ. આ જરાકુમાર હસ્તિનાપુર ગયો. પાંડવો રાજ ચલાવે છે. આ બાજુ બલરામ પાણી લઈને આવ્યો છે. ભાઈ સૂતેલો છે, બાણ પડેલું દેખે છે. ઉઠાવવા મથે છે, જીવ નીકળી ગયો છે. હવે ક્યાંથી ઊઠે.

પણ કૃષ્ણ મરતા પહેલા જાતે નિર્યામણા કરે છે. આપણું જૈન મહાભારત અદ્‌ભુત છે. પાંડવો શું કરે છે, તે પણ જોશું અને હવે બળરામ શું કરે છે તે બધો અધિકાર હવે પછી...

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૫" (ચાલુ)** શ્રાવણ સુદ-૬

અનંત ઉપકારી ત્રિલોકનાથ **નેમનાથ ભગવાનનો** આજે દીક્ષા કલ્યાણકનો દિવસ છે. નેમનાથ ભગવાન ૮ માં ભવમાં અપરાજિત નામના અનુત્તર વિમાનમાં છે. ત્યાં આયુષ્ય પૂરું કરીને હવે છેલ્લો નવમો ભવ છે. તેમાં સમુદ્રવિજય રાજા શિવાદેવી રાણીની કુક્ષીમાં આવે છે. ઇન્દ્ર શક્રસ્તવ ભણે છે. શ્રાવણ સુદ-૫ ના જન્મ થયો. ૩૦૦ વર્ષ કુમાર અવસ્થામાં છે. હજુ ૭૦૦ વર્ષનું આયુષ્ય બાકી છે. દીક્ષા શ્રાવણ સુદ-૬ ના થાય છે. નેમનાથ ભગવાનને શિવાદેવી માતા કહે છે કે કુમાર હવે તારા લગ્ન કરવા છે, તું કન્યા પસંદ કર. નેમિકુમાર કહે માતા હમણાં તો કોઈ યોગ્ય દેખાતી નથી. જ્યારે દેખાશે ત્યારે કહીશ. વખત જતાં પિતા સમુદ્ર વિજય ૧૦ ભાઈમાં મોટા છે અને નાનાભાઈ વસુદેવ છે. તેનો પુત્ર કૃષ્ણ વાસુદેવ છે. તેણે જરાસંઘને માર્યો રાજ જીતી લીધા પોતાનો દ્વારિકામાં રાજ્યાભિષેક થયો તેમાં સમુદ્રવિજય મોટા છે, એટલે કૃષ્ણના કાકા થાય છે.

એટલે સમુદ્રવિજય કૃષ્ણને કહે નેમિને પરણવા માટે સમજાવ. કૃષ્ણ કહે મહેનત કરું છું. જોગાજોગ નેમિને મિત્રો કૃષ્ણના શસ્ત્રાગારમાં લઈ ગયા. જુઓ નેમિ ! આ શંખ ધનુષ છે તેને ઉપાડી બતાવો. એક મિનિટમાં ઉપાડીને રણકાર કર્યો. બીજો શંખ હતો તે બજાવ્યો. એટલે ઘોડાઓ છૂટા થઈને બહાર નીકળી પડ્યા. કૃષ્ણ વાસુદેવના બધા શસ્ત્રો મામૂલી કર્યા. કૃષ્ણને થયું કે આ તો ચક્રવર્તીના બળ જેવો લાગે છે એટલે નેમિના બળની પરીક્ષા કરવા નેમિને કહે નેમિ ! આપણે અખાડામાં કુસ્તી કરીએ પણ નેમિ કહે કુસ્તી આપણને શોભે નહીં. માટે હાથ લાંબો કરીએ તેને વાળવાનો. કૃષ્ણ કહે બરાબર. તો કૃષ્ણે હાથ લાંબો કર્યો અને કહે હાથ વાળો. આ કૃષ્ણનાં મનમાં એમ હતું કે નહિ વાળી શકે. શેના ઉપર

આમ કહે ? તો મગધ દેશમાં કોટી મણ ભારની શીલા જમીનથી ચાર આંગળ ઊંચી કરી છે. પહેલા વાસુદેવ ત્રિપૃષ્ટ તેમણે મસ્તકથી ૧ હાથ ઊંચી કરી હતી. કૃષ્ણે આ શીલા ઊંચી કરી એટલે ઉપરથી પુષ્પ વૃષ્ટિ થઈ હતી અને કંસને પછાડ્યો છે. જ્યારે કંસ સૈનિકોને હુકમ કરે છે કે આને પકડો તે પહેલાં પોતે જ કૂદીને કંસનું માથું પકડીને ત્રણ મુક્કામાં કંસને ખલાસ કર્યો. આ બળનો વિશ્વાસ હોવાથી નેમિકુમાર પાસે હાથ લંબાવ્યો. તો નેમિએ એક અંગુઠો દાબ્યો તો હાથ વળી ગયો. હવે નેમિ હાથ લંબાવે છે. તો કૃષ્ણ બે હાથે કરીને નેમિના હાથને વાળવા જાય છે પણ વળ્યો નહિ, પછી પોતે વાંદરાની જેમ તેના હાથ ઉપર લટક્યા. મોં કાળું છે અને નામ હરિ છે એટલે વાંદરાની જેમ લટક્યા. હરી એટલે વાંદરો. લટક્યા પણ કાંઈ થયું નહિ. એટલે કૃષ્ણને આશ્વાસનનું સ્થાન બલરામ હતું. એટલે બલરામને કહ્યું, આ નેમિ આપણું રાજ લઈ લેશે. ત્યારે આકાશવાણી થઈ કે **'આ નેમિકુમાર એ છે કે જેને જન્મતા ઈન્દ્રોએ મેરુ ઉપર નવરાવ્યા છે અને હવે કુમારપણામાં દીક્ષા લેશે'** એટલે પેલાને હાશ થઈ, રાજીપો થયો. મારો સ્વાર્થ ટકી રહેશે.

નેમિને મનાવવા **કૃષ્ણે** પોતાની **પટરાણીઓને** હુકમ કર્યો. એટલે બધી ભેગી થઈને કહે વહાલા દિયરજી ! આ સરોવરમાં સ્નાન કરો. કોઈ ફૂલના દડા મારે છે કોઈ પાણી ઉડાડે છે. ટોણા મારે છે. જુઓ તમે ચિંતા ન કરતા કે પરણ્યાને સાચવીશ શી રીતે ? આ તમારા ભાઈ છે ને ? તે અમને સાચવે છે તેમ તેનેય સાચવશે. બીજી કહે માણસ ગમે તેટલો હોશિયાર હોય પણ બીજે જઈને ઘર ભાડે લે તો પહેલાં પૂછે કે એકલા છો કે સાથે છે ? સાથે હોય તો ઘર ભાડે મળે છે. નેમિકુમારનું મોં જરા મલક્યું. એ પણ એટલા માટે કે આ ગાંડીઓને ખબર નથી કે ઈન્દ્રની ઈન્દ્રાણીઓ સ્વર્ગથી ઉતરી પડે તોય મારા વૈરાગ્યને આંચ ન આવે. બધા સમજ્યા ના તો પાડતા નથી એટલે **"न निषिद्धं अनुमतं"** એટલે સમુદ્રવિજયને કહે કન્યા શોધો વિવાહ કરો. તો સત્યભામા કહે કન્યા શોધવાની જરૂર નથી. મારી બેન રાજીમતી છે તે બરાબર છે. ત્યાં સમાચાર મોકલ્યા લગન લીધા વરઘોડો નીકળ્યો છે. ઉગ્રસેન રાજાને ત્યાં પહોંચ્યો.

ગોખે બેઠેલી **રાજીમતી** જોઈને વિચારે કે આ ઈન્દ્ર છે ? ભલે ગમે તે કન્યાનો પતિ થાય, પણ વિધાતાના ઓવારણા લઉં છું. પોતે ખુશીમાં છે ત્યાં પોતાનું જમણું નેત્ર ફરક્યું. સમજી ગઈ કંઈક ખરાબ થશે. ત્યાં નેમિકુમારે પશુનો પોકાર સાંભળ્યો. સાળાને પૂછ્યું કેમ પશુ કકળાટ કરે છે ? આ તો તમારા લગ્ન પછી બધાને જમવા માટે પૂર્યા છે. તેને રાંધીને બધાને જમાડી ગૌરવ અનુભવશું. ત્યાં જ નેમકુમારે સારથિ પાસે રથડો પાછો વળાવ્યો, અચાનક રથ પાછો વળ્યો.

એટલે પિતા પૂછે તું નવો તીર્થંકર થવાનો છે તે રથ પાછો વાળે છે ? આગળ બધા તીર્થંકરો પરણીને થયા. તો માતા પિતાને કહ્યું કે એ બધાને ભોગાવલી કર્મ બાકી હતા મારે પૂરા થઈ ગયા છે. જન્મથી પોતે બ્રહ્મચારી છે વિકારો દબાવી દીધા છે.

જેને જીવનમાં રૂડું બ્રહ્મચર્ય પાળવું છે તેને માટે નેમિનાથ અજોડ આલંબન છે. હવે ૯ લોકાંતિક દેવો આવીને ચારિત્ર લેવા માટે વરસીદાન આપવા વિનંતી કરે છે. શ્રાવણ સુદ-૬ નો લગ્નનો દિવસ છે. આ શ્રાવણ સુદ-૬ થી આવતી શ્રાવણ સુદ-૬ ના દિવસે ચારિત્ર લેવાના ત્યાં સુધી વરસીદાન આપે છે. દીક્ષા પહેલાં **નેમનાથે ગૃહસ્થ જીવનમાં અદ્‌ભુત કામ કર્યા છે.** જ્યારે યુદ્ધમાં પાર્શ્વનાથ ભગવાનનની પ્રતિમા કૃષ્ણને પાતાળમાંથી મંગાવી આપી. કૃષ્ણ અઠ્ઠમ કરે તો સૈન્યની રખેવાળી કોણ કરે ? રાતના યુદ્ધ નહિ પણ દિવસે તો મારા મારી કાપા કાપી ચાલે. નેમનાથને થાય છે કે લાખોની સેના પડી છે શું થશે ? ઈન્દ્રે સહાય કરી ઝડપથી રથ ફેરવે છે. આજુબાજુ રથ એક ફેરવાય પણ ઘણા લાગતા. તે પહેલા પાંડવો અને દ્રૌપદીની વાત કરીએ. દ્રુપદ રાજાની દીકરી દ્રૌપદી હતી મોટી થઈ. સ્વયંવર માંડ્યો. પાંડુ રાજાના પાંચ દીકરા સાથે નીકળ્યા છે. દ્રૌપદી માળા લઈને નીકળી છે. એકેક રાજાને નાપાસ કરતી આવે છે. બધાને મન આ અમને વરે એટલે ડોકા કાઢે છે, પણ નસીબમાં ક્યાં છે ? આજે બજારમાં ઘણા જાય છે. કોઈ દિવસ દીધું હોય તો મળે પણ દેવું નથી ને લેવું છે. પૂર્વમાં કોઈને ઠાર્યા નથી, અને અત્યારે કોઈ બાળે છે, ત્યારે પોકો મૂકે છે. સાસુ-વહુને બાળે. દેરાણી-જેઠાણીને બાળે છે. પછી તો કહેવત પડી કે **"બાળ્યા તેવા બળશો ઠાર્યા તેવા ઠરશો."** માટે ભગવાને પાયામાં દયા બતાવી. કચરો કાઢવો હોય તો પણ મુલાયમ પીંછીવાળી સાવરણીથી કઢાય. ભગવાને જયણા ધર્મ પહેલો બતાવ્યો છે, એ માટે કે જીવોને ઠારશો તમને ઠરવા મળશે.

મુંબઈ ગોડીજીની નવી ચાલીમાં એક શ્રાવક રહે તે મને કહેતો કે સાહેબ ! પાડોશીની હાલત જે મેં જોઈ છે તે ખરેખર જયણાને યાદ કરાવે છે. એક દિવસ તેના ઘરમાં ગયો તે પણ શ્રાવક હતો. તે મીણબત્તી લઈને ખૂણે ખૂણે માંકડને બાળતો હતો. પૂછ્યું કેમ ? અલ્યાભાઈ માંકડ કરડે છે. થોડા વર્ષો પછી વિસનગરમાં મળ્યા. જોયા તો દાઝેલા હતા. પૂછ્યું કેમ ? તો કહે શું કરું. પ્રાયમસ સળગાવતો હતો તેમાં દાઝી ગયો. ત્યારે યાદ કરાવ્યું કે તમને તે દિવસ યાદ આવે છે ને ?

દ્રૌપદી માળા યુધિષ્ઠિરને પહેરાવે છે. ત્યાં દૈવી પ્રભાવ થયો માળા પાંચના ગળામાં દેખાવા માંડી. બધા કહે દ્રૌપદી પાંચ પતિને વરી, પણ ત્યાં ચારણમુનિ જતા હતા તે નીચે ઉતર્યા ત્યારે પૂછ્યું તો મુનિએ કહ્યું કે ભાઈ ! ગયા ભવમાં

નિયાણું કર્યું હતું કે આવતા ભવમાં પાંચ પતિને વરું.

એક ભવમાં **નાગશ્રી** નામે બ્રાહ્મણી હતી. તુંબડાનું શાક કર્યું હતું મસાલા કર્યા પછી ચાખ્યું તો કડવું વખ હતું. હવે બહાર નાખું તો લોકો ફુવડ ગણે. એટલે જો કોઈ સન્યાસી આવી જાય તો આપી દઉં. તેમ કરી ને રાખ્યું અને ત્યાં ધર્મરુચિ અણગાર આવ્યા કહ્યું, મહારાજ આ શાક છે જોઈએ તો લો. મુનિને પેટને ભાડું આપવા જોઈએ છે એટલે વહોરી લે છે. ગુરુ મહારાજે ગંધથી પારખીને કહ્યું કે આ તમારે કામનું નથી. પરઠવી દો. માસખમણનાં તપસ્વી હજુ વાપર્યું નથી અને પરઠવા જાય છે. વૈયાવચ્ચ કરનાર બીજા હતા પણ પોતાને અભિગ્રહ કે જાતે ગોચરી લાવવી. પરઠવવી પડે તો જાતે જ જવું. **આરાધક મુનિની બલિહારી છે કે બીજાનાં ટેકા ઉપર સંયમ પાળતા નથી.** એક ટીપું નીચે પડે છે, ત્યાં કીડીઓના મોત જોયા તેથી પોતાના પેટમાં વાપરી ગયા અને કાળ કરી ગયા. તપસ્વીને આવતા વાર થઈ એટલે ગુરુએ મુનિઓને તપાસ કરવા મોકલ્યા. મુનિઓ જોવે છે, પાત્રુ પડ્યું છે, મુનિ કાળ કરી ગયેલા છે. આવી વાત કરી ગુરુ કહે ચિંતા ન કરતા. તપસ્વીનું કામ જબરજસ્ત સિદ્ધ થયું છે. સમાધિ સાથે અનુત્તરમાં ગયા છે. દ્રૌપદીનો જીવ નાગશ્રી લોકમાં થૂ થૂ થઈ બહાર ખબર પડી ગઈ. મનના પરિણામ વધુ સંક્લિષ્ટ થયા. **"એક ખોટું કામ કરવામાં એના પ્રત્યાઘાતો બહુ ભયંકર આવે છે."** નાગશ્રી મરીને ૧ થી ૭ નરકમાં અનેકવાર ગઈ. પોતાની આબરૂ બચાવવા સાધુના પ્રાણ લીધા. કર્મસત્તાએ આની આકરી નોંધ લીધી. પછી સુકુમારીકા નામે શેઠની દીકરી થઈ. જમાઈ સારો કરી આપ્યો પણ પહેલી રાતે જ ભાગી ગયો. કારણ કે તેના શરીરનો સ્પર્શ દાહ કરતો હતો. બધા પેલાને મનાવે પણ માને નહિ, પછી પેલાએ રખડતા એક કોઢીયાને આ કન્યા વળગાડી દીધી. પેલાને પણ અંદર બળવા લાગ્યું. પછી વૈરાગ્યથી સુકુમારિકા ચારિત્ર લે છે. તપસ્યામાં ચડી છે. એ ખ્યાલ છે કે **"જેટલું કાયાને કષ્ટ તેટલા કર્મ નષ્ટ" "જેટલી કાયાને લીલાલહેર તેટલી કર્મને લીલાલહેર."** ચારિત્ર લીધું. પાળે છે પણ વાતવાતમાં હાથ પગ ધોવે. ગુરુણી કહે આ શોભે નહિ. આત્માના ગવેષી બ્રહ્મચર્ય પાળનાર સાધુને માટે ત્રણ વસ્તુ ખરાબ છે. (૧) **વિભૂષા** (૨) **સ્ત્રીનો સંપર્ક** (૩) **વિગઈઓનું ભોજન** આ બધું તાલપુટ ઝેર જેવું છે. તપ આકરો કરે છે. તેમાં એક દિવસ તરંગ જાગ્યો કે જંગલમાં કાઉસ્સગ્ગમાં રહું એટલે ગુરુણીઓને પૂછે. તે ના પાડે છે. આ કહે હવે તો વાસના મરી ગઈ છે, જવામાં વાંધો નથી. અને ના કહેવા ઉપર ગઈ. ધ્યાનમાં હતી અને ત્યાં રાતના પાંચ ગોઠીયા એક વેશ્યાને લઈને આવ્યા. શૃંગાર-ક્રીડાના દર્શન કરેલા ખોટા છે ! ચાલું તાવ એ સામાન્ય છે, અને કામરાગનો તાવ ભયંકર છે.

બસ દ્રૌપદીનું મન ચલિત થયું અને ત્યાં નિયાણું કર્યું કે મારે પણ આ તપના પ્રભાવથી પાંચ પતિ હો. તેથી અહીં પાંચ પતિ મળ્યા છે. પાંડવો પરણીને લઈ ગયા. પાંડુરાજાનો અંતકાળ નજીક આવ્યો. પોતે ત્રણ ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્ર, વિદૂર અન પાંડુરાજા. ધૃતરાષ્ટ્ર મોટા હતા, પણ અંધ હતા. એટલે પાંડુ રાજ્ય કરતા હતા. હવે જવાના અવસરે યુધિષ્ઠિરને રાજ આપે છે. દ્રૌપદી શીલવતી છે. એટલે એક એક દિવસના વારા રાખીને પાંચની સાથે રહે છે. દૂર્યોધન વગેરે ધૃતરાષ્ટ્રના પુત્રો હતા. તેમને થયું રાજ આ લઈ ગયા. હવે રાજ પોતાને જોઈએ છે. માટે યુધિષ્ઠિર સાથે જુગાર રમવા માંડે છે. યુધિષ્ઠિર હારતા ગયા. દ્રૌપદી ના પાડે છે. છતાં રમ્યા અને રાજ હાર્યા દાવમાં દ્રૌપદી મૂકી તો તે પણ હાર્યા.

દુર્યોધન રાજા થયો. બધા બેઠા છે. દુર્યોધન હુકમ છોડે છે. દ્રૌપદી ! નૃત્યકર. દુઃશાસન તું તેની સાડી ખેંચ. એટલે એણે સાડી ખેંચવા માંડી. ત્યારે દ્રૌપદી શાસન દેવતાને પ્રાર્થના કરે છે. મારો પતિ જુગારના મોહમાં મને હારી ગયો છે. હવે અરિહંત મારે આધાર છે. માટે સમ્યગ્દષ્ટિ દેવો તમે મને સહાય કરો. ત્યાં દુઃશાસન સાડી ખેંચે છે, અને દેવો સાડી પૂરતા રહે છે. સાડી પૂરી થતી નથી. માટે છેવટે થાકીને મૂકી દીધી. દ્રૌપદી પાંડવો સાથે વનમાં જાય છે. તો પેલા ના પાડે છે. પછી કહે જવું હોય તો જાવ પણ ૧૨ વર્ષ પછી ૧૩ માં વર્ષે ગુપ્તપણે રહેવાનું એમ નક્કી કરીને ગયા. કુંતી સાથે છે. કષ્ટ ભયંકર છે, પણ કહેવું પડે છે કે મોક્ષગામી જીવોને કષ્ટ કોઈ વિસાતમાં નથી હોતા. સત્ત્વથી ૧૩ વર્ષ પસાર કરે છે. પછી સમુદ્રવિજય બોલાવે છે. દુર્યોધન રાજ્ય મૂકવાની ના પાડે છે. યુદ્ધ નક્કી થયું. દુર્યોધન કૃષ્ણ પાસે જઈને સહાય માંગે છે. કૃષ્ણ કહે કોની સહાય ? મારી કે લશ્કરની ? હું શસ્ત્ર નહિ ઉપાડું, લશ્કર શસ્ત્રોથી લડશે પછી લશ્કર લઈ ગયો. પછી અર્જુન આવ્યો તો તેણે કૃષ્ણની સહાય માંગી. પછી કુરુક્ષેત્રમાં લડાઈ થઈ હજારો લાખોના કચ્ચરઘાણ નીકળી ગયા. ઈતરના મહાભારતમાં બતાવે છે કે કૃષ્ણ સારથી છે. મેદાનમાં ગયા. અર્જુન જુવે છે મારે કોની સામે લડવાનું ? મારા વિદ્યા ગુરુ દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર કાકા છે, મામા છે, આ બધા સાથે લડીને મારે રાજ્ય જોઈતું નથી. બાણ મૂકી દીધા. કૃષ્ણ કહે, હે અર્જુન ! નામર્દવેડા ન કર, બધાને પાઠ ભણાવવાનો છે. તું ખોટું અભિમાન ન કર કે આ બધાને મારે મારવાના ? પોતાનું મોં ફાડીને મોટા બ્રહ્માંડ બનાવ્યા અને કહ્યું, અમે સરજનહાર રક્ષણહાર અને મારણહાર છીએ. હવે અર્જુનને યુદ્ધ કરવા તૈયાર કર્યો. ખુનખાર લડાઈ થઈ તેમાં ભારતની કંઈક વિભૂતિઓનો નાશ થયો.

આપણું જૈન શાસ્ત્ર બતાવે છે કે ઋષભદેવ ભગવાન પાસે ૯૮ દીકરા ભરત માટે ફરિયાદ લઈને ગયા તો તેમને ભગવાને લડવાનું ન કહ્યું, પણ ઝળહળતો

વૈરાગ્યનો ઉપદેશ આપ્યો. ૯૮ ને ચારિત્ર આપ્યું. કેવળજ્ઞાની બનાવ્યા. ગુસ્સામાં ધમધમતાને વૈરાગ્યથી વાસિત બનાવ્યા. અર્જુન વૈરાગ્યવાળો થયો તો કૃષ્ણ ભગવાને ગુસ્સાથી ધમધમતો બનાવ્યો. કુરુક્ષેત્રમાં પાંડવોનો વિજય થયો. રાજ પાછું મેળવે છે. રાજ ચલાવે છે. દેવકીના છ પુત્રો ભદ્દિલપુરમાં ઉછરીને નેમનાથ ભગવાન પાસે ચારિત્ર લીધું છે. તે છ સાધુ બબ્બેના સંઘાટક છે તે દેવકીના ઘરે વહોરવા ગયા છે. તે પછી બીજા બે જાય છે. તે જોઈને થયું આ હમણાં આવી ગયા, ફરી પાછા આવ્યા ? ત્યારે તે પછી બીજા બે સાધુ તેવા જ આવ્યા પૂછે છે કે મહારાજ ખોટું ન લગાડતા આશ્ચર્ય જેવું છે એટલે પૂછું છું કે દ્વારિકાના લોકો કૃપણ છે તે વારંવાર આવવું પડ્યું ? ત્યારે મુનિઓએ કહ્યું, તે આગળ આવ્યા તે અમારા ભાઈ હતા. ત્યારે દેવકી ભગવાનને વંદન કરીને પૂછે કે પ્રભુ ! કઈ ધન્ય માતાનાં તે છ દીકરા ? ત્યારે ભગવાન કહે છે કે દેવકી ધન્ય માતાના દીકરા ! અમારા ઉપદેશથી ચારિત્ર લીધું છે. દેવકી રાજી થઈ મારા દીકરા મોક્ષગામી બન્યા છે !

અંધેરીની શ્રાવિકાઓને એવા ઓરતા થાય છે કે મારા દીકરા સાધુ બને ? દેવકી ઘરે આવી છે. ઉદાસ બેઠી છે. કૃષ્ણ કહે મા ઉદાસ કેમ ? મારે દીકરા ૭ થયા, પણ એકેય ખોળો ન ખૂંધ્યો. ત્યારે કૃષ્ણ કહે ચિંતા ન કર. કૃષ્ણ માતૃભક્ત હતા એટલે અઠ્ઠમ કરીને દેવને સાધ્યો. દેવે કહ્યું, દીકરો મળશે પણ ઘણો કાળ રહેશે નહિ. પછી **ગજસુકુમાર** જન્મ્યા. બે કન્યા સાથે અનુક્રમે સગાઈ થાય છે. ભગવાનનો ઉપદેશ સાંભળવા કૃષ્ણ મહારાજા સાથે ગયા છે. ઉચ્ચગતિનો જીવ છે. તીર્થંકરની દેશનાં સાંભળીને બૂજી ગયા. વાણીમાંથી નિષ્કર્ષ કાઢ્યો. જૈન ધર્મ વિના જગતમાં કોઈ આરો નથી. ચક્રવર્તીપણું પણ અસાર છે. તે બધું ડાંગરમાંથી ચોખા કાઢી લીધા પછીના ફોતરા ખાંડવા જેવું છે. કૃષ્ણવાસુદેવને ગજસુકુમાર લાડીલા છે. કારણ કે મા ગજસુકુમારને જોઈને રાજી થાય છે. તો કૃષ્ણ કહે મા જેમાં રાજી તેમાં હું રાજી. બહારથી ગજસુકુમાર હાથીના હોદ્દેથી ઉતરતો કૃષ્ણ લાંબો હાથ કરીને ઊંચકી લે છે. આ લાડકોડમાં ઉછરેલા ગજસુકુમાર માતાને કહે છે સંયમની રજા આપો. તેનાથી હું શાતા પામીશ. માતા કહે **'દીકરા ! તારા સોના જેવા વાળ અને કંચન વરણી કાયા, આ બધું તારે ધૂળધાણી કરવું છે ?** ગજસુકુમાર કહે મા ! **આ સંસાર દુઃખથી ભરેલો દેખું છું કાયા તો પાણીના પરપોટા જેવી છે એ ફૂટી જાય તે પહેલા ભવિષ્યનો અનંત કાળ સુધારી લેવા દે...'** માએ રજા આપી દીધી પણ તાકીદ આપી દેખ દીકરા ! હવે મને મૂકીને બીજી મા ન કરીશ એટલે સંસાર બાકી ન રાખીશ... દીક્ષા અપાવી. ભલામણ ન કરી કે ભગવાન ! મારા દીકરાને તપ ન કરવા દેશો. કલ્યાણ ઇચ્છે છે. એટલે કહ્યું કે આરાધનામાં બાકી ન રાખીશ. સ્મશાને કાઉસગ્ગ રહેવા માટે ગજસુકુમારે ભગવાન પાસે રજા માંગી. સર્વજ્ઞ છે,

ભગવાન જાણે છે, સ્મશાને શું થશે. ભગવાન ક્રૂર થયા નહિ દયાળુ થયા રજા આપી અને ત્યાં બહારથી **સોમિલ સસરો** આવતો હતો. તેણે ગજસુકુમારને જોયા મનને થયું મારી દીકરીનો ભવ બગાડનાર ? બસ પછી માટીની સગડી માથે બનાવી અને તેમાં ખેરના અંગારા ભર્યા. એટલે મુનિ વધુ સાવધાન થયા. પણ તમને બળે છે તેનું શું ? તો જવાબ કેવો છે ? સસરા તો અનંતા કર્યા પણ બધાએ રેશમી પાઘડી બંધાવી અને આ સસરાએ મોક્ષની પાઘડી બંધાવી. કર્મ ખપાવી મોક્ષે ગયા.

કૃષ્ણ મહારાજે ચોમાસાનું વર્ણન સાંભળી નક્કી રાખેલું કે ચોમાસામાં મહેલ બહાર નહિ જવું. તેથી ઇતરમાં એ પર્વ ચાલ્યું કે અષાઢ સુદ-૧૧ એટલે દેવપોઢી અગિયારસ અને કાર્તિક સુદ-૧૧ એટલે દેવ ઊઠી ગયા. એટલે દેવ ઊઠી અગિયારસ. કૃષ્ણ ગુણાનુરાગી હતા. ત્યારે તો મરેલા કૂતરા આગળ થઈને ગયા પણ નાકે ડૂચા ન માર્યા. ઊલટા મંત્રીને કહે છે જો દાંત કેવા મોતી જેવા ચમકે છે. આ ગુણાનુરાગ હતો. તેથી દેવે વાજિંત્ર આપ્યું કે આ ફુંકવાથી કોઈને છ મહિના રોગ નહિ. આવો બ્રહ્મચર્યવ્રત જગમાં દીવો છે. માટે લખ્યું કે નારાયણ એટલે કૃષ્ણે અને ચેડા મહારાજે નક્કી કરેલું કે કન્યાદાન કરવું નહિ. ચેડા મહારાજે નક્કી કરેલું કે જૈન સિવાય કન્યા નહિ આપવી. કૃષ્ણ જ્યારે કન્યા આવે ત્યારે કહે **'તારે દાસી થવું છે કે રાણી થવું છે ?'** બધી બિચારી રાણી થવાનું કહે એટલે રાણી થવું હોય તો ભગવાન નેમનાથ પાસે જાવ. કૃષ્ણ મહારાજ ઘોર અવિરતિપણામાં હતા. પણ તેમને નિયમ હતો કે મૌન એકાદશીનો ઉપવાસ કરવો. કૃષ્ણ મહારાજનો અંતકાળ કપરો આવ્યો. કૃષ્ણ જંગલમાં જાતે નિર્યામણા કરે છે. ધન્ય છે એ રૂકમીણી વગેરે રાણીઓને, શાંબ પદ્યુમ્ન વગેરે કોટી યાદવોને, કે જેમણે ચારિત્ર માર્ગ અપનાવ્યો. છેવટે નરકમાં જવાનું છે એટલે લેશ્યા બદલાઈ ગઈ. એટલે થયું પેલો દ્વૈપાયન હરામી ! મારી દ્વારિકા સળગાવી ! ક્રૂર લેશ્યામાં મરી ૩ જી નરકમાં ગયા.

બલરામ મડદું લઈને છ મહિના વૈદુ કરાવવા ફર્યો. તેનો સિદ્ધાર્થ સારથી સાથે કોલ હતો તે ચારિત્ર પાળી દેવ થયો હતો. હવે તે નીચે ઉતરીને પર્વતની શીલા ઉપર પાણી નાંખે છે. બલરામ પૂછે પાણી કેમ નાખે છે ? મારે કમળ ઉગાડવું છે. અરે મૂરખ ! પત્થર ઉપર કમળ ન ઉગે. તો પછી આ મડદું થઈ ગયું તેને ઉચકીને ફરવાથી જીવતો ન થાય. એટલે બલરામ કહે ચાલ ચાલ એમ હાંકીને આગળ જાય છે. ત્યાં તેજ દેવે આગળ પત્થરનું ગાડું તુટી ગયેલું તેને ખીલા મારી સાંધવાનો પ્રયત્ન કરે છે, ત્યારે બલરામ કહે આ ન સંધાય. તો દેવ કહે તો મડદામાં જીવ કયાંથી આવે ? આવી રીતે બે ચાર પારખા કરીને પછી ચારિત્ર આપ્યું. સાધના કરે છે. **પાપ કરતા પાછું વાળીને જોયું નથી તો ધર્મ કરતા પાછું**

વાળીને જોવાય કેમ ? પછી **પાંડવો દીક્ષા** લે છે અભિગ્રહ કરે છે. ભાલાની અણી ઉપર રોટલો વહોરાવે તો ખાવું. છ મહીને કોઈ મશ્કરીએ એ રીતે રોટલો આપ્યો અને અભિગ્રહ પૂરો થયો. છેલ્લે માસખમણ કર્યું નક્કી કર્યું ગીરનાર નેમનાથ ભગવાનના દર્શન કરીને વાપરશું પણ રસ્તામાં દેવોએ સમાચાર આપ્યા ભગવાન નિર્વાણ પામી ગયા. તો બધાએ આસો સુદ-૧૫ ના દિવસે ૨૦ ક્રોડ મુનિઓ સાથે અણશન કર્યું.

રાજીમતિએ પણ સંકલ્પ કર્યો છે. જો પાણિગ્રહણ વખતે હાથ ઉપર હાથ ન આપ્યો તો દીક્ષા અવસરે માથા ઉપર હાથ મુકાવીશ. સખીઓ કહે બીજો ઉમેદવાર કર તો સાફ ના પાડી. પરણવા તૈયાર થઈ હતી, પણ કર્મસત્તાએ રેડ સીંગ્નલ બતાવી દીધું હવે પશુ ક્રીડા કરવી નથી. નેમનાથ ભગવાન જ્યારે દીક્ષા લે છે તે પછી ૫૫ દિવસે કેવળજ્ઞાન પામે છે અને તે વખતે રાજીમતી વગેરે દીક્ષા લે છે.

પેલા બલરામ હવે જંગલમાં રહે છે. કારણ કે ગામમાં ગોચરી જતા એક વાર એક બાઈ તેમને જોઈ લલચાણી. એટલે કૂવા ઉપર પાણી ભરવા આવી છે. તે ઘડાના બદલે છોકરાના ગળામાં દોરડું નાખે છે. ત્યારે તેમને એ જોઈને રાડ પાડી. અરે ! અહીં શું જોવે ? નીચે જો નીચે જો. ત્યારે આ અનર્થ થતો દેખી નક્કી કર્યું જંગલમાં રહે છે અને ત્યાં કોઈ મુસાફરો જાય અને જે વહોરાવે તે વહોરીને વાપરે છે. હરણીયા-વાઘ-સિંહ-વરુ બધા તેમના ભગત બની ગયા. એટલે **જ્યારે બલરામ સ્વર્ગ પામ્યા ત્યારે ત્યાં તેમના શોકમાં વાઘ-વરુ-હરણીયા વગેરેએ અણશન કર્યું.**

• • •

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૬"** શ્રાવણ સુદ-૧૦

વિષયવાસના અને **સખી કે સખો ?**

सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा अकामा जंति दुग्गइं ॥

ભગવાન જિનેશ્વરના શાસનમાં જગતની ઓળખ કરાવતા જ્ઞાનીઓ ફરમાવે છે કે જીવને જે પદાર્થો સારા લાગે છે, સારા રૂપ-રસ-ગંધ એ બધા તારા માટે શલ્યરૂપ - ઝેર રૂપ છે, ઝેરી નાગ છે. વિષયો ઝેરી નાગ સ્વરૂપ છે. જીવ આટલું ઓળખી લે તો તારું કલ્યાણ તારા હાથવેંતમાં છે. કોણ કલ્યાણ કરવા નથી દેતું ? વિષયોની વાસના. જો દુનિયામાં વિષયો ન હોત, ભોગવવા માટે ઇન્દ્રિયો ન હોત

તો જીવ ઘણો સુખી હોત. આંધળો સુખી કે દેખતો સુખી ? બ્રહ્મદત્ત ચક્રવર્તીની આંખ ગઈ, પૂર્વેના જોયેલા વિષયોને યાદ કરીને દુઃખના પોટલા ઊભા કરે છે. જન્માંધ હોત તો શું સારું ખરાબ તે ન થાત. જે દુઃખ ઊભું થતું હોય છે તે ઇન્દ્રિયોના લીધે, ઇન્દ્રિયોની ગુલામી દુઃખ ઊભું કરાવે છે. અને જીવને ઉલ્લું કરે છે. ઉલ્લું એટલે ઘુવડ. શી ખાસીયત છે એની ? અજવાળું ગમતું નથી. દિવસનું અજવાળું થાય એટલે અંધારામાં પેસી જાય. એમ વિષય વાસનાથી ઘેરાયેલો આત્મા જગતમાં ગમે તેટલું સારું-સારું એટલે દેવ-ગુરુ-તીર્થો-શાસ્ત્રો-સાધર્મિકો તેના નસીબમાં ન હોય. એટલે જ જ્યારે રાજીમતિને રહનેમીએ ગુફામાં જોયા ગીરનાર ચઢતા હતા ત્યારે વરસાદ આવ્યો. બીજી સાધ્વીઓ પણ સાથે હતી. જેને જ્યાં જગ્યા મળી ત્યાં રહ્યા. રાજીમતી પણ એક ગુફામાં પેસી ગયા.

પરંતુ તે પહેલા રહનેમી ગુફામાં આવી ગયેલા છે. રાજીમતીને ખબર નથી. અજવાળામાંથી અંધારામાં જાય એટલે શરૂઆતમાં બરાબર ન દેખાય. રાજીમતી રૂપ-રૂપનો અંબાર છે. કપડાં ભીના થયેલા છે તે સુકવવા કાઢ્યા. તેનું રૂપ જોઈ રહનેમી વાસનાથી વાસિત થયા. કહે છે કે 'સુંદરી ! **સુંદર મેળો સંસારમાં જો...**' આ સાંભળતા રાજીમતી ચોંકી ગયા. તરત ભીના કપડાં પહેરી લીધા. વાસના ચઢી બેસી એટલે કહે છે. **"ચંપક વરણી તુજ કાયા શોષાણી જો...."** આ શરીર શાથી સુકાવો છો ? વાસનાથી ચક્કર ફેરવી નાખ્યું. તારણહાર સંયમ મળ્યું હતું, તેની કિંમત ઘટાડી નાખી. **"અમે જાણ્યું પતિ વિણ રાજુલ ઓશિયાળી જો !... નહિ ઓશિયાળી હું જગમાં કહેવાણી જો. ત્રણ જગતના રાજાની હું રાણી જો- ભૂતળ સ્વર્ગે ગવાણી, પ્રભુ ચરણે રહી જો...."** હું ઓશિયાળી નથી. ત્રણ જગતના નાથની રાણી સાધ્વી થઈ એટલે ભૂતલ-સ્વર્ગે ગવાઈ. મારા ગુણ ગાય છે. "ધન્ય છે રાજીમતીને આવો કપરો સંયમમાર્ગ લીધો છે." વિષય વાસના એવી છે કે અંધાપો લાવી દે છે. રાજીમતી પાવરમાં છે. જ્યારે નેમજી રથડો વાળી પાછા જતા હતા ત્યારે **'પ્રીત કરંતા સોહિલી રે હાં, નિરવહતાં જંજાળ મેરે વાલમા'** પણ શિવસુંદરીની પ્રીત મોંઘી છે, તમો અમને લાત મારો અમે પગ પંપાળીએ પગને વાગ્યું નથી ને ? એમ પૂછીએ, પણ શિવસુંદરીને ઓળખો છો ? શિવસુંદરીની સાથે પ્રીત કરવી સહેલી નિર્વહતા કઠણ. સંસારની ધૂળ કાઢી છે. સંસાર પર વૈરાગ્ય થયો. વૈરાગ્ય ટકાવવો કઠણ છે. અહીંથી સાંભળીને ઘેર ગયા. આજે ૧૫ મી ઓગસ્ટ છે. માલપુડા વગેરે જમણ છે. પકવાન પર બેસી ગયા તો મોક્ષની પ્રીતિ ક્યાં ગઈ ? વૈરાગ્ય હોય તો દેવતાઈ ભોજન ન ખપે, દુર્ગતિમાં ભટકાવનાર છે. શિવસુંદરી કેવી છે ? મારી સાથે પ્રીત કરી પણ જગતની વસ્તુ સાથે પ્રીત કરવા નીકળ્યા તો તું મારે લાયક નથી. મોક્ષ સાથે પ્રેમ બંધ તો સંસાર સાથેનો

સંબંધ ચાલુ તમને ફેંકી દે. છેલ્લો અવાજ કાઢ્યો.

લગ્ન પ્રસંગે હાથ ઉપર હાથ ન આપ્યો, પરંતુ માથા પર આશીર્વાદ લઈશ એ મક્કમતા કરીને આવેલા રાજુલ કહે છે. **ત્રણ જગતના રાજાની રાણી છું.** શાના પર કહી શકે છે ? નેમનાથ તોરણથી પાછા ગયા ત્યારથી વાસનાને કચડી છે. વાસના તો મનુષ્યમાં કરી ને તિર્યંચ અને દેવમાં કરી એ વાસના જાય ગટરમાં. એક લગન જૈન ધર્મ અને તત્ત્વનો બોધ માર્ગની આરાધના. જૈન ધર્મ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના આ મનુષ્ય જન્મમાં જ આરાધી શકાય. પ્રજ્ઞાને જગાડવાની, સંજ્ઞાને મૂકવાની. પ્રજ્ઞા છે દાનશીલ તપ ભાવના.

સંજ્ઞા છે આહાર ભય મૈથુન પરિગ્રહ.

સંજ્ઞા એકે એક જન્મમાં મળે. કીડીના અવતારમાં મળે, કરોળીયાનાં અવતારમા મળે. ખેતરમાં કીડી થઈ હોય તો ૦ા કીલો દરમાં દાણા ભેગા કરે. એક દાણો ખાતા દિવસો જાય. હોશિયાર એવી કે દાણામાં પાણી પડે દાણા કદાચ જાય પણ તેના મર્મ સ્થાન કોચી ખાય. વરસાદ ભલે ને પડે તેમાંથી ઉગવાનું નહિ આ પરિગ્રહની સંજ્ઞા છે. કરોળિયા પાસે સંજ્ઞા છે. ઈજનેર ન બનાવે તેવું જાળું બનાવે. સંજ્ઞાને મહેકાવવાના જન્મ ઘણા-એકેન્દ્રિય ઝાડ સુધીના. **નાળિયેરીનું ઝાડ** પર્વત પર ઉગેલું. પરિગ્રહની સંજ્ઞા લાગેલી મૂળીયું ઠેઠ નીચે તળેટીએ. તેની નીચે ૭ લાખનો દલ્લો હતો. દલ્લો દાટનાર કોઈ જનમમાં ભગવંતને વંદન કરવા આવ્યો પૂછે છે ભગવાન આ શું ? હું પર્વત પર ચઢતો હતો. નાળિયેરીનું ઝાડ આવ્યું તેના મૂળીયા ઠેઠ નીચે તળેટી સુધી કેમ ? કોઈએ દલ્લો દાટ્યો છે ? ભગવંતે કહ્યું, **તું અને નાળીયેરીનો જીવ** પહેલા મનુષ્ય ભવમાં **બંને ભાઈ** ૭ લાખ કમાઈ લાવ્યા. પણ અહીં લશ્કર ગોઠવાઈ ગયેલું તેથી દલ્લો દાટ્યો. પછી ભાઈની બુદ્ધિ બગડી તને કૂવામાં નાખ્યો. તું જન્મ-જન્મ કરતો અહીં આવ્યો. તે જન્મો કરી નાળીયેરી થયો. એક મમતા દલ્લા પર સ્થાપી દીધી. **'ત્રીજે ભવ સમરાદિત્ય સાધુ ચરિત્રને સાંભળે..' મનમોહનજી જગતાત...** મારા મનના મોહન ! મારી વાત સાંભળો મને પરિગ્રહની મમતા મૂકવી ગમતી નથી. તારું ચાલે તો સાતક્ષેત્રમાં ઉડાડી દે. ઘર ચલાવવા કેટલું જોઈએ ? અનંત અનંતકાળની વિષયની વાસનાનો અંત કરવાનો કોઈ જન્મ હોય તો તે મનુષ્ય ભવ છે. નહિ તો કીડી થઈને ધાન્ય ઉપર મમતા કરાવશે. મોટો મમ્મણ બનાવી દેશે. **'નવિ ખાધું નવિ પીધું ધુતારે આવીને લૂંટી લીધું...'** માખી મધપુડામાં મધ ભેગું કેટલું કરે ? ખાય કેટલું ? વાસનાને પરવશ થયેલો દેવ-ગુરુ-સાધર્મિકો ભૂલે અકાર્યો કરવામાં બાકી ન રાખે.

શેઠની છોકરી હતી તેની સગાઈ કરી એક ગુણિયલ સાથે. લગન લીધા. છોકરીને બીજા કોઈ સાથે પ્રેમ. તે કહે હજી લગ્ન થયા નથી હું પણ જાન લઈને

જઈશ. બે મૂરતિયા આવીને ઊભા. શેઠને પડકાર કરે છે હું જ પરણીને જવાનો છું. ભારે કામ થયું. બાપ મુંઝવણમાં પડ્યો લગ્ન મંડપમાં, ચોરી મંડપમાં બંને સાથે પેઠા. શેઠ સ્થિતિ સંપન્ન હતો. રાજા પાસે ગયો અને કહે છે, આ આપદા આવી છે. સગાઈ કરી છે પંચ સાક્ષીએ બીજો આવીને ઊભો છે. રાજા કહે છે હું ત્યાં આવું છું. સ્વાગત કર્યું. બંને ઉમેદવાર જોઈ રહ્યા છે. રાજા આવીને જેની સાથે સગાઈ કરી છે તેને પૂછે છે. બીજાને હળવળાટ થયો. કાંઈ નહિ. રાજાને તે કહે છે રાજા સાહેબ છોકરીને એકાંતમાં પૂછો. 'કોના ઉપર પ્રેમ છે ?' બંનેને કલેજે ઠંડક છે. વિષયવાસના ભયંકર કામ કરે છે. બધુ ભુલાવે પોતાનો માનમરતબો કુળની ખાનદાની બધુ ભુલાવે, હરામખોર છે. તેને મરતા પહેલાં મારવી નથી તો બેહાલ છે. **"વાસનાને માર્યા વિના મર્યા તો બેહાલ થાય."**

"વાસનાને મારીને મર્યા તે આ જગતમાં ન્યાલ થઈ ગયા. ત્રિપુષ્ટ વાસુદેવે ઠેઠ સુધી વાસના મારી નથી. શ્રેયાંસનાથ ભગવાન મલ્યા હતા. ભગવાનની વાણી મળી. પોતે તીર્થંકરનો જીવ છે. વાસના જોરદાર હતી. ભૂતકાળમાં ફીક્સ કરીને આવ્યા હતા. મહાવૈરાગ્ય પામી ચારિત્ર લીધું છે. છેલ્લે નીયાણું કર્યું. **'હું મોટો બળવાન બળનો ધણી થાઉં.** 'શી રીતે થઈશ ? ચક્રવર્તી થઈશ. બળનો ધણી થઉં.' એટલે આંધળાની માગણી જેવી છે. બળવાન એટલે ચક્રવર્તી એટલે ૧૯૨૦૦૦ સ્ત્રીઓ તો ૬૪ હજાર વિદ્યાધરની છોકરીઓ, દરેકની સાથે બે-બે સહિયરો. ૧૪ રત્ન, ૯ નિધાન, ૯૬ ક્રોડનું પાયદળ. **એક આંધળો હતો** લાકડી ટેકતો ટેકતો ભીખ માગે. પછી કંટાળી ગયો. એટલે થયું કે મરી જવું.' ત્યાં કોઈએ કહ્યું ગામ બહાર દેવીનું મંદિર છે તે પ્રત્યક્ષ છે. લાંઘણ કરીને બેસ. મને વરદાન આપ, નહિ તો હું ભૂખ્યો તરસ્યો બેઠો છું. તને મનુષ્ય હત્યા લાગશે. લીધા વગર જવું નથી. આપઘાત કરનારી સ્ત્રીઓ મરવું જ છે તો ચઢી જા અનશન ઉપર તે નહિ. ૨૧ ઉપવાસ ભીખારીને થયા દેવી પ્રગટ થઈ. શું જોઈએ છે ? એક જ માંગણી માગવાની તે આપવા તૈયાર છું. ભિખારી વિચાર કરે છે. "પૈસા માગું" તો આંખ વગર શું કરું. આંખ માગું તો પૈસા વગર શું કરું. **'અગમ બુદ્ધિ વાણીયો'** સલાહ વાણીયાની લઉં. સલાહ લઈને આવ્યો. **'મારી આંખે મહેલના ૭ મે માળે મારા છોકરાની વહુના છોકરાને સોનાને હિંડોળે હિંચતી જોઉં.'** પુત્ર પરિવાર આંખ બધું આવ્યું. વાસુદેવ-બળવાન થાઉં. ચક્રવર્તી કરતા અડધો પરિવાર. ૩૨૦૦૦ મુખ્ય રાણી. બળ કેટલું ? ૯ વાસુદેવ જેટલું થાય. પહેલો વાસુદેવ થયો ૧ યોજનની અખંડ શીલા તેનું વજન કોટી મણભાર આખી ઊંચી કરે. કૃષ્ણ ૯ મો વાસુદેવ જમીનથી ચાર આંગળ ઊંચી કરી શકે. ધર્મની પાસેથી આંચકી લીધું છે. બુદ્ધિ ઉપર અંધાપો આવી ગયો. મારે આ જોઈએ છે. મળશે પછી શું ? તમે ઘર-પૈસા

પાછળ આદુ ખાઈને મંડી પડ્યા છો ને ? વિષયવાસના ભૂંડી છે. રાજા આવ્યો દીવાનખાનામાં બેઠા. છોકરીએ ૧૬ શણગાર સજેલા છે રૂપનો અંબાર છે. બાપ કહે છે રાજાને પગે પડ, આશીર્વાદ આપે. રાજા એટલે બાપના સ્થાને છે. ફાટફાટ યુવાવસ્થામાં આવેલી પગમાં પડે છે. રાજાના એક ખૂણામાં વિજળીનો કરંટ લાગ્યો. વાસના જાગી છતાં રહેમ નજર દેખાડે છે. 'તારા લગન છે.' અ.સૌ. થા એમ રાજાના મનમાં થયું. પણ હમણાં ફેંસલો કરું તો આ જાય. મારા અંતેપુરમાં બધી કૂબડીઓ છે. દેવલોકમાં ઈન્દ્રાણીના રૂપ આગળ બીજી દેવીઓના રૂપ હેઠ.

સિદ્ધરાજ જયસિંહ **જસમા ઓડણ**ના રૂપમાં લોભાયો. તળાવ ખોદાવે છે.

મારી રાણીઓ આની આગળ પાણી ભરે. રૂપનો ઈજારો નથી કે રાજાને ઘરે જ હોય વાણીયાના ઘેર હોય ! અડધી વાત કર્યા પછી જાણે માથામાં સણકો ઉપડ્યો હોય તેમ દીવાનને આંખનો ઈશારો કરે છે. શેઠ તમારી વાત ઊભી રાખો. ફેંસલો નહિ મળે તરત ઉપચાર કરવા પડશે. દીવાને કહી દીધું કે હાલ બંનેને રજા આપો. પહેલો રાજી થયો હાલ તો કષ્ટ ગયું. બદમાસ રાજી થયો. હમણાં તો ગયું, ઓટકોટ કરશું. તેને ખબર નથી કે ત્રીજો (રાજા) ઉમેદવાર ઊભો થઈ ગયો.

રહનેમીને રાજુલ કહે છે. આ શું લપ લઈ બેઠા છો. આ વિષયો ભયંકર છે. વીરને વારે અઈમુત્તો સંયમ લઈ મોક્ષે જશે. **'જશે ખરા પણ બાલપણામાં જોગી જો, વાત ન જાણે આ સંસારીક ભોગી જો....'** તેઓને ભોગ શું હોય છે તે ક્યાં ખબર હતી. ભુક્ત ભોગી થઈને સંયમ લઈશું અંતે સાધશું મોક્ષે જઈશું હમણા ભેખ મૂકી દો.

રાજીમતીએ વિષય વાસનાને ઓળખી લીધી છે. નેમનાથ ભગવાનની હારોહાર સાથે સંયમની સાધના કરી છે. વાસનાને મારતા ગયા છે.

જેમ વાસના વધારે મરે તેમ ઉપર ઉપરનો દેવલોક મળે. અનુત્તરથી આવેલા રાજુલને લલચાવે છે. વ્રત ભાગી જીવ્યા તે નરકે ગયા રે. રહનેમીને વાસના પ્રબળ જાગી છે તે કહે છે. નરકે કોણ ગયા ? જેણે ફરીથી ચારિત્ર ન લીધું તે. આપણ તો ફરી ચારિત્ર લઈશું. વિષયની વાસનાવાળાને શું થાય છે ? એકવાર ભોગવી લઈએ પછી તૃપ્તિ થાય. **'ઈચ્છાપૂરણ નવિ થાયે કોઈ કાળે.... જો વાઘે લોહી ચાખ્યું. અમદાવાદમાં** થોડા વર્ષો પૂર્વે **સરકસ** આવેલું. શંકરરાવ મુખ્ય હતો. તેણે ૧ મોટું પાંજરું બનાવેલું. અને ૧ નાનું પાંજરું. નાના પાંજરામાં વાઘ. પછી મોટા પાંજરામાંથી નાના પાંજરામાં પોતે વાઘ સાથે ખેલ કરે. વાઘના મોઢામાં પોતાનું માથું ઘાલે. લોકો પૈસા ફેંકે. વાઘને એ રીતે કેળવેલો. પરંતુ એક વખત માથું વાઘના મોઢામાં નાખ્યું તેમાં તેની બોચીમાં દાંત લાગવાથી લોહીની સેર ફૂટી. લોહી ચાખ્યા પછી બે દાઢ ભેગી કરી ધડ કપાઈ ગયું. જુગારમાં ૧ બાજી રમતા

જિંદગીના જુગારી બન્યા. વિષયની વાસના ભયંકર. શેઠે ઉમેદવારને કાઢ્યા. છોકરીનું રૂપ એવું છે તે રાજા મોહિત થયો. વાસના કૂદતી હતી તે દીવાનજીને બોલાવ્યો સમજાવી દીધું. દીવાનજીએ શેઠને બોલાવ્યા. શેઠ કહે હવે મને જજમેન્ટ મળશે ? દીવાન કહે, પણ જજમેન્ટ પછી તમારી કન્યા ઉપર જોખમ છે. બીજો જમાઈને મારશે. કન્યા રાંડશે. કેમ કે એના પ્રેમીને પરણાવશો તો સગાઈવાળો છોડશે ? જોખમ છે. શેઠ કહે તો મારે શું કરવું ? રસ્તો બતાવો. દીવાન કહે જો રાજાને કન્યા આપીએ તો સલામતી રહે. શેઠ કહે રાજાને તમે સમજાવો. તમે જ જમાઈ અમારા, તમે સીફારસ કરો. વિષયની વાસના સલામત રાખવા ૧ નહિ પણ ૧૦૦૦ ઈસ્યુ છે. આવા ઈસ્યુવાલાને વાસના મારવી કપરું કામ છે.

એક ભાઈ વિધુર થયા છોકરો નાનો હતો. બીજી સગાઈની વાત ચાલે. પૂ.પ્રેમસૂરી મહારાજે કહ્યું હવે કુદરતે સગવડ કરી આપી છે. ચારિત્ર લેવું હોય તો દીકરા સાથે લઈ શકો. બીજા લગન ન કરતા. આ કહે ઘર કોણ સંભાળે ? બહાનું કાઢે છે. તમારી વાસનાને તમે ઓળખી શકો. બીજા લગન શા માટે કરો છો ? લગન થઈ ગયા, પછી સાહેબ પાસે આવીને પશ્ચાત્તાપ કરે છે. સાહેબ, આપે કહ્યું તે સાચું' આ તો બલા છે. પાંચ તિથિ બ્રહ્મચર્ય પાળવા દેતી નથી.

પૂ.જિનવિજયજી મ. અજિતનાથ ભગવાનના સ્તવનમાં કહે છે. **"જીવડા વિષમ વિષયની હેવા, હજી કાં ન જાગે ?..."** નાદાન જીવ ! વિષયની લગન વિષમ છે. ભયાનક છે. હજી તને હેવા છે. તેને ત્યજીને કાં ન જાગે. મનુષ્ય જન્મમાં કેમ આવ્યા છો ? **'જિમ કોઈ નર જાન લઈ આવ્યો...'** દરબારી ઉતારો. સુંદર જમણ આપ્યું, પણ એક તાકીદ આપી. જરા આટલું ધ્યાન રાખજો, બગીચામાં જવાની ઓરડી છે ત્યાં સાપ આવે છે. જેથી ત્યાં કોઈ જશો નહિ. જુવાની છે, વરરાજા પોતે ત્યાં ગયો. લાકડીથી દરવાજો ખોલ્યો. હવા સુંદર આવી રહી છે. ચંપા કેવડાની સુંગધ આવી રહી છે. ઝોકું આવ્યું નાગ ડંખ દઈ ચાલ્યો ગયો. ચીસ પાડવાનો અવસર ન રહ્યો. પ્રભુ ! મારી આ દશા છે. શિવસુંદરી કન્યાને પરણવા મનુષ્ય જન્મમાં આવ્યો છું. સરસ આહાર-મેવા મીઠાઈ ગાડી બંગલો... આ બધી ચીજોથી ઊંઘાઈ જવાય છે. **'અબ હું શરણે આવ્યો...'** ઋષભદાસ કવિ કહે છે. રાગદ્વેષમાં ફસ્યો એટલે વિષયવાસનામાં ફસ્યો. **શી કહું પ્રભુ મારી કથની** પુનરપિ જનમં પુનરપિ મરણં, કલિયુગે માનવ જન્મ પામ્યો અને ગમાયો." નજર સામે આ સંસારની સ્થિતિ જુવે તો ઝબકી જાગવાનું મન થાય. વાસના તોડો એટલે ચારિત્ર લો. માનવભવમાં મળેલી પ્રજ્ઞાનો ઉપયોગ કરવાનો છે. ભૂખ લાગી છે તો પેંડા શા માટે ? ખાડો પૂરવો છે તો ખાડો ધૂળ ઢેફાથી પૂરાય. લાડવા પેંડાથી ન પૂરાય. આંબેલના રોટલા ને દાળ.

શેઠ દીવાનને કહે છે. મારી દલાલી કરજો દાયજો ૧૦ લાખ આપીશ. દીવાન કહે એમ કંઈ મહારાજા ખુશ ન થાય. ૨૫ લાખમાં ૧ ઓછો નહિ. વાણિયાને મન દીકરી સારા ઘરે જાય છે ને ! ચોકઠું ગોઠવી દીધું લગ્ન થઈ ગયા. સગાઈવાળાએ મન વાળી દીધું. રાજા જેવું ઘર મળતું હોય તો પહેલા તેજ કરે ને ! મોઢાના કોલ હતા, પણ પ્રેમી ભારે ધૂંવાપૂંવા થયો. તું રાજા છે તો હું રાજાનો બાપ છું. કોણ બોલાવે છે ? વિષય વાસના, હક દાવો પહોંચતો નથી ત્યાં કરાવે છે. રાણીને ભગાડીશ.

શાસ્ત્ર કહે છે બધું આવડ્યું તપસ્યા આદરી પણ વાસના મારી ? **જો વાસના ન મારી તો કશું નથી આવડ્યું. વિદ્વતા ધૂળમાં.** વાસના મારતા તો તમે મહાપંડિત વિદ્વાન, તમે મહાન સાધુ. સ્થૂલિભદ્ર કેમ ગવાઈ ગયા ૮૪ ચોવિસી સુધી ? નેમનાથ ભગવાનને ધન્યવાદ આપીએ છીએ કે રાજીમતિને છોડી પર્વત પર ગયા હતા. પણ સ્થૂલભદ્રે મોહના ઘરમાં રહી તેના ફૂરચા ઉડાડ્યા તેથી નેમનાથ ભગવાન કરતા સ્થૂલિભદ્રને ધન્યવાદ આપવાનું મન થાય.

પેલો સ્ત્રીવેશ પહેરી રાજમહેલમાં ગયો. રાજા રાજસભામાં હોય ત્યારે આવે હું મહારાણીની બેન છું. નંદનામ હતું તેથી કહે તમારી નંદા સખી મળવા આવી છે. એમ કહી પહેરેગીરને સમજાવી પોતે જાય છે. રાણીને મળે છે. 'તારા વિના મનેં ગમતું નથીં.' ઝેર ખાઈ લઈશ. રાણીં કહેં છેં ઝેર નહિ ખાતા રોંજ બપોરેં આવતા રહેવાનું બસ, રાણી એટલે મારી પત્ની, રોજના પાપ ચાલ્યા. શું માને છે ? સ્વર્ગના સુખ હોય એવા હવાહલા નંદ કરે છે. રાણી કહે છે તમે મને પ્રાણથી પ્યારા છો... વિષયવાસના ભયંકર છે, પછીના પગથિયાના અપાયો તેને દેખાતા નથી. રાજા જાણી જશે તો તારી દશા કઈ થશે ? વાસના ભયંકર, કેટલાક વખત સુધી આ ચાલ્યું. એક વખત અધવચ્ચે દરબારમાંથી રાજા આવ્યો ગમે તે કારણે ઉપર ગયો. દરવાજા બંધ છે. તીરાડમાંથી જોયું હરામખોર કોણ છે ઉપર ? મહારાણીની સખી છે. કેટલાક વખતથી આવે છે ? ઘણા વખતથી. સારું, નીચે ઉતરે એટલે રાજસભામાં નીચે લાવજો. બરાબર નીચે ઉતર્યો. સિપાઈ કહે છે. રાજા બોલાવે છે. હમણાં નહિ પછી આવીશ. હુકમ છે પકડીને લાવજો. સીધે-સીધા ચાલો બાઈ માણસ છો, હાથ ન પકડાય માટે ચાલો દરબારમાં ઊભી કરી. કોણ છે તું ? હું મહારાણીની સખી છું. રાજા કહે સખી છે કે સખો ? મારી મશ્કરી કરો છો ? રાજાએ કહ્યું એના કપડાં કાઢો. બીલકુલ નાગો ઊભો કર્યો. હરામખોર. આ ધંધા મારા રાજમહેલમાં. જલ્લાદ જેવા સિપાઈઓને કહ્યું, આની આંખ ફોડ, નાક, કાન, જીભ કાપી બાંધી ચામડી ઉખેડો. ગામમાં ફેરવી જાહેર કરજો. 'દુરાચારના ધંધા કરશે તેના આ હાલ થશે.' એલાન કરી ફેરવ્યો. ભૂંડી દશા જોવી હોય તો ભરબજારમાં ખડો કરી દીધો. પપૈયું છોલે એમ ચામડી છોલે છે. રાડો રાડ

ચીસ પાડે છે. લોકોને અરેરાટી થાય. મીઠું મરચાના પાણી એના પર છાંટો. હવે પસ્તાવો કરે માફી માગે કોણ સાંભળે ? **યુગાદિ દેશના** ગ્રંથમાં આ પ્રસંગ મૂક્યો છે.

ચામડી ઉઝડી ઉપર મીઠા મરચાના પાણી મર્મ સ્થાન સુધી પહોંચ્યા મૃત્યુ થયું. પણ નરકમાં આટલી વેદના પછી શરીર આખું. આખો-કરવતથી વહેરી નાખે. શેરડીના કોળુંમાં લપેટાઈ જાય.

તીર્થંકર ભગવાને સાધુ અને શ્રાવકોના આચારો બતાવ્યા છે તે વિષય વાસના તોડવા માટે. દાનશીલ તપ-ભાવનાનો ધર્મ બતાવ્યો છે. ચાતુર્માસનો અવસર છે. તપ-નિયમની આરાધના કરો વાસનાના ફૂડચા ઉડાવીને જઈશું. મન કહે ગઈ સાલ આટલી આટલી વાસના હતી. હવે તેમાંથી ઓછી કરી.

"દિવ્ય-દર્શન" - **"જાહેર પ્રવચન-૭"** શ્રાવણ સુદ-૧૨

'બહોત ગઈ થોડી રહી'

सुट्ठु वाइयं सुट्ठु गाइयं सुट्ठु नच्चियं साम सुंदरि ।
अणुपालियं दीह राइयओ सुमिणं ते मा पमायए ॥

પરમ ઉપકારી શાસ્ત્રકાર **આવશ્યક નિર્યુક્તિ** શાસ્ત્રમાં બતાવી રહ્યા છે કે હે સુંદરી ! તેં ખૂબ સારું બજાવ્યું, ખૂબ સારું ગાયું, ખૂબ સારું નાચ્યું આખી રાત. હવે આ રાત્રીનો છેલ્લો અવશેષ બાકી છે. તે ઝોકામાં ન પડ ઊંઘમાં ન પડ. કેમ ? ગાયું બજાવ્યું નાચ્યું તેનું છેવાડું સારું હોય તો ઈનામના ઢગલાં મળે. એટલે ગુજરાતીમાં તેને **'બ્હોત ગઈ થોડી રહી' 'મ કર રંગ મેં ભંગ' 'ઘણો સમય વીતી ગયો છે થોડા માટે ભંગ કરીશ નહિ.'** શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ ગાથા બતાવી છે ને બનેલા પ્રસંગ પર નર્તકી ગાઈ બજાવી રહી છે. ઝોકું ખાવા જાય છે. ઈનામ લેવાના અવસરે ઝોકું ન ખા. તે માટે અષ્ટપ્રકારી પૂજા કરી સ્તવન ગાયું **'જયવીયરાય'** વખતે જ ગેરહાજર. કેવી રીતે 'જયવીયરાય' બોલવાનું ? ચક્રવર્તીના દરબારમાં ઈનામ આપવાની તૈયારી હોય ત્યારે ડાફોળિયા મારે, બીજાની સાથે વાત કરે તો ? જય હો ! વિજય હો ! મહારાજાધિરાજનો જય હો ! એ રીતે જયવીયરાય ! **તમારા પ્રભાવે આટલું આટલું હો...** પૂર્વે તીર્થોમાં યાત્રા કરવા જાય ત્યારે વાસણ આદિ સામગ્રી નોધાવો છો. તપેલી જોઈએ હા કડછી પણ જોઈએ... જોઈએ એમ 'ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ બોલાય છે ? કાંઈ લેવું જ નથી. આમ નર્તકીને શીખામણ છે છેલ્લા ટાઈમે તું ઊંઘીશ નહિ. પ્રસંગ જોવાનો છે, કેવું ચમત્કારી વચન છે. નર્તકી-નાચનારી ગાનારી છે. તેનો માલિક હશે તે

કહી રહ્યો છે. તારો પગ ઉપાડ- ઢગલો ઈનામ મળશે. રાજાના દીવાનને, યુવરાજને એક શેઠાણીને, રાજાનો માવત છે તેને કેવી અસર થાય છે અને ક્ષુલ્લક મુનિને કેવી થાય છે તે જોઈએ. 'બહોત ગઈ થોડી રહી' કારણ કે સાંસારિક જીવન છે, સાંસારિક જીવન હોય તો પણ કર્મને પરાધીન જીવન છે. બીમારી અમારે સાધુને પણ આવે ખ્યાલ આવી જાય ત્યાં 'બહોત ગઈ થોડી રહી' કેવી રીતે લગાવે ? રોગની પીડા છે.

આ સંસારમાં ભટકતાં પીડામાં કેટલો સમય ચાલ્યો, અત્રે પણ એમ થોડા ટાઈમની પીડા છે તેમાં મુંઝવણ ન કર. સીતાજીના જીવનમાં દિવ્ય કર્યા પછી 'પધારો અયોધ્યાયામા' એમ કહ્યું તેના ઉત્તરમાં સીતાજીએ કહ્યું ભૂતકાળમાં અનંતીવાર તમાચો ખાધો છે. તે બાજુમાં રાખીએ આ જીવનમાં ૩ વાર તમાચો ખાધો. પરણીને દશરથનંદન સાથે લીલાલહેર કરશું. મહેલમાં પણ વનવાસ આવ્યો ત્યાં પણ એમ હતું કે હું રામને પરણી છું મહેલને નહિ. રામ સલામત છે ને ! રાવણ પાસે ઉપડાવી પણ રામે લડાઈ કરી રાવણને ખલાસ કર્યો. નીરાંત વળી ઠરી ઠામ બેસવાનો અવસર આવ્યો. પતીના હાથે જ જંગલમાં હકાલપટ્ટી કરાવી. વનમાં હકાલપટ્ટી થવા છતાં પાછાં મહેલમાં આવવાનું છે. પાછો ગાલ તૈયાર રાખવાનો. ઘણી પીડાઓ સહન કરી લીધી. નરકના આયુષ્ય કરતાં મનુષ્યનું આયુષ્ય હિસાબમાં નથી. પલ્યોપમ સાગરોપમના આયુષ્ય ક્રોડોથી ગણિત ન ગણાય, પલ્યોપમથી ગણાય. મનુષ્ય આયુષ્ય હાથમાં છે. કર્મ નચાવે તેમ નાચવાનું ? ભગવાનનું શાસન મળ્યું છે. 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો' કર્મને દબડાવવાનો કાળ છે. નાના આયુષ્યમાં સંયમ તપ કરી લે. 'બ્હોત ગઈ થોડી રહી.' **ઘણું સહન કર્યું છે. થોડો ટાઈમ છે, સાધના કરી લેવા દે.** સાધનાની પ્રેરણા માટે આ પ્રસંગ બતાવ્યો છે.

સાકેતનગરી-પુંડરીકરાજા-નાનોભાઈ કંડરીક-પત્ની યશોભદ્રા. રાજાના જોવામાં આવી. ભાઈઓ ભેગા રહે છે. મકાનમાં ફરતાં ઝાંઝણના ઝણકાર સાથે જોવાથી મન બગડી ગયું નફફટ થયો. યશોભદ્રાને ખાનગીમાં કહે છે તારા માટે આ સ્થાન બરોબર નથી, મહારાણી પદે આવી જા.' યશોભદ્રાએ સંભળાવી દીધું. 'જેઠ છો, સસરાને સ્થાને છો નાનાભાઈની શરમ નથી આવતી ?' એટલે એ પુંડરીક એમ સમજી ગયો કે મારો નાનોભાઈ છે માટે ના પાડે છે. નાનાભાઈનું ખૂન કર્યું યશોભદ્રા શીલ માટે રાતો રાત ભાગી. જંગલમાં થઈ એક નગરમાં પહોંચી. અજિતસેન આચાર્ય-કીર્તિમતી પ્રવર્તિની સાધ્વી. ત્યાં જઈ વિતથ કીધી. માત્ર પોતે ગર્ભિણી હતી તે ન કહ્યું, શરૂઆતમાં ચિહ્ન દેખાય નહિ. પતિ એકાએક ઉપડી ગયા એમનું ભાગ્ય ફૂટી ગયું. મારું ભાગ્ય મારા હાથમાં જ છે. પરાધીનપણે મોત

સુધીની પીડા સહન કરે તો હું સ્વાધીનપણે સંયમ, જ્ઞાન-ચારિત્રની ત્યાગની પીડા સહન કરું હું જીવતી છું. એટલા જ માટે, સાધના કરવા જીવતી છું. કોઈ દિ યાદ આવે ? રસ્તે ચાલતા બે માળની બસ બાજુમાં થઈને જાય... આવા ધાંધલીયા યુગમાં શું પૂછવાનું ? જીવતા રહી ગયા તે પાપ માટે કે ધર્મ કરવા જીવતા રહી ગયા ? જીવતા રહી ગયા એ પાપોને છોડવા માટે, જીવતા રહી ગયા આત્મામાંથી પાપોને હલકા કરવા માટે. સાધુ મહારાજે **દૃઢ પ્રહારીને** એજ કહ્યું હતું. તું મરીશ, તારા પાપ નહિ મરે તું જીવતો છે તો તારા પાપને મારી શકીશ. **પાપ માર્યા પછી મરીશ તો ન્યાલ થઈ જઈશ.** દૃઢ પ્રહારી પૂછે છે. 'આવા મારા ઘોર પાપ મરે ? તારા પાપની શી વાત કરે ? ઘોરાતિઘોર પાપ કરનાર પાપને મારીને મર્યા. ચારિત્રમાં તાકાત છે. એક જન્મના નહિ, જન્મો જન્મના પાપ મારી શકે.

આ જીવનમાં પૂર્ણ સ્વાતંત્ર્ય છે. ચારિત્ર જીવન એવું છે કે જન્મજન્મના પાપ ખાળી શકે. ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ તપ કર્યો. અનાર્ય દેશમાં વિચરી કર્મનો ખેંખારો કાઢી નાખ્યો. યશોભદ્રા કંડરીકની પત્ની ચારિત્ર પાળી રહી છે. ગર્ભ મોટો થઈ રહ્યો છે. ગુરુણીને વહેમ પડ્યો પૂછ્યું, ગુરુણીને વાત કરી તમે દીક્ષા ન આપો માટે કહ્યું ન હતું. મારે ચારિત્ર લેવું હતું. મોત આવ્યું ! વાર નક્ષત્ર જોતું નથી. હું આરાધના વિના જઉં? માફ કરો, શ્રાવકોને બોલાવ્યા. પૂર્વના કાળના શ્રાવકો ! કહે છે ભોયરું છે ઘરના નોકરને પણ ખબર નહિ પડે. શ્રાવિકા માવજત કરશે. બચ્ચાનો જન્મ થયો. બચ્ચાનું નામ ક્ષુલ્લક. મોટો થાય છે. સાધ્વી પાસે લાવે છે સાધ્વીજી જ મા છે. સાધ્વીના ઉમદા આંદોલનો મળતા હતા.

મદાલસા રાજકુમારી વૈરાગીની. મોટા રાજાઓ તેનું ચિત્ર જોઈ માંગણી કરે છે. મા દીકરીને પૂછવા જાય છે, માંગણીઓ ઘણી થાય છે મોહ નથી. કહે છે પૂછી લો કદાચ લગ્ન થાય તેમને દીકરા થાય તેના પર અધિકાર મારો. રાજા કહે છે મારે રુપસુંદરીનું કામ છે. છોકરાઓ ભલે તેની પાસે રહે પરણીને આવી. બચ્ચું પહેલું થયું. **'શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરંજનોઽસિ'** હે ચેતન તું શુદ્ધ છે, બુદ્ધ છે સંસારની માયા જાળથી રહિત છે. ૮ વર્ષનો થતાં 'મા સંન્યાસ !' તૈયાર થયો છે. સંન્યાસીને સોંપી દો. વિચારસરણી પર પડઘા પહેલા. પછી રાજા કહે છે. એક ભીખ માગું. રાજ ચલાવનાર કોણ રહેશે ? રાણી કહે હું ધક્કો મારતી નથી. શાસ્ત્રના વચન સંભળાવું છું. જરા હાલરડાને ઓછું કરજો.

ચંડપિંગલ ચોર-વેશ્યાના પ્રેમમાં હીરાનો હાર આપે છે. ઊભા રહો. 'ક્યાંથી લાવ્યા છો ?' હું વેશ્યા છું, પણ શ્રાવિકા છું. **વેશ્યા શ્રાવિકા બને ! શ્રાવિકા વેશ્યા ન બને.** ગુરુણીનો ઉપદેશ ભાથું બાંધી લે. ૧૨ વ્રત, અરિહંત બધું સમજાયું વ્રત

અપાય ! ૫૦ બીડીના વ્યસનીને ૫ બીડીની બાધા અપાય ? ૪૫ નહિ પીવાની બાધા છે. વેશ્યાને બધા પાપ હતા.-એમાંથી હિંસા જુઠ વગેરેનો ત્યાગ છે. ત્રીજું વ્રત છે. મારે ચોરી ન કરવી અને ચોરીનો માલ પણ નહિ લેવાનો. તમારે દાણચોરીનો માલ નહિ ને ? 'બહોત ગઈ થોડી રહી' વિચાર નથી. ઓછું મળશે ઓછું ખાઈશ. હાર કોનો છે ? હાર મારો છે, હું તને ધોખામાં નાખું ? સફાઈબંધ વાત કરી. લીધો, એક પ્રસંગે હાર પહેરીને બહાર. દાસી જોઈ ગઈ. વેશ્યાને બોલાવી ક્યાંથી લાવી ? નામ દેવું કે નહિ ? મારો જીવ બચાવવા નામ દઉં તો મારા પહેલા વ્રતમાં ભાંગો લાગે. હાર મારો છે. હંટર લગાવો. મનમાં નિર્ધાર છે. 'બ્હોત ગઈ થોડી રહી' આ જીવન ઘણું જીવી કાઢ્યું. સહન કરું કર્મનું ઈનામ મોટું મળશે. રાણી ઘુંઘવાય છે. ૨૫ ફટકા લગાવે છે. ચંડપિંગલને ખબર પડે છે. કેટલી ખાનદાન બાઈ ! રાજાના ફટકા ખાય છે. નામ નથી દેતી. આદર્શ ઊંચા છે. ચોરને પસ્તાવો થયો દરબારમાં ગયો. નિર્દોષ બાઈને શા માટે ફટકારો છો ? તેને વિશ્વાસથી લીધો. મને સજા કરી શકો છો. સિપાઈને કહ્યું છોડી દો બાઈને. બાઈ માફ કરજે તું નિર્દોષ છે, તને ફટકા લગાવ્યા જા ઘરે જા. ચોરે પોતે આવીને કબૂલ કર્યું છે. વેશ્યા કહે છે મહારાજા છો, શું કહેવાય ? બને તો રહેમ કરજો. મને ફટકા ખોટા લગાવ્યા છે. તેનો પસ્તાવો છે ને તો મહેર કરજો એના પર, નજર સામે 'બ્હોત ગઈ થોડી રહી.' અનંતા કાળ વિતાવ્યા પાપ કરવામાં બાકી નથી રાખી. પાપોના પૂંઠે પડ્યો છું. રાજાએ ફાંસી ફટકારી. વાત વહેતી થઈ, વેશ્યાને ખબર પડી બિચારાને ! ચોરીઓ કરી હતી પણ શૂળી ભોંકાવાની ? અંદરની ધર્મવાસના છે, સાધ્વીજીએ ધર્મ સમજાવ્યો છે ને ! ગઈ રાજા પાસે બાઈ ! કેમ આવી છે ? મહારાજ ! ભીખારણ છું એક ભીખ માંગું. ચોરને શૂળીની સજા કરી મને નવકાર સંભળાવવા દો.

તમારી રજા જોઈએ. સિપાઈની સાથે ગઈ. શૂળી ભોંકાઈ-તરફડીયાથી બચવું હોય તો હું બોલું તેમ બોલ નવકાર. શી રીતે છૂટાય ? નિયાણું કરજે 'આના પ્રભાવે હું રાજાનો દીકરો થાઉં.' નવકારમંત્ર ગણતા મૃત્યુ પામ્યો. દહાડા ગણે છે. વચમાં ખબર પડી, જઈને ઊભી રહી. દીકરો જન્મ્યો છે મને હુલરાવવા દો. આનંદ પડે તેવા ગીત સંભળાવીશ. **'બુજ્ઝ બુજ્ઝ ચંડપિંગલા'** નવકારમંત્ર, એન્ડ ટાઈમે ધર્મબોધ, રાજાનો દોષ નથી, પૂર્વ ભવના પાપ છે, નવકારને કેસ સોંપી દે, તારા પાપ જશે. 'એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો' આ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે. 'ભલો રે મારે નવકાર' જાતિ સ્મરણ થયું. હાસ્ય, ફાવે એટલો ધર્મ થાય છે. ૮ વર્ષનો થાય છે, ચારિત્ર લે છે. સંસ્કાર ક્ષુલ્લકને મળ્યા છે. સાહેબ ચારિત્ર આપો. લીધું. ૧૬ વર્ષનો થયો યુવાની, વિકારો જાગ્યા. મા,

હવે ચારિત્રમાં રહેવાય એમ નથી. ઘણું સમજાવ્યો. મારી ખાતર ૧૨ વર્ષ. વાણીનો ધોધ વરસશે સમજશે. ૧૨ વર્ષ થયા હવે મને જવા દે. ગુરુણીને પૂછીને-ઉપાધ્યાયને આચાર્યને એમ ૬૪ થયા. હવે ? જ્યાં ત્યાં રખડી ન પડે તેથી ૧ લાખની કામળી ૧ વિંટી કાકા પાસે જજે. રાજ્ય મળશે. પહોંચ્યો સંધ્યાકાળ છે. નર્તકીનું નૃત્ય છે. હે શ્યામ સુંદરી હવે ઝોકા ખાવા લાગી છે ? પ્રેક્ષકો રાજા ઈનામ આપે એની રાહ જુવે છે. જેથી પોતે ઈનામ આપી શકે. 'સુટ્ઠુ નચ્ચિયં...' 'બહોત ગઈ થોડી રહી.' એ વાક્યે ક્ષુલ્લક મુનિને વીંધી નાખ્યું. યુવરાજ-દીવાન-શેઠાણી માવતનું કલેજું વીંધી નાખ્યું. જીવનને ધક્કો લાગ્યો છે.

ક્ષુલ્લકે કામળી નર્તકી પર ઉછાળી, દીવાને કુંડલ - યુવરાજે હાર, શેઠાણીએ હાર, માવતે સોનાનો લાખનો અંકુશ ઉછાળ્યો. બધાને પૂછે છે. દીવાને કહ્યું કે, 'બીજા રાજા સાથે મારે મંત્રણા ચાલતી હતી. રાજાનો કબજો તમને આપી દઈશ. શેઠાણીને પતિ ૧૨ વર્ષથી પરદેશ ગયો છે. પત્તો નથી મને થયું આ યુવાની એમને એમ કેમ કાઢીશ ? યુવરાજ આ મોટો ભાઈ રાજ્યને પકડી રાખશે. તેને કેદમાં નાખી દઉં. ક્ષુલ્લક ૮ વર્ષનો હતો ને ચારિત્ર લીધું છે. વાસના બેઠી નહિ. 'બહોત ગઈ થોડી રહી.' આ વચને આંખ ખોલી નાખી. શા સારુ પતનનું પાપ કરવું ? કાળ યારી આપે છે માટે પાપ કરવું છે ? ચારિત્ર કેમ લેતા નથી ? પુણ્યનો ઉદય છે માટે ચારિત્ર લેતા નથી. એ શી રીતે ? પુણ્યનો ઉદય છે એટલે ૨૦-૨૫-૪૦ વર્ષ જીવવાનો છું. દેવતા કાનમાં કહે બીસ્તર પોટલા સંભાળી લો. ૭ દિવસ બાકી છે. ૮ મે દિવસે તમે નથી. પુણ્ય ખૂટ્યું. માટે ચારિત્ર લેવાનું ? "No More Balance, બ્હોત ગઈ થોડી રહી." ઋષભદેવ ભગવાનના ૪ થા ભવમાં બહાર ગયા હતા. અવધિજ્ઞાનીએ કહ્યું, ૧ મહિનાનું આયુષ્ય બાકી છે. 'હેં, નહિ, હા. હવે મારે ચારિત્ર શિવાય ઉપાય નથી. ગુરુની રાહ જુવે છે. અઠાઈ મહોત્સવ ૨૨ દિવસ બાકી છે. 'બહોત ગઈ થોડી રહી.' શું ખાવું ? અનશન...

• • •

—● પત્ર-પ્રેરણા ●—

શ્રમણો, મુમુક્ષુઓ, શ્રાવકો ને લખેલ પ્રેરણાપત્રો

"પત્રપ્રેરણા-૧"

ધર્મલાભ...

તમારા પત્રની વિગત જાણી,

સંસારની વિષમતા પર વધુ ગ્લાની ઊપજે છે. ભગવાન જિનેશ્વરદેવના ધર્મશાસનને તમે પામ્યા છો તેથી આવા પ્રસંગ પર તમે પણ શોક ન કરતાં, જીવની કર્મપરવશતાએ કેવી અશરણ દશા વર્તે છે તેનો ખૂબ વિચાર કરજો, અને એકમાત્ર શરણભૂત શ્રી અરિહંતપ્રભુ અને સિદ્ધ ભગવાન તથા સાધુ મહર્ષિ અને ધર્મની પ્રત્યે વિશેષ અર્પિત થવાનું કરજો.

જીવને મૂળમાં જન્મનો અપરાધ જ એવો છે કે એના ઉપર મૃત્યુની સજાનિર્મિત થાય છે. કોણ એમાંથી બચ્યું છે કે આપણે બચવા ફાંફાં મારીએ ? વહેલા મોડાનો પણ વિચાર નકામો છે એ તો જેવી પૂર્વની આયુષ્ય કર્મની કમાઈ તે મુજબ નિર્ધારિત વસ્તુ બને જ છે. શાસ્ત્ર કહે છે જેમ **'अकालो नास्ति मरणस्य'** તેમ **'अकालो नास्ति धर्मस्य'** સ્વર્ગ મૃત્યુલોક અને પાતાળ પર વર્ચસ્વવાળા મૃત્યુને કોઈ કાળ અકાળ નથી યથેચ્છ વિહારી છે. તેવી રીતે જ માણસે સમજી લેવું જોઈએ કે તો પછી ધર્મને શા માટે કાળ અકાળ હોવો જોઈએ. એનો જરા અવિલંબ કરવા જેવો નથી. ધર્મ જ તારણહાર છે કોઈ ક્ષણ એના વિનાની 'ન' થવી જોઈએ. તમે સૌ ધર્મની મંગળ આરાધના કરી નિજના આત્માની મહાન ઉન્નતિ સાધો એ શુભેચ્છા.

● ● ●

"પત્રપ્રેરણા-૨"

● **શાંતિચન્દ્ર સેવા સમાજ** (અમદાવાદ)માં આપેલ ઉદ્‌બોધન :-

વર્તમાન કપરા કાળે વર્ષોથી એકધારા સફળ પ્રયત્ને તમે સાધર્મિક ભક્તિ કરી રહ્યા છો અને તેથી અનેક સાધર્મિકોને સમાધિ અર્પી રહ્યા છે, તેને અમારા અભિનંદન છે.

અમારી હાર્દિક શુભેચ્છા છે કે સમાજના સભ્યો અને સંઘ સામાન્ય પુણ્ય ચૂકવીને પ્રાપ્ત કરેલી ક્ષણભંગુર લક્ષ્મીનો સાધર્મિકની ભક્તિ-વાત્સલ્યના માર્ગે સદુપયોગ કરે. એમાં સ્વપરના મહાન કલ્યાણ સર્જાય છે. કારણ કે એથી—

૧. સમ્યગ્દર્શનના એક સુંદર આચારનું પાલન થાય છે.

૨. ચાર પ્રકારના ધર્મમાં આદ્ય દાન ધર્મનું સેવન થાય છે.

૩. સાધર્મિકો પ્રત્યેનો મહાન મૈત્રી ભાવ સક્રિય સધાય છે.

૪. ત્રિલોકનાથ અરિહંત પ્રભુના સેવક હોવાની રૂએ સાધર્મિકો એ ભક્તિપાત્ર છે. તેથી એમની ભક્તિ બહુમાનમાં ભગવાન અરિહંત દેવોની ભક્તિ-બહુમાન થાય છે.

૫. જિનની મહાન આજ્ઞાના પાલનનો ભવ્ય ધર્મ આરાધવાનું મળે છે.

૬. સાધર્મિક ભાઈ-બેનોને આજના કપરા સંયોગથી થતાં અસમાધિ દુર્ધ્યાન અને કુવિકલ્પો નિવારી સમાધિ વગેરે અર્પવાનો મહાન લાભ મળે છે.

ઇત્યાદિ અનેકાનેક લાભોને વિચારી સાધર્મિક ભક્તિના સુંદર ધર્મની સાધના ખૂબ વિકસાવવાની જરૂર છે. ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આજનો સાધર્મિક એ ભવિષ્યમાં કોક પ્રભાવક શ્રાવક મુનિ આચાર્ય ગણિવર્ય યા તીર્થંકર સુધીના ઉચ્ચપદને પામનાર હોય એવા પુણ્ય પુરુષની ભક્તિના મૂલ્ય કેટલા ઊંચા ?

• • •

"પત્રપ્રેરણા-૩"

• ભગવાન જિનેશ્વરના શાસનની બલીહારી છે કે આપણને આત્માના ભૂતકાળના અનંતભવના આત્માની અનંત કષાય ભરી સ્થિતિનો, એના દુઃખદ અનર્થોનો તથા એમાંથી બચવા તત્ત્વમાર્ગનો સચોટ ખ્યાલ આપે છે. એ બધું આપણે નજર સામે રાખવાનું છે. એ તો તમે જાણો જ છો કે વર્તમાન જીવન પહેલું કે છેલ્લું (First OR Last) નથી એ તો કાળના અનંત મહાસાગરની વચમાં એક નાનકડું વર્તુળ છે. એમાં રહી અનંતકાળ પર દૃષ્ટિ નાખવાની છે. ભૂતકાળ ભૂલવાનો નથી અને ભાવી અનંતકાળ કેમ સુધરે એની સુધારવાની અદ્‌ભુત તાકાત આ નાનકડા માનવ જીવનમાં કેવીક રહેલી છે તે ખૂબ જ વિચારવાનું છે. કાયા તો એક કેદ છે. આત્માની નિજ સ્વરૂપ સમૃદ્ધિને ભૂલાવનારી મોહીની છે અને એને ખૂબ ઓળખી લેવાની જરૂર છે. આપણા આત્માને કાયાએ જ પાપોમાં રગદોળીને ભવમાં ભટકતા અને બેહાલ પણે દુઃખ-ત્રાસમાં રીબાતો રાખ્યો છે. એથી કાયા ઉપર મોહ શો ? હૈયાના હેત શા ?

એના પર થતાં ફેરફારમાં મુંઝાશો નહિ માત્ર આત્માની સમૃદ્ધિ કેમ ખીલે ? કેમ ન આવરાય ? એ તરફ પૂરતું ધ્યાન રાખજો. કાયા સ્વસ્થ હોય તો પણ આત્મ ગુણો, આત્મ સમાધિ ને આત્મરૂપતા જ મેળવી ટકાવી લેવામાં સાર છે અને કાયા

અસ્વસ્થ હોય તો પણ એ જ કરવાનું છે. ભગવાનના મહાશ્રાવકોએ કાયાદિ જડ સંયોગો વચ્ચે ઉદાસીન ભાવ, તત્ત્વ દૃષ્ટિ અને શાસનરાગ જબરદસ્ત જ મેળવ્યા છે તમારે પણ એજ રાખવાનું છે. એક રીતે એક જ ધૂન રાખો કે દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મ-તીર્થ વગેરેની સેવા, દાનશીલ તપસ્યા ત્યાગ વ્રત અર્હદ્ ભક્તિ જ્ઞાનધ્યાન વગેરેમાં કેમ અધિકાધિક રહું અને માનવ જીવનને ભાવી અનંતકાળનો ઉજાળનારો બનાવી દઉં.

• • •

"પત્રપ્રેરણા-૪" -પૂના-૨૦૧૧

• "જ્યારે જગત ભવયાત્રામાં લગાડી આપનારા લગ્ન કરાવી લહાવા લૂંટવામાં પડ્યું છે, ત્યારે તમે હોંશપૂર્વક તમારા કુટુંબીને ભગવાન જિનેશ્વરદેવના ફરમાવેલા પવિત્ર દીક્ષાના કલ્યાણ માર્ગે યોજી ઉચ્ચસુકૃત કરવાનો જીવનનો લહાવો લો છો. એ જૈન સંઘ માટે ખૂબ જ ગૌરવભર્યું છે.

ખરેખર ! જીવનમાં આવા સુકૃતથી જ આપણે જીવતા જીવ છીએ, નહિતર મૃત્યુ અથવા ગર્ભસ્થ જેવા છીએ, જગતમાં બીજું શું કરવાનું નથી મળતું ? ઘણુંય મળે છે. પરન્તુ અનંતકાળેય આવા સુકૃત કરવાનું મળે એ જ દુર્લભ છે. એ અહીં મળ્યાની ખુબ જ અનુમોદના હૃદયમાં વસી જવી જોઈએ. જેથી હજી પણ બીજા સુકૃતોના દિવ્ય-પુરુષાર્થ કરી શકાય.

દીક્ષિત થનાર આત્માએ તો એક ભગીરથ પરાક્રમ કર્યું છે. અનંત અનંતકાળના ભયંકર દુશ્મન મોહની સેનાને પડકારી હઠાવી છે. અને હજી બીજી મોટી સેનાને પડકારી હઠાવવાનો ભેખ લીધો, કેસરીયાં કર્યા એ વીરતાનું મહાન કાર્ય કર્યું છે. તેમજ જે વીતરાગ પરમાત્માના પ્રતાપે આટલે ઊંચે ધર્મી માનવભવમાં આત્મા ચઢ્યો, એ એમને આત્માના સમર્પણ કર્યા. આ રીતે એમણે ઉચ્ચ કૃતજ્ઞતા દાખવી છે. તથા જે નાથના શરણે જવાથી નિકટના કાળમાં અનંતકલ્યાણ છે, એમનું મન-વચન-કાયાથી શરણ લીધું એ મહાન દીર્ઘદૃષ્ટિનું, અવસરોચિત, અતિયોગ્ય પગલું ભર્યું છે.

તેમજ ષટ્કાય સમારંભ અને અન્યપાપ-સ્થાનકભર્યા ગૃહસ્થજીવનને ત્યજી, અનંતજીવને અભય દેનારું તથા પંચમહાવ્રત-પંચાચારની શુદ્ધ પવિત્રતાભર્યું ચારિત્ર જીવન સ્વીકાર્યું એ સર્વોચ્ચ પવિત્ર જીવનચર્યા આદરી, મેરુનો ભાર ઉપાડવા જેવી સહિષ્ણુતા કેળવી છે.

પરન્તુ એમણે આ વિરતાનું મહાનકાર્ય, ઉચ્ચ કૃતજ્ઞતા, દીર્ઘદૃષ્ટિ ભર્યું સુયોગ્ય

પગલું અને પંચમહાવ્રત-પંચાચારની સર્વોચ્ચ પવિત્ર જીવનચર્યાનો મેરુભાર ઉપાડ્યાનો અહર્નિશ ખ્યાલ રાખવાની જરૂર છે.

મહાનુભાવ ! એટલું ધ્યાનમાં રહે કે, (ઉજ્જિયા, ભક્ખિયા, રક્ખિયા અને રોહિણી-એ ચારમાંથી રોહિણીની જેમ સ્વીકૃતને દીપાવવાનું છે. એ માટે) ચારિત્રજીવનમાં અરસપરસના વિષમસ્વભાવ, ભક્તો તરફથી સન્માન અને અનુકૂળતાના પાથરણાં, ચારિત્રના વાસ્તવિક જીવનની કઠણાઈ, ગુર્વાદિકના ઉપાલંભ ઇત્યાદિની વચમાં ખૂબ સાવધાન બની રહેવું જોઈએ. જેથી મોહના કોઈપણ સુભટને આપણા હૈયામાં સ્થાન ન મળે. પરમાત્માને તથા ગુરુને કરેલાં આત્મસમર્પણ સદા સજીવન રહે, મન-વચન-કાયાએ સ્વીકારેલા અરિહંત શરણ સતત યાદ રહે, ષટ્કાય સમારંભાદિ પછી અઢાર પાપસ્થાનકમાં કોઈને પણ આત્માનો આવકાર જ ન મળે. તેમ જ પંચમહાવ્રત-પંચાચાર પંચેન્દ્રિય નિગ્રહ વગેરેના સાધનાના યજ્ઞ સદા પ્રજ્વલિત રહે.

અનંત પુણ્ય રાશીના મૂલ્ય ચૂકવીને પ્રાપ્ત કરેલા માનવભવ તથા આરાધનાના સંયોગને એ રીતે સફળ કરી અનાદિની સંજ્ઞાઓ વાસનાઓ-કુટેવો વગેરેને નાબૂદ કરવા દ્વારા ભવચક્ર ભ્રમણના ઉચ્છેદ કરનારા બને, એ જ હૃદયની મંગલ કામના."

• • •

"પત્રપ્રેરણા-૫" -(અહમદનગર-૨૦૧૧)

• "આ જગતમાં સાંસારિક અનુકૂળતા-પ્રતિકૂળતા પુણ્ય-પાપના આધાર પર ચાલે છે. એમાં જીવનું કાંઈ ઉપજતું નથી. તો પછી એવી નિર્ધારિત કર્માધિન સ્થિતિ પર આત્માએ શા માટે માનસિક ગુલામી સેવવી જોઈએ ? શા માટે એ કર્મના કહ્યે બનતા પ્રસંગોથી પોતે દોરવાઈ જઈ એની અસર મુજબ અસર પોતાના ચિદાનંદ ઘન આત્મામાં અનુભવવી જોઈએ ?

પ્રભુનું શાસન અને તત્ત્વનો પ્રકાશ એ શીખવે છે કે, જડની અસર અનંત શક્તિ ચૈતન્યવાળા આત્મા પર ન લો. શાસ્ત્રો કહે છે, તે મુજબ તરત જુઓ કે પૈસા, પરિવાર, પ્રતિષ્ઠા વધ્યા ? તો શાથી વધ્યા ? પુણ્યથી. ઘટ્યા તો શાથી ઘટ્યા ? પાપથી. એમાં મારા જીવે ઊંચા-નીચા થવાની શી જરૂર ?

શું ચોવીસ તીર્થંકર ભગવાનનો અરે, અનંત તીર્થંકર ભગવાનનો આશ્રિત એવો આપણો જીવ એટલો બધો રાંકડો છે, કે એ બાહ્ય તુચ્છ જડ પદાર્થોના આધારે ઊંચો નીચો થાય ? ના, એ તો મેરુધીર અને સાગર ગંભીર હોય, જગતનો દ્રષ્ટા હોય, કર્મનો પૂર્ણ જ્ઞાતા હોય, તેથી જડના નાટક માત્ર ઉદાસીન

ભાવે જોયા જ કરે.

બાકી તો મહાનુભાવ ! જીવના વિવિધ પ્રસંગો સંસારની અસારતા સિવાય શું દેખાડે છે ? તેથી જ સાવધાન બની પૂરજોસમાં દાન-શીલ-તપ-ભાવની, વ્રત પચ્ચકખાણની નિત્ય ધર્મગોષ્ઠિ, ધર્મચિંતન, શુભ ભાવના, શુભ ધ્યાન વગેરે આરાધના કરી લેવી જોઈએ.

• • •

"પત્રપ્રેરણા-૬" **—(લોનાવલા-૨૦૧૧)**

મહાનુભાવ ! તમને એટલું ધ્યાનમાં રહે કે તમને જે બ્રહ્મચારી રહેવાની ઉચ્ચ ભાવના પ્રગટ થઈ છે, એ તમારા આત્માની પૂર્વ જન્મની સુંદર સાધનાની સૂચક છે. પૂર્વજન્મના પવિત્ર સંસ્કારોનો વારસો લઈને આવ્યા હશો. તો જ તમારા દીલમાં ભૂંડ-ગર્દભના સાધારણ વિષય ભોગની ભાવના ઉઠતી નથી. બલ્કે પૂર્વકાળના પવિત્ર, ઉત્તમ, બ્રહ્મચારી નરોત્તમોના પગલે ચાલવાનું સૂઝે છે.

જગતને આજે વિષયભોગની ગંદી રમતની બીભત્સતા અને પશુતા લાગતી નથી. તેથી બ્રહ્મચર્યની અતિ ઉત્તમતા કયાંથી સમજી શકે ? બ્રહ્મચર્યમાં અસાધારણ પરાક્રમ, વીરતા અને પુણ્યોપાર્જન છે, એનો ખ્યાલ અજ્ઞાન અને મોહમૂઢ જીવને ન આવી શકે. તો તમે તમારી ઉત્તમભાવનાથી જરાય ચલિત ન થતા.

આત્માની ઉન્નતિ માટેના સત્કૃત્યોમાં કોઈના બંધન સ્વીકારવા કામના નથી. બંધન, મન પર લેવા ન જોઈએ. તમે સમજો જ છો કે અહીં પણ મિષ્ટાન્ન બનાવતા ઉઠેલા ભડકાથી હાથ માત્ર રસોઈ બનાવનારના દાઝે છે. જયારે મિષ્ટાન્નની લહેર આખું કુટુંબ ઉડાવે છે તેમ પરભવ માટે પણ આપણી અહીંની પાપકરણીના કડવાં ફળ ભયંકર રીતે આપણે જ ભોગવવાનાં રહે છે, જયારે સગા સંબંધીઓ નિરાંતે મોજ કરે છે. આપણા દુઃખમાં ભાગ પડાવતા નથી.

માટે બીજાની શરમથી આપણે પાપમાં પડવું એ આપણી મહાન મૂર્ખાઈ સૂચવે છે.

• • •

"પત્રપ્રેરણા-૭"

- ધર્મસાધનામાં અને વિશેષ કરીને આત્મ સંશોધનમાં ખૂબ જ ઉજમાળ રહેવું.

આપણા અનંત અનંતકાળના દુઃખી નિરાધાર આત્માની હવે ખૂબ જ કાળજી લઈ એને અનંતા દુઃખ અને પરાધીનતામાંથી છોડાવી લેવાની જરૂર છે.

માનવભવ જેવા ઉચ્ચજીવન સુધી ચઢ્યાની સાર્થકતા, જો પોતાના જ સનાતન આત્માની દુદર્શા મિટાવી ઉચ્ચ-ઉજ્જવળતા-ઉન્નતિ કરવામાં નહિ કરાય તો હલકા ભવ કરતાં એમાં શી વિશેષતા આવી ?

અલ્પજીવન કાળમાંથી જિનાજ્ઞા સેવીને ભાવી અનંતકાળને સલામત અને સુખ સમૃદ્ધ કરી શકાતા હોય તો એમ કરવામાં કોણ પ્રમાદ સેવે ? એવી જિનાજ્ઞા-સેવા સિવાય બીજી પ્રવૃત્તિ શું કામ કરે ?

અનંત પુણ્ય ખરચીને મેળવેલી મહાન મન-વચન-કાયાની શક્તિઓને સર્વથા પાપસ્થાનકના ત્યાગ અને ધર્મસ્થાનકના સેવનમાં, આત્મદોષનાશ અને આત્મગુણ ઉપાર્જનમાં તથા કર્મનાશ અને સિદ્ધિગતિ પ્રાપ્તિમાં યોજો એ મંગલ કામના.

• • •

"પત્રપ્રેરણા-૮"

• મહાન પુણ્યોદયે તમે બંને જણા ધર્મરુચિ બન્યા છો. યાવત્ માનવજીવનના એસેન્સરૂપ ચારિત્રના અભિલાષી છો. તો વર્તમાન વયને અતિ આવશ્યક ઉચ્ચ જ્ઞાન પૂંજની પ્રાપ્તિને યોગ્ય સમજી 'ક્ષણલાખેણી જાય' એમ સમજી રાખજો. તમારે સ્વોપકારની સાથે પરના મહાન ઉપકાર સાધવાના છે. તથા શાસનના મહાન ઋણ વાળવાના છે. એ ખાસ સમજી રાખી એ માટે જૈનશાસનના વિશાળ અને અનેકાનેક ગંભીર વિસ્તૃત વિષયોથી ભરેલા શ્રુતજ્ઞાનના દરિયાનું અવગાહન કરવાનું છે. એ ખૂબ ખ્યાલમાં રાખજો. એના માટે અત્યારથી જ એ દિશામાં લાગી જવું જોઈએ.

મહાનુભાવ ! સંસારની કરડી સાધનાઓને એકાએક પણ અનેકવાર આત્મ-સમર્પણ કર્યા છે. ત્યાં કાળ-અકાળ જોયો નથી. તો પછી શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના મહાન શાસનની સાધના માટે 'એકાએક' કેમ થાય ? એવો વિચાર કરવાનો હોય નહિ. અહીં તો એકાએક પણ કરેલાં આત્મ-સમર્પણ સ્વ-પરને અનંત કલ્યાણ કરાવનાર બને છે. વળી સંસારની ક્ષણભંગુરતા, આયુષ્યની ચંચળતા, વિષયોની ઠગારી મોહકતા, દુન્યવી જીવનમાં પાપની પ્રચૂરતા વગેરેનો ઊંડો વિચાર કરી સવેળા આત્મસંરક્ષણ માટે પુરુષાર્થી બની જાઓ એ શુભેચ્છા.

• • •

"પત્રપ્રેરણા-૯" —યરવડા (પુના) ૨૦૧૧

• પોતાના આત્માના પરમહિતને કરનાર શુભકાર્યમાં તો તન-મન-ધનની જેટલી સારી શક્તિઓ ખર્ચી લીધી તેટલી શાબાશી છે.

કાલની કોને ખબર છે ?

શરીરનો ધર્મ તમે જાણો છો. તેમ શરીર એ રોગનું ઘર છે. પૌદ્ગલિક હોવાથી સડન-પડન-વિધ્વંસનના સ્વભાવવાળું છે. જરા અને મૃત્યુનું શિકાર છે. માત્ર આપણા પૂર્વકર્મના આદેશાનુસાર કામ કર્યે જાય છે. તેથી જ્યાં સુધી એ આપણા હસ્તગત છે, ત્યાં સુધી છેવટે શ્રી અરિહંતના સ્મરણરૂપી ધર્મની સાધના ખૂબ કરી લેવા જેવી છે. યાદ રાખજો કે જીર્ણ-શીર્ણ અને બીમાર એવું પણ આ શરીર જે આત્મજ્ઞાન અને પરમાત્મધ્યાન કરાવવા સમર્થ છે, તેવું સમર્થ દેવનું પણ શરીર ક્યાં છે ? માટે જ એ તિરસ્કાર્ય નથી. તેથી બીમાર એવા ય આ શરીર પર અભાવ ન લાવતા, એનાથી શક્ય એવા સુકૃત કરી લેવા યોગ્ય છે.

ભગવાન જિનેશ્વરદેવનું શાસન મલ્યું છે, એ એક મહાન ભાગ્યોદય છે. એની જે કાંઈ યત્કિંચિત્ સેવા થઈ છે, એ અંકે થઈ ગઈ છે. તો હવે ખેદનું શું કારણ છે ? પૂર્ણ આરાધના એ તો નિશાળના અનેક ધોરણોની જેમ અનેક જન્મોના સરવાળા જેવી છે. ત્યાં એક જ જન્મમાં પૂરી આરાધના શી રીતે થાય ? પુણ્યશાળી છો ! સુકૃત કર્યા છે એની અનુમોદના સાથે દુષ્કૃતની ગર્હા અને પંચપરમેષ્ઠિ તથા શ્રી જિન-વચનનું શરણ-એ ત્રણને રાત-દિવસની રટણામાં ઉતારી દો. માયા-મમતા વગેરેને વિસારી દો, રાગદ્વેષ અને કષાયોને દૂબળા પાડી દો. પથારીમાં પડ્યા પડ્યા પણ પાંચ મિનિટ, ૦। કલાક, ૦।। કલાકની વિરતિ મનમાં ધારતા જાઓ. અર્થાત્ "હમણાં મારે એક કલાક સુધી ખાનપાનનો ત્યાગ." ૦। કલાક સુધી સૂવા સિવાય બીજી સાંસારિક કાયિકવાચિક પ્રવૃત્તિનો ત્યાગ, દિવસ કે અડધો દિવસ કાયાથી મકાન બહાર જવાનો ત્યાગ." વગેરે ટૂંકા ટૂંકા અભિગ્રહો મનમાં ધારતા રહેવાથી બહુ લાભ થશે.

●

● બાહ્ય સંલેખના સાથે આભ્યન્તર કષાયોની સંલેખના પ્રત્યે પણ પુરુષાર્થ ચાલુ હશે.

અનાદિની મોહની પરિણતિઓ જેવી કે રતિ-અરતિ, રાગ-મમતા, જડના અલ્પ-બહુમૂલ્યાંકન અસહિષ્ણુતા, અહંત્વ વગેરે જે આત્માના સ્વભાવગત જેવા બની ગયા છે, તેથી જાણે પહેલી તકે સહજ ભાવે એ ઉઠે છે. એને બદલે હવે તે પરાયી બની જાય, અને એના સ્થાનમાં વહેલી તકે સહજ ભાવે ઔદાસિન્ય, વૈરાગ્ય, નિર્મમત્વ, જડના ચૈતન્ય રૂંધનનો ખ્યાલ, સમતા, નિરંહકાર વગેરે જાગૃત થઈ જાય એવું કરવું જોઈએ. આ વસ્તુની પૂંઠે લાગવાથી ક્રમે ક્રમે એ સધાતી જશે. આત્મજ્ઞાન અને પરમાત્મ ધ્યાનનું જ એક જીવન બનાવો એ શુભેચ્છા.

●

● સંયમ જીવન માટે ખૂબ ખૂબ સંવેગ વિરાગની જાગૃતિ તથા વૃદ્ધિ જરૂરી છે. તે વસ્તુ આગમ-ગ્રન્થોની રટણાથી બને છે.

સાધુ-સાધ્વીમાં એવું દેખાય છે કે વ્યાકરણમાં અને ન્યાયમાં ખૂબ રટણા અને સમય ખર્ચાય છે. જેમાંથી જરા પણ વૈરાગ્ય વધતો નથી. ઊલટું જીવન શુષ્ક બને છે. પ્રભુ પ્રત્યે અને ગુરુઓ પ્રત્યે ઉછળતો પ્રેમ તથા ભક્તિ રંગ વધતા નથી. એ ભણી રહ્યા પછી મોટા મહારાજ બનવાની સ્થિતિ આવે છે. અથવા ખૂબ વાંચવાનું છે ખૂબ વાંચવાનું છે એમ કરીને આગમગ્રંથો કે જે મહાવૈરાગ્યની ખાણ છે, દેવગુરુ-ભક્તિનો પાતાળકૂવો છે, એનું રટણ વ્યાકરણની જેમ સૂત્ર પાઠ આવૃત્તિ, પરસ્પરની સંગતિ-સંબંધની વિચારણા, પદાર્થોની સળંગ ઉપસ્થિતિ વગેરેમાં મીંડુ થાય છે. માત્ર વાંચી સમજી જવાય છે. સાધુના જે મુખ્યપ્રાણ, એની આવી કંગાળ કાળજી એ શું ?

બીજું ખાસ જરૂરી આપણા નાના મોટા પ્રકરણો છે. ખાસ કરીને પંચસંગ્રહ, સંગ્રહણી, ક્ષેત્ર સમાસ, પન્નવણા, પ્રવચન સારોદ્ધાર, પરચુરણ ૧૬ પ્રકરણો, આત્મારામજી મહારાજનું નવતત્ત્વ વિવરણ કે જેમાં ભગવતીના પ્રકરણો વગેરે છે, લોકપ્રકાશ આ બધાનું પણ ખૂબ માર્મિક અને વારંવાર પરિશીલન જરૂરી છે.

ત્રીજી વસ્તુ એ છે કે જેટલો સમય અને શક્તિ વ્યાકરણમાં ખર્ચાય, તેના કરતાં તેટલો સમય શક્તિ ઈતર ન્યાય અને જૈન ન્યાયમાં ખર્ચાય તો એ વિશાળ પદાર્થ બોધ ઉપરાંત ગહન શાસ્ત્રોના મર્મ ખોલવાની ચાવી પ્રાપ્તિ થાય છે. તે જરૂરી પણ છે. કેમકે પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ તથા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજના એવા અદ્‌ભુત શાસ્ત્રો છે. દા.ત., યોગદૃષ્ટિ, યોગબિન્દુ, ષોડ્‌શક, અષ્ટકજી, ધર્મબિન્દુ, લલિતવિસ્તરા, પંચાશકજી, ઉપદેશપદ વગેરે તથા ઉપાધ્યાયજી મહારાજના અધ્યાત્મસાર, જ્ઞાનસાર, ૩૨ બત્રીશી, ૨૦ વીસી, ઉપદેશ રહસ્ય, ધર્મપરીક્ષા, તર્કભાષા, ગુરુતત્ત્વવિનિશ્ચય વગેરે ખાસ અવગાહવા યોગ્ય ગ્રંથો છે. ઉપરાંત અન્યોમાં ધર્મરત્નપ્રકરણ, ઉપદેશમાળા, પ્રશમરતિ, તત્ત્વાર્થ, દર્શનરત્નાકર, પ્રમાણનય, પ્રમાણ મીમાંસા, સન્મતિતર્ક શાસ્ત્રવાર્તા વગેરે પણ છે. વ્યાકરણ વિના આમાં અટકતું નથી. બે બુક અને કાવ્યો સારા કરેલા જોઈએ. જીવન ઘણું નાનું છે. આ કાર્ય મોટું અને અતિ જરૂરી છે. બીજાની દેખાદેખીએ કરવું નહિ.

●

"પત્રપ્રેરણા-૧૧" **–(અહમદનગર ૨૦૧૧)**

• બાલ ભવ્ય જીવ !

ધ્યાન રાખજે કે આ જીવન એટલે આપણે રત્નના બજારમાં આવ્યા છીએ, પછી ઘઉં-બાજરીનો કે કોલસાનો વેપાર કરવો શોભે નહિ. ત્યાં તો રત્નના જ વેપાર કરી લેવામાં ચતુરાઈ છે. નહિતર મૂર્ખાઈ ગણાશે.

જગતમાં સર્વશ્રેષ્ઠ પરમાત્મા અને મોક્ષમાર્ગ મળ્યો છે, તો એમની સેવામાં લાગી જવું એ રત્નનો વેપાર છે. એમાં આળસ ન કરજે અને ઓછપ પણ ન રાખજે.

પત્રનું વારંવાર મનન કરી જાતનો ઉદ્ધાર કરવા સાથે જગતનો ઉદ્ધાર કરનારો મહાન ધર્મનેતા થા એ શુભેચ્છા.

•

તમારી ઉછળતી ધર્માભિલાષા સૂચવે છે કે તમે જિન ધર્મના મહામૂલ્યને પિછાણ્યું છે. તો એ ભાવિના મહાન ઉદયને કરનારું છે એ નક્કી સમજી, શારીરિક તેવી અનિવાર્ય સ્થિતિના કારણે વિશેષ ધર્મ સાધનાનો પુરુષાર્થ ન થઈ શકે, છતાં નિરાશ થવાની જરૂર નથી. કમમાં કમ શ્વાસોશ્વાસમાં શ્રી વીતરાગ પરમાત્માનું પવિત્ર નામસ્મરણ, જીવન-સ્મરણ તથા ધર્મનીજ એક સારભૂતતા અને સંસારની મહાન અસારતા વણી લો. એટલું પણ આત્માને મહાન ટેકા રૂપ થશે. જગતના સંયોગો તો અનેકવાર મળ્યા પછી પલટાતા આવ્યા છે, અને વર્તમાન સંયોગો પણ અવશ્ય પલટાવાના છે. એ બધાની વચમાં નિજના આત્માનું રક્ષણ કરી લેવાની અત્યંત આવશ્યકતા છે. એ માટે પહેલું તો ઉપર કહ્યું તેમ ૨૪ કલાકની શુભ રટણા શરૂ થવી જોઈએ. સાથે પુણ્યશક્તિઓનો શક્ય સદ્‌ઉપયોગ કરી લેવાનું તથા શક્ય દુરુપયોગ ટાળવાનું થવું જોઈએ.

•

"પત્રપ્રેરણા-૧૨" **–(પોષ વદ-૬, પૂના ૨૦૧૨)**

• જેટલી આ શરીર અને એના જીવનની ચિંતા છે, તેના કેટલાય ભાગે આત્મચિંતા છે ?....

એટલું ધ્યાન રાખ કે માત્ર દોઢ માસથી નોકરી આજીવિકા બંધ છે તો મહાચિંતા થાય છે, ત્યારે ભવિષ્યના અનંતકાળની આજીવિકાનો વિચાર સરખોય આવે છે ? શરીરની સગવડનો જ વિચાર ? આત્માનો વિચાર જ નહિ ? ત્રિલોકનાથ,

અનંતકાળ માટેના નાથ શ્રી તીર્થંકર પરમાત્મા જેવા મહા શેઠને મૂકી લૌકિક મોહમૂઢ શેઠની ગુલામીના ફાંફાં શા સારુ મારે છે ? એ તને શું પરખાવશે ? અહીં પણ અરિહંતનું શરણ જે મહા નિશ્ચિંતતા અને બાદશાહી આપશે, તે લોકિક શેઠનું શરણ આપશે ?

તારો આત્મા અનંતશક્તિનો ભરેલો છે એને કાયર ન બનાવ. એને કચરી ન નાંખ. જગતના રંગરાગ જૂઠા છે. દગાખોર છે. આત્મા પોતાની અજ્ઞાન દશા અને નિઃસત્વદશાને લીધે જ એમાં ફસાઈ રહ્યો છે. એને ઉંચક ઉંચો, જ્ઞાનનો પ્રકાશ લે. સત્ત્વ વિકસાવ જીવનનો રાહ પલટ, પછી જોજે અહીં જ તારા કેવા અનેરાં આત્મતેજ ખીલી ઉઠે છે !

•

"પત્રપ્રેરણા-૧૩" —(મુંબઈ-લાલબાગ ૨૦૦૮)

• જીવનની અતિટૂંકી સ્થિતિમાં કાર્ય ઘણું મોટું સાધવાનું છે. એ પ્રત્યેક પળે વિસરતો ના. કારણ એ છે કે, આત્મા પોતે માત્ર આ જીવનના વીતેલા કાળમાં-કરેલા શુભાશુભ કાર્યો પૂરતો જ જવાબદાર નથી, પરન્તુ આની પૂર્વના અનેકાનેક જીવનમાં કરેલી બહુધા નરસી કરણીઓનો પણ સારી રીતે જવાબદાર છે. આમ માથા પર ઝઝૂમતી જન્મજન્મની કરણીની અનેકાનેક જવાબદારીઓમાંથી છૂટવા માટે ભવ્ય પુરુષાર્થ દીર્ઘકાળ સુધી અજમાવવા પડશે.

તો પછી એક તો આ જીવન જ ટૂંકું. એમાં વળી સમયનો પ્રમાદ નહિ, સેકંડનો નહિ, કલાકનો નહિ, દિવસનો નહિ, પણ મહિનાઓનો પ્રમાદ અને વિલંબ થાય એ કેટલું બધું અજુગતું ? એ ખૂબ જ વિચારવા જેવું છે.

ત્યારે ષટ્કાય જીવોના લખલૂટ સંહારમય રોજંદા ગૃહસ્થ જીવનમાં, તેમ રાગ, દ્વેષ, કલહ, નિંદા, માયા, તૃષ્ણા વગેરેની કલુષિતતા ભર્યા સંસારી જીવનમાં સમય ગાળ્યેથી જે મહાન નુકસાન છે, તેના પ્રમાણમાં મોહાંધ કુટુંબીને થતા સંતોષની કિંમતેય શી છે ?

હવે તો તું અનાદિ અનંતકાળની અંધકારમય અટવીમાં તત્ત્વનો અને સંવેગ (મોક્ષ-લાલસા) વૈરાગ્ય (સંસાર પર અરુચિ)નો સુંદર પ્રકાશ પામ્યો છે. એ મશાલને બૂઝવવા દેતો મા. તેમ એના પ્રકાશથી જે હવે સન્માર્ગ દેખાય છે, તેને વિસારી કે વિલંબાવી, અનાદિના ઉન્માર્ગે ફર્યો રહીશ મા. ધ્યાન રાખજે, કે આ પ્રકાશ શ્રી તીર્થંકર દેવે સ્વયં અનુસરેલો અને આપણા ઉપકાર માટે જ બક્ષીસ કરેલો છે. અનંત દયાળુ એવા એ જગદ્‌ગુરુની એ ઊંચી ભેટની શું આપણે કદર ન કરીએ ?

એને છોડી શું સ્વાર્થીઓએ, અજ્ઞાનીઓએ બીછાવેલી કુપથની જાળમાં ફસ્યા રહીએ ? બીજી એ પણ વાત છે, કે જીવન તો ગમે તે પ્રકારે પસાર થયે જ જવાનું, ઓછું થયે જ જવાનું અને એક દિ' પૂરું પણ થવાનું જ છે, એ નિશ્ચિત વાત છે. ત્યારે વિચારવાનું એ છે કે જીવનને અભયદાનથી, બ્રહ્મચર્યથી, ત્યાગ-વિરાગથી, તપ અને સંયમથી પણ વિતાવી શકાય છે, તો પછી શા માટે હિંસા, અસત્ય, અબ્રહ્મ, પરિગ્રહ, ત્યાગ અને રંગરાગમાં વેડફી જવા દેવું ? એથી કાંઈ અમરપણું તો મળતું નથી. તેમ ભોગની ભૂખ પણ મીટતી નથી.

ટૂંકમાં ખૂબ સારી રીતે પત્ર પર વિચાર કરી જાગૃત થઈ જજે. આંતર જોમ પ્રગટાવજે. કયાંય ઠગાતો નહિ, અને જિનની સંયમ જ્યોતિને અતિ શિઘ્રતાએ જીવનમાં અપનાવી સ્વ-પરના અનંત કલ્યાણ સાધજે.

●

આવા સુંદર તપ વગેરે આત્મોન્નતિના કાર્ય બને તેટલા વધુ સાધી લેવામાં જીવનની સફળતા છે. આ જીવે પૂર્વના અનંતકાળના ઈતિહાસમાં જડની ઉન્નતિ સાધવામાં શું બાકી રાખ્યું છે ? અજ્ઞાન માણસ ભલે માને કે હું બેને બદલે ચાર છોકરાની ઉન્નતિ પામ્યો, પણ ખરી રીતે તો સરકારની વસ્તી ગણતરી જ એ ઉન્નતિ છે, આત્માની નહિ, આત્માને તો એમાંથી કોઈ મરે, વાંકો થાય કે પોતાનું મરવાનું થાય ત્યારે રોવાનું જ રહે છે.

એમ મૂર્ખ આત્મા ભલે માને કે પૈસા વધવાથી મારી ઉન્નતિ થઈ, ખરી રીતે એકબાજુ તિજોરીની ઉન્નતિ અને બીજી બાજુ ચિંતા હાય-વોયની ઉન્નતિ થઈ. આમાં કયાં આત્માની ઉન્નતિ છે ? ત્યારે સદ્‌ભાવનાઓ, સદ્‌વૃત્તિઓ, સદ્‌ગુણો, સંવેગ વૈરાગ્ય, શ્રદ્ધા, ચારિત્ર વગેરેની જવલંત સાધના દ્વારા આત્માની ઉન્નતિ જો ન સાધી તો આનાથી સુંદર ભવ કયો મળશે ? આત્મોન્નતિના માર્ગે ખૂબ જ આગળ વધો એ શુભેચ્છા.

●

"પત્રપ્રેરણા-૧૪" **—આસો સુદ પ્ર. ૧**

● પર્યુષણા પર્વાધિરાજના પ્રસંગને પામી મુનિમંડળ નિજના આત્માને ઠીક ઠીક સમભાવનો આસ્વાદક બનાવે, એની દીર્ઘકાલીન છાયા ઊભી રહે. જેથી ઉત્તરોત્તર વિશુદ્ધિના પરિણામની વૃદ્ધિ થતી રહે. "ચૌદ સહસ અણગારમાં કુણ ચઢતે પરિણામ" લોકોત્તરસાધક, લોકોત્તરયોગી, અચિંત્ય સહનશીલ પ્રભુ મહાવીર દેવ, એમનું અકલ, અતુલ શાસન અને આવા મહાપર્વ સરખા આલંબનો પામ્યા પછી નિત્ય નવા રંગે ચઢતા પરિણામમાં ઝીલ્યા રહેવું જ જોઈએ.

"પત્રપ્રેરણા-૧૫" —લાલબાગ શ્રા. વ. ૧૪

બનેલ કરુણ પ્રસંગ ઉપર આત્મામાં તમારે તથા તમારી પુત્રી વગેરેએ ખૂબ સમાધિ જાળવવાનું જરાય ચૂકવા જેવું નથી. તમે તો તત્ત્વના સારા પરિચિત છો, છતાં વિશ્વાસઘાતી સંસારની વિચિત્ર આકસ્મિક ઘટના હૃદયને શોકાધીન કરી દે એ સંભવિત છે. પરન્તુ સાંસારિક સંબંધોની અનિત્યતા વિચારી રહ્યા છો અને આશ્વાસન લઈ રહ્યા છો એથી અમને ગૌરવ થાય છે કે ધન્ય જિનશાસન કે જેમાં વિકટ પ્રસંગે પણ તત્ત્વજ્ઞ શ્રાવકો શુભભાવના અને સમાધિનું આશ્વાસન આજે ય લઈ શકે છે.

છતાંય તમારી ચિ. પુત્રીએ ખૂબ જ જાગ્રતિ રાખવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે. એ જાગૃતિ, એ આત્મોપયોગ, અને એ સમાધિ દૃઢ હૃદય જાળવી રાખવામાં એક તત્ત્વજ્ઞ પિતાની પુત્રીપણાની અને સુશીલ પતિની પત્નીપણાની સફળતા છે.

જૈન શાસન તો કહે છે **'संजोगमूला जीवेण पत्ता दुक्ख परंपरा'** સંયોગના પરિણામે એક બે દુઃખ જ નહિ દુઃખની પરંપરા ! અને એ દુઃખના શોકમાં ઠેઠ નરક સુધીના ભાતા બંધાય. 'શોક નરકની છાપ'. નજીક દીવો ગુફામાંય અંધકારના સ્થાને પ્રકાશના પૂંજ પાથરી દે છે, તેમ જિનશાસન દુઃખદ પ્રસંગોમાં ય શોકને બદલે વૈરાગ્ય તત્ત્વ પ્રકાશ અને સંબુદ્ધતા વિકસાવી દે છે.

સંસારમાં સંયોગ માત્રની પાછળ વિયોગ સુનિશ્ચિત છે. સંયોગના ભરોસે રહે છે તેથી જ જીવ દુઃખમાં પડે છે. સંયોગમાં જો જીવ વિશ્વાસે ન બેસે, મૃગજળના આનંદ ન માને, તો વિયોગમાં એને શોક કે આશ્ચર્ય શાને થાય ? પણ ભોળો જીવ વિનશ્વર સંયોગોને સ્થિર સમજી આનંદપ્રદ લખી બેસે છે. ત્યાં કાળ, કર્મ અને જગતની દ્રોહ ભરી રમતનો અચાનક ભોગ બની વિયોગના પંજામાં સપડાઈ શોકના પાપમાં પડે છે. શોકથી દુઃખની પરંપરા સર્જાય છે. **'संजोगमूला जीवेण पत्ता दुःख परंपरा'** આપણને અનંતજ્ઞાની શ્રી અરિહંત પરમાત્માનું શાસન મલ્યું છે. સર્વજ્ઞ ભગવાનના શાસનને પામેલા આપણે કાળા કર્મ-જગતના દ્રોહના ભોગ શાના બનીએ ! શા માટે એવી દુઃખની પરંપરા વહોરીએ..?

એક જ વિચાર કેળવો- **'एगोहं नत्थि मे कोई । एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।'''** 'હું એકલો છું, મારું કોઈ નથી, મારો આત્મા એકલો છે, શાશ્વત છે, જ્ઞાન-દર્શનથી સ્વભાવે યુક્ત છે.'

બાકી જીવ છે, અજ્ઞાન-મોહવશ-શોક આવવો સંભવિત છે, પરંતુ ખરો શોક એ થવો જરૂરી છે. કે હજી આપણે તો જીવંત છીએ. એટલે જિનેન્દ્રકથિત

ધર્મ આરાધવા શક્તિમાન અને પુણ્યશાળી છીએ. તો કેમ એ આરાધતા નથી ?

પરન્તુ સદ્‌ગતના આત્માને તો અહીંની પુણ્યાઈ શક્તિ બધું જ લૂંટાઈ ગયું. હવે આરાધના કેમ કરી શકવાના ? તેમ જ અમારા સંયોગમાં આવીને એ અમારી પાસેથી મહાધર્મ-ચારિત્રધર્મ-બ્રહ્મચર્ય-બારવ્રત ધર્મ વગેરેની સાધનાની શી પ્રેરણા શી અનુકૂળતા અને શો સહકાર પામી ગયા ? અમારો જો એમના પર સાચો પ્રેમ હતો તો અમારે સમજવું જોઈએ કે અમારી કમનસીબી અને મૂઢદશા કે અમે સાંસારિક ક્ષણિક સંબંધો અને કૃત્રિમ સુખમાં જાતે ભૂલ્યા અને એમને ભૂલાવ્યા ! ખેર પણ હવે અમારી ફરજ સકલ જીવોના વિશ્રામભૂત પરમદયાળુ પરમાત્માના માર્ગે જીવનને અજવાળવાની છે.

આવા અચાનક વિયોગ થયાના દાખલાઓ શાસ્ત્રોમાં અનેક મળે છે. વર્તમાનમાં અનેક દેખાય છે. એવી એની વ્યાપકતા વિચારી હૃદયને સ્થિર, ધીર બનાવી શોક આદિના પાપથી આત્માને બચાવી લેવા, મન વચન અને કાયાથી શક્ય એવી દાન, શીલ, તપ, ભાવધર્મની આરાધનામાં રક્ત રહેવું.

●—●—●

● તમારી આ મોહસામ્રાજ્યના સુભટોની છાવણી સમી યુવાવસ્થાની પ્રારંભિક સ્થિતિમાં આગળ પાછળના લોકોના ખોટા દુરાગ્રહને અને આત્મઘાતક સલાહોને વશ ન થતાં તમે અમૂલ્ય સ્વાત્મહિત વિચારવાનું રાખ્યું તે ખૂબ જ અનુમોદનીય છે. કોઈ મહા અનુકૂળ ભવિતવ્યતાના હિસાબે, ને અનંત અનંતકાળે લાધેલી કોઈ અનેરી ધન્ય ઘડીના પ્રભાવે આ દિવ્ય સત્પુરુષાર્થ જાગ્યો છે. એની અજ્ઞાનના અંધાપાવાળા અને મોહમૂઢતાના નશાવાળા પામર જીવોને કદર કિંમત ન હોય એ સહજ છે. તેથી એ એને વધાવવા, સત્કારવા, તો તૈયાર ન હોય પરંતુ ઉપરથી દારૂ પીધેલાની જેમ એની સામે હસવા અને એમાંથી ચલિત કરવા તૈયાર હોય છે.

આવી આપણી આજુબાજુ આક્રમણ પરિસ્થિતિની વચમાં આપણે આપણી સદ્‌ભાવના અને સત્પુરુષાર્થને ટકાવવા અને વધારવાનો છે. તો એ માટે ખૂબ જ આત્મ જાગૃતિ જોઈશે. જંગલમાંથી ધનમાલ સાથે પસાર થતા પ્રવાસીને અવશ્ય ભય રહે એ સહજ છે. કેમ કે ધનમાલ ઉપર તરાપ મારનારા ઘણાં, તેથી જ એને સલામત રાખવા માટે પ્રવાસ ખૂબ જ જાગૃતિવાળો કરવો પડે છે. બસ એવું જ સદ્‌ભાવના અને સત્પુરુષાર્થની મહાન આત્મ સંપત્તિ અંગે સમજવાનું છે. ત્યાં બીજાઓની મોહઘેલી અને અજ્ઞાન બાલીશ વાતોમાં જરાય અંજાતા-જરાય ન આકર્ષાતા એ વાતો સામે તિરસ્કાર ભર્યા હૈયા અને લાલ આંખ રાખવી ઘટે.

અનંત અનંતકાળે આપણને સાધેલી મહાન તકને વધાવી લઈ ખૂબ જ

એના ઉપાસક બનવું ઘટે.

અનંત ઉપકારી ત્રિલોકનાથ શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રભુના શાસનની અનુપમ બક્ષીસની અવર્ણનીય કિંમત છે, એની સર્વાંગીણ આરાધના માટે આપણા મન-વચન-કાયાના પૂર્ણ સમર્પણ કરવા ઘટે જ.

જેવી રીતે આ માનવ અવતારની જબરજસ્ત મન-વચન-કાયાની શક્તિઓ અનંતા પુન્ય ખરચીને મેળવી છે. તેવી જ રીતે એ શક્તિઓના ઉપયોગ પણ અનંતા પુણ્યો હાંસલ કરવામાં જ થવા જોઈએ. એવા ઉપયોગ એકમાત્ર જિનાજ્ઞાના પંથે ચાલવામાં જ હોય, જે પંથે ખુદ તીર્થંકર દેવોએ સિધાવ્યું, જે મહામાર્ગે મોટ-મોટા શેઠ શાહુકાર રાજા-મહારાજાઓએ ઝૂકાવ્યું, જે અનુપમ કલ્યાણ કેડીએ આજ સુધીમાં અનંતાનંત સબળ નિર્બળ, સજ્ઞાન અજ્ઞાન, સધન નિર્ધન, સુકોમળ, સુકઠિન આત્માઓએ જીવન વહાવીને શાશ્વત સુખ સિદ્ધ કર્યા એ પંથ, એ મહામાર્ગ એ કલ્યાણ કેડીને આવા ઉત્તમોત્તમ ભવમાં નહિ અપનાવાય, નહિ સ્વીકારાય તો ક્યા સ્વીકારાશે ? અહીં એ સ્વીકારવામાં વિલંબ કરાશે તો અવિશ્વસનીય કર્મ, કાળ અને જગત જીવને કેવો મૂર્ખ બનાવશે ?

મહાનુભાવ ! બહારનું જે વિનશ્વર અને આ ભવનું જ સંબંધી છે, એના પરથી દૃષ્ટિ ઉઠાવી અંદરના અવિનાશી અને સદાને માટે આપણા સંબંધી તત્ત્વો પર સ્થાપો. અંદર જુઓ. નિજના આત્માના માટેની જ સંભાળ કરો. એનું ભાવી હિત વિચારો.

●—●—●

● મૃત્યુ એ જન્મ સાથે જકડાયેલ વસ્તુ છે. તેથી એ આશ્ચર્યકારક નથી. તેમજ શ્રી જિનેશ્વર દેવનું શાસન શોકના યોગે ભયંકર કર્મબંધ થવાનું કહે છે માટે મૃત્યુ પાછળ શોક કરવો પણ વાજબી નથી. ખરી રીતે આપણે જીવંત છીએ. એમાં મૃત્યુનો પ્રમાદ લાગે છે, પણ તે આપણને આત્મહિતની આરાધનામાં ઓતપ્રોત થવાનું સૂચવે છે. બની ગયેલી વસ્તુ ન બની ગયેલી કરી શકાતી નથી. તો શોક શા માટે ? ઊલટું એ પરથી આખાય સંસારની અને આપણા જીવનની ચંચળતા અવિશ્વસનીયતાને પરખી, સ્થિર અને વિશ્વસનીય એવા પરમપદ મોક્ષ માટેના પુરુષાર્થમાં કાં ન લાગી જવું ?

આ ઉપરાંત બીજી પણ એક વાત એ છે કે જેમ.... ભાઈનો વિરહ પડ્યો તેમ પ્રભુ શ્રી મહાવીરનો પણ વિરહ પડ્યો છે ને ? તો પ્રભુનો વિરહ એટલો સાલે છે ? આજ સુધીમાં કોઈ દિવસ એટલો સાલ્યો હતો ? પ્રભુ શું ઓછા ઉપકારી છે ? અનંતકાળના હિસાબે ૨૫૦૦ વરસ કાંઈ વિસાતમાં નથી, તો

એટલા અલ્પકાળ માટે આપણને કેમ આવા પ્રભુનો વિરહ પડી ગયો ? કેમ આપણે પ્રભુના કાળમાં પ્રભુની સાથે રહી આરાધના કરી એમની સાથે જ સદા અવિરહ રહે એવા મોક્ષમાં ન પહોંચી ગયા ? શોક કરવા જેવો હોય તો આ પ્રભુ વિરહ પડ્યાનો છે. એ સિવાયના બીજા વિરહમાં શો માલ છે ?

તેમ એ પણ વસ્તુ છે કે જો આપણે લાગણી અને પ્રેમથી ખેંચાઈએ છીએ તો એ વિચારવું ઘટે. આપણો સ્નેહી આપણા સંસર્ગમાં આવીને શું આપણી મદદથી ઉચ્ચચારિત્ર માર્ગે ચઢી જીવન સફળ કરી ગયા ? જો ના, તો આપણે એમને શું આપ્યું-અપાવ્યું ? ખાલી દુન્યવી સંબંધ અને વ્યવહાર તો બીજા મનુષ્યો અને તિર્યંચોને કયાં નથી મળતા ? ખરી રીતે હવે આત્માના કલ્યાણના એકજ માર્ગે ચઢી જવાનો અવસર આવ્યો છે.

શ્રી અરિહંત પ્રભુનું શાસન અદ્‌ભુત તત્ત્વોનું સ્વરૂપ બતાવે છે. જગતની વિચિત્રતા બતાવી એની પાછળનો હેતુ, કારણો બતાવે છે. શુભ-અશુભ ધ્યાનના વિસ્તાર સમજાવે છે. હેય-ઉપાદેયનો વિવેક કરાવે છે. આધુનિક અલ્પકાળમાંથી આગામી અનંતકાળને ઉજ્જવલ કરવાનો દર્શન-જ્ઞાન-ચારિત્રનો મહામાર્ગ ફરમાવે છે. શોક અને સાવદ્ય કરણી ટાળી સદ્‌ગત આત્માનેય આપણા તરફથી પાપના ભાર ન મોકલવાનું શિખવે છે. બાર ભાવનામાં જગતના વિવિધ ભાવોનું પર્યંતલોચન કરવાનું સમજાવે છે. આવાં રૂડાં જિન શાસનને પામ્યા પછી નિજના કર્તવ્યના પંથે ચઢી બચત જીવનની પ્રત્યેકપળ કર્મનો વિધ્વંસ, દોષનો નિકાલ, આત્માની વિશુદ્ધિ-ને ગુણોનું ઉપાર્જન કરવામાં અને અર્હત્ પ્રભુની સાથે એકમેક થવામાં ગાળો એજ હંમેશ માટેની હૃદયની એક મંગળ કામના.

●—●—●

● મહાનુભાવ ! એમને આવા અવસરે ખાસ કરીને ઊંચા ભવનું સાચું ભાતું બંધાવજો. એવું ભાતું કે જે એમને ભવિષ્યના દીર્ઘકાળ માટે સારો જવાબ આપે, સમર્થ ટેકો આપે, જેનો ઉપભોગ કરતાં કરતાં મુક્તિના નિજ નગરે ક્ષેમ કુશળ વેળાસર પહોંચી જવાય.

એ ભાતા માટે, એમની આસપાસ ઊંચી ધર્મની વાતો, અરિહંત પ્રભુના ગુણગાન-મહામુનિ શાલીભદ્ર, ધન્નો અણગાર, ખંધક મુનિ, ગજસુકુમાલ વગેરેની સાધનાની અનુમોદના, મહામંત્ર નવકાર, ચાર શરણાં, અરિહંતો મહદેવો વગેરેના ગુંજન, વૈરાગ્ય ભરી સજ્ઝાયો, આત્મ નિંદાના સ્તવનો... વગેરેનું વાતાવરણ સતત ચાલુ રહેવું જોઈએ. જેથી ઉત્તમ ભાવનાઓમાં એ ઝીલ્યા કરે. કોઈ સાંસારીક વાત એમની આગળ ન થવી જોઈએ.

ભાતામાં, પહેલી તો સુંદર સમાધિ ભરવાની એમને ઉપયોગ આપવાનો કે જુઓ, જગતમાં આપણને અને બીજાને કર્માનુસાર બને છે, વળી ભવિતવ્યતાથી થતા પ્રસંગોને કોણ ફેરવી શકે છે ? માટે આપણી બીમારી કે બીજાના સુખદુઃખનો વિચાર કરશો નહિ. વિચાર તો માત્ર આપણા આત્માનો કરજો. એના કષાયો, એની તૃષ્ણા, એની મમતા વગેરેને હવે દૂર કરી ક્ષમાદિ ભાવનાઓમાં એ રમતો રહે, જગતની પ્રત્યે ઉદાસીન બને, એ માટેની જ શુભ ભાવનાઓમાં રહેજો. એ આપણા હાથની વાત છે. 'મારે, દુનિયાની ચિંતા કરવી નકામી છે, યાવત્ રોગી કાયાની હાયવોય પણ નકામી છે. કેમ કે એ આપણા હાથમાં નથી. આપણી ચિંતાથી કાંઈ વળવાનું નથી તો શા માટે એવી ફોગટ ચિંતાથી આપણું મહા મોઘેરું મનોરત્ન બગાડવું. જગતની તો બીજી ચિંતા કરવાને બદલે ભાવદયા કરવા જેવી છે કે 'બિચારા પ્રાણીઓ કર્મથી અહીં પિડાય છે, ને મોહને વશ પડી ભાવી પીડાઓ ઊભી કરે છે ! એમને ય સમાધિ મલો. જેથી અહીં પીડા લાગે જ નહિ, અને સદ્‌બુદ્ધિ મળો. જેથી ભાવપીડા ઊભી થાય નહિ. તેમ કાયાની ચિંતા કરવાને બદલે સુકૃત અનુમોદના, અને દુષ્કૃત ગર્હા કરવા જેવી છે કે 'સારું થયું આ મારી કાયાથી આ આ ધર્મ થયો, તપ થયો, દાન કર્યું, શીલ પાળ્યું. દેવગુરુના દર્શન વંદન થયા. જિનવાણી સાંભળી, પાપ ભર્યા જીવનમાં આ ઉભય કાર્યો થયા એ મારા અહોભાગ્ય ! ત્યારે આ કાયાથી જે આરંભ સમારંભ થયા, જૂઠ અનીતિ થઈ, અબ્રહ્મ પરિગ્રહ સેવ્યા, બીજી મોહમય પ્રવૃત્તિઓ થઈ, એ બહુ ખોટું થયું. આ મનથી રાગદ્વેષ કષાયો અને કુવિચારો, મિથ્યાત્વ અને અવ્રતના ભાવ વગેરે સેવ્યું, એથી મેં મારા આત્માને બહુ ભારે કર્યો. હવે એ તન-મનના પાપોની હું નિંદા કરું છું. એવા મારા આત્માની મને ઘૃણા થાય છે. મારા એ પાપો મિથ્યા થાઓ.'

આ ઉપરાંત નમસ્કાર મંત્રનું ખૂબ રટણ, મનની અસ્વસ્થતામાં આખો મંત્ર ન ફાવે તો પહેલું પદ રટવાનું. નવકાર તો સદ્‌ગતિએ લઈ જનારું જહાજ છે. વિમાન છે, સર્વ પાપનો નાશક અને મંગળ છે.

એની સાથે સર્વ જીવોને ક્ષમાપના તથા ક્ષમા આપવાની. વૈર વિરોધની ગાંઠો બાંધીને કયાં લઈ જવી છે ? અરિહંત પ્રભુના સેવકના દિલ તો દયાના, ક્ષમા-સમતાના સાગર હોય, ઉદાર હોય, એ ઉંચા માલના દાન કરે. વૈર, રોષ વગેરેના કચરાના દાન નહિ. સામા જીવો બિચારા પોતાના અનંતા કર્મોથી મરી રહ્યા છે. શેકાઈ રહ્યા છે, એના પર તો હૈયાના હેત ઉતારવાના હોય. સૌનું ભલું થાઓ એવા શુભાશિષ દેવાની હોય.

વળી લગભગ બધા પાપોની ત્યાગની પ્રતિજ્ઞા, વ્રત લઈ લેવાના, જેથી અઢળક કર્મબંધથી બચી જઈને તે પણ ત્યાગ, જ્યાં સુધી પથારીમાંથી બહાર નીકળાય નહિ ત્યાં સુધીના માટે એવી રીતે કરી શકાય.

ભગવાનનો સંઘ જે પચીસમો તીર્થંકર ગણાય છે. એના એક અંગભૂત શ્રાવિકા છો. મરુદેવા માતા, ચંદનબાળા, મૃગાવતી વગેરેના વારસદાર શ્રાવિકા છો, તો તે પ્રમાણે ગૌરવ લઈ મનને સમતા સમાધિથી ખૂબ પ્રફુલ્લિત બનાવજો.

'મારે ભગવાન અરિહંત દેવ, સદ્‌ગુરુનો અને જૈન ધર્મના શરણાની ઓથ છે. હું મહાભાગ્યશાળી છું મારે શી ચિંતા છે ?' વગેરે ભાવનાથી મન ખૂબ ઉલ્લાસ ભર્યું રાખજો. શક્ય દાન પુણ્ય વગેરે જાતે જ કરી લેજો. જુદા જુદા તીર્થની યાત્રા વિગતવાર મનથી કરજો. બીજા પાસે સાંભળીને ચિંતવજો.

ઉત્તમ આરાધના કરી હાથમાં રહેલા ભવના કિંમતી છેડાને ખૂબ સફળ કરો એ શુભેચ્છા...

●—●—●

● ધર્મધ્યાન સારું કરતો હશે છતાં, તેમાં વિશેષ ઉદ્યમ રાખવો. કેમ કે તું જાણે છે કે સમસ્ત પ્રાણીગણમાં આપણને આ એક એટલું ઊંચું જીવન મળ્યું છે કે એમાં વીતરાગ પરમાત્મા અને એમનું શાસન આપણી હાજરાહજૂર છે. અને એની સમજપૂર્વક આપણે ઉંચી આરાધના કરી શકીએ એમ છીએ. મૂડી વિનાનો હોય અથવા મૂડીની સમજ કે શક્તિ ન હોય એ બિચારો શું વેપાર કરી શકે ? પણ એ બધું છતાં કમાણી ન કરે એ તો મહામૂર્ખ ગણાય, તું એવો ન બનતો. ઉત્તમ દેવ-ગુરુ-ધર્મની મૂડીથી બને તેટલાં સુકૃતો કમાઈ લેવા કમર કસજે. રાત દિવસ મહેનત કરજે. તપસ્યા, ત્યાગ, વ્રત, નિયમો, નવકારવાળી, કાઉસ્સગ્ગ, ખમાસમણા, સામાયિક તથા ક્રોધ, અભિમાન, માયા, લોભ પર કાબૂ, ઈન્દ્રિયો પર કબજો, ઉત્તમ ધર્મ વાંચન વગેરે જેટલું વધારે બને તેટલું કરીશ તો ભવાંતરે સારો જવાબ મળશે. આધાર રહેશે, અને ક્રમે કરીને મોક્ષ નગર સુધી પહોંચી શકાશે.

આની સાથે માતાપિતાનો વિનય, સેવા, પરોપકાર, ઉદારતા, ગંભીરતા વગેરે ન ચૂકાય. જૂઠ અનીતિ વગેરે દુર્ગુણોને સ્થાન જ ન આપતો.

આ ઊંચા ભવમાંથી ઊંચું ભાતું બાંધી જવાનું છે. ઊંચા ભવમાંથી ધર્મના પ્રકાશ લઈ જવાના છે, ઊંચા ભવમાંથી પાપના ભાર વધારીને નહિ પણ હેઠા ઉતારીને જવાનું છે. તો જ ભવ મનુષ્યનો જીત્યા ગણાશે, નહિતર પશુનો ભવ !

●—●—●

• તમારી બધાની તબીયતોની વિષમતા જાણી. જરાય મુંઝાવાની જરૂર નથી. કર્મના વિરાટ ક્ષેત્રમાં વસેલા આપણે જંગલમાં વસનારાની જેમ, સમજી જ મૂકવું જોઈએ કે અહીં તો વિષમતા જ હોય, સરખાઈ શાની ? એ તો એમ જ નભાવવાનું ને આ ક્ષેત્ર ઓળંઘી જવાના સમાધિ, ઉદાસીનભાવ, આંતર નિરીક્ષણ, આત્મનિષ્ઠા, પરમાત્મ પ્રભાવ શ્રદ્ધા વગેરે પ્રયાસો અનવરત ચાલુ રાખવાના.

●—●—●

• તમે અશાતાનો ઉદય ભોગવી રહ્યા છો પરંતુ સાથે તીર્થંકર ભગવાનના **ભવ્ય જીવન** અને **તાત્ત્વિક શાસનની** ઓથે, સમાધિનો ઉદય અખંડ જાળવતા હશો. કેમ કે એ પ્રભુએ આવી પડેલા ઘોર અશાતા વેદનીય કર્મના ઉદયમાં તો શું, પણ જાતે અનાર્ય દેશમાં જઈને અને બીજા પણ ઉગ્ર વિહાર, કલાકોના કલાકો અને દિવસોના દિવસો કાયોત્સર્ગની સાધના, તથા ઘોર તપ, અભિગ્રહો વગેરે કરીને મહા કઠનાઈને જાણે આમંત્રણવામાં, અપૂર્વ ઉચ્ચ સમાધિ, વીતરાગ સમ સમભાવ અને અદ્‌ભુત આત્મતેજ વિકસાવ્યાં છે ! એવા પરમકૃપાળુ જગનાથ આપણા શીરે નાથ હોય પછી એમની ઓથ આપણને કેમ સમાધિ વગેરે ન આપે ?

ત્યારે એમના તાત્ત્વિક શાસનની ઓથનું પૂછવું જ શું ? એ શાસને આત્મા અને કર્મનો અનંત કાળનો મહા ઈતિહાસ રજૂ કર્યો છે. કાળ, કર્મ અને જગતની દ્રોહ ભરી સ્થિતિ દર્શાવી છે. ભૂતકાળના **કર્મની જોહુકમી** કિન્તુ ભાવી નિર્માણ કરવામાં **આત્માની સત્તાધીશતા** પર જવલંત પ્રકાશ પાથર્યા છે. શાસનમાં નવ-તત્ત્વની જોરદાર વ્યવસ્થા છે. જગતના અણુથી માંડીને મહાપર્વતો ને અલ્પ ક્ષેત્રથી માંડી મહાઆકાશ તથા નિગોદના જીવથી માંડીને અનંત શક્તિયુત સિદ્ધ ભગવાન પર પ્રવર્તતી ઉત્પાદ-નાશ-ધ્રુવતાની **મહાસત્તાના** ખાસ વિધાન છે. આ એકેક ચીજનો ઉંડો વિચાર આપણી નજર સામે અશાતાના ઉદયને તુચ્છ લેખાવે છે. સમાધિને કિંમતી મનાવી એનું સંરક્ષણ કરાવે છે.

એટલું ધ્યાનમાં રહે કે આપણો જીવ ઠેઠ નિગોદ એકેન્દ્રિયની અવસ્થામાંથી અકામ નિર્જરા દ્વારા બાજી જીતતો જીતતો ઉંચે ચઢ્યો, તે છેક અહીં આવી પહોંચ્યો છે. હવે અહીં એ હલકા ભવ જેટલું ચારે બાજુનું ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી, પરાધીનતા, મારપીટ, છેદન-ભેદન વગેરે સહવાનું છે નહિ, તેથી એવી અકામ નિર્જરાને અવકાશ નથી, પરંતુ સકામ નિર્જરાને જો સાધીએ તો જીવનની બાજી જીતી જવાની તક છે. નહિતર અત્યાર સુધી જીતેલી બાજીને હારી જવા જેવું થાય. તે સકામ નિર્જરા એટલે કર્મ નિર્જરાની, કર્મનો મેલ કાપવાની દૃષ્ટિએ કર્મના ઉદયને સહવાના. માટે આવી તક મળે તેને તો દિવાળી સમજજો, કમાવવાના ઉંચા બજાર ગણજો.

સમાધિ માટે નવકાર મંત્રનું અક્ષર ધ્યાન તથા અર્થ વસ્તુનું ધ્યાન કરવા પૂર્વક જાપ, સ્મરણ, વૈરાગ્યમય સ્તવન સજઝાયોનું મનન, ૨૪ પ્રભુના નામ માત્રનું ૧ વાર, ૨ વાર, ૫ વાર, ૧૦-૧૫-૨૫ વાર લાગલગાટ ઉચ્ચારણ સાથે સ્મરણ, મહાપુરુષોના જીવન સ્મરણ વગેરે ઉપયોગી થશે.

●—●—●

● માનવ ભવમાં એવું ઉચ્ચકોટિનું વિચારક મન અને બુદ્ધિ શક્તિ મળી છે કે એ જગતમાં બનતી અવનવી ઘટનાઓ ઉપર વિચારવંત બને છે, એના પર એને પ્રશ્નો ઉઠે છે, જીવનમાં કેટલીય ઘટનાઓ એવી બને છે જેની પાછળ કામ કરતી દુર્જ્ઞેય શક્તિના રહસ્ય જાણવા ઝંખના પ્રગટે છે. તેમ માનસિક કંઈ વ્યવસ્થાઓમાં અનિચ્છાએ સહવાનું બને છે. આવી આવી વસ્તુ અંગે જરૂર જિજ્ઞાસા પત્ર લખી શકે.

બાકી તો મહાનુભાવ ! અનંતકાળે પણ જાગવી દુર્લભ અને જાગી હોય તો હવે સંસારના છેલ્લા પુદ્ગલ પરાવર્તમાંય ઓછા કાળની સૂચક એવી આભ્યંતર દૃષ્ટિ તને પ્રગટી છે. એ તારી પાસે એક જબરજસ્ત 'એસેટ' છે. એના પર અલૌકિક આત્મ સમૃદ્ધિના લખલૂટ વ્યાપાર ખેડી શકે. વર્તમાન જીવન એ તો અનંતકાળના સંસાર પ્રવાસમાં એક બિન્દુવત્ વિશ્રામ સ્થાન છે, અને પ્રતિક્ષણ મૃત્યુની વધુને વધુ નજીક જઈ રહ્યું છે એ ન ભૂલજે. અનંતાકાળથી સંસાર યંત્રમાં ક્રૂર પણે રીબાતા ઓ આત્મ સુભટ ! ધ્યાનમાં રાખજે કે આપણા પ્રાણ પ્યારા આત્માની કાળજી અને દયા આપણે જ કરવાની છે, અને તે એક માત્ર મહામૂલી ધર્મ સાધનાથી જ થઈ શકશે. આન્તરદૃષ્ટિએ યોગ્ય પ્રવૃત્તિથી જ થઈ શકશે.

અનંતા પુણ્યની કિંમત ચૂકવીને પ્રાપ્ત કરેલા માનવભવ, ઉચ્ચ મન-વચન-કાયાની શક્તિઓ તથા દેવ-ગુરુનો સંયોગ વગેરે સામગ્રી દ્વારા પાછા અનંતા પુણ્ય હાંસલ કરવાનું જ થાય. નહિતર ઉચ્ચભવ તથા શક્તિઓ માત્ર નિષ્ફળ નહીં પણ પાપ કમાઈ કરાવનારી બને ! અજ્ઞાન જગતની સામું ન જોયા કરજે, ભગવાન મહાવીર દેવના જીવન અને માર્ગદર્શન તથા તત્ત્વદર્શન સામે જોજે. એજ, વધુ તારી જિજ્ઞાસા જાણ્યા પછી...

●

● ....'તારું પ્રવાસે નીકળવું સંસાર પ્રવાસને યાદ દેવડાવનારું બનવું જોઈએ, **નવા નવા માણસોને મળવું,** સંસારમાં અનેકાનેક નવા જીવોને મળી મળીને મૂકવાનું સ્મરાવે, પ્રવાસમાં મુખ્ય લક્ષ્ય **અર્થ-વેપાર.** એ સંસારયાત્રામાં ધર્મ વેપારના મુખ્ય લક્ષ્યનું ભાન કરાવનારો બનવો જોઈએ. પ્રવાસના **કષ્ટ** ભવભ્રમણના ભયંકર કષ્ટ નજર સામે લાવે વગેરે વગેરે...

પરન્તુ રખે માનતો કે 'આ બધાં સ્મરણો તો આત્માને નિરાશા-નિસાસા અને દુઃખદીનતામાં ડૂબાડી દે !' ના, એ ભવ્ય સ્મરણ તો આત્માને જાગરૂક બનાવે છે. અનંતકાળની કર્તવ્ય-ભ્રષ્ટતાને મન પર લાવી કર્તવ્ય નિષ્ઠતાના સુરમ્ય મનોરથ દોડતા કરે છે. અંતરના દબાઈ-કચરાઈ ગયેલા સત્ત્વને જાગ્રત કરી અપૂર્વ ધર્મસ્ફૂર્તિ અને 'ચત્તારિ સરણં પવજ્જામિ'ના સુખદ સંવેદન કરાવે છે.

તો મોહમૂઢતાની ભાવનિદ્રાની અંચળા ફગાવી દઈ આત્મચિંતનની ભાવજાગૃતિમાં આ માનવભવરૂપી પરોઢે જરૂર આવી જજે.

'રજની વીતી છે, વિકસી જ્યોતિ છે, વન મત ઘૂમજે, હો...હો...
કુગતિ મીટી છે, મનુજ ગતિ છે, કુપથ ન ભજજે, હો... હો...
'અજ્ઞાનતાના ઘોર અંધારે, જ્ઞાન તણા પુરણ દેવાળે ચાલ્યો છે ભારે,
હો દુઃખ ધારેએ મત ભૂલજે, હો... હો...
'પાપો મિથ્યાત્વ ને હિંસા આદિ જીવનની ત્યાં કરી બરબાદી,
ખોઈ આઝાદી વળી આબાદી એ ન વિસરજે, હો... હો...
'અરિહંત ને જિનશાસન પામ્યો, માર્ગ ને તત્ત્વ-આ લોકે આવ્યા,
જાગજે ચેતન ધાજે શિવ કેતન, સ્વરૂપે કરી જે, હો... હો...

નવકાર મંત્રનું સતત્ સ્મરણ, પ્રભુભક્તિ અનિત્યાદિ ભાવનાઓ-તત્ત્વરમણતા વગેરેમાં પુરુષાર્થી બન્યા રહેવું. એ જ...

અંતિમ આરાધના માટે પૂછાવ્યું તો તે અંગે લખવાનું કે અત્યારે અંતિમ સમય પ્રસંગે નિરાગાર અનશન ન કરી શકે, પરન્તુ ૧ દિવસ, ૧ પહોર, ૧ ઘડી વગેરેનું અનશન કરી શકે. મુઠસી પચ્ચકખાણ રાખી શકાય. તેમજ સંસારી સર્વકામો કરવાનો ત્યાગ, તેમજ પાપ આરંભ સમારંભના કાર્યો બંધ કરવાનું કરી શકે, વળી અંત સમયે ઈરિયાવહીય કરીને આ પચ્ચકખાણ ૩ નવકાર ગણીને કરી શકે.

'અહં ણં ભંતે તુમ્હાણં સમીપે ભવચરિમં સાગારિયં પચ્ચકખામિ, જઈ મે હુજ્જ પમાઓ ઈમસ્સ દેહસ્સ ઈમાઈ વેલાએ, આહારમુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસિરિયં અરિહંત સક્ખિયં, સિદ્ધ સક્ખિયં, સાહુ સક્ખિયં, દેવ સક્ખિયં, અપ્પ સક્ખિયં, ઉવસંપજ્જામિ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

અવસર હોય તો દેવવંદન-ગુરુવંદન કરીને આ પચ્ચકખાણ કરે.

બાકી ચઉસરણ પયન્નો, આઉર પચ્ચકખાણ, ભત્તપચ્ચકખાણ, સંથારા પયન્નો વગેરેનું શ્રવણ કરે.

આ તો છેવટની વિધિ થઈ. પરન્તુ તે પૂર્વે શક્ય એટલા પાપો આરંભ સમારંભો વગેરેનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરી દેવો. બારવ્રતોમાં જેટલી છૂટ હોય તેનો શક્ય સંકોચ કરતા આવવું.

બીજું વૈરાગ્યભાવના અને આત્મસ્વરૂપની ભાવના ખૂબ વધારવી. એ માટે ચિદાનંદજીની પુદ્ગલગીતા, પદો, પુન્યપ્રકાશ, પદ્માવતી આરાધના, અધ્યાત્મ કલ્પદ્રુમ, શાંત સુધારસ, ઉપદેશમાળા વગેરેનું વાંચન વધારવું એના પર ચિંતન ખૂબ કરવું.

આત્માના ગુણો, આત્માની મૂડી, આત્માના કર્તવ્ય વગેરે જુદાં છે, કાયા સાથે કાંઈ સંબંધ નથી, કાયા માયાના મમત્વ ઊભા રહે છે ત્યાં સુધી એની ઉંચી નીચીમાં રાગદ્વેષ અને સુખ દુઃખ લાગે છે. માટે દૃઢ ભાવના એ કેળવવી કે હું તો અરૂપી આત્મા છું, જ્ઞાનમય છું, વીતરાગતામય સ્વભાવવાળો છું. અજર-અમર છું....વગેરે વગેરે.

જેટલા પ્રમાણમાં સંસારની વિચિત્રતાઓ ઉપરથી દિલ ઉઠાવી લેવાશે, પરમાત્મા તીર્થંકરદેવો અને બીજા મહાપુરુષોએ શું શું કર્યું, તત્ત્વોની વ્યવસ્થા કેવી છે ? વગેરે ધ્યાનમાં લેવાશે, એટલા પ્રમાણમાં આત્માની નજીક અવાશે ને રહેવાશે.

એ જ...

•

"પત્રપ્રેરણા-૧૬" **—વઢવાણ જેઠ સુદ-૯, ૨૦૧૪**

સુશ્રાવક જોગ,

પત્ર તમારો મળ્યો હતો. વાંચી આનંદ થયો. તમારી સહૃદયતા તરફ આકર્ષણ થાય છે અને લાગે છે કે તમારી હાર્દિક શુભ ભાવના યથાયોગ્ય કાળે ફળશે. માટે મનમાં કોઈપણ વિહ્વલતા ન રાખતાં એ શુભ ભાવનાને નિરંતર પુષ્ટ કરતા રહેવું. પૂર્વના અંતરાય કર્મ શુભેચ્છા ફળવા ન દે પરંતુ સમાધિપૂર્વક એનું વેદન ક્રમશઃ માર્ગ ચોક્ખો કરતું આવે છે. વિશેષમાં દિલનો આર્જવ ભાવ (સરળ પરિણામ) આત્મિક ઉચ્ચ ગુણસ્થાનકની તમન્ના, પરમદયાળુ અરિહંત પરમાત્માની અચિંત્ય પ્રભાવ પર અટલ શ્રદ્ધા તથા શક્ય દાનાદિ ધર્મની સાધનાઓ કેટલાય જન્મના અંતરાયાદિ કર્મોને તોડી નાખે છે. તો એ પુરુષાર્થમાં રચ્યા રહેવું.

બાળશ્રાવકોની ભાવના પર્યુષણપર્વમાં આવવાની હોય, છતાં એમણે જરા વિચારણા કરવાની જરૂર છે. કેમ કે પર્યુષણમાં નિયત વ્યાખ્યાનો, તે ય બબ્બેવાર, તેમજ લોકઘસારો વગેરે કારણે એમના માટે જે ઉપયોગી સત્સંગ છે તે નહિ

સધાય. નિજના આત્મઘરે જૈનશાસનના અગાધ તત્ત્વ પ્રકાશના પુંજ રેલાવવા હોય તો તે ચાલુ દિવસોના ધારાબદ્ધ વ્યાખ્યાનોમાંથી શક્ય છે, તેમજ ચાલુ દિવસોમાં અમારી સમયના અવકાશમાંથી વ્યક્તિગત વાત-વિચારણા મેળવીને શક્ય છે. માટે હવે તો વેળાસર અત્રે સંપર્કમાં આવવું હિતાવહ છે. બીજું એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે આપણા આત્મા પર કોઈ જુગજુના જન્મોના કર્મના થોક અને કુસંસ્કારો-કુવાસનાઓ આહારાદિ સંજ્ઞાઓના અત્યાચાર લદાયેલા છે એને આ એક ભવમાં ઘણા ઘણા ઘટાડી નાખવા હોય તો વિચારો મહાનુભાવ ! કે કેટલા...વર્ષોની અને કંઈ ઉંમરથી મહેનત જોઈએ ? સીમેન્ટ કોંક્રીટનું એક મકાન તોડી નાખવા માટે પણ કેટકેટલી જોરદાર મહેનત દિવસો સુધી કરવી પડે છે, તો આ તો કરોડો અબજો શું પણ અસંખ્ય જન્મોની કર્મ અને વાસનાઓની ભેખડો તોડવા માટે શું આ એક આખા જન્મની મહેનત નહિ જોઈએ ?

જૈન શાસનના બાળરત્નો ! અમારો કોઈ પ્રકારનો બળાત્કાર ન સમજતા, પરંતુ અનંતા પુણ્યના મૂલ્ય ચૂકવીને જે આ ઉચ્ચ જૈન માનવજન્મ, મહાન મનવચન કાયાની શક્તિઓ અને સર્વશ્રેષ્ઠ દેવગુરુધર્મના સંયોગ પામ્યા છો. તેનો ખરચેલી કિંમતના પ્રમાણમાં ભારે લાભ ઉઠાવવાનો અને પરિણામે પારાવાર દુઃખત્રાસ ભર્યા સંસારનો પાર પામી જવાનો ખૂબ વિચાર કરજો. નાની ઉંમર છે એટલે એ માટે ઘણી સારી શક્યતાઓ છે. તેમ સ્વાત્માની સાથે અન્ય સેંકડો હજારો આત્માને કલ્યાણ સધાવવામાં સહાયભૂત બની શકશો.

જીવન ક્ષણભંગુર છે. કાળ વિષમ આવતો જાય છે. છૂપાં કર્મના ઉદયની ખબર નથી કે કયારે કેવા જાગે, પરમાત્માની જ કૃપાથી ઉત્તમ સંયોગ મળ્યા તે એમની સેવામાં જ સર્વાંશે વપરાવવાને બદલે કુટિલ સંસારની મોહમાયામાં વપરાઈ રહ્યા છે. આ બધી વસ્તુઓ વિવેકીને ચિંતાતુર બનાવી અરિહંતનાથના શરણે જવા માટે જાગ્રત કરી દે છે, વજકુમાર, બપ્પભટ્ટીસૂરિ, હેમચંદ્રાચાર્ય, પાદલિપ્તસૂરિ વગેરેએ બાળ ઉંમરમાં જેમ સાધ્યું તેમ સાધવા માટે પ્રવર્તમાન કરી દે છે. એટલે તમારે શક્ય હોય તો તરત જ અત્રે સત્સંગમાં આવી જવાની જરૂર છે. વિશેષ, તમારા પત્ર પછી. પત્ર ફરી ફરી વાંચીને ખૂબ મંથન કરજો. માનવભવ પણ આપણે ઘણા ઘણા કર્યા, અને એમાં દુનિયાદારીય ઘણી કરી, પરંતુ કરવાની વસ્તુ તો જિનાજ્ઞામય જીવન છે. દુનિયાના ઘણા ય હલકા જીવો જે કરે છે તે કરીને શો લાભ ?

•

• નવાઈ તો એટલી લાગે છે કે જે અહીં તારો મુંબઈ જવાનો તલસાટ હતો તેના સ્થાને ત્યાં જઈને લીધેલા અનુભવ ઉપર તારો આત્મા વધુ જાગ્રત બની ગયો છે. તારા પત્રમાં નિખાલસ ભાવનાં તારી ઉર્મીઓના ખુલ્લા ઉલ્લેખથી વિશેષ આનંદ થયો છે.

હવે તો મહામના માનવ ! હિસાબ ચોકખો છે સંસારના ઠેકેદાર તને સંસાર તરફ ઘસડી જવા મથે છે. એમને પોતાના આત્મપતન ઉપર તો કોઈ પસ્તાવો નથી બલ્કે તારા આત્મપતન માટેની ચોકકસ યોજનાઓમાં તને ફસાવવો છે. "હમણા એક વર્ષનું કહીએ તેટલામાં તો ભાવનામાં ફેરફાર કંઈ થશે કેમ કે ઉંમર આવવા લાગી છે. વાસનાના કામનાના અરુણોદય થઈ ગયા છે. પછી કદાચ એ ભાવના નહિ થાય તો ય વળી એક વર્ષ કોલેજ કરી લે, થોડું પરદેશ જઈ આવ વગેરે માટેનું દબાણ કરીશું." આવી આવી ગભરું મુમુક્ષુ પંખેરાને પારધીની જાળ કરતા અનંત ગુણી ભયંકર યોજના જાળમાં ફસાવવાની ગુઢ વિચારણાઓ એ સંસાર દલાલોની હોય છે. એમને એ થોડી કદર છે કે આ બિચારો જીવ ઠેઠ એકેન્દ્રિયપણામાંથી કેટલી કેટલી ચઢતી પડતી અને ત્રાસ તકલીફ વેઠતો વેઠતો ઠેઠ જૈનપણાયુક્ત માનવ-ભવમાં આવ્યો છે તો પાછો પુન્ય કરીને ચેલેંજ ન આપે કે તું શું મને ઉંચે ચઢાવે તો તો આ હું ઠેઠ નીચે આવી જાઉં છું, એ ભાવના એમને શાની હોય ?

સુબુદ્ધ હૃદય ! માનવ સમયના મહાન મૂલ્યાંકન કરજે એ ઘણો ઓછો સમય છે કેમ કે એક તો પૂર્વના અસંખ્ય જન્મના કર્મબંધનો અને અનંત જન્મની વાસનાઓને તોડવાની છે તેમજ બીજું ભાવી અનંતાકાળના ઉજજવળ પ્રકાશમય રાહ અહીં તૈયાર કરવાના છે.

વિશ્વના પ્રપંચના અજાણ ભદ્રકજીવ, એટલું ધ્યાનમાં રહે કે માણસ કેટલીય વાર ઘણી સારી ભાવનાવાળો છતાં અને પવિત્ર જીવનસરણીવાળો છતાં ખોટી શેહશરમમાં તણાઈ ભારે થાપ ખાઈ જાય છે, આખી સારી બાજીને એવી ઉંધીવાળે છે કે જેનો પ્રતિકાર કેટલીક વાર ન થાય. આ જીવનમાં જ નહિ પણ ભાવી અનેક જીવનમાં કરી શકતો નથી. સમરાદિત્યના ૪ થા ભવમાં યશોધર રાજાનું જીવન મૂક્યું છે તેમાં માતાની શરમમાં તણાવાથી એને એવું જ બન્યું છે. બહુ જ કરુણ પરિસ્થિતિ કેટલાય ભવોની ઉભી થઈ છે. જો ત્યાં શરમ ન રાખી હોત અને લોટના પણ કુકડાના વધ-ભક્ષણ ન કર્યા હોત તો એની ભાવના તો એટલી બધી સરસ ચારિત્ર અંગેની હતી કે એ ફળતા એકદમ ઉંચે આવી ગયો હોત. પરંતુ શરમમાં તણાવાથી ન ચારીત્ર પામ્યો, ન સદ્‌ગતિમાં પણ ટકી શક્યો અને લોટના

કુકડાને મારવાની લાગણી કરી તો કેટલાય ભવ તિર્યંચયોનિના મળ્યા અને તેમાં ભયંકર ત્રાસ ત્રાસ પામ્યો.

અમે તો તારા જેવા વિવેકી અને સ્વયં ચિંતક સુજ્ઞને વિશેષ શું કહીએ ? છતાં તારા બીજા પત્રમાં વિગત આવ્યેથી વિશેષ માર્ગદર્શન કરી શકાય.

●—●—●

"પત્રપ્રેરણા-૧૮" **—પિંડવાડા, વૈશાખ સુદ-૧૪, ૨૦૧૬**

આત્માર્થી ધર્મપ્રેમી સુશ્રાવક..... અત્રે ઉત્સવ કોઈ અનેરો ઉજવાઈ ગયો. તારા જેવાને દર્શનીય હતો. પરંતુ મોહ અને લજ્જાદિ લાગણીઓ તને આત્મોત્થાનના દુર્લભ પ્રસંગોમાં જોડાવા નથી દેતા એમ સમજાય છે.

સુશ્રાવક.... દ્વારા તારી ધર્મભાવના જાણી આનંદ થયેલો. તેં પૂર્વે પત્ર લખ્યો હશે. તે કદાચ અમને મળ્યો નહિ હોય છતાં **'शुभे पुनः पुनः यतनीयम्'** એ ન્યાયાનુસાર પુનઃ પ્રયાસ જરૂરી છે.

ભાગ્યવાન ! સંકોચ ન રાખતો કે પત્ર કેમ લખવો, એમાં શું લખવું વગેરે તારી સામે વિરાટ વિશ્વ પડેલું છે. એની પ્રત્યે હૃદયના કેવા ભાવો વર્તે છે, કંઈ કઈ સમસ્યાઓ ઉકેલ માગે છે. આપણે કોણ છીએ, ઉત્થાન-ઉત્ક્રાન્તિ શું છે, વગેરે વગેરે કેઈ બાબતો પૂછી શકાય. હાર્દિક લાગણીઓ વ્યક્ત કરી શકાય.

આ લખાણ પણ એટલા માટે કે અહીં પ્રાપ્ત થયેલ મહાન મનોરત્ન યોગ્ય દિશામાં કામ કરતું થાય.

ધ્યાનમાં રાખજે કે શાસ્ત્રકાર ભગવંત ચિત્તને એક અનુપમ રત્ન કહે છે. પાપી વિચારો, ક્રોધ લોભાદિ, મોહ, તારી લાગણીઓ વિનશ્વર જે પુદ્ગલ અંગેની ચિંતાઓ વગેરેથી એ મનોરત્ન મેલું થાય છે. અનંતાનંત કાળથી આપણે એ જ ઘેલી રમત કરી છે. દુનિયામાં જન્મ ઉપર જન્મ લઈ લઈને બીજું ઘણું ઘણું ઉજળું કર્યું, પરંતુ ચિત્તરત્નને આપણું પોતાનું અને પરમકલ્યાણ સાધન છતાં, મલિન ખરાબખસ્ત કર્યે ગયા. આ આપણો એક કલંકિત ઈતિહાસ છે.

પ્રવૃત્તિ જ બધી એવી આચરી કે મનોરત્ન અત્યંત મેલું થયું અને પરિણામે આ દુઃખદ સંસાર સાગરમાં નિરાધાર બેહાલપણે ઝાડ, પાન, કીડા, મંકોડા, પશુ-પંખી વગેરેના જ અવતાર મોટા ભાગે કર્યા.

હવે પુણ્યવાન ! કોઈ અવલ તક હાથ લાગી છે. એ મનોરત્નને ઉચ્ચ સંવેગ (મોક્ષ તમન્ના) નિર્વેદ (સંસાર કારાગાર પર અરુચિ) ક્ષમાદિગુણો, જીવાજીવાદિ તત્ત્વચિંતન, આધ્યાત્મિક તત્ત્વદૃષ્ટિ-અનિત્યાદિ ભાવનાઓ વગેરેથી

વિશુદ્ધ નિર્મળ કરવાનો સોનેરી અવસર મળ્યો છે. જો એ ગુમાવ્યો તો ભયંકર સાહસ થશે.

લગભગ વૈ. વ. ૧૦ અમે ઘાણેરાવ પહોચીશું ત્યાં રોકાવાનું છે.

●—●—●

"પત્રપ્રેરણા-૧૯" **—પિંડવાડા, વૈશાખ સુદ-૧૪, ૨૦૧૬**

દેવગુરુભક્તિકારક ધર્મપ્રેમી સુશ્રાવક..... જોગ,

પત્ર મળ્યો વાંચી આનંદ. અત્રે ઉત્સવ ઘણી ધામધૂમ અને ઉલ્લાસ પૂર્વક ઉજવાયો. એમાં ભાગ લેનારને જીવનનું વારંવાર અનુમોદના કરવા યોગ્ય એક સંભારણું બની ગયું.

ભગવાનશ્રી જિનેશ્વરદેવના શાસનની બલિહારી છે કે જ્યાં ઉચ્ચ કોટિના તાત્ત્વિક અને આત્મકલ્યાણ-સાધક અનુષ્ઠાનો ફરમાવ્યા છે. એ જોતા એમ થાય છે કે અહો ! આવા તારક જિનશાસનની પ્રાપ્તિ ન થઈ હોત તો આપણે કેવી દુર્દશામાં હોત ! વનવગડામાં પડેલાને પાસે મૂડી હોય છતાં વેપાર અને ધનવૃદ્ધિ ન થતાં ઊલટું લૂંટાવાનું થાય, એવી દુર્દશા-માનવભવ, વિચારક મન, વગેરે પુણ્ય મૂડી છતાં જિનશાસનની પ્રાપ્તિથી રહિત મનુષ્યની થાય છે.

માટે જ જો આપણે જિનશાસન જેવું ઉચ્ચ સર્વોચ્ચ સાધન પામ્યા છીએ, તો હવે દાનાદિ ધર્મ વેપારથી વંચિત ન રહેવાય, તેમ અંતે કાળ રાજાથી લૂંટાઈ ન જવાય એ ખાસ લક્ષમાં રાખવાનું છે.

મહાનુભાવ ! જગતમાં જ્યારે પ્રાકૃતિક તત્ત્વો પોતપોતાનું કામ બજાવ્યે જાય છે. ત્યારે આપણો સચ્ચિદાનંદ ઘન આત્મા આપણું કામ કેમ ન બજાવી લઈએ ? આહાર, વિષય, પરિગ્રહ વગેરે ચેષ્ટા એ આપણું કામ નથી. એ ખાસ ધ્યાનમાં રહે.

જગતના જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવના પરના હિતની ચિંતા-દુઃખી માત્ર પ્રત્યે કરુણા, ગુણ નામ પ્રત્યે પ્રમોદભાવ, પરદોષોની ઉપેક્ષા આ ચાર ભાવનાના પાયા પર દાનાદિ ધર્મ, નમસ્કાર મહામંત્રની રટણા, જિનેન્દ્રભક્તિ, સાધુ સેવા, વગેરે આપણા કર્તવ્ય છે. એ બધાની ઉત્તરોત્તર મહામંગળમાળાને વરો એ શુભેચ્છા.

અત્રેથી વિહાર કરી ઘાણેરાવ જવાનું છે. ત્યાં ઉજમણું છે, પછી શિવગંજ ચોમાસું નક્કી થાય એમ છે.

●—●—●

● લાંબા વખતે પણ તારો પ્રત્યુત્તર મલ્યો વાંચી આનંદ થયો. પૂ.ગુરુદેવ શ્રી આચાર્ય ભગવંતે પણ પ્રમોદ અનુભવ્યો. શ્રી જૈન શાસનને ભવિષ્યમાં જૈન-રત્નોની જ્યારે જરૂર છે ત્યારે તારા પત્રાનુસારે અને પૂર્વના અનુભવ મુજબ તારામાં જણાતાં એ રત્નના બીજ અમને વિશેષ આનંદિત કરે છે. એ સહેજ ઇચ્છીએ છીએ કે એ બીજને સારી રીતે તું પકવે અને સ્વાત્માના મહાન ઉર્ધ્વીકરણ સાધવા સાથે જૈનશાસનની જ્વલંત જ્યોતનાં પ્રસરણ અનેક ભવ્યાત્માઓમાં કરે. મહાનુભાવ ! એ ધ્યાનમાં રહે કે માનવ ભવ એ રીફાઈનરી છે એમાં આત્મ સુવર્ણના સંશોધન જ કરવાં ઘટે. આત્મસુવર્ણ મલીન કરવાના ભવ અનેક અને સર્વ શુદ્ધ કરવાનો ભવ એક માનવ ભવ એ ભવમાં સહેલાઈથી નથી અવાયું. ઠેઠ એકેન્દ્રિય અવસ્થામાંથી કેટલાય ઉદ્‌ગમન પતન કરતાં કરતાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, તિર્યંચ, નરક વગેરેના થાળાં વટાવતાં વટાવતાં આજે માનવ જન્મરૂપી સંસાર સમુદ્રની સપાટી પર આવી ઊભું રહેવાનું બન્યું છે. હવે અહીંથી પણ ઠેઠ નીચે પડવાનું ન થાય એ ખાસ સાવધાની રાખવાની છે...! દુનિયામાં જો જે કે ચડવું કઠન છે, પડવું સહેલું છે. સાત માળનો મહેલ ચઢતાં વાર લાગે, પણ સાતમા માળની અટારીથી જરા ગફલત કરાય તો એક સેકંડમાં છેક નીચે પડાય. એવું આ મનુષ્ય જન્મ માટે સમજવાનું છે. શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે—

'संसार सागराओ उब्बुडो मा पुणो निबुड्डिज्जा ।
चरण-करण विप्पहीणो बुड्डई सुबहुंपि जाणंतो' ॥

—અર્થાત્, સંસાર સાગરમાંથી ઊંચી સપાટીએ આવેલો ફરીથી નીચે ડૂબીશ મા. ચરણ કરણ (ચારિત્રવ્રતો અને સાધનાઓ) વિના તો ઘણું ઘણું જાણનારો પણ ડૂબી જાય છે. બીજા ભવો સંસાર સમુદ્રની અંદરના ડૂબાડૂબ ભવો ત્યાં ઉંચે નીચેનું (સદ્‌ગતિ શું, દુર્ગતિ શું એનું) ભાન નહિ, ત્યારે માનવભવ સપાટી પરનો, ત્યાં એનું ભાન મળે છે. સાથે સામે મુક્તિના કિનારા દેખાય છે. એ કિનારે લઈ જનારી ચરણ કરણની નૌકા મળે છે, એને ચલાવનારા સુકાની ગુરુ મળે છે. આટલી દુર્લભ અને મહામૂલ્યવતી તક મળ્યા પછી જો એ નૌકામાં ન બેસો, તો કેટલું મોટું સાહસ ? આત્મરસિક ! એટલું પણ ભૂલીશ ના, કે આને મહા સાહસ એટલા માટે કહેવાય છે કે માનવભવમાં સેવેલા શુભાશુભ ભાવોની પછીના ભવોમાં આવૃત્તિ ચાલે છે, એના સરવાળા અને યાવત્ ગુણાકાર પણ થાય છે. ચરણકરણ શુભ આચાર વિચારથી જો શુભ ભાવ ન રોપ્યા, તો ઈન્દ્રિયોના વિષયો અને રાગદ્વેષાદિ કષાયોના સેવનથી પોષેલા અશુભ ભાવો આગળ કેટલા વિકસશે અને કેવા ખતરનાક

નીવડશે એ બુદ્ધિમાન ! તું વિચારી લેજે.

આજની દુનિયા ગમે તે વૈજ્ઞાનિક આવિષ્કારો દેખાડતી હોય, ગમે તેવી ભૌતિક જડ ડિસીપ્લીન, કલ્ચર, વિલાયઝેશન બતાવતી હોય, પણ એ બધું માનવ જીવનની ટૂંકી અવધિ આગળ બેકાર છે, પરલોક માટે ખતરનાક છે, અને વર્તમાન માટે પણ ઉન્માદ, અશાંતિ, સંતાપ, મદ ચિંતાઓ વગેરે આપી ભારે અસ્વસ્થતા કરાવે છે. એનાથી મહાભાગ ! ભરમાઈશ મા. ભગવાન શ્રી તીર્થંકર દેવો અને એમના મોક્ષમાર્ગ તથા તત્ત્વો પ્રત્યે અટલ શ્રદ્ધા, જૈન તત્ત્વનું ગૌરવ અને નિજના અનંત અનંત કાળના દુઃખી દયા પાત્ર આત્માની ભારે ચિંતા અને દયા કરજે. સાથે ઘરવાસના સંહારખાનામાંથી ન છૂટાય ત્યાં સુધી શ્રાવકપણાના ઉત્તમ આચાર-વિચારમાં નિત્ય પ્રગતિશીલ રહેજે. દાન-શીલ-તપ-ભાવ, દેવ-ગુરુ-ભક્તિ અને સામાયિક-પ્રતિક્રમણ-ધાર્મિક-વાંચન-મનન-મૈત્રી-કરુણા વગેરે ભાવનાઓ, અનિત્યાદિ અનુપ્રેક્ષાઓ, નવ લાખ નવકારની કમાણી વગેરેમાં સારો પુરુષાર્થ ફોરવો.

●—●—●

● ...પરંતુ એટલું ખાસ સ્મરણ પટમાં કોતરી રાખજો કે જન્મ એજ જીવલેણ મહારોગ છે. એ રોગની સામે બીજા કોઈ રોગ વિસાતમાં નથી. સર્વ રોગોને કુક્ષિનિષ્ઠ કરનાર જન્મરૂપી મહારોગ છે. એને નિવારવાના પ્રધાન પ્રયત્નમાં રહેવા જેવું છે. અને તે પ્રયત્ન જન્મરોગને ઊભો કરનારી પરભાવ રમણતાની પ્રતિપક્ષી સ્વભાવ રમણતાને કેળવવાનો, ખૂબ કેળવવાનો કરવાનો છે.

બંનેની સીધી સાદી વ્યાખ્યા આ કે પરને એટલે કે કર્મના ઉદયને આધિન તે પરભાવ, સ્વભાવ એટલે સ્વને અર્થાત્ આત્મ પુરુષાર્થને આધિન હોય તે. માટે કર્મોદય જનિત પરથી સ્વત્વ-માલિકી-આપણાપણું ઉઠાવી લેવું અને કર્મક્ષયોપશમ યાની આત્મ-પુરુષાર્થને આધિન પર સ્વત્વ સ્થાપવું એ જ પરભાવ નિવૃત્તિ અને સ્વભાવ પ્રવૃત્તિરૂપ છે. દા.ત., રોગ-આરોગ્ય મારા નહિ, માનાપમાન મારા નહિ. ઈષ્ટ-અનિષ્ટ મારા નહિ. મારું તો જ્ઞાન, ક્ષમા, નિરિચ્છા વૈરાગ્ય વગેરે છે.

●—●—●

"પત્રપ્રેરણા-૨૧" —શિવગંજ-૨૦૧૬

● લૌકિક નિયમ મુજબ તમો સૌને શોકગ્રસ્ત થવાનું બન્યું હશે, પરંતુ આપણે આ વિરાટ વિશ્વમાં દુર્લભ એવું પરમ લોકોત્તર ધર્મ શાસન પામ્યા છીએ એ વાત ખૂબ ધ્યાનમાં રાખી લોકોત્તર શાસનની રીતિ નીતિને જરાય ભૂલશો નહિ. આ અનંત કલ્યાણપ્રદ શાસનની રીતિનીતિ જીવને અજ્ઞાન કલેશો મિથ્યાશોક વિલાપ-

વિકલ્પ વગેરેથી દૂર રહેવાનું કહે છે. એ તો આવા પ્રસંગે આત્માને વિશેષ વૈરાગ્ય ભાવના અને સંસારની દુઃખદ સ્થિતિની ઊંડી વિચારણા કરવાનું કહે છે. પૂર્વના મહાપુરુષોએ એ કર્યું છે. સ્નેહીના અકાલ મૃત્યુ પર મહાવૈરાગ્ય પામી ઠેઠ ચારિત્રના પંથે ચઢી ચૂક્યા છે. શોકને ટાળી વૈરાગ્યને વધારીએ તો આપણે પરમાત્માને માથે લીધા ધર્મસાર્થક થાય, અને કર્મબંધથી બચી શકીએ. બાકી સદ્‌ગતનો વિચાર તો આવે પણ તે વખતે જ હૈયામાં એવી શુભેચ્છા ઉઠવી જોઈએ કે સદ્‌ગતને અહીં તો અમે એટલો બધો ધર્મ ન પાયો, ઊલટા એમના મોહની વૃદ્ધિમાં નિમિત્ત થયા, પરંતુ હવે એ જ્યાં અને ત્યાં ધર્મ પામો, એમના આત્માનું કલ્યાણ થાઓ. એમના પાપ નાશ પામો. દુઃખ દૂર થાઓ. બાકી તો... જરાક સમજવા જેવું છે. જો આપણને ધર્મનો ખપ નથી તો જીવન મરણ વચ્ચે શો બહુ ફેર છે. અહીં કે તહીં જુનો અંચળો ઉતારી નવો ઓઢવો એટલું જ ને ? પાપ પ્રવૃત્તિનો જ અહીં ખપ હોય તો તે તહીં પણ મલી શકશે. હા, અહીં ધર્મનો ખપ કરાય તો એમ થાય કે વધુ જીવીએ તો વધુ ધર્મ કરતાં રહીએ, વધુ વિરતિ માર્ગનો લાભ મળે અને છતાં જવાનું થયું તો રોમ-રોમ ધર્મની ખૂબ પ્રીતિ લઈને જતાં ચિન્તા શી ? બસ, શું અહીં કે શું તહીં ધર્મથી જ વિશેષતા છે, શાન્તિ છે એમાં લીન બનો.

●—●—●

● પ્ર. ૧. : પૂર્વ જન્મના સંસ્કારો હોવા છતાં ઘણી જ ઓછી વ્યક્તિઓ સાધનામાં દેખાય છે તેનું શું કારણ ?

'અવિરાધક જીવને કારણ થાય' એના સંબંધમાં યોગ્યતા બતાવવા માટે પણ પુરુષાર્થ ઉપયોગી છે. સોપક્રમ મોહનીય કર્મને તોડવા માટે શાસ્ત્ર પુરુષાર્થને બળવાન કહે છે. કદાચ તત્કાળ ફળ ન દેખાતું હોય તો પણ એનું કાર્ય ચાલુ હોય છે. કર્મ તૂટ્યે જ જાય છે. મોટા રૂપમાં ફળ એકઠું થશે. પ્રગટ દેખાય છે. ત્યારે આપણે આપણાં કર્મ સોપક્રમ છે ? કે નિરુપક્રમ એ જાણતા નથી. એટલે પુરુષાર્થ કરવામાં જ સલામતી છે. ધર્મ પુરુષાર્થથી કદાચ નિરુપક્રમ ન તૂટે તો પણ કર્મોની પરંપરા ચાલવાના જે બીજ શક્તિ અનુબંધ તે તૂટે છે. એનો મોટો લાભ છે.

તમારી શંકાના સમાધાનમાં સુખી જીવો સંસાર ત્યાગ કરનાર ઓછા શા માટે છે ?

ઉ. : સુખી શ્રીમંત જીવો ઓછા સંસાર ત્યાગ કરતા હોય છે. તેનું કારણ માત્ર કર્મ નથી, પણ તે જીવોને વૈરાગ્યજનક તેવી ઉપદેશાદિ સામગ્રી ન મળવી એ છે. મળે છતાં પુરુષાર્થ ન થવા વિરાગતા સામે આજના વિલાસવાદ ભૌતિકવાદનું જોર વગેરે કારણો પણ કામ કરે છે.

પ્ર. ૨ : મારા પોતાના જ દાખલામાં સાધુ-સમાગમ દ્વારા તથા પુસ્તકોના વાંચનાદિ દ્વારા યથાશક્તિ ધર્મારાધના કરતાં છતાં જોઈએ તેવો ઉત્સાહ વગેરે દેખાતો નથી. જૂની પ્રવૃત્તિઓ યાદ આવે છે.

ઉ. ૨ : તમારી વાત લખી તેમાં ઉત્સાહ ન વધવાનું કારણ (૧) મહેલું તો ધર્મક્રિયા સાથે, ભૂમિકાના ગુણો તરફ લક્ષ ન રાખ્યું હોય એ હોઈ શકે. ભૂમિકાના ગુણોમાં, મૈત્રી આદિ ચાર ભાવનાના પુનઃ પુનઃ અભ્યાસ, સર્વત્ર ઔચિત્ય સહજ ભવોદ્વેગ-દેવગુરુ ધર્મના ઉપકારો પ્રત્યે અમલી કૃતજ્ઞભાવ, સ્વાર્થપણા સાથે પરાર્થ રસ-માર્ગાનુસારીના ગુણો આવે.

(૨) બીજું ધર્મ ક્રિયા અને સૂત્રોના હાર્દ સમજવા સાથે જગતમાં આજ કર્તવ્ય છે એવી અત્યંત ઉપાદેય બુદ્ધિ સાથે એ જ આરાધ્યા ન હોય.

(૩) ત્રીજું કારણ એ હોય કે શાસ્ત્રોનો બહુ સંપર્ક ન રાખ્યો હોય, ઉપદેશ કે ચરિત્ર સાંભળીને એનું મનમાં ચાલુ ગુંજન ન રાખ્યું હોય. આના ઉપરથી હવે શું કરવું એ તમે સમજી શકો છો.

પ્ર. ૩ : કંચનનો મોહ ઓછો કરાવનાર કયા ઉપાયો ?

ઉ. ૩ : કંચનનો મોહ ઓછો કરવા (૧) પ્રબંધ કોશ-ઉપદેશ તરંગિણી, દાનકલ્પદ્રુમ, વસ્તુપાળ પ્રબંધ વગેરે ઉદાર પુરુષોના ચરિત્ર વારંવાર વાંચવા. (૨) લક્ષ્મીએ આ જગતમાં વારંવાર સર્જેલા અનર્થો વિચારવા. (૩) અનિત્યાદિ ભાવનાનો ખૂબ અભ્યાસ રાખવો. (૪) શક્તિ-વીર્ય પ્રગટાવી પ્રગટાવી જિનભક્તિમાં સાધુ-સાધ્વી ભક્તિ તથા બીજા ક્ષેત્રોમાં કાંઈને કાંઈ ખર્ચતા રહેવું. (૫) સંસારના બે પાયા-મૂર્ચ્છા અને અહંત્વ છે. લક્ષ્મી એને મજબૂત રાખે છે. તેથી પરમાત્મા અને એમના મોક્ષ માર્ગ સાથે સાચી પ્રીતિ સગાઈ નથી થતી, ત્યારે આવા ઉચ્ચ મન-વાળામાં આવા વિશ્વ શ્રેષ્ઠ પરમાત્મા અને માર્ગ મળ્યા પછી જો હૃદયે એમની સગાઈ ન થાય, સગાઈ એવી કે જે લક્ષ્મીને કાંકરા તુલ્ય લેખાવે અને એની કિંમત કોડીની અંકાવે, હિતવચનનાનુસાર લક્ષ્મીની મૂર્ચ્છાને ભવવર્ધક તરીકે મનાવી હૃદયને કકળાવે, તો ઉંચો ભવ કેવો નિરર્થક જાય ? તો શું એક મારા ચેતનને ભૂલાવી ભવશોષક જન્મમાં ભવપોષણ કરાવે ? ઇત્યાદિ પર ખૂબ મંથન કરવું. ચાર ધર્મમાં દાન ધર્મને પહેલો કહ્યો છે. તેનું કારણ આજ છે કે લક્ષ્મીની મૂર્ચ્છા ઉતાર્યા વિના આગળ નથી વધાતું.

પ્ર. ૪ : અનંતા શરીર આત્માએ કર્યા તો પણ આ નશ્વર શરીર પર મોહ મમતા ઘટતી નથી તે કેમ ?

ઉ. ૪ : શરીરના રોગ અને મરણના ભય નિવારવા તથા આનંદપૂર્વક એને વધાવી શકીએ એ માટે વિચારવું જોઈએ કે- (૧) રોગનું દુઃખ માત્ર પૂર્વ કર્મને આધિન નથી પરંતુ શરીર પરના રાગને આધીન છે. જેને રાગ નથી એને દુઃખ નથી. માટે રાગ ઓછો કરવાની ભાવનાઓ ભાવવી. (૨) આપણે એ આત્મા શરીરથી તદ્દન નીરાળા અને સ્વતંત્ર ગુણ સમૃદ્ધિવાળા, દેહાધ્યાસ, દેહમાં અભેદ બુદ્ધિને કાપતા આવવું જોઈએ. તત્ત્વચિંતન અને શુભ ભાવનાઓ એ કરી શકે પણ તે વારંવાર કરવી જોઈએ. (૩) રોગ એ પૂર્વના અશુભકર્મનો નિકાલ થવામાં સહાયક મિત્ર જેવા છે. (૪) ધર્મ આરાધના જેમ દાન-શીલ-તપ-ભાવમાં છે એમ પ્રતિકૂળતાઓને સહર્ષ સહવામાં પણ છે. કેમ કે એ સકામ નિર્જરા કરી આપે છે. તો એ કંઈ કમ આરાધના નથી. (૫) શરીર એ રોગનું ઘર છે. તેથી રોગ ન દેખાય એ આશ્ચર્ય છે. બાકી રોગ દેખાય એમાં આશ્ચર્ય કે વિહ્વલતા શી ? (૪) વિહ્વલતા તો માનસિક રોગો અને આધ્યાત્મિક રોગો પર કરવા જેવી છે.

પ્ર. ૫ : જીવન તો ક્ષણના વિલંબ વગર પસાર થઈ રહ્યું છે. તો કયા કાર્યો કરવાથી તે સફળ બને ?

ઉ. ૫ : જીવન પસાર થઈ રહ્યું છે અને કરવા યોગ્ય કર્યું લાગતું નથી એ અભિમાન અને ધર્મનો સંતોષ નિવારવો બરાબર છે. પરંતુ આટલી દૃષ્ટિ ખુલી એ પણ એક કમાઈ છે, તેમજ કરેલી ધર્મ સાધનાઓએ કાંઈ ને કંઈ ફળ નિપજાવ્યું છે. સાથે સુદેવ સુગુરુ-સુધર્મની પક્ષપાત માટે લાગેલી માયા મમતા પણ એક કમાઈ છે. અલબત્ત જેમ જેમ નવું નવું માર્ગદર્શન મળે તેમ તેમ એ માર્ગે પ્રયત્ન ખૂબ ફોરવવો. કેઈ જીવનના પ્રયત્ન પુરુષાર્થ ભેગા થયે નોંધપાત્ર વિકાસ જોવા મળે છે. સાધકનું લક્ષણ આ કે એ પ્રતિદિન સાધના કરતો રહે. દેહથી નહિ તો વચનથી, એ નહિ તો મનથી.

પ્ર. ૬ : વાંચન વિચાર-સત્સંગ-સમાગમાદિ હોવા છતાં આંતર શાંતિનો અભાવ ? તો એ બધાનું ફળ શું એ વિચાર મુંઝવે છે ?

ઉ. ૬ : વાંચન-વિચાર-સત્સંગ પ્રભુનો જાપ-પ્રાર્થના આદિ દ્વારા આંતરશાંતિ ન મળે એવું નથી. પણ આપણી દૃષ્ટિમાં કદાચ ખામીથી એમ લાગે છે. અથવા તેટલા સંભ્રમ (અપૂર્વ પ્રાપ્તનો હર્ષ) સંવેગ (ભૂખ્યા અટવી ઉતર્યાને ઘેબર ભોજન જેવો ધર્મરાગ) અને ગદ્‌ગદ હૃદયથી એ નથી આરાધતા તો પણ આંતર શાંતિ નથી મળતી. બાકી આંતર શાન્તિને લોપનારા કયા કયા તત્ત્વ છે એનો વિચાર કરો. એને રોકવા શા ભગીરથ પુરુષાર્થ છે એ વિચારો. દવા ખાય સાથે કુપથ્ય ખાતો રહે તો રોગ ન જાય. ધર્મ એ દવા છે. ધન-કુટુંબ-કીર્તિ વગેરેમાં રસ એ

કુપથ્ય છે. એથી અશાંતિનો રોગ શી રીતે મટે ? સંસાર ત્યાગ ન કરી શકવા છતાં ય આત્માની શુભ પરિણતિ પરભાવનો હ્રાસ સ્વભાવમાં કરવાના મનોરથ અને કલ્પનાઓ વગેરે થઈ શકે છે.

પ્ર. ૭ : મારા જેવા ટુંકા જીવનવાળા અને અલ્પ ધર્મીને આંતર શાંતિ માટે શું કરવું ?

ઉ. ૭ : જીવનના પાછલા થોડા વરસોમાં પણ સાધી જવા માટે અનેક રસ્તા છે. દા.ત., (૧) પ્રભુ દર્શન પૂજાદિમાં ગદ્‌ગદ થવું શરણ યાચવું. અટલ વિશ્વાસ કેળવવો કે 'પ્રભુ ! તું જ મને ઉંચો લાવ્યો છે અને તારાથી જ આગળ વધીશ !" એમ સ્તુતિ ચૈત્યવંદનાદિમાં વારંવાર પોતાના જીવનને ઉપાલંભ કે 'આવા નાથ મળ્યા છતાં તું કેમ બીજે ભટકે છે ? કેમ આ નાથ દિન રાત નથી યાદ આવતા ? કેમ એમની આજ્ઞા સાકર જેવી મીઠી અને મોહની આજ્ઞા ઝેર જેવી નથી લાગતી ?

પ્ર. ૮ : પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના સંપર્કમાં આવ્યા પછી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ ઠીક ઠીક પ્રમાણમાં કરું છું. તેમ કરતાં પણ જોઈએ તેવી આંતરશાંતિ અનુભવાતી નથી.

ઉ. ૮ : શ્રી નવકારનો જાપ શ્રદ્ધાથી ખૂબ કરવો એ લાભકારી છે. સાથે એમને એમ પણ એનું સ્મરણ ચાલ્યા કરે એવો અભ્યાસ વધારવો. સાથે શાસ્ત્ર સ્વાધ્યાય, ઉપદેશમાળા, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ ભાગ-૧ લો, ધર્મરત્ન પ્રકરણ, ઉપમિતિ ભવ પ્રપંચ કથા, અધ્યાત્મકલ્પદ્રુમ, આનંદઘનજી પદો, શાંત સુધારસ વગેરેનું વાંચન મનન ખૂબ રાખવું જરૂરી છે. તેમ શક્તિ વિકસાવીને ત્યાગ તથા તપમાં આગળ વધવું જોઈએ. આહાર એવો ઓડકાર. વિગઈઓના તામસી કચરા સેવાયે જાય તો સાત્ત્વિક ભાવનાઓ અને સત્ત્વ ક્યાંથી ખીલે ?

પ્ર. ૯ : ઘણા વર્ષોથી શાસ્ત્રોનું વાંચન પણ સફળ થયું નથી ? જોઈએ તેવી હૃદય-શાંતિ નથી ? મહાપુરુષોના જીવન નીહાળતાં સ્વજીવન ઉપર તિરસ્કાર છૂટે છે. બીજીતરફ દુનિયાના વિલાસી-ભોગી વાતાવરણ આકર્ષે છે. ધર્મ પ્રગતિ અટકાવે છે. તે માટે માર્ગદર્શન આપવા કૃપા !

ઉ. ૯ : શાસ્ત્રનું વાંચન કર્યું સફળ થયું ન દેખાતું હોય એનું કારણ એ છે કે શાસ્ત્ર જ્યાં સુધી વંચાતું હોય છે, ત્યાં સુધી તો કદાચ મન ખુલ્લુ હોય છે પણ ચોપડી બંધ કરતાં મન પણ એના વિચાર માટે બંધ થઈ જાય છે. મન ખુલ્લું રહી એનું રટણ કર્યા કરે એ સ્થિતિ જોઈએ. તેમજ શાસ્ત્રનું વાંચન કરતાં કરતાં ખાલી સમજ નહિ પણ મનમાં પદાર્થોનું અવધારણ કરતાં ચાલવું જોઈએ.

મહાપુરુષો અથાગ સમૃદ્ધિ સુખ શીલતા છોડી મહાપંથે વળી ગયા તે એક જન્મનું કાર્ય નથી. જન્મો સુધી સાધનાઓ કરી હોય છે એનું વધતું વધતું ફળ છે. માટે જાત અંગે નિરાશા ન કરવી. અલબત્ત એ જોવું કે શક્ય જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં સાધના ચાલુ છે ? દા.ત., ધન્ના અણગારે છઠ્ઠને પારણે અરસ આંબેલ કર્યા, તો આપણે કમમાં કમ જમતી વખતે થોડું પણ લુખ્ખું લઈએ છીએ ? રસદારમાંથી થોડું કાઢી નાખીએ છીએ ? એવું બધા પ્રસંગો પ્રવૃત્તિમાં.

દુનિયાની તરફ દેખાદેખીથી ખેંચાવાની જરૂર નથી. કેમ કે લોકોત્તર શાસન પામ્યા છીએ. એનો અર્થ એ કે લોકોને મૂકી જિનના સામે જોવું કે એ શું કહે છે. ને એમણે શું કર્યું ? તેમ અનંતા સિદ્ધોની સામે જોવું કે એમના જેવું મારું સ્વરૂપ શું લોકનાદે ચાલવાથી નજીક થાય કે દૂર ? ધ્યાનમાં રહે કે થોડું પણ મન મારીને અસત્ નિવૃત્તિ અને સત્ પ્રવૃત્તિ કરવાની જરૂર છે. મન માર્યા વિના આગળ વધીને સહજ મનોનિવૃત્તિ નહિ જન્મે.

તન-મન-ધન-વચનના સુકૃત થોડાપણ શક્ય હોય તેનો અમલ જોઈએ. "લાખ રૂપિયા હોય તો મોટો યાત્રા સંઘ કાઢું" ઓરતો રાખે. પણ ૨-૪ જણને યાત્રાએ લઈ જવાનું ય ન કરે એ શે ઉંચો આવે ?

●—●—●

● તમારા પત્રમાં એની ધર્મશ્રદ્ધા અને ધર્મ-આરાધના વાંચી અનુમોદના થાય છે. આપણા સંબંધમાં આજસુધીમાં અનેકાનેક સ્વજનો આવી ગયા, અને આવી મહારોગ ભરી સ્થિતિમાં શું કે બીજી રીતે શું વિપુલ ધન પણ ખરચાવી ગયા, કિન્તુ બદલામાં એમણે ભગવાન અરિહંત પરમાત્મા અને એમના શાસનની ભવ્ય આરાધના કરી અને આજુબાજુ ધર્મની સુવાસ ફેલાવી જનારા કોણ ? કેટલા ? ત્યારે આ તમારો..... એવું જવલંત કામ કરી ગયો. પ્રખર પુરુષાર્થ કરી ગયો. એ સ્વાત્માને અને તમને મહાન આત્મ-હિતનો લાભ કરાવા કાયમી તમારી અનુમોદનાના આનંદોત્સવ આગળ એના આગળ એના વિયોગના દુઃખ શા વિસાતમાં છે ? કરોડોની કમાઈ આપી પરદેશ જનારા સ્વજનના વિયોગનું દુઃખ પેલી કરોડોની પ્રાપ્તિના આનંદ આગળ નહિવત્ બની જાય છે. બાકી તો મહાનુભાવ ! છોટાભાઈ સંઘવીને યાદ કરજો કે જેમનો યુવાન કમાઉ દીકરો ગુજરી જતાં એની સ્મશાનયાત્રા પતાવી, સંઘવી વ્યાખ્યાન સાંભળવા ગયા, અને મહારાજશ્રીએ 'કેમ આજે છોટાભાઈ મોડા ?' પૂછતા એ કહે છે સાહેબ ! આજે જરા મહેમાનને વળાવવા ગયો હતો. તેથી મોડો પડ્યો.' જિનેન્દ્ર દેવના મહાન તત્ત્વજ્ઞાનથી ભાવિત હૃદયવાળો શ્રાવક કાળના અનંત પટને નિહાળતો હોય છે. એના ઉપર બનતી કેઈ અકલ્પ્ય અચિંત્ય

વિચિત્ર ઘટનાઓને માનવ મનોરથ-પ્રયત્નથી પર જુએ છે તેથી કોઈ શોક કરવાને બદલે એના પર વધુ વિરકત બને છે. 'મહેમાનને વળાવવા ગયો હતો.' એ માનનારું હૃદય કેટલું સ્વસ્થ હશે ! અજ્ઞાન મૂઢ જનની હરોળમાંથી કેવું ક ઊંચે આવી તત્ત્વ પરિણતીના આસમાનમાં ઉડતું હશે ! આ જો ન બને તો વીતરાગ દેવને પામ્યા શું ! સમજ્યા શું ! અને સેવ્યા, સેવક ગણાયા શું !

મનને એમ થાય કે જનાર ગુણીયલ હતો એટલે એનો વિયોગ સાલે છે. પણ એ વિચારવું જોઈએ છે કે આપણા માનેલા પ્રભુ મહાવીરદેવ કયાં કમ ગુણીયલ હતા. એ પણ આપણી વચ્ચેથી ગયા છે. તો શું એમના વિયોગથી હૈયું ઘવાય છે ? હૈયું દુભાવાનું તો ખરેખર એ એ તારકોના વિયોગ પર હોય કે આપણા માનેલા સ્વજનોના વિયોગ પર ?

જૈનશાસન શીખવે છે **'एगो मे सासओ अप्पा, नाणदंसण संजुओ'** મારો આત્મા એકલો છે શાશ્વત છે, જ્ઞાન દર્શનમય છે એને જડના સંયોગ તો સુવર્ણ પર લાગેલા માટીના થર જેવા છે. જેટલી સ્વરૂપની પ્રગટતા ચાલુ છે એટલો એનો વિકાસ છે. એમાં ખોળીયાના પલટા એ તો ચાલુ કમિશનના વેપારવાળાને એક દુકાન ખૂણાવાળી જગામાંથી બીજી દુકાન ચોકની જગામાં ફેરફારી જેવું છે એમાં શોક કરવાનું કોઈ કારણ નથી. એટલે જયારે જયારે સદ્ગતનું સ્મરણ થઈ આવે ત્યારે ત્યારે આપણે તો માત્ર દિલના આશીર્વાદ આપ્યા કરીએ કે જયાં હો ત્યાં તું તારી મોક્ષ કુચમાં આગળ વધ, સમ્યગ્ દર્શનાદિની વિશેષ વિશેષ નિર્મળતા કર !

બાકી ભાગ્યવાન ! ખરો બોધપાઠ તો આપણી જાત માટે અને બીજા કુટુંબીઓ માટે લેવા જેવો છે કે જીવનનો ભરોસો નથી. માનવકાળ ઘણો મોંઘેરો છે. તક ઓળખવા જેવી છે. આચારાંગસૂત્રમાં શ્રી સુધર્મા ગણધર ભગવાન કહે છે **'खणं जाणाहि पंडिए'** હે સમજદાર ભવ્યાત્મન્ ! તું અવસરને ઓળખ, તકને પિછાણ. વિચાર કે આ કેવા ઉત્તમ દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવની તને સોનેરી તક મળી છે. ત્રસપણું, પંચેન્દ્રિયપણું, માનવભવ, આરોગ્ય, બળ, જૈનકુળ, દેવગુરુધર્મ વગેરે ઉત્તમ દ્રવ્ય મળ્યા. વિરાટ ચૌદ રાજલોકના અતૂટ વિસ્તારવાળા પ્રદેશમાંથી મધ્યલોકના અઢી દ્વીપમાં, પંદર કર્મભૂમીક્ષેત્ર, તેમ આર્યક્ષેત્ર મળ્યું. ધર્મ વિહોણો યુગલિક કાળ નહિ, છઠ્ઠો આરો નહિ, પરંતુ ધર્મયુક્ત પંચમ કાળ મળ્યો. અને જન્મ સિદ્ધ દયા, સ્થૂલ સત્ય નીતિ, સદાચાર વગેરેના સુંદર ભાવ મળ્યા. તીર્થંકર દેવ, નિર્ગ્રંથ ગુરુ, દયામૂલો ઉત્તમ એવો જૈનધર્મ એજ સાચા દેવ, એજ સાચા ગુરુ અને એજ સાચો ધર્મ એવો ભવને ફેડનાર અને સમ્યકત્વ રૂપ દિવાને પ્રગટ કરનાર ભાવ મળ્યો. આ વિરાટ વિશ્વ સામે નજર નાંખતા દેખાય છે કે બીજું બધું તો હજુયે સુલભ છે, પણ આ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ કેટકેટલા દુર્લભ છે, કેવા મહાકિંમતી

છે, આત્માના દીર્ઘાતિદીર્ઘ કલ્યાણને સર્જનારા છે. તો એટલા બધા મહાદુર્લભ અને મહાકિંમતી મહા ઉપકારક દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની કદર કરવા જેવી છે. ભરબજાર વચ્ચે મેળવેલી મોટી દુકાન, લાધેલી સીઝન, પાસેની મોટી મૂડી અને બીજાને ન મળે તેવો ખપતો માલ-એની ધનાર્થીને કદર હોય છે. તો મહા મહેનત કરી ખાવું પીવું-આરામી મૌજ-મજાહ બધું ગૌણ કરીને વેપારમાં લાગી પડે છે, તેમ આપણે મળેલા ઉત્તમ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની કદર કરી ધર્મ વેપારમાં લાગી પડવાનું છે.

સદ્‌ગતના વિયોગના સાચા દુઃખને ધર્મ વૃદ્ધિમાં અને ધર્મ ક્રાન્તિમાં પરિણમાવવાનું છે. જમરાજે પાડેલી ધાડે જેમ સદ્‌ગતને પોતાના શુભાશુભ માલ સાથે અહીંથી ભગાડ્યો. તેમ આપણને ભગાડે તે પહેલા આપણે વિષયાસક્તિ, કષાય પરિણતી વગેરેના અશુભ કચરાનો અહીંજ નિકાલ કરી, દાનશીલ, તપ, ભાવના ધર્મના, દેવગુરુ ધર્મની ઉછળતી અથાગ પ્રીતિ ભક્તિના-તત્ત્વજ્ઞાન-માર્ગ જ્ઞાન-શાસ્ત્ર જ્ઞાન વગેરે પ્રકાશના, જાપ, ધ્યાન, ચિંતનના શુભ સંચય થોક પ્રમાણમાં કરી લઈએ, એ ચાનક લગાડવાની છે. બેઠા ત્યાંથી ઊભા થવાનું છે. 'સદ્‌ગત ભવ્ય જીવ ! તે તો અમારી ઊંઘ ઉડાડી. અમારા મોહને ધક્કો લગાડ્યો.' અમને જાગૃત કરી પરમદયાળુ પરમ તારક પ્રભુના ચરણે ઝુકાવ્યા. વાહ શું તારું જીવન ! શું તારી સદ્‌ભાવના ! આવું કાંઈ પ્રેરણા બળ ન લઈએ, તદનુસાર ઝડપી અવલંબન ન કરીએ તો સદ્‌ગતને પાંછળ શું સાચા સ્નેહ સ્મરણ કર્યા ગણાશે કે ટાયલા ? સ્નેહ સદ્‌ગતની ધર્મ રમણતા ઉપર કર્યા ગણાય કે પાસે રહેલી કાયા માયા ઉપર કર્યા ગણાય ?

જાગો, ઉઠો ! આજના કાળ વખતને ઓળખો મૃત્યુ બધું લુંટી લે પહેલાં મહાપૂજ્યોના પંથે ચાલી ચંચળ સામગ્રીમાંથી સ્થિર, વિનશ્વરમાંથી અવિનાશી, પરકીયમાંથી સ્વકીય અને મલિનમાંથી મહાપવિત્ર આત્મ સમૃદ્ધિ કમાઈ લેવા ઉજમાળ બનો.

●—●—●

● જીવન દીપકમાંથી તેલ ખૂટતું જાય છે. નવું ઉમેરાતું નથી. પ્રકાશ ચાલુ છે ત્યાં સુધી મોતી પરોવી લેવાના છે. આત્માના દોરામાં વિષય વૈરાગ્ય, ધન માલની મૂર્ચ્છાનો ત્યાગ, અર્હત્‌પ્રીતિ, ભક્તિ, વ્રત, નિયમ, ત્યાગ, તપ વગેરે મોતીઓ પરોવી લો એ શુભેચ્છા.

●—●—●

● વહી જતો કાળ શારીરિક શક્તિઓને ક્ષીણ કરતો જાય છે. સર્વધર્મ ક્ષય થયા પછી જીવ લાચાર બને છે. જે કાયા-કંચન, કુટુંબ-કીર્તિ પાછળ અથાગ પુણ્ય

ખર્ચ્યા, પરિશ્રમ કર્યા, પરમાત્મ સેવાની તક ગુમાવી એ બધાં હવે કંઈ જ શરણ કે રક્ષણ આપી શકતા નથી. નથી પરલોકની આપત્તિમાંથી બચાવી શક્તા કે નથી મોક્ષ માર્ગે ધપાવી શકતા. એવી લાચારીમાં મૂકાવા પહેલાં તમે સૌ પ્રબળ ધર્મસાધના કરી લો એ જ શુભેચ્છા.

●—●—●

● પ્રભુવીરના મહાપંથને પામ્યા છો, તો વીર બની એ પંથના સાચા તેજસ્વી પથિક બનજો. કયાંય પ્રમાદ, સ્વાર્થ-વૃત્તિ, રૂપરસાદિવશતા, કષાય ઉકળાટ વગેરે જાગવા ખીલવા દેતા નહિ. આ બધા આંતર શત્રુઓને મહાત કરવા માટે એક પ્રબળ વસ્તુ 'મન મારવાનું' શીખજો. આંતરિક દરેક અસત્ પ્રવૃત્તિ કાષયિક ઉર્મિ અને દોષભરી લાગણીઓના ઉછાળા વખતે મન પકડતા રહો. એ અસદ્ વૃત્તિઓને સફળ ન થવા દો. મોક્ષમાર્ગે અખંડ પ્રયાણ જોરદાર ચાલુ રહેશે.

કાળ લૂંટારો મહામૂલા માનવ જીવનના સમયને સતત ચોરતો જાય છે. એવા ચોરાતા સમયનો ધારાબદ્ધ વિશુદ્ધ ભાવનાઓ, તત્ત્વચિંતન ક્ષમાદિ ગુણો, અર્હદ્ ભક્તિ, પરમેષ્ઠિ સ્મરણાદિ અનુષ્ઠાનો વગેરે દ્વારા સદુપયોગ કરતા રહેવું.

●—●—●

● જગતમાં સર્વશ્રેષ્ઠ જીવન-મુનિજીવન મળ્યા પછી જો કલેશ રહે તો એની શ્રેષ્ઠતા શી ? વિચારવું જોઈએ છે કે શ્રેષ્ઠતા શા માટે છે ? શું શારીરિક સંપત્તિ અને મનાનુકૂલ માન સગવડ મળે એના પર શ્રેષ્ઠતા છે ? કે આત્માના આંતરકલેશો શમાવવાનું એકમાત્ર અનુકૂળ જીવન મળે છે માટે શ્રેષ્ઠતા છે ? બાહ્ય પ્રતિકૂળ સંયોગોમાં પણ વિરતિ, પાપસ્થાનક નિવૃત્તિ, આરંભ-પરિગ્રહ-પરિવારથી મુક્તિ, એકાન્તે જ્ઞાન-ધ્યાન-તપ-ભાવનાદિની ચર્યા- વગેરે મળવાથી જ શ્રેષ્ઠતા છે એથી જ આંતરકલેશો શમે છે.

આ જો લક્ષમાં રહે શારીરિક ગમે તેવી પ્રતિકૂળતામાં પણ એવું મન શાનું થાય કે હવે તો આ જીવનનો અંત લાવી દઉં ? કેમ કે કદાચ અંત આવ્યો તો પછી શું એ મોટો પ્રશ્ન છે ? શું પછી આંતર કલેશો મિટાવવાને અનુકૂળ ઉપરોક્ત વિરતિ પાપસ્થાનક નિવૃત્તિ... વગેરેનું જીવન મળશે ? ત્યારે શું ત્યા શારીરિક પ્રતિકૂળતાઓ નહિ જ આવે ? જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે, જીવન દોરી તૂટી નથી, ત્યાં સુધી તો આ વિરતિ આદિ હાથમાં છે એવા સર્વોત્તમ જીવનને કેમ જ જતું કરવાનું મન થાય ?

પ્રશ્ન એ રહે છે કે 'પણ મન મુંઝાય છે ત્યાં શું કરવું ?

ઉત્તર એ છે કે વાત સાચી છે. આજ સુધી ચારિત્ર પર્યાયની વૃદ્ધિએ આત્મામાં તેવી પરિણતિ ઘડતા ન આવ્યા હોઈએ તેથી મન મુંઝાય. પણ ખેર ! જાગ્યા ત્યાંથી સવાર. હવે એ વિચારવું કે વર્તમાન શારીરિક અસ્વસ્થતામાં માનો કે કદાચ અવિરતિનું સાંસારિક જીવન હોત અને કોઈએ સંસાર કર્મ, અવિરતિ વગેરેની ભયંકરતા તથા માનવજીવનની દુર્લભતા અને વિરતિ, પાપસ્થાનકથી નિવૃત્તિ વગેરેની મહામૂલ્યતા બતાવી હોત તો શું ઇચ્છત ? મૃત્યુ કે આવું વિરતિ આદિ ભર્યું જીવન !

કર્મ સામે અને મોહની સામે જંગ ખેલવા નીકળેલા ભવ્યાત્માને મન વિરતિ આદિના ઉત્તમ વ્યાપારની આગળ બીજી પ્રતિકૂળતાઓ કાંઈ વિસાતમાં નથી. **'अणभिक्कंतं खलु वयं संवेसए' 'खणं जग्गाहि पंडिए ।' 'आयट्ठं सम्मं समणुवासिज्जासिं ।'** આ સુધર્મા ગણધર ભગવાનની આચારાંગ ૨ જું અધ્યયન ૧ લા ઉદ્દેશાની આ વાણી મહાન પ્રેરણા આપે છે. એ કહે છે કે-'જે વય હજી કાળથી આક્રાન્ત નથી થઈ એની મહાન ઉપયોગિતા પર લક્ષ રાખ.'

હે પંડિત (સમજદાર) ! ઉત્તમ માનવભવાદિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મળેલી મહાન તકને ઓળખ. આત્મિકતાની સમ્યક્ ઉપાસના કર. આવા વિશ્વ દુર્લભ મહાકિંમતી વચન આલંબન મળ્યા. વિશ્વ શ્રેષ્ઠ પરમાત્મા મળ્યા, ગાઢ અંધકારમાં અજવાળું કરનારા નિઃસ્વાર્થ સદ્ગુરુઓ મળ્યા, પછી નિરાશા શી ? નિસાશા શાના ? અકાળે કાળ ભૂગર્ભમાં ખોવાઈ જવાની કાંક્ષા શી ?

પૂર્વનાં કર્મ, વર્તમાનની રાગાદિ પરિણતિવશ બનેલ સ્ખલનાઓને લક્ષમાં રાખી હવે નવું વિરતિવાળું પવિત્ર જીવન બનાવવાની જ એકમાત્ર તમન્ના ઉત્સાહ જગાવવાની જરૂર છે. ગૃહસ્થને ધનાધ્યાસ અને સાધુને દેહાધ્યાસ એ જીવન સાર ખેંચવાની આડે મહાપ્રતિબંધક છે.

સારાંશ-કોઈપણ વિકલ્પ ન કરતાં નવું તેજ નવી સ્ફૂર્તિ, નવું જોમ પ્રગટાવી હાથમાં રહેલા ભાવીને ઉજાળો.

●—●—●

"પત્રપ્રેરણા-૨૨" **–શિવગંજ, કારતક સુદ-૪**

● સુશ્રાવક જોગ,

ધર્મલાભ ! નવા વર્ષમાં નવું આત્મ તેજ પ્રાપ્તકર ! એ શુભેચ્છા -

છેલ્લા મારા પત્ર પછી તારો પત્ર પ્રાયઃ નથી. કેમ આટલી બધી સંસાર મગ્નતા ? મહાનુભાવ ! જાગ્રત રહેવા માટે સત્સંગની બહુ જરૂર છે. **તેમાંય**

આપણી નાડી પકડીને બરાબર દવા દેનાર હોય ત્યાં તો વિશેષ ઝૂકેલા રહેવું પડે. આત્મામાં રોગો અપરંપાર છે. તેથી અવાર-નવાર દર્દ કહી દવા માગવી પડે !

ભૂલીશ ના ભાગ્યવાન ! કે કાળ અને કુદરત એનું કામ કર્યે જાય છે. આપણી આળસે કે આપણા વિલંબે એ થોભે એમ નથી. બહુ મૂલ્યવર્તી ટૂંકી શી જિંદગીમાંથી રોજને રોજ પંદરસો મિનિટો કે નેવું હજાર સેકંડો ચાલી જાય છે. એ સેકંડે સેકંડ બહુ કિંમતિ છે. ૧-૧ સેકંડના શ્રી નવકાર ધ્યાન, તત્ત્વરમણતા અને અહિંસાદિ પવિત્ર ધર્મના ફળ ઘણાં ઘણાં ઊંચા છે. **માનવ સમયની મહામૂડીમાંથી જંગી આત્મ કલ્યાણનો વ્યાપાર થઈ શકે છે.** એવી તમારી મૂડી કયાં વેડફાઈ રહી છે ? અરે તમે કયાં વેડફી-વેડફાઈ ! રહ્યા છો ? એ ખૂબ વિચારો. ગઈ મૂડી પાછી નહિ વળે. તેમ હાલ જેની પાછળ એ મોંઘેરી મૂડી વાપરી વાપરી ખત્મ કરી રહ્યા છો, એ જડ કે ચેતન તમને કશું વળતર નહિ આપે. ભાવી ભવમાં કોઈ ઓથ રક્ષણ નહિ આપે ! એનો ખૂબ વિચાર કરજો. તત્ત્વજ્ઞાન વિના જીવ કેઈ કુવિકલ્પો કેઈ ખોટા માનસિક ધોરણો કષાયી લાગણીઓ, કેઈ મિથ્યા મનોરથો વગેરેના ઘોર અંધકારમાં અથડાય છે. પાપ-વચન અને પાપ પ્રવૃત્તિના તિમિરમાં આથડે છે. એમાંથી બચવા વિપુલ તત્ત્વજ્ઞાનના ભવ્ય પ્રકાશ જરૂરી છે. માટે રોજ નવું નવું જ્ઞાન મેળવવા અવસર કાઢી, ગુરુ સત્સંગ મેળવી તત્ત્વજ્ઞાન મેળવો.

સાથે સાથે દિન-પ્રતિદિન, વધતી વધતી ભાવભક્તિથી જિનપૂજા-અપૂર્વ અપૂર્વ હર્ષ ચિંતનથી શ્રી જિનદર્શન, અધિકાધિક એકાગ્રતા અને ગદ્‌ગદ ભાવથી શ્રી નવકાર જાપ, સતત શ્રી અરિહંત સ્મરણ મૃદુ ગદ્‌ગદ હૃદયે પ્રાર્થના 'હે પ્રભો ! હું અનંતાનંત કાળનો દુઃખી દીન-હીન-છું, અનંત કર્મોથી કચડાએલો અને અનંત અજ્ઞાન મોહના દોષથી દબાએલો છું ! હે નાથ ! મને એમાંથી ઉગાર ! તું જ ઉદ્ધારનાર છે ! ભવભ્રમણથી હું થાકેલો છું, પર પુદ્‌ગલની વેઠથી કંટાળેલો છું. મારા શુદ્ધ-જ્ઞાન-દર્શન-ચારિત્રમાં મને ઝીલતો કર !

●—●—●

"પત્રપ્રેરણા-૨૩" —માગસર સુદ-૮

● ...ધ્યાનમાં રાખજે મહાનુભાવ ! કે ઉચ્ચ કોટીની ધર્મભાવના એ મહાનિધાન છતાં બહુ નાજુક ચીજ છે, એને સાચવવા માટે પૂર્ણ પ્રયત્ન અને સાવધાની જોઈએ. એ સચવાઈ જાય તો એનાથી આત્મ સમૃદ્ધિના મહાન ઐશ્વર્ય ખરીદી શકાય છે.

ત્યારે ભાગ્યવાન ! આ જગતમાં જન્મીને બીજું કમાવા જેવું, સાધવા

જેવું અને સંઘરવા જેવું છે પણ શું ? જગતના માન મર્તબા, માલ મિલકત, અને વૈભવ-વિલાસ સાધેલા તો જીવને બેફામ બનાવે છે. ભાનભૂલો બનાવે છે, કંઈ કષાયો અને હિંસાદિ પાપો કરાવી જીવને દુર્ગતિના કતલખાને સોંપી દે છે, જ્યાં એક મોત નહિ કેઈ મૃત્યુ વેઠવા પડે છે. ત્યાં જીવને કોઈ ઓથ-શરણું-રક્ષણ નથી. અહીંની બહુ હોશીયારી લહેર અને લીલા પણ પછીથી કશું રક્ષણ આપી શકતા નથી. અને મહાનુભાવ જીવની કમનસીબી તો જો કે અહીં ધર્મ ભૂલી કષાયો અને અહંત્વ-પરિગ્રહ વિષયોના પાપે ચઢી જઈને દુર્ગતિ પ્રયાણ કર્યા પછી દુઃખ-વિટંબના-પરાધનીનતા કેવી ! કેટલા ત્રાસ અને કેટલી યાતનાઓ ! આટલું છતાં પાછો ત્યાં ધર્મ જરાય નહિ અને પાપ આચરણની ભરચકતા ! મન-વચન કાયા ત્રણેયથી પાપ પાપ ને પાપ. અહીં મળેલી મન-વચન-કાયાથી ધર્મજ ધર્મ કરવાની મહામૂલી તકની ગમાર જીવને કિંમત નથી, તેથી રામાટામાં કરી જીવનની મહા બરબાદી સર્જે છે. વિચારવા જેવું છે કે એવા કોક ભવમાં સપડાઈ ગયા તો ત્યાં એક બાજુ દુઃખના પોટલા અને બીજી બાજુ પાપી વિચાર-વાણી-વર્તનોની જે એક ધારા, આમાં કેવી દુર્દશા ! ત્યાં કયાં પરમાત્મા અને એમનું ધર્મશાસન મળવાનું ?

સુબુદ્ધ ભવ્યાત્મન્ ! ધ્યાન રાખજે કે આ વિરાટ વિશ્વમાં અનંતાઅનંત કાળથી આપણો આત્મા ક્રૂર પણે રેંસાયો-પીસાયો છે, ઘોર-નરક નિગોદના ત્રાસ અનંતીવાર વેઠ્યા છે. કોઈએ એની દયા કે ચિંતા કરી નથી અને અહીં જ જોને કે સગાં નિકટના કુટુંબીઓ પણ દેહની ચિંતા કરવા આવશે, આત્માની ચિંતા કોણ કરવા આવે છે ? આત્માની દયા કોણ ખાય છે ? કે આ જીવ બિચારો મોહ કરી રાગ-દ્વેષ, ઈન્દ્રિય ગુલામી સેવી કષાયો કરી ભવ સાગરમાં ભટકતો થઈ જશે, મહાદુઃખી થશે, ચાલો એને મોહ ન કરાવીએ, કષાયો ન સેવરાઈએ, અહંત્વ-પરિગ્રહમાં ન ડૂબાડીએ આવી દયા કોણ ખાય છે ?

શાસ્ત્રાભ્યાસ એ સમ્યગ્દર્શનાદિની નિર્મળતા માટે બહુ જરૂરી છે તો જરાય પ્રમાદમાં પડ્યા વિના ક્ષણ લાખેણી જાય એ ધ્યાનમાં રાખી શક્ય પુરુષાર્થ એ માર્ગે ફોરવવા તત્પર રહેવું.

સાધ્ય સાધનનો વિવેક ખૂબ ખીલવવો (૧) માનવજીવન ખાનપાનાદિ સાધન છે, ધર્મસાધના સાધ્ય છે. (૨) ધર્મસાધના એ સાધન છે, શુભ ભાવોલ્લાસ સાધ્ય છે. (૩) શુભ ભાવોલ્લાસ એ સાધન છે, રાગાદિદોષ પરિહાર સાધ્ય છે.

કયાંય સાધન માત્રમાં અટવાઈ ન જતા સાધ્ય સિદ્ધ કર્યે જવાનું પાકું લક્ષ રાખજો. સાધન તો સાધ્ય સિદ્ધ કરવા અર્થે જ છે તો એ સિદ્ધ ન કરીએ તો ઊંચા નહિ અવાય. દુકાન મોટી ખોલી માલ ભર્યો, ઠઠારો કર્યો, ઘરાક આકર્ષ્યા પણ

વેપાર ને નફો ન કર્યો તો પેલું બધું ધૂળ જ ને ? બસ એ રીતે ઉપરોક્ત ત્રણ સાધન અંગે ખૂબ ગંભીરતાથી વિચારવું. જ્યાં સાધ્ય સધાયા વિના સાધન પસાર થઈ જાય ત્યાં ખેદ ભારે હોય અને હવે મળેલ સાવધાની સતેજ બને.

બુદ્ધિ બીજે સતેજ અને ચકોર રહે છે તે આવી વિચારણામાં સતેજ અને ચકોર રહેવી જોઈએ. અહીં બંધ રહે તે કેમ ચાલે ?

•

વ્યાખ્યાન માટે : (૧) ધર્મરત્ન પ્રકરણ, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ ઉપદેશ તરંગિણી, પ્રબંધકોશ, પ્રબંધ ચિંતામણી, પ્રભાવક ચરિત્ર, ષોડશક વગેરે ગ્રંથો ભલે ગુજરાતીમાંથી, નોંધ કરી લેવાથી તેનું મનન અનુકૂળ રહેશે અને વ્યાખ્યાનમાં તેનો ઉપયોગ કરી શકાશે.

(૨) બીજું રોજ વ્યાખ્યાન માટે મનમાં એક વિષય ધારી લઈ તેના પર અડધો કલાક વિચાર કરી કરી મુદ્દા નોંધી લેવાય. તેમાં તે વિષયનું સ્વરૂપ, વ્યાખ્યા, તેના ભેદ તેથી થતા લાભ અગર નુકસાન, તેના ત્યાગથી થતા નુકસાન અગર લાભ, તે દરેકના અનુકૂળ-પ્રતિકૂળ દૃષ્ટાન્ત-ઉપમા-યુક્તિ, તેના પરંપરાએ પરિણામ, શાસ્ત્રની સાક્ષીઓ, ઈતરોની માન્યતા... વગેરે મુદ્દા આવે. પછી એ મુદ્દાઓની ચબરખી ૨-૩ વાર વાંચી અવધારણ કરાય અને વ્યાખ્યાન વખતે પોથી પર નજર સામે રહે.

(૩) ત્રીજો માર્ગ એ છે કે રોજ થોડું થોડું લખાણ (૨-૩) પાના કરાય, એમાં ગમે તે વિષયથી શરૂ કર્યું, પછી લખતાં લખતાં બીજા વિષય આવે તો તે પર પણ લખ્યે જવાય, કથાના પ્રસંગો પણ વિસ્તારથી લખાય, એમાં સંવાદ, ભાવનાઓ સલાહ વગેરે લખાય.

(૪) બાકી જ્યાં જ્યાં અવકાશ મળે ત્યાં ત્યાં માનસિક ભાષણ ચાલે, એમાં નાસ્તિક વગેરે પ્રતિપક્ષી તરફથી પ્રશ્ન ઉઠાવાય. એના સમાધાન અપાય. સમાધાન ઝટ ન જડે તો એ માટે જાણે પહેલાં એના પ્રશ્નનું જ પૃથક્કરણ કરતા હોઈએ, એને સમજાવતા હોઈએ, આવા પ્રશ્ન મૂળ કઈ વૃત્તિ અને મંતવ્યમાંથી ઉઠે છે વગેરે માનસિક બોલતા જવાય. એ બોલતાં બોલતાં સમાધાન નીકળી આવે.

(૫) એક સાધન એ છે કે સારા વ્યાખ્યાતાના વ્યાખ્યાનનો અભ્યાસ થાય. તે એ રીતે કે એક વાક્ય પછી બીજું વાક્ય કઈ રીતે જોડાયું ? કાર્યકારણ ભાવે ? કે પૂર્વવાક્યના કોઈ એક શબ્દને પકડીને ? અગર પૂર્વમાં દૃષ્ટાન્ત રૂપે ? યા વિરોધરૂપે ? એમ ખૂબ અભ્યાસથી નવી નવી વિચારણા તથા વિસ્તારની પદ્ધતિ

ધ્યાનમાં આવે. જરૂર લાગે ટૂંકી ટૂંકી નોંધ કરી એનું અવધારણ કરી પછી આપમેળે એના પર બોલાય.

આમ કરવાથી બીજા દિવસ માટે જ નહિ પણ ૨-૩ દિવસનો વ્યાખ્યાન ખોરાક તૈયાર થાય છે. તેમ આપણા મગજને ચિંતનશક્તિ તથા સ્મરણશક્તિ વધવા સાથે સ્વાત્માને પણ ગ્રહણ કરવાનું સારું મળે છે.

●

"પાઠશાળામાં બોર્ડો માટેના વાક્યો"

૧. તમારા વિચાર, વાણી વર્તાવને, સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌-ચારિત્ર, સાથે જોડો તો તમે મોક્ષના માર્ગે છો, નહિતર સંસાર ભ્રમણના માર્ગે.

૨. સમ્યગ્‌દર્શન એટલે જિને કહેલા નવ તત્ત્વો અને જિનેશ્વર દેવો પર એટલી બધી પ્રીતિ કે એની આગળ આખી દુનિયા તુચ્છ લાગે.

૩. સમ્યગ્‌જ્ઞાન એટલે સંસાર મોક્ષના ભેદને તરવરતો કરનારી જીવાદિ નવતત્ત્વની યથાર્થ સમજ.

૪. સમ્યક્‌ ચારિત્ર એટલે સમ્યગ્‌જ્ઞાનનો અમલ યાને પાપથી ખસતા આવી પવિત્ર ધર્મ પ્રવૃત્તિમાં જોડાતા જવું તે.

૫. જે ગુનામાં મોતની સજા થાય તે કેટલો મોટો ગુનો ? જન્મને લીધે મૃત્યુ પામવું પડે છે. માટે જન્મ એ ભયંકર ગુનો છે.

૬. આજનું દુનિયાનું વિજ્ઞાન એ મિથ્યાજ્ઞાન હોવાથી સંસારમાં ભમાવનારું છે.

૭. જ્ઞાન એ સગડી છે. એમાંથી વ્રત અને ધર્મ ક્રિયાની રસોઈ પકાવવી જોઈએ નહિતર એ ફૂવડની સગડી થાય.

૮. જિનેશ્વર ભગવંતોએ કહેલું જેને ન રુચે તેને દુર્ગતિ તાણી જાય છે.

૯. શરીર એ જડ છે આપણે એમાં કેદ પુરાયેલા ચેતન છીએ.

૧૦. સવારે ઉઠતાં આટલું વિચારો.....

૧. હું કોણ ? હું ધર્મ વિના અનંતાનંત કાળનો દુઃખી આત્મા.

૨. મારું ધર્મસ્થાન કયું ? પ્રભુ મહાવીરનો સેવક, ગુરુનો ભક્ત, આવા આવા આચાર, વ્રત, ગુણો વગેરેની જવાબદારીવાળો.

૩. મને આ કઈ તક મળી છે ? દુર્લભ વિશ્વ શ્રેષ્ઠ અરિહંત પરમાત્મા અને

જૈન શાસનનો યોગ મળ્યો છે. તેમ અસંખ્ય જન્મોના પાપ નાશ કરે એવા નવકાર સ્મરણ, પ્રભુભક્તિ, સામાયિક વ્રત વગેરે ધર્મના કિંમતિ યોગ મળ્યા છે.

૪. મારે શું યોગ્ય કરવું ? આજના દિવસ પૂરતું પચ્ચક્ખાણ દાન, ક્ષમા, સત્ય, નિંદા ત્યાગ.

૧૧. અભિમાન રોકવા વિચારો. હું કર્મનો કેવો ગુલામ છું ? અને અનંતા મોહ-દોષોથી કેવો દબાએલો છું ?

૧૨. અરિહંત પરમાત્મા એ જ સુદેવ કહેવાય. પંચમહાવ્રતધારી, કંચન કામિનીના ત્યાગી, સાધુ એ જ સુગુરુ કહેવાય, અહિંસા, સયંમ, તપ એજ સુધર્મ.

૧૩. દેવ, ગુરુ અને ધર્મને નમતાં શીખો, તેમનું બહુમાન કરો. નમવાથી જ કર્મ નમે.

૧૪. સાપની જેમ પાપ અને પરલોકનો ભય રાખો તો જ પૂર્વ મહાપુરુષોના પગલે ચાલી શકાશે.

૧૫. સંસારમાં સુખની શોધ એ સર્પના મોંમાં અમૃતની શોધ જેવી છે.

૧૬. શાલિભદ્રને ત્યાં રોજ હીરાના હાર પણ એંઠવાડમાં નખાતા છતાં એ છોડીને પ્રભુ ચરણે ચારિત્ર લીધું.

૧૭. શરીર બગડ્યા પર સનતકુમાર ચક્રવર્તીએ વૈદ ન તેડતાં તપ અને સંયમ આચર્યો. આપણે કમમાં કમ સમાધિ તો જાળવીએ.

૧૮. ગજસુકુમાલે માથે ધખધખતાં અંગારા મૂકાતાં વિચાર્યું કે 'જે બળે છે તે મારું નથી. જે મારું છે તે બળતું નથી. રખે ને અંગારો નીચે પડી કોઈ નિર્દોષ જીવને મારી ન નાખે.'

૧૯. રોજ સવારે ઊઠીને મા-બાપને પગે લાગો. પ્રભુને અને ગુરુને વંદના કરો.

૨૦. જૂઠું કદી ન બોલશો. નહિતર પાપ લાગવાથી જીભ સડશે, કપાશે, કે મૂગાં, બોબડાં થવું પડશે.

૨૧. નાની કીડીને પણ મરાય નહિ. મારીએ તો આપણે કેટલીય વાર કીડી થઈ કચરાવું પડે.

૨૨. કોઈની જરાપણ વસ્તુ ચોરાય નહિ. ચોરીના પાપથી હાથ કપાય, આપણું ધન ચોરાય, ભીખ માંગતા થવું પડે.

●

"પાઠશાળા માટે યોજના"

૧. દરરોજ સવારે ૭ થી ૯।।, બપોરે ૨ થી ૩, સાંજે ૬।। થી ૮ પાઠશાળાનો સમય રાખવો.

૨. દરરોજ શાળામાં સવાર-સાંજ પ્રતિક્રમણ કરાવવું. સમય ૬-૭ (ચાર મહિના પછી)

૩. સામુદાયિક રોજની પ્રવૃત્તિમાં સવારે પૂજા, ગુરુવંદન રાખવું.

૪. દર રવિવારે સામુદાયિક સામાયિક કરાવવા.

સવારે-બપોરે કોઈ વિષયની ચર્ચા સભા. સમય ૧ થી ૩

૫. દર બેસતા મહિને અને પૂનમે સામુદાયિક સ્નાત્ર પૂજા ભણાવવી.

૬. દર રવિવાર તેમજ બુધવારે રાત્રે દાંડીયા રાસ-નૃત્ય વગેરે શીખવવું.

૭. પાઠશાળાના સ્થાપના દિન અને ચૈત્ર સુદ-૧૩ ના બે દિવસો સામુદાયિક સ્વામિવાત્સલ્ય કરાવવું.

૮. દર મહિને બે ચૌદશના દિવસે સામુદાયિક પોષધ કરાવવો.

૯. વરસમાં એક યાત્રા પ્રવાસ ગોઠવવો અને બાળકો યાત્રામાં રસ લે તેમ ગોઠવવું.

૧૦. સૌ બાળકોને સરઘસાકારે ફેરવવાના દિવસો, પાઠશાળા સ્થાપના દિન, ચૈત્ર સુદ-૧૩, જ્ઞાન પંચમી ।। સંવત્સરી ચૈત્ય પરિપાટી ।। મહારાજજીના સામૈયામાં (ચાતુર્માસ માટે), મહારાજજીના વિહાર વખતે, (ચાતુર્માસ બદલતાં)

૧૧. વિદ્યાર્થીઓની નાની લાયબ્રેરી (પુસ્તકાલય) ચલાવવું. ધાર્મિક કથાઓ વગેરે સાહિત્ય વસાવવું.

૧૨. દરરોજ વિદ્યાર્થીઓને પ્રભાવના કરવી. સામાયિકમાં, પૌષધમાં-સ્નાત્રપૂજામાં દરેક પ્રસંગે અવશ્ય પ્રભાવના કરવી. જેથી બાળકોનો ઉલ્લાસ વધે. રોજનીશી ચાલુ કરવી.

૧૩. દર મહિને શાળાની પ્રગતિ-પ્રવૃત્તિ અને જરૂરિયાતના રિપોર્ટ રજુ કરાવવો.

૧૪. બાળકોને વિવેક-વિનય-જ્ઞાન રાગ-જિજ્ઞાસા ભાવ વગેરે સુંદર ગુણોમય બનાવવા યોગ્ય કાર્યક્રમો રાખવા.

●

૧. પ્રભાવના માટે તિથિઓ નોંધવી.
૨. પૌષધ કરનારને જમાડવાની તિથિ નોંધવી.
૩. લાયબ્રેરી માટે વિદ્યાર્થીઓ પાસેથી મહિને બે આના લેવા.
૪. યાત્રા સંઘ માટે દહેરાસરે પેટી મૂકવી.
૫. બાળકોનું સામુદાયિક સ્વામિવાત્સલ્ય માટે ઉઘરાણું કરવું.
૬. પાઠશાળાની દરેક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને રસ લેતા કરવા માટે દરેક પ્રવૃત્તિ પાછળ પ્રભાવના જરૂર રાખવી.
૭. સામાયિક કરનાર તથા પ્રતિક્રમણ કરનારને પ્રભાવના કરવી.

●—●—●

"પત્રપ્રેરણા-૨૪" **—પીંડવાડા, જેઠ વદી-૧૦,**

ધર્મલાભ, તારું કાર્ડ મળ્યું, પ્રકાશ સદંતર નષ્ટ નથી થયો જાણી આનંદ. જૈનશાસન જયવંતુ છે. શાસનને પામેલા આત્મા પડ્યા પડ્યા પણ જાગ્રત છે તો ફરી પાછાં પુરુષાર્થ કેળવી ઊંચા આવીને જૈન ધર્મની શાન બઢાવશે એવી આશા રહે છે. અમારી આશા તું સફળ કરી બતાવશે એવી ખાસ ભલામણ છે.

બાકી હવે લગ્ન થઈ જ ગયા છે, છતાં એમ માની લેવાનું કારણ નથી કે હવે અમારા માટે સદ્ગતિ અને એનાં પુરુષાર્થના દ્વાર બંધ થઈ ગયાં છે. **'માત્ર આપણે પશુ નથી, માનવ છીએ, મહામાનવ જૈન છીએ.'** એ ખ્યાલ જાગતો રહેવો જોઈએ. મહાવીર પ્રભુના વારસદાર છીએ. એ નાથને માથે ધર્યા છે, માટે એને અનુરૂપ જ જીવન શોભે.

અને ભાગ્યવાન ! આ જગતમાં અરિહંતને છોડીને કોણ તારણહાર, રક્ષણહાર છે, કોણ પ્રાણ-શરણ છે ? એ નાથનો જ ઉપકાર છે, કે આટલી ઊંચી ભૂમિકા સુધી આપણે આવ્યા છીએ. માટે દિલ એમને જ ઝૂકેલું રહે, જડને નહિ, એમના પ્રત્યેની કૃતજ્ઞતા અદા કરવા એમની સેવામાં કમી ના રખાય. બાકી જીવને એની સાથે જોડનારી વસ્તુ ઇંદ્રિયો અને વિષયો છે. ત્યાં વિચારવા જેવું છે કે કેવી આ વિષયોની ક્રીડા ! કંઈ શરમ છે ? ના જરાય નહિ. **તો હાથે કરીને માનવ-મટી પશુ ક્રિયામાં ક્યાં જવું ?** કેમ કે વિષયરાગ અનંતીવાર કર્યા પણ તેથી તો વાસનાની આગ વધી ! એ ચમારની જેમ ચામડા ચૂંથવા મળ્યે શું વળવાનું હતું ? પરમાત્માને ભજવાનો અમૂલ્ય સમય વહી ચાલ્યો છે, ત્યાં ખરજવાની ખણજ ચળ્યે મૂર્ખ બનવાનું થાય છે. જે પરમાત્માના ઉપકારે તો આ ભવ, આ શરીર, આ પુણ્યાઈ પામ્યા,

તેમને જ ગૌણ કરી મારક જડને, જડ સુખોને, મુખ્ય કરવાનાં ? એમાં તો સત્ત્વ હણાઈ રહ્યું છે. રાગદ્વેષના સંસ્કારની ભયંકર શૃંખલા મજબૂત થઈ રહી છે. જીવન તો જોતજોતામાં પૂરું થઈ જશે. અને આંખમીંચે ડૂબ ગઈ દુનિયા. પછી સારું શું થઈ શકવાનું હતું ? રાગ-દ્વેષનાં કુસંસ્કારોનાં જંગી ભાર લઈને દુઃખદ દુર્ગતિઓમાં પટકવાનું થશે. માટે ખોળિયામાં પ્રાણ છે, ત્યાં સુધી વીતરાગ પ્રભુના માર્ગે ચાલી, રાગ દ્વેષના ભુક્કા ઉડાવવાનું કરી લો. અન્યોન્યને મોહના વિષય કટોરા પાઈ, કહેવાના સગા છતાં, તત્ત્વથી દુશ્મનનું કામ ન કરશો. નહિતર કૂતરા-કૂતરી અને ગધ્ધા-ગધ્ધીથી કંઈ ફરક નહીં રહે.

જાગો, ઊઠો, ચાલવા નહીં દોડવા માંડો. આયુષ્યનો ભરોસો નથી. અનંતા જન્મોના વાસનાના ભાર, અને અસંખ્ય જન્મોનાં કર્મનાં ભાર હેઠાં ઉતારવાનાં છે. તે માટે બાકીનું બધું હાથમાં રહેલ જીવન જિનાજ્ઞા પાલનમાં ઝૂકાવી દેવું, એ જ વિવેકનું કાર્ય છે. જિનશાસન મળ્યાથી વિવેકની તક મળી. એ સમજાશે ? એ તક ચૂકે તો કેટલી મોટી મૂર્ખતા ?

તારી ધર્મપત્નીને ધર્મલાભ, સાથે ધર્મપત્નીનું કામ કરજે. **કર્મ પત્નીનું નહિ.** પ્રાણના નાથ કરેલાના **ભાવપ્રાણનું પોષણ કરજે,** નાશ નહિ, નહિતર એ બિચારાને જન્મો જન્મ દ્રવ્યપ્રાણનાં પણ નાશ અર્થાત્ મૃત્યુ ભોગવવાં પડશે. ભાવ પ્રાણ એટલે સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર, તપ અને ત્યાગ, અહિંસા-સંયમ-તપ. એમ તો પૂર્વે કેટલીય વાર પત્ની બની પરંતુ મોહના, વિષયનાં વિષ પાઈ પાઈ પતિને નવી નવી ગર્તાની ગટરમાં પુરાવાની સગવડતા સંસારમાં ભટકતાં કર્યા છે. આ જીવનમાં જાતેય ચઢીને, પતિનેય ગુણસ્થાનકની પાયરીએ, ચારિત્રની સીડીએ ચઢાવવાની સુંદર તક મળી છે, એને સફળ કર. નહિતર તો પશુ જીવનમાં અનાર્ય સ્ત્રીનાં અવતારે એ મોહ વિષય પાવાનું કયાં ન હતું ?

●—●—●

સુશ્રાવક ધર્મલાભ સાથે કહેવું કે **હવે ક્યાં સુધી અવિરતીની આગમાં ફસ્યા રહેવું છે ? ક્યાં સુધી નાથને મૂકી નાકની સેવા કરવી છે ?** કોના સંતાન છો ? કોને માથે ધર્યા છે. એ વીતરાગ આગળ દુનિયામાં શું કિંમતી છે ? વિવેક કરી સત્પુરુષાર્થ ફોરવો.

●—●—●

ધર્મલાભ તમારું ભાવભર્યું કાર્ડ મળ્યું.

તમે પુણ્યની પરાકાષ્ટાએ પહોંચી ગુણની પરાકાષ્ઠાએ પહોંચવાની અભિલાષા લખી પરંતુ મને લાગે છે કે પુણ્યની પરાકાષ્ટાનો અંશ અભિલાષામાંથી કાઢી નાખો તો વિશેષ ઉન્નતિ શીઘ્રતાથી થશે. તમને મેં ત્યાં જ કહેલું છે તીર્થંકર બનવાની

અભિલાષા કરતા 'સર્વ જીવોનો ઉદ્ધાર કરવાની તાકાત મારામાં ક્યારે આવે ? ક્યારે આ બિચારા કર્મપીડિત જીવોને હું કર્મરહિત થવાના માર્ગે ચઢાવી દઉં ? આજ અભિલાષા કરવા યોગ્ય છે. એમાં કરુણા ગુણની વૃદ્ધિ થાય છે. પુણ્યની ચાહનામાં પરની ચાહના થાય છે. તેથી પર તરફ લક્ષ્ય વધે છે. ચાહના તો માત્ર સ્વરૂપ શુદ્ધિની જ જોઈએ. પરોપકાર કરવાની તાકાત અને સંયોગ તો આપમેળે આવીને ઊભા રહેશે. પરંતુ એ આવવાની રાહ નહિ જોવાની નહિતર સ્વરૂપ શુદ્ધિનું લક્ષ્ય મોળું પડશે. અને પ્રગતિ ધીમી પડશે.

માટે **એક જ લક્ષ સ્વરૂપ શુદ્ધિનું રાખવું,** નિરાશંસભાવ ઝળહળતો કરી દેવો, નિર્વિકાર ક્યારે બનું એજ એક કામના. ઝંખના જોઈએ નિરીહ બનવાની. ઈચ્છાને નિરાશંસ ભાવ જ કહ્યો છે. અસંગ બનવા તરફના લક્ષને શાસ્ત્રે બહુમૂલ્ય ગણ્યું છે.

બીજી વાત એ છે કે આપણા વિષય-સંલગ્ન દરેક દર્શન શ્રવણ-વિચાર લગભગ રાગદ્વેષથી કલુષિત જ થાય છે. હવે એ અટકાવવાનું છે. રાગાદિના સંસ્કારને કમ કરવા તરફ લક્ષ રાખવાની જરૂર છે. એ તોજ બને કે નવી રાગદ્વેષની લોથ ઓછી કરાય. આ એક અભ્યાસ પાડવાની વસ્તુ છે. કેમ કે એ ક્રમશઃ ખીલે છે.

વળી વિચારો કે પ્રભુ પાસે એક જ માગણી કરવાની હોય તો શું માંગો ? એવું માગવાનું છે કે જે સીધું હાથમાં આવતા તરત ઉપયોગી બને. આવી ચીજ એ છે કે **'પ્રભુ મને અંતર્મુખતા આપો !'** વિચારમાત્ર અને બીજા દર્શન શ્રવણાદિ બધાં જ અંતર્મુખ બનાવવાં તરફ લક્ષ જોમ અને શક્ય પુરુષાર્થ જોઈએ. ધ્યાન રાખજો અંતર્મુખ શબ્દ સૂક્ષ્મ અને ગંભીર અર્થવાળો છે. એમાં ઝીણા પણ કષાયોને શમાવવાનું આવે છે. **અંતર્મુખ એટલે અંતર્મુખ આત્મા સ્વરૂપે શુદ્ધ નિરંજન, નિરાકાર છે. જડથી ને પરથી સર્વથા અલિપ્ત છે.** એ લક્ષમાં રાખી બધા હવાલા નાખવાના છે. જડની કોઈ પ્રધાનતા નહિ. પ્રધાનતા આત્માની છે. એ રીતે જ ખતવણી. પત્ર બહુ વિચારજો.

●—●—●

આત્મહિત રસિક...

પૂર્વે તારા એક પત્ર પછી ઘણો સમય થયો. પત્ર નથી શું કારણ ? આત્મગિરિમાંથી ઉઠેલી શુભ ભાવના સરિતાના વહેણનું શું થયું ? અવિરત વહેણ ચાલુ છે ને ?

મહાનુભાવ ! ધ્યાન રાખજે... માનવજીવનની પળ પળ અથાગ પુણ્યનિધિથી ભરેલી છે. પરંતુ તે પુણ્યનિધિ એમાંથી જો કાઢી લીધી તો જ આપણી છે. નહિતર એ પુણ્યનિધિ પળના વહેવા સાથે વહી જવાની.

જીવનની પળ પળમાંથી પુણ્યનિધિ હાંસલ કરી લેવા માટે એકમાત્ર જિનોક્ત ધર્મ છે. તે પણ પાપ સઘળાંને દેશવટો દઈને સેવાય ત્યારે ઊંચી કોટીનો પુણ્યનિધિ અપાવે છે. આવા ઊંચા ભવમાં જિનોક્ત ધર્મની સગવડ મળ્યાં પછી કોણ સુજ્ઞ, સહૃદય, દીર્ઘદૃષ્ટિ આત્મા સર્વપાપ ત્યાગ પૂર્વક એની આરાધના બાકી રાખે ?

નવજવાન ! ધ્યાન રાખજે. **આ માનવપળો એમને એમ નથી મળી. એની પાછળ અનંતી પુણ્યરાશિના મૂલ્ય ચૂકવ્યા છે.** એવી મહાન પુણ્ય મૂડી ખરચી નાખીને મેળવેલી માનવસમયની મહામૂડીમાંથી નવાપુણ્યનિધિ કમાઈ લેવામાં એક ક્ષણનો પણ વિલંબ થાય ? વિચાર તો કર કે આજ કિંમતી જીવનની કેટલી ઘડીયો-મિનિટો કેટલા વર્ષો કેટલા દિવસ વહી ચાલ્યાં ? એમાંથી કેટલી પુણ્ય કમાઈ કરી ? જે માનવસમય પર તારા આત્માનો પૂર્ણ અધિકાર, એ સમયને આત્માના હિતને છોડી પરપુદ્ગલની વેઠમાં ગાળ્યો કે બીજું કાંઈ ?

જીવન તો જોતજોતામાં પૂર્ણ વિરામે પહોંચી જશે. વિચાર કરતો કરતો રહી જઈશ અને મોંઘેરી સાધનાની તક, આત્મોત્થાનની તક, ભાવી અનંતકાળ અજવાળવાની તક હાથમાંથી ચાલી જશે ! પછી ? પછી કોણ તારું ? શું તારું ? વર્તમાન દૃષ્ટિપથમાં ચઢતું કશું જ નહીં ને ?

વિચાર કર કે કોઈ જવાબ આપવા, ઓથ આપવા, સંભાળ કરવા આવશે ? ના, કોઈ જ નહિ. તો કોના વિશ્વાસે બેઠો રહ્યો છે ? શી ગણતરીમાં જીવન સમયની સોનાની નદી વહી જવા દઈ રહ્યો છે.

ભાગ્યવાન ! **આપણા પૂર્વજોના ઈતિહાસને જો, એમના ભગીરથ કલ્યાણ પ્રયત્નો જો, એમના મોહ અને કર્મ સામેના જંગી પરાક્રમ જો. મેઘકુમાર, શ્રેણિક ધારિણીનો લાડીલો પુત્ર, હજી હમણાં જ આઠ દેવકન્યાઓ જેવી કન્યાઓને પરણેલો પણ પ્રભુ મહાવીરની વૈરાગ્ય બંસી પર ડોલી પડ્યો !** ઉપદેશ સાંભળી તરત તૈયાર થઈ ગયો. માતા પિતાને સમજાવી પ્રભુ પાસે આવીને કહે છે કે-

'નાથ ! આ બળતા સંસારઘરમાંથી આ મારા આત્મારૂપી ઝવેરાતનો ડબ્બો લઈને નીકળી ગયેલો આપના શરણે આવ્યો છું. પ્રભુ ! શરણ આપો.

શું ? સંસાર વિષયકષાયની આગોથી સળગી ઊઠેલો છે. મૂઢ જીવો એમાં દાઝી-શેકાઈ રહ્યાં છે, પરંતુ મૂઢતાને લીધે મોહ મૂર્છાને લીધે એનાથી ઉભગી જતા

નથી, ભડકી ઉઠતા નથી. તુચ્છ મધુબિંદુ જેવા સુખમાં લંપટ બની એમાં ને એમાં ચિટકી રહ્યાં છે. પરંતુ વિચાર કે એનું પરિણામ શું આવીને ઊભું રહેશે ? મેઘકુમાર એમાંથી કિંમતી ઝવેરાતનો ડબ્બો લઈ નીકળી જઈ પ્રભુના શરણે ઝુકાવી દે છે.

થાવચ્ચાકુમાર, એકેક ક્રોડ સુવર્ણની સ્વામીની એકેકસ્ત્રી એવી બત્રીસ પત્નીઓનો પતિ, તો એવી પોતાની સ્વતંત્ર સંપત્તિ કેટલી ? એ નેમિનાથ પ્રભુની વાણીએ મોહ નિદ્રામાંથી જાગ્યો. તરત જ ચારિત્ર લેવા તૈયાર થયો. ત્યાં કૃષ્ણવાસુદેવ એને કહે છે કે અરે ! થાવચ્ચાકુમાર ! શા માટે અથાગ વૈભવ મૂકી દે છે ? શું તને કોઈએ દબડાવ્યો ? જા હું મારા આખા રાજ્યમાં જાહેર કરું કે કોઈ તારો વાળ વાંકો ન કરે.

થાવચ્ચાપુત્ર કહે છે કે ! મહારાજા ! જો તમે એકમાત્ર મારા પર આવતું મૃત્યુ સદંતર અટકાવી દો તો હું વિચાર કરું. "કૃષ્ણે હાથ જોડ્યાં, ભાઈ ! મારા મૃત્યુને અટકાવી ન શકું તો તારાને તો કેમ જ અટકાવી શકું ? ખરેખર ! મૃત્યુથી ભરખાઈ જવા પહેલાં મૃત્યુ પછીના કાળની સલામતી તું કરી લે તે યોગ્ય જ છે.

આયુષ્મન્ ! ભાવી સલામતી માટે આ પ્રસંગનો ઊંડાણથી વિચાર કરજે. હું તો એ પણ કહું છું કે વર્તમાનમાં પણ જીવન જીવવાની મજા અને શોભા કેવા કેવા પ્રકારના જીવનમાં છે એ ખાસ વિચારજે.

ભગવતી સૂત્રમાં પ્રસંગ છે. એક વિરાગી રાજકુમારને એની માતા સમજાવવા મથે છે. કહે છે, કુમાર ! આવી સુકુમાળ મૃગનયણી યુવાન પત્નીઓના ભોગ સુખ મૂકવાની વાત કાં કરે ? આ મોટા રાજશાહી વૈભવની મસ્તી કાં તરછોડે ? કુમાર કહે છે મા ! શું વાત કરે છે ? જેના આંખ, નાક, કાન, મોં વગેરે દ્વારા અશુચિ વહી રહી છે. જે નરી મળમૂત્રાદિ અપવિત્ર વસ્તુઓની જ એક થેલી સમી છે. એના ભોગમાં તે સુખ કહેવાય કે ભુંડની વિટંબણા ? વળી રાજશાહી વૈભવ છતે જો અનેક રાજ ખટપટો ને ચિંતા રૂપી ભમરીયો ચટકા મારી રહી છે અને એ આત્મા આત્મસમૃદ્ધિને દબાવી રહ્યા હોય, પૂર્વની પુણ્યમૂડીનાં વેતરણ કરી રહ્યાં હોય તો એમાં સુખશાન્તિ કેવી ? માતાએ તરત જ તેને મહાવીર પ્રભુના શરણે જવાની વિદાય આપી.

કહેવાનું તાત્પર્ય એ છે કે **અંતરદૃષ્ટિ ખોલી બાહ્યને ગંભીરતાથી જો. ઠેઠ ઊંડાણ સુધી જો.** અનંતના પ્રવાસી એવા આપણા આત્માને એની સાથે કેટલો મેળ ? કેવો સંબંધ ? સંબંધના પરિણામ શાં ? એ તપાસ. હર વખતે એ યાદ કર કે મોંઘેરી ઘડીઓ વહી રહી છે. માટે વિલંબ ધોખા માટે છે. માનવ શક્તિઓ છૂપી અણુશક્તિઓ છે. એનાથી અદ્‌ભુત વીતરાગ ભાવને પ્રકાશનારા આત્મગુણોની

વીજળી ઉત્પન્ન કરી શકાય છે. એ જો ન કર્યું તો એ શક્તિઓ આત્માનું કારમું નિકંદન કાઢે એવા અસંયમ અને રાગદ્વેષ કરાવશે તથા અનેક પ્રકારની કુવાસનાઓના દીર્ઘજીવી, ભવપરંપરા-અનુગામી દાવાનળ સર્જશે ! એ પાલવશે ? માનવેતર ભવ હોત તો જુદી વાત, કેમ કે ત્યાં એવી ઉચ્ચ શક્તિઓ નહિ.

પરંતુ અહીં અનુપમ માનસિક-વાચિક-કાયિક-બૌદ્ધિક-હાર્દિક-ઉચ્ચશક્તિઓ મળી છે એને કેમ વેડફી નંખાય ? વેડફી નાખીએ તો ફરીથી મેળવવા અધિકાર રહે ખરો ?

બીજી રીતે પણ જો કે આ મનુષ્યપણાનો અવતાર તો અનેક બીજા પણ જીવોના કલ્યાણ મિત્ર બનવા માટે ખરેખરો પ્રસંગ છે. પરંતુ તે સ્વયં મહાસંયમી બનાય પછી જ બની શકાય છે. તે આ રીતે-

કલ્યાણમિત્ર એટલે બીજાના કલ્યાણમાં હિતમાં નિમિત્તભૂત બને તે. બીજાને પાપમાં નિમિત્ત બને તેને તો હિતશત્રુ કહેવાય. પાપ પહેલે પ્રાણાતિપાતથી માંડીને અઢારમે મિથ્યાત્વશલ્ય સુધીના પાપસ્થાનક છે. એમાં રાગ પણ આવે, દ્વેષ પણ આવે, હર્ષ પણ આવે, અને ઉદ્વેગ પણ આવે. હવે વિચારજે કે **સંસારમાં રહીને જીવને કોઈના રાગ-દ્વેષ-રતિ-અરતિ-લોભ-મૂર્ચ્છા-કલહ-વગેરે કેટકેટલાં પાપસ્થાનકમાં નિમિત્ત બનવું પડે છે ?**

આપણી મુદ્રા, આપણી વાણી કે આપણી ચર્યા જો બીજાને પાપમાં પ્રેરતી હોય, રાગ-દ્વેષ-મોહમાં પ્રેરતી હોય, તો તે પાપમાં નિમિત્ત બનવાથી તે મુદ્રા-ઉચ્ચારણાદિ કરનાર આપણે સામાના કલ્યાણ મિત્ર નહીં પણ હિતશત્રુ બન્યા કહેવાય. આવું ભાગ્યવાન ! વિચારજે કે સંસારમાં કેટલીવાર કેટલાની પ્રત્યે હિતશત્રુ બનવું પડે ? આપણે બીજાને કલ્યાણમાં પ્રેરનારા તો બની શકતા ન હોઈએ, પરંતુ ઊલટું એના કલ્યાણના રોધક અહિતકારી પાપમાં પ્રેરક બનીએ એ શત્રુની ગરજ સારી કહેવાય. સાંસારિક જીવનમાં ઠામઠામ આવું બનવું પડે છે. એ ખૂબ ગંભીરતાથી જોવા જેવું છે.

એમાંથી તો તો જ બચાય કે જે જીવન સંપૂર્ણ સંયમી બને. સંયમ એટલે બધા આરંભ-સમારંભ-હિંસા-પરિગ્રહ-પ્રવૃત્તિઓનો નિરોધ. બધીય ઇન્દ્રિયોના વિષયો પરથી ઈન્દ્રિયોને પાછી વાળી એના પર અંકુશ, બધીય રાગ-દ્વેષ-હાસ્યશોક-હર્ષ-ખેદની-લાગણીઓ પર નિયમન. આવા સંયમને અપનાવ્યાથી પછી બીજાને રાગ-દ્વેષ-મોહ-અહિતાદિમાં પ્રેરવાનું રહેતું નથી. પાપમાં નિમિત્ત બનવાનું રહેતું નથી. તેથી કોઈનાય હિતશત્રુ બનવાના પાપમાંથી બહાર જવાય છે. જીવનનો આ ઉચ્ચ સાર છે.

ત્યારે પુણ્યાત્મા ! એ વિચારજે કે જિનશાસનના કેવા ખજાના આપણી

આગળ આવી ઉપસ્થિત છે. એનું મહાતત્ત્વજ્ઞાન-અતુલઅટલ-વિશ્વ સિદ્ધાંતો, કર્મથીયરી વાસ્તવિક અને અનેક કલ્યાણપ્રદ અધ્યાત્મયોગ અને ધ્યાન, અનેકાનેક સનત્કુમાર-જંબુસ્વામી-સ્થૂલીભદ્રસ્વામી-સમરાદિત્ય-શાલિભદ્ર-આદિ ઠેર ઠેર તીર્થંકર ભગવંત સુધીના મહાપુરુષોના કલ્યાણ ચરિત્રો, વિરતિધર્મ અપ્રમતાવસ્થા વગેરેની ઉચ્ચ જીવન ભૂમિકાઓ, અપુનર્બંધકથી માંડીને વીતરાગ શૈલેશી સુધીના આત્મોત્ક્રાન્તિના ક્રમિક વિકાસ સોપાન, પ્રમાણ-નય, સપ્તભંગી અનુયોગ વગેરેની અનન્યલભ્ય વ્યવસ્થા, પરમેષ્ઠીય અવસ્થાઓ આવા કેટલાયે ખજાના મળ્યા છે. શું આ જીવનમાં આ બધું લૂંટવું નથી ? એ પામ્યા વિના અહીંથી બેકારપણે પરલોકમાં જવું છે ? જાગ જાગ પ્રકાશના પન્થમાં અંધારે ન અથડા. તરત ઉત્તર લખજે. પત્ર વાંચીને જે આંદોલન થાય તે લખી શકાય.

●—●—●

ધર્મલાભ,

તમારા પૂર્વનાં કોડ કયાં સમાઈ ગયા ? સંસારને જીવનને શું સમજી રહ્યા છો ? સંસારની ભારે ધમાચકડી કરીને કશું સાથે લઈ જવાનાં છો ? માનવજીવનનો સટ્ટો ખેલી શકાય ? કરોડોની સંપત્તિ હાથમાં હોય એને જુગારમાં હોડમાં મૂકાય ? 'ના, હમણાં દાવ ચાલવાં દો, પછી સારા વેપારનું જોઈશું.' એવું ડાહ્યો માણસ કરે ખરો ? તમે માનવ જીવનરૂપી હાથમાં રહેલી મોટી મૂડીનું શું કરી રહ્યા છો ? હમણાં આ પુદ્ગલ લીલાનાં જુગારમાં કિંમતી માનવકાળ સંપત્તિ જોડી રાખો, પછી સારો વેપાર કરીશું.' આજ કે બીજું કાંઈ ?

મહાનુભાવ ! અહીંની તમારી મોટી લાગવગ, લોકમાં એક સારા બાહોશ આગેવાન તરીકેની પ્રતિષ્ઠા, ચાર માણસ પર તમારો ભાર બોજ, આ બધાની કોઈ સારી અસર પરલોકની પરિસ્થિતિ પર પડવાની નથી. તેથી પૈસા અને વેપાર કુશળતા-વિશાળતાથી શુભકર્મને આવર્જી નહિ શકાય.

તો પછી કોના ભરોસે બેઠાં છો ? **ભગવાન જિનેશ્વર દેવનું સર્વશ્રેષ્ઠ ધર્મશાસન જેને નથી મળ્યું એય ડાચાં બેસી જવા સુધી કાયા, કંચન, કુટુંબના ગુલામ અને જેને શાસન મળ્યું છે એય એવાં ?** જ્યાં અસંખ્ય-અનંત જીવોનાં સંહાર છે, એવા આરંભ સમારંભ, એવા વેપાર હજી પણ લંબાવ્યે જવાનાં ? ષટ્કાય જીવો પ્રત્યે હજી પણ ભ્રાતૃભાવ કે કરુણા નથી આવતી ?

આત્માનો વિચાર પહેલાં કરો. એનું રક્ષણ પોષણ અને એની ઉન્નતી-સુધારો કરવા તરફ ચોવીશે કલાક ઉદ્યમી બની જાવ.

બીજું અમને ખ્યાલ છે તે મુજબ પૂર્વે....., સારી ઊંચી ભાવનાવાળો

હતો. તે હવે કેમ લૂઝ પડી ગયો દેખાય છે. શું તમે એનાં કલ્યાણબંધુ ન બની શકો ? ધ્યાનમાં રહે કે આપણે કેઈને રાગદ્વેષ, હાસ્ય, ખેદ, હર્ષ, આરંભ સમારંભ વગેરેમાં પ્રેરિત એના હિતશત્રુનું કાર્ય કરી રહ્યા છીએ. એમાંથી મહાભાગ્યે આવું બની આવે કે, બીજું યોગ્ય જીવને એના પુરુષાર્થે, ધર્મભાવનાં ઉત્તેજીત બની હોય તો, તેનાં આપણે વિઘ્ન નિવારક ઉત્તેજક બની કલ્યાણ મિત્ર થઈએ.

એટલું ધ્યાનમાં રહે કે લેખન એક એવી વસ્તુ છે કે એની પાછળ જો અધ્યાત્મબળ અને સંયમબળ સંગીન હોય તો વાચકને કલેજે સ્પર્શે છે. એવું જ ભાષણ અંગે પણ છે. આ **અધ્યાત્મબળ અને સંયમબળ પ્રબળ અને પુષ્ટ કરવા માટે અંતરાત્મભાવ અંતર્મુખતા અને વિશાળ તથા ગંભીર શાસ્ત્રબોધ જરૂરી છે.**

અંતર્મુખતામાં બધીય વિચારણામાં સ્વાત્મા સાથે જ વાત કરવાની છે. બધીય વાચિક-ઐન્દ્રિયિક-કાયિક પ્રવૃત્તિને સ્વાત્મશુદ્ધિ-અશુદ્ધિના મુખ્ય ખ્યાલ રૂપી ચાલણીએ ચાળીને કરવાની છે, કહ્યું છે કે-

स्वरूपदर्शनं श्लाघ्यं पररुपेक्षणं वृथा ।
एतावदेव विज्ञानं परं ज्योतिः प्रकाशकम् ॥

જગતને ખુશ કર્યાથી કે જગતનું પ્રમાણપત્ર મેળવવાથી કોઈ વિશેષ નથી. **જે વિશેષ છે તે અનાદિના રાગાદિ સંસ્કરણોને વર્તમાન સ્થૂળ સૂક્ષ્મ રાગાદિકરણથી વધુ દૃઢ કરવાને બદલે વિરાગ-પ્રશમ-ઉદાસીનતા-નિસ્પૃહતા-નિરાસંગ વગેરેથી તનુ-તનુતર-તનુતમ કરવામાં છે.** એ ખૂબ ખૂબ આગમ-વાંચન-મનન-પરિણમનથી થાય. સંયમમાં રસનેન્દ્રિય પર પ્રબળ, અતિ પ્રબળ, અંકુશ અને વસ્ત્ર-પાત્ર-વસ્તી આદિ પ્રત્યે ભારે બેપરવાઈ ફકીરી જોઈએ. સ્ત્રીતત્ત્વના આપણી માનસિક દુનિયામાંથી દેશવટો જોઈએ. સહિષ્ણુતા એટલે કે પ્રતિકૂળને સમભાવે સહર્ષ સહી લેવું એટલું જ નહિ પણ સહનવૃત્તિ એટલે કે આ જીવનમાં આરામી-અનુકૂળતાને બદલે સંવર-નિર્જરાના અંગોમાં કાળી મહેનત અને કઠોરતા-પ્રતિકૂળતા સહી જ લેવી છે. આમંત્રીને વધાવીને સહવી છે, એ નિર્ધાર જોઈએ. જરાકશક્તિ વધતા બહારનાં પ્રલોભનો ભરખવા તૈયાર છે. ત્યાં દૃઢ સંયમથી એને વશ ન થતાં સ્વાત્મહિતની રક્ષા-સાધનાના માર્ગે-આગળ ધપવું રહ્યું. **સ્વાત્માનં રક્ષ એ મુખ્ય ઉપદેશ છે.** હજી શાસ્ત્રોના પદાર્થો સળંગ ધારાબદ્ધ મનઃસ્થ કરવાની જરૂર છે.

જિનશાસનને પામી શક્ય વધુ આરાધના કરી લેવા પુણ્યયોગે મળેલી બધી જ શક્તિ કામે લગાડી દેવી. અન્યથા એ પરમા ખર્ચાઈ સ્વના અહિતમાં ઉતરવાની છે.

માનવવિવેક એ શિખર સોપાન છે. તે એ અનંતપુણ્યે મળેલ છે.

આત્મોન્નતિનાં એવરેસ્ટ સર કરાવનાર આ દુર્લભ પ્રાપ્તિના અવમૂલ્યાંકન ન થાય. ગેર-ઉપયોગ ન થાય. દૃષ્ટિમાં જ વિવેકનું કામ છે. પુરુષાર્થ એનો ગુલામ છે.

અરિહંતના દર્શન પૂજન સ્તોત્ર-સ્મરણાદિની આરાધનામાં વીતરાગ ભાવ પર ખાસ લક્ષ રાખવું. એથી અંતરાત્મા સ્વચ્છ છે અને હળુ થતો લાગશે એ માટે જીવનના વિવિધ પ્રસંગ પ્રવૃત્તિઓમાં પ્રભુની **ગતરાગ** સ્થિતિ કેવી રહી હશે એનું ચિંતન-અનુકરણ વારંવાર કરો. મન પરના બંધન અપેક્ષાઓ ઓછા કરતા ચાલો. **નિષ્કામ-નિરાસંગ અવસ્થા અને જાગૃતિ-સ્થિરતા આ બે જિનશાસનના મહાધર્મ છે.** સાધનામાં નિરાશંસભાવ મને વિક્ષેપ કેટલા ઓછા થતા આવ્યા એ તપાસતા રહો.

●—●—●

ક્ષમાપના નિવેદન સાથે, પત્ર વાંચી એટલો આનંદ થયો કે, દિલમાં કોઈ દુર્ભાવ નથી જાગ્યો. બાકી અમલીકરણ વિનાનો પત્ર-વ્યવહાર સફલ નહિ, એજ મુખ્ય ધ્વનિ સમજવો. પૂજ્ય આચાર્યદેવ તરફથી હિતશિક્ષા લખાય, તેમાં તો કોઈ વાંધો હોઈ શકે નહિ.

ત્યારે તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો કર્તવ્ય એ છે કે દેવાધિદેવથી માંડીને જેને જેને આપણે સાધનાની દીવાદાંડી માનતા હોઈએ એમનું જીવન આપણે આત્મસાત્ કરીએ એજ એમની કૃપા છે, હિતશિક્ષા છે, અને એજ આપણો સાચો સદ્‌ભાવ બહુમાન-અનુરાગ છે. શાસ્ત્રો તીર્થંકર ભગવાન જેવાની કૃપાને પણ આ અર્થમાં ઘટાવે છે, તો ગુરુઓની કૃપા પણ એજ હોય. નહિ તો ગુરુઓ પર પણ અવકૃપા કરનારા તરીકેનો આક્ષેપ મૂકવાના પાપમાં આપણે પડીએ. ક્ષમાદિ યતિધર્મવાળા, ગુરુઓ તો દુશ્મન પર પણ દયાળુ છે. એ આપણા પર અવકૃપા કેમ જ કરે ? માત્ર આપણા દીલમાં કોઈ કષાય યા શિથિલતા અનુભવતા હોઈએ છીએ એટલે. અવકૃપાનું અસત્ દર્શન કરીએ છીએ. બાકી તો એ સ્થિતિ હોય અને બીજી બાજુ ગુરુઓ આપણી સાથે હસીને બોલે, વારંવાર બોલાવે, બહુ પત્રો લખે ઇત્યાદિથી એમની કૃપા બહુ વરસી અને આપણું કલ્યાણ થઈ ગયું એ માનવું ભ્રમણા છે. સાચું એ છે કે એમને નિરંતર મનની સામે રાખી એમના જીવન અને આદેશ આપણા જીવનમાં વધુને વધુ ઉતારવા મથીએ. એ માટે ખૂબ ભોગ આપવા તથા સહન કરવાનું અને ત્યાં આનંદ માનીએ વગેરે એ ખરેખરી ગુરુકૃપા છે. એકલવ્ય ભીલ એવી ગંભીર ગુરુકૃપા મેળવી અર્જુનનો હરીફ બાણાવળી બની ગયો. પ્રભુ મહાવીરદેવના હજારો સાધુસાધ્વી એમ જ ઊંચે આવી ગયા. સંસાર આખો છોડી દેવા સુધીની મહા અનુકૂળ ભૂમિકા ઊભી કરી છે તો જૈન શાસનના આ હાર્દને પકડો એનું જ આલંબન કરો.

આરાધનામાં આગળ વધવા માટે નીચે જણાવેલા મુદ્દા પર ખૂબ પુરુષાર્થ કરો.

(૧) બહિર્મુખ મટી અંતર્મુખ રહેવાં પળપળ સાધનાની અંતર્મુખતાની ક્રમશઃ વૃદ્ધિ જ.

(૨) અરિહંત પ્રભુનાં સ્મરણ-દર્શન માત્રમાં દિલમાં ગદ્‌ગદતા અને અહો અહો.

(૩) વિજાતીયના રૂપ દર્શન-સ્મરણે ઝેર વરસે.

(૪) ગુરુઓનો ઉપકાર અનંત છે, એની આગળ એ દંડાથી પીટે તોય એ પીડા અપમાન કાંઈ વિસાતમાં નથી. એ સતત ભાવના સાથે વારે વારે એમના પર ઓવારી જવું.

(૫) પ્રમાદ થાય ત્યાં પણ અપ્રમાદ પ્રત્યે સાપેક્ષ ભાવ એટલે વચમાં વચમાં અપ્રમાદ લઈ આવવાની જાગૃતિ અને પ્રયત્ન.

(૬) ઇંદ્રિયો પર કડક સંયમનનો પાકો પુરુષાર્થ. તે એમ વિચારીને કે આનો અસંયમ અનંત મૃત્યુદાયી રાગાદિનો ઉત્તેજક પોષક અને વર્ધક છે, અને એનાં પ્રત્યાઘાત ભૂંડા ભયંકર ભૂંડા છે.

(૭) મન, વચન કાયાના યોગોની દરેક અનુષ્ઠાન આચારમાં સ્થિરતા કેળવવી.

(૮) નવકારસીનું પાપ સવારથી માંડી આહાર સંજ્ઞાની લગન એ સાધુ જીવનમાં જોઈએ નહિ.

(૯) પ્રતિક્રમણમાં દરેક સૂત્રની દરેક ગાથાનું ચિત્ર આવડે તો ભાવનું નહિતર અક્ષરનું, મનની સામે આવવું જ જોઈએ. સૂત્રભૂલમાં જાય એ ફરીથી કરીએ.

(૧૦) એવું દિવસનાં પણ ઇરિયાવહિયં ચૈત્યવંદન વગેરેમાં.

(૧૧) જેમ જેમ આગળ પદ બોલાતું જાય તેમ તેમ ભાવોલ્લાસ આગળ આગળ વધારતા જવો.

(૧૨) અન્ય એટલાં નાના મોટા નિયમો.

(૧૩) કૃતજ્ઞતા, બને તેટલો વધુ સેવા ભાવ, પરાર્થવૃત્તિ અમલી કરવો. 'હું અને મારું બીજાને કામ લાગીએ' એ વૃત્તિ-પ્રવૃત્તિ.

(૧૪) સહન કરવાનો, ભોગ આપવાનો, સૌમ્ય રહેવાનો, 'હું એટલે કુછ નહિ' એ લઘુ ભાવનો મુદ્રાલેખ.

ધર્મલાભ...

સાથે એક શ્રાવક રત્નની ખોટ બદલ ખેદ, બાકી તમારે ધ્યાન આ રાખવાનું કે **એનાં એજ પ્રસંગને અજ્ઞાની કર્મબંધનું કારણ બનાવે** એને આપણે મહાવીર શાસન પામેલાં નિર્જરા-કર્મક્ષયનું કારણ બનાવવાની જવાબદારી છે. તે ચૂકશો નહિ. તે માટે સદ્‌ગતનાં ગુણસુકૃત અને ધર્મસાધનાની અનુમોદના, એના કલ્યાણની શુભેચ્છા, જીવનની અનિત્યતા-સંસારની અસારતા-ધર્મની દુર્લભતા વગેરેની ભાવના, ધર્મમાં અધિક વીર્યોલ્લાસ અને તન-મન-ધનનો વ્યય વગેરે વગેરે ઉપાય છે.

બીજી વિગત જાણી એક માત્ર સંયમનું લક્ષ્ય રાખી સમિતિ ગુપ્તિ, મહાવ્રતો, તપસ્વાધ્યાય તથા અર્હત્-અર્હત્પ્રવચન પર વધતો રાગ - એ માર્ગે જ તન-મન-ઇંદ્રિયો કેન્દ્રિત કરવી. બહિર્મુખ ન બનતાં અંતર્મુખ બન્યા રહેવા પળ પળ જાગ્રત રહેવું.

●—●—●

ધર્મલાભ સાથે, ધ્યાન રહે કે સંસાર આપણો કિંમતી આયુષ્ય સમય ચોરે છે. તો આપણે એમાંથી કર્મબંધનાં સ્થાનોને નિર્જરાનાં સ્થાન બનાવી પાપક્ષય અને પુણ્ય કમાઈ કરવાની છે, પરંતુ ખાસ તો તે પાપ સંયોગોમાંથી છૂટાય તોજ થાય ને ?

મુક્તિપુરીના સાર્થવાહ મળ્યા પછી કોના સાથ કરવાના, પકડી રાખવાના ?

આત્મસંપત્તિની કમાઈના અણમોલ અવસર કોને દઈ રહ્યા છો ?

એગો મે સાસઓ અપ્પા,..... બહાર ન જુઓ, અંદર જુઓ.

ચિત્તમાં ખૂબ જ સાવધાની તથા માથે ધર્મી તરીકેની જવાબદારી જોખમદારી રાખી વ્યવસ્થિત થઈ જવાની ખાસ જરૂર છે.

મહાપુરુષોના જીવન પરાક્રમો, ભીષ્મ-ત્યાગ-સંયમ તથા આત્મૈકનિષ્ઠતા વારંવાર યાદ કરવી. આત્માનું સ્વરૂપ-નિર્વિકાર વીતરાગ અચલ શૈલેશવત્ સ્થિરપ્રદેશ, અને સ્ફટિકવત્ શુદ્ધ નિરંજન ક્ષણ ક્ષણ આંતર સંવેદનમાં લઈ જવું. શ્રુતોપયોગ કલાકોના કલાકો અસ્ખલિત ચાલે, વચમાં વિક્ષેપ ન આવે એવો અભ્યાસ પાડવો. તપના પારણે પણ વિગઈઓ માથે ચડી ન બેસે એ ધ્યાન રાખવું.

આત્મામાં અનંત શક્તિ છે, એની શ્રદ્ધા કરી એને પ્રગટ કરતા આવવું. સૌ સારું થશે.

●—●—●

શરીર બીમાર પડ્યું છે, તે વધુ નબળાઈ આવી છે એટલે મનમાં વિકલ્પો થતા હશે, પરંતુ એટલું ધ્યાનમાં રહે કે **આ વિકલ્પોથી વળવાનું કાંઈ નથી, ઊલટું આર્તધ્યાન રૂપ થઈ પાપનો ભાર વધે છે.** કદાચ મનને થશે કે બધું સમજાય છે, છતાં વિકલ્પો રોક્યા રોકાતા નથી. તો એ રોકવા માટે આ વિચારવાનું છે કે-

શરીર માંદું પડવું, ઢીલું પડવું, એમાં ઘડપણ ઘસારો આવવો, અકસ્માતથી ભાંગવું તૂટવું, વખત જતાં ઈન્દ્રિયો અને અંગોપાંગની શક્તિ ઓછી થવી-આ બધું શરીરનો ધર્મ છે, સ્વભાવ છે. તો એ એનો ધર્મ બજાવે, સ્વભાવને અનુસરે એમાં આપણે બીજો વિચાર જ શા સારુ કરવો ? આકુળ-વ્યાકુળ શા માટે થવું ? સવારે ખીલેલું ફૂલ સાંજે કરમાઈ જાય એવો એનો સ્વભાવ બરાબર સમજીએ છીએ તો સાંજે કરમાયેલું જોતાં ખેદ નથી થતો. કોઈ અજ્ઞાની ખેદ કરે તો સમજાવીએ છીએ કે 'ભાઈ ! ફૂલનો એવો સ્વભાવ જ છે. એ એનો સ્વભાવ બજાવે જ, એમાં આપણો ખોટો ખેદ શા સારુ કરવો ?' બસ, આ જ વસ્તુ આપણા શરીર અંગે સમજી હૃદયમાં દૃઢ કરવી અને ખેદ વિકલ્પોથી બચવું જોઈએ.

આ માટે એક વિશેષ વિવેક એ છે કે 'વસ્તુ એના સ્વભાવને અનુસરે છે, તેવી તેવી વસ્તુ તેવા તેવા સ્વભાવવાળી જ હોય છે.' એ વસ્તુ સ્થિતિ છે. અને જિનવચન વસ્તુસ્થિતિને-તત્ત્વને પ્રકાશે છે. હવે તો આપણે તત્ત્વશ્રદ્ધા રાખતા હોઈએ તો આ શરીર સ્વભાવના તત્ત્વ પર પણ **'તે એમ જ હોય'** એવી શ્રદ્ધા કર્યે જ છૂટકો છે. વિચારવાનું કે, વસ્તુ માંદુ પડ્યું. શિથિલ પડ્યું તો એ વસ્તુસ્થિતિ છે એના સ્વભાવનું વર્તન છે. અને હું વસ્તુસ્થિતિને, વસ્તુના તે તે સ્વભાવને માનનારો છું. પછી મારે એમાં આકુળ-વ્યાકુળ કેમ જ થવાય ? મારે તો જ્ઞેય વસ્તુને માત્ર જાણવાની, એના પર રાગ-દ્વેષ નહિ કરવાના. અને કદાચ કરવા જાઉં તો ય એથી વસ્તુ પોતાના સ્વભાવને ક્યાં છોડે છે ? રાગ કરવાથી વસ્તુ કાયમી નથી થતી એ તો એના વિનશ્વર સ્વભાવને જ પકડી રાખે છે. દ્વેષ કરવાથી વસ્તુ સુધરી જતી નથી, એના સડન-પડન-વિકારના સ્વભાવને જ અનુસરે છે, તો પછી ચાલવા દો, એનો સ્વભાવ એ બજાવે, હું મારું બજાવું'

આ વિવેક કરવાથી જિનવચનની શ્રદ્ધાનું બળ વધે અને શરીરના અસ્વાસ્થ્યમાં વિકલ્પો ઘટી તિતિક્ષા કરવાનું સત્ત્વ ખીલશે.

"તમે તો સમજો છો કે શરીર રોગગ્રસ્ત બન્યું એ આશ્ચર્યપ્રદ નથી કેમ કે તત્ત્વજ્ઞાનીઓ શરીરને રોગોનું ઘર જ કહે છે. અલબત્ત એથી કાંઈ આપણે મહર્ષિઓની જેમ રોગને વધાવી લેવા તૈયાર નથી હોતા. કેમ કે એ આપણી ધર્મસાધનામાં બાધક લાગે છે. છતાં જો 'સાધના એટલે આત્માની વિશુદ્ધ પરિણતિ' આ જો બરાબર સમજી રાખીએ અને તે પરિણતિ જો અખંડ વહી રહી હોય તો રોગ ક્યાં

બાધક બન્યો ? ત્યારે જો રોગની ચિંતામાં વિશુદ્ધ પરિણતિનો સ્રોત સ્ખલના પામે છે, તો સમજી રાખો કે તે રોગના લીધે નહિ પણ ચિત્તમાં થતાં આર્તધ્યાનના યોગે છે. આપણને શરીર ઉપર, આરોગ્ય પર મમત્વ છે, રાગ છે, એ આર્તધ્યાન કરાવે છે અને આ આર્તધ્યાન આત્માનો મહાન રોગ છે. જેનું પરિણામ ભવબંધન અને વિચિત્ર કર્મોની પીડામાં આવીને ઊભું રહે છે. ત્યારે ખૂબી એ છે કે આપણને શારીરિક રોગ જેવો ખટાક ખટકે છે એવો આ આત્મરોગ ખટાક ખટકતો નથી. ત્યાં જો આટલું વિચારાય કે "અરે ! ભવવર્ધક તો આ આર્તધ્યાન અને રાગાદિ રોગો છે એની આગળ કાયિક રોગ શી વિસાતમાં છે ?' તો શારીરિક રોગની તિતિક્ષા કરવા અને આત્મિક રોગને મોળા પાડવા એક પ્રકારનું બળ ઊભું થાય છે. સર્વજ્ઞ-શાસનની દૃષ્ટિ મળ્યા પછી અજ્ઞાન જગત કરતા આ વિશેષતા આપણામાં આવવી જ જોઈએ કે કમમાં કમ શરીર રોગોનું નિમિત્ત પામીને પણ આત્મરોગથી ચોંકી ઉઠીએ.

એક વસ્તુ ખાસ કરવા જેવી એ છે કે નજર સામે ભવિતવ્યતાનો એક દીર્ઘ પટ્ટ કલ્પવો. એમાં અનંતકાળથી બન્યા આવતા અને નવા બનવાના ભવો જાણે નિશ્ચિત ટંકાઈ ગયેલા દેખાય, એમાં આપણી બીમારી પણ અંકાઈ ગયેલી એક નિશ્ચિત ભાવ નજરે ચઢે. આમ કરવાથી ચિત્તમાંથી વિહ્વળતા ખસી જઈ ઉદાસીન દૃષ્ટિ ઊભી થશે.

બાકી **વિશેષાવશ્યક શાસ્ત્ર** કહે છે કે પરમેષ્ઠિ નમસ્કારમાં ચિત્તોપયોગ તત્કાલ સમયે સમયે અપૂર્વ કર્મ નિર્જરાને પ્રેરે છે. કેમ કે એમા વિશુદ્ધ આત્મ પરિણતિ સુંદર હોય છે. તો એનો ખૂબ ઉપયોગ રાખવો. હૃદયમાં અનંત પરમેષ્ઠિ ભગવંતો એમની એમની મુદ્રામાં નજરે ચઢે અને આંતરિક રીતે આપણા બે હાથ જોડી માથું નમતું હોય, તે પ્રત્યેક પરમેષ્ઠિ પદને અલગ અલગ નમતું આવે. એક પદ પછી બીજું પદ આવતાં ભાવોલ્લાસ વૃદ્ધિંગત બને. એવું જ એક નમસ્કાર પછી બીજા નમસ્કારમાં નમસ્કાર કેટલા કર્યા એના પ્રમાણ કરતાં કેવા કર્યા એની વિશિષ્ટતાનું વધુ મહત્વ છે. એ ધ્યાનમાં રહે.

અનેક પુણ્યોદયથી પરિવરેલો મનુષ્ય ભવ મળ્યો એટલે હવે દૃષ્ટિમાં ઊંડાણ-ગાંભીર્ય આવવું જોઈએ. તો સર્વોત્તમ કલ્યાણ જૈન શાસનનો ધર્મ સમજાય અને ઉદયના આંદોલન જાગે. ચંદ્રના ઉદયમાં ગંભીર સાગરમાં ભરતી (ઉદય) ચઢે છે. તળાવ સરોવરમાં નહિ. એમ જિનેન્દ્ર શાસનનો ચંદ્ર આજે ઉદયમાં છે. છઠ્ઠા આરે અસ્ત પામી જશે તો આજે એના ઉદયને અનુસરી ગંભીર દૃષ્ટિવાળા આત્મામાં કલ્યાણ સાધનાના ઉદય ચઢવા જોઈએ. રજની વીતી છે...

જાપ વગેરેમાં એકાગ્રતા વધારવાનો એક વિશેષ માર્ગ એ છે કે આપણે આંતર જલ્પ પણ ન કરતાં હૃદય કમળમાં સ્પષ્ટ અક્ષરશઃ પદ દર્શન જ કરવું.

એથી પણ વિશેષ ઉપાય એ છે કે આપણે હૃદયમાં કોઈ પૂજ્ય વ્યક્તિ પદો બોલી રહેલ સાંભળીએ જ છીએ એની તન્મયતા કરવી. એમના હોઠ ફફડતા દેખાય એમાંથી સ્પષ્ટ અને ભાવભર્યો શબ્દ બોલતા હોય તેનું માત્ર શ્રવણ કરવાનું. આ કરવા માટે ખૂબ ઊંડા ઉતરવું પડે. એકાગ્રતા ભારે જોઈએ. ઉપરોક્ત બંને ઉપાયોનો અભ્યાસ શરૂ કરવા જેવો.

વિશેષઆવશ્યક નમસ્કાર નિર્યુક્તિ-ભાષ્યમાં નમસ્કાર શ્રુતોપયોગ રૂપ હોઈ સમયે સમયે અપૂર્વ આત્મ પરિણતિની વિશુદ્ધિ કરવા દ્વારા મહા કર્મ નિર્જરા સાધી આપે છે એમ કહ્યું છે, તો તે પરથી શ્રુતોપયોગનું અનન્ય મહત્ત્વ શ્રદ્ધેય કરીને પુસ્તક બંધ છતાં મગજ ખુલ્લું રાખી શ્રુતનો ઉપયોગ અખંડ ધારાએ ચાલુ રહે એનો ખૂબ ચીવટ ઉત્સાહ-તત્પરતા સાથે પુરુષાર્થ ચાલુ રાખવા જેવો.

વીતરાગ ભગવાનના શાસનની મોટી દુકાન મળી છે, અને મન-વચન-કાયાની કિંમતી શક્તિરૂપી નાણા મળેલા છે, હવે માલની ખરીદી કરવામાં કચાશ રાખવાની નહિ, નહિતર મૂર્ખા ઠરશો.

આપણી સામે બે ચીજ છે, એક ક્ષણિક બીજી શાશ્વત. એક અહીંજ રહે બીજી સાથે આવે એવી, એક ભાડૂતી કાયા સાથે મેળવાળી બીજી આત્મા સાથે મેળવાળી, હવે એમાંથી **"કોને સોંપ્યા તન-મન-ચિત્ત હો ?"** એ તપાસવું. ભૂલ લાગે ત્યાં સુધારવું.

વ્યાપક રૂપે સંયમને વિકસાવી રાગાદિ દોષોના ધરખમ હ્રાસ કરતા આવો.

●—●—●

તમારો પત્ર મળ્યો. વાંચી આનંદ. ભવિતવ્યતાના પટ અંગે પૂછાવ્યું તો એમાં સ્વકૃત કર્મના ઉદયનો વિચાર એ રીતે નથી, પરંતુ જીવનું તેવું તેવું પરિવર્તન, પૂર્વે તેવા નિમિત્ત મળવા, તેવો અસત્ પુરુષાર્થ થવો, કર્મ ઊભાં થવાં, એના ઉદય આવીને ઊભા રહેવા, શરીરમાં તેવી તેવી પર્યાય પરાવૃત્તિ થવી. આ બધું ભવિતવ્યતાના પટમા ઉદાસીન ભાવે નિહાળવાનું છે. ઉદાસીન ભાવ (૧) વીતરાગ ભાવને અને (૨) વર્તમાનમાં રાગદ્વેષના વિકલ્પો, હર્ષ-ખેદની ઉર્મિઓને સંકલ્પ-વિકલ્પોથી નીપજતા આર્તધ્યાનની અટકાયતને અનુકૂળ છે. બની ગયેલ વાત ભવિતવ્યતાને જાળવવાથી અને આત્માને શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા બનાવવાથી આત્મામાં ઓજસ વધે છે. ખોટી ચિંતાથી મુક્ત બને છે. ભાવી આપત્તિ સામે બેફિકર બને છે. એ તો એજ જુએ છે કે, **'एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ'** મારો

આત્મા સનાતન છે. અનંતજ્ઞાન-દર્શન સ્વભાવવાળો, અછેદ્ય, અભેદ્ય, અક્રિય, સ્થિર મેરુવત્ નિષ્પ્રકંપ છે. પુદ્ગલના પરિવર્તનો સાથે મારે શું લાગે વળગે ? આ ઉદાસીનતા કેળવવા ભવિતવ્યતાનો પટ નિહાળવાનો છે. બાકી તો કર્મના ઉદયને દોષ દેવા કરતા આપણા વર્તમાન શરીર રાગને દોષ દેવા જેવો છે કે જે રાગના યોગે જ શારીરિક અસ્વસ્થતા અનિષ્ટ લાગે છે.

૧. શરીરનો ધર્મ ખ્યાલમાં રાખવો જેથી આકુળતા વ્યાકુળતા અને ખોટા વિચાર ન આવે. શરીર તો રોગોનું ઘર જ છે. રોગો નથી દેખાતા એ આશ્ચર્ય છે. દેખાય એમાં કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી. માત્ર સાવધાન થવાનું છે.

૨. બીજું પૂર્વકૃત કર્મનો હિસાબ ચૂકવાય છે. ચોક્ખા થવાની કામનાવાળાએ ત્યાં વ્યાકુળ થવાનું ન હોય.

૩. શારીરિક રોગ કરતાં માનસિક રોગ મોટો છે. જે નિશ્ચિતપણે આત્માને બંધન કર્તા છે. એ રોગો માટે ખરી વ્યાકુળતા જોઈએ. 'રોગીષ્ઠ મન રોગીષ્ઠ આત્માની કોઈ ચિંતા નહીં અને રોગીષ્ઠ શરીર પર ચિંતાનો પાર નહીં.' એમાં વિવેક ક્યાં રહ્યો ? બાકી ભવિતવ્યતાના અનંતકાળના પટ પર રોગ-આરોગ્ય, નિર્ધનતા-ધનિકપણું, યશ-અપયશ વગેરે કેટલાય ભાવો અંકિત થયા હોય એને કોણ રોકી શકે. સુજ્ઞ આત્મા તો તટસ્થ ભાવે એનું દર્શન માત્ર કરતો આત્મચિંતામાં મગ્ન રહે.

●—●—●

માનવજીવન એ તો સાધનાનું જીવન છે. બેદરકારીનું નહિ. જેટલા પ્રમાણમાં જીવ બહારમાં જાય છે એટલા પ્રમાણમાં સાધના ગુમાવે છે. એટલું જ નુકસાન નથી પરંતુ ખરું નુકસાન તો ધર્મમમત્વને ધક્કો લગાડવાનું બને છે. નવકારવાળી ગણતાં કે ચૈત્યવંદન આદિ કરતાં આંખ બીજે ગઈ કાન બીજું સાંભળવામાં પડ્યાં, કે મન બીજું વિચારમાં ચઢ્યું એનો અર્થ જ એ છે કે એ બીજી વસ્તુનું મમત્વ લાગ્યું. એ ધર્મના મમત્વ ઉપર ઘા કરે છે. આ મોટું નુકસાન છે. એટલા જ માટે સાધકને પૂરી જાગૃતિની જરૂર છે. એ રાખીને ધર્મ, ને ધર્મના પ્રત્યેક અંગો પર ખૂબ ખૂબ મમત્વ કેળવી ટકાવી બીજા મમત્વ ઘટાડી નાખો. એ ઘટાડવા શક્યતાએ જીવને બહાર ન જવા દો એ ઉન્નતિનો રાજમાર્ગ છે.

●—●—●

ધર્મ સાધના સારી કેમ થાય એ માટે શરીરની ચિંતા તેવા આર્તધ્યાનમાં નહિ જાય. પરન્તુ હવે તમારી શારીરિક અને ઉંમરની પરિસ્થિતિ એવી છે કે એનાં જ સંયોગો છે. તેમાં જ એ ચિન્તાને બદલે સાધનાનાં વિષયોની ચિંતા કરવી વધુ

સારી લાભદાયક થશે. દા.ત., સિદ્ધ ભાવનાનું ૧૫૮ માંથી એકેક કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ સ્વરૂપ, એમનાં કેવળજ્ઞાનમાં ભાસતા એક એક ભાવોનો પ્રકાશ એમની ઉદાસીનતા-વીતરાગતા-અસંગતા એ જોઈ રહેલ ભવિતવ્યતાનો દીર્ઘ પટ, એમને દેખાતા એક એક પર્યાયમાં પણ ભાવી વર્તમાન-અતીત એક ક્ષણ સંબંધ વગેરે સ્વરૂપનાં ચિંતન-સિદ્ધગિરિ તીર્થ પર કરોડો મુમુક્ષુઓ એક સાથે કેવા કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા હશે, શું ચિંતવતા હશે. એક મંડળી મોક્ષ પામી પછી બીજી મંડળી કેવી આવી, પછી ત્રીજી એમની સાધના, એમનો અસંગભાવ વગેરે ચિંતવી શકાય. બસ ! હવે આંતર સંપત્તિનું મમત્ત્વ એવું કેળવો કે એ મમત્વના જોરના લીધે ચિત્ત બહારમાં ઓછું જાય.

●—●—●

ધર્મપ્રવૃત્તિમાં વિશેષ ઉજમાળ રહેવું. જેથી આત્મરક્ષા ઊભી થાય. જાતને બિનસલામત કરી બહારનું સલામત કરવામાં કાંઈ જ ડહાપણ ન ગણાય. માનવભવ ભૂતકાળની ઊભી કરેલી અનેક બિન સલામતિઓને ભૂંસી નાંખીને નવેસરથી મહાસલામતી ઊભી કરી લેવા માટે છે.

●—●—●

ધર્મલાભ સાથે, આત્મહિતકારી સુકૃતોની સાધનામાં જ અમૂલ્ય તન-મન-ધનની શક્તિઓ સફળ થશે. જીવનના અંત સુધી સુકૃતોનો જ આનંદ અખંડ રહી શકે છે. અને એની પ્રત્યેક અનુમોદનાએ પુણ્યની વૃદ્ધિ થાય છે. પાપસ્થાનક અને એના ભૌતિક લાભના આનંદ ક્ષણિક હોય છે. તથા એની પ્રત્યેક અનુમોદના પાપવર્ધક બને છે, સુકૃતોના ભરચક સંસ્મરણો માટે સુકૃતો ભરપૂર આરાધવા જરૂરી છે.

વીતરાગ પ્રભુના શાસનની ભરપુર સાધના કરવામાં પુણ્ય શક્તિ લેશ પણ ગોપવશો નહિ. બધીય શક્તિ એમાં ખરચીને ચરિતાર્થ કરજો.

દિવાળીએ અનંત સિદ્ધોના નિદાનભૂત પવિત્ર તીર્થાધિરાજનું સાંનિધ્ય પામવા ભાગ્યશાળી બનો છો. તો એ ન પામી શકનાર કરતાં કોઈ વિશિષ્ટ આત્મ સંપત્તિની કમાઈ થઈ રહી છે. જે એ ખાસ જો જો. વીતરાગના દર્શન, સ્મરણ અને પૂજન સ્તવન વખતે વીતરાગતા પર ખાસ લક્ષ લઈ જવા જેવું છે. વીતરાગતાનો અવારનવાર વિચાર આવી જવો જોઈએ. ત્યાં આપણા કરતાં પ્રભુને મળેલાં અનુપમ રૂપ-લાવણ્ય સમૃદ્ધિ સન્માન, છતાં એમણે કેવી વીતરાગતા રાખી કેવા જવલંત વિરાગ જપ રાખ્યા. એમની સામે આપણને એવું શું મળ્યું છે કે જેના પર રાગદ્વેષની કાળી રાખ કરીએ છીએ ? વીતરાગતા પર દૃષ્ટિ લઈ જવી આવો બધો વિચાર

કરવા જેવો છે. એ રીતે ચિત્તને ઠરવા દેવા જેવું છે. દુનિયાની ખોટી ચિંતામાં તણાવું નહિ. નહિતર દુનિયા તો કદાચ નહિ સુધરે, પણ આપણો વીતરાગ ભાવ વધારીને ઉદાસીનતા, શાંતતામાં ઝીલી અભ્યાસનો મળેલો, અણમોલ અવસર ગુમાવીશું ?

●—●—●

ધર્મલાભ, પત્રમાં લખેલ ભાવો તારું ભવ્ય **આત્મમંથન** સૂચવી રહ્યા છે. અને એજ આત્મસન્મુખ થવા માટેની માત્ર લાયકાત જ નહિ પણ અંશેય આત્મ સન્મુખતા જ સૂચવે છે. તેથી મારામાં લાયકાત મને જણાતી નથી એવી કોઈ નિરાશાભરી લાગણી કરવાની જરૂર નથી. માણસે હમેશાં આશાવાદી રહેવું જોઈએ નિરાશાવાદી નહિ. મારામાં અનંતી શક્તિ ભરેલી છે. હું બ્રહ્માંડ પાર કરી શકું તેમ છું. મારાથી અધિક જ શું પણ નીચી કક્ષાનાય કેઈ ભવ્યાત્માઓએ શક્તિ આડેનાં પડળો ઉખેડી નાખી શક્તિ પ્રગટ કરી અચિંત્ય અકલ્પ્ય પરાક્રમો કર્યા છે. તો હું પણ કેમ નહીં કરી શકું ? ખુદ તીર્થંકર દેવનો જીવ પણ એક વખત નરક નિગોદમાં કે અનાર્ય માનવયોનીમાં કર્મથી કચડાઈ વિડંબાઈ રહ્યો હતો પણ આંતર શક્તિને બહાર સ્ફૂરાયમાન કરીને ભારે પુરુષાર્થી બન્યો. આત્મ પરાક્રમ ખેડનાર બન્યો. તો હું પણ કેમ એવું ન કરી શકું ? કરીશ કરીશ જરૂર ભવ્ય પરાક્રમ કરીશ. એ વિચારબળ કેળવવાનું, ઉજ્જવળ આસમાન જોવાનાં, અંધારી રાત નહિ.

આજના નિરિક્ષણ શક્તિ સંપન્ન અને હજારો સફળ પ્રયોગો કરનાર અમેરિકન માનસ શાસ્ત્રીઓ કહે છે કે તમારામાં જે શક્તિ તમે ધારો છો તેના કરતાં દશ ગણી શક્તિ તમારામાં છે અને આ વસ્તુ તેવાં તેવાં માણસોને પુરવાર થયેલી છે. માટે પહેલી તો તને મારી ખાસ ભલામણ છે કે આત્માની ઉચ્ચ આંતરિક શક્તિઓના મૂલ્યાંકન કરજે. અવમૂલ્યન નહિ.

આચાર્ય ભગવાનનું તારા પ્રત્યે એક અધ્યાત્મનું જ આકર્ષણ હું કારણભૂત માનું છું. તો એ અધ્યાત્મભાવની મશાલ વણબૂઝી અને અધિકાધિક તેજસ્વી કરતો રહેજે. એનાથી જ જાતનું અને જગતનું કલ્યાણ થવાનું છે. જાતેય અનંતા કામ અને વર્તમાન જીવનમાં પણ ભૌતિક ભાવોમાં બહુ રમ્યા. અને જગત પણ, તું જુએ છે ને કે, આજે કેવું ભૌતિક ભાવોમાં અટવાઈ ગયેલું છે ? એમાં તો દુઃખ વિટંબણા અને પરવશતા પરાભવ સિવાય કાંઈ નીપજવાનું નથી.

અધ્યાત્મભાવ એ ટાળવાનો એકમાત્ર ઉપાય છે. જગત દયાપાત્ર છે, પરંતુ એની દયા એનો ઉદ્ધાર કરવા માટે જાતે પહેલાં અધ્યાત્મ રસિક અને અધ્યાત્મમાં

રમણતાં કરનારા બનવું પડશે. તો જ આપણી અધ્યાત્મ દૃષ્ટિ અને દિદારની સામા ઉપર અસર પડશે.

અધ્યાત્મની વ્યાખ્યા 'અધ્યાત્મસાર' શાસ્ત્રમાં કહી છે.

गतमोहाधिकार... અર્થાત્ જેના ઉપરથી મોહનો અધિકાર (વર્ચસ્વ) ઊઠી ગયો છે, એની આત્મહિતને જ ઉદ્દેશીને પ્રવર્તતી વિશુદ્ધ ક્રિયા એ અધ્યાત્મ છે, એમ શ્રી જિનેન્દ્ર ભગવાન ફરમાવે છે. આ અધ્યાત્મને સમસ્ત સાધનાઓ અને સર્વ આત્મોન્નતિનો પાયો કહ્યો છે. એટલે સાધક માત્રે અધ્યાત્મ પહેલું ઊભું કરવું જ જોઈએ.

અનંત પુણ્ય ખર્ચી પ્રાપ્ત કરેલ માનવભવનો ઉચ્ચ સદુપયોગ કરવાની તું ફરજ સમજે છે એથી આનંદ છે, પરંતુ એ સમજ અને સ્વીકારમાત્ર કરી બેસી ન રહીશ.

પુરુષાર્થ વિના સિદ્ધિ નથી. આ મંત્ર ખૂબ રટજે અને શક્ય થાય તે બધો સત્પુરુષાર્થ કરવામાં નિત્ય સજાગ, અપ્રમાદી ઉત્સાહી અને Bearing No Stone Unturnd બનજે.

એક વરસ ગાળામાં એક આદર્શ શ્રાવક તરીકે કુટુંબ જ્ઞાતિ-સમાજ અને ધર્મને સેવા અર્પવાની તારી તૈયારી વાંચીને અનહદ આનંદ. સાથે તારી આ સાત્ત્વિક સર્વતોભદ્ર મંગળ કામના માટે બહુ માન ઉપજે છે, પરંતુ શું કરવું એ સમજાવવા માટે પત્ર બસ નથી. પત્રમાં કેટલું લખી શકાય ! કારણ એ છે કે એમાં એ કુટુંબ જ્ઞાતિ-સમાજ વગેરે આજે ક્યાં ઊભાં છે ! કેવી તાસીર ધરાવે છે. એ પ્રત્યેક પરિસ્થિતિ અને તાસીરના શા શા ઉપકારક ઈલાજ હોઈ શકે એની અનુકૂળ પ્રતિકૂળ કેવી અસરો સંભવિત છે, શક્યાશક્ય શું શું છે, વર્તમાન દેશ-કાળ અને પ્રાચીન॥શાસ્ત્રવચનોને ક્યાં ક્યાં કેટલો સમન્વય થઈ શકે વગેરે વગેરે બાબતો વિસ્તાર સ્પષ્ટતાથી સમજાવીએ એ સમજવાથી નજર સામે ચિત્ર ખડું થાય. એટલે મને લાગે છે કે તારા આ મનોરથોને સાચે જ સફળ કરવો હોય તો અત્રે એક બે દિવસ રૂબરૂ મળી જાય એ અત્યંત જરૂરી છે. એમાં તને હું શક્ય સારો સમય આપી સમજાવીશ. એથી Line Charked Out માર્ગ સ્પષ્ટતા થઈ જશે. નવો જ ભરચક પ્રકાશ તને મળશે. બાકી જૈનગ્રંથો વાંચવા માટે ધર્મબિન્દુ, ધર્મરત્ન પ્રકરણ, શ્રાદ્ધ વિધિ, તત્ત્વાર્થસૂત્ર, ઉપમિતિ ભવપ્રપંચાકથા, અધ્યાત્મકલ્પદ્રુમ, ધાર્મિક શિક્ષણ સંઘના પ્રશ્નોત્તર, આદર્શદર્શન દીપીકા, આપણું પરમતેજ, ઉચ્ચપ્રકાશને પંથે, અમૃતક્રિયાનાં દિવ્યમાર્ગે, ગંગા પ્રવાહ, યોગદૃષ્ટિ, જૈનધર્મનો સરળ પરિચય વગેરે છે.

ધાર્મિક શિક્ષણ સંસ્થાઓનો તું અભ્યાસ કરે, અને તન-મન-ધનથી કામ કરે તો રૂબરૂ ફળ મળે. એમાં અધ્યયન પદ્ધતિ મોન્ટેસરી યોજના, ચિત્રાત્મક શૈલી, ઉન્નતિની વિવિધ યોજનાઓ, આધુનિક ભૌતિક વિકાસ, ઉપાયોની તુલનામાં ઊભી શકે તેવા ધાર્મિક-આધ્યાત્મિક વિકાસ ઉપાયો, વગેરેની સારી સમજુતી પહેલી પ્રગટ કરવી જરૂરી છે.

જૈનકળા, સ્થાપત્ય-ઈતિહાસ, તત્ત્વજ્ઞાનનાં અભ્યાસ માટે તો તારે વિશેષ પરિચય સાધવો પડશે. અને તારી પાસે સારી સામગ્રીની પુણ્યાઈ હોવાથી તું સુંદર સફળતા પ્રાપ્ત કરી શકશે. આ માટે તારે એક સર્વાંગીણ જૈન સ્કોલર બનવું ઘટે. એ માટે એ બધી માહિતી નિખાલસ અને તટસ્થ દિલે હું તને રૂબરૂમાં આપીશ.

તેં માંગેલી માહિતીમાં (૧) ગ્રંથોના નામ ઉપર લખ્યા છે. (૨) જૈન સંસ્થાઓ કઈ પૂછે છે, ધાર્મિક જ્ઞાન સંબંધી ત્યાંનો ધાર્મિક શિક્ષણ સંઘ છે. પૂના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ છે. મેસાણા પાઠશાળા છે. (૩) જૈન પ્રકાશનો નિયમિત તરીકે કલ્યાણ, જૈનપ્રવચન, દિવ્ય દર્શન, મહાવીર શાસન, જૈનધર્મ પ્રકાશ વગેરે નીકળે છે.

(૪) ધાર્મિક-પરીક્ષાઓ-ધાર્મિક શિક્ષણસંઘની, તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની તથા રાજનગર ધાર્મિક-ઈનામી પરીક્ષા સારી છે.

(૫) ગ્રંથાલયોમાં મોહનલાલજી જૈન લાયબ્રેરી, કોટ ઉપાશ્રય મંડળ, દાદર જ્ઞાનમંદિર બાકી બહારગામ તો કેટલાય છે.

(૬) આદર્શ શ્રાવકના ગુણોનું પુસ્તક, શ્રાદ્ધવિધિ, હિતશિક્ષાનો રાસ, શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રવૃત્તિ અને ધર્મરત્નપ્રકરણ.

તારા પત્રથી આશ્ચર્ય શા માટે થાય ? ખૂબ આનંદ થાય છે. આજે જૈન સંઘને બહુ જરૂર છે. એ વખતે તારાં જેવું રત્ન સંઘ-શાસનની સેવા કરવાં તૈયાર થાય એ સંઘનાય અહોભાગ્ય.

પ્રશ્નોના ઉત્તરમાં :-

(૧) ચારિત્રનો ઉદય, રાગદ્વેષાદિ કષાય મોહનીય કર્મ, અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનાવરણ કર્મનો ક્ષયોપશમ યાને નિયત નાશ થાય ત્યારે આવે. દીક્ષા લેતા પહેલાં તૈયારીમાં ચારિત્રને યોગ્ય ૧૬ ગુણોની પ્રાપ્તિ કરવી જોઈએ. **ચારિત્ર લેતાં પહેલાં** સંસાર અને આત્માના સ્વરૂપને બરાબર ઓળખાવે તેવા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાનો, અને વર્તનમાં વિષયાસક્તિ તથા કષાયાવેશ ઓછાં કરે તેવા ત્યાગ-તપ અને અર્હદ્ ભક્તિ-સત્સંગ સામાયિકાદિની ચર્યા આદરવાની.

(૨) જ્ઞાન આત્મામાં પરિણત બને. અર્થાત્ જ્ઞાન ત્યાજ્ય અને આદરણીય તરીકે જે તત્ત્વો બતાવે છે, તેના તેના પ્રત્યે તદનુરૂપ વલણ ઊભું થાય **ત્યારે તે જ્ઞાનરૂપ કહેવાય.** જ્ઞાનીના લક્ષણમાં આ વલણ, એવી વાણી અને એવી વિચારણા સાથે શક્ય અમલ આવે. જ્ઞાન ટકાવવા માટે જ્ઞાનાચારોનું પાલન અને વિરોધી તત્ત્વોથી શક્ય દૂર રહેવાનું કરવું પડે.

(૩) જગતનાં જીવોમાં પ્રવર્તતું અજ્ઞાન ઇંદ્રિય વિષયોના રાગ અને ક્રોધાદિ કષાયોનાં આંધળા આવેશને લઈને, જે અનાદિથી છે. ચરમ પુદ્ગલ પરાવર્તકાળમાં જીવ આવે ત્યારે જ તે ઘટે છે.

(૪) જ્ઞાનની ભૂમિકા પક્વ થતી જાય તેમ તેમ અશુભ વિચારવાણી-વર્તાવ મંદ પડે અને શુભ ઉલ્લસિત થાય. એથી-

આત્મચિંતા મુખ્ય રાખીને આત્મહિતની પ્રવૃત્તિમાં સવિશેષ ઉજમાળ રહેવા જેવું છે. કેમ કે માનવસમયની કિંમત એના લીધે જ છે. ઉચ્ચકોટિનાં આત્મહિત માનવ સમયમાં જે સાધી શકાશે એ અન્ય દેવભવના સમય જેવામાં પણ નહિ સાધી શકાય. એ ખૂબ જ ધ્યાનમાં રહે.

વિચારવાનું એટલું છે કે સાધના માટે કેટલીકવાર **જે આપણે વાયદે રાખીએ છીએ તેમાં કાંઈ વધુ નુકસાન છે ?** ત્યારે એ વિચારતા મોટું નુકસાન એક એ દેખાય છે, કે વાયદે મૂકતા મૂકતાં આપણી જુગજુની ધર્મની ઉપેક્ષાવૃત્તિ કે અલ્પમૂલ્યાંકનની આદતના કુસંસ્કાર દૃઢ બનતા જાય છે. તાજા થાય છે, અને તે ખતરનાક નીવડે છે. આનું કારણ એ છે કે વર્તમાનમાં આપણને કર્મનું મહત્ત્વ ધર્મની અત્યંત આવશ્યકતા સમજવા મળેલ છે. હવે છતાં ધર્મને વાયદે ચઢાવીએ છીએ એટલે સહજ છે કે હૈયું ધીમું કરવું પડે છે. કિંમત ન સમજતાં હોત અને ઉપેક્ષા કરી હોત તો એટલી ધિક્કાર કરવી ન પડત. સાધુની કિંમત ન સમજનારા, સાધુને ન ઓળખનારા સાધુની અવગણના કરે એ એટલો કઠોર દિલનો નથી. જેટલો કઠોર એક સાધુને ઓળખનારાં છતાં સાધુની અવગણના કરનારો છે. એજ ન્યાયે ધર્મની કિંમત ધર્મનું મહત્ત્વ સમજેલા આપણે ધર્મની ઉપેક્ષા કરીએ, ધર્મને વાયદે ચઢાવીએ, એમાં દિલ ધીઠું બનાવી જુના ધર્મ-ઉપેક્ષાના કુ-સંસ્કારને મજબૂત કરીએ છીએ.

માટે જ્યાં જ્યાં જેમાં તન-મન ધનની શક્તિ પહોંચે છે ત્યાં ત્યાં સુકૃત સદ્વર્તાવ, સદ્ વિચાર, સદ્ વિનિયોગ કરવામાં વાયદે વાત નહિ. તત્કાલ અમલ રાખવો જોઈએ. તન-મન-ધનની સુકૃતની સોનેરી તક ગુમાવવાનો અને ધર્મ-ઉપેક્ષાના કુસંસ્કાર દૃઢ થઈ જવાનો ભય ખૂબ કેળવો.

પ્ર.-અંતર્મુખતા[1], સ્થિરતા[2] અને ઉદાસીનભાવ[3] રાખવા શું કરવું ?

ઉ.-આમાં અંતર્મુખતા અખંડિત રાખવા માટે હવે ખૂબ ચોકસાઈ રાખી દરેક પ્રસંગ-ચાહ્ય નજર સામે બનતો કે સ્મરણમાં આવતો-હરેક પ્રસંગ તત્ત્વદૃષ્ટિ એ નિહાળાય-વિચારાય. જીવનો પ્રસંગ હોય તો જીવ કેવા કેવા કર્મપ્રેર્યો કેવા કેવા ભાવ અનુભવે છે, પુદ્ગલનો પ્રસંગ હોય તો આપણા શુદ્ધ અને વૈભાવિક સ્વરૂપ સાથે એને શો મેળ ?... ઇત્યાદિ વિચારણા રાખવી.

સ્થિરતા અખંડિત રાખવા પ્રભુનું સ્મરણ, યા ચૈત્યવંદનાદિ ક્રિયામાં તેમજ શુભ ભાવનામાં સ્થિરપણે ઉપયોગ ચલાવવો. આમાં બીજા ત્રીજા વિચારાદિના વિશે આવવા જાય અને તે ઉપયોગ ભંગ કરવા જાય, પરંતુ આપણી સાધનાની એક એવી ઇચ્છા ઊભી કરી રાખવી કે 'મારે તો આનું જ કામ છે.' તેમજ આંખ અડધી પોણી મીંચી મનની સામે આંખની ભમરની આરપાર સૂત્ર અક્ષર અથવા અર્થ-પદાર્થની આકૃતિ પર નજર રાખવી એથી વિક્ષેપ-ઉપયોગ ભંગ ઓછો થશે.

ઉદાસીનતા અખંડ રાખવા વિચારવું. ભવિતવ્યતાના અનંતકાળના પટમાં નિર્ધારિત થઈ ગયેલા ભાવો બનતા આવે છે. એની સાથે આત્માના શુદ્ધ સ્વરૂપને માત્ર જ્ઞાતૃદૃષ્ટૃભાવ સિવાય બીજો કોઈ સંબંધ નથી, તેથી બીજી ત્રીજી વિચારણા અને રાગાદિ કર્યા ફજુલ છે એ વિચારવા પરની વેઠ આપણે શા સારું મન પર લેવી ? બનવા દો બનતું હોય તેમ. બસ, હવે બહાર સાથે બધા જ માનસિક સંબંધ કાપી નાખવા.

અરિહંત કે સિદ્ધ ભગવાનના સ્વરૂપનો ૧. ગદ્ગદ દિલે, ૨. ઉછળતા વધતા ઉલ્લાસથી અને ૩. જાણે આપણે આત્મસાત્ કરવા મથી રહ્યા છીએ. એ રીતે ચિંતવવું. મન એમાં જ પરોવી રાખવું.

'જીવનમાં જ્ઞાન, તપ અને સંયમની ભગીરથ સાધના જરૂરી છે. કેમકે આત્માની મૂઢતા, કાયાની સુખશીલતા અને મનનો ઉકળાટ. આ ત્રણ કારણે સંસાર છે. જ્ઞાન મૂઢતાને, તપ સુખશીલતાને, અને સંયમ ઉકળાટને હટાવનાર છે. સંસારના દલાલોએ માંડેલા ઊંધા હિસાબ-ધોરણ આત્મા રાખ્યા કરે એ એની મૂઢતાછે. કાયા આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાને મહત્ત્વ આપી વર્તે એની જ અનુકૂળતાની વલણવાળી રહે એ એની સુખશીલતા છે. અને મન રાગ, દ્વેષ, હર્ષ, ખેદ, સ્વચ્છંદાચારાદિમાં ડૂબાડૂબ રહે એ એનો ઉકળાટ-ઉધમાત છે. આ જીવના મહારોગો છે. સર્વજ્ઞ ભગવાન જેવા ધનવંતરીએ જ્ઞાન, તપ-સંયમની મહાચિકિત્સા, એ રોગો નાબૂદ કરવા માટે આપણને ભેટ કરી છે. ભગવાનને માથે ધર્યા પછી ભગવાનના જ પ્રકાશે શક્ય પુરુષાર્થ કરી અનંત કલ્યાણને નિકટ થાઓ એ શુભેચ્છા.'

પીંડવાડા, મહા સુદ-૧૧

તમારા દરદની વિગત જાણી. વિશિષ્ટ દરદમાં પણ સમાધિ જાળવો છો તે જાણી આનંદ થાય છે. ખરેખર ભગવાન જિનેશ્વર દેવના વચનથી દેહ-આત્માના ભેદનું સચોટ જ્ઞાન અને પરલોક દૃષ્ટિ જાગી ગયા પછી આવા દરદોની પાછળ કામ કરી રહેલ આત્માના પૂર્વના અનુભવ મન-વચન-કાયાના-યોગો અને તેનાથી ઉપાર્જિત કર્મ તરફ મુખ્ય દૃષ્ટિ રહે છે, એટલે વર્તમાન પીડા બચારી એક નિર્ધારિત હકીકત જેવી દેખાય છે. સાથે એ પણ ધ્યાનમાં રહે છે કે અશુભ કર્મે શરીર તો બગાડ્યું પરંતુ હવે જો આપણે એમાં મન બગાડ્યું તો કર્મની નવી લોથ ઊભી થશે. આમેય પૂર્વના કર્મ વેઠવાનાં તે તો વેઠવાનાં જ છે પછી મન શા માટે બગાડવું ?

ખરું જોતાં વેદના-પીડા શરીર સાથે સંબંધ ધરાવે છે. આત્માને સહન કરવું પડે એટલું જ, પણ એનું બગડવાનું કાંઈ હોતું નથી. પુદ્ગલના ધર્મ પુદ્ગલ બજાવે, તો આત્માએ પોતાનો ઉદાસીનભાવ સંયમ, સમત્વભાવ વગેરે ધર્મો શા માટે ન બજાવવા ?

શરીર એ રોગનું ઘર છે. એટલે રોગ ઓછા પ્રગટ દેખાય એટલું આશ્ચર્ય જ છે. માત્ર જગતની અને જૈનની જોવાની દૃષ્ટિમાં ફરક છે. જગત તકલીફમાં ગુમાવવાનું જુવે છે. અને જૈન એમાં પાપક્ષય કરવાનું જુવે છે.

બીજું એ પણ છે કે તકલીફમાં મનને એમ થાય છે કે આરાધનામાં અંતરાય આવ્યો, પરંતુ વિચારવું તો એ જોઈએ કે સમાધિનું મૂલ્ય શાથી છે ? એ કર્મ નિર્જરા,સકામ નિર્જરા કરાવે છે માટે જ ને ? તો અશાતા વેદનીય ઉદયમાં પણ જો સમાધિથી વેઠી લઈએ તો મહાન કર્મક્ષય થાય છે. એટલે રોગ અશાતાને શાંતિથી વીરતાથી સહી લેવી એ પણ એક મહાન આરાધના બની જાય છે. ઉદયમાં આવેલ કર્મ તો નિર્જરા છે, સાથે શુભ અધ્યવસાયથી બીજાં પણ અશુભ કર્મો ખપે છે. આ સકામ નિર્જરા છે. એમાં આરાધના જ છે. વિશેષતઃ સત્ત્વવાળી આરાધના છે. આત્માનું સત્ત્વ ખીલે છે. ઓજસ વધે છે. અને ભાવી નિર્ધારિત પ્રસંગો સામે આત્મા એક અધિકાર્ય દ્રવ્ય બની જાય છે.

રોગ શું ચીજ છે ? આત્માના જ્ઞાનાદિમય અનંત અનુપમ સૌંદર્ય આગળ એની કોઈ સત્તા નથી. સનત્કુમાર ચક્રવર્તીએ આત્મસૌંદર્યના પૂજારી બની રોગોને તુચ્છ ગણિ કાઢ્યા તો જ એ શાસ્ત્રનાં પાને ચઢ્યા, અને આત્માનાં ઉત્થાન સાધી શક્યા.

આ બધી વિચારણા રાખી વ્યાધિના કટુપણા નિમિત્તને પામીને શુભ

ભાવનાઓના વિશેષ સિંચન કરવાનું અને મનોરત્નને નિર્મળ કરવાનું ચૂકશો નહિ. સાથે અરિહંત પ્રભુના અચિન્ત્ય પ્રભાવને શાસ્ત્ર જે કહે છે, તેના પર અથાગ શ્રદ્ધા રાખી અર્હદ્ ભક્તિમાં વિશેષ ઉદ્યત બનશો. બાહ્ય જગત એનું તંત્ર ચલાવ્યે જાય છે આપણે આપણા અંતર્યંત્રને સારી રીતે લાભમાં ઉતરે એ રીતે ચલાવવાનું છે.

• • •

એટલે જ આ સંસારમાં જીવને માટે તકની મોટી કિંમત છે. માનવ જીવન અને સાથે જિનશાસનની પ્રાપ્તિ હવે અનેરી તક છે. એ ભૂલશો નહિ. તકના અવસરે બીજા ત્રીજા હિસાબ માંડવા બેસે, ને 'મારે હજી આ કરવાનું છે, આ પતાવવાનુ છે, આ ગોઠવવાનું છે... વગેરેમાં લપટાઈ' તેથી હાલ આત્માનું કરવાનો ક્યાં અવકાશ છે ? એમ આત્મહિતની ઉપેક્ષા કરે એ ભારેખમ મૂર્ખાઈ કરે છે. તમે તો સુબુદ્ધ છો, જિનશાસનનો અનુપમ વિશેષતાને સમજેલા છો તેથી તકની કદર કરજો. રાઈના ભાવ રાતે વહી ગયા જેવું ન થાય એ જોજો. બે વરસની લિમીટમાં વરસ એક થવા આવ્યું. હવે વર્ષીદાનનાં પ્રારંભનો અવસર આવ્યો ગણાય.

વિચાર એટલો જ કરજો કે જે દેવદુર્લભ મન-વચન-કાયાનો પુણ્યશક્તિઓ મળી છે એનો ઉપયોગ શો હોઈ શકે ? વિલાયત જનારને રૂા. લાખોની લોન કોઈ આપે તો એ લઈ ત્યાં એનો સદુપયોગ શો કરે તે ઉચિત ગણાય ? જગતમાં બધું મળે છે અને મળેલું નિબુદ્ધિક મગજે વેડફીય નખાય છે, પરન્તુ જેમ માનવદેહ અને માર્ગાનુસારી વિશિષ્ટ બુદ્ધિ મળવી અને એનો સદુપયોગ થવો એ દુર્લભ ચીજ છે એમાં પાછી જવાની ન થવી જોઈએ.

(૧) શાસનનું આપણા પર અથાગ ઋણ છે એ અદા કરવા, તેમજ

(૨) આત્મા પર જનમ જનમના કર્મ-કુસંસ્કારના ભાર છે એને હેઠે ઉતારવાં આજથી જ ભગીરથ સત્પુરુષાર્થ આદરી દેવાની જરૂર છે.

પૂર્વભવની મહાસાધના અને ધર્મ... આંતરિક પુરુષાર્થ તથા બાહ્ય સંયમ જીવનનો પ્રભાવ અજબ છે. આત્માને મહાશૂરવીર બનાવે છે. માટે જિન-જિનશાસન પામી એને બરાબર વળગી રહેવાનું તથા વૈયાવચ્ચ આગળ વધવાનું અંતરાય તોડવા તથા તજવા ધર્મધ્યાનમાં ઉપાય રાખવો.

કાળના ભરોસે રહેતા નહિ. શુભસ્ય શીઘ્રમ્, તારક શાસન મળ્યા પછી તમારા સંસારની બહુ વેઠ કરવી શોભે ખરી ? વગેરે કાંઈ નાના કીકા કે અણસમજુ નથી, તો હવે શા સારુ ષટ્કાય જીવોના સંહારમય અને પાપી પરિગ્રહ સંબંધી ચિંતા એક મુમુક્ષુ એવા તમારે કરવી જોઈએ ? હવે જો નજીકમાં અનંતા જીવોને

અભયદાન દેવાં છે તો અત્યોઅંતે ઉમળકા હૈયે નથી ઉછાળવા ? જો પરિગ્રહ-મમતાનું ઝેર સદંતર ઓકી કાઢવું છે તો હવે એની પાકી સૂગ ઉભી નથી કરવી ?

મહાનુભાવ ! જડને મહત્ત્વ આંકવા હવે રહેવા દો બહુ થયું. હવે તો આત્માનાં મહત્ત્વ આંકો. જડ તો બધું અહીં પડ્યું રહેશે. પણ **એની વાસના-મમતા આત્મામાં સીલપેક કરેલી પરલોકમાં સાથે લાગી** ભારે ત્રાસ આપશે માટે આત્માને બચાવી લો એ પાપ મહત્ત્વથી એને છોડાવો.

બાકી ગુસ્સો કરે છે, દેખો છો, પરંતુ તમને એના અખૂટ વૈરાગ્યની કદર છે ? તમારા નસીબમાં એ વૈરાગ્યની અનુમોદનાનોય ધર્મ નથી ? અને ગુસ્સા અંગે માત્ર દ્વેષનું પાપ કરવાનું જ ભાગ્ય છે ? વિવેક કરો, તીર્થંકર ભગવાન અંતે સિદ્ધ ભગવાન જે વિરાગીને મહાન ગણે છે તેથી ઊલટા ન જાવ.

• • •

શ્રાદ્ધરત્ન જોગ,

તમારી વધુ શારીરિક અશક્તિ જાણી, તેથી ચાલુ ધર્મપ્રવૃત્તિ અટકી પડી જાણી ખેદ થાય છે, પરંતુ તથાવિધ પુદ્ગલના ક્રમ પ્રાપ્ત પર્યાય એ એક હકીકત બની ગઈ. જગતના વિવિધ ભાવો પૈકીનો એક નિશ્ચિત વિભાગ સમજી એના તરફ લેશ પણ ખેદ કંટાળો લાવ્યા વિના અરકત-અદ્વિષ્ટ-જ્ઞાતૃ-દૃષ્ટભાવ જ જાળવવો ઉચિત છે.

સૂઈ રહેવું પડે તેમાંય અફસોસી કર્યા વિના ૨.૨, ૫.૫, મિનિટનાં પાદપોપગમન અનશનનો અભ્યાસ ધારવો. જાણે બે મિનિટ માટે આપણે બધું વોસરાવ્યું. માત્ર નજર સામે અરિહંત ભગવાન કે અનંતા સિદ્ધ ભગવાન ધારવાનાં અગર 'નમો સિદ્ધાણં' એટલા અક્ષર પર "મન" જોડવાનું. એમાંય જાપની સંખ્યા વધુ થાય એ હિસાબ નહિ રાખવો. પરંતુ બહુ ધીમેથી ન... મો.. સિ..દ્ધા...ણં.. ન... મો...એકેક એકેક અક્ષર ઠેરાવી ઠેરાવીને ધારવો. એમાં મગજને શ્રમ ઓછો અને એકાગ્રતા સારી થશે.

બીજુ એ એક ખાસ કરવાં જેવું છે કે અરિહંત ભગવાન લોગસ્સ વગેરેમાં મનથી ધારીએ તે જીવંત ગુલાબી કોમળ કાયાવાળા ધારવાના, પરંતુ એ કાયા અત્યંત ઠંડક "Ice-cold" જેમાં કોઈ જ રાગ-દ્વેષાદિ વિકાર ઉકળતા નથી. એવી ધારવાની અને એની એવી જ અસર આપણાં આત્મામાં અનુભવવાની. એમ સિદ્ધતા અત્યંત નક્કર ઘન, તદ્દન સ્થિર પ્રદેશ, જેમાં કોઈ જ રાગાદિ કે યોગનો કંપારો નથી. એવા સ્થિર ધારવાનાં અને સ્વાત્મામાં એનું પ્રતિબિંબ લેવાનું.

શારીરિક શક્તિ ક્ષીણ થયાનો કોઈ વિચાર જ કરવો નહિ, એ તો પરનો વિચાર છે, બાહ્ય ભાવ છે, એ સ્વમાંથી ચલિત કરશે. હવે તો અંતર્મુખ જ રહેવું જોઈએ. તમે તો એક શાસન સુભટ છો. એટલે શાસનનાં **જીવંત પ્રતિક તરીકે** ભારે સહિષ્ણુ બની મરદાનગીથી અંતર્મુખ બન્યા રહેવાનું. શાસન પ્રત્યેની આ ધગશ અને અમલપણું તીર્થંકર નામ કર્મને સુલભ બનાવે છે. એ પુણ્ય હાંસલ કરી જગદ્ઉદ્ધારક તમે બનો એ શુભેચ્છા.

• • •

રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ રહેવું. વિશ્વમાં સર્વ જીવ વલ્લભ અને એકાંત યશસ્કર જીવન જ્ઞાન-તપ-સંયમનું જીવન જ છે, આ આરાધવાની મહાદુર્લભ તક સાંપડી છે. એને સફળ કરવી હોય તો મૂઢ અજ્ઞાન જીવોથી જીવાતા સંજ્ઞામય, મૂઢતાશ્રય, સૂખશીલિયા, ને અસંયમી જીવનને તિરસ્કારપૂર્વક દૂર રાખજો, મન પર ભારે દબાણ રાખી આચારાંગનું **"जाए सद्धाए निक्खन्तो, तमेव अणुपालिज्जा।"** વચન ખૂબ રટવું. જે શ્રદ્ધા-વૈરાગ્યથી ચારિત્ર લીધું, તેને બરાબર જીવંત રાખવા, તેને અનુસાર જ ત્રિવિધ યોગ પ્રવર્તે એવી જબરદસ્ત તકેદારી રાખવી. એવું જીવન એ ખરેખર અરિહંત પ્રભુનું સ્વાત્મામાં હજૂરાહજૂર સાનિધ્ય છે.

• • •

તમારે ધર્મસાધનાં સારી રીતે ચાલું હશે. અત્રે ગામ પૂરતાં ઉપધાન સારા ઉજવાયાં. અંદાજ ૬૦ માળ હતી. ઉપજ રૂા. ૩૬૯૩૭ હજાર થઈ. વિશેષતા એ હતી કે આરાધકો રોજ નવા નવા વ્રતનિયમો લેતાં અને જીવન સંભારણાં ઊભાં કરતા. તમે દૂર પડી ગયાં. બાકી સારું પ્રોત્સાહનનું કારણ હતું. આખો મહિનો અમારી સાથે સ્થિરતાં કરી વ્યાખ્યાનાદિનો લાભ લેવાનું લેણું હજી ઊભું છે. એ ધ્યાનમાં હશે ?

જીવન તો ઘોડાપૂરની જેમ વહી ચાલ્યું છે. માત્ર પશુ જીવન કરતાં બહું ઉંચા સ્તરનું આ જીવન યોગ્ય રીતે સાર્થક થાય એ જ ખાસ જોવાનું છે. આ જીવનની વિશેષતાં આહાર-વિષય-પરિગ્રહની કંગાળ વેઠથી નથી. રાગદ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયોની બેફામ ભયાનક વિકાર રોગોમાં સબડ્યા રહેવાથી નથી. હિંસાદિ પાપસ્થાનકોની ગોઝારી રમતથી નથી, પરંતુ એ સર્વનાં ત્યાગ કરી નિર્મળ જ્ઞાન-તપ-સંયમનાં ચોવીશેય કલાકનાં અનુષ્ઠાનોથી છે. એ ન ભૂલશો. આ બધું જીવનમાં ઉતારી શકાય એવું માનવજીવન પામવા તમે પુણ્યશાળી બન્યા છો. તો જરૂર એ પુણ્યને લેખે લગાડો.

અનાદિ કાળનાં ઊંધા હિસાબ જીવે માંડી રાખ્યા હોય છે. તેથી જ આ ભવાટવીમાં રુટાય છે, તો હવે એ હિસાબો પડતા મૂકો. હવે તો નિજની અનંતાકાળનાં દીનદુઃખી, રીબાયેલાં, કચરાયેલાં, આત્માનો ઉદ્ધાર કરો. એની દયા કરો, ચિંતા કરો અને ભવ્ય જિનશાસનનાં આલંબન પકડી ખૂબ ઉન્નતી સાધો.

•

પંચાચારના દરેક અંગોનાં પાલનમાં મન, વચન, કાયાની કિંમતી શક્તિઓને ખૂબ સારી રીતે વાપરતા રહેવું. કાળ કાળનું કામ કરે છે. અને જગત એના રાહે ચાલે છે. તો આપણે કેમ આપણા કાર્યમાં મસ્ત ન રહેવું ? આપણી કિંમતી પુણ્યશક્તિઓને એ ખોવાઈ જાય એ પહેલા બરાબર કામે લગાડી દેવી જોઈએ. અંદરનો મોહ ચોર પ્રમાદ કરવા પ્રેરણા કરવાનો પરંતુ આપણે અપનાવેલો વીરનો માર્ગ આપણને સાવધાન કરે છે. કે 'ખબરદાર ! મોહને ચમક આપી તો ?' માટે બધા ખૂબ ખૂબ જ્ઞાનધ્યાનમાં રહેજો. 'ધ્યાન' એજ કે ક્રિયામાં અને શ્રુતમાં મન તન્મય થયેલું જ રહે. કાંઈ જડ પુદ્ગલના કે આડા અવળા વિચારોના ભૂસા મગજમાં પેસવા જ નહિ દેવાના. તો જ મન સ્વચ્છ અને સ્વસ્થ રહે છે. આત્મસ્વભાવ તરફ પ્રગતિશીલ બનજો. મનથી જડના સ્વભાવ ડહોળાઈ કાંઈ હાથમાં નથી આવતું. 'સાપ ખાય ને મુખ થોથું.' માટે પૂર્વના પવિત્ર મહાપુરુષો સતા-સતીઓના જીવન આંખ સામે રાખી વિદ્યા સાધકની માફક આરાધના મગ્ન રહેવું. રાતના પણ કાઉસ્સગ્ગ, ખમાસમણા ઉત્કટ આસન વગેરેથી પ્રવાહને ટાળી શકાય મનને શ્રુત અને શુભ ભાવનાથી ખૂબ ખૂબ વાસિત કરવું છે. એ લક્ષ જાગૃત રાખવાથી પ્રમાદ હટાવી શકાય. એ લક્ષ સાથે મન સામે સૂત્રના અક્ષરો યા એના ચિત્રો રાખવાથી પ્રમાદ નથી આવતો.

• • •

મુમુક્ષુ જોગ,

પરિસ્થિતિ જાણી જરાય મુંજવણ કરવાની જરૂર નથી. સંસારનાં દલાલો સંસારને જ જાણવા માટે જેટલું નહિ કરે તેટલું ઓછું, પણ એની સામે, મુક્તિનાં રસીયા બનેલાં એને સનેપાત સમજી દયા જ ખાય, અને પોતાનાં વૈરાગ્ય માર્ગમાં ઊલટું વધારે મજબૂત થાય કેમ કે એને એ પ્રત્યક્ષ જોવાં મળ્યું કે બિન સાવધાન માણસને મોહ કેવો અને કેટકેટલો સતાવી જાય છે ! ત્યારે આપણને જો અનંતજ્ઞાની અને આપણા પર અપરંપાર કરુણા વરસાવનારા તીર્થંકર ભગવાનનાં તત્વ અને મોક્ષ માર્ગનો પ્રકાશ મળ્યો છે. તો પછી એવાં મોહથી ખૂબ જ ચેતતા રહી એની વિશેષ અવળ ચંડાઈ જોઈ એને વિશેષ ઓળખી લઈએ.

માતાનાં મોહનું લખ્યું પરંતુ એ મોહ સ્વાર્થ અથવા અજ્ઞાનતાના ઘરનો હોય છે, તેથી જ પ્રેમનાં એ આભાસમાં એમને સામાના આત્માનું શું થશે ? અસંખ્ય હલકા અવતારો લઈ આટલાં ઊંચા માનવ અવતારે આવેલો આ અમારો સ્નેહી બીચારો પાછો, વિષયકષાયમાં મગ્ન બની કેટલે નીચે પટકાઈ પડશે ? એનો કોઈ વિચાર નથી હોતો, કોઈ દયા નહિ ! આ અજ્ઞાનદશા છે, આપણે એમની દયા ખાવાની છે કે 'આમનું બિચારાનું મોહમાં શું થશે ? સંસાર પ્રવાહમાં કયાં ઘસડાઈ જશે ? પ્રભુ ! એમને સદ્‌બુદ્ધિ મળો.'

દયા ખાવાં ઉપરાંત આપણા આત્મા માટે તો જાગતા જ રહેવાનું, કાળ, કર્મ અને જગતના ભરોસે નહિ રહેવાનું, ત્રણેય ઠગારા છે. કર્મે સીતાને ૩-૩ વાર ઠગી. જનક રાજાને ત્યાંથી આવા દશરથ નંદન પતિ મળે છે, સુખી થઈશ. એ વિશ્વાસ ભગાયો અને વનમાં ધકેલાવું પડ્યું. ત્યાંય વિશ્વાસે હતી કે ખેર ! પતિની છાયા છે એ મહાસુખ છે' એ વિશ્વાસનો પણ ભંગ થયો. રામના કહેવાથી ત્યાંથી અયોધ્યામાં આવ્યા, હવે આશા એમ હતી, ચલો આફતમાંથી છૂટ્યા ત્યાં પણ વિશ્વાસ ભંગાયો અને ગર્ભિણી હાલતમાં જંગલમાં ત્યજી દેવાઈ. ત્યારે હવે પછી અગ્નિદિવ્યમાં પાણીની વાવડીનો ચમત્કાર થયો અને જય જયકાર થવા સાથે રામ-લક્ષ્મણ-અયોધ્યા લઈ જવા માગે છે. આ ચોથીવાર વિશ્વાસ બેસવાનો પ્રસંગ આવ્યો *ત્યાં એણે વિશ્વાસ છોડી દીધો 'હવે કર્મથી વધુ ઠગાવાનો મોખ નથી.'* એમ વિચારી સીધો લોચકરી મુનિ પાસે જઈ દીક્ષા લીધી.

જૈન ઈતિહાસ આવાં કંઈ પ્રસંગો બતાવે છે. એ લક્ષમાં રાખી, કયાંય પણ ભરોસે ન બેસતાં વહેલી તકે દેવગુરુ-સંયમનાં શરણે બેસી જવું હિતકર છે. સાંભળ્યું છે કે બારમાસની અવિરતી કબૂલાત આપી છે, પરંતુ એ પાપની કબૂલાત છે.પાપની પ્રતિજ્ઞા પાળવાની હોય નહિ. વિશેષ માર્ગદર્શન અત્રે રૂબરૂમાં મળી શકશે.

આત્માની ઉન્નતિ માટે વૃત્તિઓમાં સંયમન અને જીવો પર ભાવદયા, આ બેનો અભ્યાસ બહુ જરૂર છે. જ્યાં જ્યાં કષાય અને પાપયોગોનો પ્રસંગ હોય ત્યાં ત્યાં એની વૃત્તિ-પ્રવૃત્તિ ઉપર નિગ્રહ. કોઈને કોઈ ઓછું કરવું એ સંયમન ત્થા જીવો બિચારા કર્મવશ છે. એમને સદ્‌બુદ્ધિ આપો જેથી એ પાપ અને કષાયોથી બચે એ ભાવકૃપા - આના પર વ્યાપકપણે વિચાર કરી શક્ય કરવું.

• • •

નવા વર્ષમાં વિશેષ બળ, સ્ફૂર્તિ, ઉલ્લાસ અને નિર્ધાર સાથે અમૂલ્ય મન-વચન-કાયાની શક્તિઓને વ્યાપકપણે સંયમન અને ભાવદયા તથા શુભ રમણતામાં લગાડી દો. અંતર્મુખતા વિશેષ વધુ પ્રમાણમાં વિકસાવવા આ જન્મ ઈંદ્રિયોને ભેષવા નથી. બે ભાવ વારંવાર જાગૃત રાખી આત્માને અમૂઢ અસુખશીલ અને રાગાદિ ઉકળાટ વિનાનો બજાવતા રહો એ શુભેચ્છા.

• • •

તારા પત્રમાં બીજી બાબત લખી તે અંગે જરાય વિકલ્પોમાં પડવા જેવું નથી. એક વાત તો તું અનુભવથી જુએ છે કે વાસના સંયોગ પાસે છે માટે જ નિર્બલતા અનુભવાય છે. સંયોગોથી દૂર રહ્યો અને પ્રતિપક્ષી સંવેગ વૈરાગ્ય વર્ધક શાસ્ત્ર વચનો તથા સંયમી મહાત્માઓના સંયોગમાં રહ્યે આત્મામાં અનેરું જોમ પ્રગટે છે. અમારો આ અનુભવ છે. મોટી મોકાણ નરસા સંયોગોની છે. અને આત્માની વાસનાઓને મોળી પાડવી હોય તો રસ્તો આજ છે કે એના સંયોગો અને પ્રવૃત્તિથી દૂર રહેવું. બાકી જો ડર્યા જ કરે કે "સંસારમાં નબળાઈ દેખાય છે તો સંયમ જીવનમાં તો શું ય થાય ?" અને તેથી જ સંસારમાં વાસનાનું પોષણ કર્યે જાય તો શું એ ઉંચે આવે ? અનંતાકાળ એમ જ બગાડ્યો છે. જ્યારે અને ત્યારે એનાથી આઘા રહી વિરોધી-વૈરાગ્યાદિની ભાવના શ્રવણ પ્રવૃત્તિ રાખ્યા કરો તો ધીરે ધીરે વાસના ઘસાય. આના પર પુષ્ન વિચાર કરજે. ઊંધા હિસાબ માંડતો નહિ.

બાકી શ્રાવક જીવનમાં રહે ત્યાં સુધી પણ વિકારોને શમાવવાને તૃપ્તિ અનુભવવા માટે ભગીરથ પુરુષાર્થ રાખવો જ પડશે. એ માટે સુદર્શન શેઠ વિજય-વિજયા, સીતાજી, મદનરેખા વગેરેનાં દૃષ્ટાંત ખૂબ મનન કરવા જેવા છે.

(૨) આત્મામાં નિર્વિકાર સ્વરૂપનો વિચાર રાખવો. વિકાર એ તો રોગ છે, ભયંકર રોગ છે. પ્રભુએ એ વિકારો દૂર કરી જેમ શીતલ હેમ જેવા બની ગયા. કોઈ જ ઉગ્રતા, ઉકળાટ પણ જ નહિ. એવા શીતલ હેમ ઠંડા પ્રભુનું આલંબન રાખી હું પણ શીતળ બનું. બાકી કાયાની ઝણઝણાટી વગેરે વિકારો સામે મારે શી લેવા દેવા ? હું ગુલામ નથી. હું માલિક છું મારે એ વિકારોની પડી નથી વગેરે વિચારણા ભાવના કરવાની.

(૩) વાસના વિકારોને પોષ્યે રાખ્યાથી પરલોકમાં ઠેઠ નરકની અગ્નિમય-પુતળીઓને ભેટી ઉભા સળગવાની વગેરે પીડાઓ ઉભી થાય એનો ભય કેળવવાનો.

(૪) બને તેટલો વિગય ત્યાગ - રસ ત્યાગ આંબેલ વગેરેનો અભ્યાસ વધારવો. ખાસ કરીને દૂધને બંધ કરવું.

(૫) ઉત્તમ ધર્મ પુસ્તકોનું વાંચન રાખવું. રોજ પ્રભાતે ગદ્‌ગદ દિલ પ્રાર્થના કરવા કે પ્રભુ મને આ વાસનામાંથી છોડાવ મને નિર્વિકલ્પ બનાવ.

(૬) અવર નવર અત્રે આવી વ્યાખ્યાનો સાંભળી જવા.

બાકી હવે તમે જાગ્રત થાઓ એમ ઈચ્છું છું. મોહની નિદ્રામાં ઘણું ઊંઘ્યા, અનંતાકાળ વહી ગયો. હવે અહીં જાગવાનો ભવ મળ્યો છે. જગાડનારા દેવાધિદેવ અરિહંત ભગવાન અને સદ્‌ગુરુઓ મળ્યા છે,પછી અહીં નહિ જાગો તો કયારે કયા ભવમાં જાગવાના ? છતી બુદ્ધિએ મૂર્ખ બનવું છે ?

જીવન તો જોતજોતામાં પૂરું થઈ જવાનું છે, અનંતા પુણ્યે મેળવેલી આ જીવનરૂપી મોટી મૂડી એમ જ વેડફાઈ નષ્ટભ્રષ્ટ થઈ જશે. એની કંઈ ચિંતા નથી ? કોની ખાતર પાપના ખટલામાં પડી રહ્યા છો ? ષટ્‌કાય જીવોની દયા નથી આવતી ? રોજ ઉઠીને અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ કરવાનું તમને કેમ ગમે છે ? દયા નથી આવતી ? ભગવાને આપણને જીવોની અલૌકિક ઓળખાણ કરાવી, એની કદર કરો. બીજા મિથ્યાત્વી ધર્મમાં જન્મ્યા હોત તો પૃથ્વીના ને પાણીના ને અગ્નિ-વાયુના જીવોની ઓળખ જ કયાં મળત ? ત્યારે અહીં મળી છે તો હવે મનને શું એમ જ થાય કે 'અહો ! દયાળુ તીર્થંકર ભગવાને આ મારા બંધુ જીવોની ઓળખ કરાવીને મારું કુટુંબ મોટું કરી આપ્યું તો હવે એ બધા જીવોને હું અભયદાન ન કરી દઉં ?'

હવે તમે કોની ખાતર આરંભ સમારંભ અને અઢાર પાપસ્થાનક સેવી રહ્યા છો ? વિચારો ઘરવાસમાં એકેક દિવસમાં કેટકેટલા રાગદ્વેષ, અહંકાર, ખુશી-નાખુશી વગેરે સેવવા પડે છે ? ભગવાન જિનેશ્વરદેવનો ધર્મ પામ્યા પછી તમને આ બધું ગમે છે ? તમારે અહીંથી પરલોકમાં જવું પડશે કે નહિ ? ભવિષ્યનો અનંતોકાળ જોવો પડશે કે નહિ ? પરલોકમાં કયાં જઈ ઊભા રહેશો ? એ અસંખ્ય કાળ કોની ઓથ ? અને ત્યાં અહીં કરેલા આરંભ સમારંભમાં અસંખ્ય જીવોમાં રોજંદા સંહાર તેમ કેટલાય રાગદ્વેષ મદમાયા તૃષ્ણા વગેરેના પાપથી જે ભારે કર્મબંધ થઈ રહ્યો છે એના કટુ વિપાક કેવા આવશે ? કેવા ત્રાસ દુઃખ વેઠવાના ? અહીંવાળા કોઈ સગાવહાલા એમાંથી છોડાવવા નહિ આવે. અને એ દુઃખનું પ્રમાણ મોટું. ભવિષ્યમાં એ વેઠવાનું આવે એ ઓછું પડશે એના કરતાં વર્તમાનમાં ચારિત્ર જીવનનાં કષ્ટ વેઠીલેવા સસ્તાં છે.

બીજું તમે એ જાણો છો કે અહીં સેવેલા ઘરબારના અહંકારનું પૂછડું લાંબુ ચાલે છે એટલે એ અહીં જ કાપી નાખવા સારા છે. ઊંચા દેવગુરુના આલંબને એને ચારિત્રજીવન તથા શાસ્ત્રની સહાયથી એ જ શું પણ પૂર્વના જનમ જનમના કુસંસ્કાર તોડી નાખવાનું કામ બહુ સહેલું છે. તો મળેલા આવા ઉત્તમ સંયોગોનો એ લાભ કેમ ન ઉઠાવી લેવો ? આવો ભવ ગુમાવ્યા પછી શું આ ઉત્તમ સંયોગો મેળવવા સહેલા છે ? ભૂલા પડતા નહિ.

કદાચ તમને લાગતું હશે કે 'ચારિત્ર લેવું તો સહેલું છે પણ પદવીના રગડા ઝગડાને કેમ પહોંચાય ?' પણ આ તમારો અધૂરો તદ્દન ટૂંકો અનુભવ છે. આજે જગતમાં સારા સમુદાય છે અને એમને ત્યાં એવા રગડા ઝગડા નથી. ઊલટું આરાધના માટે સારી પ્રેરણા અને સહાય કરનારા છે. બાકી ખરેખર તો સંસારમાં કયાં ઓછા રગડા ઝગડા અને સ્વાર્થ પ્રપંચ છે ? તો કેમ એથી છૂટવાનું નથી કરાતું ? ચારિત્ર જીવનમાં તો ઉત્તમ ગુરુઓના સંયોગ અને શાસ્ત્રની સુંદર વાતો એવી અદ્‌ભુત પ્રેરણા અને અદ્‌ભુત બળ આપે છે કે આખી દૃષ્ટિ જ ફરી જાય છે. સમતા સમાધિભાવ, સૌમ્યતા, મહાવૈરાગ્ય વગેરે અમૂલ્ય સંપત્તિ પ્રાપ્ત થાય છે.

આટલું ખાસ લંબાણથી લખ્યું છે. હવે આને વારંવાર વાંચી આત્માને જાગૃત કરજો અને કયાંક અટકતું હોય તો લખજો.

• • •

વૈશાખ સુદ-૧૩

ધ્યાનમાં રાખશો કે સંયમ જીવનનો પાકટ વયે ભવ્ય પુરુષાર્થ જે ખેડ્યાં છે એ જગતના બીજા અનેક પુરુષાર્થો કરતાં લાખો કરોડો ગુણો ઊંચો છે. એટલું જ નહિ પણ એ સંયમજીવનના મહાન લક્ષની આગળ શારીરિક કષ્ટ, રોગના તકલીફ વગેરે કાંઈ વિસાતમાં નથી માટે એની કોઈ ચિંતા કરવી નહિ. વેપારીઓ મોટા ભાગના વેપારમાં થોડું કમિશન ખાતે જવા દે છે. એમ આપણે પણ આ કષ્ટ કમિશન ખાતે રાખવા મનમાં વિચારવું કે સંયમ જીવન અદ્‌ભુત કોટીના લાભ આપે છે. તો પછી શારીરિક કષ્ટ તો નભાવી લેવું જ જોઈએ. એટલું કમિશન આપવું જ પડે.

અને ખરી વાત તો એ છે કે મહાપુરુષોએ સહર્ષ ઉપાડેલા ઘોર કષ્ટ આગળ આપણાં કષ્ટ શા હિસાબમાં છે ? બીજું "જે આત્માઓ સંયમ જીવન વિના મરે છે, તેમજ જેઓ સંયમ પામવા છતાં અલ્પકાળમાં મૃત્યુ પામે છે એના કરતાં આપણે કેટલા બધા ભાગ્યશાળી છીએ." આ વિચારવું.

બાકી તો કષ્ટ હો, વધુ હો-ઓછું હો, પણ એક વાત નક્કી છે કે ધર્મનો પુરુષાર્થ કાળ છે. મળવો અતિ દુર્લભ છે. વર્તમાન જીવનમાં એવો અતિદુર્લભ પુરુષાર્થકાળ લેખે લગાડવા સિવા બીજું કાંઈ કરવાનું હોય જ નહિ, નહિતર પુરુષાર્થ કાળનો નાશ કર્યો ગણાય. માટે એમ સમજજો કે જેમ શરીરની સારી સ્થિતિમાં વિશેષ ત્યાગ, તપસ્યા, સેવા વૈયાવચ્ચ વગેરેના પુરુષાર્થનો કાળ હતો અને તે તમે યથા શક્તિ સફળ કર્યો તેમ અત્યારે શરીરના નબળા સ્થિતિમાં **સમાધિ** (= હર્ષ, ખેદ તથા આકુલતા-વ્યાકુલતાનો અભાવ), કર્મ ઉદય ભોગવી લઈ **કર્મક્ષય,** જગતના જીવમાત્ર પ્રત્યે હિતની ભાવના-દુઃખી **કરુણા.** ગુણીઓની ગુણોની અનુમોદના વારંવાર ચતુશરણ સ્વીકાર, સ્વદુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદન, પંચપરમેષ્ઠિ સ્મરણ, ધ્યાન, કર્મ, ભવિતવ્યતા અને કાળના નિશ્ચિત પરિણામોનો વિચાર. આત્મા અને દેહના ભેદનો અભ્યાસ, અનિત્યાદિ ૧૨ ભાવના, સૌમ્યતા હૃદય-વાણી-મુદ્રામાં, રાગદ્વેષ-આહારાદિ સંજ્ઞાઓ-ત્રિશલ્ય આર્તાદિ ધ્યાન વગેરેના નિગ્રહ, અરિહંતની અચિંત્ય કલ્યાણ શક્તિ પર જોરદાર શ્રદ્ધા આવા બધાના પુરુષાર્થનો કાળ છે, અને તેને જરૂર સફળ કરશો. એજ એક મંગળ કામના...

• • •

જીવનની પાછલી દુર્બલ અવસ્થામાં હવે શું કરી શકીએ ? હવે શું કરી શકીએ ? સંથારાવશ રહેવું પડે છે, ઉચ્ચ આ ક્રિયાઓ પણ સુતાં સુતાં કરવી પડે છે. મહામંત્રકારી તપ સ્થાને તો કોઈ સ્થાન જ જાણે નથી રહ્યું, પવિત્ર શાસ્ત્ર સ્વાધ્યાય કરવાની પણ હવે શક્તિ નથી રહી, ત્યારે સંયમી મહાત્માઓની સેવાની તો વાતે ય શી ? આ પરિસ્થિતિમાં શું થાય ? એવી ચિંતા મનને રહેતી હશે. પરંતુ એટલું ધ્યાનમાં રહે કે આ સંયોગમાં પણ આરાધનાનું એક અતિ જબરદસ્ત મહાન સાધન હજી સાબૂત છે, અને તે છે ચિત્ત.

શાસ્ત્ર ચિત્તને રત્ન કહે છે, કેમ કે જેમ રત્નથી સોનું, ચાંદી, મહેલ-મહેલાતો, વાહન વગેરે ઘણું ખરીદી શકાય છે. એમ આ ચિત્ત રત્નથી અનેકાનેક પ્રકારની 'પુણ્યાઈ અને એથી પણ ઉચ્ચ કોટિની વસ્તુ આત્મનિર્મળતા હાંસલ કરી શકાય છે. માત્ર જેમ રત્નનો એના યોગ્ય બજારમાં વિનિયોગ થવો જરૂરી છે, એમ મનોરત્નનો આરાધનાના બજારમાં વિનિયોગ થવો જોઈએ.

એ આરાધનાઓ કઈ ?

(૧) પ્રથમ નંબરમાં મનથી આ કરવાનું કે ત્રિભુવન પૂજ્ય ત્રિલોકતારક તીર્થંકર ભગવાનની ચિંતામણીય અને કલ્પવૃક્ષ કરતાં પણ અનંતગુણી અચિંત્ય શક્તિ પર શ્રદ્ધા કેળવવી. તે આપણે કહીએ છીએ ખરા કે અમને શ્રદ્ધા છે, પરંતુ

જોવા જેવું છે કે તો પછી રોગમાં વિશિષ્ટ દવાની શક્તિ પર, શરીર શક્તિ માટેથી દૂધ અને રસાયણ-વસાણાંની શક્તિ પર, આત્મિયતા કોઈ ખરેખર સહાયકની શક્તિ પર, કોર્ટમાં કેસ જીતવા હોશિયાર વકીલ બેરીસ્ટરની શક્તિ પર, શ્રદ્ધા ઉભરઈ આવે છે કે અરિહંતની અપ્રતીમ અચિંત્ય અનંત શક્તિ પર ? તેવી તેવી સંયોગ-પરિસ્થિતિમાં જડની શક્તિ પર ઝટ મન દોડી જાય છે, એ સૂચવે છે કે શ્રદ્ધા એના પર છે, અરિહંતની શક્તિ પર નહિ. માટે હવે એ પલટવાની જરૂર છે, ભગવત્-શક્તિ પર શ્રદ્ધા કરવાની પુષ્ટ કરવાની અને કૂદકે ભૂસકે વિકાસવાની જરૂર છે. તે શરીરની આખરી દુર્બળ સ્થિતિમાં પણ મનથી થઈ શકે છે.

(૨) બીજું મનનું મહાન કાર્ય એ છે કે અરિહંત પરમાત્માને વારંવાર ગદ્-ગદ દિલે પ્રાર્થના કરો કે 'હે અનંત કરુણાના ભંડાર અરિહંત નાથ ! મારે આપનું શરણ છે, મને અટલ અને સંપૂર્ણ વિશ્વાસ છે કે આપના અચિંત પ્રભાવથી મારો સર્વાંગીણ વિકાસ થવાનો છે. સર્વ સિદ્ધિ આપના અચિંત્ય શક્તિથી જ થવાની છે. આપના સહારા વિના મારું સ્વતંત્ર શું થયું ? મારી અમર્યાદ અશક્તિઓ જોતાં ઉત્થાનની મારી ગુંજાયશ ? છતાં તારા અનંત પ્રભાવે અકલ્પ્ય સિદ્ધિઓ થાય છે. તો મારે પણ એમ જ થશે. માટે હે દયાસાગર ! મારા પર કૃપા કરજે, મારા સત્પુરુષાર્થને સફળ કરજે. મને વિશ્વાસ છે કે તું કરીશ જ. મારા હૃદયેશ્વર તું જ મારે અનાથનો નાથ છે તું જ પ્રાણ છે, તું જ શરણ છે. તારા ફળભૂત સિદ્ધ ભગવંત તારા શાસન રામમૂર્તિઓ અને તારું શાસન એ જ મારા શરીર છે. આ વારંવાર હાર્દિક શરણ સ્વીકાર અને પ્રાર્થના મનથી કરી શકાય છે.

(૩) મનની સામે વિરાટ વિશ્વ લાવો. એમાં દુઃખમાં ખદબદતા અનંતાનંત જીવો લાવો. પછી મનથી ખૂબ પીગળી જઈને એના દુઃખો પ્રત્યે હમદર્દી ઊભી કરો. સમવેદન અનુભવો 'અહો ! બિચારા કેવા દુઃખી !' આ દયા વર્તમાનના સુખી દેખાતા પણ પાપી જીવો પ્રત્યે કરો 'બિચારા કેવા દુઃખી થશે !' પછી ભાવના કરો કે સૌનાં દુઃખ દૂર થાઓ. સૌનું પ્રભુશાસનથી કલ્યાણ થાઓ. સૌ નિષ્પાપ બની સાચા સુખી થાઓ ! મનથી આ જરૂર બની શકે.

(૪) મનથી આ પણ શક્ય છે કે દરેકે દરેક જીવ પ્રત્યેના આપણાં વૈર વિરોધને શમાવો. ભાવો 'હે વ્હાલા જીવો ! મેં તમને બહુ દુભાવ્યા છે. હું તમારો અપરાધી છું. તમે મારું કાંઈ જ બગાડ્યું નથી. મારું તો મારા પાપાચરણ અને કષાયસેવને બગાડ્યું છે. પરંતુ જન્મ જન્માંતરમાં મેં તમને દુઃખી કર્યા છે. એ મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ તમે મને ક્ષમા કરો. હવે મારે તમારી પ્રત્યે કોઈ જ વૈર વિરોધ નથી. તમે મારા મિત્ર છો, બંધુ છો.'

(૫) વળી જન્મ-જન્માનો પાપો, કષાયો, દુષ્કૃત્યો, રાગદ્વેષાદિ લાગણીઓને વીણી વીણીને એની કકળતા દિલે ગર્હા કરો. પાપી સ્વાત્માની દુગંછા કરો. વારંવાર કરો, ધિક્કાર છે મને કે મેં આવાં આવાં પાપ-દોષ-દુષ્કૃત્યો આચર્યાં તેમજ પાપની કર્તવ્યબુદ્ધિને વોસિરાવા ગમે તેવા દુન્યવી લાભ-આરોહણ પાપના પક્ષપાત વોસિરાવો. મનમાં કહો 'આ પાપો દુષ્ટ છે, ઝેર છે એના દુન્યવી લાભ ઝેરના લાડુ જેવા છે.

(૬) અરિહંત પ્રભુ આદિ અનંત ઉપકાર આદિ મહાપુરુષો અને ગુણિયલ આત્માના સુકૃતોની ખૂબ ખૂબ અનુમોદના વારંવાર કરો. અન્ય મતવાળામાં પણ જ્યાં ક્યાંય જિન વચન અનુસાર દયાદિ ગુણ હોય એ ગુણની આકર્ષિત હૃદયે અનુમોદના કરો. 'વાહ કેવો સુંદર ગુણ ! કેવો કલ્યાણભૂત ગુણ ! સમકિતી આત્માના ગુણિયલ જીવન માટે તો એની પણ અનુમોદના કરો. 'ધન્ય જીવન ! ધન્ય જિનાનુયાયી !' આ પણ મનથી શક્ય.

(૭) યાદ આવે એ પ્રમાણે તીર્થોને જિનમંદિરોને યાદ કરી મનથી એની યાત્રા કરો. વંદના કરો સ્તુતિ કરો. વિચરતા ભાવ તીર્થંકર સીમંધર ભગવાનના સમવસરણાદિ ઋદ્ધિ સહિત માનસિક દર્શન કરો, વંદના પ્રાર્થના કરો.

(૮) મનની સામે ત્રિકાલના અનંતા અરિહંત ભગવાન સિદ્ધ ભગવાન અનંત આચાર્ય-ઉપાધ્યાય-સાધુ મહારાજ એ અનંતા પરમેષ્ઠી ભગવંતોને મનની સામે લાવો, ગદ્‌ગદ થાઓ અતીવ હર્ષિત થાઓ એમને એક અદના સેવક તરીકે નમસ્કાર મંત્રથી નમસ્કાર કરો. વારંવાર આ કરો. મન થાકે તો એમને નજર સામે રાખ્યા કરો, અતિ ઉલ્લસિત થાઓ, 'આ કેવા ગુણિયલ ! કેવા ઉપકારી ! અહો, કેવા મારે આ કલ્યાણ સ્થાન ! સુખ નિધાન !'

(૯) મનથી ભાવના ભાવો કે દુન્યવી સંયોગોની પણ અનિત્યતા, વિચિત્ર બેહૂદા સંસારની અસારતા, આત્માની એકલવાયી સ્થિતિ, ભયંકર રોગ-આપત્તિ-ભય-મરણ આદિ વખતે જીવની અશરણ નિરાધાર કરુણ સ્થિતિ, કાયાની અપવિત્રતા, આશ્રવ-નિર્વર-નિર્જરાના સ્વરૂપ, ૧૪ રાજલોકની ઘટનાઓ જૈન ધર્મની સુંદરતા, સમ્યકત્વ અને વિરતિ ધર્મની દુર્લભતા વગેરેની ભાવના કરો. જીવોમાં વિવિધ્ય દુઃખો કલ્યાણના વિવિધ આત્માના અક્ષય-નિર્ભય નિરાબાધ-અનંતજ્ઞાન સુખ વીર્યમય અનંતશક્તિ નિર્વિકાર વીતરાગ સ્વરૂપ વગેરે વિચારો કર્મના-વિપાક વિચારો.

(૧૦) જીવ અને દેહના અભેદનો અધ્યાસ છે તે હટાવવા એના ભેદની

ભાવના વારંવાર કરો. 'હે જીવ ! તારે દેહથી શું ? તું દેહથી તદ્દન જુદો છે.'

(૧૧) જીવોનાં પ્રકારો, એનો આયુષ્ય, દેહ, કાયસ્થિતિ, નવ તત્ત્વ, ૨૪ દંડકમાં જીવોની સ્થિતિ, ૮ કર્મ એની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ એમાં બંધ-ઉદયાદિ કાર્યક્રમદિ, ૧૪ ગુણસ્થાનક વગેરે તત્ત્વનું ચિંતન કરો.

(૧૨) કાળ, કર્મ અને ભવિતવ્યતાના નિશ્ચિત પરિણામ વિચારો.

(૧૩) અરિહંતનું પરમાત્મ સ્વરૂપ, જીવન અને સાધનાઓ, ગુણો, શક્તિ-અતિશય અને ઉપકાર વિસ્તારથી વિચારો.

(૧૪) મહાપુરુષો અને મહાસતીઓના પ્રેરક જીવન પ્રસંગ વિચારો.

(૧૫) સ્તવન સજ્ઝાયના ભાવ વિચારો. એમાં અનુસંધાન કરી સળંગ, કડીબદ્ધ ગોઠવો.

(૧૬) ૧૮ પાપસ્થાન સામે ૧૮ ધર્મ સ્થાનક વિચારો.

(૧૭) છેવટે 'અરિહંત' 'અર્હં' 'વિરતિ નમો જિણાણં' 'પારસનાથ'માંથી કોઈપણ રટ્યા કરો રટ્યા જ કરો.

મનથી આ આરાધનાઓ શક્ય છે.

નિયમોથી જરાય ચલિત થવાની જરૂર નથી. માતાપિતા આગ્રહ કરે અને તમને કદાચ લાગે કે એમની આજ્ઞા ન ઉત્થાપવાનો નિયમ કેમ સાચવવો ? પરંતુ એ આજ્ઞા માતા-પિતાની સમજશો નહિ, એ તો મોહની આજ્ઞા છે. કલ્યાણ માતા કલ્યાણ પિતા એવી આજ્ઞા કરે જ નહિ. તમારા નિયમને સંબંધ છે. કલ્યાણ માતાપિતા સાથે, માતાપિતાના દિલમાં રહેલો. (૧) મોહ એ જુદી ચીજ છે અને (૨) સંતાન હિતૈષિતા જુદી ચીજ એટલે તમે એમને કહી શકો કે લગ્નનું તમે નથી કહેતા, તમારા દિલમાં રહેલ મારા પ્રત્યેનો મોહ કરી રહ્યો છે. તમે તો મારા આત્મહિતૈષી છો અને મારો આત્મા તમારું સંતાનપણું પામી વિષયકષાયના પાપો કરી નરકાદિ દુર્ગતિઓમાં ન ભટકે એજ ઈચ્છનારા છો. એ તમારા Sub conscieaue આંતર હૃદયનો અવાજ હું જાણું છું. અને એને માટે અનુસરવું ઉભયને હિતકારી છે માટે આ અનંત અનંતકાળથી ભવાટવીમાં નિરાધાર ભટકતા દીનદુઃખી પામર જીવ પર મહેર કરી ખોટો આગ્રહ નહિ કરશો એવી મારી પગે પડીને શતશઃ વિનંતી છે, માનવજીવન તો પશુ આદિ જીવનમાં જે સુલભ વિષય ગુલામી પશુ ક્રિયા, અવિવેક આદિ, તે કરવા માટે નથી પરંતુ જ્યાં જે દુર્લભ બ્રહ્મચર્ય, આત્મોન્નતિ, વિવેક, કર્મનાશ એ કરવા માટે છે. બસ, એ કરવામાં તમે મને

સહાય, પ્રેરણા, પ્રોત્સાહન આપો એમ મને ખરેખરો ઉપકૃત કરો એવી મારી નમ્રાતિનમ્ર આજીજી ભરી પ્રાર્થના છે.

આ ધોરણ પર જવું જ પડશે. એમ જો મોહપ્રેરિત આજ્ઞાઓ પામવા જશો તો કોઈ દિ' ઊંચા જ આવી રહ્યા. જૈન શાસ્ત્રો સાફ કહે છે કે ધર્મનાશક આજ્ઞા માનવાની હોય નહિ. સર્વજ્ઞ વીતરાગ ભગવાન એ મહાપિતા છે એમની આજ્ઞા પાળી એટલે એમાં સૌની આજ્ઞા પળાઈ ગઈ. ચારિત્રાર્થી આત્મા મોહાધીન માબાપને અટવીગ્લાન ઔષધ ન્યાયથી છોડી જાય એમ પંચસૂત્ર શાસ્ત્ર કહે છે. વન વટાવતા માતાપિતા જીવલેણ રોગથી ગ્રસ્ત બને છતાં ઔષધ લેવા જતા છોકરાને ના પાડે અને પાસે જ બેસી રહેવા કરે, તે વખતે જે છોકરો એમને છોડી દેવા લેવા જાય છે તે ખરેખર માબાપને નહિ તરછોડનારો છે, અને ન જાય તે તરછોડાનારો છે. **चाइ वि अचाई, अचाई वि चाई ।** એવું ચારિત્ર માર્ગે જનાર માટે છે. કેમ કે એ તત્કાલ છોડી જતો દેખાય પરંતુ પછીથી એનો એજ માબાપને ધર્મ પમાડી ભાવ જીવન અર્પનારો બને છે ત્યારે વળગી રહેનારો. દ્રવ્ય પ્રાણ અલ્પકાળ રક્ષી અંતે બંનેને ભવપ્રવાસી બનાવે છે.

ધર્મ પ્રત્યે જાગ્રત રહી જૈનેતરો અને મુસ્લિમ જેવાને જૈન ધર્મ પ્રત્યે સહાનુભૂતિ સેવતા કરો છો તે અલૌકિક સુકૃત છે એના વિસ્તૃત સમાચાર લખો તો દિવ્ય દર્શનમાં પ્રગટ કરી શકાય.

• • •

જાવાલ કારતક સુદ-૮

પત્ર મળ્યો તમારી તબિયતની સ્થિતિ જાણી. નિરાશા ખેદ કરવાની કોઈ જરૂર નથી.

આપણું જેટલું પુણ્ય હોય એટલી જ અનુકુલતાના આપણે અધિકારી છીએ. ખાનદાન ગરીબ માણસો વધુ પૈસા ન હોવા પર દીનતા નથી કરતા દુઃખ નથી લગાડતા કેમ કે પોતાના પુન્યની પહોંચ સમજે છે. એવી રીતે ધર્માત્માએ પણ પુન્યાનુસાર શરીરની અનુકૂલતા કમ હોવા પર દુઃખ શા માટે કરવું ?

ઊલટું જેટલી અનુકૂલતા છે એય દેવદર્શન પૂજન-સામાયિક-ગુરુભક્તિ આદિની મહાન કમાણી હજીય કરાવી રહી છે. એ મહાન આશ્વાસનનો અને માનવને જ રજીસ્ટર્ડ સુકૃતોની અનુમોદનાનો વિષય છે.

દુઃખ ધરવાથી (૧) કરાતા સુકૃતોની અનુમોદના દ્વારા પુન્યનાં ગુણાકાર

કરવાનો મહાન લાભ ગુમાવાય. (૨) આ સંયોગોમાં પણ મળેલા દેવાધિદેવ-સદ્‌ગુરુઓના સાનિધ્યની કદર કરી વારંવાર કૃતજ્ઞતા દર્શાવવાનો લાભ પણ ગુમાવાય.

માટે એજ ચિંતવો હે **"धन्योऽहं कृतपुण्योऽहं"** હું આવા શરીરે પણ તારક દેવ-ગુરુનો અતિ કિંમતી યોગ મારી પાસે જ છે. વળી એ પણ ધ્યાનમાં રહે કે-

જેમ તપસ્યા જ્ઞાન-ધ્યાન વગેરેથી સકામ નિર્જરા થાય છે, તેમ રોગ સહર્ષ સહવાથી પણ સકામ નિર્જરા થાય છે. સકામ નિર્જરા કરાવે તે આરાધના છે, તો રોગસહન પણ આરાધના જ છે.

એ પણ જો જો કે પૂર્વ પુરુષોએ જે રોગ, જે પીડાઓ, અને જે પ્રતિકૂલતાઓ સહી છે. એની આગળ આ શી વિશાતમાં છે ? તેમજ નરકાદિ પીડા આગળ પણ શી ગણતરીમાં છે ?

૫૦૦ આયંબીલ ચાલુ કર્યા તેમાં તમારે અધવચ્ચે મૂકી દેવા પડ્યા. તેથી કદાચ ચિત્તને ખેદ થવા જેવું બનતું હશે. પરંતુ આમાં ખેદ કરવાની જરૂર નથી. બલ્કે એક મહાન આશ્વાસન લેવા જેવું છે. તે એ, કે આ એક તમારે કસોટીનો એવો અવસર આવ્યો કે એમાં **ચિત્તમાં સ્થિતપ્રજ્ઞતા, ઉદાસીન ભાવ, અને અરક્ત દ્વિષ્ટતા કેળવવાની તક મળી.** વિહ્વળતા ઉદ્વેગ, વ્યાકુળતા અટકાવવા **સત્ત્વ ખીલવાનું મળ્યું.**

ધ્યાનમાં રહે કે આંબેલ એ બાહ્ય આરાધના છે. અને એના દ્વારા પણ ચિત્તમાં એવો આરાધકભાવ દૃઢ અને પુષ્ટ કરવાનો છે. જે આપણને અનાસંગ યોગ-અનાસક્તિયોગ તરફ લઈ જાય. હવે જ્યારે અનિચ્છાએ અધવચ્ચે તપ મૂકવાનો અવસર આવે છે ત્યારે આરાધક જીવને પ્રાપ્ત કરવા યોગ્ય અંતિમ અનાસંગ ભાવને અનુકૂળ સ્થિતપ્રજ્ઞતા-અવિહ્વળતા-સમાધિ ટકાવવા સત્ત્વ વાપરવાની તક મળે છે. જે કદાચ મનમાની તપ આદિની અનુકૂળતા પૂર્ણ સચવાતાં ન ય મળે.

તો જેમ પૂર્ણ તપ એ એક આરાધના છે. એમ આ સત્ત્વવિકાસ અને સ્થિતપ્રજ્ઞતાદિ એ પણ મહાન આરાધના છે. એ ન ભૂલતા. બીમારી આદિ પ્રસંગે પણ આ ન ભૂલાય. આ ધ્યાનમાં રહે તો ખોટો ખેદ કરવાનો રહેશે નહિ. એ જ આરાધનામાં સર્વ શક્તિને લેખે લગાડવી.

• • •

લખાણ વાંચ્યું. એમાં વ્યક્ત થતી તારી આંતરિક જાગૃતિએ હૃદય આવર્જ્યું.

બાકી પત્રના મરોડદાર અક્ષર, વ્યવસ્થિત લખાણ પદ્ધતિ, કાવ્યમયભાષા, અને સંક્ષિપ્ત શબ્દદેહમાં સંગોપાયેલ ભાવ... ઇત્યાદિએ એક ચિંતા ઊભી કરી કે આ વૈશિષ્ટ્ય શું મૃગજળિયા સંસારરણની દોડમાં નિષ્ફળ-વિલીન થવા સર્જાયેલ છે ?

જે કાવ્યમય રોચક ભાષા અને ગંભીર ભવ્યભાવો પ્રવચન તથા પુસ્તક-લેખનના માધ્યમ દ્વારા હજારો ભવ્યાત્માઓના હૃદયને હચમચાવી નાખવા સમર્થ છે, એમને વૈરાગ્યરસ અને તત્ત્વબોધની મધુરતા અને પ્રકાશ પીરસી મુક્તિપથના ઉજમાળ પથિક બનાવી દેવા શક્તિમંત છે, તે પણ માત્ર વર્તમાન જ નહિ, પણ પુસ્કાયુષ્યના સમગ્ર ભવિષ્યકાળ સુધી હજારો લાખો સંસાર તાપ તપ્ત કરુણાપાત્ર જીવોને મહાકલ્યાણ સધાવી દેવા શક્તિ સંપન્ન છે, એ ભાષા અને ભાવની શક્તિ શું એમાંનું કાંઈ જ ન સાધતાં તુચ્છ, ગલીચ, આત્મલોપક વિષય ભોગના જીવનતાપમાં એમ જ લક્ષ્ય પામી જશે ?

મહાનુભાવ ! કવિ હૃદયને એક અલ્પ ચિનગારી બસ છે. ઉપરોક્ત ચિનગારી જો તારા ચિત્તના ચિંતન ઇંધનને પ્રજવાળવા દેશે તો તમારા રાજસ ભાવના તીવ્ર તિમિરને વિધ્વંસી સાત્ત્વિક-મહાસાત્ત્વિક શુભ ભાવના તેજઃપુજ આત્મધરને ભરી દેશે.

શું તને અજાણ્યું છે કે ઉચ્ચ વક્તવ્ય અને લેખન તેવા હજારો પામરોને પુરુષાર્થ, અબૂઝોને વિદ્વાન, પાપીને પુણ્યવંતા અને સેતાનને સંત બનાવી દે છે ? ના, જ્ઞાત છે. તો પછી પૂર્વોક્ત તારી પ્રગટ શક્તિઓ અને અમાપ અમૂલ્ય માનવપુણ્યને મહાપરોપકારના પંથે ક્યારે વાળશે ? પાછું એની પાછળ કામ કરતી સ્વહિતની સચોટ પુરુષાર્થ શક્તિ બિચારી ક્યારે સ્વહિતરૂપી પુત્રની જનેતા બનશે ? કે શું વંધ્યા જ નીવડશે ?

જડ તો જાદુગર છે. એના અંજામણમાં અંજાઈ સ્વ તથા પરના પરમહિતકરણને ઠોકરે મારવાની મૂર્ખાઈ કરતો મા. એ પણ જો જે કે કાયા અને જીવને તો મોટો રગંડો છે. કાયા જીવને કહે છે. 'લાવ લાવ તારા પુણ્ય, મારે એનો જ ખપ છે.' જીવ કાયાને કહે છે, 'લાવ લાવ તારા પુરુષાર્થ, મારે એનો જ ખપ છે.' આપણે કોના પક્ષમાં ઊભા રહેવું છે ? કોણ કોને નીચોવે એવું કરવું છે ? ઉંડાણથી વિચારજે.

લાખોમાં કોકને મળે એવી તારી અદ્‌ભુત લેખન-ચિંતન-પ્રવચન શક્તિઓને કામે લગાડી આજના વિષય કાળના હજારો ભાવદુઃખી માનવોને Up lift આપી દુઃખમુક્તિના માર્ગે ચઢાવવા, સાથે નિજના આત્માની અનંતકાળની કર્મપીડિત-

કર્મવિડંબિત, ચિંથરેહાલ, દરિદ્રનારાયણ, અશરણ, નિરાધાર, દુર્દશા મિટાવી નિષ્પાપ નિરીહ ગુણસ્થાનકનાં ઉચ્ચ સોપાને એને આરૂઢ કરી દે એ જ શુભેચ્છા.

• • •

પત્રની વિગત વાંચી, મોહમયી નગરીની અસર નીચે આવી જાય એ ઠીક નથી. સંગત તો બહુયે મળે પણ આપણે આપણાં ભાવુક અને અનંતાનંતકાળના કર્મપીડિત, પરાધિન અને વિટંબણા ભોગવતાં આત્માનો ખાસ વિચાર રાખવો.

આંખોને ગમે, ને કાનને રૂચે એની પાછળ આત્માએ શા માટે ખેંચાઈ ખુવાર થવું ? ઈંદ્રિયોની ખુશીના તો ક્ષણિક જ ચટકા હોય છે. ત્યારે આત્માને દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી જાલિમ વેદનાઓ વેઠવી પડે છે. માટે ઈંદ્રિયોના ગુલામ ન બનતાં માલિક બની એને આત્મહિતકારી સંયોગોમાં જ જોડવી.

શિબિરમાં ઉત્તમ શિક્ષણ-સંસ્કરણ મેળવ્યું છે એને પુનઃ પુનઃ યાદ કરીને ઉત્થાનનાં માર્ગે આગેકૂચ કરતાં રહેવું. એ માટે મનને નિર્ધાર રાખજે કે મને અહીં મળેલા પ્રાણ ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાનાં પાલન માટે જ છે.

આરાધનામાં ખાસ લક્ષ રાખશો. ભક્તિ કરીને પણ સરવાળે આત્મામાં વિશિષ્ટ શુભ અધ્યવસાય શુભપરિણતિ જગાવવાની છે પરંતુ જો ખોટાં આર્તધ્યાનમાં પડાય તો ઊલટી શુભ પરિણતિને બદલે શુભ તત્ત્વ ગુમાવવાનું થાય. માટે એવું કરતા નહિ. બાકી સેવાનો લાભ લેવાની અભિલાષા ઉત્તમ છે. હવે સેવા માટે એનું સ્વરૂપ સમજી રાખવાં જેવું છે. શાસ્ત્રે ચોથી પ્રતિપત્તિ પૂજા (સેવા ઉપાસના) કહી છે. એમાં ઉત્તરોત્તર ચઢીયાતી ઘણી કક્ષાઓ છે. અને તે ઠેઠ વીતરાગ ભાવ સુધી પહોંચે છે કેમ કે પ્રતિપત્તિનો અર્થ 'આજ્ઞાની આરાધના' એવો કર્યો છે. બરાબર એવી સ્થિતિ 'બોધિલાભ'માં છે. એ પણ માત્ર સમ્યક્‌દર્શનરૂપ નથી, કિન્તુ ઠેઠ વીતરાગ ભાવ સુધીની બધી ધર્મકક્ષાઓની પ્રાપ્ત અને બોધિલાભ છે માટે તો ચાર જ્ઞાનનાં ધણી અને સ્વયં દ્વાદશાંગીનાં પ્રણેતા ગણધર ભગવાનને કે ક્ષાયિક સમકિતી જીવોને પણ 'બોહિલાભવત્તિયાએ કરેમિ કાઉસગ્ગં' છે કેમ વારુ ? એટલાં જ માટે કે એમને પણ હજી ઉપરની ધર્મકક્ષાઓ પ્રાપ્ત કરવાની બાકી છે. આ બધીય પ્રતિપત્તિપૂજા છે. તમો સૌ પણ આ સેવાના આ ધર્મમાં ખૂબ આગળ વધો, એ માટે ખોજ કરતા રહો, તપાસતા રહો કે દર્શનમાં પણ ઉંચુ ઉંચુ દર્શન, ચૈત્યવંદનમાં પણ ઉંચું ઉંચું ચૈત્યવંદન, પ્રતિક્રમણમાં પણ ઉંચું ઉંચું પ્રતિક્રમણ, સ્વાધ્યાય તન્મયતામાં ઉંચી ઉંચી તન્મયતા કેમ મળે ? ને રોજ તે મળી રહી છે કે કેમ ?

• • •

મહાનુભાવ, માનવભવનાં ઉંચા મૂલ્યાંકન કરશો, હલકા અવતારે જે કર્યા કર્યું તે જ અહીં પણ કરવાનું ? દેવને પણ દુર્લભ એવા ઉચ્ચ માનવાવતારે તો ઉચ્ચ કર્તવ્ય જ બજાવવાનાં હોય. અર્થ-કામના પુરુષાર્થ તો વાસ્તવમાં અર્થ નહિ, અનર્થ છે. પશુ અવતારે એ બહુ ખેડ્યાં. અહીં પણ એજ ?

ભૂલતાં નહિ. કાયા-માયાને જીવનાં પુણ્ય નીચોવવા છે. પણ જીવ કેવો ઘેલો કે એની પાસેથી ધર્મ પુરુષાર્થ ન નીચોવે ?

ખબર છે ને કે માનવ આયુષ્ય વગેરે પુણ્ય હોય ત્યાં સુધી જ ધર્મ પુરુષાર્થને અવકાશ છે ? પુણ્ય ખૂટ્યે પુરુષાર્થ માગવાં છતાંય નહિ મળે.

અનંતી પુણ્યરાશી ચૂકવીને હાંસલ કરેલી તન-મન-ધનની શક્તિઓને વીતરાગ મહાપ્રભુનાં માર્ગે લેખે લાગશે. નહિતર બુદ્ધિનું દેવાળું કાઢ્યું ગણાશે. કરોડો ખર્ચીને લાવેલી મશીનરીમાંથી કેવાં ઉત્પાદન કેટલાં લાભના ઉત્પાદન કરવાનાં હોય ?

જાગો, ઊઠો, વીરપ્રભુનાં મહાબક્ષીસ સમા મોક્ષ માર્ગે દોડ માંડો અને નીજના અનંતાનંત કાળના દુઃખી દીનહીન આત્માને કાયા-માયાની કેદમાં ગુંગળાઈ જવા ન દેતાં ઉન્નતિના ઉચ્ચસ્તર પર સ્થાપિત કરે.

• • •

શ્રાવણ સુદ-૩

આત્માની આરાધના તરફ પહેલું લક્ષ રાખવું. હમણાં અત્રે વ્યાખ્યાનમાં ચાલતાં આચારાંગ સૂત્રમાં આવતા કે- **विमुत्ता हु ते जणा जे जणा पारगामिणो**- ટીકાકાર અર્થ કર્યો કે પાર-મોક્ષ અને મોક્ષ હેતુ ભૂત સમ્યગ્ દર્શનજ્ઞાન ચારિત્ર, સૂત્રનો અર્થ એ છે, કે જે જીવો દર્શન, જ્ઞાનચારિત્રમાં ઠરે છે તે 'વિમુક્ત' અર્થાત્ વિષયકષાયાદિથી મુક્ત બને છે. જે ત્યાં ઠરવાને બદલે ઉંચો નીચો થાય. હાય આ સંયમ તપ બહુ કઠિન ? આ ભણવામાં રસ નથી આવતો વગેરે થાય એ ઉછળવું છે. એવા આત્માને વિષયકષાયાદિ ઝટ પકડી લે છે.

માટે રત્નત્રયીમાં ખૂબ ઠરવું. એ માટે ત્યાગ-તપસ્યા ને શ્રુતોપયોગને પ્રાણ બનાવી દેવા જોઈએ.

જેણે મનમાં લખી રાખ્યું છે કે 'ચારિત્ર એ ખાવા નહિ ભૂખ વેઠવા માટે છે, તરસ વેઠવા માટે છે, ટોણાં સહવા માટે છે' - આવું નક્કી કરી રાખેલાને પરીસહોમાં પણ સંયમભાવ અખંડ રહે છે. ખૂબ સાવધાનીથી સાધુ જીવન જીવવું.

जाए सद्धाए निक्खंतो तमेवाणु पालिज्जा । - જે શ્રદ્ધા-ઉલ્લાસ-મનોરથોથી ચારિત્ર લીધું, તે શ્રદ્ધાદિને બરાબર અનુસરજે. યાદ કર તેં દીક્ષા લીધી તે કઈ ભાવનાથી ?

'સારું સારું ખાવા મળશે, રમવા મળશે, નિરાંતે સુવા મળશે' શું એટલા માટે ? ના, તું તો બહાદુર, વૈરાગી જીવડો, તેં તો ઘણા કોડ કર્યા હશે કે 'દીક્ષા લઈને આવી આવી તપસ્યાઓ કરીશ, આટલી બધી જ્ઞાનની કાળી મહેનત કરીશ, કર્મોનો ભૂક્કો ઉરાડીશ, ગુરુમહારાજનો ગુલામ બનીને રહીશ.' આવી જ ભાવના રાખેલી ને ? તો હવે શું એ બધી ઊભી રાખવાની એટલું જ નહિ પણ વધારવાની નથી ? અરિહંતની સાક્ષીએ વીર પુરુષનો માર્ગ લીધો છે એ ભૂલીશ ના.

બીજું એ પણ સૂત્રમાં લખ્યું છે કે, **विमुत्ता ते जणा जे जणा पारगामिणो ।**

જે જીવો પારગામી-પારમોક્ષના સાધનભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરેલા રહે છે તે જીવો જ વિષયકષાયાદિથી વિમુક્ત-દૂર મુક્ત રહી શકે છે. શું કરવું આમાં સમજ્યો ? જ્ઞાન ધ્યાનમાં ઓતપ્રોત તન્મય નહીં રહે તો કષાયો અને ઈન્દ્રિયના મનગમતાં તને બોચીમાંથી પકડશે. એનાં પરિણામ સમજે છે કેવા આવશે ? સંયમ જીવનમાં તો પાપત્યાગની પ્રતિજ્ઞા છે. એ ભાંગવાથી ઘોર નરક સુધીના દુઃખ સર્જાય છે, ભગવાનની આજ્ઞા ભંગાય છે એનાથી ભવોભવ ભટકવાનું થાય છે. ખૂબ વિચાર કરી જ્ઞાનાભ્યાસમાં આખો દિવસ-રાત મંડ્યો રહેજે. એમ મંડ્યો રહેવાનું શરૂ કર્યા પછી તેના અદ્‌ભુત આનંદને અનુભવમાં આવશે. વિશેષ શું લખવું ?

• • •

એક પ્રતિક્રમણ અને વડીલો આગળ નમ્ર ભાષણમા બે માત્ર જીવનમાં આત્મસાત્ કરી લે તો આત્મા પર એની ઘેરી અસર પડશે, યોગની ભૂમિકા રચાશે.

આત્મામાં કોરો પ્રકાશ થવાને બદલે આત્મતાને ઘડવાનો છે એ ઘડવાર્થે યથેચ્છ મનના તરંગોથી વિરાગ જ્ઞાનીઓના અનુભૂત અને ઉપદિષ્ટ પ્રયોગે જીવનમાં અપનાવવા જ રહ્યા. ખોવાઈ જતી પ્રયોગની લાખ લાખ મૂલ્યની જીવનઘડીઓને બરાબર ચોંટ રાખીને કામે લગાડી દે.

મુખ્ય ઉદેશ તો સત્સંગથી ભાવ પાકા કરી કામ કરી લેવાનું છે. પછી ભાવિનો વિચારજ બીજો કયાં રહેવાનો ? અને એ ઉદેશ નહિ રાખે તો સમજી રાખજે કે **પર્વતના શિખર પર જ સાધી શકાય તેવી સુવર્ણ સિદ્ધિ સાધવાની** તક

નીચે ઉતર્યા પછી ગઈ અને શિખર પર ખેલેલાં આડા-અવળા ખેલ તો ખોવાઈ જ જવાના છે. તે પણ ભયંકર નિષ્ફળતા સાથે ! ભારે નુકસાની સાથે ! તો શું એ રીતે માનવભવનાં કૂચા કરવા છે ? મોહાંધ અજ્ઞાન મૂઢ સંસારીઓના આત્મહિત સંહારક સલાહનાં રવાડે ચડતો માં. તને બીજો-ત્રીજો વિચાર કે ભય શા માટે જ લાગે છે ? હજી ઉદ્દેશમાં જ નક્કી થયો નથી. તું વાસનાનું જોર તો જાણે જ છે. નિમિત્ત પાસે રહેશે પછી કેટલી ગધ્યા રમતમાં ખૂંચવાનો ? વિકારો કેટલાં પોષવાનો ? દુર્ગતિનાં ચિરકાળ ભ્રમણને કોણ ઊભું કરે છે ? આ જ વિષય સંજ્ઞાની ફાલી ફૂલામણ કરીને શું સાર કાઢવાનો ? મૂઢ કેમ બને છે. ભવના કૂચા-કર્યા પછી ચૌદ રાજલોકનાં વિશાળ ધરામાં ફેંકાઈ ગયે ત્યાની ફેંદામણમાં બચાવવા રક્ષણ આપવા કોઈ એ બહુ બનેલા સાચવેલા મૂઢ સંસારી કે જડ પદાર્થ નથી આવવાનાં તો જીવે ત્યાં એકલાં જ કૂટાવાનું-કપાવાનું-છેદાવાનું ! માટે એ દુઃખ દુર્દશા નજર સામે રાખી કોઈ જ ઐહિક તુચ્છ વિચારને મચક ન આપતો. જિનશાસનનું મહા આલંબન મળ્યું છે તો મહા ઉદ્દેશ, મહામનોરથ, અને મહા ઉચ્ચ બુદ્ધિ જ નિરંતર મગજમાં ઘૂમ્યા કરે એ તરફ પાકું લક્ષ્ય રાખ.

ચીનના આક્રમણની જેમ આત્મા પર મોહ સેનાના મોટા આક્રમણ છે. આત્મા મહાભયમાં છે, પણ લક્ષ્યે જ છૂટકો છે. ભવ ખૂટ્યે ગુલામીમાં પકડાયા પછી કાંઈ નહિ વળે. કરોડો મેળવીને દુર્લભ એવો શાસન તથા સદ્‌ગુરુઓનો યોગ મળ્યો છે તો-

(૧) ભવનિર્વેદ વિષય વૈરાગ્ય, (૨) સૂક્ષ્મ પણ જીવોની દયા, અર્હત સમર્પણ શરણં, એકનિષ્ઠા, ઉછળતી ભક્તિ, ક્ષમાદિ, બ્રહ્મનો ભાવ મોક્ષ કરો. (૩) એના પોષક વ્રત નિયમ ત્યાગ-તપ ઉત્તમ દ્રવ્યોથી અર્હદ્ ભક્તિ, સામાયિક સ્વાધ્યાય જાપ, જ્ઞાનભક્તિ વધાર્યે જશો.

આ રોકનારા વિષય કષાય, અર્થકામનો અવલંબ તો સત્ત્વનો નાશક છે, **'સર્વે સત્ત્વે નિધીય'**, જ સત્ત્વ નષ્ટ થયે બધું ગયું.

રાગાદિ વિકારો આહારાદિવાસના શું જીવનનાં છેડા સુધી ફાલ્યા ફુલ્યા રહે ? એ તો આત્માના મહા રોગો છો. રોગ દૂર કરવાની ઈસ્પતાલ માનવભવ છે. ત્યાં આવ્યા પછી રોગ ઘટાડવાને બદલે વધારવા એ મહામૂઢ દશા છે, પશુ મૂઢ, માનવ મહામૂઢ !

• • •

બાહ્ય આરાધનાની સાથે આંતરિક પરિણતી અધિકાધિક વિશુદ્ધ કરતાં રહેવું જરૂરી છે. ચિત્તમાં રાગાદિ પરિણામ ઘસાતા આવે, મદ માન અહંત્વ, મનનો ગૌરવભાવ નષ્ટપ્રાય થઈ જાય, ચિત્ત પ્રશાંત મહાસાગરની જેમ કોઈ પણ ફજુલ કે ઉકળાટવાળા વિકલ્પ તરંગોથી રહિત સતત ઉપશાંત રહે એ દૃઢ પ્રયત્ન અને જાગૃતિથી કરવા જેવું છે.

આ સાથે મહામુનિઓની માફક શ્રુતોપયોગ સતત ચાલુ રહેવો જોઈએ. 'ધમ્મોવઢ્ઢઉ' રોજ અનેક વાર માણીએ છીએ એનો ભાવ આજ છે કે-શ્રુતધર્મને ચિત્તમાં શાશ્વત વિજયવંતો રાખીએ. આમાં ઉપયોગની ધારાનું મહત્ત્વ છે. ધારા બીજા ત્રીજા વિકલ્પ વિચાર વચમાં ઘૂસી તૂટાવી ન જોઈએ કે મન સુસ્ત ન પડવું જોઈએ. આવશ્યક ક્રિયામાં પણ એમજ સતત ઉપયોગ અને તે પણ સૂત્રના અક્ષરે અક્ષર ચિત્તમાં અપૂર્વ ભાવ જગાવે, અતિચારનાં શબ્દ સંતાપ પશ્ચાત્તાપનાં અને ભક્તિના શબ્દ સંવેગ સંભ્રમ આલ્હાદનાં ભાવોલ્લાસ જગાવે. એકે શબ્દ એ વિનાં ન ચાલ્યો જાય. આ પ્રયાસ કરતાં રહેવું જરૂરી છે. એ જ...

આર્બિટ્રેશન ચાલ્યું છે તો એક વસ્તુ ખાસ ધ્યાનમાં રહે, દિલની ઉદારતા-સહિષ્ણુતા. તે પણ ભાઈઓ પ્રત્યે બતાવવાનો. આ ખરો અવસર ગણાય. જો કોઈ મનોભેદ ન હોય તો તો શી ઉદારત્તા સહિષ્ણુતાદિ દાખવવાની હતી ? મનોભેદનાં અવસરે જ આપણી પૂર્વ ક્ષતિ ન હોય, તો પણ તે સામાને લાગતી હોય તો માથે લઈ લઈને એમના વધારવા તથા આપણી ઉદારતા કેળવવાનો અવસર છે. એમ આપણા આત્મામા વિશુદ્ધ પરિણતી જગાડવાની ભૂમિકા સર્જવાનો ઉતિ ઉજ્જવળ લાભ મળે છે. બાકી આપણું 'ખરું' કરીને સાચવેલ અહંત્વ અને જમાવેલ પ્રતિષ્ઠા તો ક્ષણિક છે. જેનો આ જન્મબાદ કોઈ સદુપયોગ નથી. તેમાં આ જન્મમાં પણ સ્વાત્માના વિશુદ્ધ અધ્યવસાય કેળવવામાં પણ કોઈ ઉપયોગ નથી બલ્કે, વિઘ્નભૂત છે. આચારાંગ સૂત્રનાં બીજા અધ્યયનના ત્રીજા ઉદ્દેશોમાં આના પર સચોટ ઉપદેશ અપાયેલો છે. તમને કદાચ લાગશે કે ભાઈઓને નહિ અને મને એકલાને જ આ ઉપદેશ કેમ ? પણ ઉપદેશ તો જે સમજે એ સૌના માટે છે. બાકી તમારા સુંદર પત્રનાં ઉત્તરમાં આટલું લખવા ઉલ્લાસ થયો છે.

બાકી મહાનુભાવ ! પર્યુષણમાં ઉચ્ચ શ્રવણની મહાન વાનગી પામ્યા હશો. એને રોજંદા જીવન માટે આત્મસાત્ કરવા જેવી છે. જીવન વહી ચાલ્યું છે.

• • •

માનવભવનો દેહ અને બુદ્ધિશક્તિ આત્માના વિચાર માટે જ મળેલા છે. એનો ઉપયોગ જડના ને જડના જ વિચારોમાં કર્યે જવાય એ કેટલી મોટી ગમારી ગણાય ? મહાન Asset નો મહાન જ ઉપયોગ હોય ભૂલશો નહિ. આત્માના અનેકાનેક ખતરનાક રોગો છે. આત્મરોગોની ચિકિત્સા કરાવવા માટે માનવભવની ઈસ્પિતાલમાં ભરતી થઈ છે. ત્યાં એ કાર્ય નહિ થાય તો કયા થશે ? નિરંતર એ ખ્યાલ રહે કે મારા આત્માના રાગાદિ રોગ હવે વધારું તો નહિ જ પણ કેમ ઓછાં થતાં આવે એ પ્રયત્નમાં રહું એ જ...

• • •

મુક્તિમાર્ગના સો પથિક એટલું ધ્યાનમાં રહે કે માનવબુદ્ધિ શક્તિ અને માનવદેહ શા માટે મળ્યા છે ? જડનાં વિચાર અને જડહિતકારી પ્રવૃત્તિ કરવા માટે ? કે આત્માનાં વિચાર અને આત્મહિતકારી પ્રવૃત્તિ કરવા માટે ? જડનાં વિચાર ભરપુર અને કલાકોનાં કલાકો કર્યે જવામાં, જે અનંત સમૃદ્ધિનાં ખજાના ખોલવા માટે સમર્થ એવી બુદ્ધિશક્તિ વેડફી નાખતા કોઈ આંચકો ? કોઈ કાળો કકળાટ ? કોઈ લંધ્યફાટ રૂદન ? તેમ તેવી જ સમર્થ માનવ કાયાને જડમુખી પ્રવૃત્તિમાં રગડોળતા કોઈ શરમ સંકોચ સંતાપ ખરા ?

મહાનુભાવ ! એ પણ ન ભૂલજે કે માનવ રૂપી ઈસ્પિતાલમાં આત્મરોગોની ચિકિત્સા કરવા માટે ભરતી થઈ છે. તો તેવી ભરતી થયા પછી આત્મરોગોનું પોષણ કરવાનું કે નિકાલ કરવા માટે મથવાનું ? તને કદાચ લાગશે કે મહારાજ આ ઠીક હલ્લો કરી રહ્યા છે. પરંતુ સમજ જે કે આ અમારો આંતરિક કરુણા-વેદનાનો આર્તનાદ છે. મનને એમ થાય છે કે આવો ઉત્તમ ભવિજીવ સુરેન્દ્ર નરેન્દ્ર સેવીત તીર્થંકર ભગવાનનું શાસન પામીને પણ વિકલ્પો ને ભૂતાવળમાં અટવાઈ રહ્યો છે. બિચારો કેવો કર્મ પીડીત કે એની અંતરની સ્વચ્છ વિચાર ધારા ગુંગળાઈ રહી છે. અરિહંત પ્રભુ જેવા ધનવંતરી, સદ્‌ગુરુઓ જેવા કંપાઉન્ડર, માનવભવ જેવી હોસ્પિટલ અને દર્શન જ્ઞાનચારિત્ર જાપ જેવા રામબાણ ઔષધ મળવા છતાં કાતીલ નિકંદનકારી આત્મરોગો હટાવવાનો એકમાત્ર નિર્ધાર અને એનો જ ભેખ ઝંડો નહિ ઉંચકાય તો પછી બીજા કયા ભવમાં આ સામગ્રી મળવાની ? અને કાર્ય થવાનું ? જીવન બહુ ટુંકું છે અને રાગદ્વેષ, આસક્તિ, અવિરતી, હર્ષખેદ વિગેરે રોગો અપરંપાર છે. એનો બહુ ઉંડો વિચાર તથા શુભે શીઘ્રમ્ કરજે અને નિખાલસ ભાવે મનનાં આંદોલનો વિશ્વાસ પડે તો લખજો.

બીજું આત્મહિતમાં બે અક્ષરમાં—

શ્રી આચારાંગસૂત્રના બીજા અધ્યયનમાં ગણધર ભગવાનશ્રી સુધર્માસ્વામીજી કહે છે.

"णत्थि कालस्स णागमो... । सव्वेसिं जीवियं पियं । અર્થાત્ મૃત્યુ કાળ નથી આવવાનો એમ નહિ. મૃત્યુને આવવામાં કોઈ અનવસર, કમુરતા કે કુસમય નથી. ઈન્દ્ર, નાગેન્દ્ર અને શાશ્વત ફરતા વિમાનના સ્વામી સૂર્ય ચન્દ્રને પણ મૃત્યુ આવરી લે છે. છતાં આશ્ચર્ય છે કે જગતના જીવોને અસંયમનું જીવન ગમે છે.

અસંયમ એટલે ઈન્દ્રિયોને છૂટ, ગમે ત્યાં જઈ શકે.

અસંયમ એટલે મનને છૂટ ફાવે તેવા કષાયમાં ચઢી શકે.

અસંયમ એટલે હૃદયને છૂટ ગમે તેવી કાળી લેશ્યામાં પડી શકે.

અસંયમ એટલે કાયા અને વાણીને હિંસા-અસત્ય-પાપોપદેશ અનિતિ, અબ્રહ્મ પરિગ્રહ વગેરેમાં પ્રવર્તવાની છૂટ.

આ છૂટ એટલે પછી એના પર નિયમ-પચ્ચકખાણનો કોઈ અંકુશ ન રહે, યાવત્ વર્તમાનમાં સેવાતા કે જીવનભર સેવવામાં ન આવે એવા એ વિષય-કષાય-હિંસાદિ પણ પ્રતિજ્ઞાથી બંધ કરવાનું ન પાલવે. આવી છૂટનું-અસંયમનું જીવન ગણધર ભગવાન કહે છે. 'सव्वेसिं पियं' સર્વ જીવોને ગમે છે. અપવાદ રૂપે સમકિતી જીવો બાદ તે એટલા માટે કે કદાચ એ સંયમ જીવન ન પણ પામ્યા હોય છતાં સેવવાં પડતાં અસંયમ જીવન બદલ હૈયે એને કાળો કકળાટ હોય. માનવ જીવનમાં જિનશાસન જેવા ગારુડિક મળ્યા છતાં અસંયમ જીવનની નાગચૂડમાંથી ન છૂટવા અંગે હૃદય રડતું હોય. અહીં નહિ તો ભવાંતરે આ માંત્રિક ગારુડિક ક્યાં મળવાના ? અને અસંયમની નાગચૂડ શે છૂટવાની ?

મહાનુભાવ ! આના પર ઉંડો વિચાર કરજો. મહામૂલ્યવતી ગણધરવાણી આજના વિકરાળ કલિકાળમાં મળ્યાની કદર કરજો, મૂલ્યાંકન કરજો, અને જીવનમાં યથાશક્તિ એનો આદર કરવા મળેલ દુર્લભ પુરુષાર્થ શક્તિ, ભલે માનસિક પણ, લેખે લગાડજો, કમમાં કમ પૂર્વે કહ્યું તેમ અસંયમ જીવનો હૃદય સંતાપ એવો રહે કે જે આત્મરોગેને વધારનાંર માટીની કાયા માયાને સ્વાત્મા કરતાં વધુ કિંમતિ ન લેખાવે, ધર્મ કરતાં ધર્મના તુચ્છ ફળ સ્વરૂપ જડ સંપત્તિનો આનંદ અધિક ન મનાવે, ધર્મ કર્યામાં કમીના લાગે, ધર્મના તુચ્છ ફળ મળ્યા કમીના ન લાગે. બસ દિલ આ પ્રકારનું બનાવી દો, એ જ એક મંગળ કામના—

• • •

પ્ર. પાપ કરનાર અને પાપની પ્રતિજ્ઞા નહિ કરનાર આ બન્નેને સમાન કોટિના પાપી ગણાય કે તરતમતા અધ્યવસાય વિશેષવાળા ગણાય ?

ઉ. પાપ કરનાર અવિરતિ અને યોગ બંને આશ્રવમાં છે, જ્યારે પ્રતિજ્ઞા નહીં છતાં પાપ ન કરનાર અવિરતિના આશ્રવમાં છે. અધ્યવસાય આશ્રવોને અનુસરે છે. બંધમાં ફરક પડે.

પ્ર. અવિરતિવાળા (કોઈ પણ પચ્ચકખાણ નહિ કરનારા) જીવોને નારકીમાં થતી હિંસા લાગે ખરી ? અનુમોદના કરતા નથી પણ માત્ર પ્રતિજ્ઞા કોઈ નથી.

ઉ. અવિરતિવાળાને સર્વ સામાન્ય રીતે સર્વપાપોની અવિરતિ હોઈ કર્મબંધ તે પ્રમાણમાં થાય છે. હિંસાકર્તાને સારું માનું નહિં એ પ્રતિજ્ઞા નથી એટલે અનુમતિ પણ ખુલ્લી છે. પછી નારકીની હિંસા હો કે ગમે તે હો.

પ્ર. અવિરતિનો મહિમા કયા ગ્રન્થોમાં વિસ્તાર પૂર્વક મળી રહેશે ?

ઉ. અવિરતિ અંગે ભગવતી વગેરેનો પાઠ, ધર્મ પરીક્ષા, કથા ગ્રંથોના પ્રસંગો મળે.

પ્ર. કેવલી કોઈ જીવના સંપૂર્ણ ભવોનું વર્ણન કરી શકે છે તો તે ભવનો પ્રારંભ ક્યારથી માનવો ?

ઉ. કેવલી સંપૂર્ણ ભવોનું વર્ણન ન કરી શકે કેમ કે તે અનંતા ભવો છે. બાકી ધર્મ પામ્યા ભવથી ય વર્ણન હોય અને કોઈ મોટી ભૂલ કર્યાના ભવથી ય વર્ણન હોય.

પ્ર. ઈતરદર્શની અને વળી સુધારકોને વ્રત-નિયમ નહીં કરવાથી ઘણા પાપ લાગે છે તે સમજાવવા અપાતી યુક્તિઓના દૃષ્ટાન્તો ટુંકમાં જણાવશો.

ઉ. વિરતિના મહત્ત્વના દૃષ્ટાન્તો ? મ્યુનિસિપલ નળ-ગટર ન વાપર્યા છતાં ટેક્ષ લાગે. (૨) ભાગીદાર છ માસ હવા ખાવા ગયો છતાં વેપારમાં ખોટનો ભાગ આવે. (૩) છૂટાછેડા કાયદેસર ન થવા સુધી ખોરાકી ખર્ચ ભરવો પડે. (૪) વ્યાજ ન ઠરાવ્યું તો વ્યાજ જાય. (૫) એકેન્દ્રિય જીવને મિથ્યાત્વ-કષાય-યોગ એવા પ્રબલ નહીં છતાં અવિરતિ પ્રબલ છે. તેથી **કાયસ્થિતિ** મોટી.

જીવનની ગાડી મોંઘેરા માનવકાળના ક્ષણ ક્ષણ રૂપી દિવ્યનગરોને વટાવી આગળ ચાલી રહી છે એ નગરોમાંથી દિવ્યમાલ કેટલો લેતા ચાલ્યા ? કેટલો બધો દિવ્યાતિ દિવ્ય માલ લેવો બાકી રહી જાય છે ? એનો ખૂબ વિચાર કરજો ખૂબ વિચાર કરજો. ખાસ કરીને મુખ્ય માલમાં સમભાવનો કોહિનૂર હીરો આત્મા પાસેથી લૂંટાઈ ગયો છે.

મત માનજો કે- મારી તાકાત નથી, આત્માની અનંત શક્તિ છે. કોઈ વિકટ પરિસ્થિતિમાં ભારે ભયમાં કે અતિ અનિવાર્ય જરૂરિયાતમાં શું અણચિંતી મહાન શક્તિ નથી ઉછાળો મારતી ? ન હોત તો ત્યાંથી ઉઠતે ? જિનભગવંત કથિત મહાલોકો પર આગમ જ્ઞાનથી પરિષ્કૃત કરેલ, પરિકર્મિત-પરિભાવિત કરેલ શુભ અધ્યયવસાયોની સરણી દ્વારા આ ક્ષણ ક્ષણમાંથી દિવ્યાતિદિવ્ય માલનો ઢગલાં હાંસલ કરી શકાય એમ છે, આના પર ગંભીર પરામર્શ કરવો અર્થ સમજવો સારનો વિસ્તાર કરી ચિંતવવું.

મારા સંયોગ નથી-સંયોગ તો માનવભવ આર્યકુલ ઈન્દ્રિય પટુતા અયોગ્ય વગેરે બુદ્ધિ શક્તિ દેવ ખૂબ ધ્યાન થઈ છે ક્યાં ક્યાં છે ?

હજી ઘણોય સમય છે- સમય ઘણો ક્યાં બાકી છે ? અસંખ્ય જન્મનાં સમયે સમયે સંઘરેલા અનંતા કર્મ દળિયાં ઉખેડવા અને અનંત ભવો પોષેલી વાસનાઓને ભૂંસવા કેટલો બધો સમય જોઈએ ? ના ત્યારે આ એક ભવે ય ક્યાં પતવાનું છે ? થશે ધીમે ધીમે અનેક ભવોમાં ?' આ વિચાર અજ્ઞાન દર્શાવે છે. કેમ કે એ વિચારમાં તો હજી હાલ વાસના વિકારો પોષવાનું અને કર્મ ભાર વધારતા રહેવાનું ચાલુ, તે પળે પળે ! જાણવા સમજ્યા પછી એ ધિઢાઈ આગળના ભવે સારું ક્યાંથી સૂઝવા દેશે ? તેમ નવા ચીકણા ભાર ભવિષ્યમાં હઠશે ઉતરશે ?

• • •

મહાનુભાવ, તમારી ધ્યાન-બહાર નથી કે જીવનાં ઉપર જન્મોજન્મના આહાર-વિષય-પરિગ્રહની સંજ્ઞાઓનાં, કષાયોનાં વગેરે વગેરે કેટલાંય કુસંસ્કારોનો ભાર લદાયેલો છે. ઉત્તમ માનવ જીવનમાં અને તે પણ જૈનશાસનની પ્રાપ્તિ થયાં પછી એ કુસંસ્કારોને નાબૂદ યા મંદ કરી નાંખવાં માટે અતિદુર્લભ સુવર્ણતક મળે છે. અજ્ઞાન અને મોહ મૂઢદશા આ તકની કદર નથી કરવા દેતું. પરંતુ સમજુ આત્મા તો નજર સામે અનંત ભવભ્રમણની કારમી વિટંબણા રાખી એ કુસંસ્કારો નામશેષ કરવાં મળેલાં જિનશાસનની આરાધનામાં લાગી જાય છે. કુવૃત્તિઓ સામે જીવનસંગ્રામ ખેલે છે. તીર્થંકર ભગવાને ખુદે આચરેલ અને મોટા ચક્રવર્તીથી માંડી રંક સુધીના જીવો પાસે આચરાવેલ પવિત્ર પંચાચારનો માર્ગ અપનાવી લે છે. આવી કોઈ જહેમત થાય ત્યારે એ કુસંસ્કારો હતપ્રહત બને છે.

આ માટે પહેલાં પગથિયે સત્સંગ અને જ્ઞાનોપાર્જન જરૂરી છે. એનાથી પ્રાપ્ત થયેલ વિકાસનાં અનુસારે આચરણમાં જવાનું છે.

• • •

જોગ અનુવંદના, આરાધના પ્રગતિશીલ રહેવું.

(૧) અંતર્મુખતા અને આપણી રત્નત્રયીને બીનજરૂરી બાબતમાં ઔદાસિન્ય, ઉપેક્ષા બહુ જરૂરી છે. આજના ધાંધલીયાં યુગમાં ચક્ષુ અને શ્રોત્રના વિષયમાં બહુ અથડાય, પણ એવાં દર્શન-શ્રવણથી તદ્દન નિરાળા રહેવું અને જાણે આપણે જુદી જ દુનિયામાં વસીએ છીએ. એ જાણે આપણી દુનિયામાં જ નથી, એ રીતે નિર્ધારપૂર્વક આપણાં કર્તવ્ય પંથે ચાલ્યા રહેવું. (૨) બાહ્ય વિચારનાં ઉકળાટ શાંત કરી દઈ, સ્વાત્માનાં વિચારને સ્વ-સ્વરૂપ રમણતામાં તૃપ્ત કરેલાં થવાનો લાભ અપરંપાર છે. એમાં ખૂબ નિરંતર અભ્યાસ રાખશો. ભવિતવ્યતાનું સાધન હાથ પર રાખવું. (૩) જગતમાં બનતા અને આપણને અનિષ્ટ લાગતા બનાવો જો ભવિતવ્યતાનાં પટ પર પહેલેથી અંકિત જ છે તો આપણે એને રોકનાર કોણ ? માટે એનો વિચાર જ ન જોઈએ.

શિબિરના લાભોમાં–

મુખ્ય ઉદ્દેશ છે, જે વિદ્યાર્થીઓના હૃદયને સ્પર્શવાનું અને હૃદય વિધિ ધાર્મિક અસર પહોંચાડવાના છે, તે સિદ્ધ કરવા માટે શિબિરમાં-

(૧) ગામ કુટુંબના સંબંધોથી અલગ વાતાવરણ મળે, તેથી રોજ થતાં શિક્ષણ સંસ્કરણ પાછા રોજને રોજ ગામ કુટુંબના વાતાવરણમાં જઈ પહેલા પડે તેવો અહીં સંભવ નહિ.

(૨) શિક્ષણ સંસ્કરણ અને ધાર્મિક, આચારોનું વાતાવરણ આખો દિવસ મળે.

(૩) ભોજનાદિ સારી સગવડને લીધે વિદ્યાર્થીના મન પર અહેસાન રહે તેથી વિશેષ દિલથી ઝીલે.

(૪) આખા દિવસનો કાર્યક્રમ હોઈ સારા પ્રમાણમાં વસ્તુ આપી શકાય, જેમ ૨૦૧૯ની આબુ શિબિરમાં અપાયું તે એના ૩ પ્રશ્નપત્ર ઉપરથી સમજી શકાય એવું છે. ગામમાં ને ગામમાં એટલું લેવા ધીરજ ન રહે.

(૫) દિવસ-રાત સતત સંસ્કરણ રહેવાથી વિદ્યાર્થીની આખી જીવન દૃષ્ટિ બદલાઈ જાય છે. પછી ભલે ઘરે ગયા પછી બધું અમલમાં ન ઉતારી શકે પરંતુ એક પ્રકારની જાગૃતિ ઊભી રહે છે. એ પાછી અવસર મળતાં સારી પ્રવૃત્તિમાં પરિણમે છે.

(૬) શિબિરમાં ગામ ગામના વિદ્યાર્થીઓ મળવાથી વિદ્યાર્થીઓને કોઈ વિશિષ્ટ શક્તિ અને ગુણોવાળા વિદ્યાર્થીની શક્તિ અને ગુણો જોવા મળે છે. એના પરિચય પણ મળે છે. એથી સારી પ્રેરણા, ગુણો અને નવી સ્ફુરણા મળે છે, તેમ

નવા અનુભવો પણ મળે છે.

(૭) સારા બહારના વક્તાઓ સંગીતકારો અને સંઘના અગ્રણીઓ શિબિરમાં નિમંત્રી શકાય અને એમના અનુભવ વિદ્યાર્થીઓને જાણવા માટે.

(૮) ગામ ગામના વિદ્યાર્થી મળવાથી સંઘ ભાવના ઊભી કરી શકાય.

(૯) આમંત્રિતો અને પ્રેક્ષક મહેમાનોને સાધર્મિક ભક્તિનો લાભ મળે છે.

(૧૦) ઘરેથી દૂર શિબિરમાં જવામાં તીર્થસ્થાને જવાની જેમ આખી ભાવનાનો ઝોક ફરે છે ભરતી આવે છે.

• • •

નબળાઈ આવી હશે પરંતુ મન ઢીલું પડવા દેતા નહિ. કર્મના ઉદય વિના તો આ બનતું નથી અને કર્મ કોને નથી પીડતા ? માત્ર ભાવના જિનેશ્વર હૂંફ છે. એમના વિશ્વોપકારક શાસનની પ્રાપ્તિ છે એ કર્મના ઉદયને નિષ્ફળ બનાવી ન શકે કર્મ સર્જન નથી થવાં દેતું એ એક મહાન અલૌકિક બક્ષીસ છે કે આપણી કાયા બગડ્યાનું દુઃખ થાય પરંતુ આપણને બીજું સારું કેટકેટલું મળ્યું છે ? અને તે પણ બગાડો ન થાય એવું આપણા દેવાધિદેવ અને ગુરુ આપણો નવકાર, આપણા વ્રતો આપણે કલ્યાણ મિત્ર સંઘ આપણા તીર્થો ઇત્યાદિ કેટલું ય સારું આજેય આપણી પાસે હયાત છે અરે ! કાયા કરતાં ય લાખો કરોડો ગણુ કિંમતી મન આપણી સેવામાં હાજર છે. પથારીમાં પડે પડે પણ આપણે એને તીર્થસ્થાનોમાં, મહાપુરુષોના જીવનપ્રસંગોમાં, નવકારના પદોમાં, પરમેષ્ટિના સુકૃતોમાં, કર્મ વિપાકના પ્રકારોમાં, રાગાદિ કેવા ભયંકર છે તેના વિચારમાં, વૈરાગ્ય જનક વિશ્વના વિચિત્ર ભાવોમાં, અનિત્ય અશરણ આદિ ભાવનાઓમાં, કેટલાંય સ્થાને આપણા કિંમતી મનને ફેરવી શકીએ છીએ એથી અઢળક પાપક્ષય અને પુણ્યાર્જન કરી શકીએ છીએ. તો બગડેલા મશીનની ચિંતામાં કાર્યકર મશીનનો લાભ શા સારું ગુમાવવો ? ખુબ સત્ત્વ કેળવજો ભૌતિક ઉપચાર કરતાં ય વધુ કાળજીથી આધ્યાત્મિક ઉપચાર ભૂલશો નહિ. સત્ત્વમાં મહાસિદ્ધિ છે.

જાવાલ (સિરોહી) તા. ૧૩-૧૧-૧૯૬૩

ભાવભીનો અને ધર્મરસથી છલકતો તારો ૮ મીનો પત્ર ગઈ કાલે મળ્યો વાંચી આનંદસ્રોત વહ્યો.

અત્રે ન આવી શકવા બદલ તને દુઃખ થયું એ ભક્ત દિલ અને જ્ઞાનપિપાસુ આત્માનું સહજ સંવેદન છે, પરંતુ યાત્રામાં જે અદ્‌ભુત લાભો લઈ આવ્યો એ મારી પાસેથી જ મેળવેલા લાભ તુલ્ય માનજે. અત્રેનું તારું આકર્ષણ એ કોઈ વ્યક્તિ તરફનું આકર્ષણ ન લેખતાં શાસનસંપત્તિ પ્રત્યેનું જ આકર્ષણ લેખું છું.

એટલે જ્યાં કયાંયથી તું શાસનસંપત્તિ પામે એને મારી સાથેનો જ સંપર્ક સમજું છું.

મહાત્માઓ પાસેથી મેળવેલી પ્રસાદી પુનઃ પુનઃ યાદ કરી (૧) અનુમોદના દ્વારા પૂર્વાર્જિત પુણ્યના ગુણાકાર કરતો રહેજે. (૨) પ્રેરણા દ્વારા નવીન નવીન જીવનોત્થાન સાધતો રહેજે. મનઃક્ષેત્રનો ડિગ્રીધર ખેડૂત વાવેલ બીજ પર એ નવ નવા પાક ઉતારતો રહે એ સ્વાભાવિક છે.

આ માટે એટલું ધ્યાનમાં રહે કે ચરમાવર્તમાં જીવ મુક્તિપુરીનો મુસાફર બને છે. એટલે એનું અંતિમ વિશ્રામ મથક મુક્તિ જ મનમાં નક્કી કરી લે છે, અને તે તરફ અવિરત પ્રયાણ ચાલુ રાખે છે. પછી વચલા મથકો એ કાયમી વિશ્રાન્તિ એ સમજતો નથી. એ તો જંગલ વચ્ચે પરબસ્થાનો જેવા ત્યાં પાણી પીએ, આસાએશ લે. પરંતુ સાવધાન જરૂર કે હજી આગળ પંથ કાપવો છે. તેથી જ પાણી અને છાયાના તુલ્ય આગળના પ્રયાણને ધપાવવા પૂરતાં જ લેખે છે. એ જ રીતે માનવભવે પ્રાપ્ત પુણ્ય સગવડોને મુક્તિપુરીના પ્રયાણને ધપાવવા પૂરતી જ મૂલવવી રહી. પ્રત્યેક પુણ્યનો ઉદય સમ્યગ્દર્શનાદિ રૂપ મોક્ષમાર્ગના પ્રયાણમાં અવશ્ય ફાળો આપે એ ધગશ અને પુરુષાર્થ જરૂરી છે.

માનવ જીવનમાં આ મોંઘેરી ધર્મ તક મળી છે. તો એનો લહાવો લેવાનું કયાંય પણ ન વિસરાય. કોરા પુણ્યોદયના લહાવા લીધેલા એ પુણ્યતિજોરીના તળિયાં દેખાડે છે, ત્યારે ધર્મતકના પુરુષાર્થમાં પરિણમનારા પુણ્યોદય પુણ્ય તિજોરીને ભરચક ભરે છે. જીવનનું એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાંની પુણ્ય સગવડમાં માનસિક, વાચિક કે કાયિક કોઈ એક ધર્મ સાધવાની તક ન હોય, એ તક સફળ ન કરી શકીએ. અલબત્ત આ માટે કેવા કેવા વિવિધ ધર્મ સાધવાની તક હોય છે, એનો પરિચય પ્રાપ્ત કરી નજર સામે તરવરતા રાખવા પડે. આ માટે તા. ૨૩-૧૧-૬૩ મીનો દિ. દ. અગ્રલેખ જોજે.

તારા જેવા બુદ્ધિશાળીને તો સપ્તાહે એક પુનરાવર્તનથી પણ ચાલે. શિબિર શિક્ષણની પુનરાવૃત્તિ પણ અવરનવર રાખ્યા કરજે.

સંયોગોનુસાર ત્યાગ, તપ, ટૂંકા અભિગ્રહ ઘરમાં હોય ત્યાં સુધી અચિત્ત પાણીનું પાન, નવકાર કે પ્રથમ પદસ્મરણથી વ્યાપ્ત પ્રત્યેક અવકાશક્ષણ, પ્રભાતે ઊઠીને પરમેષ્ઠી તથા ઉપકારીઓનાં કૃતજ્ઞતાભર્યા સ્મરણ, વિશુદ્ધ આત્મચિંતા અને શુભ ભાવના... ઇત્યાદિથી જીવન ભર્યું ભર્યું રાખજે. પ્રભાતે માતાપિતાને પગે પડવાનું ચાલુ હશે.

સામાયિક શાળામાં પણ આની પ્રેરણા આપવા જેવી. તેમજ એક દરેકનું સમયપત્રક હોય એમાં કેટલું સાધ્યું એની નોંધ કરાવવા જેવી. વિશેષમાં તત્ત્વજ્ઞાન

અને ધર્મકથા કહી એના મુદ્દા લખાવી વિદ્યાર્થીઓને એ પરથી સ્વયં લખી લાવવા તથા વારાફરતી વર્ગમાં બોલવાની યોજના કરી શકાય. એથી શક્તિ અને ઉત્સાહ સારો વધશે.

આપણા પર અનંત ઉપકારકારી જિનશાસન પ્રત્યેની કૃતજ્ઞતા અદા કરવા સ્વ અને પરના જીવનના ખૂણે ખૂણે જિનશાસનની ઝલક ઝળકાવવાની જરૂર છે.

બાકી.....જી આ બધું પૂર્વોપાર્જિત કર્મની ક્રમસર હિસાબ ચૂકવણી જેવું છે. એમાં તત્ત્વજ્ઞ પુરૂષ તો હિતવાણીના આલંબને ખૂબ જ સ્વસ્થ રહી નિર્ણય લાવે. ભોગવી લેનારો હોય આપણામાં શુભ કર્મના ઉદય થતી અનુકુળતા પર જેવો આપણો અધિકાર છે. એવો જ અધિકાર શું આપણો જ અશુભ વેદી લેવાનો ન હોય ? અધિકાર રાખીએ બોલને ઠેકાણે સમાન રાખીએ.

અને એ પણ હકીકત છે કે જેમ તપસ્યાથી અકામ નિર્જરા થાય છે તેથી તપ એ આરાધના છે, તેવી રીતે રોગાદિ સમજાવે સહી લેવામાં પણ સકામ નિર્જરાજ છે. તેથી એને પણ એક આરાધના જ સમજાવી આરાધના સમજીએ તો પછી એમાં દીન દુઃખીયારા બનવાનું ન રહે. તમે તો ધર્મ ભાવના સારી રાખો જ છો છતાં ભાવનાના આલંબન માટે ઉપરના બે મુદ્દા લખ્યા છે. ગમે તે સંજોગ પરિસ્થિતિમાં હો, એક જ વાત રાખજો કે આપણા રાગદ્વેષ અને પરનાં આકર્ષણ (પરાધીનતા) કેમ ઓછી થાય, આ લક્ષ અને પ્રયત્ન રહે છે. તો બધે જ કમાઈ દેખાઈ ધર્મ ક્રિયા તપસ્યા કરીને ફળતો આજ લાવવાનું છે. તો જ નિસ્તાર થાય એ ફળ પ્રતિકૂળતા વેઠવામાં આવતું હોય તો એ પણ કમાઈનો જ સોદો છે.

• • •

દ્વિ. કા. સુ. ૨

આબુ શિબિર શિક્ષણને અવરનવર તાજું રાખતા હશો. વખત થાય ને ઘસડાઈ જતા નહિ. દુશ્મનના ઘેરાવાની વચમાં છીએ એ ખાસ ખ્યાલમાં રાખવું. આમેય જીવ પર અનંતા કાળના જડના અંજામણ થયેલો જ છે. સ્વાત્મવિસ્મૃતિ ચાલી આવી છે, પણ અહીં જિનશાસનના પ્રકાશે અનંત જ્ઞાનાદિ સમૃદ્ધિ-માન સ્વતન્ત્ર નિર્વિકાર આત્મરત્નના પરિચય કરાવ્યા છે. એ પામ્યા પછી અનાદિની અવળી ચાલે ચાલવાનું હોય ? જિનભક્તિ સામાયિક વ્રત નિયમ અને વડીલોની વિનય સેવા વગેરેમાં ઉજમાળ હશો.

• • •

માણસ દર્દથી પીડાય એટલે સહેજે મન ઉદાસ રહે તેમ નવા નવા છે એટલે પણ તેમ દેખાય એમ બને છે. જીવો કર્માધીન છે. ભવિતવ્યતા બળવાન છે. આપણને પણ અનેક પ્રકારે કર્મો તો છે જ. તેથી એમાં ઓછા વધતા પુણ્યે ઓછું વધતું જોવા મળે તો એ કર્મના અધિકારની વસ્તુ ભૂત પ્રાપ્તિ ઉપર મનને ઓછું શા માટે લાવવું ? બીજી બાજુ પરમાત્માનું શાસન ચારિત્ર ધર્મો ભવ્યશાસ્ત્રો વગેરે કયાં કમ મળ્યું છે. અવધુ સદા મગન મેં રહેના, સબ્વે જીવા કમ્મીમ્મવસ, કર્મ ભવિતવ્યતા અને વસ્તુ સ્વભાવના ચિંતનમાં વારંવાર અરિહંતા મે શરણં, સિદ્ધા મે શરણં.

તમારે આરાધના સારી ચાલતી હશે. શારીરિક તબિયત ઠીક હશે. કદાચ પહેલા દૂબળા એટલે અહિ પણ કંઈ વ્યાધિ નડતી હોય તો ય મુંઝાતા નહિ. કર્માનુસાર બને એ તો જાણો છો ને ? આપણા શાતાવેદનીય કર્મ ઉપર આપણે અધિકાર રાખીએ તો અશાતા કર્મ પર રાખવો એજ વાજબી ગણાય ને ?

અને બીજી ખબર છે ને કે ગૃહસ્થપણે તો વ્યાધિ આદિમાં દુર્ધ્યાન, આરંભ, સમારંભ અને સ્નેહીઓના મોહઘેલા શબ્દ કેટલા બધા કર્મબંધન નવા ઉભા કરી આપે ? જ્યારે પ્રભુના શાસનના ચારિત્ર માર્ગની બલિહારી છે કે એ આપણને બળ આપે છે કે 'તોડ તોડ કર્મની શૃંખલાઓ અહીં તોડાય એટલી તોડ. શરીર સુખાકારી સામે જોઈશ ના. ઘણું એ તો જોયું. પણ, તેથી ભવ ભારે કર્યા. આત્મસુખાકારી સામે જોજે. અને રોગાદિની શી એવી મોટી પીડા છે ? નરકાદિની પીડાઓ તે જોઈ છે. એની આગળ આ કુછ નથી. મહાપુરુષોએ રોગાદિમાં તો એવી સકામનિર્જરા સાધી છે કે બે ભેગા બાર કર્મના ભુક્કા ઉડાડ્યા છે. માટે જરાય પાછા પડવાનું નહિ. રોગ સહવા એ પણ જબરદસ્ત આરાધના છે.

બાકી એક ધ્યાન રાખજો કે 'જીવને ઘણું દુઃખ તો મનમાંથી ઉઠે છે.' એમ આજના માનસશાસ્ત્રીઓ પણ કહે છે. તેથી મન બહુ પ્રફુલ્લિત રાખજો. અને તમે તો પુણ્યશાળી છો કે તમને ચારે સહવર્તી ખાનદાન માયા છે. અને ગુરુણી તો મારા ગુરુ પદ્મવિજયજીના જ લોહીવાળા ને ? તમે જાણો છો ને કે મારે કેટલા સાધુ સાથે કામ લેવાનું ? પણ મન સ્વસ્થ પ્રફુલ્લિત અને સાધુભાઈ પર હેતવાળું રાખવાથી કોઈ એવો ભાર નથી લાગતો.

કર્મ અને રાગાદિ સામે આપણે તો જંગ માંડ્યો છે. કમર કસીને એના ફુરચા ઉડાડવાના છે.

• • •

તમારો પત્ર મળ્યો. પ્રેરણાપત્રની તમારી માંગણી અંગે લખવાનું કે,-

પૂર્વકાળે આપણે સંસારની મુસાફરીએ બહુ ચાલ્યા. હવે મોક્ષની મુસાફરીને ચાલવાનું છે. આને વારંવાર લક્ષમાં લઈએ કે હવે હું મોક્ષની યાત્રામાં છું. તો જીવનમાં વિચાર-વાણી-વર્તાવ કરવા પહેલાં આપણને 'એ મોક્ષ પ્રત્યે અનુકૂળ છીએ કે પ્રતિકૂળ ?' એ ઝટ ધ્યાનમાં આવે. અંતે મોક્ષ માટે અનુકૂળ બનાવવાનું મન થાય, એ માટે ચીવટપૂર્વક પ્રયત્ન થાય.

આવું જો વારે વારે લક્ષ રહે, અને વિચાર-વાણી-વર્તાવ મોક્ષને અનુકૂળ બનાવતા જવાય તો જીવનમાં એક મહાન સિદ્ધિ હાંસલ થઈ કહેવાય.

યાદ રાખજો, મોક્ષ તરફના પ્રયાણ-યાત્રામાં સામે આંખ મીંચશો, અને આંખ મીંચીને સંસાર-યાત્રા પ્રવાસ ચાલુ રાખશો. તો તેથી બચાવ નહીં મળે, કબૂતર સામે બિલાડી આવીને ઊભી રહે, કે ત્રાટકે ત્યારે કબૂતર આંખ મીંચી દે છે. એમ કરીને કદાચ કબૂતર એમ માનતું હશે કે હવે મને બિલાડું દેખાતું નથી એટલે બિલાડુ ગયું લાગે છે' તો હવે શું એ બિલાડાની ઝપટથી બચી શકવાનું ?

એમ, આપણે કાળરાજા સામે આંખ મીંચીએ, મોક્ષ પ્રવાસ તરફ આંખ મીંચીએ તેથી શું સંસાર પ્રવાસથી આપણે બચી શકીએ ?

કિંમતી માનવ બુદ્ધિ અને મહાકિંમતી જિનશાસન મળ્યું છે, એની કદર કરો અને એની આરાધનામાં એનો સદુપયોગ કરો. નહિતર કોડો અનાર્યોની જેમ કાળપ્રવાહમાં ઘસડાઈ જશો. અમૂલ્ય **સાધના માટેનો** મોંઘેરો માનવભવ વેડફાઈ જશે, સાધના રહી જશે !

યાદ રાખજો, અહીં સારા કુળમાં અને સારા ભવમાં શી રીતે આવ્યા છો ? પૂર્વ ભવે સરિયામ **પાપ જીવન** જીવીને નહિ કિન્તુ **ધર્મજીવન** જીવીને આવ્યા છો, તો હવે શું કરવું વાજબી છે ? ધર્મના આપેલા માલ ઉપર ધર્મને આઘો રાખવો છે ? અને ૧૮ પાપસ્થાનકની જ દોસ્તી કરવી છે ?

પરોઢિયે ઉઠીને ઠંડા પહોરમાં આના પર વિચાર કરજો.

ધ્યાન રાખજો, પૂર્વમાં પુણ્યનો ઉદય હશે એટલે ત્યારે ધંધો સારો ચાલતો હશે, પરંતુ આ વાશી પુણ્ય ખાઈ જવાનો ધંધો છે. એકલું વાશી ખાયે જાય એ દુઃખી થાય. જનમ પૂરો થવા સાથે પુણ્ય પૂરું. પછી સીલકમાં શું રહે ? અહીં હૂંડીની જેમ પુણ્ય વેચી વેચી પૈસા તો કરી લીધા પણ સાથે પાપ ખરીદ્યા હોય એટલે અંતે નકરા પાપની સિલક રહે. એટલે અંતિમ ઘડીએ મનને શાંતિ રહેવાની ? કે રોદણું ? 'હાય ! હાય !' જીવનમાં ધર્મ કરી કરી નવું પુણ્ય મેં ભરી લીધું નહિ, હવે મારું શું થશે ? મારે ક્યાં જવાનું ?' અને ત્યાં જીવ રોતો રોતો અરે એને,

વિના પુણ્યે પરભવે રોવાનું મળે ? કે આનંદ મંગળ મળે ?

ખૂબ ગંભીરતાથી વિચારો, કરોડો એટલે કે આજની દુનિયાની ૪૫૦ ક્રોડની વસ્તીમાં ૪૪૯।। ક્રોડને જૈન ધર્મ અને અરિહંત દેવ જે નથી મળ્યા તે માત્ર ૦।। ક્રોડ જૈન માનવોને મળ્યા છે. એમાં તમારો નંબર લાગ્યો છે. તો આ અતિ દુર્લભ મળેલા દેવ-ગુરુ-ધર્મની આરાધના કરી લો, વ્રત-નિયમની અને ધર્મક્રિયાની ખૂબ ખૂબ ઉપાસના કરી લો.

સમજી રાખો કે રોજિંદા જીવનમાં ખૂબ ખૂબ ધર્મસાધના કરનારને રાત પડ્યે આશ્વાસન રહે છે, કે આજનો મૂલ્યવાન દિવસ મારો કાંક પણ લેખે લાગ્યો. આટલી ધર્મ કમાણી થઈ એવું રોજ રોજ બનાવે તો જીવનના અંતે ખાસી ધર્મ કમાણીની મૂડી ભેગી થાય, પછી અહીંથી જવાનું આવે ત્યારે ખુશખુશાલ હોય અને અંતે જવાની (મરવાની) ઉતાવળ હોય, કેમ કે સારી જગ્યાએ ટ્રાન્સફર થવાનું છે.

બોલો, તમારા અત્યારના જીવન પરથી તમને લાગે છે ખરું કે તમારો અનંતકાળ આવો ખુશનુમા આવશે ? અંતે જતા જતા ખુશખુશાલ હશો ને ? કે રોતડ ?

એટલું વિચારો કે આપણા પૂર્વ પુરુષો કેવા ? એ શાલીભદ્ર મહામુનિ, એ ધન્ના અણગાર, એ જંબૂસ્વામી, એ સનતકુમાર ચક્રવર્તી, એ બ્રાહ્મી અને એ સુંદરી, એ સ્થૂલભદ્ર મહામુનિ... વગેરે વગેરે કેવા ? એમના આત્મ પરાક્રમ કેવા ? એવા મહાન પૂર્વજોના આપણે વારસદાર તો આપણને શું કરવું શોભે ?

ઉપકાર માનો અરિહંત પરમાત્માનો કે આપણને જિનશાસન આપી આપણી આંખ ખોલી નાખી ! અજ્ઞાનના અંધકારમાં કૂટાતા આપણને જ્ઞાનપ્રકાશ આપ્યો, તો જ આપણે શરીરના અંદરવાળાને ઓળખતા થયા.

ધર્મ શું અને પાપ શું, એ સમજતા થયા, એમ ભક્ષ-અભક્ષ્ય, કાર્ય-અકાર્ય, હિત-અહિત વગેરે સમજતા થયા. આ સમજો મળી તો ઉપયોગ શો ? એક સામાયિક એટલે અનંતા જીવોને અભયદાન અને આ સામાયિક એટલે દુનિયામાં જીવતા જીવો ખાઈ રહેલા અસંખ્ય જીવોથી થતી આ હિંસાના પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગરૂપ વિરતિ નહીં તેથી લખલૂટ પાપનો બંધ.

ધર્મ અને અધર્મ વચ્ચે આ મહાન ફરક સમજી અધર્મ-પાપ છોડો, ધર્મ આદરો...

• • •

સાંસારિક લક્ષ્મી આદિનો રાગ તમને આ ઉંમરે પણ દિવસનો ઘણો સમય સંસાર પ્રવૃત્તિમાં ઘસડી રહ્યો છે એમ માનવું પડે. તમે તો સમજુ છો, શાસનના સ્તંભ છો, સંસારની અસારતાના જાણકાર છો, આરંભ પરિગ્રહને આત્મશત્રુ માનનારા છો, પણ જીવનના બચેલા પાછલા વર્ષો શાસનસેવા રક્ષામાં પૂર્ણપણે કાં ન યોજી શકો ? સંસારને તમારી શક્તિના વ્યયથી જે લાભ કદાચ થશે એના કરતા શાસન અને સંઘના ભવ્યજીવોને એ શક્તિ વ્યયથી અસંખ્ય ગુણો લાભ થશે. વેપારી બુદ્ધિથી તોલી યોગ્ય કરો એ શુભેચ્છા.

• • •

અષાડ વદ-૧૩

....તમારી વૈયાવચ્ચ ફળી. એક સંયમી આત્મા માટે તમે આપેલો ભોગ સ્તુત્ય છે. તમારે વિરાધના સેવવી પડી એની અફસોસી ન કરવી. (૧) સંયમીને સમાધિ આપી એની અને (૨) આ શીખવનાર શાસન મળ્યું એની અનુમોદના જ કરવી.

...ગ્લાનને સમાધિ બહુ સારી રહી એ એમના સંયમ-જીવનનો પ્રતાપ છે. એમણે ખાનદાની ઝળકાવી છે, પ્રભુને જીવન સમર્પ્યાનું ઉચ્ચ કર્તવ્ય સાધ્યું છે. એટલા દર્દમાં પણ સાંભળવાનું મન રાખી જિનવાણી પરના ભારે પ્રેમને વિકસાવ્યો છે.

ધનના પ્રેમીને મન જેમ કષ્ટ વગેરેની ગણતરી નહિ, અને એની પ્રાપ્તિ પછી મનોવાંછિત સાધવામાં તન-મન એમ ધર્મના પ્રેમીને મન કષ્ટ વગેરેની ગણતરી નહિ. એની સફળતા પછી મનોવાંછિત અધિક આરાધના સાધવામાં તન મન લાગે.

આ હિસાબ રાખી આગળ પણ આરાધના ખૂબ કમાઈ લેવામાં રચ્યા પચ્યા રહેજો. એમાં તમને પ્રભુ સહાય કરે.

• • •

તારો પૂર્વે એક પત્ર મળે લો. સાધુ સમાગમને તું આટલો યાદ રાખે છે એ તારા આત્માની લઘુ કર્મિતા અર્થાત્ પુણ્યાઈ સૂચવે છે.

બાકી તે મેરુ સરસવનું અંતર જે લખ્યું તે દૂર કરવાનું પણ તારા હાથમાં જ છે. માણસ એટલો વિચાર કરે કે અનંત કાળથી મારા આત્મઘરમાં કબજો કરી બેઠેલા કુદેવ કુગુરુ કુધર્મને બરતરફ કરવાનું માંડ અહીં બની ગયું છે. અને હવે કબજો જો સુદેવાદિને સોંપ્યો છે. તો મારે હવે એમને એમનું કાર્ય મારા આત્મ ઘેર બજાવવા દેવું જોઈએ. આપણા આત્મા પર અનંત દયાળુ શ્રી અરિહંત દેવ અને

સદ્‌ગુરુઓની ધર્મમય આજ્ઞાઓ અમલ કરતી થઈ જાય, જીવન એ આજ્ઞામય બની જાય એવા અહોભાગ્ય કયાંથી ? હા, દૃષ્ટી ફેરવવી જોઈએ. જૈનતત્ત્વને યોગ્ય ઝળકતું જીવન જીવી મોક્ષ પદવીની ખૂબ નીકટ પહોંચી જા એ શુભેચ્છા.

આપણને મળેલી માનસિક ધાર્મિક કાયિક શક્તિઓની હુંડીઓને વટાવવામાં મહાન વિવેક વાપરવાનો છે. કયા બજારમાં વટાવવી કે જેથી એમાંથી આત્મા ન્યાલ થઈ જાય.

• • •

ધર્મલાભ, તારી ધર્મની હિતશિક્ષાના પત્રની જિજ્ઞાસા જાણી આનંદ થયો. સંસારની જથોજથામાં અને મોહમાયાની આસક્તિ ભર્યા જીવનમાં હિતશિક્ષાની આકાંક્ષા રહે એ તારું અનાદિની ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં પ્રયાણ સૂચવે છે. એને હવે પ્રગતિશીલ રાખજે.

એ પ્રગતિશીલ રાખવા માટે શાસ્ત્રો પાંચ ઉપાય બતાવે છે—

૧. અરિહંત ઉપાસના- મનથી વચનથી કાયાથી.

૨. આચાર્યાદિની ઉપાસના- ચિંતન, સ્તોત્ર પૂજનાદિ

૩. સ્વાભાવિક ભવ-ઉદ્વેગ.

૪. અવરનવર વ્રત નિયમો

૫. શાસ્ત્રોની ઉપાસના.

આનું વિશેષ વર્ણન યોગદૃષ્ટિ ભાગ-૧ માં મળી રહેશે.

આપણે સંસારમાં ફસાયા એનો એ અર્થ નથી કે આપણું એની માનસિક ગુલામી માથે ચડાવી. જો આને વિશેષ વિચારીશ કે ભલે સંયોગો બનાવી લેવા પડે છે છતાં હું માનસિક રીતે સંસાર અને મોહમાયાની ગુલામ નથી કે મારે મનથી બગડવું પડે. હું સ્વતંત્ર છું ચાલુ સંયોગોમાં મારા મનને ઉચ્ચ મૈત્રીભાવ, કરુણાભાવ દેવગુરુને સમર્પણભાવ, વૈરાગ્યભાવ વગેરેથી સુવાસિત પ્રસન્ન અને પ્રફુલ્લિત રાખી શકું છું. આનો અભ્યાસ પાડજે. અને ખૂબ આગળ વધજે એજ અમારી શુભાશિષ છે. યાદ રાખજે 'પૂજ્યમાને જિનેશ્વરે મનઃ પ્રસન્નતા મે તિ' જિનેશ્વર ભગવાનની પૂજાનું ફળ મનની પ્રસન્નતા છે. પ્રસન્નતા એટલે રાગદ્વેષાદિના સંકલેશો નહિ.

• • •

"यतिहित शिक्षा"

"वाचनादाता - वर्धमान तपोनिधि **प.पू.आ.भुवनभानुसूरीश्वरजी** म.सा."
अवतरणकार - मुनि कल्परत्नविजयजी म.सा.

पालनपुर, सं. २०३८, जगद्गुरु-हीरसूरि नूतन उपाश्रय

हे मुनि ! तने कोई न बोलावे अने बीजाने बोलावे-बीजांनी साथे कोई वात करे तो आ बधुं तारावी सहन केम थतुं नथी ? अंदर बळ्या केम करे छे ? तुं बीजा पर ईर्ष्या-असूया शा माटे करे छे ? ईर्ष्या-असूया करवाथी जिनवचननो भंग थाय छे ! जिन वचननो भंग करे ए पापी छे.

ब्राह्मी अने सुंदरी पूर्वभवमां पीठ अने महापीठ मुनि हता. बाहु अने सुबाहुमुनिनी गुरुए प्रशंसा करी. पीठ महापीठ मुनिने अंदर बळतरा थई. तो स्त्रीवेद बंधावी दीधो.

स्त्रीवेद १ला गुणस्थानके बंधाय. एटले आ ईर्ष्याए केटलां नीचे उतारी दीधा. ईर्ष्या थया पछी बीजाने जाणवा न दीधी एटले माया थई कहेवाय पण ए माया बहु मामूली कोटीनी हशे एटले बहु लांबी न चाली. कर्मसत्ता पासे आवा दोषोनो हिसाब छे एनी आवृत्ति चाले छे, पण आ जीवो सर्वार्थ सिद्ध विमानने योग्य आत्म परिणतिवाळा हता. सर्वार्थ सिद्धनुं आयुष्य बांधवा माटे लोटरी लगावववी पडे छे. मांदला परिणामथी नथी बंधातुं. ऊंचा अभ्यासमां पण घणी सावधानी राखवानी होय छे. सर्वार्थ सिद्ध विमानमांथी च्यवीने आ पीठ-महापीठनो जन्म ऋषभदेव भगवानने त्यां थयो. बाहु-सुबाहु-भरत-बाहुबली थया. भरत चक्रवर्ती थया. आ चक्रवर्तीने त्यां रही सुंदरीए ६० हजार वर्ष सुधी आयंबिल कई रीते कर्या ? पूर्वे तप करीने आवेला. पूर्वनां आत्माओ तप सरळताथी करतां-एटले एमनां आत्मानी वृत्तिओ शांत हती.

• ईन्द्रियोनी नानी पण ऊंखना ए उकळाट छे.

सरळ अने शांतवृत्तिवाळा आत्माओ क्षणिक वस्तुनी आतुरता करतां नथी.

मारो आत्मा अविनाशी-स्थिर छे ते अतिचंचल एवी वस्तुमां शुं अटके ? ना.

• नाशवंत भावोमां स्थिर थवुं ए श्रेयस्कर नथी, पण अत्यंत महाअविनाशी एवा आत्मामां स्थिर थवुं एज श्रेयस्कर छे.

आपणे केटलीये वार अल्पकाळ माटे भावो बगाडीए छीए. एवा बगाडेलां भावोनी आलोचना न करवाथी आत्मा मलिन थाय छे.

"હે મુનિ !" આવા અલ્પકાલિન મલિન ભાવોની તું આલોચના-પ્રાયશ્ચિત્ત કરતો નથી માટે તો બહેતર છે કે આવા ભાવો કરવા તું રહેવા દે."

પ્રશ્ન- આવા **મલિન ભાવો ન થાય** તે માટે શું કરવાનું ?

ઉત્તર- શાસ્ત્ર કહે છે કે **શ્રુતનું આલંબન લે. આગમોનો સતત પરિચય કરો. એની જ રટણા કરો. એનો ગુંજારવ ચાલવો જોઈએ.** તો આવા મલિન ભાવો નહીં થાય.

"વાચના-૧" **શ્રાવણ સુદ-૩**

ઈર્ષ્યા-અસૂયા વગેરેની **છારી દૂર કેમ** થાય ?

જિન વચન અંજન છે. અંજન આંજે એટલે છારી લાગી હોય તો **જતી રહે.** એમ જિન વચન રૂપ અંજન વડે આત્મા ઉપર ઈર્ષ્યા-અસૂયા-માત્સર્ય વગેરેની જે છારી હોય તે દૂર થાય છે. માત્સર્યની છારીથી જીવ આંધળા જેવો બને છે. "જિનવચન એ પ્રમોદભાવના-મૈત્રી ભાવના-કરુણા ભાવના બતાવે છે." આ ત્રણે ભાવના માત્સર્ય થવા ન દે." બીજા ઉપર ઈર્ષ્યા દ્વેષ થવા ન દે. મૈત્રીભાવ સર્વ જીવ પ્રત્યે સ્નેહ-પરિણામ કરાવે છે. હૈયામાં સ્નેહ ને વાત્સલ્યનો ભાવ જ કરાવે. જિન વચનને હૈયામાં ઉતારે એટલે દ્વેષ ભાવ જાય, કરુણાભાવ આવે. કોઈ ભૂલતો હોય તો- પાપમાં પડતો હોય તો- તેના પર કરુણાભાવ આવે. બીજાનું અધિક દેખીને જે દુન્યવી હોય તેનાં પર ભાવ દયા આવે અને જે આત્મિય હોય તેનાં પર પ્રમોદ ભાવ આવે.

પ્રમોદ ભાવમાં સામાન્ય રીતે સુખ આવે. બીજાનાં સુખમાં આનંદ આવે અને આ આનંદ આવે એટલે પોતાનામાં ઈર્ષ્યા ન આવે. મુખ્યતયા તો ગુણ આવે. સામાન્યથી સુખ અને ગુણ ઉપર પ્રમોદભાવ આવે.

જિન વચન પ્રમોદભાવ-કરુણાભાવ રાખવાનું કહે છે કે જેથી ઈર્ષ્યા-અસૂયા ન થાય. જિન વચનનું જ્યારે સાધન મળ્યું છે, ત્યારે તેનો જો ઉપયોગ કરાય તો જિન વચન મળ્યું, ગ્રહણ કર્યું કહેવાય. **ગુણસેન રાજાને** આ જિનવચન મળ્યું હતું. અગ્નિશર્માએ સળગતી રેતી વરસાવી-ઉપદ્રવ કર્યો. તો એણે વિચાર્યું જિનવચન મળ્યું છે તો સફળ કરવાનો અવસર છે એમ માન્યું.

આ જિનવચન મળ્યા પછી ઓછા વત્તા અંશે પણ જો અમલમાં ન મૂકીએ તો આપણે પામ્યા જ ન કહેવાઈએ.

હે આત્મન્ ! હે મુનિ ! તું બીજાનાં જે દોષ કાઢે છે, એ જ દોષ તારામાં છે. તો પછી એનાં તરફ કેમ નજર કરતો નથી ? જે બીજાનાં દોષો મનમાં લાવે છે તેજ દોષોથી તું પીડાય છે.

• બીજાનાં દોષને જોવાનું મન ક્યારે થાય ? મૈત્રી ભાવ તૂટે ત્યારે."

"જ્યાં સ્નેહ છે, પ્રેમ છે, ત્યાં દોષ દેખાતા નથી. પણ જ્યાં સ્નેહ-પ્રેમમાં કચાશ પડે છે ત્યાં જ દોષ દેખાય છે." પછી ભલેને સગો ભાઈ હોય !

બીજા ગુણોમાં જેમ કક્ષા હોય છે તેમ મૈત્રીમાં પણ હોય છે. એની કક્ષા વધારતા રહેવાની. ગુણોનો વિકાસ કરતાં રહેવાનું અને દોષ હ્રાસ કરતાં રહેવાનું. ક્રિયામાં એકાગ્રતાની કક્ષા વધારવાની. મૈત્રી-કરુણા વગેરે ભાવ એમાં છે. મૈત્રી વિકસાવવાનું માપ અહીં નીકળે છે. બીજાની હલકાઈ તરફ દૃષ્ટિ જાય છે, પણ એમાં આપણે મોટી ભૂલ કરીએ છીએ.

ચારિત્ર યોગ અને મનનું સંશોધન-

એક બાજુ ચારિત્રનાં યોગોનું સંશોધન કરવાનું હોય છે, અને ચારિત્રનાં યોગો આપણા મનનું સંશોધન કરે છે. **"दसविहे समणधम्मे"** બોલીએ છીએ. તો એમાં પહેલી "ક્ષમા" ઉપર દૃષ્ટિ જાય. આ ક્ષમાધર્મની કાળજી કેટલી રાખી ને ભંગ કેટલો થયો ! આ દૃષ્ટિ નાંખીએ તો મનનું સંશોધન થાય.

મંદિરમાં પ્રભુભક્તિ કરવા જઈએ. સાધુ મહાત્માઓને વંદન કરવા જઈએ, પણ શા માટે ?

શું આમન્યા સાચવવા ? ના, મારા કરતાં અધિક પર્યાયવાળા મારાથી અધિક ગુણવાન છે. માટે તો એ ગુણની અનુમોદના થાય. અને આ અનુમોદના થવાથી ગુણનાં બીજ વધે છે. આનાથી એક દિવસ એવો આવશે કે, જેનાથી આત્માનો પાવર ખુલશે-વધશે. આ બધાં યોગો આપણાં મનનું સંશોધન કરનાર છે.

આપણામાં અહં આવે છે એટલે બીજાની સાથે વ્યવહાર સારો કરવા દેખાવ કરીએ છીએ. અને આ દેખાવમાત્ર કરવાથી માયા થઈ કહેવાય. અને લોભ એ તો અંદર છુપાયેલો જ છે. હું સારો દેખાવું એમ માનીને બીજાનાં દોષો કહેવા જાય. આમાં આશય તો એક જ છે, બીજાને હલકા ચિતરવાનો. આ બધો મનનો કચરો છે. અને ચારે કષાયો આપણામાં ધિંગામસ્તી કરે છે. એટલે એકબાજુ ક્રિયા કરીએ ને બીજી બાજુ ડાઘ લગાડીએ આમ ઘણાં દોષો પોષાય છે.

હૃદય વિશાળ ક્યારે થાય ? સારું જોઈએ તો નરસુ સંકોચાઈ જાય.

આપણે અહીં આવ્યા છીએ હૃદય વિશાળ બનાવવા માટે- સંકુચિત વૃત્તિનો ત્યાગ કરવા માટે. પ્રતિક્રમણ કરીએ પણ કંઈ સારી અસર થઈ કે નહીં તે જોવાનું છે.

પ્રતિક્રમણ કરતાં **લોગસ્સ સૂત્ર** બોલો છો. એક એક પરમાત્માનાં નામ બોલતાં ભગવાનની આંખ ઉપર નજર રાખી ભગવાનનાં નામ બોલતા જવાનાં. અને તે વખતે વિચારવાનું કે મારા જેવાને આ ૨૪/૨૪ તીર્થંકરો મળ્યા છે. મારું કેવું અહો ભાગ્ય ! અને બીજા પણ અનંતા તીર્થંકરોને વંદન કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. આમ વિચારે તો **હૈયું ગદ્‌ગદ થઈ જાય. અહો ભાવ જાગે.** અને પછી જો જોતા આવડે તો અનંતા ભગવાન દેખાય. આજુબાજુ ચામર વિંઝાતા દેખાય. **લોગસ્સ સૂત્ર બોલતાં અભ્યાસ** પાડ્યો હોય તો આ વસ્તુ સિદ્ધ થાય.

ક્રિયા-સાધના શુદ્ધિપૂર્વક કરો, હૃદય વિશાલ થશે.

જીવને શિખામણ–કષાય એ આગ છે...

હે જીવ ! તને આવો મજેનો ઉપશમરસ મળ્યો છે. એનાથી શીતલ-ઠંડા થઈ શકાય. કોઈ ઉકળાટ થાય નહીં. બળતરા ન થાય આ બધું તારા હાથવેંતમાં છે. તો એ રીતે ઉપશમરસ રાખીને તું શીતલ કેમ થતો નથી ? કષાયરૂપ અગ્નિથી દાઝી ગયેલાં દેહવાળો તું સુખ કઈ રીતે મેળવીશ ?

"કષાય એ આગ છે. દેહનો દાહ કરે છે." આ સમજવા માટે પ્રારંભિક જીવોને જિનવચન જ કામ લાગે છે. કેમ કે કોઈ ચીજ પર રાગ થાય એ કષાય છે અને આ કષાય એ આગ છે. આમાં શેકાવાનું અને બળવાનું છે. આ અનુભવ બહાર છે. હવે આને આગ તરીકે ઓળખવા માટે તો ભગવાને કહ્યું છે કે, આ આગ છે માટે આગ જ માનવાની. એવાં રોગમાં માણસને કંઈ લાગે નહીં પણ નામીવૈદ્ય હોય તો કહી દે કે, અમુક રોગ છે. તો શ્રદ્ધાથી માણસ માને છે.

કેન્સર થાય તો પણ છેલ્લે સુધી ખબર પડતી નથી અને પછી ખબર પડે છે ત્યારે તો ઘણું વધી ગયું હોય છે. એમ **જ્ઞાનીઓએ કહ્યું છે કે રાગ એ અગ્નિ છે.** બાળનાર છે. સાધુઓએ ચામડાની આંખે જોયેલું જોવું ગણતાં નથી પણ શાસ્ત્રમાં કહ્યું છે માટે માને છે. શાસ્ત્રને ચક્ષુ ગણે છે. **હૃદયમાં બેસાડવું એ સમકિત છે.** "આ રાગની ભડક લાગવી એ સમકિતનું કામ છે." અને "ત્યાગ કરવો એ વિરતિનું કામ છે." ખરી ભડક જ અહીં લગાવવાની છે. આ **ભડક કેમ નથી લાગતી ? વૈરાગ્યની આગ સળગી નથી,** લાગી નથી માટે. વૈરાગ્યની આગ નથી લાગી માટે જ જીવનમાં ઢગલાબંધ ખામીઓ છે જેની નોંધ કરવી જોઈએ. આ ખાસ લક્ષમાં લેવું જરૂરી છે.

વૈરાગ્યની આગ કેવી હોય ?

"જેનું નામ સંસાર એમાં એને બેચેની લાગે."

આપણાં જીવનમાં અનેક પ્રકારનો સંસાર છે. એવાં એક એક સંસારનો વિચાર કરીએ તો વૈરાગ્યની આગ લાગે. રાગ-દ્વેષ-ક્રોધ-લોભ-મોહ-માયા-મમતા-ઈર્ષ્યા-અસૂયા-મત્સરભાવ-તૃષ્ણા-માન વગેરે અનેક પ્રકારના સંસારની સામે વિચાર કરવાનો છે. આ વિચાર કરવાથી તેનો વિપાક કેવો દારુણ છે તે જાણવાથી વૈરાગ્યની આગ વધુ પ્રજ્વલિત થાય.

આગળ વધતાં કહે છે કે હે મુનિ !

'ઉપશમરસ પર તું શીતલતા કેમ નથી પામતો ? રાગ-મોહ-તૃષ્ણા-માન-માયા બધાને શાંત કેમ નથી કરતો ?'

"ક્ષમા-મૃદુતા-આ બધા શીતલ રસો છે." તો પછી કષાયની આગમાં શા માટે શેકાવાનું ?"

દ્વેષ એ સળગેલો અગ્નિ છે જ્યારે રાગ એ ભારેલો અગ્નિ છે.

આ રાગમાં જીવ બેઠો શેકાયા કરે.

"સંયોગ ગમે તેવા કષાયમય હોય પણ આપણે ઉપશમરસમાં રહીએ તો શાંત બની શકીએ."

શીતલ-ઠંડા રહીએ તો આપણું કંઈ બગડતું નથી. "લલાટ સલામત છે તો ઉપશમભાવથી કંઈ બગડે નહીં અને લલાટ સલામત ન હોય તો ઉકળાટ કરવાથી કંઈ સુધરવાનું નથી."

જુઓ- **કાશી દેશનાં રાજાનું દૃષ્ટાંત-**

કોશલ નરેશ સભામાં બેઠા છે. કાશી નરેશનાં ગુણગાન થયા. કોશલ નરેશને અભિમાન. મારા કરતાં કાશીનરેશનાં ગુણગાન કેમ થાય ? કાશી નરેશ ઉપર ચડાઈ કરું. કાશી નરેશને ખબર પડી. મંત્રીઓને બોલાવ્યા. કહ્યું- તમારે રાજા જોઈએ ને ! હું હોઉં કે કોશલ નરેશ હોય તેમાં શું ? તમે કોશલ નરેશને બોલાવો. રાજા બનાવો. હું વનમાં ચાલ્યો જઈશ. મંત્રીઓ કહે- અમે કાંઈ બંગડી પહેરી છે ! એ કેમ બને ? અન્યાયી રાજાને તો લડાઈ આપવી જ જોઈએ. રાજા કહે એવું કાંઈ નથી. લડાઈથી તો પ્રજાને ત્રાસ થશે. માટે તમે કોશલ નરેશને રાજા બનાવી દો. અને કાશી નરેશ ચાલી નીકળ્યો જંગલની વાટે. મંત્રીઓ કોશલ નરેશ પાસે, આવો પધારો રાજસિંહાસન ખાલી છે. ગાદી પર બેઠો. પણ, પછી તો કાશી નરેશનાં ગુણગાન વધારે ગવાવા લાગ્યા. શું ઉદારતા ! પ્રજાને ત્રાસમાંથી મુક્ત કરવાં પોતે રાજ છોડી દીધું. કોશલ નરેશ આથી અકળાયો. ઈનામ જાહેર

કર્યું. કાશી નરેશને જીવતો કે મરેલો પકડી લાવે એને ૧૦ હજાર સોનામહોર. એક બ્રાહ્મણ દીકરીના લગ્ન હોઈ પૈસા માટે કાશી નરેશ પાસે જતો હતો. જંગલમાં કાશીનરેશનો ભેટો. પૂછ્યું કયાં જાવ છો ? વાત કરી. ચાલ મારે ઓળખાણ છે કાશી નરેશ પાસે. તને પૈસા અપાવીશ. ગયા. અને કોશલ નરેશને કહે રાજન્ આ બ્રાહ્મણને ૧૦ હજાર સોના મહોર આપો અને મારું માથું ઉતારી લો. કોશલ નરેશ સજ્જડ થઈ ગયો. તરત રાજસિંહાસન પરથી ઉતરીને કાશી નરેશની ઉદારતા જોઈને ભેટી પડ્યો. પગમાં પડી માફી માંગી. બહુરત્ના વસુંધરા.

જોયું. લલાટ સલામત હતું. ઉકળાટ બિલકુલ નહીં. બધું સુધરી ગયું.

આપણે ચારિત્ર લીધું છે. ઉપશમ ભાવ માટે. કષ્ટ સહન કરવા.

"વાચના-૩" શ્રાવણ સુદ-૭

"ચારિત્રમાં કષ્ટ નહીં હોય તો પ્રમાદનો વિજય થશે. આપણને લાગવું જોઈએ કષ્ટ ઉપર વિજય મેળવવાનો છે. **કષ્ટ એ મારું જીવન છે.** એ યાદ આવવું જોઈએ. **સુખશીલતા છોડવાની છે."**

માનસિક કષ્ટનો પણ અનુભવ કરવો જોઈએ. કોઈએ ઊંચો શબ્દ કહ્યો. શાંતિથી સહી લેવાનો. સહન ન કરે એટલે સુખશીલતા પોષાય. કષ્ટ નથી વેઠવું એટલે સુંવાળા રહેવું છે. "અવસર સોનેરી મળ્યો છે. **સુંવાળા રહેવું, સહનશીલ ન થવું આ બધી અનાદિની રીત છે."** એને દૂર કરવાની છે. પ્રયત્નશીલ બનવાનું છે. માટે ડાહ્યા બનો. **અપમાન ધૂનન કરતાં શીખો.**

"વાચના-૪" શ્રાવણ સુદ-૮

જીવ ધ્યાનમાં લાગી જાય એટલે કષાયો ક્ષય પામતા જાય તો પછી મોક્ષ કેમ ન પામે ? આજ રાજમાર્ગ છે. માટે શીખામણ આપે છે કે હે જીવ ! સમ્યગ્ જ્ઞાનવાળા ધ્યાનમાં તું કેમ નથી રહેતો ? કેવલજ્ઞાન થાય ત્યાં સુધી ધ્યાનમાં બેસજે. એટલે સવાલ થાય કે, બીજું કાંઈ નહીં કરવાનું ?

ધ્યાનનો મર્મ સમજો– એકાગ્ર ચિત્ત એ ધ્યાન છે. દા.ત. **વૈયાવચ્ચ કરતાં** હો એટલે **એકાગ્ર ચિત્ત** એમાં જ રાખો. જે ચીજ કરો એમાં ધ્યાન રાખો. તો ચિત્ત એકાગ્ર થશે. એજ પ્રમાણે એવાં **સંયમયોગો છે** તે **દરેકમાં ધ્યાન** રાખો. જે **સૂત્ર બોલો** એમાં ધ્યાન રાખો. માટે તો જ્ઞાનીઓએ જે ક્રિયા બતાવી છે એમાં ધ્યાનની પ્રેક્ટિસ છે. એનો અનુભવ થાય છે. મનને સ્થિર કરવા માટે બધા યોગો છે.

સાધુને માટે કહેવાય છે કે, **"જ્ઞાન ધ્યાનમાં ઉજમાળ રહેજો."** એટલે ક્રિયામાં બરાબર રહેજો. ઉપયોગવાળા રહેજો. **ધ્યાન પણ કેવું ? સમ્યગ્ જ્ઞાનવાળું.** સાધના માટે જીવન છે. ક્રિયા થાય છે, પણ ધ્યાન થતું નથી. અનાદિનાં નબળા વિચારોને સબળા બનાવવા માટે આ જન્મ છે. અને તો જ આગળ ઉપર સાધના પણ સારી મળશે. **ક્રિયા એ પતાવવાની ચીજ નથી.**

નવકારનો કાઉસગ્ગ કરતાં હો તો **અરિહંત સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુની પાંચ આકૃતિ ધારી લીધી** હોય તો માનસિક રીતે પણ નમસ્કાર થઈ જાય અને દરેકનાં પગે હાથ લાગી જાય. છેલ્લાં ચાર પદો બોલતાં પણ દરેક લાઈન આંખ સામે દેખાય તો એક પણ નવકાર ધ્યાન બહાર ન જાય અને એકાગ્રતા આવે. આ કયારે બને ? ક્રિયાનો ખપ હોય તો. રેઢિયાળ ક્રિયાને પૌરુષઘ્ની ભિક્ષા કહી છે. પુરુષાર્થનો નાશ કરનાર છે. જ્યારે ધ્યાનમય ક્રિયાને સર્વસંપત્કરી ભિક્ષા કહી છે.

"વાચના-૫"

શ્રાવણ સુદ-૯

હે મુનિ ! "જેમ જેમ કષાય ઓછા થશે તેમ તેમ શુભ ધ્યાનનો પાવર વધશે. અને જેમ જેમ ધ્યાન વિશુદ્ધ થશે તેમ તેમ કર્મનો ક્ષય થશે."

કષાયમાં લોભ-માન-માયા-મમતા, **આસક્તિ ક્રોધ** બધુ આવે. સામાન્યથી ક્રોધ કરે ત્યારે કહે, ભાઈ કષાય ન કરો. પણ માન-પાન બધાને કષાય કહેતાં નથી. અભિમાન નીકળી જાય એટલે અહં, ગુસ્સો નીકળે. ગરીબ ગાય જેવો થઈ જાય. પછી ગુસ્સો ન રહે ! **કષાયની માત્રા સહેજ રતિ કે અરતિ થાય એમાં પણ કહી છે.** આજકાલ ઠંડી-ગરમી-વરસાદ આ બધું ઘણું છે આવું થાય એ અરતિ છે, અને ખડખડાટ હસવું આ બધું રતિ છે, નોકષાય છે. એટલે આ બધા કષાય છે. હવે આ ઓછું ન કરો તો શુભધ્યાન ન થાય. શુભધ્યાન માટે આત્માને ઠંડો પાડવો જોઈએ. ઠંડો એટલે આતુરતા-ખણજ-ઝંખના આ બધું ન હોય. કેમ કે આ બધી જ ઈન્દ્રિયોની ખણજ છે. આ ઓછું થાય તો આત્મા ઠંડો પડે, શીતલ થાય. એક નવકારનું ધ્યાન પણ શુભધ્યાન છે.

"ક્રોધાદિક સહું શત્રુ વિનાશી તેણે ઓળખાવ્યો નાથ સલુણા-"

૧૮ દોષથી રહિત એટલે અરિહંત. આટલા માત્રથી અરિહંતની ઓળખ નથી પણ આ અરિહંતની ઓળખ થયા પછી **સાંસારિક**-સ્વર્ગના બધા સુખો નકામા લાગે. **અરિહંત એટલે મોક્ષનું પ્રતીક છે.** મોક્ષનાં દર્શન અરિહંતનાં દર્શનમાં થાય. ત્યાં રાગદ્વેષાદિ કાંઈ નથી. એને આબેહૂબ મૂર્તિમંત જોવા હોય તો ભગવાનને જુઓ. ત્યારે અરિહંતની ઓળખ થાય. સર્વશ્રેષ્ઠ આકર્ષણ થાય. એમના સિવાય

બીજું કોઈ આકર્ષણ હવે ન થાય. આ જરૂરી છે.

ભગવાનનું સાચું સાધુપણું કયારે આવે ?

ત્રણ કષાયની ચોકડીનો ક્ષયોપશમ કરો તો.

ઉત્કૃષ્ટ શ્રાવક હોય તેને બે પ્રકારની કષાયની ચોકડીનો ક્ષયોપશમ હોય છે.

અમદાવાદમાં- સત્યવાદી શિવાભાઈ. જમનાભાઈનાં મિલ મેનેજર. પૌષધ કરે. એક મિનિટ પણ સૂવે નહીં. આખો દિવસ જ્ઞાન ધ્યાનમાં લીન રહે એવા શ્રાવક.

મોહનભાઈ રાવ સાહેબ-સરકારી અમલદાર. ઓફીસેથી ઘરે જાય. સરકારી અમલદાર સાથે આવે. રસ્તામાં શાક લેવા જાય. શાક લીધા પછી અમલદાર કહે, સાહેબ મને ઝોળી આપો. ત્યારે રાવસાહેબ કહે, તને ન અપાય. તું સરકારી ખાતાનો પગાર ખાય છે. આ તો મારા ઘરનું કામ છે. તેરસનો દિવસ. સાંજે ઘરે જવા ઓફીસર પાસે રજા માંગી. ઓફીસર કહે ના. હમણાં બેસો. સૂર્યાસ્ત થયો. ચોવિહારનાં પચ્ચકખાણ કરી લીધા. બીજે દિવસે ચૌદશ. ઉપવાસ. ઓફીસે આવ્યા. સાંજે રજા માંગવા ન ગયા. ઓફીસરે બોલાવ્યા. કેમ આજે વહેલા નથી જવું ? ના. આજે મારે ઉપવાસ છે. ઓફીસર કહે અરર ! તો કાલે તો તમે ખાધું નહીં. મેં તમને અંતરાય કર્યો. હવે તમારે જવું હોય ત્યારે જવું મને પૂછવા રહેવું નહીં. આવા હતા ઠરેલ. શાંત શ્રાવક.

આ **ઠરેલતા આપણામાં આવે** એટલે **સમ્યગ્ જ્ઞાનનો પાવર આવે. પછી સૂત્ર બોલાય એમાં પાવર આવે.** જેમ જેમ કષાયનો પાવર ઘટે તેમ તેમ સમ્યગ્ જ્ઞાનની માત્રા વધે. અને આ **સમ્યગ્ જ્ઞાનની માત્રા વધે તો કર્મનો ક્ષય થાય.**

"વાચના-૬" **શ્રાવણ સુદ-૧૦**

હે આત્મન્ ! તું સમ્યગ્ ધ્યાનમાં રહે. **ધ્યાન એવું એકાકાર બને કે બાજુમાંથી કોણ ગયું એની પણ ખબર ન પડે.** સંયમ યોગમાં આવી એકાકારતા લાવવાની છે. લાંબુ ભણ્યા ન હોય, તપ ન હોય તો પણ આ સિદ્ધ થઈ જાય. **એક એક સૂત્ર બોલતાં એકાકારતા** આવે તો **જબરજસ્ત સંસ્કાર** પડે. **શુભ અનુબંધ** પડે. **ભવાંતરમાં સદ્ગતિની પરંપરા ખડી થાય.**

સદ્ધ્યાનમાં રહે એને વિપુલ સુખનો અનુભવ થાય. કયારેક તો આવા સુખનો અનુભવ થયો હશે ? તો પછી હે આત્મન્ ! બહારનાં સુખમાં તું કેમ ડૂબે છે ? વિષય સુખની ઈચ્છા કેમ કરે છે ?

સદ્ધ્યાનનાં પ્રતાપે વિપુલ સુખ મળે છે.

સદ્ધ્યાન એટલે ? દિવસમાં માત્ર કોઈ એક ખૂણામાં બેઠા એમ નહીં પણ સતત એકે એક પ્રવૃત્તિમાં ધ્યાન રહે. આજ મારે તારણહાર છે. બીજાનો ભરોસો ક્યાં કરું ? ૧૪૪૪ ગ્રંથનાં રચયિતા પૂ.આ. **હરિભદ્રસૂરિ મ.** કહે છે કે, "કોઈ પણ સાધના વિશુદ્ધ રીતે બરાબર કરવી હોય તો અત્યંત ઉપાદેય ભાવથી કર્તવ્ય બુદ્ધિથી કરો, તો મન ક્યાંય ભટકશે નહીં."

દેવાધિદેવથી જગતમાં કોઈ ચીજ મહાન નથી. **દેવાધિદેવને કરેલ નમસ્કારને શાસ્ત્રકારે મહાન યોગ કહ્યો છે. "ઈક્કો વિ નમુક્કારો તારે વિ"** એક પણ નમસ્કાર કરો તો પણ તારે. એમ લખ્યું છે. આ **નમસ્કાર પણ દ્રવ્ય ભાવ સંકોચપૂર્વકનો હોય.** દ્રવ્ય-ભાવ સંકોચ એટલે શું ? આપણા હાથ-પગ-આંખ વગેરે જ્યાં ત્યાં જતાં હોય તો તેને સંકોચવા તે **દ્રવ્ય સંકોચ** અને ભગવાનમાં સ્થાપવા-જોડવા તે ભાવ સંકોચ. ભગવાનનાં ચિંતન નમસ્કારમાં સ્થાપિત કરવા, ભાવિત કરવા. **ભાવ સંકોચ** ક્યાં સુધીનો ? જે અરિહંત છે તે અને આપણા વચ્ચે જે ભેદ છે તે ભેદ ટળીને અભેદ થાય ત્યાં સુધીનો ભાવ સંકોચ જોઈએ.

નમસ્કારથી સીધું કનેકશન લાગે છે ભગવાન અને મોક્ષ સાથે. ભાવનો સંકોચ થતાં ભેદભાવનો સંકોચ કરવાનો ને અભેદ કરવાનું. જગતનાં જડ-ચેતન પદાર્થ પર જે પ્રીતિ હતી ભાવ હતા તેમાંથી સંકોચ કરી ભગવાનની સાથે પ્રીતિ જોડી દો. ભાવ સંકોચ થયો કહેવાય.

આ ભાવ સંકોચ એટલે ફોરેન જેવું થાય. કોઈ ફોરેનમાં ગયો હોય ને કોઈ ન બોલાવે, તો તે કાંઈ ન જાણે. અર્થાત્ અહીં રહેલી વ્યક્તિ તેના માટે ગમે તે કહે કે કરે તો પણ તેને કાંઈ થાય નહીં.

અશુભ ભાવનો સંકોચ કરી શુભભાવમાં આવો. અપ્રશસ્તમાંથી પ્રશસ્તમાં આવો. આ ભાવસંકોચ છે અને આમાં જો આનાકાની કરે તો લોકોત્તરમાંથી તો જાય પણ લૌકિક ધર્મમાંથી પણ જાય. પરાર્થકરણ એ લૌકિક ધર્મ છે. શાસ્ત્રાજ્ઞા છે કે પોતાની સામાચારી પોતે જ પાળવાની. પૂર્વનાં કાળમાં દરેક સાધુ સંઘાટક થઈને પોતાની ગોચરી કરતાં હતા. એક લોગસ્સ ગણે તો પણ ધ્યાન પૂર્વક ગણતા. તમે પણ **એક લોગસ્સ ગણો તો એવાં ધ્યાનપૂર્વક ગણો જેમાં ભગવાન સિવાય કંઈ ન દેખાય.** લોગસ્સ બોલતાં તિત્થયરા મે પસિયંતુ" આવે છે. તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ. જૈન શાસનમાં માંગણી પણ ભગવાનને રીઝવવા માટે નહીં પણ

પોતાની ઉત્કટ આશંસા વ્યક્ત કરવા કરવાની છે. ભગવાન જગતના માટે તો આ અભયદયાણં–ચક્ખુદયાણં છે, પણ મારે તો આ અભય જોઈએ છે.

प्रार्थनातः एव इष्ट सिद्धिः પ્રાર્થના એ જ ઇષ્ટ સિદ્ધિ છે. વીતરાગ પાસે પ્રાર્થના શા માટે કરાવો છો ?" જૈન શાસનમાં પ્રાર્થના એ જ હૃદયની ઉત્કટ આશંસા છે. "સંસારમાં છું ત્યાં સુધી સુહગુરુજોગ અને ભવે ભવે દેવગુરુની સેવા જોઈએ છે, માટે જ ભગવાન પાસે તમારા ચરણોની સેવા મળજો એમ માંગીએ છીએ.

"આશંસા કરો તો જ ફળની સિદ્ધિ થાય. આશંસા વગર સિદ્ધિ થતી નથી."

ભગવાનમાં, નવકારમાં, માળામાં ચિત્ત સમર્પિત કરવું હોય તો ભાવના આશંસા થવી જોઈએ.

- "આપણું શરીર આપણે હાથે કરીને મન બગાડીને બગાડીએ છીએ."

"वाचना-८" **શ્રાવણ વદ-૬**

હે આત્મન્ ! અહીંયાં તને બોધિની પ્રાપ્તી થઈ છે. હવે તું જો હારી જઈશ, ક્રિયાત્મક નહીં થાય તો આગળ ઉપર તને બોધિ કેમ મળશે ? આપણને જૈનધર્મ-**જૈનધર્મનાં અંગો-સમ્યકત્વથી માંડી વીતરાગતા** સુધીનાં મળ્યાં છે અને આ **મળ્યા પછી પણ જો એ અંગોને સાધીશું નહીં તો આગળ ઉપર મળશે નહીં.** અને પછી જો આ બોધિ માંગશો તો કેમ કરીને મળશે ? માટે અત્યારે જો આરાધનાની તક મળી છે તો એ તકને સાધી લે. નહીતર બોધિ તો મહાન દુર્લભ છે માટે મળેલ સામગ્રીનો સદુપયોગ કરો.

"वाचना-९" **ભાદરવા સુદ-૯**

હે મુનિ ! તું મોક્ષની મંજિલે જવા નીકળ્યો છે. એટલે સર્વથા **કષાયક્ષય** અને **કર્મક્ષય** માટે નીકળ્યો છે. આ શી રીતે થાય ? કષાય ક્ષય થાય છે **"દેખીએ માર્ગ શિવનગરનો. જેહ ઉદાસીન પરિણામ રે–" આ કષાય અને ઇન્દ્રિયોના જે વિષયો છે તેનાં ઉપર ઉદાસીન ભાવ આવી જાય તો કામ થઈ જાય.**

કર્મનો ક્ષય શાથી થાય ? **"દેહે દુક્ખં મહાફલં" જેમ જેમ દેહને દુઃખ આપો તેમ તેમ કર્મનો ક્ષય થાય. મનને** દુઃખ આપવાનું. મનને દુઃખ કષ્ટ શું ? જે હોય તે સહી લેવાનું.

હે મુનિ ! તું તારા પોતાનાં કાર્યમાં આંખ-મીંચામણા કરીશ તો કેમ ચાલશે ? તારા મતિજ્ઞાનને ધિક્કાર છે. તારા પુરુષાર્થ પર વજ્ર પડો. તારો માનેલો વિવેક સળગી જાઓ. તારો માનેલો ગુણ ભંડાર બળી જાઓ. આ કષ્ટ તને પડે છે તો પછી તારા કાર્યમાં આંખ મીંચામણા કેમ કરે છે ? દુનિયામાં પણ કહેવાય છે કે જો માબાપનું કાર્ય ન કરે તો તારી બધી હોશિયારી નકામી છે. તેમ અહીંયાં જ્ઞાનીઓ કહે છે કે સંયમ લીધા પછી કાર્ય કરતાં તને જો વાંધો આવે છે તો પછી તારા આ ગુણોને શું કરવાના ? આ પ્રમાણે જ્ઞાનીઓ ધિક્કારે છે.

"વાચના-૧૦" **ભાદરવા સુદ-૧૦**

આગળ વધતાં કહે છે કે હે પાપી ! તારા પોતાનાં જે અવશ્ય કર્તવ્યો છે એમાં આંખ મીંચામણા કરીને તું સુકોમળ દેહવાળો બને છે. (માટે પાપી કહીને સંબોધે છે.) દેહ સાધના કરવા મળ્યો છે અને દેહને સાચવવા ઘસારો ન કરે તો તું કર્તવ્યથી ચૂકે છે. જો આ દિલ પર ન આવે તો તું જિનવાણીને યોગ્ય રહેતો નથી. તું જે ગુમાવે છે તેની પાછળ દંડ કે આલોચના નથી તને પ્રશ્ચાત્તાપ પણ નથી.

"સાધુજીવન એ સ્વેચ્છાચારનું જીવન નથી." પણ આપણે સ્વેચ્છાચાર મુજબ જીવીએ છીએ એનું પરિણામ બહું ભયંકર છે. મારા મનને ફાવે એ રીતે વર્તવાનું નથી. શારીરિક કે માનસિક કષ્ટ જોઈતું નથી તેનો કોઈ ભાર નથી મન ઉપર. સાધુ થયા એટલે કોઈ ભાર છે જ નહીં ? એક રીતે જોઈએ તો જ્ઞાનીની સામેનો આ બળવો છે...

"સાધુ જીવન એ કષ્ટ ઉઠાવવા માટેનું જીવન છે." આ તો મનમાં છે જ નહીં એ ભારબોજ વિનાનું જીવન છે. **કષ્ટ જ નથી ઉઠાવવું. આ રખડતી રીતે શું ચારિત્ર પાળવાનું છે ?** જ્યાં સ્વેચ્છાચાર છે ત્યાં રેઢિયાળપણું છે. પૂર્વે ગ્રૈવેયકમાં ગયા હતા ત્યારે કેવાં ચારિત્ર પાળ્યા હતા ? પણ ત્યાં વાંક માત્ર મિથ્યાત્વનો હતો. જ્યારે આજે કેવું ચારિત્ર પાળો છો ? ક્રિયા જ ભાર રૂપ લાગે છે. નિરંકુશ-પણાનું જીવન આત્મામાં કોઈ સારા પરિણામ નહીં જગાવે. જીવદયાની લાગણી નહીં હોય તો સંયમ ક્યાં રહેશે ? સાધુપણું ક્યા રહ્યું ?

હે પાપી ! સુકોમલ દેહવાળો થઈને તું કર્તવ્ય ચૂકે છે ! પણ હે મુનિ ! તું કલિકાળનું આલંબન ન લે. પડતો કાળ છે. પાંચમો આરો. નબળું સંઘયણ-કાલાનુસાર વાતાવરણ - એટલે જોરદાર સાધના કયાંથી થાય ? આવું કલિકાળનું આલંબન ન લઈશ. કેમ કે, ગમે તેવો કલિકાળ હોય તો પણ શું જૈન ધર્મ નાશ પામ્યો છે ? કદાચ ને શરીર દૂબળું મળ્યું પણ નવકાર-નવપદ શાસ્ત્રો નવતત્ત્વ વગેરે જે મળ્યા છે તે શું દૂબળા મળ્યા છે ? સત્યુગમાં જે પ્રાપ્તિ થાય એ પ્રાપ્તિ તને કલિયુગમાં થઈ છે તો પછી શા માટે કલિયુગનું આલંબન લે છે ? જે મળ્યું છે તેનો સદુપયોગ કર ને ?

કલિકાળમાં તારી પાસે શું દૂબળું છે ? જે સંઘયણ તને મળ્યું છે એ સંઘયણ દ્વારા દુનિયાનાં કેટલાંય માણસો મજૂરી કરે છે, કેટલી ગુલામી કરે છે ? કલિકાળનાં સંઘયણથી બીમારી થઈ હોય તો દિવસો સુધી ખાવાનું બંધ થઈ જાય છે તો પછી ધર્માર્થે બહાનામાં કલિકાળને શા માટે લાવે છે ?

આપણને કેટલું મળ્યું છે તેની અનુમોદના કરો તો હૈયું ભર્યું ભર્યું રહે. જે ચોથા આરામાં હતું એ આપણને આ પંચમકાળમાં મળ્યું છે, તો પછી હવે દુન્યવી ચીજ શી વિસાતમાં છે ?

ભગવાનની ભક્તિમાં સ્તવના કરતાં કવિ કહે છે કે હે ભગવન્ હું બધે ઢુંઢી વળ્યો પણ કયાંય તારા માર્ગનો ગજ લાગતો નથી. એટલે છેવટે તારી પાસે આવ્યો. કાળલબ્ધિથી તુજ પંથ નિહાળુ છું. કાળલબ્ધિ શું ? વર્તમાન કાળે પણ **નવકાર વિશસ્થાનક-મહાવ્રત-સંયમ-ભાવના-યતિધર્મ તીર્થો-શાસ્ત્રો-નવતત્ત્વ-નવપદ બધું જ જે ચોથા આરામાં હતું તે આપણને મળ્યું છે,** એની અનુમોદનાથી હૈયું ભર્યું ભર્યું થઈ જાય.

પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ મ. ભગવાનની સ્તવના કરતાં હૈયામાં ભાવોનાં એવાં ઉછાળા માર્યા જેથી ભગવાન આગળ તેમણે ગાયું–

"જન્મ પાવન આજ મારો, નિરખીયો તુજ નૂર રે,
ભવો ભવ અનુમોદના જે હુઓ આપ હજુર રે..."

હે પ્રભુ ! ભવોભવ મને તારી હજુરમાં આવવા દે, ઊભો રહેવા દે એવું તેં પુન્ય મને આપ્યું છે. તારી હજુરમાં ઊભા રહેવાનું મને મળ્યું તેની મને ભવોભવ અનુમોદના રહો.

આવું કંઈક હૈયામાં લાવો તો હૈયા ઉજળા થશે. ભગવાનનું એક-એક અંગ મને મળ્યું છે એ દુર્લભ છે. **જે ચરણો દ્વારા ભગવાન લાખ લાખ પૂર્વ સુધી પૃથ્વી**

તલ પર વિચર્યા એ ભગવાનનાં ચરણો મને પૂજવા મળ્યા છે. જે હાથ દ્વારા પ્રભુએ સાંવત્સરિક દાન દીધુ તે હાથ મને મહાભાગ્યે મળ્યા છે. આવા ભાવોનાં ઉછાળાં હૈયામાં મારે તો હૈયું પરમાત્માનાં ચરણોમાં ઝૂકી પડે.

"વાચના-૧૨"

ભાદરવા સુદ-૧૨

હે પાપી ! કલિયુગનું આલંબન લઈને તું પ્રમાદ સેવે છે પણ એ ધ્યાન રાખજે કે, કલિયુગ તો પૂરો થઈ જશે પણ તારા માટે જૈન ધર્મ પણ પૂરો થઈ જશે. તને ભવાંતરમાં જૈનધર્મ દુષ્પ્રાપ્ય બની જશે.

હંમેશા ધ્યાન રાખજે કે જીવન વહી ચાલ્યું છે. અને આરાધનાની સામગ્રી મળી છે તે જીવનનો અંત આવશે બધી ખુંચવાઈ જશે. પછી તું શું કરીશ ? એટલે અત્યારે તું **પડતા કાળનું ઓઠું લઈને કષ્ટથી ભાગે છે,** કોઈ કાંઈ કહે તો આમ કેમ બોલ્યા એમ કહે છે, અને કાયાથી કષ્ટની વાત આવે તો પણ ભાગે છે. તો **વિચાર કર કે પરલોકનાં કષ્ટ કેવા ઊભા થશે !**

અહીં તને જે કષ્ટ કઠીન લાગે છે તો પછી પરલોકનું કોઈએ રીઝર્વેશન કષ્ટવગરની જગ્યાનું કર્યું નથી તો ત્યાં તારા ડૂચા નીકળી જશે.

આગળ ઉપરનાં કષ્ટનો વિચાર કરીશ નહીં તો પ્રમાદની સજા કર્મસત્તા બહુ ભારે કરશે.

કદાચને **ક્રિયા કાંડથી પુન્ય** ઊભું થયું તો તેનાંથી વસ્તુ તો મળશે પણ **પ્રમાદ ને ખંધાઈ કરીને જે કર્મબંધ થયો તેનાંથી સંકલેશનો પાર નહીં રહે.** આજે ધનવાનોને પુન્યથી પૈસા મળ્યા પણ સંકલેશનો આજે પાર નથી. આ બધું પરિણામ પ્રમાદનું છે. કષ્ટ ઉપાડવું નથી અને એશ આરામી-સુખશીલતા ભોગવવી છે. આ પ્રમાદનાં પરિણામે સંકલેશયુક્ત કષ્ટ ઊભા થશે. અનુકૂળ-પ્રતિકૂળતામાં ભારે સંકલેશો ઊભા થશે. માટે પડતાં કાળનાં બહાના હેઠળ ખોટા બહાના ન કાઢો. નહિતર જીવન પૂરું થતાં બધું જ ગુમાવીશ. આ ફરીથી નહીં મળે.

જ્યાં ક્રિયાચૂક થાય તો તરત પાછા ફરો. સમિતિ ગુપ્તિમાં ચૂક થાય તો તરત પાછા ફરો. **સાધુ સેવામાં જે કમાવાનું છે તેમાં કષ્ટની અપેક્ષા એમાં કમાણીનો પાર નથી. હૈયામાં અહો ભાવ ઊભો થાય.** સંયમીની સેવામાં પુન્ય અઢળક બંધાય છે. આવા જ અવસરે ભાવનું સંશોધન કરવાનું છે.

દેવાધિદેવનાં દર્શન કરવા ગયા. પાછા વળતાં ફરીથી મુખ જોવાનું રહી જાય તો પાછું વળીને મુખ જોવું. કેમ કે આ પાછું કયાં જોવા મળવાનું ! એ ઉપકારીનાં પ્રતાપે દર્શન-વંદનાદિ કમાણી થઈ.

ભક્તિ સેવામાં ખડે પગે રહીએ તો અહોભાવ વધે. બહુમાન વધે. દુનિયામાં ઘણાના બહુમાન કર્યા. સ્વાર્થ સધાય ત્યાં એને ભગવાન માન્યા. દુનિયાનાં જડચેતન પદાર્થોનાં એટલાં બધાં બહુમાન કર્યા છે, એની સામે દેવગુરુનાં બહુમાન ઊભા કરવાનાં છે. આ ઝીણાં ઝીણાં પ્રસંગમાં બહુમાન કરવા.

રજોહરણનું પણ બહુમાન. જેથી એને ઢીંચણ નીચે ટેકો રાખી ન બેસાય. **ચારિત્રનાં ઉપકરણોને પગેથી હડસેલવાથી ઘોર પાપ બંધાય છે.** આ બધું જ અંતરથી સંશોધન કરવાનું છે. ત્યાં કંઈ કલિકાળ નથી નડતો. અહીંયાં કાંઈ સંઘયણની જરૂર નથી. આ પ્રમાણે તું જો વર્તે તો અહીં પણ તને નિવૃત્તિ-શાંતિ મળે અને પરલોકમાં પણ શાંતિ મળે.

"વાચના-૧૩" ભાદરવા સુદ-૧૩

ઉપલક દૃષ્ટિએ જોઈએ તો ફલાણાએ મને અશાંતિ કરાવી. **વાસ્તવિક** દૃષ્ટિએ શાંતિ-અશાંતિ આપણાથી જ ઊભી થાય છે. માટે જ જગતમાં એવાં સત્પુરુષો થયા કે જેઓએ મનમાં પણ અશાંતિ ઊભી ન કરી. રામે રાજ્ય છોડ્યું તો મનમાં જરાય અશાંતિ ન કરી કે કૈકેયીએ આમ કર્યું પણ શાંતિ ધરી કે સારું થયું. પિતાજીનું દેવું ચુકવાયું. મહેલ છોડીને મામાને ત્યાં ન ગયા, જંગલમાં ગયા. મુખ્ય વસ્તુ છે કે આપણાથી શાંતિ-અશાંતિ ઊભી થાય છે. ક્યારે થાય ? શત્રુ મિત્રને સમાન ગણે ત્યારે. ભગવાનને પરમાધામી પર ગુસ્સો થાય કે નહીં ? નજરે જુએ છે છતાં પણ ગુસ્સો થતો નથી. જગત યંત્રવત્ દેખાય છે. **શત્રુ મિત્રને સમાન ગણે તો અહીં ચિત્તને શાંતિ રહે.** શત્રુ મિત્રને સમાન ગણીએ, એટલે શત્રુને બે ડિગ્રી વધારે આપીએ છીએ. જ્યારે જ્ઞાનીઓ બંનેને સરખા ગણે છે. જો ૪૫ ટકા ૫૫ ટકા ગણે તો શત્રુ માટે ભાવ બદલાય પણ સમાન ટકા આપ્યા હોય તો મન ખાટું ન થાય.

જ્યારે આપણને એમ લાગે કે આ મારો દુશ્મન છે. ત્યારે તરત જ ત્યાં બે ટકા વધારે આપો તો આપણા દિલમાં શત્રુનો ભાવ ન થાય. અને તો જ અનાદિનો રાહ પલટાય. માટે તો કહ્યું કે—

(૧) પોતાનો **દોષ રાઈ** જેવડો હોય તો પર્વત જેવડો માને અને પેલાનો પર્વત જેવડો હોય તો રાઈ જેવડો માને.

(૨) આ દુનિયાનાં માન-અપમાનની બહુ કિંમત ન આંકો, કર્તવ્યાકર્તવ્યની કિંમત આંકો. કોઈએ આપણું કેટલું બગાડ્યું એ ન જુઓ પણ આપણે કેટલું કર્યું તે જુઓ.

(૩) મધ્યસ્થ ભાવ રાખો. આ મધ્યસ્થભાવ એટલે બીજાનાં દોષ પર દૃષ્ટિ જતી હોય તો ઉપેક્ષા કરો. કોઈની ભૂલ જોવાની ટેવ છોડો. મધ્યસ્થ ભાવનો બીજો અર્થ છે કે કોઈપણ વસ્તુ સામે આવે એટલે રાગ કે દ્વેષ એના ઉપર ન કરો. જે વસ્તુ જેવી છે તેને જોતા શીખો પણ એના ઉપર રાગ કે દ્વેષ ન કરો.

"વાચના-૧૪"

ભાદરવા વદ-૧

તમારે **મોક્ષ સુખનો અનુભવ** કરવો હોય તો **અહીંયાં** જ છે આટલી વાત ધ્યાનમાં રાખો, અભ્યાસ કરો. વાત છે, ઊંચી કક્ષાની પણ આપણે વિચારીએ છીએ કે **ભગવાને સંગમને સહાય કરી, ગોવાળીયાને સહાય કરી.** આ વાત ઘણી ઉંચી કક્ષાની છે એમ કરીને છૂટી પડીએ છીએ, પણ એમાં મોટું નુકસાન છે.

(આપણને જે આલંબન મળ્યું છે, આદર્શ સામે આવ્યો છતાં આપણે એનો કશો ઉપયોગ ન કર્યો.) જ્યારે આદર્શ આવો સામે મળે છે ત્યારે ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપ પણ નહીં કરીએ તો જ્યારે આદર્શ નહીં મળે ત્યારે તું શું કરીશ ? જ્યારે આવી ઊંચી વાત આવે ત્યારે એકડો માંડવો જ જોઈએ. દા.ત., એમ.એ.ની પરીક્ષા છે, પણ આ એમ.એ. સુધી ક્યારે પહોંચ્યા ? એકડે એકથી શરૂ કર્યું ત્યારે- એમ ઉંચી કક્ષાની વાતો સાંભળવી જોઈએ અને સાંભળીને એમણે કેવી રીતે એ વાત બતાવી એ જાણવું જોઈએ. કેમ કે કોઈક જીવનમાં શરૂઆત કરેલી એમ આપણે પણ શરૂઆત તો કરવી જ પડશે, મોક્ષસુખના અનુભવ માટે.

(૧) **સમ સત્તુ મિત્ત ચિત્તો**- મનને એવું બનાવવાનું કે શત્રુને મિત્ર સમાન બનાવવાનો. શત્રુ ખરાબ નહીં ને મિત્ર સારો નહીં એમ ભેદ નહીં. એ કે સારા કે ખરાબ નહીં બંને સરખા-

(૨) **માન અપમાનને** જે ગણકારતા નથી, દુનિયાએ મને માન આપ્યું કે ન આપ્યું એને ગણતા નથી.

(૩) મધ્યસ્થભાવ - જગત-જડ-ચેતનનું છે. આનાં પ્રત્યે ઉદાસીન ભાવે રહે. ચિંતા-બળતરા કે રાજીપો કંઈ નહીં. ભગવાન કેવલજ્ઞાનથી પરમાધામીને નારકીનાં જીવોને માર મારતા જુએ પણ ભગવાનને ઉદાસીન પરિણામનાં કારણે મનમાં કાંઈ ન થાય.

(૪) પોતાનાં મનનો આંતરિક ભાવ-સિદ્ધાંત અને શાસ્ત્રોની વાતોથી પવિત્ર થયેલો-ભાવિત થયેલો હોય.

(૫) સ્વાધ્યાય અને ધ્યાનમાં રત હોય.

(૬) હંમેશા પોતાનું હૈયું સુસમાધિમય હોય. કોઈ જાતની આકુળતા-વ્યગ્રતા વગરનું હોય.

આ પ્રમાણે જો તું રહીશ તો અહીંયાં જ નિવૃત્તિમાં છે.

અરબસ્તાનમાં એક માણસ ૧૫૦ વર્ષની ઉંમર. એક માણસે મુલાકાત લીધી. **લાંબા જીવનનું રહસ્ય શું ?** કહો. અરબસ્તાની કહે- હું કયારે પણ કોઈ વાતમાં વ્યગ્ર થતો નથી. **ઠંડી માટલી જેવું પેટ રાખું છું.**

જ્ઞાનીઓ આજ વાત કહે છે. કોઈ વ્યગ્રતા-વ્યાકુળતા નહીં હંમેશા સમાધિમાં રહો, તો મોક્ષ દૂર નથી.

"વાચના-૧૫" **ભાદરવા વદ-૩**

હે મુનિ ! ભલે તું અત્યારે સુખી હોય પણ વિશુદ્ધ ચારિત્રને સારી રીતે આરાધ. કારણ કે ભાવિ સુખનું કારણ છે. આમ કેમ કહે છે ? દુઃખિત માણસ હજી સંસારમાં ઠેબે ચડતો હોય, પણ લાયક જીવ હોય તેને થાય કે આમે દુઃખ વેઠું છું તો ચારિત્રનાં કષ્ટ ઉપાડવામાં શું ? એટલે ભાવ વધારે હોય. પણ બધું અનુકૂળ મળતું હોય એટલે ચારિત્રમાં પ્રમાદ થાય છે. શાસ્ત્રમાં ચારિત્ર લેવું હોય તો આ એક પરીક્ષા મૂકી છે. કોઈ આવીને કહે, મારે ચારિત્ર લેવું છે. મને આપો. સંસારમાં કંઈ માલ નથી. ત્યારે ગુરુ પૂછે. કેમ માલ નથી ! ત્યારે કહે કે બાપા આમ બોલે, ઘરવાળી આમ બોલે, દીકરા આમ બોલે કેટલું દુઃખ ! ત્યારે ગુરુ કહે- એમ છે ? તો પછી અહીંયાં સાધુઓ ટોણા ટપલા મારશે, ઈર્યા સમિતિ આદિનું પાલન નહીં કરે તો કોઈ સહન નહીં કરે. હવે જો દુઃખ ગર્ભિત વૈરાગ્યવાળો હશે તો તરત જ કહેશે એવું હોય તો મારે નથી લેવું.

આજે સાધુઓને આવી રીતનું **કહેનારા નથી. ઠપકો દેનારા નથી. એટલે તમને સુખી જીવન લાગે છે.** અને કોઈ કહેનારા મળે તો દુઃખી જીવન લાગશે.

શાસ્ત્રકાર કહે છે કે, તને કહેનારા ઠપકો દેનારા નથી મળ્યા. માટે સુખી જીવન માને છે પણ આ તારા બાર વગાડી દેશે. આજે તમે બડખો કે નાક સાફ કરો કોઈ તમને કહેનાર નથી. જ્યાં ત્યાં નાંખો. કેટલાં જીવની વિરાધના થાય ? તમને ખબર છે ? **આવી રીતે બડખો જ્યાં ત્યાં નાંખવાથી ૧૦ ઉપવાસનો દંડ છે,** પણ આવું તમને કહે તો સાંભળનાર નથી. એટલે તમને સુખી જીવન લાગે છે. આનું પરિણામ શું ? ભૂલની અફસોસી જશે તો સમકિત ચાલ્યું જશે ને મિથ્યાત્વ આવશે. નરકનાં ભાથા બંધાવશે.

જે પ્રમાદ આંખ મીંચીને ચલાવે જઈએ અને અફસોસી ન હોય તો તીવ્રરાગનાં સંકલેશનાં પાપ બંધાવે છે. **બગલમાં ઓઘો ને નરકનાં પાપ બાંધવા છે ?** ચારિત્રનો પુરુષાર્થ કર અને જો પ્રમાદી રહેશો તો ભવાંતરમાં દુઃખનો પાર નહીં રહે. માટે **ઉપદેશપદમાં શ્રી હરિભદ્રસૂરિ મ.** મહત્ત્વની બે ચીજ જણાવે છે કે આ ચીજોથી બચવું હોય તો **જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞા ઉપર ભાર રાખો.** જો આ નહીં હોય તો આરાધના ઉપર ચોકડી પડશે. પંચસૂત્રકાર કહે છે કે,

"ગુર્વાજ્ઞાનો ભાર નથી ને બીજું માનીએ તો કુલટા નારી જેમ ઉપવાસ લઈને બેસે ને હાસ્યાસ્પદ થાય એવું થશે."

ગુર્વાજ્ઞાનો ભાર નહીં હોય તો પછી જીવને એમ જ થવાનું કે, આમ જ કરવાનું. આમ જ ચાલે. અને જો આમ ચાલશે તો અંતકાળે સમાધિ નહીં રહે. આપણી કલ્પનામાં પણ નહીં આવે એવાં સંક્લિષ્ટ પરિણામ થાય કે સ્થિતિ દયાપાત્ર બનશે.

"વાચના-૧૬" ભાદરવા વદ-૪

હે મુનિ ! ધ્યાન રાખ. સાધનામાં કષ્ટ ઉપર ભાર છે. બાહ્ય તપનું વિધાન છે. કષ્ટમય સાધના છે. અનશન કરે એટલે કષ્ટ તો છે. સુખશીલપણાથી રહેતા હો તો દ્રવ્ય સંક્ષેપ અને રસત્યાગ નહિ થાય. માટે આ બે તપ પણ સુખશીલતા દબાવવા કરવાના છે. કાયાની સંલિનતા કરતાં વાણીની સંલિનતામાં વધારે કષ્ટ છે. કોઈ મળે એટલે બોલવા જોઈએ. બોલવાની છૂટ હોય એટલે દેરાસરથી આવે તો પણ પછી દર્શન-સ્તવનનો ગુંજારવ ન રહે. દેરાસરની બહાર નીકળતાં જ વાતો- પ્રતિક્રમણ પછી વાતો ચાલે. એટલે પ્રતિક્રમણનો સ્વાદ ન રહે. પગામ-સજ્ઝાય બોલ્યા પછી વાતો કરે એટલે પાપોનાં પશ્ચાત્તાપનો ભાવ ન રહે. એટલે કાયાની સંલિનતા કરતાં પણ વાણીની સંલિનતા કઠીણ છે.

સાધવાનો સોનેરી સમય ચાલ્યો જાય છે. ભગવાનની ભક્તિ તરતમાં કરી હોય ને એની છાયા ન રહે તો પછી આ બધી સુકૃત અનુમોદનાની તકો જતી રહે છે. નવકારમાં પાંચ પદ પછી ચાર પદ કેમ મૂક્યા છે ? જાણો છો ? અનુમોદના માટે. સુકૃત કરો પાછળ અનુમોદના કરો તો જ સુકૃતની ખરી કદર કરી કહેવાય. પણ આપણા જીવને સુકૃતનો સહજ પ્રેમ નથી, જ્યારે અનાદિની વાતો આપણને જરૂરી લાગે છે. આ ન થાય અને અનુમોદના પર પ્રેમ ઉભરાય માટે નવકારમાં પાંચ પદ પછી ચાર પદ મૂક્યા છે.

જ્ઞાનીઓ કહે છે, તમારા ગુણનો બીજા આગળ ઉત્કર્ષ ન કરો. બીજાનાં ગુણનો ઉત્કર્ષ કરો. પણ સાથો સાથ કહે છે કે, તમારા સુકૃતની અનુમોદના જરૂર કરો. અભિમાનનો આફરો નહીં ચડે ? ના. જેમ જેમ સુકૃતની અનુમોદના કરશો એમ એમ એનાં **હૃદયમાં સુકૃતનાં ઊંડા પાયા નંખાશે** અને પછી શાસ્ત્રની સમજથી **આજ સુકૃત કરવા જેવું છે એમ થશે.** આ હિસાબ છે.

સંલિનતામાં પણ કષ્ટ એ લાભદાયી છે. આપણી ઉચ્છૃંખલ વૃત્તિ પર દાબ મૂકવા માટે સમર્થ છે. એકલી કષ્ટમય સાધનાથી કંઈ રાજી થવાનું નથી પણ જીવનમાં ચારિત્રગુણ વધારવાનો. એટલે તો વારંવાર જીવને પૂછવાનું કે, દિવસનાં કયા ભાગમાં તેં ધર્મનું કષ્ટ ઉઠાવ્યું ? વધાવ્યું ? આપણી તાકાત છે, નવકારશીથી પોરિસિ કરવાની કે બેનાં અઢી કલાક સ્વાધ્યાય કરી શકવાની તો આગળ અવાય. આ જરૂરી છે.

"વાચના-૧૭" **ભાદરવા વદ-૫**

હે મુનિ ! એકલું કષ્ટ ઉપાડવા માત્રથી સિદ્ધિ થતી નથી. એકલું કષ્ટ એટલે ? ઉત્તમ એવાં ચારિત્રથી ભ્રષ્ટ થાય અને કષ્ટ ઉપાડે એનાથી સિદ્ધિ નથી. મુખ્યતયા ચારિત્ર એટલે બ્રહ્મચર્ય. આનાથી ભ્રષ્ટ થાય, સ્ખલના થાય અને બીજી બાજુ ઘોર તપશ્ચર્યા-વિહાર-વૈયાવચ્ચ વગેરેનાં કષ્ટો હોય તો પણ સિદ્ધિ થતી નથી. જીવ મોહવશ છે. નાની પણ બ્રહ્મચર્યની સ્ખલના થઈ હોય તો **આલોચના પ્રાયશ્ચિત્ત** કરવું જોઈએ. અને આલોચના ન થાય તો શલ્ય અને આર્તધ્યાન રહે છે. જુઓ રૂકમી સાધ્વી. આલોચના પ્રાયશ્ચિત્ત ન કર્યું. છુપાવી રાખ્યું તો ભયંકર દુર્દશા થઈ. આપણા શાસ્ત્રો ઉદાર છે. સ્ખલના થઈ, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લો. જે આપે તે વહન કરો. સુસંયમી-શુદ્ધ સંયમી બનશો.

પ્રાયશ્ચિત્ત લેનારની વાત કોઈને ન કરાય. જો પ્રાયશ્ચિત્ત દેનાર કોઈને એની વાત કરે તો અનંતસંસારી થાય. પ્રાયશ્ચિત્ત કરનાર માટે એક પણ અક્ષર ન બોલાય. માટે શાસ્ત્રો આપણને આટલી બધી ઉદારતા આપે છે. આજે ન કર્યું હોય પણ ૧૦/૧૫ વર્ષ પહેલાનું પણ હોય તો પણ એની શુદ્ધિ કરવાથી વિશુદ્ધ સંયમી બનાય છે.

અહમદનગરમાં- મહાનિશીથની વાચના ચાલતી હતી. પ્રાયશ્ચિત્તની વાતો આવી. અને જન્મથી લઈને અત્યાર સુધીની આલોચના કરવા માટે સાધુઓ ગુરુ મહારાજ પાસે બેસી ગયા.

મહાનિશીથ શાસ્ત્રમાં આલોચનાની વિધિ બતાવી છે. પ્રથમ ૧૦ આયંબિલ પછી અઠ્ઠમ પછી આયંબિલ અને ત્યારબાદ બધાને ખમાવે. અને ગુરુ મહારાજ પાસે જઈ આલોચના લે. આપણા મોટા સાહેબ ગંભીર પુરુષ હતા. એમને કહેવામાં કાંઈ સંકોચ નહીં.

આલોચના શુદ્ધિનો શાસ્ત્રે ખૂબ ભાર મૂક્યો છે. અને આના માટે બે અધ્યયન બહુ જોરદાર છે. વાત આવે છે કે સાધ્વીઓને પણ આની ભયંકરતા લાગી હતી. એક મિનિટ પણ આત્માને અનાલોચિત રખાય નહીં એટલે ગુરુ પાસે જઈને પેટ છૂટી બધી વાત કરવા માટે જવાની ભાવના થતાં **ગુરુ પાસે જતાં પહેલાં જ કેવલજ્ઞાન**-કેટલીક ગુરુ પાસે જવા માટે ઊભી થઈ 'મારું બધું પાપ કહી દઉં' એવો ભાવ આવ્યો અને પોતાની જાત પર અત્યંત ઘૃણા થઈ. દેહ આત્માની ખોટી આસક્તિ અને અનાસક્ત ભાવમાં આગળ વધતા વીતરાગ દશા પ્રાપ્ત થઈ.

આલોચના લેવા જતાં પોતાનો અહં ભૂલી જવો. પોતાની જાત પર તિરસ્કાર છૂટવો જોઈએ. હું કેવો નીચ છું. ગુરુ જાણશે તો પણ વાંધો નહીં, ગુરુ જાણશે એનાં કરતાં પણ હું વધારે પાપી છું. મનમાં ગુરુ પ્રત્યે નમ્ર ભાવ જોઈએ.

ઝાંઝરિયા ઋષિને રાજાએ મરાવ્યા. અને પછી રાજાને ખબર પડી. પોતાની જાત પર ઘૃણા થઈ ! અરે મેં આ શું કર્યું ? રાજ-સંપત્તિનાં અભિમાનમાં આવી મેં આ શું કર્યું ? પશ્ચાત્તાપ થયો. મુનિ કલેવરને રડી રડીને ખમાવે છે. અહંત્વની આસક્તિ છૂટી અને કેવલજ્ઞાન પામ્યા.

પરલોકને તો આપણે માનનારા છીએ. ભૂલ-પાપ કે અપરાધની ઉપેક્ષાના ફળ પરલોકમાં મળ્યા વગર રહેવાના નથી. માટે જે સ્ખલના થઈ હોય તે સ્ખલનાની આલોચના કરવી જોઈએ અને ખાસ કરીને બ્રહ્મચર્ય સંબંધી જે સ્ખલના થઈ હોય તેની આલોચના ખાસ કરવી. ભવ આલોચના પણ કરવી.

"વાચના-૧૮" ભાદરવા વદ-૬

હે મુનિ ! તેં બીજા કષ્ટ હજી ન ઉઠાવ્યા પણ સ્વાધ્યાય ધ્યાનનું પણ જો કષ્ટ ઉઠાવે તો પણ મોક્ષ મળે એમ છે. બીજા કષ્ટ ન ઉઠાવ્યા એટલે શું ? બહુ તપશ્ચર્યા, વૈયાવચ્ચ કે ઉગ્ર વિહારાદિનાં કષ્ટ ન ઉઠાવ્યા હોય તો હજી ઠીક છે પણ સાધુચર્યા સમાચારીનાં કષ્ટ તો ઉઠાવવાનાં જ. આ કષ્ટ તો સાધુ-વ્યવહારમાં રહેવું છે એટલે મને કમને ઉઠાવવા જ પડે. એ કાંઈ વિશેષ કષ્ટની વાત નથી.

વડીલનો વિનય- પદસ્થોનો- ગુરુનો વિનય એ અતિ આવશ્યક છે. સાધુચર્યાને તો કષ્ટરૂપ લેખી નથી. કેમ કે આ તો એક બાળક પણ સમજી શકે છે. આમાં

કાંઈ મોટું કષ્ટ નથી. પૂર્વનાં કાળમાં સહજ ભાવે એ ચાલી આવતું હતું. કાળ એકદમ ઉતરી ગયો છે એટલે એક પછી બીજો વિનય એમ મૂકયા. સહજ ભાવની વાત ઉડી ગઈ. ફાવે તેમ બોલવું. પગ પર પગ ચડાવીને બેસવું.

આ બધું એટલું બધું બેહૂદું છે કે સાધુતા નહીં પણ આર્યત્વને પણ લાંછન લગાડનાર છે. નકરું અભિમાન પોષાય છે. આ બધું ઘણું અજુગતું છે. **ગોચરી માંડલીમાં વાતો, આ યોગ્ય નથી, નથી સાધના સૂઝતી અને કોઈ સાધનાં કરતું હોય તો કોલાહલ કરી મૂકવો, વિક્ષેપ કરવો. આમાં વિનય કયાં સચવાયો.** વિનય સાચવવા માટે કોઈ કષ્ટની વાત નથી. પણ લાયકાતની વાત છે. સામાન્ય રીતે ગૃહસ્થોમાં સંતાન માબાપનો પણ વિનય સાચવે છે. જો સાવ પ્રાથમિક કક્ષાના ગુણો નહીં હોય તો સાધુતા કયાં રહેશે ?

"વાચના-૧૯" ભાદરવા વદ-૭

હે મુનિ ! સ્વાધ્યાય ધ્યાનનાં કષ્ટનો પણ અનુભવ તને થવો જોઈએ. ગોખવા બેઠા કે વાંચવા બેઠા હોય તો લગાતાર ગોખે કે વાંચે પણ વચ્ચે બીજી આતુરતા ન કરે, તો આપણે કષ્ટ અનુભવ્યુ ગણાય. અંતરની બાહ્યવૃત્તિને પોષ્યા કરવી એ સુખશીલતા છે. પણ આ બાહ્યવૃત્તિને સફળ ન થવા દઈએ તો કષ્ટ ઉપાડ્યું ગણાય. બાહ્યવૃત્તિને પોષવામાં શાસ્ત્ર વિરતિનો નાશ કહે છે.

મગની સીંગફળી શ્રાવક અચિત્ત કરીને ખાય તો એણે સચિત્ત ન ખાધું એટલે વ્રત તો પાળ્યું પણ વિરતિનો ભંગ થયો કહેવાય. અપ્રત્યાખ્યાનીનો ક્ષયોપશમ જતો રહે, ઉદય માને. જે રાગ પોષવા જેવો નથી. માટે કહ્યું, તે ચીજ **તૃપ્તિકારક નથી** અને છતાં શ્રાવક ઉપભોગ કરે તો **અપ્રત્યાખ્યાનીનો ઉદય** કહ્યો ને **વિરતિભાવ ચાલ્યો** જાય." એમ કહ્યું. તો પછી **સાધુનું** શું થાય ? **રાગ પોષવા ચીજ વાપરે તો વિરતિ ભંગ થાય ને ?**

શાસ્ત્ર કહે છે કે હે મુનિ ! બીજું કદાચ કષ્ટ ન ઉપાડે પણ જો સ્વાધ્યાયનું કષ્ટ ઉપાડે તો પણ મોક્ષમાં જાય.

સ્વાધ્યાય કરતાં કષ્ટનો અનુભવ થવો જોઈએ. માનસિકવૃત્તિ બહારમાં જાય એને ન પોષીએ એ માનસિક કષ્ટ છે. આ વૃત્તિને રોકવાની છે. કિંમત સ્વાધ્યાયની છે. **એનાં કરતાં પણ બાહ્યવૃત્તિને અટકાવવાની કિંમત વધારે છે.** સ્વાધ્યાયમાંથી સત્ ધ્યાનમાં જવાનું છે. સત્ ધ્યાનમાં જવાનું એટલે શું ? સ્વાધ્યાયમાં એકાગ્રતા લાવવાની છે કે એનાં પર ચિત્ત એકાગ્ર કરવાનું છે. એ કરે એટલે સ્વાધ્યાયમાંથી સત્ ધ્યાનમાં ગયા કહેવાય. સૂત્રના અક્ષરો પર અટકે વિચારે તો ધ્યાનમાં આવે. સત્

ધ્યાન આવે. સ્વાધ્યાય કરતા બાહ્યવૃત્તિ ટાળવાનો પ્રયત્ન જોઈએ. ખૂબ અભ્યાસ જોઈએ તો આ દૂર થઈ જાય. આજે પણ અહીંથી પછીનાં ભવે મોક્ષમાં જઈ શકાય અને વધારે કરે તો સાત-આઠ ભવમાં પણ જઈ શકાય એટલો સ્વાધ્યાય-ધ્યાનનો પ્રભાવ છે. બીજા કષ્ટ સહન કરે કે નહીં પણ મોક્ષનાં યોગની ઉપેક્ષા કરાય નહીં. **"ચાલે"નું સૂત્ર જ ન જોઈએ.** મોક્ષનાં દરેક યોગ પર સાપેક્ષ ભાવ જોઈએ. આ બધા હિતકર છે.

"વાચના-૨૦"

ભાદરવા વદ-૮

હે મુનિ ! સ્વાધ્યાયાદિ સદ્ધ્યાન તને કષ્ટમય લાગે છે, પરંતુ એ મનની ઈન્દ્રિયોની આતુરતા ખણજને બળાત્કારે રોકે છે. જેનાથી સહેજે વૃત્તિ બહાર તરફ જાય નહીં.

ઈન્દ્રિય અને મનની વૃત્તિ બહાર જાય એટલે ગમે તે વિચાર કરે માટે બળાત્કારે રોકવા માટે કષ્ટ ઉપાડવું જ જોઈએ. શરૂ શરૂમાં વિચાર છોડવાનું ફાવતું નથી તો પણ વિચારની સામે લાલ આંખ કરવી જોઈએ.

મહાનિશીથ શાસ્ત્રમાં કહ્યું છે કે–

(૧) સાવદ્ય વચનનો ત્યાગ (૨) એકેન્દ્રિયાદિ જીવોની દયા અને (૩) સ્ત્રીનો ત્યાગ. આના કારણે એક આત્મા ભવાંતરમાં સુલભ બોધિ થયો. ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું. આટલા નાના નિમિત્તમાં શી રીતે સુલભ બોધિ થયો ? ત્યારે ભગવાને આ ત્રણ વાત કહીને એક મુનિની વાત કરી. એકવાર મુનિને બોલવામાં સ્ખલના થઈ એટલે મુનિને થયું આજે આવું બોલવામાં જુલમ થઈ ગયો. વાઘે લોહી ચાખ્યા જેવું છે પછી તો એ વિફરે.

અમદાવાદમાં પહેલવાન શંકરરાવ, સરકસવાળો. સરકસમાં વાઘનું મોં પહોળું કરે. અને માથું નાંખીને વાઘને ઊંચો કરે. એક દિવસ જરાં ગોટાળો થયો. વાઘનો દાંત બોચી પર અડ્યો. વાઘ લોહી ચાખી ગયો. વાઘે ઝડબું બંધ કર્યું. પહેલવાનને મારી નાંખ્યો. સરકસનાં માણસોને થયું વાઘ વિફર્યો છે. એટલે બંદૂકની ગોળીએ મારી નાંખ્યો. વાઘે લોહી ચાખ્યું. કહેવત સાચી.

મુનિને લાગ્યું. ઉપયોગ ન રહ્યો. સાવદ્ય વચન બોલાઈ ગયું. હવે મનને કુટેવ પડશે. આનો તો ચાંપતો ઈલાજ કરવો જ જોઈએ. વચનમાં આ આફત છે. પછી બધામાં થશે. આવા સાવદ્ય વચનનાં જો મૂળિયા જોર કરી જશે તો સંયમનાં મૂળિયા સાફ થઈ જશે. એટલે એક પણ વચન બોલતા બધાને સહેજ રમૂજ થાય. બીજાને તો અસર થશે પણ તમારી જાત પર અસર થાય છે કે તમારી ગંભીરતા

ગઈ. સાવદ્ય-ઉગ્ર-અપ્રિય-ઠઠ્ઠા મશ્કરી એવાં ઘેરાં પ્રત્યાઘાત પડશે કે જેથી સંયમ રહેવા નહીં દે. "સાધુ જીવન નિષ્પાપ જીવન છે." એમ કહીને સચવાશે, તો ટકી શકાશે નહીતર આવા વચનો સંયમ ટકવા નહી દે, કે આપણું સત્ત્વ સુરક્ષિત નહી રહે. સત્ત્વનો નાશ થશે. સત્ત્વનું ફળ આ છે કે, ઇન્દ્રિય અને મનની ખણજ પૂર્ણ કરવા ન દે. તૃપ્ત થવા ન દે. આ બધા ઉપર કન્ટ્રોલ મૂકે તો સત્ત્વ સુરક્ષિત રહે. ઇન્દ્રિય અને મનની જેમાં તૃપ્તિ થાય, રાજી થાય, એ એટલું સત્ત્વ હણી નાંખે છે. સાવદ્ય-અપ્રિય-અશુભમાં નિમિત્ત બનીએ તો સત્ત્વ હણાઈ જાય. મુનિએ આ જોયું ને કન્ટ્રોલ લીધો. જીંદગી ભરનું મૌન લીધું. આ એક મૌન-સાવદ્ય બોલવાનાં ભયથી લીધું. ન બોલ્યામાં નવ ગુણ. જ્યારે બોલીને બોળવાનું થાય. સ્વેચ્છાથી બોલ્યા પછી અફસોસી રહેતી નથી. અફસોસી ન હોય એટલે એનાં અનુબંધો જન્મોજન્મ ઊભા થાય.

(૧) મુનિએ મૌન લીધું સાથો સાથ (૨) એકેન્દ્રિય જીવની દયા ચિંતવી. વાયુકાયની યતના થાય એ રીતે રહેવું. અપ-તેઉ-વાયુની દયા હૈયે ખૂબ વસાવી. બિચારા આ જીવો નિરપરાધી છે. **મારી બેદરકારીમાં અસંખ્યજીવોની વિરાધના થાય છે.** નાશ થાય છે. (૩) સ્ત્રીનો પરિચય માત્ર નહીં. દર્શન નહીં. વાતચિત નહીં. આ ત્રણ વાતની સાધના અત્યંત સુલભબોધિ થયા. આ ચીજ મન પર લઈએ તો કાંઈ ફરક પડવાનો નથી. આ વિચાર કરવાનો છે. એકેન્દ્રિય જીવો પર દયા, બોલવા પર કન્ટ્રોલ અને સ્ત્રી દર્શન ત્યાગ. વાત ચિત, અપ્રિય-મફતીયા બોલવું નહીં. જો આ મન પર નહીં લેવાય તો પછી સંયમનાશનાં જે જોખમો અંદર પેસી ગયા તે બધાં જ આગળ નહીં વધવા દે. સંયમથી ભ્રષ્ટ કર્યા વગર નહીં રહે.

"વાચના-૨૧" ભાદરવા વદ-૧૨

યતિ ધર્મ કષ્ટ સાધ્ય છે. એટલે એમ સમજતાં હોઈએ કે વિના કષ્ટે સાધુપણું પાળી શકાય તો આ ગેરસમજ છે. દુનિયામાં પણ ધંધા રોજગાર માટે કષ્ટ ઉઠાવવા પડે છે. ભાઈઓને ઘર ચલાવવામાં પણ કષ્ટ કેટલાં ઉપાડવા પડે છે. કેટલાંકને ત્યાં તો મહેમાન-પરોણા રોજે રોજ ચાલુ હોય છે. વેપાર કરનારને પણ વેપારનાં કેટલાં કષ્ટ ઉપાડવા પડે છે. તો શું સાધુ ધર્મ જ એવો છે, કે જેમાં કષ્ટ ઉઠાવવાનાં ન હોય? સવારમાં ઉઠીને જ વિચારવાનું છે કે, "સાધુપણું પાળવા મારે કયા ક્યા કષ્ટ આજે ક્યાં ક્યાં ઉઠાવવાનું રહ્યું છે ? આ લાખેણી તક ગુમાવાઈ રહી છે. જ્ઞાનીઓ તો ત્યાં સુધી કહે છે કે, દુનિયામાં હોત તો આનાં કરતાં દશગણા કષ્ટો ઉઠાવતાં જે લાભ ન થાત તેનાં કરતાં પણ દશમા ભાગનું પણ કષ્ટ તું અહીં ઉઠાવે

તો ઘણો લાભ છે. **ઋષભદેવ ભગવાને એક હજાર વર્ષ સુધી ખડા ખડા ઊભા રહીને ધ્યાન ધર્યું.** જમીન પર બેઠા પણ નથી. **આવા આલંબનો આપણને મળ્યા છે.**

શાસ્ત્ર કહે છે કે, **'દુનિયામાં અર્થ અને કામ ખાતર જે કષ્ટ ઉઠાવે તેનાં કરતાં દશમા ભાગનું પણ કષ્ટ ઉઠાવે તો પણ પુન્યાનુબંધી પુન્યનો લાભ છે.'** જબરજસ્ત કર્મ નિર્જરા છે. કેમ ? **સકામકષ્ટ ઉઠાવ્યું છે** માટે.

જેટલાં કષ્ટ વિહીત છે એની ઉપેક્ષા કરીને જે કરવામાં આવે છે, એમાં લાભ નથી નુકસાન છે. સકામ નિર્જરા થતી હોવાં છતાં એનાં ભાગી નથી થતા. કેમ કે પરભવનાં સુખની આશંસા છે.

લોકો સમજે છે કે સાધુજીવન કષ્ટમય છે. શું આ સમજ એમની ખોટી છે ? જો કષ્ટ ન વેઠે તો આ વાતનો વિશ્વાસઘાત થાય છે. લોકો પરસેવો પાડીને જે કમાણી કરી હાડમારી ભોગવીને જે સારું વહોરાવે છે એની સામે કષ્ટ જો ન ઉપાડું તો વિશ્વાસઘાત થાય છે. આ ભાર જો મન પર હોય, રહે તો કષ્ટ વેઠાય. કષ્ટ વેઠતાં મનમાં સારા ભાવો રહે છે. કૃતજ્ઞતા-આજ્ઞાપાલનતાનો ભાવ રહે છે. એનાથી આત્માની શુદ્ધિ થાય છે. કષ્ટ વેઠવાની, અત્યારથી થોડી થોડી સહન કરવાની શક્તિ કેળવીશ તો મરણાન્ત સમયે સમાધિ ટકી શકશે. નહીતર એવી ઘોર અસમાધિ થશે.

આવો કષ્ટમય યતિધર્મ જો તું નથી આચરી શકતો તો શું કરવું ? પણ પહેલો માર્ગ આ છે જીવન કષ્ટમય બનાવો.

"વાચના-૨૨"

ભાદરવા વદ-૦))

ચારિત્ર એ કષ્ટ સાધ્ય છે. એટલે આપણી ક્રિયા વ્યવસ્થિત કરીએ એમાં કષ્ટ નથી એ તો કર્તવ્ય છે. ક્રિયા વિધિપૂર્વક ન કરીએ તો કર્તવ્યનો દ્રોહ કરીએ છીએ. આપણે માનીએ કે ઓછી શક્તિ છે એટલે ચાલે, પણ એ દ્રોહ છે. **સાધુ સંસ્થામાં જોડાયો એટલે અવશ્ય કર્તવ્ય તો સારી રીતે બજાવવા જ જોઈએ. માનસિક નબળાઈ છે કે, એક પ્રકારની ધિઢાઈ છે ? શ્રાવક કહે, બેઠા બેઠા પ્રતિક્રમણ કરીએ તો ચાલે,** ચરવળા વગર ચાલે, એવી આપણી સ્થિતિ છે. જો વિચાર હોય કે, ક્રિયા ગોલમાલથી કરું એ **ક્રિયાનું અપમાન છે. જો** મગજ પર કર્તવ્યનો ભાર હોય તો કોઈકવાર શારીરિક અસ્વસ્થતાને કારણે થાય તો હૈયું બળીને ખાખ થઈ જાય.

જેમ ક્રિયા સાથેનો ગોટાળો-ગેરવ્યવહાર એ ક્રિયાનું અપમાન છે તેમ સાધુ સાથેનો ગેરવ્યવહાર, એ સાધુનું અપમાન છે. દા.ત. સાધુ-સાધુને બોલાવે ને સામે જો હુંકાર પણ ન ભણે તો પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે. પદસ્થ, ઉપાધ્યાય,

આચાર્ય ક્રમશઃ બોલાવે ને ન બોલે તો અધિક અધિક પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે, એમ જ્ઞાનીઓ કહે છે. કેમ વારુ ? જ્ઞાનીઓ કહે છે કે, સાધુ-સાધુને બોલાવે, આચાર્ય બોલાવે ને હુંકારો ન ભણે તો તેમનું અપમાન કર્યું કહેવાય. એટલે પ્રાયશ્ચિત્તનો ભાગી બને. એમ ક્રિયાની સાથેનો આપણો વ્યવહાર જેમ તેમ ચલાવીએ તે ક્રિયાનું અપમાન છે. અને આમ બહુ અપમાન કરે તો ભવાંતરમાં આ ક્રિયાઓ ન મળે. જ્ઞાનીનો જેમ વિનય કરવાનો છે તેમ જ્ઞાનનો પણ વિનય કરવાનો છે. અને ક્રિયાનો પણ વિનય કરવાનો છે. આપણી ક્રિયામાં-સાધ્વાચારમાં ગોલમાલ એટલે અપમાન થાય છે ક્રિયાનું. આ તો કષ્ટ વિનાની ક્રિયાની વાત થઈ.

કષ્ટવાળી ક્રિયા કઈ ? કષ્ટ એટલે પરિષહો જે વેઠીને કરીએ તો સાધુપણું પાળ્યું કહેવાય. હવે કહે છે કે, **તારાથી કષ્ટમય સાધના ન થતી હોય તો ન કર, પણ ઉકળાટ વિનાનું શીતલ અને સૌમ્ય મન બનાવ.**

આવું મન શાથી બને ? ઉપશમ રસથી, ક્ષમા મૃદુતાનાં ભાવથી. તદ્દન સરળતા, ભદ્રકતા. નિસ્પૃહતાના ભાવથી ચારિત્ર શીતલ અને સૌમ્ય બને છે. એટલે કષ્ટમય સાધના ન બને તો આ તો તું કરી શકે છે. હૃદયમાં વારંવાર ક્ષમાદિ ભાવો મમરાવવાનાં છે. હવે મારે મારા મનને અશુદ્ધિવાળું - મલિનતાવાળું નથી બનાવવું. આ સતત જાગૃતિ રહે તો આ ઉકળાટનાં જે ભાવો છે તેને પેસવા દેવા ન જોઈએ. એક સાવધાની રાખવાની કે, મારે મન મેલું નથી બનાવવું. મૂળ પાયામાં મન મેલું થાય તો જ અસત્ પ્રવૃત્તિ થાય છે. આ મન મેલું ક્યારે ન થાય ? ઉપશમભાવ પર ઝોક રાખ્યો હોય તો... મલિન ભાવ, વિપરિત ભાવ પેસે કે સાવધાન થવાનું... તો ઘણી અસત્ પ્રવૃત્તિ બંધ થઈ જશે. કોઈ ચીજ સન્માન, અનુકૂળતા, જશનો રાગ આ બધો કચરો અંદર પેસે તો અસત્ પ્રવૃત્તિ ચાલુ થઈ જાય છે. ઉપશમને બદલે કષાયનો ભાવ આવે એટલે યશ લેવાનું મન થાય. એટલે અજ્ઞાનજીવોની જે પ્રવૃત્તિ છે એ અપયશની પ્રવૃત્તિ શરૂ થઈ જાય, પોતાની બડાઈ પોતે ગાયા કરે...આ પહેલાં પાયામાં મારે મનને અશુદ્ધ નથી બનાવવું. આ જોયા કરીએ તો સાવધાન રહેવાય. વિષયકષાયનાં ભાવ એ મનની મલિનતા છે. તુચ્છતાનાં ભાવ-બડાઈ, નિંદા-હલકું જોવું, આ બધા મલિનતાના ભાવ છે. ત્યાં ઉપશમ ઊભો નથી રહેતો. પરસ્ત્રી સામે છે. એ કોણ છે 'એ જોઈ લઉં.' આ પણ અશુભ ભાવ છે. અશુભ ભાવો પ્રત્યે આપણા મનમાં જિજ્ઞાસા ઉઠે ત્યાં ઊભો થાય. આ તકેદારી રાખવાની છે કે અશુભ ભાવ ઉઠવા ન દે.

હે મુનિ ! પરિષહોનાં કષ્ટ સહન ન થાય તો કાંઈ નહીં પણ ઉપશમરસથી તારા ચારિત્રને સૌમ્ય બનાવતાં તારું શું જાય છે ? ગોચરી આદિ આવે તો એને

વિષયનો વિચાર નહીં બનાવવાનો પણ આરાધનાનો વિષય બનાવવાનો. આમ દરેક વિચારમાં ધ્યાન રાખવાનું છે કે, મલિનતા ન લાવવી હોય તો ઉપશમ ભાવમાં રહે. ચારિત્રને સૌમ્ય બનાવ. આ ઉપશમ ભાવનો વારંવાર અભ્યાસ કરવો જોઈએ. એક જીવનનું લક્ષ્ય બંધાઈ જાય કે, મારે મન અશુદ્ધ નથી થવા દેવું. ઉપશમ ભાવોનો અભ્યાસ કરવો છે, તો જેટલી વાર બને તેટલી વાર ઉપશમ ભાવનો રસ જીવનમાં આવે...

"વાચના-૨૩" **પ્ર. આસો સુદ-૧**

હે મુનિ ! તારાથી કષ્ટ સહન ન થતું હોય તો ખેર ! પણ ઉપશમરસથી ભરેલાં ચારિત્રનો કેમ પ્રયત્ન નથી કરતો ? આ મહત્ત્વની વસ્તુ છે કે, આપણું ચારિત્ર ઉપશમ રસથી ભરેલું છે.

ઉપશમ રસથી ભરેલું એટલે ? ચારિત્રમાં સાધ્વાચારનું પાલન, ૧૦ પ્રકારની સામાચારી પાળવાની, ક્રોધાદિ ભાવો શાંત કર્યા હોય તો જ કરી શકે. કોઈ સાધુ કે ગુરુ પ્રત્યે રીસ, સ્વાભિમાન, સુખશીલતા વગેરે કષાયનાં ભાવો છે. આનાથી સાધુચર્યા બરાબર ન પાળી શકાય. **કોઈ વસ્તુ લેવી મૂકવી હોય તો પૂંજવું જોઈએ** આ કોણ ભુલાવે ? સુખશીલતા. આ સુખશીલતાથી ચારિત્ર ઘવાય છે.

પ્રતિક્રમણમાં ઉપયોગ રાખો. આ ઉપયોગ લાવવા માટે મનમાં ભાવ લાવવો પડે. **અડધા વાંદણા-ગુરુ પ્રત્યે વિનય-સમર્પણ ભાવ અને પછીનાં વાંદણા-ગુરુ પ્રત્યે દોષ થયા હોય તેનો સંતાપ લાવવાનો.** આ વાંદણા ભાવક્રિયા રૂપ થાય. પણ આ ભાવ કોણ નથી લાવવા દેતુ ? અર્થની ખબર નથી, **આ બહાના કાંઈ ચાલે એવાં નથી.** જે સૂત્ર બોલતા હોઈએ દા.ત.,

'નમુત્થુણં', - ભગવાન પર ભક્તિરસ જાગે. 'લોગસ્સ' બોલતા - ૨૪ તીર્થંકરો અને અનંત તીર્થંકરો પર ભક્તિભાવ જાગે. **આ ભાવ કોણ નથી લાવવા દેતું ?** ત્યાં પણ આ જ છે. **મગજને કોણ કસે ?** આપણે પ્રતિક્રમણ કરવાનું અને સૂત્ર બોલી જવાનાં, આ એક જ હિસાબ છે. આ બધું અટકાવનાર છે કષાયનાં ભાવ. જેમ મન સુખશીલ તેમ શરીર પણ સુખશીલ છે. નમુત્થુણંથી જાવંત કેવિ સાહૂ સુધી ૪/૫ મુદ્રાઓ બદલાય. ભાવના સ્થાન પણ બદલાય.

'નમો જિણાણં - જિઅભયાણં' બોલતાં - વિચરતા અરિહંતો, જે અ અઈયા સિદ્ધા બોલતાં-જે સિદ્ધ થયા તે અનંતા તીર્થંકરો- 'જાવંતિ ચેઈઆઈં' બોલતાં ત્રણે લોકનાં જિન ચૈત્યો - જિનબિંબો નજરે લાવવાનાં. 'જાવંત કેવિ સાહૂ' બોલતાં

અઢી દ્વીપનાં સાધુ દેખાય. દરેક વખતે મુદ્રા બદલાતી રહે. પણ મગજને કોણ ડહોળાવે છે ? આ હૈયામાં ઉકળાટ છે, ઉપશમભાવ નથી માટે થાય છે. આરામી વગેરે રાગ જીવને સારા આલંબન મળવા છતાં સારા ભાવ થવા દેતો નથી.

આપણી બધી ક્રિયા ભાવને પોષવાને વધારવા માટે છે. આ ક્રિયા દ્વારા વધારે ભાવની વિશુદ્ધિ લાવવાની છે. બધું થાય છે. ચારિત્ર પાળે છે પણ ઉપશમરસ વિનાં કષાયનાં ઉકળાટથી પાળે છે. અપ્રમત્તભાવ નથી. ઉછળતા ભાવ હોય તો ઉપશમભાવવાળું ચારિત્ર આવે.

જ્ઞાનીઓ કહે છે કે, કષ્ટ સહન થતું ન હોય તો કાંઈ નહીં પણ ઉપશમરસથી ઝળહળતું ચારિત્ર કેમ નથી પાળતો ? આગળ જતાં કહે છે કે, કષ્ટ સહન કર્યા નથી પણ ઉત્કૃષ્ટ ઉપશમ ભાવનું ચારિત્ર પાળ્યું તો આત્માનો નિસ્તાર થઈ ગયો. ચારિત્ર એ આત્માનો પ્રાણ છે. આ પ્રાણને જો જીવતો રાખવો હોય તો પ્રમાદ-સુખશીલતા, આરામ બધાને દૂર કરવા પડશે. **'પગામ સજ્ઝાય'** બોલતાં પણ જરાં ખટકો નહીં તો ચારિત્ર એમને એમ પળાઈ જશે પણ આત્માને કાંઈ અડશે નહીં. નદી પાર કરી ગયા અંગૂઠો ભીંજાયો નહીં એમ અપરાધના સ્થાને ખટકો નથી. **સુકૃતનાં સ્થાને અનુમોદનાનો ભાવ નથી તો કોઈ સંસ્કાર પડશે નહીં અને કદાચ ને આ ચારિત્ર પાળવાથી પુણ્ય ઊભું થશે તો પણ પાપનાં અનુબંધવાળું થશે.**

દુષ્કૃતની ગર્હા નથી તો શુભાનુબંધ નથી. માટે ક્રિયા ચેતનવંતી બનાવો. શુભભાવ તરફ લગન હોય તો કોઈ જરાં મોટા અવાજે બોલે તો તરત થાય ક્ષમાનો લાભ મળ્યો. લક્ષ હોય તો થાય. નહીતર **હીરાનાં બજારમાં ઊભો રાખ્યો હોય ને કાંકરા વિણવાં જેવું થાય.** મહાપુરુષોએ જેવું ચારિત્ર પાળ્યું છે, કષ્ટ સહન કર્યા છે, એવા કષ્ટો તો આજે નથી સહન કરવાનાં. માટે તો જ્ઞાનીઓ કહે છે કે, ક્રિયા ઉપશમવાળી બનાવો. **કષાયોનાં સ્થાનને ઉપશમનાં સ્થાન બનાવીને આત્મશુદ્ધિ કરો.**

"વાચના-૨૪" **પ્ર. આસો સુદ-૨**

કષ્ટ સહન કરવાં કઠણ છે પણ કષ્ટ વિનાનું ચારિત્ર પાળવું સહેલું છે. એટલે પ્રકરણકાર કહે છે કે, હે મુનિ ! તું ચારિત્રમાં કેમ પ્રમાદ કરે છે. એટલું યાદ રાખજે કે, કષ્ટ સહન કરનારા બધા સિદ્ધ થયા છે એવું નથી પણ **સમ્યગ્ રીતે ચારિત્ર પાળનારા બધાં સિદ્ધ થયા છે.** તો એમાં કેમ શિથિલ થાય છે ? જ્ઞાનીઓ આ ઉપદેશ કેમ વારંવાર આપે છે ? ત્યારે વિચાર કરવાં જેવો છે કે,

આપણે જે રીતની ક્રિયા કરી. ચારિત્ર પાળ્યું પણ એ ખરેખર યથાર્થ છે ? જ્ઞાનીઓનો આ ઉપદેશ સાવ વહી ગયેલાં છે. યથાછંદ ને પાસત્થા છે એનાં માટે નથી, પણ જે સુસાધુમાં ગણાય છે એના માટે છે. માટે જ વિચાર કરવાનો છે કે, આપણે કેમ સંતોષ માનીને રહીએ છીએ ? (વેપારીને વેપાર કરવાની ઇચ્છા હોય છે. આપણને તો એક જ વેપાર-પ્રતિક્રમણ-પડિલેહણાદિ છે. તો એમાંથી પ્રશસ્ત ભાવો ઊભા કરવાનાં છે.) અધિક નિર્મળ ભાવો કરવા માટે આવું કાંઈ લક્ષ ન હોય તો પણ કોરી ક્રિયા રૂપ થાય. આમાંથી આપણું જીવન ખૂબ ગંભીર બનવું જોઈએ. જીવનમાં દૃષ્ટિપાત કરવા જેવો છે. સવારથી ઉઠ્યા ત્યારથી અત્યાર સુધીમાં ક્યાં આત્મા ઊભો રહ્યો ? કોઈ ક્રિયામાં સ્થિર થયો ? સાધુ મહાત્મા સાથેનો વ્યવહાર, સંયમીનાં દર્શન, આલ્હાદ-અનુમોદના વધારું, આમાં કયાંય વિશેષતા આવી ? કોઈ સ્ખલના થઈ તો ગ્લાની થઈ ? આપણને જાતે સૂઝ ન પડે, પણ આવી વાચના સાંભળીએ, શાસ્ત્રો સાંભળીએ. વાંચીએ તો પણ સૂઝ ન પડે ? જીવનનાં દિવસો પૂરા થઈ જશે ! ભાવનું વિશુદ્ધિકરણ થયું છે એમ કોણ કહી શકે ! કેમ નથી ? સવાલ જ આ છે. **બાહ્ય સામગ્રી- વાતચીત- જોવાનું આ બધામાં તકેદારી છે એટલે આમાં તકેદારી આવતી નથી.** (બાહ્ય બધી પ્રવૃત્તિમાં મન જાય છે એટલે ભાવની વિશુદ્ધિ આવતી નથી.) સાધુનાં દર્શનથી ક્યારે એમ થાય છે કે "કેવો મારો ધન્ય દિવસ ! સાધુનાં દર્શન થયા !" ઉપયોગ નહીં હોય તો ઉપયોગ નહીં આવે. (બહારનું ટીપટોપ સાચવવા જોઈએ છે અને આંતરિક ક્રિયાની તલમાત્ર કિંમત નથી.) એ હૈયામાં ઝણઝણાટી નહીં કરે !

પૂણીયો શ્રાવક- પુરણચંદ શેઠ- સાંભળ્યું વ્યાખ્યાનમાં. ચંચળ ચિત્તે થતી ક્રિયા છાણ પર લીંપણ જેવી છે. મહારાજે મનની સ્થિરતાની વાત કરી. એટલે પુરણચંદ શેઠ સાધુ મહારાજ પાસે ગયો. કહે મહારાજ (અમારી બધી ક્રિયા તો આજ સુધી આવી જ થઈ.) વિચારો એવાં જ આવે છે. (બહારનાં વિચારો ખૂબ આવે. નવકારમાં ચિત્ત ન ચોંટે.) અમારું તો બધું એમને એમ ગયું. ત્યારે ગુરુએ કહ્યું. શાના કારણે આવે છે ? હવેલી-દુકાન-વેપાર. તો એનો સંબંધ છોડી દો. આ સાંભળી બધો સંબંધ પુરણચંદ શેઠે છોડી દીધો. ભાડૂતી ઘરમાં રહ્યાં પછી તો તાલાવેલી લાગી ધર્મની.

(ભૌતિકનો રસ ને હોંશ હોય તો આધ્યાત્મિકનો રસ ન આવે.) માટે બાહ્ય અને અંતરભાવનો વિચાર કરો.

હે મુનિ ! ચારિત્ર એટલે શું ?

પૂર્વે પણ જીવો સમ્યગ્ ચારિત્રથી મોક્ષ પામ્યા છે, માટે જીવનમાં ચારિત્ર એ પ્રધાન છે. **"चरणात् त्रायते तत् चारित्रं..."** આત્મ સ્વરૂપમાં વિચરવું. "જેનાથી આત્માનું રક્ષણ થાય માટે એ ચારિત્ર."

આત્મસ્વરૂપમાં વિચરવું એટલે શું ? આત્મસ્વરૂપમાં અર્થાત્ વારંવાર પોતાનું આત્મસ્વરૂપ યાદ કરવું.

દા.ત. ગોચરી વાપરવા બેઠા. અનાદિનો અભ્યાસ ઠંડા ગરમનો સંવેદન થઈ જાય. ખ્યાલમાં આવી જાય એ વખતે આત્મસ્વરૂપમાં વિચરવાનું છે. જીવ ખ્યાલમાં રાખજે કે ૪૨ દોષ રહીત ગોચરી લાવ્યો. (સાગર તરી ગયો પણ હવે દોષ ગ્રાસેષણાનાં ન લગાડીશ. નહીતર ખાબોચિયામાં ડૂબીશ.) માટે આત્મસ્વરૂપનો વિચાર કર. ખાટા મોળાનો વિચાર ન કર. મારું સ્વરૂપ તો અણાહારી છે. કર્મ સંયોગે આવી પડ્યો છું. કર્મ સંયોગમાં આહારીપણામાં તું અટવાઈ જઈશ તો આત્મસ્વરૂપનો ખ્યાલ ક્યાં કરીશ ? મોળું ન ગમતું હોય તો મોળું જ લે. ઠંડું ન ગમતું હોય તો ઠંડુ ખાસ લે. જેમ **કઢી પ્રિય બાવો-**

એક બાવાજી. મહાત્મા. ભગતો ઘણા. એક ભગતને ત્યાં જમવા. ભગતે કઢી બનાવેલી. આ કઢી જોરદાર બનાવેલી. બાવાજીને દાઢે ચીટકી. હવે તો આ યજમાન ભગતને ત્યાં બીજીવાર જમવા. એ જ કઢી. બાવાજીને કઢી પ્રિય થઈ પડી. અને હવે તો બાવાજી સામે ચડીને કહે, હા. પેલી કઢી બનાવજો. અને એકવાર, બાવાજી મઢૂલીમાં બેઠા વિચારે છે. આહ- આ કઢીએ મારું વ્રત-નિયમાદિ નાશ કર્યા. બસ હવે આનો ઉપાય કરવો પડશે ! બાવાજીએ આત્મખોજ કરી. બીજે દિવસે યજમાનને ત્યાં. કઢી. યજમાનને કહી દીધું. બારણું ખોલતો નહીં. કઢી લીધી. એક ડોલ. તપેલી સાથે રાખી કઢી પીએ છે અને એટલી બધી પીધી. ઊલટી. હવે એ ઉલટી કરેલી પાછી પીએ છે ને બોલતા જાય છે. લે-લે-પી. તેં મારું સત્યાનાશ વાળ્યું છે. અને આ જીભડીને ઉપદેશ આપતો જાય છે. ખરેખર તું લૂલી હાડકા વગરની, મારા વ્રત નિયમ ભૂલાવ્યા. આમને આમ અડધો કલાક-કલાક ઊલટી કરતા ગયા. છેવટે અડધા બેભાન જેવા થઈ ગયા. યજમાન અંદર આવ્યો.

આમ આત્મખોજ કરીને બાવાજીએ કઢી પી પીને કઢીનો મોહ તોડી નાંખ્યો. તેમ રોજ આત્માનો ખોજ કરો. ક્યાં ભૂલીએ છીએ એનો વિચાર કરો. આરાધનાનાં સ્થાનોને યાદ કરો.

હે મુનિ ! સંયમને તું સારી રીતે પાળ તો મોક્ષનું સુખ તને મળશે. પૂર્વનાં જીવો મોક્ષ ચારિત્રથી પામ્યા છે. પૂ. પદ્મવિજયજી મહારાજે પૂજામાં કહ્યું, **"चारित्र विण लहे शाश्वत पदवी, समकित विण नवि कोई"** **"चरण रहिआ सिज्झंति दंसणरहिआ न सिज्झंति"** શાસ્ત્રમાં તો આમ કહે છે. એનો જવાબ આ છે કે આ જે વાક્ય છે એ પૂર્વ પક્ષનું છે. ચારિત્ર વિના હજી મોક્ષ છે, પણ સમ્યગ્ દર્શન વિના ન મળે. માટે મહત્ત્વ સમ્યગ્ દર્શનનું છે. આ વાદિનો પક્ષ છે.

સિદ્ધાંત કહે છે કે–

"जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चन्दणस्स ।
एवं खु नाणी चरणेण हीनो नाणस्स भागी न हु सुग्गईए ॥"

જેમ ચંદનનો ભારવહન કરનાર ગધેડો માત્ર ભારનો ભાગી થાય છે, પણ ચંદનની સુવાસનો ભાગી થતો નથી, તેમ ચારિત્રહીન જ્ઞાની જ્ઞાનનો માત્ર ભાગી થાય છે, પણ સદ્ગતિ-મોક્ષનો ભાગી થતો નથી. તો પછી એને મોક્ષ ક્યાંથી મળે ?

ચારિત્ર વિના મોક્ષ નથી તો ભરત મહારાજા-મરુદેવા માતા વગેરેને કેમ મોક્ષ મળ્યો ? એમને બાહ્યથી ચારિત્ર નહીં પણ આભ્યંતરથી ચારિત્ર આવી ગયું હતું.

("વિષયોના રાગદ્વેષનો ત્યાગ એનું નામ ચારિત્ર.")

જગતનાં વિષયોની સાથે મારે કોઈ સંગ નથી એમ ભાવથી ચારિત્રનો સ્વીકાર કરી લીધો. આ ભાવથી ચારિત્ર વિના મોક્ષ નથી.

ચારિત્રની ટુંકી વ્યાખ્યા–"ઇન્દ્રિયો અને મનની અત્યાર સુધી વિષયોમાં હોશિયારી છે એને બદલે એમાં ગમારી રાખવાની અને સંયમને આત્મગુણોમાં હોશિયારી કેળવવી. એનું નામ ચારિત્ર." જ્યાં ને ત્યાં કર્મબંધ ને કર્મક્ષયનાં હિસાબોથી જુએ એવી ઇન્દ્રિય અને મનની હોશિયારી એનું નામ ચારિત્ર.

વિષયોનાં મૂલ્ય અને એની ટકાવારી સમજી એનું મહત્ત્વ સમજી અને આત્મગુણોની ટકાવારી સમજી એનું મહત્ત્વ સમજવું.

પહેલાં પગથિયે જાડા વિષયોનાં ખપી બનવું જોઈએ. જે વસ્તુ જેવી મળે એ "ચાલશે" તો બીન જરૂરી વસ્તુનાં વિષયોની ગુલામી નહીં રહે.

મનપસંદ વસ્તુ જ્યાં સુધી સાથે રહેશે ત્યાં સુધી એને જોયા જ કરવાનું મન થશે. એટલે રાગ થશે અને આ રાગનાં સંસ્કાર પછી દૃઢ બનશે. એ દુર્ગતિમાં લઈ ગયા વગર રહેશે નહીં.

સમ્યગ્ દર્શન એટલે સાચું દર્શન. **વસ્તુમાં આત્મઘાતકતા અને આત્મતારકતા કેટલી છે એ જોયા જ કરવાનું.** કપડું મેલું છે, આત્મઘાતકતા ઓછી થશે. કેમ કે રાગ નહીં થાય. અને ઉજળું છે, આત્મઘાતકતા વધારે થશે. કેમ કે એ જ્યાં સુધી ઉજળું છે આત્મઘાતકતા વધારે થશે કેમ કે એ જ્યાં સુધી ઉજળું હશે ત્યાં સુધી રાગ કરાવશે. સમુદ્ર તર્યા પછી ખાબોચિયામાં ડૂબવાનું થશે. તું જ્યાં સુધી સારી માનેલી ચીજ માનીશ ત્યાં સુધી એ વસ્તુ તને સંસારમાં ભમાવશે. સમ્યગ્ દર્શન પાસે નહીં હોય તો પછી શું કરીશ ? ગૃહસ્થો પણ સમ્યગ્ દર્શન માટે તલસે છે.

ઇન્દ્રિય અને મનની હોશિયારી છે માટે જ આવું બધું જોવાનું મન થાય છે કે આણે મને આમ કેમ બોલાવ્યો ? આણે મને સારી રીતે બોલાવ્યો. પણ આવી હોશિયારી આત્માનો ઉદ્ધાર કરનાર નથી પણ પાયમાલી કરનાર છે. જ્યારે આત્મા અને આત્મગુણોમાં હોશિયારી હશે તો જ ક્રમિક આગળ વધી શકાશે, મોક્ષ થશે.

"વાચના-૨૭" **પ્ર. આસો સુદ-૫**

જિનેશ્વર ભગવાન સુધીનાં બધા મુનિઓ ચારિત્રથી મોક્ષ પામ્યા છે ને પામશે. પણ હે મુનિ ! તને એમ લાગતું હશે કે ચારિત્ર ઘણું ઉંચું ? અમારાથી એનું અનુકરણ થાય નહીં. તો પછી શું કરવાનું ?

મહાપુરુષોમાં જે ગુણોનો ભંડાર હતો એની શુદ્ધ દિલે અનુમોદના તો રાખ અને ભક્તિભાવ તો રાખ, એમાં તો દિલ લગાવ. મહાપુરુષોનાં ગુણ સમુદાયની અનુમોદના કર. નંદન રાજર્ષિનાં ભવમાં ભગવાને ઉગ્ર વિહાર સાથે માસક્ષમણને પારણે માસક્ષમણ કર્યા.

મહાપુરુષોનાં જીવનની બે ચીજ તો કરી શકાય.

(૧) **"શુદ્ધ અનુમોદના** અને (૨) **ઉછળતો ભક્તિભાવ."** શુદ્ધ અનુમોદનામાં એની સામેની નિઃસત્ત્વતા અને પ્રમાદ પર ઘૃણા થાય તો સાચી અનુમોદના થાય. માસક્ષમણની સાચી અનુમોદના ત્યારે થાય જ્યારે એની પાછળ ખાનપાન ખોટા લાગે. ખાવું સારું અને તપ મજાનો. આ બે કેમ બને ? **દોષો પર ઘૃણા થાય તો જ ગુણોની સાચી અનુમોદના થઈ શકે.** તેમ સુકૃતની સાચી અનુમોદના દુષ્કૃતો પર ભારે ઘૃણા હોય તો થાય. એ જ પ્રમાણે સમ્યક્ત્વની સાચી અનુમોદના મિથ્યાત્વ પર ભારોભાર ઘૃણા હોય તો થાય. મહાપુરુષો પ્રત્યે ભક્તિસભર દિલ હોય તો એમનાં ચરણે સમર્પિત થઈ જાય. સ્થૂલિભદ્ર સ્વામી પર ભક્તિ-ભાવ એટલે સ્થૂલિભદ્રજી ધ્યાનમાં બેઠેલા કયાંય પણ આંખ ઊંચી ન કરનાર, શાસ્ત્ર પઠન-પાઠન

કર્યા કરે અને વેશ્યાની દૃષ્ટિએ થાંભલા જેવાં. આવા સ્થૂલિભદ્રજીની ઉપર ભક્તિભાવ એટલે દિલ ઓવારી જાય. ભક્તિભાવમાં અનુભવજ્ઞાન જોઈએ. એટલે સામા જીવોમાં જે ગુણ હોય તે ગુણોનો આપણામાં સાક્ષાત્કાર થવો જોઈએ.

"વાચના-૨૮"

પ્ર. આસો સુદ-૭

હે મુનિ ! મહર્ષિઓએ જે કઠોર સાધના કરી એ તને દુષ્કર લાગતી હોય તો કમમાં કમ એમનાં ગુણોની અનુમોદના અને ભક્તિભાવ તો ધારણ કર. પૂર્વનાં મહર્ષિઓ પર્વતની ગુફામાં જઈને ધ્યાનમાં ઊભા રહેતા, જંગલમાં ઝાડ નીચે, શૂન્ય ઘરમાં જઈને ઊભા રહેતા, જંગલી હાથી-સિંહનાં સ્થાનોમાં નિર્ભય થઈને ધ્યાનમાં ઊભા રહેતા, મેરુ જેવાં ધીર રહેતા ને ધ્યાનની સતત ધારા ચાલુ રહેતી. એમનાં ગુણો ને સુકૃતોની સાધનાની અનુમોદના પર ભાર મૂક્યો છે આનું કારણ એની તું અનુમોદના કરે અને અનુકરણ કરે તો સારી વાત જેથી જીવને ખ્યાલ રહે કે મારે આ કરવાનું છે. જીવનનું સાધ્ય સામે આવે, કે **આવા ભયંકર સ્થાનોમાં મહામુનિઓ એકલા રહ્યા, કષ્ટ આવ્યા તો સહ્યા,** મારે પણ એજ કર્તવ્ય છે. જીવલેણ કષ્ટને મારે વધાવવાનાં છે. **એમને કોઈ ફોર્સ નહોતું કરતું કે ત્યાં જંગલમાં જઈને રહો.** પણ સામે જઈને કષ્ટો ઉઠાવ્યા. એ બધા શું સમજતા નહોતા કે આ ધર્મ ઉઠાવ્યો ને બીજો ન ઉઠાવ્યો, તપ જપ કરતાં રહીને પૃથ્વી તલ પર વિચર્યા હોત તો શું વાંધો હતો ? વિચર્યા હોત તો લોકપ્રિય પણ થાત. એવાં બાહુબલી યુદ્ધભૂમિમાં ધ્યાને રહ્યા. એમનાં ઉપર લોકોને કેવી આસ્થા હતી ? ભરતનો દૂત આવ્યો હતો એ પણ ઠરી ગયો કે ભરત કોના ઉપર આ સંદેશો મોકલી રહ્યા છે ? લોકોમાં એવી લોકપ્રિયતા હતી તો આવા બાહુબલી દુનિયા પર કેમ ન વિચર્યા ને યુદ્ધભૂમિ ઉપર ધ્યાને રહ્યા ? આ વિચારવા જેવું છે. વિહાર કરતાં ફરત, તપ કરતે અને લોકોને ઉપદેશ આપતે-નિર્જરા જ થવાની હતી છતાં એક જ જગ્યાએ સંકલ્પ સાથે ઊભા રહ્યા. આ કેમ કર્યું ? એટલા માટે કે, એ જૈનશાસનની શૈલી સમજ્યા હતા કે **પહેલાં જાત પર કઠોર થવા દે, એ સિવાય ઉદ્ધાર નથી.** જાત પર કઠોર બને તો જ જલ્દી મોક્ષ થાય. પોતાનાં આત્માનો વિચાર ન કરે ને બીજાનું ભલું કરવાની ઇચ્છાએ પોતાની જાતની સુખશીલતા પોષે છે. **"કાયા અને મનની આસક્તિ છોડ્યા વગર ભલું ન થાય."** જૈનશાસનનો આ મર્મ સમજ્યા હતા.

માટે લખ્યું કે, "ધર્મ મદથી એશ આરામીથી જો થતો હોત તો બાહુબલીજીએ આવા કષ્ટ ન ઉપાડ્યા હોત." ધર્મ તો જોરદાર કષ્ટ દ્વારા જ થાય છે. આ જો ખ્યાલમાં આવે કે મારે જાત પર જુલ્મ કરીને ધર્મ કરવો છે તો જ બરાબર રીતે

થાય, બાકી ન થાય. પણ આપણે એમ જ માની લીધું છે કે બહુ ખેંચવા જઈએ તો તૂટી જાય. આપણું ગણિત ઊંધું છે.

એકલા બાહુબલીજી નહીં પણ સેંકડો મોટા રાજાઓ-રાજકુમારોનાં દાખલા છે કે, તેઓ પહેલાં પોતાની સાધનામાં લાગી ગયા હતા. મોટા થાવચ્ચાકુમાર અબજોપતિ હતા છતાં પણ પોતાની સાધનામાં મશગૂલ રહ્યા. આવાની વચનશક્તિ પણ જોરદાર હોય. ધન્નાજી-શાલિભદ્રજી વગેરેએ કઠોર સાધના કરી. શાસ્ત્રકાર કહે છે કે, આવી આરાધના કદાચને તારાથી ન થાય તો આરાધના ઉપર અને આરાધના કરનાર ઉપર ભક્તિભાવ જાગે અને આરાધના ન કરવામાં અજંપો રહ્યા કરે કે અહીં નહીં સાધુ તો ક્યાં સાધીશ ?

કાયા-ઇન્દ્રિય-મન-સુખશીલતા ઉપર પાકું દબાણ મૂક્યા વિના મહાપુરુષોની આરાધનાનાં પગલે પગલે નહીં જાઉં તો એમની આરાધના ક્યાં અને તારી આરાધના ક્યાં ? એમની સામે નિર્બળતાની ભારે અફસોસી રહે.

"જાત ઉપર જુલમ ગુજાર્યા વિના આત્માનો ઉદ્ધાર નથી." શક્તિનું માપ મન ઉપરથી ન કાઢો. મન એ તો ચોર છે. માટે આ બધા દૃષ્ટાંતો આંખ સામે રાખો. **"મહાકષ્ટ ભોગવ્યા વિના સિદ્ધિ નથી."** આ સૂત્ર ઘણાં ઘણામાં કામ લાગે એવું છે.

"વાચના-૨૯"

પ્ર. આસો સુદ-૮

(આપણી દિનચર્યામાં મહાપુરુષોની ઉત્કટ સાધનાની અનુમોદનાનો એક અંશ જોઈએ.) રોજનો દૈનિક અંશ હોય તો કંઈક જાગૃતિ રહે કે આપણે આ સાધનામાં આગળ ચડવાનું છે. ભગવાન મહાવીરે કેવી કેવી સાધના કરી આ જો રોજ યાદ ન કરવાનું હોય તો ખ્યાલ ન આવે. આ બધું જાગૃતિ માટે કરવાનું છે.

આજે આત્મા ઉપરથી ઘણી જાતનાં ભાર ઉતરી ગયા છે, એમ લાગે છે કેમ કે સાધુ થયા પછી જે ભાર રહેવો જોઈએ તે રહેલો નથી.

મહાનિશીથમાં **પાંચ તિથિનાં ઉપવાસ** કહ્યા છે નહીતર બે હજાર સ્વાધ્યાય કરવો જોઈએ. **ગુરુ મહારાજની પડિલેહણમાં હાજર ન રહ્યા** તો પોતાની **જાતે દંડ** કરવો જોઈએ. મંદિર-ઉપાશ્રયમાં **જતાં આવતા-નિસીહી,** આવસ્સહી ભૂલી ગયા તો પણ દંડ પોતે જાતે કરવો જોઈએ.

શાસ્ત્ર કહે છે કે પૂર્વનાં મહામુનિઓ કેવી આરાધના કરતાં હતા. વિકરાળ જંગલમાં એકલા ઊભા રહેતા. આવા અભિગ્રહધારી એકાકી ઊભા રહેતા. અવધિજ્ઞાની અભિગ્રહ ધારી નદીના કાંઠે ઊભા રહેતા. કોઈ વિદ્યાધરમુનિ તો

રાજાપણામાંથી આવેલાં છતાં પણ આવા અભિગ્રહ ધારીને રહેતા. ભદ્રબાહુસ્વામીનાં ૪ શિષ્યો અભિગ્રહ ધારણ કરીને ઊભા રહ્યા. પરિષહ-ઉપસર્ગ સહન કર્યા. આવા મહામુનિઓને યાદ કરવા જોઈએ કે કેવા કેવા સ્થાનોમાં ઊભા રહીને અભિગ્રહો ધારણ કરતાં હતા.

એક રાતની દૃઢતા જન્મોજન્મનાં કર્મોને ખતમ કરી નાંખે. ભગવાન મહાવીર મરિચિનાં ભવમાં એક ઉત્સૂત્ર ભાષણ કરવાથી જન્મોજન્મ ત્રિદંડીપણું મળ્યું. જૈનધર્મ ન મળ્યો. ત્રિપૃષ્ઠ વાસુદેવનાં ભવમાં ઢગલાબંધ કર્મબંધ થયા. નંદન રાજર્ષિનાં ભવમાં લાખ વર્ષ સુધી માસક્ષમણ કર્યા. કર્મોનો નિકાલ કર્યો. બાકી રહેલાં કર્મો ભગવાન મહાવીરનાં ભવમાં અનાર્ય દેશમાં જઈને પણ પૂરા કર્યા.

"જૂના કર્મોનો નિકાલ સુવાળાપણાથી થતો નથી." તિથિએ પણ તપ ન કરતાં હો તો એની બદલે નિયમો કાંઈ કરવા જોઈએ. ભાર નહીં હોય તો રત્નત્રયીની આરાધના ક્યાં રહેશે ? અને આત્મામાં સંયમનાં અધ્યવસાય ક્યાં રહેશે ?

"સંયમનાં અધ્યવસાય એટલે કષાયનો ક્ષયોપશમ." ક્ષયોપશમ થશે તો વિશુદ્ધિ આવશે.

પૂર્વનાં મહાપુરુષો વિહાર કરતાં જાય અને જ્યાં સૂર્ય આથમે ત્યાં જ ઊભા રહી જતાં પછી એક ડગલું પણ આગળ ન જતા. આવી ગજબ કોટિની આરાધના કરતાં. ત્યાં જ રાતભર ધ્યાનમાં રહેતા. નિર્ભિકપણે ઊભા રહેતા. કોઈપણ જાતનાં ભયાનક ઉપદ્રવો આવે તો પણ જરાં પણ ચલાયમાન થતા નહીં. શરીર મારું નથી. **શરીર જેટલું કચડાય એમાં મને લાભ છે.** ન કોઈ ભય કે ન કોઈ સંગ હતો. કોઈ આસક્તિ નહોતી. કૌરવો હસ્તિનાપુરથી બહાર નીકળ્યા. મુનિને જોયા. મુનિ ધ્યાનમાં હતા અને આ **કૌરવો તોફાને ચડ્યા.** એવાં તોફાને ચડ્યા કે **મુનિને પથ્થરનાં ઢગ નીચે દબાવી દીધા છતાં પણ મુનિ ત્યાંથી ખસ્યા નહીં** કેવાં ધ્યાનમાં રહીને આ બધું સહન કર્યું હશે આ યાદ રાખવાનું છે.

"વાચના-૩૦" પ્ર. આસો સુદ-૧૧

કાયા વોસિરાવી કોઈ ભય કે સંગ નથી. નજર સામે ગમે તેટલાં રૌદ્ર ને ક્ષુદ્ર માણસનાં ઉપદ્રવ આવે તો પણ ક્ષોભ ન પામે. આવી ચોવીસ કલાકની ભાવના શરીરથી નિઃસંગપણાની ભાવવી કે **"આ શરીર મમતા કરવા લાયક નથી, પણ સાધના માટે ઉપયોગી સાધન સમજવાનું છે."** જ્યારે આપણે સાધનાને શરીરનું સાધન માની લીધું. આ ઊંધો હિસાબ કરી બેઠા. આનાં ઝરણાં હૈયામાં લાવવાનાં

છે. રાતભર નહીં તો રાતના અડધો કલાક તો એવો કાઢો કે જેનાંથી કાંઈ કષ્ટનો અનુભવ થાય. અનુમોદના એકલી કરવાની નથી પણ અંશે કાંઈ કષ્ટ સહ્યું તો એ સાચી થાય. પૂર્વનાં જ્ઞાની મુનિઓ આ કષ્ટને સહતા હતા. પૂર્વનાં જન્મમાં કેવાં કૃત્ય કર્યા છે આ ખબર નથી. માટે આ કષ્ટ ઉઠાવે તો કર્મનો ખોડો નીકળે. "કર્મ મારે છે નહીં." આવો દાવો રાખે તે ગાંડો કહેવાય. માથે ભાર હોય તો ખબર પડે કે કર્મ ભારે છે કે નહીં. ભગવાને યાદ રાખ્યું કે, મારે ભારે કર્મ છે એનો નિકાલ કરવા માટે ભારે કષ્ટ સહન કર્યા વગર ચાલે જ નહીં. જ્યારે આલંબન મળ્યા છે તો તે વખતે નહીં જાગીએ તો પછી આલંબન નહીં મળે ત્યારે શું કરશો ? કાઉસ્સગ્ગ, ધ્યાન, જ્ઞાન વગેરેમાં પણ કષ્ટ કયાં છે ?

આ મહાત્માઓ ગોચરીની ગવેષણા કરે તો શું શોધતા ફરે ? જે વધ્યું-ઘટ્યું હોય તે. અભિગ્રહ ધારી હોય તે માંગે પણ નહીં. અંત-પ્રાંત જે હોય. લુક્ખું-ઠંડું હોય. આવું તે મહાત્માઓ શોધતા ફરે છે. આ મહાત્માઓની આરાધના કેવી ? કોઈ આક્રોશ કરે મારે તો પણ મનમાં સહેજ પણ દીનતા ન લાવે. આવા મુનિઓએ મન અને કાયા કેવી બનાવી હશે ? અને આ મહાત્માઓ કાંઈ સામાન્ય કોટિનાં નહોતા. શેઠ-શાહુકાર-રાજા-મહારાજા હતા. એવાં અભિગ્રહ ધારણ કરીને કષ્ટ સહન કરતાં હતા. ગમે તેટલી સાધના કરો પણ જો અંતરનાં પરિણામ નહીં સુધરે અને સુંવાળાશ કર્યા કરશો તો અંત સમય બગડ્યા વગર રહેશે નહીં.

જીવનમાં મંગળનો ખપ હોય તો સ્વાધ્યાય એ પરમ મંગળ છે.

"વાચના-૩૧" **પ્ર. આસો સુદ-૧૨/૧**

ઉત્કૃષ્ટ આરાધના કરનાર મહાપુરુષોનો હું નિત્ય દાસ બનું એ પણ મારું અહોભાગ્ય છે. એમણે જે આરાધના કરી તે ધૃતિબલ ઉપર કરી. આ સાધન ગણીએ તો સહેલું છે નહીતર ભારે **ધૃતિબલ = જે સદ્‌ગુણ પકડ્યો એમાંથી ચલિત ન થવું.** એટલું જ નહીં પણ એ સાધના માટે સહેજ પણ ઓછું ન આવે આનું નામ ધૃતિબલ.

ભગવાન મહાવીર સંસાર છોડીને નીકળ્યા. પહેલાં જ તબક્કે શૂલપાણીનાં ઉપદ્રવ ત્રણ પ્રહર સુધી ચાલ્યા. એમાં ચલિત તો ન થયા પણ મનને ઓછું પણ ન આવ્યું. હતાશા, કાયરતા, નાશીપાસનો કોઈ વિચાર નહીં, એટલું જ નહીં આ ઉપદ્રવ કે ઉપદ્રવ કરનાર ખરાબ છે એવો પણ વિચાર નહીં, એ એમનું માનસિક ધૃતિબલ. જ્યારે કરેમિ સામાઈયંનું પચ્ચક્ખાણ ઉચ્ચર્યુ ત્યારથી નક્કી કરેલું કે ગમે તેવાં યોગ આવે ખસવાનું નહીં.

એજ પ્રમાણે આપણે પણ કરેમિભંતે ઉચ્ચર્યું છે, ત્યારથી સાવદ્યયોગોનાં પચ્ચક્ખાણ કર્યા છે. એટલે કોઈ વિચારમાં પાપ લાવવું નથી, એવો વિચાર પણ લાવવો નથી. સદ્‌ગુણ ઊભો કર્યો તે ટકાવી રાખવાનો છે. આ મહાપુરુષોનાં ગુણો છે. આવા ગુણોવાળા મહાપુરુષોનો હું દાસ થાઉં. આથી શું વિશેષ છે ? આ માત્ર બોલવાનું નથી, શબ્દમાં રાખવાનું નથી, પણ આચરણમાં લાવવાનું છે.

આપણે બોલીએ પ્રભુ ! હું તારા દાસનો દાસ છું. ભગવાનના દાસ ગણધર ભગવંતો હતા. એમનો દાસ છું. તો આ દાસનો અર્થ વિચાર્યો ? દાસ શું કરે ? આનો વિચાર કર્યો ? **"દાસપણું એટલે હું એનો અનુયાયી-અનુવર્તક થઉં."** એમનાં પગલે હું પા પા પગલી માંડું, જે કરું તે એમણે બતાવેલ કરું, એમણે કહેલું કરું. આ દાસપણાનાં ભાવની અંદર આત્માની દશા છે. મહાપુરુષોએ એમનાં એવાં પ્રસંગોમાં પણ ધૈર્ય રાખ્યું. સત્ય માંર્ગની અંદર ક્યાંય પાછી પાની ન કરી અને ધૃતિબલથી ક્ષમા પણ એવી રાખી. બીજો કોઈ વિચાર નહીં.

આવા ધૃતિબલ વિના સાધના એળે જાય. વિશિષ્ટ ધૃતિબલ તો કદાચ ને ન આવે પણ રોજીંદી સાધનામાં તો આવું ધૃતિબલ આવે ને ? આ કેળવવાનું છે. નાની નાની વાતોમાં કેળવશું તો મોટી વાતોમાં ધૃતિબળ કેળવી શકશું. નહીતર નહીં કેળવી શકીએ.

"વાચના-૩૨"

પ્ર. આસો સુદ-૧૨/૨

સ્વાધ્યાય દેહને અને કર્મને સુકાવે છે. આ શી રીતે બને ? ધૃતિબલનાં બળથી. એ મુનિઓ પાસે આ ધૈર્ય છે કે આ રીતે મારે સાધના કરી **કાયા ભલે સુકાઈ જાય પણ કર્મને ખેરવી નાંખવા છે.** આ ધૃતિ-સ્થિરતા બળથી અધિરાઈ નથી. થાક કે કંટાળો નથી. આ ક્યાં સુધી સહન કરવાનું ? સર્વ કર્મનાં હ્રાસ થાય ત્યાં સુધી. કોઈપણ સાધના કે આરાધનામાં બહુ કઠણાઈ નથી પણ થોડે આગળ જવાથી આપણી ધીરજ ખુટી જાય છે. અને ઉકળાટ નથી કરવો આ પણ ટકે ક્યાં સુધી ? થોડીવાર સુધી. **સાધના શરૂ કરી ત્યાંથી અંત સુધી સ્થિરતા જોઈએ.** દા.ત. પ્રતિક્રમણની શરૂઆત કરી, બોલીને કરીએ. અને અડધું થતાં ધીરતા ખૂટી જાય. પણ આ બોલીને કરવાથી લાભ કેવો થાય છે ? એમાં ઉપયોગ રહે છે. **"સિરસા વંદે મહાવીરં"** આવે તરત જ ઉપયોગ જાય ને પરમાત્મા વીરને વંદન થાય. આવા કંઈક લાભો ઉપયોગ હોય તો મળે.

"વાચના-૩૩"

પ્ર. આસો સુદ-૧૩

"ધૃતિબલ એ સત્ત્વ છે." આરાધનાને બદલે વિરાધના તરફ જઈએ કે આરાધનામાં ઓછાશ આવે, આ બધામાં સત્ત્વનો હ્રાસ થાય છે. "આત્માનું મહત્ત્વ સત્ત્વનાં વિકાસ ઉપર છે." અનંતીવાર સાધનાઓ કરી પણ સત્ત્વ નથી વિકસાવ્યું. સત્ત્વ કયાં જોઈએ ? ઇન્દ્રિયો કે મન વિષયો તરફ દોડનાર છે એનો નિગ્રહ કરવા માટે સત્ત્વ જોઈએ. વિષયોનો વિચાર હશે તો મન એકદમ દોડશે. પછી રાગનાં કે દ્વેષનાં વિચાર તરફ પણ દોડશે. એમાં થાક નથી લાગતો. કોઈ વસ્તુ સારી આવી, આપણે એમાં પાછા પડ્યા, એ હોય તો કેવો લાભ થાય, અનુકૂળતા થાય આમ વિચારો કરે, પણ આ બધા ફઝુલ વિચારો બંધ કરવામાં સત્ત્વ જોઈએ. એ કઈ રીતે બને ? એની સામે સારા વિચારો ઊભા કરવામાં આવે તો થાય. આપણા જે આવશ્યક સૂત્રોને ક્રિયામાં ભાવ દોડતા કરવા જોઈએ. પણ ત્યાં મન શુષ્ક થાય છે. દિવસો અને મહિનાઓ પસાર થાય પણ ધ્યાન નથી આવતું કે **'પહેલા અને અત્યારે નમુત્થુણં બોલે છે એમાં વિશેષ ભાવ આવ્યા છે ?'**

શાસ્ત્ર કહે છે કે એક નિર્વાણ પદ ઉપર વિચારનાં ભાવ વધી ગયા તો આત્માએ ક્ષપકશ્રેણી માંડી છે તો પછી ભિન્ન ભિન્ન સૂત્રો ઉપર ભાવો કેમ ન વધે ? માટે વાત એ છે કે વિષયોનાં જડની ઉપર વિચારણા-ભાવ જોરદાર કરતાં આવડે છે એટલે એનાં પર ધૃતિબલ જોરદાર છે, મન થાકતું નથી. એટલે અહીંયાં એવું ધૃતિબલ આવતું નથી. સત્ત્વ આવતું નથી. આ વધારવાનું છે.

("આપણી ક્રિયાઓ એ સાધુતાની પરીક્ષા છે." જે ક્રિયાઓ હોય એના ઉપર ભાવનું સંશોધન કરો તો કામ લાગે.) ભાવનું સંશોધન નહીં કરો તો એ ક્રિયા વગેરે બધું મજૂરી રૂપ થશે. માટે ધૃતિબલ રાખીને એક સૂત્ર પણ એમને એમ ભાવ વગર જતું ન રહે એનો ખ્યાલ રાખો અને ધૃતિબલને વધારવાનો પ્રયત્ન કરો.

"વાચના-૩૪"

પ્ર. આસો સુદ-૧૫

મહાત્માઓ બે હિસાબ રાખતા. **કાયાને શોષો અને કર્મને શોષો.** તો વચન અને મનનું શું ? કાયાને શોષવાનું કરે એટલે વચન અને મનને શોષવાનું સહેલું થઈ જાય છે. આપણા મન-વચન બગડે છે કાયાને સુખશીલ રાખવાથી, કાયાની સુંવાળાશપણાથી મન બગડે છે.

વચનને શોષવાનું એજ કે વચનને ઘણું ખોટું બોલવું હોય પણ ન બોલવા દે. તે નિયંત્રણ છે. શોષવાનું છે. ખાન-પાનમાં કાપકૂપ કરીએ. બેઠા ખાઉં વૃત્તિમાં

કાપ મૂકીએ તો શોષવાનું થાય. કાયાને સુંવાળી બનાવવાથી શોષાતી નથી. વાણીને અજુગતા બોલ બોલવાથી ન શોષાય. પણ એને ન બોલવા દેવી, તો વચન શોષાયું કહેવાય.

મહાત્માઓ કાયાનું શોષણ કરતાં હતા. અંતરંગ મન-વચનનું પણ શોષણ કરતાં સાથે કર્મનું પણ શોષણ થતું. કઈ રીતે કરતાં ? ધૈર્યની સહાયથી બળની સહાયથી. ધૈર્ય એ સત્ત્વ અને બળ એ માનસિક બળથી. કાયા ને કર્મનાં શોષણ કરતા. આના માટે જીવન હતું. આ મહત્ત્વનો પણ ટુંકો મુદ્દો છે કે વહેલી સવારથી નક્કી કરે કે આજે મન વચન ને કાયાનું શોષણ કરવું છે. એનાં પર અંકુશ મૂકવો છે. આ અખતરાથી સાંજ પડે ખબર પડે કે ક્યાં અટક્યાં ! આવું લક્ષ્ય કાંઈ નક્કી કર્યું હોય તો સુધારો થાય. નહીતર મશીન જેવી જીંદગી થઈ જાય.

શરીરનું સ્નાન કરીએ પણ મનનું સ્નાન ક્યારે ?

"મનને સક્રિય કરવાથી અધ્યવસાયની વિશુદ્ધિ થાય છે." જે કાંઈ બોલીએ-ચાલીએ-આપણાં અધ્યવસાય વિશુદ્ધ થતાં આવવાં જોઈએ. જેનાથી જડ પદાર્થની પરિણતિ ઓછી થાય. જડ પદાર્થની પરિણતિ એટલે પુદ્ગલનાં આધારે થતાં અનુકૂળ ભાવ. દા.ત. ચા ઠંડીનાં બદલે આધારે થતાં અનુકૂળ ભાવ. દા.ત. ચા ઠંડીના બદલે ગરમ આવી અનુકૂળ ભાવ થાય. આમાં આનંદ આવે તો પરિણતિ બગડે છે સુધરતી નથી. **અનુકૂળનો ત્યાગ કરવા પ્રયત્ન કરવાનો છે.** રાત-દિવસ પુદ્ગલનો પરિચય કરીને અનુકૂળતામાં મહાલીએ છીએ, પણ આ પુદ્ગલનો પરિચય ઓછો કરવાથી કષાયનો નિગ્રહ થાય. ઉપશમ ભાવ આવે. મહાત્માઓ આ લક્ષ રાખતા હતા. કાયાને શોષવાની ધૈર્ય બલ દ્વારા. બધી સાધનાનું કેન્દ્ર સ્થાન છે ધૈર્યબલ. તો આનો વિચાર કરવાથી આત્માની પરિણતી કાંઈક સુધરશે.

"વાચના-૩૫" **પ્ર. આસો વદ-૨**

તે પુરુષોને ધન્ય છે કે જેઓ મોક્ષ પામી ગયા. કેમ ધન્ય છે ? તેઓ કોઈ જીવને દુઃખમાં કારણભૂત થતાં નથી એમ પાપમાં પણ નિમિત્ત થતા નથી. આ ભાવનાની પાછળ પોતાની આવી લાલસા છે કે અમને પણ આવી સ્થિતિ ક્યારે મળે કે કોઈનાં દુઃખમાં કે પાપમાં નિમિત્ત ન બનીએ. એટલે જીવો પ્રત્યેની કરુણા-મૈત્રી ભાવના છે. મૈત્રીભાવ વગેરે ગુણો છે. એની કક્ષા ક્યાં સુધી હોય છે એનો વિચાર કરતા નથી. મૈત્રી એટલે માત્ર સ્નેહ રાખવો એટલું જ નહીં, હું બીજાનાં દુઃખમાં કે પાપમાં નિમિત્ત ન થાઉં અને હું દુઃખ પણ કોઈને ન પહોચાડું અને

પોતાની દુર્બુદ્ધિથી પાપ કરતો હોય એમાં મારું શરીર નિમિત્ત હોય તો પણ એ ખટકે છે.

ભગવાન મહાવીરદેવે આજ વિચાર્યું કે, બિચારો સંગમ અમારું નિમિત્ત પામીને ઘોર સંસાર વધારે છે. ભગવાન નથી આવ્યા એને નિમિત્ત આપવા કે નથી એને છંછેડ્યો, પણ ભગવાનનું વાત્સલ્ય એવું છે કે એમને થાય છે કે મારું શરીર બિચારાનાં પાપમાં નિમિત્ત બન્યું, પણ આ અયોગ્ય કરી રહ્યો છે એનો વિચાર નથી કરતા. ભગવાનનું આયુષ્ય તો દીર્ઘ હતું પણ જેનાં મૃત્યુ પણ થઈ ગયા તેઓ પણ આજ વિચાર કરતાં હતા કે અરર ! બિચારો અમારા શરીરનું નિમિત્ત પામીને પાપ કરી રહ્યો છે.

અર્ણિકાપુત્ર આચાર્ય ભાલામાં વિંધાઈ ગયા છતાં પણ વેદના ભૂલી ગયા. બિચારો પાપ કરી રહ્યો છે એ ભાવ આવ્યો. **સાધક કોને કહેવાય ? બીજાનું હલકું જોવામાં ઉન્નતિ નથી જોતાં,** પણ હું એનાં પાપમાં નિમિત્ત બન્યો. આજ ધ્યાન ભાવનામાં કેવલજ્ઞાન પામી ગયા. શરીર જ નિમિત્ત છે. આવા મહાપુરુષો પોતાનાં આત્મ પરાક્રમ મૂકી ગયા. કઈ ભાવના હતી ? એનો આપણા જીવનમાં અંશ ખરો ?

સીતાજીનું આત્મ પરાક્રમ દિવ્ય હતું. હવે ઘરે નથી આવવું. કર્મની તમાચ ઘણી ખાધી, હવે કર્મ મને શું તમાચ મારે ? હું કર્મને તમાચ ન મારું ? જિનશાસન મને મળ્યું છે તો સાર્થક કરું. મહાપુરુષોના જીવનમાંથી કાંઈ આવું મંથન કરવાની જરૂર છે. જીવનમાં અંશ આવે તો કામ થઈ જાય.

મહાન આત્માઓ પરાક્રમ કરી ગયા એ કાંઈ તત્કાળ નથી કર્યું. વર્ષોનું મંથન કરેલું. સીતાજી જંગલમાં લવણ-અંકુશનો જન્મ થયો. મોટા થયા પણ કયારે પણ પતિએ આમ કર્યું એવું કહ્યું નથી. વર્ષોનું મંથન કર્યું છે. "સારામાં સારા આરાધક થવું હોય તો પરનો વિચાર એક ટકો કરો પણ આત્માનો વિચાર નવાણું ટકા કરો તો વિચારસરણી ફરશે અને આત્માનું સાધી શકાશે."

"વાચના-૩૬" **પ્ર. આસો વદ-૩**

તે મહાપુરુષોને ધન્ય છે. અમે પણ એટલા માટે જ ધન્ય છીએ કે અમને આવા મહાપુરુષો મળ્યા. તેમનું ચરિત્ર અમને જાણવા-સાંભળવા મળ્યું. એમ કહીને કહે છે કે, એક તો મહાપુરુષોની પરાક્રમી આરાધના અને હૃદયની અનુમોદના અને અમારા જીવનમાં જે પ્રમાદ છે એની ભારે ગ્લાની. મહાત્માઓ મોટા ભાગે ધ્યાનમાં

રહ્યા. આપણે ધ્યાનમાં ઊભા રહેવાની વાત નથી અને એક આસને બેસવાની પણ વાત નથી.

ભગવાન મહાવીર ૧૨॥ વર્ષ સુધી પલાંઠીવાળીને પણ બેઠા નથી. આ અનુમોદના સાચી કયારે ? આપણે પલાંઠીવાળીને પણ બેસી શકતા નથી, ઝટ ટેકો દઈને બેસવાનું મન થાય છે આની ગ્લાની પણ કયાં છે ?

ભગવાને ૧૨ પ્રકારનો તપ પણ કેવો કર્યો ? જે કાંઈ ઉપવાસ કર્યા, છ મહિનાના કર્યા તો પણ ચોવિહારા ઉપવાસ. અનશન-ઉણોદરી પણ કેવી ? પારણે એક જ ઘરે જવાનું. જે વહોરાવે તે વહોરવાનું. બીજે જવાનું નહીં. દ્રવ્ય સંક્ષેપ-હાથમાં જે કાંઈ નાંખે તેજ લેવાનું. રસત્યાગ કેવો ? દ્રવ્ય પરિમિત એટલે વિગય પણ પરિમિત હોય.

કાય કષ્ટ કેવાં ? જેની આપણાથી સાચી અનુમોદના પણ થાય એવું નથી, ચામડા ઉખડી જાય એવાં ઉપસર્ગો-અનાડી લોકો હેરાન કરે, એકલાં અટુલા-ઉઘાડા ફરવાનું, ઉપસર્ગનો કાંઈ હિસાબ નથી. સાડા બાર વર્ષ સુધી સહ્યા. ૯ ચોમાસી કરી. આહાર તો બંધ તેમ શરીરને હાલવા ચાલવાનું પણ બંધ. શેષ કાળ હોય તો વિહારક્રમથી વિહાર કરીને કરે.

સંલિનતા કેવી ? કાયોત્સર્ગ ધ્યાનમાં એટલે કાયા સ્થિર. મૌનપણું એટલે બોલવાનું નથી. મનની સંલિનતા એટલે આડો આંક. તત્ત્વનાં વિચાર સિવાય વાત નથી. આ બાહ્ય તપ. મહાપુરુષોની આરાધના ભગવાન મહાવીર સ્વયં આચરીને આપણી આગળ મૂકી ગયા. આવા મહાપુરુષો તો ધન્ય છે અને અમે ધન્ય એટલા માટે કે, આવા મહાપુરુષોનાં ચરિત્ર અમને મળ્યા છે. અનુમોદનાનો લાભ મળ્યો છે. અંતરથી પૂછો અનુમોદના શાની ? ભગવાનનાં કાયોત્સર્ગ ધ્યાનની કે સારી ઉંઘની ?

ભગવાનનાં તપની-બાહ્ય તપની અનુમોદના કરતાં ક્યાં હૈયામાં શેરડો પડ્યો છે ! "આરાધના કરતાં પર્ણ જોમ કેમ નથી આવતું ? અનુમોદના હૃદયસ્પર્શી નથી માટે." નહિતર હૈયું ગદ્‌ગદ થઈ જાય.

ભગવાન મહાવીર તપનાં વીર્યથી શોભતાં હતા. આંતર શત્રુઓનો જય કર્યો હતો. કર્મનાં છેદનારા હતા અને કેવલશ્રી તેમને વરેલી હતી માટે એ વીર કહેવાયા હતા.

અમે કાંઈ એવાં ધન્ય નથી કે એવું પરાક્રમી ચારિત્ર પામી શકીએ પણ એટલાં ધન્ય છીએ કે આવું જે ચારિત્ર પામી ગયા એનાં ગુણગાન, અનુમોદના કરી શકીએ છીએ. આવો જે નિખાલસ વિચાર છે એમાં એ સમાયેલું છે કે, અહીંયાં આપણા જીવનમાં બીજી બહાદુરી માનતા હોઈએ કે હું આટલું ભણ્યો, મને માનપાન મળે છે. આટલાં શિષ્યો થયા આવું માનતા હોઈએ તે ભ્રમણા છે. ખરેખર આપણને મહાપુરુષોનાં આત્મપરાક્રમ ઉપર અહોભાવ હોય તો બડાઈ છે. બાકી બાહ્ય સંપત્તિ વગેરે તો પુન્યનાં ખેલ છે. આપણી દિવસ રાતની ચર્યામાં "આવા મહાપુરુષોનાં પરાક્રમ પ્રસંગોનું એકાદવાર સંભારણું કરવું જોઈએ. જે સંભારણું હૃદયનાં તાર હલાવનાર બને." જરૂર પડે આંખમાંથી આંસુ પણ નીકળી જાય.

દા.ત., **ખંધકમુનિએ** શરીર આંખુ તપથી કસી નાંખેલું છે. અને રાજાનાં કહેવાથી મારાઓ ચામડી ઉખેડવા માટે આવ્યા છે. તો તેમને કહે છે કે ભાઈ તમને જરા પણ અગવડ ન પડે તેમ ઊભો રહું. તમને કષ્ટ ન પડવું જોઈએ. હૈયામાં કેવું સત્ત્વ ને જોમ હશે ? હૃદયથી યાદ કરીએ તો થાય કે અમારા જેવાં દેહવાળા છતાં અત્યંત તપથી કાયાને કસી નાંખીને નિર્બળ કાયાવાળામાં આ ધીરતા ! ચામડા ઉખેડનાર ખરાબ છે આવી વાત જરા પણ મનમાં નથી આવતી.

બીજો પ્રસંગ– ચંડરૂદ્રાચાર્ય. નૂતન શિષ્યનાં માથા ઉપર દંડા ઠોકે છતાં શિષ્યનાં હૈયામાં બિલકુલ એમ નથી આવતું કે ગુરુની આવી કેવી નાલાયકી. કેવો શ્રદ્ધાભાવ હશે ? ક્ષપકશ્રેણી માંડી ગયા. **આવા બીજા પણ મહાપુરુષોનાં જીવન પ્રસંગોમાં માત્ર ૧૦ મિનિટ યાદ કરીએ તો હૈયાનાં તાર ઝણઝણી ઉઠે.** ભગવાન મહાવીર દેવ સાધના કરે છે, પણ કેવલશ્રી સ્વયં આવીને વરી. વીર કહેવાય પણ સવાલ થાય કે ભગવાને સાધના કરી, તપશ્ચર્યા કરી સંસાર છોડ્યો ને પછી કેવલશ્રી વરી તો સ્વયંવરી કેમ કહેવાય ? એટલા માટે કહેવાય કે ભગવાને સંસાર છોડ્યો, સાધના નક્કી કરી, સાધનામાં એકાકાર થયા હતા. કોઈ કેવલ લક્ષ્મીનો વિચાર પણ નહોતો કર્યો. "ચંદનમાં સુગંધ જેમ એનાં એક-એક ભાગમાં પ્રસરી ગઈ હોય છે. તેમ ભગવાનનાં જીવનમાં ગુણો એકાકાર થઈ ગયા હતા." એ સાધનામાં આગળ વધતાં વધતાં ભગવાન અનાસક્ત યોગમાં એવાં ચડ્યા કે પછી મોક્ષ સારો સંસાર ખરાબ, ક્ષમા સારી ક્રોધ ખરાબ આ બધું નીકળી ગયું. અનાસક્ત યોગમાં ચડ્યા કે કેવલજ્ઞાન અને મોક્ષની આસક્તિ ઉડી ગઈ. એની પરવા મૂકી દીધી ને કેવલશ્રી આવીને વરી તેથી સ્વયંવરી કહેવાય.

આ મહાપુરુષોની સાધના છે એવી સાધનાનાં સંભારણા ડાયરીમાં ટપકાવીને

યાદ કરવા જોઈએ. આ હોય તો હૃદયમાં કુણાશ રહે તો આગળ વધવાની ભાવના જાગે.

"વાચના-૩૮" **પ્ર. આસો વદ-૫**

બાલભાવ અને કુમારભાવમાં દીક્ષીત થઈ ગયા એમને ધન્ય છે. જેમણે સંસારનાં મોહને જીતી લીધો.

એને જીતવાની શી વડાઈ ? સંસારનાં મોહે જગતને બહુ દુઃખી દુઃખી કરી નાંખ્યું છે. છતાં અજ્ઞાન જગત તેનો છાલકો નથી છોડતું. એવાં જગતમાં એનો પલ્લો મૂકી ચારિત્ર લીધું એને ધન્યવાદ છે. એ ઉપરથી બે વાત સૂચિત થાય છે કે, મોહનાં ભાવો દુઃખ આપનારા જ છે, માણસને થાય રૂપાળી સ્ત્રીને જોઈ લઉં. આનંદ થાય. એ જોયા પછી ક્ષણિક આનંદ થાય પછી દુઃખ થાય.

શું દુઃખ થાય ? પછી મનમાં વિચાર કરશે. પછી ગમે તેટલાં સારા વિચાર ભૂલાવી દે. સાધ્વીની સાથે જે બહુ સંપર્કમાં આવે છે તેની પરિસ્થિતિ પણ આવી જ બને છે. પહેલાં તો મનથી મનાવી લે કે આપણે સાધુ-એ સાધ્વી આપણને કાંઈ એની સાથે સંબંધ નથી પણ જે આંતર-હૃદય છે તેમાં થાય કે જરાં વિવેકવાળા છે. રૂપે રંગે પણ સારા છે. એનો સ્વભાવ બહુ સારો. બિચારા કેટલી માંગણી કરે છે. કાંઈ કામ હોય તો આપો. પણ આંતરહૃદયની આ લાગણી એનાં પર પતન છે. એ પણ બાઈ માણસ છે. વિજાતિયનું આકર્ષણ થયું, એ સરખી ક્રિયા કરવા નહીં દે. પછી ધીમે ધીમે પતનનાં પગથિયા શરૂ થશે. બહુ ખાનદાન હશે તો વધારે પતન નહીં થાય, પછી કાગળ વ્યવહાર થશે. આ બધું જીંદગીનાં મોહ છે. ક્યાં મહાન સાધનાઓ આ સાધુ જીવનની અને ક્યાં બધાને રદબાતલ કરવાની. આ બધાને ભૂંસી નાંખવાની તાકાત આમાં છે. સાધ્વી એટલે બાઈ માણસ. એનો સ્વભાવ, એના વચન આ બધું લાવીશ તો તું ઉપડી ગયો. આ બધા મોહનાં ભાવો છે તે દુઃખી કર્યા વગર રહેશે નહીં. એમાં જે બાલભાવમાં નીકળી ગયા છે, મોહનાં ભાવમાંથી નીકળી ગયા છે માટે એમને ધન્યવાદ આપે છે. (**"આ દુનિયા દંભથી ભરેલી છે. ઉપરથી પોલીશ કરેલી અને અંદરથી કાળાશ ભરેલી."**) આ દુનિયામાં આ બધું છે એટલે ક્રિયા ઉપર દંભ લાવે છે. ગુરુ ઉપર, અગાધ શ્રદ્ધા ઉપર દખલ કરનાર આ બધા ભાવો છે, માટે ખતરનાક છે.

(મંદિરમાં અને ઈર્યાવહી પ્રતિક્રમણ આદિ ક્રિયા કરતાં ગદ્‌ગદતા કેટલી આવે છે ?) આ વિચાર કરો. આ ન થાય તો શરીર મળ્યું, જીભ પણ મળી, ક્રિયા પણ મળી છતાં એમાં હૈયું ન ભળ્યું. જ્યારે સાંસારિક ક્રિયાનાં ભાવોને આપણે ગદ્‌ગદ દિલે અપનાવીએ છીએ.

જે વાત આપણા મનમાં નથી હોતી તેને વિચારવાથી ખોટી રીતે સમય અને મન બંને બગડે છે. ઉદ્યમથી કોઈ વાત સિદ્ધ નથી થતી એવું નથી. માત્ર મનોરથ કરવાથી કાંઈ સિદ્ધ ન થાય. માત્ર મનોરથથી કાંઈ સરતું નથી. માત્ર માનસિક તરંગો રહ્યા કરે છે. અને એમને એમ પસ્તાવાથી પણ કાંઈ સરતું નથી. એકલો સંતાપ રાખવાથી શું ? એનાથી શક્ય સાધના પણ ચૂકી જવાય છે. કેમ કે મન એમાં દબાઈ જાય છે. મન હતાશ થઈ જાય પછી પહેલાં પગથિયાની સાધના માટે પણ મન હતાશ બને છે. આ આજનાં માનસશાસ્ત્રીઓ તો કહે છે પણ આપણું શાસ્ત્ર તો ઠેર ઠેર કહે છે કે તને જે વસ્તુની ગરજ છે તો માત્ર બેસી રહેવાથી નહીં મળે પણ એની પાછળ પ્રયત્ન કર્યા વગર નહીં ચાલે. થોડું પણ આરોગ્ય મળે તો માણસ લેવા જાય છે, શક્ય પ્રયત્ન કરે છે. એમ **એકલા મનોરથ કર્યા કરતા શક્ય પ્રયત્ન કરવા જોઈએ.** ઉદ્યમ વગર કોઈ કાર્ય સિદ્ધ થતા નથી. એક સાથે ૧૦૦ લોગસ્સ કે ૧૦૦ ખમાસમણ ન કરી શકે પણ આજે ૧૦ કાલે ૧૧ પછી ૧૨ એમ એક-બે એક બે વધે તો આગળ વધી શકીશ. એમ કોઈ વસ્તુનો ત્યાગ કરવા શક્ય પ્રયત્ન કરે તો આરાધનાનો ખપ છે એમ આત્મ વિશ્વાસ થાય. માત્ર સક્રિય પ્રયત્ન વગર આત્મવિશ્વાસ થતો નથી. **શક્ય પ્રયત્ન એ ધગશ સાથે છે કે ઊંચી આરાધનામાં જવાનું લક્ષ્ય છે.** એ એવાં સંસ્કાર ઊભા કરે છે જે ભવાંતરમાં ઊંચી સાધના માટે આગળ લઈ જશે.

આરાધના એ અંતરનાં પરિણામ છે. બહારની આરાધના અંતરના પરિણામ સુધારવા માટે છે. છેલ્લું જજમેન્ટ અંતરનાં પરિણામ ઉપર છે. ઉદારતાનાં પરિણામ ક્યારે ટકે ? કાંઈ દેતો હોય તો. એમ ત્યાગનાં પરિણામ કંઈ ત્યાગ કરતો હોય તો ટકે. એમને એમ ન ટકે. એટલે આરાધના છેલ્લા પરિણામ ઉપર આવીને ઊભી રહેવાની.

પરિણામ પાછળ કાંઈને કાંઈ ઉદ્યમ જોઈએ. કાંઈ ન કરતો હોય તો નામ સાથે ત્યાગ કરતો જા, તો જાગૃતિ રહેશે. સાપેક્ષભાવ આવશે, ત્યાગનો પરિણામ ભાવ રહેશે. તેથી બાહ્ય તપનું ખૂબ મહત્ત્વ છે. ભગવાનને વીતરાગ થવું હતું માટે અનાસક્ત યોગમાં જવા માટે આસક્તિ તોડવા માટે બાહ્ય તપ કર્યો છે.

આ બધો જે બોધ આપ્યો તે જિનાજ્ઞાને અનુસારે આપ્યો છે. અમારા ઘરનું કાંઈ કહ્યું નથી અને જિનાગમમાં કહ્યું છે કે, તું બોધ પામ. આ જે બોધ છે એ પરલોકમાં દુર્લભ છે. અહીં સામગ્રી મળી ગઈ, સમજવાની શક્તિ મળી છે હવે એનો ઉપયોગ ન કરે, બોધથી વાસિત હૃદય નહીં રાખે તો પરલોકમાં એ દુર્લભ છે. બોધને હૈયામાં જાગૃત રાખ. કોણ જાગૃત રહેવા નથી દેતું ? મોહનાં ભાવો હૈયામાં રમતા જ રહે છે તે જાગૃત નથી રહેવા દેતા. જીવને થઈ જાય છે કે હું જાણું છું, ચીજ પર રાગ ન કરાય, છતાં પણ થઈ જાય છે. મન થઈ જાય છે. શું થાય ? એનો અર્થ એ છે કે, જ્ઞાનીઓનાં બોધથી હૈયું વાસિત નથી. આરાધનામાં પહેલા નંબરે આ જરૂરી છે. આરાધનામાં અવિધિ ચાલે છે, તરતમતા ચાલે છે, પણ **આરાધના માટે સદા હૈયું બોધથી વાસિત રહેવું જોઈએ** એ નથી રહેતું ત્યાં જ પરીક્ષા છે. શાસ્ત્ર કેટલાં ભણ્યા એનાં ઉપર નહીં. ભગવાનનાં વચનથી હૈયું વાસિત રહેવું જોઈએ. ઝીણામાં ઝીણી શિથિલતા આપણા ખ્યાલમાં હોવી જોઈએ. ચોકસાઈ હોય તો ખ્યાલ આવે અહીંયાં રાગ થયો.

પતંજલી યોગ દર્શનવાળાએ પણ કહ્યું છે કે પહેલાં કોઈપણ વિષય સામે આવ્યો હોય તો પહેલાં ભાન થાય પછી ખબર પડે કે પોતાને કેવો ભાવ થયો. એ વ્યતિરેક સંજ્ઞા. અત્યારે આપણને ખાવાનું મન નથી થતું તેથી આપણે વ્યતિરેક સંજ્ઞા પર વિજય થયો પણ પછી જાગૃત બનવાનું. આ જિનવચનનાં બોધથી થાય. હવે કહે છે કે અત્યાર સુધી મોહનાં વિચારો હતા હવે ભગવાનનાં વિચારો કર. વચનોનાં વિચાર કર. જેમાં જાગૃતિ લાવવાની છે. ક્ષણિક ને તુચ્છ વસ્તુ ખાતર આપણે ભાવ બગાડીયે છીએ. હવે આ ક્ષણિક ને તુચ્છ આનંદને જતા કરો. જો આ રાખ્યા કરીશ તો જીવની કક્ષા નીચે ને નીચે રહેશે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજે લખ્યું છે કે, **"ક્ષુદ્ર ભોગનાં અભિલાષા ને આનંદ માનનારા ક્ષુદ્ર જીવો છે. ઉદાર ભોગમાં આનંદ માનનારા મધ્યમજીવો છે ને ઉદાર ભોગોમાં પણ આનંદ નહીં માનનારા ઉત્તમ જીવો છે."** આ આપણે કરવાનું છે. આનો પ્રયોગ કરીએ તો ઘણો પ્રમાદ પણ ચાલ્યો જશે. તુચ્છ આનંદથી યોગ સાધના જે કષ્ટમય થવી જોઈએ એ થતી નથી માટે ખૂબ ધ્યાન પર લો. **સૂત્ર સ્વાધ્યાય બોલીને કરો. મહાન જિનાજ્ઞા પાળવાનો લાભ છે તે ખ્યાલમાં રાખો.**

'તું બોધ પામ. મોહમાં ન પડ. પરલોકમાં બોધિ અત્યંત દુર્લભ છે.' આ ઋષભદેવ ભગવાને ૯૮ પુત્રોને કહ્યું છે. એમ સર્વને માટે ઉપદેશેલું છે. **संबुज्झ**.... કહ્યું છે. સમ્યગ્ બોધ પામ. આપણા દિલમાં જે બોધ આવે, આ કર્તવ્ય આ ત્યાજ્ય છે, એ ટકી રહેવો જોઈએ. એની જાગૃતિ પ્રતિપળે રાખવાની છે, પણ આ નથી રહેતું. ૨૪ કલાકમાંથી આ બોધની સનસનાટી કેટલી મિનિટ આવે ? આ કર્તવ્ય અને આ ત્યાજ્ય છે એમ કેટલીવાર યાદ આવે ? બાહ્ય વિકલ્પો અને અવળા વિકલ્પો કેટલા આવે ? આવા વિકલ્પો અને બોધનાં વિકલ્પો દિવસમાં કેટલાં આવે ? આ તપાસ કરશો તો ખબર પડશે કે જાગૃતિ ક્વચિત્ છે અને બીનજાગૃતિ ઘણી છે. અને તેથી ભવાંતરમાં આ બોધનાં ફાંફાં છે. ક્યાંક એવા કુળમાં ગયા તો બોધ ક્યાં મળવાનો ? અને કદાચ જૈનકુળ મળ્યું ત્યાં પણ આ બધું મળશે જ એમ ન કહેવાય. કેમ ? અહીંયાં પણ સાધના ન કરવામાં આવે તો શુભ સંસ્કાર ક્યાંથી પડશે ? અને રમૂજનાં એવાં સંસ્કાર મળે અને એમાં જો આનંદ આવે તો પછી આ સંસ્કાર ક્યાંથી ટકશે ?

એવાં જે ભવ્ય જીવો છે જેનામાં સમ્યગ્ જ્ઞાન છે. જ્ઞાન એટલે બહુ મોટા શાસ્ત્રોનો બોધ એમ નહીં પણ જે અલ્પ પણ જ્ઞાનને મોક્ષોપયોગી બનાવે તે સમ્યગ્ જ્ઞાન છે. એટલે આપણું જે જ્ઞાન છે તે મોક્ષોપયોગી હોવું જોઈએ. એના માટે સક્રિયતા જોઈએ. અત્યંત ઉપયોગવાળા થઈને ક્રિયા કરવી જોઈએ. આ જ્ઞાન છે. પણ તેને મોક્ષોપયોગી બનાવવા સક્રિય બનવું જોઈએ. જ્યાં શક્યતા છે ત્યાં સક્રિય ન બનીએ તો આપણું જ્ઞાન મોક્ષોપયોગી થાય નહીં. કેમ થતું નથી ? જાણીએ છીએ. ખબર છે, પણ ક્રિયા ને સૂત્રો તેનાં ભાવ, કરવામાં ક્યાં વાંધો આવે છે ? એમ લાગે છે કે **જીવને આ બધો અર્થ વિચાર કરવો, ઉપયોગ કરવો એ બધું બોજરૂપ લાગે છે.** અને આ બોજ ઉઠાવવો જોઈએ એમ લાગતું નથી. માત્ર ક્રિયા કરવી જોઈએ એટલું માને છે. બીજા ત્રીજા વિચાર કરતાં સૂત્ર પૂરું થઈ જાય. અહીંયાં જ સમકિતનો વાંધો પડે છે કે **તારણહાર સૂત્રો સમકિતને ટકાવનારા એનામાં મનને જોડવામાં ભાર લાગે છે.** અને બીજી વસ્તુમાં મન જોડાય છે. આમાં સમકિત ક્યાં ઊભું રહે ? આ અનાદિની ચાલ ચાલી આવે છે. આશ્રવનાં સ્થાનો સંવરનાં બનતા નથી. અને સંવરનાં સ્થાનો આશ્રવનાં બનતા જાય છે. સમ્યક્ત્વ દુર્લભ કેમ કહ્યું ? "આ જીવે પૂર્વે અનંતીવાર ચારિત્ર પાળ્યા પણ ભાવો તરફ લક્ષ ન રાખ્યું. અને **રૂઢિ મુજબ સૂત્રો ગબડાવી ગયા. આ ક્રિયાની ઘોર વિટંબણા છે.**" આ ઝીણવટથી જુએ તો દેખાય. એકલી ક્રિયા ગમવા માત્રથી કાંઈ ચાલતું નથી.

ક્રિયાની વફાદારી ને બહુમાન ક્યાં ? ક્રિયા હાથમાં લીધા પછી ક્રિયાનાં યોગ્ય ભાવો એનું જ ધ્યાન રાખવાનું. બીજે ક્યાંય ડાફોળિયાં નહીં મારવાના.

મિથ્યાત્વથી યુક્ત જ્ઞાન એ મિથ્યાજ્ઞાન. એમના માટે અમે આ ભાવનાનું હવે રસાયણ પીરસીએ છીએ. આ ભાવનાનું રસાયણ છે. ઉપયોગ કરે તો મનનું વિશુદ્ધિકરણ થાય. પણ કોને ? જેની પાસે સમ્યગ્ જ્ઞાન છે અને સમ્યગ્ જ્ઞાન આ જ છે જે જ્ઞાનને સક્રિય બનાવે. જ્યાં શક્ય હોય ત્યાં અને આ સમ્યગ્ જ્ઞાનને મોક્ષોપયોગી બનાવવા માટે કોઈ દુન્યવી કાંક્ષા ન હોય. આજ હિસાબ દેવગુરુ પ્રતાપે જે બોધ પામ્યો છે તે મોક્ષોપયોગી થાય.

"વાચના-૪૨" પ્ર. આસો વદ-૦))

સંવેગનું રસાયણ જેણે આદર્યું છે એ આત્માના ચિત્તમાં કેવાં મનોરથો સ્ફુરે છે એ કહું છું.

સંવેગનું રસાયણ એટલે શું ? કેમ એને રસાયણ કહ્યું ?

માણસ એવી બીમારીમાં હોય કે બીમારીમાંથી ઉઠ્યો હોય તો પૂર્વનાં વૈદ્યો રસાયણનો ઉપયોગ કરીને તબીયત તાંબા જેવી બનાવી દેતા. રસાયણ ભારે દોષ પણ મટાડે. અહીંયાં સંવેગને રસાયણ કહ્યું. તમે સંવેગનો રસાયણની જેમ ઉપયોગ કરો કે જેથી આત્મા લાલબુંદ જેવો થાય. એવી સાધના કરો જેથી એ સંવેગ રસાયણરૂપ કામ કરે.

સંવેગ શું ? દેવ-ગુરુ-ધર્મ ને ધર્મનાં અંગો ઉપર ઉછળતો ભક્તિ રાગ. બહુમાન ભર્યો રાગ, ઘડી ને પલ થાય કે લાવ દેવગુરુ ધર્મની ભક્તિ કર્યા કરું. કઈ રીતે કરું ? આનંદ ઉછળતો હોય. ભક્તિ-શ્રદ્ધા-પ્રીતિ એનાં ઉપર હોય. એ જ પ્રમાણે ચોપડી-પુસ્તક હોય એને ભોંય-જમીન પર ન મૂકાય. ઓઘા પર પગ ન આવે એની કાળજી રાખે. સૂતા હોય તો ડાબી બાજુએ રાખે કે જેથી ઉઠતા તરત જ દેખાય. બેઠા હોય તો જમણી બાજુએ મૂકે. જ્યાં ત્યાં ન મૂકે. આવા સાધુ મહાત્માઓ ક્યાં મળે ? **સાધુઓને જોઈ જોઈને હૈયામાં આનંદ થવો જોઈએ.** દિવસમાં એકવાર પણ આનંદ થવો જોઈએ. કેમ નથી થતો ? આ જ સંવેગની ખામી. શાસ્ત્ર કહે છે કે આવો સંવેગ જો આવી જાય તો કામ થઈ જાય. હૈયામાં ભક્તિનો ઉછાળો જોઈએ. મંદિરમાંથી બહાર નીકળતા પરમાત્માની ભક્તિમાં ઉછાળો આવે. જીવનનો પલટો નહીં કરો તો મશીનની જેમ ચાલ્યા કરશે, ચેતના નહીં આવે. "સંવેગ"ને વૈરાગ્ય કરતાં પણ મહાન ગુણ કહ્યો છે."

વૈરાગ્ય પામનારા ઈતરોમાં પણ હોય છે જ્યારે સંવેગ પામનાર જૈનશાસનમાં જ છે. "વૈરાગ્ય હજી ટકી શકશે પણ સંવેગ ટકાવવો કઠણ છે." આ કઠીન કામ અહીં કરવાનું છે. રોજને રોજ એના પર વિચાર થશે તો દેવ-ગુરુ-ધર્મની માયા લાગશે.

"વાચના-૪૩" **દ્વિ. આ.સુદ-૧**

(મોક્ષ અને મોક્ષનાં સાધન ઉપર અત્યંત રાગ એનું નામ "સંવેગ.") દેવાધિદેવ ઉપરનો રાગ પહેલા નંબરે. રાગ છે આપણને પણ જડ ઉપરનો રાગ વધારે છે. જેમ કોઈ સ્નેહી સંબંધી આવીને બેસે ને પ્રેમ ઉભરાય, કોઈ મિત્ર સાધુ આવીને બેસે ને હાશ થાય, પણ ભગવાનનાં દર્શન-વંદન-સ્તવન કરતાં જો આ હાશ ન થાય તો પછી સંવેગ ક્યાં ? ભગવાનની સ્તવના કરતાં પ્રભુ આવો મારા મનમંદિરમાં થતું હોય, હૈયું ગદ્‌ગદ થાય પણ આ અહોભાવ થતો નથી.

જંકિંચિ-જાવંતિ ચેઈયાઈ-જાવંત કેવિ સાહૂ આ બોલતા હૈયું કેવું ? એટલા ટાઈમ પણ ગદ્‌ગદ હૈયું થાય ? ભગવાન ગમવાનું લક્ષણ શું ? આનંદ થવો જોઈએ. આ દેવ ઉપર રાગ ક્યાં છે ? ક્રિયામાત્રમાં ભગવાન ઉપર યાવત્ રાગ લાવવો જોઈએ.

વીતરાગ ઉપરનો રાગ પ્રેમ-સંભ્રમ ઊભો થવો જોઈએ. જો આ નહિ થાય તો જડની પ્રીતિ છૂટવાની નથી. બધું થાય છે પણ માલ વિનાનું. ક્રિયાઓ થાય છે, પણ માત્ર બાહ્ય, ક્યાંય સંવેગનો અનુભવ થાય છે ?

પ્રવર્તક ને પાલક આ સારથીનો અર્થ કર્યો છે. ભગવાન માત્ર જગતના જીવોને માર્ગ બતાવનાર નથી પણ પાળનાર પણ છે, મોક્ષમાર્ગમાં પ્રવર્તાવનાર છે અને સાથો સાથ પાલનહાર પણ છે.

"વાચના-૪૪" **દ્વિ. આસો સુદ-૨**

સુંદર એવાં મનોરથો કોને સ્ફૂરે ?

સમ્યગ્ જ્ઞાન અને સંવેગ રસાયણ પામેલો હોય તેને. આપણામાં આની ખામી વધારે છે. માટે આ વિવેચન વિસ્તારીએ છીએ. જેટલી શારીરિક અનુકૂળતા પર હૈયું ઠરે છે તેટલી આધ્યાત્મિક વાતો પર હૈયું ઠરતું નથી. કારણ, ખામી સંવેગની છે. રસાયણ ખાઓ એટલે નવી સ્ફુર્તિ આવે. તેમ સંવેગ એ રસાયણ બનાવવાનું છે. આપણા આત્માની ધાતુઓ-પરિણતિને નવીન બનાવી દે.

પરિણતિ બે પ્રકારની છે. (૧) રાગની અને (૨) દ્વેષની. આજે પુદ્‌ગલની પરિણતિ છે એની સામે ત્યાગની, વૈરાગ્યની અનાસક્ત ભાવની, ઉદાસિન ભાવની, ઉપશમ ભાવની પરિણતિ છે. આનંદઘનજી મહારાજ પરમાત્માની ભક્તિ કરતા કહે છે કે–

કોઈ પતિ રંજન અતિઘણું તપ કરે, પતિ રંજન તનુ તાપ,

એ પતિ રંજન નવિ ચિત્ત ધરે, રંજન ધાતુ મિલાપ.

ધાતુ મિલાપ શું ? આત્માની ધાતુ એ પરિણતિ છે. આ એકમેક થાય. આત્માની સાથે ભગવાનની જે પરિણતિ થાય, ત્યારે ધાતુમિલાપ થયું કહેવાય. એવો સંવેગ ભાવ થાય કે ભગવાન ઉપર પ્રેમ છે, ભક્તિ છે એ મફતીયો નથી જગત પછી તુચ્છ લાગે.

વીતરાગ ઉપર પ્રેમ શા માટે ? છોડ્યું માટે.

ભગવાનને માથે ધર્યા પછી તુચ્છ વાતનાં મોહ શા માટે ? આમાં સંવેગ ક્યાંથી આવે ? કપડાં-ગોચરી આદિ ઉપરનો તુચ્છ પ્રેમ સંવેગ ક્યાંથી લાવે ?

આર્યરક્ષિતને પ્રેમ હતો મા ઉપર. મારી મા આનાથી રાજી થાય તો મા જે કહે તે કરવા તૈયાર થયા. દૃષ્ટિવાદ ભણવા મામા મહારાજ પાસે ગયા. સાધુપણું લીધું. મા ઉપરના પ્રેમે આખી પરિણતિ ફેરવી નાખી. માએ એટલું જ કહ્યું. આમાં શું ભણી આવ્યો ? **આ તો પેટની વિદ્યા-પાપની વિદ્યા. આમાં શ્રાવિકા મા રાજી ન થાય.** તરત જ પૂછ્યું મા ! તું શામાં રાજી ? અને માએ કહ્યું, દૃષ્ટિવાદ ભણે એમાં. આ સાંભળ્યું ને ઉપાય પણ પૂછી લીધો અને સવારમાં વહેલા માને નમસ્કાર કરીને નીકળી ગયા. એક જ વાક્યે આખી પરિણતિ ફેરવી નાંખી.

"વાચના-૪૫" **દ્વિ. આસો સુદ-૩/૧**

ચારિત્રનાં મનોરથ કોને થાય ?

૩ વાત બતાવી છે. (૧) સમ્યગ્જ્ઞાન હોય (૨) સંવેગ રસાયણ અને (૩) ગુણાનુરાગ હોય એને ચારિત્રનાં મનોરથો થાય.

ચારિત્રનાં મનોરથમાં ગુણ પ્રાપ્ત કરવાનાં છે, પણ મૂળમાં જ જો ગુણનો અનુરાગ ન હોય તો ગુણાનુરાગ ન આવે. ઉત્તમ કોટિનાં મનોરથો ગુણનો અનુરાગ હોય તો થાય. આ ગુણનો અનુરાગ એટલે સામાન્ય રીતે આપણે સમજીએ કે બીજાનાં ગુણને સમજે છે. એમ જાત માટે ગુણાનુરાગ છે એટલે ગમે તે હોય દુનિયાની આળપંપાળ ન ગમે. વ્યાખ્યાન કરવાની જવાબદારી હોય તો લોકો શું

સર્ટિફીકેટ આપે તે નહીં જોવાનું પણ મારે જિનવાણીનો સ્વાધ્યાય થયો. આપણે જે કાંઈ કરીએ એમાંથી ગુણ શું મળે છે તે જોવાનું છે. પ્રતિક્રમણ કરું તો દુષ્કૃત ગર્હા કેટલી થાય છે ! સ્તવન બોલીએ ભક્તિનો રાગ કેટલો થયો ? ગુણાનુરાગ લાવવો હોય તો ગુણની દૃષ્ટિએ એ જોવાનું કે મારું અને પરનું હિત કેટલું થયું ! કાનને ગમતું સાંભળવા ન મળે ગુણાનુરાગ કહેવાય ? ગુણાનુરાગ ન કહેવાય. સામુ બોલનારનો પણ ગુણ ગ્રહણ કરે એ ગુણાનુરાગ કહેવાય. જીવનમાં સમ્યગ્ જ્ઞાન એટલે વિવેક, સંવેગ રસાયણ અને ગુણાનુરાગ યાને ગુણોની તારવણી. મારે ગુણ મેળવવાં છે. આ હોય તેને ચારિત્રનાં મનોરથ થાય.

"વાચના-૪૬" **દ્વિ. આસો સુદ-૩/૨**

શ્રાવકની ભાવના,

"સંવિગ્ન અને ગીતાર્થ ગુરુનાં ચરણોમાં સ્વજનોનો સંગ છોડીને કયારે હું દીક્ષા લઈશ." આ શ્રાવકની ભાવના છે. એ આપણને યાદ કરાવે છે કે, પ્રવ્રજ્યા પહેલાં આપણો આ મનોરથ હતો." ગૃહસ્થને માટે સ્વજનોનો સંગ છોડીને ચારિત્ર લઈશ અને આપણા માટે બાહ્યને છોડીને ચારિત્ર પાળીશ." આ આંતરિક વસ્તુ છે. સંગ કોનો છોડવાનો ?

આપણે કેટલીક ગ્રંથીઓ રાખી છે.

હું આવી રીતે રહું તો મારું કામ ચાલે. અમુકની સાથે અમુક રીતે રહું તો વ્યવહાર ચાલે. આ બધી ગ્રંથીઓ છે. એટલે જ સંગ છૂટતા નથી. તપ ત્યાગની બાબતમાં પણ આમ જ થયું છે. એટલે તપ ત્યાગ થતો નથી. એટલે મનમાં આવા મનોરથ કરવાના છે જેનાથી જાગૃતિ આવે. તો શું એનાંથી હૈયું ધ્રિટ્ઠું ન થાય ? ના. હૈયુ જાગૃત રહે છે. જેને મનોરથ નથી અને માંડવાડ કરે એની જાગૃતિ ગઈ. માટે પ્રતિક્રમણ બાબતમાં શાસ્ત્રે કહ્યું છે કે, **ઉત્સર્ગ માર્ગથી પ્રતિક્રમણ કયું ? પાપ ન કરવા એ** અને અપવાદ માર્ગે પ્રતિક્રમણ જે પાપ કર્યું છે તે ફરીથી ન થાય અને કદાચને કરવાનું આવે તો પૂર્વનાં જેવાં ભાવે ન થાય માટે પ્રતિક્રમણ કરશે. એટલે એ પાપનાં આશ્રવમાં બેઠો છે તો તેનાથી પાપોનો તીવ્ર સંતાપ-પાપનાં અકર્તવ્યતાની બુદ્ધિ અને પાપનું અકરણ-નિયમ-તીવ્ર સંતાપથી અનુબંધ મંદ પડે. અકર્તવ્ય બુદ્ધિથી હેયતાની બુદ્ધિ જાગૃત રહે. અકરણ નિયમ એટલે અકરણની ભાવના.

મારાથી ચાલે ત્યાં સુધી હું આ ન કરું. આ મિચ્છામિ દુક્કડંમાં ત્રણ તત્ત્વ છે. પાપનાં આચરણની ભાવના મંદ પડે છે. આવા મનોરથો કરીએ તો જે કરતાં

હોય એનો ઘૃણા ભાવ રહે, એટલે એનો જે સંગ છે એ સંગ તીવ્ર ન રહે. આ જે મનોરથ છે કે કયારે હું બાહ્ય સંગથી રહિત એવું ચારિત્ર પાળું આવા પ્રશસ્ત કોટિનાં ભાવો નથી હોતા એટલે ઘડતરનો કિંમતિ સમય ચાલ્યો જાય છે.

ભગવાનની ક્ષમા લાવવામાં હૈયામાં કુણાશ આવે છે. બીજાધાનને પુષ્ટિ મળે છે જાગૃતિ રહે છે. આ મનોરથોનો પ્રતાપ છે. વાસ્તવમાં મન એમાં કામ કરે છે. મનોરથ દ્વારા અંદર સંસ્કાર પડે છે. ફાલતું વિચારથી બચાય છે.

શાનાં શાનાં મનોરથો કરવાના ! દેવસિયં આલોઉં ! પગામ સજ્ઝાય અને પકિખ સૂત્ર વગેરેમાં કયા દોષો છે અને કયા ગુણો રહેલાં છે આ બધાનો વિચાર કરવાની જરૂર છે. આના દ્વારા મનનું શુદ્ધિકરણ થશે.

"વાચના-૪૭" **દ્વિ. આસો સુદ-૪**

ક્યારે પંચમહાવ્રતનો ભાર સતત અને થાકયા વિના વહન કરીશ એમ શ્રાવક ભાવના કરે. સાવદ્ય યોગનો ત્યાગ કરી અનવદ્ય યોગમાં પ્રવેશવા ક્યારે અપ્રતિબદ્ધપણે હું વિહરીશ, આ પ્રમાણે શ્રાવક ભાવના કરે. તો પછી **આપણે બે મિનિટ પણ ખોટી વાત કોઈની સાથે કરીએ એ સાવદ્ય યોગમાં જાય કે નિરવદ્ય યોગમાં ?** એમને એમ ટાઈમ પાસ કરવા ખાલી વાતો કરીએ **તો પછી ટાઈમની કિંમત ક્યાં રહી ?** હિંસા, જૂઠ-ચોરી એ સાવદ્યથી તો ખબર પડે કે હું ખોટું કરી રહ્યો છું. પણ જીવનભર સામાયિકની પ્રતિજ્ઞા કરી છે અને સાવદ્ય યોગનાં ત્યાગની પ્રતિજ્ઞા છે તો પછી આ જે વાતચીત કરો તો એ તો ભયાનક સાવદ્ય કહેવાય ? એક નાની પણ પ્રવૃત્તિ સામાયિક વગરની કેમ કરાય ? સાધુપણું લીધા પછી આમ કેમ ? સાધુપણું લેતાં પહેલાં તો કોડ ઘણા હતા ? સ્વાધ્યાય ક્યાં રહ્યો ? શ્રાવકને માટે જેમ અનર્થદંડ ભયંકર છે એને સંયોગવશાત્ કરવું પડતું હોય તો બળતરા હોય તો સાધુપણામાં આ વાતો-ચિંતો એ અનર્થદંડ જ છે ને ? તો પછી સૂત્ર સ્વાધ્યાય ક્યાં ? **આ ન હોય તો સાધુપણું ઉડે.**

"વાચના-૪૮" **દ્વિ. આસો સુદ-૫**

કયારે પંચ મહાવ્રતનો ભાર સતત અને થાકયા વિના હું વહન કરીશ એમ શ્રાવક ભાવના કરે અને તે પણ નિજભાવના - આત્માની ભાવનાથી પરિશુદ્ધ એવાં પાંચ મહાવ્રતનો ભાર ક્યારે વહન કરીશ. આ ભાવના પાછળ આપણે

શીખવાનું છે કે, મહાવ્રતો તો આપણે લીધા છે. મૂકવાનાં નથી પણ સતત મહાવ્રત આપણામાં ભાવથી રહે એને આપણી પરિણતિમાં ઉતારવાનાં છે. આપણી આંતરવૃત્તિમાં અહિંસા-સત્યનો ભાવ એવો ઉતારવો જોઈએ કે **ગમે તે સંયોગમાં હિંસા કે અસત્યનો વિચાર જ ન આવે.** કોઈ પરિસ્થિતિમાં ફસાયા હોય તો પણ અસત્ય ન બોલે. પૂર્વનાં એવા શ્રાવકો પણ થઈ ગયા કે પોતાનાં છોકરાનાં અપરાધે રાજદરબારમાં જવાનો પ્રસંગ આવે તો પણ જે સાચું હોય તે કહી દેતા. વ્રત ન મૂકતા. છોકરાનાં બચાવ માટે પછી વિનંતિ કરે પણ બોલવાનાં અવસરે તો સાચું જ બોલે. આ શ્રાવકોનાં મનમાં તરંગો કેવા ચાલતા હશે ? વૃત્તિ કેવી ઊભી કરી હશે ? આવી અહિંસા-સત્યની પરિણતિનો ભાવ આપણે આંતરિક પરિણતિમાં ઉતારવાનો છે. પૂર્વનાં શ્રાવકોની એવી કંઈ આંતરવૃત્તિઓ હશે કે જેનાંથી વ્રત પાલનમાં અડગ રહેતા હતા. આપણે એ જોવાનું છે કે, **આપણે તુચ્છ ચીજો ખાતર ગુસ્સો કરી બેસીએ તો પંચાશકજીમાં કહ્યું છે કે વ્રત ભંગ જ થયો કહેવાય.** કોઈપણ ચીજ પ્રત્યે રાગ થયો ને ખાવાની ઈચ્છા થઈ અને અચિત્ત બનાવીને વાપરે તો પણ વ્રત ભંગ થયો કહેવાય એમ પંચાશક કહે છે.

જીવન ગંભીર જોઈએ. બહુ સામાન્ય વાતોમાં ગુસ્સો વગેરે શા માટે ? માટે આંતરવૃત્તિઓને ઘડવાની છે. કેટલાય જન્મોએ આ વૃત્તિ ઘડાય છે. કેમ કે અનાદિનાં કુસંસ્કારોએ આપણી વૃત્તિ બગાડી નાંખી છે તેને સુધારવાની છે. સામાન્ય રીતે ગૃહસ્થો સામાન્ય વાતમાં કંઈ જુદા વિચારો કરી નાંખે તેવાં વિચારો આપણાથી થાય કેમ ? આપણે ઘણી ઊંચી સ્ટેજ પર આવ્યા છીએ. માટે આત્મભાવમાં રમવાનું છે. મારો આત્મા અરૂપી-અનંત જ્ઞાનમય છે. આ અરૂપી આત્માની મમતા થાય તો રૂપીનાં રાગ ઓછા થાય. અનંતજ્ઞાનમય આત્માની મમતા થાય તો મલિનભાવો ઓછા થઈ જાય. આવી આંતર પરિણતિ કેળવો.

"વાચના-૪૯" **દ્વિ. આસો સુદ-૭**

શ્રાવક મનોરથ કરે કે ધન્યવાદને પાત્ર એવાં મુનિઓએ સેવેલો જે ગુરુકુલવાસ છે એને હું ઠેઠ મારા મરણ સુધી ક્યારે સેવીશ ? ૧૧માં પંચાશકમાં ગુરુકુલવાસ માટે ઘણું આવ્યું. આ ગુરુકુલવાસ માત્ર ગુરુની સાથે ફરવાનું-રહેવાનું-એટલો જ નથી. ગુરુની દેખરેખ નીચે ગુરુનાં આદેશ મુજબ સારામાં સારી સંયમની આરાધના એનાં બધા અંગો સાથે કરવાની છે. બેવાર પ્રતિક્રમણ કરવા માત્રથી આરાધના નથી થતી. ભક્તિ-સેવા-વૈયાવચ્ચ વગેરે બધા યોગો દ્વારા ગુરુકુલવાસ સેવ્યો ગણાય. શ્રાવક મનોરથ કરે છે કે, એટલો બધો હું ગુરુને પરતંત્ર થઈ જાઉં. સામાન્ય રીતે

પતિને સર્વેસર્વા પત્ની પરાધીન રહે છે. પરણ્યા પછી સાસરે જાય છે. મગજનું આખું માળખું ફરી જાય છે. માબાપને ગમે તેમ જવાબ દેતી હોય પણ સાસુનું સન્માન કરશે. વચ્ચે બોલશે નહીં. આ જોવાનું છે. મોક્ષનો કોઈ આશય નથી પણ સંસારી જીવન સારું ચાલે. લોકમાં માન રહે. કોઈ આડો અક્ષર બોલે નહીં. ને સમજી હોય કે મારે જીંદગી અહીં જ કાઢવાની છે. ગમે તેવી પ્રતિકૂળતા હોય તો બધું ગળી જાય છે. આપણે લોકોત્તર જીવનમાં આ કેમ ન થાય ? **ગુરુકુલવાસને ગુણોનું ધામ લખ્યું છે.** ગુણોનાં ધામભૂત છે. એ ગુણો જો આપણે ન મેળવીએ તો પછી એની શું કિંમત ? સંસારમાં હતા ત્યારે ત્યાં ચારિત્ર કયારે પાળું એમ થતું હતું. હવે ચારિત્ર પામ્યા એટલે કાંઈ કૃતકૃત્ય નથી થયા. ચિંતનની જરૂર છે.

એક વિચાર એવો છે કે સ્તુતિકારો કયાંક લખે છે કે બધું અમે ગમે તેટલું કરીએ પણ પ્રભુ તુજ અમારો ઉદ્ધારક છે. પ્રભુને સર્વેસર્વા અર્પિત થઈ જાય. બીજી જગ્યાએ લખે છે કે, તમારા વચનની સેવા એજ મુખ્ય છે. મારે પ્રાર્થના કે દીનતા નથી કરવી. એક તુજ આણાની લહેરે આ કર્મની દીવાલ એક મિનિટમાં હટી જાય છે. હવે આ બે સામસામે આવ્યા. એક બાજુ ભગવાનને મહત્ત્વ આપ્યું બીજી બાજુ આજ્ઞાને. ત્યાં વિચાર કરવાનો છે. બેનો સમન્વય છે. ભગવાનને સર્વે સર્વા કહ્યા. તારક-ઉદ્ધારક એ કહીને સૂચવે છે કે, તમે ભગવાનને અર્પિત થાઓ. પરમાત્મભાવમાં એકાકાર થાઓ. વચન બાહ્ય પ્રવૃત્તિ કરો તો એકાકારતા નહીં આવે. આજે પાલન કરીએ ત્યાં નજર સામે એજ છે કે, મારે પરમાત્મભાવની નજીક જવું છે. આમ પરમાત્મભાવને નજરમાં રાખે તો બધી ચીજ બની આવે. આ ચિંતન છે. એના પર વિચાર કરીએ તો પત્તો લાગે કે મેઈન વસ્તુ શું ખુટે છે ? ઉદ્દેશ નજર સામે હોય તો પ્રવૃત્તિમાં ચૈતન્ય આવે. એમ ગુરુકુલવાસ ઉપર વિચાર કરવાનો છે. કેટલો ભાર મૂક્યો છે ઉપદેશપદમાં જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞા ઉપર ખૂબ લખ્યું છે.

"વાચના-૫૦" **દ્વિ. આસો સુદ-૮**

છેલ્લી ગાથામાં સારાંશ બતાવે છે કે, ઉપર જે જે વાતો કરી છે એ વાતોને મનમાં સ્થિર કરીને એ ભાવનાને આત્મામાં પરિણામ પમાડીએ. એટલે ? જે **પૃથ્વીચંદ્ર ગુણસાગરે** અંતરમાં પરિભાવિત કર્યું. એમ આરાધનાની વસ્તુ ઉપર પરિભાવન એટલે અંતરાત્મામાં પરિણામ પમાડ્યું. મનમાં જ વિચાર્યું. મેં દીક્ષા લીધી. હવે ગુરુ પાસે શાસ્ત્ર ભણશું. કર્મને તોડશું. સમતા મેળવશું. સમતા ધારશું. જાણે હવે પોતે ભણવા મંડ્યા. સમતા લાવી ગોચરી દોષ રહીત લાવ્યા. એમ

કરતાં જીવિત-મરણમાં સમપણું. સંબંધ સંયમ સાથે. એટલે રાગ દ્વેષની વસ્તુ પર મારે કાંઈ નથી એમ ભાવના કરતાં જ જાણે મારે આવી ગયું. અને એ ભાવનામાં જ કેવલજ્ઞાન.

શાસ્ત્રમાં જેને અનુભવ જ્ઞાન કહે છે. **'જિન હિ પાયા તિનહિ છીપાયા.'** અનુભવ જ્ઞાન ભગવાનની ક્ષમા આપણામાં આવી ગઈ. કઈ રીતે ? જાણે સંગમ-શૂલપાણી મારા પર ઉપદ્રવ કરી રહ્યા છે મારે એકાંતે એમના પર અરુચિ નથી. વેદના છતાં ક્ષમા પોતે દાખવે છે.

એ રીતે સંવેદન એ અનુભવ જ્ઞાન. આ આગળ વધવાનું પ્રબળ કારણ છે. જ્ઞાનમાં માત્ર જાણકારી છે. **અનુભવમાં હૈયું ભીંજાય છે.** અંતરસ્પર્શી જ્ઞાન થાય એ અનુભવજ્ઞાન. આ અનુભવજ્ઞાન પૃથ્વીચંદ્ર ગુણસાગરે કર્યું. અનુભવ વધતા તદાકાર થયા ને કેવલજ્ઞાન પામ્યા.

જે બળ હોય તે બળ વાપરીને તમે ઉદ્યમ કરતા જાઓ આ યતિશિક્ષાનો ઉપદેશ છે.

•

મહામુનિવરોને....

(રાગ : ધન ધન તે દિન ક્યારે)

ધન ધન તે મહા મુનિવરોને, પ્રેમે કરું હું પ્રણામ...(૨)
એ મહામુનિને યાદ કરંતા, સિઝે કામ તમામ....ધન.

ધન ધન્ના ને શાલિભદ્રજી, ધન ધન્નો અણગાર
કાયાની તો કાઢી કાસળ, ધન ઢંઢણ મુનિરાય...ધન.

સુકોશલ ને ખંધક મુનિવર, વળી મુનિ ગજસુકુમાર.
કાયાની તો છોડી મમતા, તે પામ્યા ભવપાર...ધન.

શિષ્ય પાંચશે સૂરિ ખંધકનાં, ઘાણી માંહી પિલાય,
તો પણ સમતા ભાવે સહીને, કર્મોથી મૂકાય....ધન

દૃઢ પ્રહારી ને અર્જુન માળી, વળી ઈલાચીકુમાર,
શમ સંવેગ અને નિર્વેદે, પામ્યા ભવજલ પાર....ધન

સોળ રોગ કાયામાં ઉપન્યા. ચક્રી સનતકુમાર,
તપ ને ત્યાગમાં આગળ વધતા, ઉપની સિદ્ધિ અપાર...ધન

મન હી મનમેં વૈરાગી એ, ચક્રી ભરતજી રાય,
અનિત્યતાની ભાવના ભાવી, પામ્યા કેવળનાણ...ધન.

સંયમ લીધું વીરવાણીથી, ધન ધન મેઘકુમાર,
વીરવાણીએ સ્થિર બનીને, પામ્યા ભવનો પાર...ધન.

શુભ ભાવથી વંદન કરતાં, આતમ પાવન થાય,
કલ્પરતન મહામુનિવરોનાં, નિતનિત ગુણલા ગાય...ધન.

•

ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

સુકૃત અનુમોદન : કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

સુકૃત અનુમોદન : શેઠ શ્રી ધેલાભાઈ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

સુકૃત અનુમોદન : શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

સુકૃત અનુમોદન : શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ - ૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્‌વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

સુકૃત અનુમોદન : શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

સુકૃત અનુમોદન : શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલફીન્સ્ટન, વરલી, મુંબઈ.

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

સુકૃત અનુમોદન : શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા), મુંબઈ.

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

સુકૃત અનુમોદન : શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ - ૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ્ર જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી

ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪

ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬

સુકૃત અનુમોદન : પૂજ્ય સાધ્વીશ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮, ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦

ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય
+ ઉબ્બુડ્ડો મા પુણો નિબુડ્ડિજ્જા

સુકૃત અનુમોદન : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧, ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨

ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ

ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ

ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ

ભાગ - ૪૧-૪૨ શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન ૧ -૨

સુકૃત અનુમોદન : શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા),
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો

સુકૃત અનુમોદન : અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો

ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧

ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ

સુકૃત અનુમોદન :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની

ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત

ભાગ - ૪૯, તરંગવતી-૧

સુકૃત અનુમોદન :શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખયં જીવિયં મા પમાયએ

સુકૃત અનુમોદન : કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨

ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર

સુકૃત અનુમોદન :શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫

ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫

સુકૃત અનુમોદન :શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.

ભાગ - ૫૭ પરમતેજ સારોદ્ધાર

સુકૃત અનુમોદન : શ્રી કાન્તીનગર જૈન સંઘ, જે.બી. નગર, અંધેરી અને શ્રી નીલમણી બિલ્ડિંગના આરાધકો, પાર્લા, મુંબઈ.

ભાગ - ૫૮ અરિહંત-સિદ્ધ-આચાર્યપદ પૂજા

સુકૃત અનુમોદન :શ્રી મલાડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ,જીવતલાલ ચંદ્રભાણ કોઠારી જૈન દેરાસર, મુંબઈ.

ભાગ - ૫૯ ઉપાધ્યાય+સાધુપદપૂજા+માર્ગાનુસારી જીવન+ષોડશક+ગણધરવાદ (૨થી૧૧)

સુકૃત અનુમોદન :શ્રી કલ્યાણ કલ્પતરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ, મલાડ-મુંબઈ.

ભાગ - ૬૦ ધ્યાનશતક + શ્રી તત્ત્વાર્થ ઉષા + નમસ્કાર ગ્રન્થનો ઉપોદ્‌ઘાત

સુકૃત અનુમોદન :શ્રી હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર પરિવાર

ભાગ - ૬૧ ઉચ્ચપ્રકાશના પંથે **સુકૃત અનુમોદન :** દિવ્ય દર્શન ટ્રસ્ટ

ભાગ - ૬૨ શ્રી ભગવતીસૂત્ર વિવેચન ભાગ-૧ + ઉપદેશમાલા

ભાગ - ૬૩ ધર્મ કેમ અને કેવો આરાધ્ય ? + પ્રકરણ દોહન + પળમાં પાપને પેલે પાર, + પ્રકીર્ણ પ્રસાદ

ભાગ - ૬૪ શ્રદ્ધાંજલી-૧

સુકૃત અનુમોદન :શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ, ઈસ્ટ.

ભાગ - ૬૫, શ્રદ્ધાંજલી-૨

સુકૃત અનુમોદન :શ્રી સેફાલી જૈન સંઘ, અમદાવાદ, વાસણા.

ભાગ - ૬૬, સમાચાર-૧

સુકૃત અનુમોદન :શ્રી દેસાઈપોળ જૈન શ્રાવિકા ઉપાશ્રયની બહેનો, સુરત.

ભાગ - ૬૭, સમાચાર-૨

સુકૃત અનુમોદન :શ્રી દેસાઈપોળ જૈન શ્રાવિકા ઉપાશ્રયની બહેનો, સુરત.,
શ્રી લબ્ધિનિધાન સીમંધર સ્વામી જૈન સંઘ, એલફીન્સ્ટન-વરલી, મુંબઈ.

ભાગ - ૬૮, સમાચાર-૩

ભાગ - ૬૯, સમાચાર-૪

સુકૃત અનુમોદન :શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, અઠવાલાઈન્સ, સુરત.

ભાગ - ૭૦, સમાચાર-૫

સુકૃત અનુમોદન :શ્રી નડિયાદ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, દેવચકલા, નડિયાદ.

ભાગ - ૭૧, શાસન પ્રભાવના-૧

સુકૃત અનુમોદન :શ્રી નવાપુરા જૈન સંઘ, સુરત.

ભાગ - ૭૨, શાસન પ્રભાવના-૨

સુકૃત અનુમોદન :શ્રી સંવેગી ઉપાશ્રય (રિલીફ રોડ), હાજાપટેલની પોળ, અમદાવાદ.

ભાગ - ૭૩, શાસન પ્રભાવના-૩

ભાગ - ૭૪-૭૫, શિબિર ૧-૨

સુકૃત અનુમોદન :શ્રી અઠવાલાઈન્સ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, શ્રી કુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

ભાગ-૭૬ પ્રકીર્ણ પ્રસાદ-૨ **સુકૃત અનુમોદનઃ** સકલ જૈન સમાજ-નાગપુર, અધ્યક્ષ વિજય દર્ડા (સાંસદ)

ભાગ-૭૭ પ્રકીર્ણ પ્રસાદ-૨ **સુકૃત અનુમોદનઃ** સકલ જૈન સમાજ-નાગપુર, હ. ગણેશકાકા જૈન
(અધ્યક્ષ-વર્ધમાન નગર જૈન સંઘ-નાગપુર)

ભાગ-૭૮ પ્રકીર્ણ પ્રસાદ-૩ જૈન ધર્મનો પરિચય **સુકૃત અનુમોદનઃ** સકલ જૈન સમાજ-નાગપુર,
હ. ગણેશકાકા જૈન (અધ્યક્ષ-વર્ધમાન નગર જૈન સંઘ-નાગપુર)

ભાગ-૭૯ પ્રકીર્ણ પ્રસાદ-૪ જાહેર પ્રવચનો, પત્ર પ્રેરણા, યતિકિત શિક્ષા વાચના
સુકૃત અનુમોદનઃ શ્રી કુંથુનાથ જૈન સંઘ, પ્રિતમનગરનો અખાડો, અમદાવાદ.

જીવન દીપકમાંથી તેલ ખૂટતું જાય છે, નવું ઉમેરાતું નથી. પ્રકાશ ચાલુ છે ત્યાં સુધી મોતી પરોવી લેવાના છે. આત્માના દોરામાં વિષય-વૈરાગ્ય, ધન-માલની મૂર્છાનો ત્યાગ, અર્હત્પ્રીતિ-ભક્તિ, વ્રત, નિયમ, ત્યાગ, તપ વગેરે મોતીઓ પરોવી લો.

એ શુભેચ્છા...

આ. ભુવનભાનુસૂરિ

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪